જૂન ૧૯૬૬થી [illegible] આગતી નથી તેમ જણાવતા તે કૉલેજના આચાર્યના પત્ર પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—ચાલુ વર્ષમાં તે કૉલેજમાં ફર્સ્ટ બી.એસસી.ના વર્ગોમાં જે વિદ્યાર્થીઓ છે તેમને કૉલેજ તે સેકન્ડ બી.એસસી.ના વર્ગો જૂન ૧૯૬૬થી ચાલુ ન કરે તો અન્ય કૉલેજોમાં પ્રવેશ મેળવવો પડશે.)

આથી [illegible] છે કે, સદરહુ બાબત અંગે ઍકૅડેમિક કાઉન્સિલનો અભિપ્રાય આવ્યેથી આ બાબત ફરી [illegible] માટે રજૂ કરવી.

૫. [illegible] કૉલેજ, વીસનગરને જૂન ૧૯૬૫થી જોડાણ આપવા માટે મૂકેલ શરતો પૈકીની [illegible] પ્રાધ્યાપકની નિમણૂક કરવાની શરતનું પરિપાલન હજુ સુધી થયું નથી તો તે બાબત વિચારણા કરવા બાબત.

[illegible]—હિન્દી (રૂપે.)માં ફક્ત ત્રણ વિદ્યાર્થીઓ છે તથા કૉલેજે આ વિદ્યાર્થીઓને [illegible] શિક્ષણ આપવા માટે મહેનતાણા અનુસ્નાતક શિક્ષકની વ્યવસ્થા કરી છે એમ [illegible] છે.]

[illegible] વિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે કાર્યાલય તરફથી સ્પષ્ટતા કરવામાં આવી [illegible], વીસનગરમાં હિન્દીના પ્રાધ્યાપક તરીકે શ્રી. પી. સી. શર્માની નિમણૂક કરવામાં [illegible] શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય તરફથી કરવામાં આવેલી છે. તે પછી ઠરાવવામાં [illegible] કૉલેજને જોડાણ આપવા માટે રાજ્ય સરકારને ઘટતી ભલામણ કરવી.

[illegible] જણાવેલ સંસ્થાઓ તરફથી જૂન ૧૯૬૭થી નવી કૉલેજો કે નવી વિદ્યા- [illegible] કરવા માટે આવેલ જોડાણઅરજીઓના સંદર્ભમાં સ્થાનિક તપાસસમિતિઓ [illegible]

[illegible]૬૭થી નવી કૉલેજો શરૂ કરવા માટે આવેલ જોડાણઅરજીઓ.

કૉલેજનું નામ	સ્થળ	અભ્યાસક્રમ
[illegible] સદ્‌વિદ્યા મંડળ, ભરૂચ	ભરૂચ	વાણિજ્ય
[illegible] અમરેલી જિલ્લા વિદ્યાસભા, મુંબઈ-૧	અમરેલી	વાણિજ્ય (અમરેલી ખાતે)
[illegible] હિતવર્ધક મંડળ, કચ્છ	કચ્છ	કાનૂની

[illegible]થી સંલગ્ન કૉલેજમાં નવી વિદ્યાશાખા શરૂ કરવા માટે આવેલ જોડાણ- [illegible]ઓ.

કૉલેજનું નામ	સ્થળ	અભ્યાસક્રમ
[illegible]કર આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	અમદાવાદ	વિજ્ઞાન
[illegible]. એ. કૉલેજ ઑફ આર્ટ્સ [illegible]ાયન્સ, અમદાવાદ	અમદાવાદ	(૧) વિજ્ઞાન વિદ્યાશાખાનું ચાલુ જોડાણ (૨) વિનયન વિદ્યાશાખાનું ચાલુ જોડાણ તથા કૉમર્સની નવી વિદ્યાશાખાનો ઉમેરો.

[**નોંધ.**—ખ(૨) કૉલેજનું વિભાગીકરણ કરી (૧) વિજ્ઞાન કૉલેજ, તથા (૨) હાલની વિનયન વિદ્યાશાખા સાથે વાણિજ્યની નવી વિદ્યાશાખા ઉમેરી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, એમ બે કૉલેજો કરવા માટેની અરજી છે.]

(૧) ઑર્ડિ. ૧૨૦ પ્રમાણે સમય બહાર આવેલ નવી કૉલેજની જોડાણઅરજી

નામ	સ્થળ	અભ્યાસક્રમ
સંઘવી એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ	અમદાવાદ	વિનયન અને વિજ્ઞાન

સદરહુ બાબત વિચારણા માટે હાથ ધરવામાં આવી તેના સંદર્ભમાં સૌપ્રથમ ઠરાવવામાં આવ્યું કે, ઑર્ડિ. ૧૨૦ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવો અને તેને તાત્કાલિક અમલમાં આવેલો ગણવો :

O. 120 :

Applications for affiliation, extension of affiliation or continuation of affiliation, of a college, shall be sent to the Registrar in the form prescribed by the Syndicate so as to reach him as under:

	Last date for receiving applications
(1) Application for affiliation of a new college or for an extension of affiliation for teaching courses in a new faculty	15th March of the year preceeding the year from which affiliation is intended to take effect.
(2) Application for renewal of affiliation, for extension of affiliation up to degree classes or for a subject or subjects	16th August of the year preceding the year from which affiliation is intended to effect.

2. Every application for affiliation shall be accompanied with a deposit of Rs. 1,000/- which will be returned after the same is finally disposed off, but will be forfeited in case the application is withdrawn or the affiliation asked for is not accepted, provided that in the case of an application for renewal or extension of affiliation the deposit will be Rs. 200/- only. No request for postponement of consideration of the application for affiliation, renewal of affiliation or extension of affiliation, as the case may be, shall be entertained.

3. The Syndicate shall not entertain any application for affiliation received after the aforesaid dates.

તે [illegible]માં આવ્યું કે, નીચે જણાવેલી કૉલેજોના જોડાણ માટે આવેલી અરજીના સંબંધમાં તેમનાં નામ સામે જણાવેલ સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી :

ક્રમાંક	કૉલેજનું નામ	સ્થાનિક તપાસસમિતિના સભ્યો
૧.	શ્રી. સદ્‌વિદ્યા મંડળ, ભરૂચ	૧. આચાર્ય એ. આર. દેસાઈ, ૨. પ્રો. ડી. ડી. ત્રિવેદી
	[illegible]રેલી જિલ્લા વિદ્યાસભા, મુંબઈ-૧	૧. આચાર્ય સી. એન. હકાણી, ૨. પ્રો. જે. સી. ત્રિવેદી
	[illegible]તવર્ધક મંડળ, કડી	૧. આચાર્ય એમ. એસ. પંડિત ૨. આચાર્ય એચ. એસ. સંઘવી
	[illegible] ઠક્કર આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	૧. આચાર્ય વી. એ. વ્યાસ ૨. શ્રી. એમ. એન. દેસાઈ
	[illegible]. એ. કૉલેજ ઑફ આર્ટ્સ અને [illegible] અમદાવાદ	૧. આચાર્ય એસ. આર. મહેતા ૨. આચાર્ય આર. જી. ભટ્ટ ૩. આચાર્ય જે. જે. ત્રિવેદી ૪. શ્રી. પી. ડી. પાઠક
	[illegible]જ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ	૧. આચાર્ય એન. બી. નાયક ૨. આચાર્ય એલ. ડી. દવે.

પૉલિટિકલ સાયન્સ કૉન્ફરન્સનું ૨૮મું અધિવેશન અમદાવાદ મુકામે ગુજરાત યુનિ- આશ્રયે મળનાર હોઈ તે અંગેની વ્યવસ્થા કરવા સ્થાનિક મંત્રીની નિમણૂક ગે વિચારણા કરવા બાબત.

ી ઠરાવવામાં આવે છે કે, પૉલિટિકલ સાયન્સ કૉન્ફરન્સના ૨૮મા અધિવેશન માટે સ્થાનિક પ્રોફેસર ડી. એન. પાઠકની નિમણૂક કરવી.

ઇન્ડિયન એકેડેમી ઑફ પેડિયાટ્રિશિયન્સ તરફથી ૬ઠ્ઠી માર્ચથી ૮મી માર્ચ ત્રીજી રાષ્ટ્રીય કૉંગ્રેસ અમૃતસર મુકામે મળનાર હોઈ તેમાં એક યા વધુ એ મોકલવા અંગે સદરહુ એકેડેમીના સામાન્ય મંત્રીના આવેલા તા. ૫મી રીના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉંગ્રેસમાં આ યુનિવર્સિટી તરફથી કોઈ પ્રતિનિધિને મોકલવા નહિ.

૯. સદ્‌ગત શ્રી. જવાહરલાલ નહેરુનાં લખાણો, ભાષણો વગેરેમાંથી વિદ્યાર્થીઓ માટે ઉપયોગી થઈ પડે તેવાં અવતરણો યુનિવર્સિટી તેમ જ કૉલેજના કૅમ્પસ પર તેમ જ અન્યત્ર મૂકવા માટે જવાહરલાલ નહેરુ સ્મારક ફંડની પ્રોગ્રામ્સ સબ-કમિટીએ નક્કી કરતાં ઉક્ત સ્મારક ફંડના મંત્રી તરફથી આવેલા તા. ૬-૧૨-૧૯૬૫ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પત્ર કૉલેજોને ઘટતું કરવા માટે પરિપત્રિત કરવો.

૧૦. અંગ્રેજીની અભ્યાસસમિતિની તા. ૨૧-૯-૧૯૬૫ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે, પ્રી-યુનિ.ના વર્ગોની ૧૯૬૮ના વર્ષની પરીક્ષા માટે અંગ્રેજી વિષય માટે ગદ્ય-પદ્યસંગ્રહ નવો તૈયાર કરાવવા માટે જરૂરી પગલાં લેવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, પ્રી-યુનિ. આર્ટ્સ, સાયન્સ અને કૉમર્સ તથા પ્રી-યુનિ. [illegible] તથા પ્રથમ વર્ષ ડિપ્લોમા ઇન ફાર્મસીના વર્ષ માટે ૧૯૬૮ના વર્ષની પરીક્ષા માટે અંગ્રેજી વિષય [illegible] સંગ્રહનો મુસદ્દો તૈયાર કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

૧. આચાર્ય એસ. આર. ભટ્ટ
૨. આચાર્ય એચ. એ. ડિસોઝા
૩. આચાર્ય ય. ગુ. નાયક
૪. આચાર્ય એમ. સી. દેસાઈ.

૧૧. રસાયણવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૧૩-૧-૧૯૬૬ની સભાની [illegible] ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે, સેકન્ડ બી.એસસી. રસાયણવિજ્ઞાન વિષયની [illegible] પરીક્ષા માટે હાલ જે નિયત કરેલ છે તે પ્રમાણે જ લેબોરેટરી સ્ટાફનાં સંખ્યા [illegible] ફેરફાર કરવાની આવશ્યકતા નથી."

આથી ઠરાવવામાં આવે છે કે, સેકંડ બી.એસસી. રસાયણવિજ્ઞાનના વિષયની પ્રાયોગિક [illegible] માટે લેબોરેટરી સ્ટાફની સંખ્યા નીચે મુજબ રાખવી :

Second B.Sc.

Subject	*Days for Preparation*	*Days for Cleaning up*	*Expert Assistant*	*Laboratory Assistant*	*Store-keeper*
Chemistry	3 days before the first batch and 1 day between succeeding batches 2 Expert Assistants 1 Store-keeper 2 Laboratory Assistants 3 Hamals	2 days 2 Laboratory Assistants 1 Store-keeper 3 Hamals	3	2	1

૧ [illegible]ા સુપરવાઇઝરની જગ્યા અંગે મળનાર વરણીસમિતિની તા. ૨૨-૧-૧૯૬૬ની સભાની [illegible] ઉપર વિચારણા કરવા બાબત.

[illegible]માં આવે છે કે, સદરહુ વરણીસમિતિની તા. ૨૨-૧-૧૯૬૬ની સભાની ભલામણ મંજૂર [illegible] મુજબ નીચેની વ્યક્તિઓની બિલ્ડિંગ સુપરવાઇઝરની હંગામી જગ્યા પર માસિક ઉચ્ચક [illegible]માનુવતી નિમણૂક કરવી :

[illegible] દીપક બી. સુતરિયા
[illegible] ભાસ્કર જી. દેસાઈ.

([illegible]મિતિની તા. ૨૨-૧-૧૯૬૬ની સભાની નોંધ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૨. પ્રોફેસર ઑફ ફિઝિક્સની જગ્યા પર ઑ. ૬૬ પ્રમાણે સિન્ડિકેટે નીમવાના ત્રણ પ્રતિનિધિ[illegible] નીમવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—સિન્ડિકેટે તેની તા. ૨૦/૨૧-૧૧-૧૯૬૫ની સભામાં (બાબત નં. ૧૧૪) [illegible] કે, આ જગ્યા માટે વરણીસમિતિની રચના નવેસરથી કરવી.

[illegible]મિતિ પર નીચેના સભ્યો હતા :

૧. શ્રી. આર. સી. મજમુદાર (દિલ્હી)
૨. શ્રી. આર. એસ. કિશ્નન (બેંગલોર)
૩. ડૉ. નાગચૌધરી (કલકત્તા)
૪. ડૉ. અજિતરાય વર્મા (બનારસ)]

[illegible]ી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિ પર સિન્ડિકેટના પ્રતિનિધિઓ તરીકે નીચેના [illegible]મણૂક કરવી :

૧. પ્રો. વી. જી. ભીડે (મુંબઈ)
૨. પ્રો. આર. એસ. કૃષ્ણન (બેંગલોર)
૩. પ્રો. એમ. એસ. પંડ્યા (વડોદરા).

૩. યુનિવર્સિટીના ઇન્ટર્નલ ઑડિટર મેસર્સ લાખિયા દેસાઈ એન્ડ કું.ના [illegible]ના ૧૯૬૪-૧૯૬૫ના વાર્ષિક હિસાબ ઉપરની તા. ૩-૧૨-૧૯૬૫ ની નોંધ ઉપર [illegible] કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ઑડિટ નોંધના જુદા જુદા મુદ્દા પર સિન્ડિકેટના નિર્ણય તે મુદ્દા સામે જણાવવામાં આવ્યા છે.

(ઑડિટ નોંધ અને તેના મુદ્દા પરના સિન્ડિકેટના નિર્ણયની નોંધ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૧૫ "શ્રી. ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી વ્યાખ્યાનમાળા" (તૃતીય શ્રેણી) અંગેનાં વ્યાખ્યાનો સને ૧૯૬૫-૬૬ના વર્ષ માટેનાં યોજવા અંગે સિન્ડિકેટે કરેલ ઠરાવ અન્વયે

શ્રી. વિશ્વનાથ મગનલાલ ભટ્ટને વ્યાખ્યાતા તરીકેનું નિમંત્રણ મોકલવામાં આવ્યું છે તે સંબંધમાં તેઓશ્રી તરફથી આવેલ તા. ૧૪-૨-૧૯૬૫ના પત્ર પર વિચારણા કરવા [illegible]

(નોંધ.—નીચેની બાબતો અંગે તેઓ સ્પષ્ટતા માગે છે:

૧. યોજનાર વ્યાખ્યાનો માટેનો ચાલુ વર્ષનો માળો ટૂંકો [illegible] ડિસેંબર ૧૯૬૬ના અંત સુધીમાં યોજવાનું રાખવું.

૨. યોજનાર વ્યાખ્યાનો ગ્રન્થકારે પ્રગટ કરવાનું યુનિવર્સિટી [illegible] કરશે તો અને ત્યારે જ ઉપસ્થિત થશે. આ વ્યાખ્યાનો યુનિવર્સિટી [illegible] પ્રગટ ન કરી શકે અને વ્યાખ્યાતા પોતે જો અંગત વ્યવસ્થા કરીને [illegible] કરે તો યુનિવર્સિટીને વાંધો ન હોઈ શકે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વ્યાખ્યાનમાળાનાં વ્યાખ્યાનો ડિસેંબર ૧૯૬૬ના અંત સુધીમાં યોજવાનું રાખવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સદરહુ વ્યાખ્યાનોની હસ્તપ્રત જો યુનિવર્સિટી પ્રસિદ્ધ કરવા ઇચ્છતી ન હોય તો શ્રી. વી. એમ. ભટ્ટને તે પ્રસિદ્ધ કરવા માટે પરવાનગી આપવામાં આવશે, એમ તેમને જણાવવું.

૧૬. ઓ. ૪૭ હેઠળ બોર્ડ ઓફ એકસ્ટ્રાઅુરલ સ્ટડીઝ પર નિમાયેલા પ્રતિનિધિઓની મુદત તા. ૩૧-૧-૧૯૬૬ના રોજ પૂરી થતી હોવાથી નવા સભ્યોની નિમણૂક કરવા [illegible] (હાલ સિન્ડિકેટે નીમેલા સભ્યોના સભ્યપદની મુદત બે વર્ષની છે તેને બદલે ત્રણ [illegible] કરવા માટે ઓ. ૪૮ ના પાઠ નીચે મુજબ સુધારવા અંગે વિચારણા કરવાનું યોગ્ય [illegible] તેમ કરીને ખાલી પડનાર જગ્યાઓ પૂરવા માટે સૂચન છે):

(૧) (૧) ઑર્ડિ. ૪૭ (૫) મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડના એક તથા ડિસ્ટ્રિક્ટ સ્કૂલ બોર્ડના [illegible] બે સેનેટના સભ્યો. (હાલ ડિસ્ટ્રિક્ટ સ્કૂલ બોર્ડ નથી એટલે એક જ પ્રતિનિધિ [illegible] રહે છે.)

(૨) ઑર્ડિ. ૪૭ (૬) એકેડેમિક કાઉન્સિલના સભ્ય હોય એવા ચોક્કામાં ચોક્ક [illegible] સહિત સિન્ડિકેટે નીમવાના સાત સભ્યો.

(૩) ઑર્ડિ. ૪૭ (૭) હેઠળ મજૂર મંડળોના સેનેટ પરના પ્રતિનિધિઓ પૈકીના [illegible]

(૨) **O. 48:**

"The nominated members of the Committee shall hold office for three years."

ઉપરના બેઉ પ્રસ્તાવો પર સાથે વિચારણા કરવામાં આવી અને સૌપ્રથમ ઠરાવવામાં આવ્યું કે, ઑર્ડિ. ૪૮ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવો:

O. 48:

"The nominated members of the Board shall hold office for three years."

તે પછી [redacted] આવ્યું કે, બોર્ડ ઑફ ઍક્સ્ટ્રામ્યુરલ સ્ટડીઝ પર નીચે જણાવેલા સભ્યોની નિમણૂક કરવા

(૧) [redacted] ણિકલાલ ઠાકર, ઓડિ. ૪૭(૫) હેઠળ
(૨) [redacted] ગુ. નાયક
(૩) [redacted] એસ. આર. ભટ્ટ
(૪) [redacted] સી. વૈદ્ય
(૫) ડૉ. વીરુભાઈ પી. ઠાકર
(૬) પ્રો. હકૂમત દેસાઈ
(૭) આચાર્ય એચ. એસ. સંઘવી
(૮) રો. લીલાબહેન શાહ, ઓડિ. ૪૭(૬) હેઠળ
(૯) શ્રી. સત્યેન્દ્રભાઈ કા. ઝવેરી, ઓડિ. ૪૭(૭) હેઠળ.

૧૭. [redacted] સિટી વિસ્તારમાં રાજ્ય સરકાર તેમ જ ભારત સરકારની લોન પર રહેઠાણો માટે મકાનો [redacted] વાની ચોજનાને અનુલક્ષીને એસ્ટેટ વિભાગે થડેલા પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત.

આથી [redacted] માં આવે છે કે, એસ્ટેટ વિભાગનો પ્રસ્તાવ મંજૂર કરવો તથા તે માટે જરૂરી લોન મેળવવા માટે [redacted] પગલાં લેવાં.

વધુમાં [redacted] માં આવે છે કે, ભારત સરકારે ધડેલી સદરહુ યોજના જોડાયેલી કૉલેજો અને માન્યતાસંસ્થાઓ [redacted] રિપ્રિત કરવી.

૧૮. યુનિવર્સિટીના ભાઈઓ તથા બહેનોની અલગ અલગ ટુકડીના ગંગોત્રી ગિરિમાળા પરના શિખર પર આરોહણ અંગે સિન્ડિકેટની તા. ૮-૯-૧૯૬૫ની સભાના ઠરાવના અનુસંધાનમાં ઇન્ડિયન માઉન્ટેનિયરિંગ ફાઉન્ડેશન, ન્યૂ દિલ્હીથી આવેલ તા. ૨૦-૧૨-૧૯૬૫ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૯. તા. ૧૪-૧૨-૧૯૬૫ના રોજ મળેલી આરોગ્ય કેન્દ્રની સ્થાયી સમિતિનો નીચેનો [redacted]

[redacted] ૨ અને ૪ની વિચારણા સાથે કરવામાં આવી અને ઠરાવવામાં આવ્યું કે,

[redacted] યાગીનાના પત્ર પર વિચારણા કરતાં એમની ભલામણો સ્વીકાર્ય લાગે છે અને તે અંગે [redacted] માં "એક્સ-રે ડિપાર્ટમેન્ટના વિકાસ માટે" એવું નવું હેડ ઉમેરી રૂા. ૬,૦૦૦ની વધુ [redacted] વાઈ બજેટમાં કરી રજૂ કરેલું બજેટ મંજૂર કરવું તથા સિન્ડિકેટ તરફ મોકલી આપવું.

[redacted] માં ઠરાવવામાં આવ્યું કે એક્સ-રેના કામ માટે એક એક્સ-રે ટેકનિશિયન જોઈએ, [redacted] તેની નવી નિમણૂક ન કરતાં જે લેબોરેટરી ટેકનિશિયન નિમાય તેને આ કામ સોંપવું [redacted] તેની તાકીદે નિમણૂક કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

[redacted] લાયકાતવાળો લેબોરેટરી ટેકનિશિયન ન મળે તો ફરીથી જાહેર ખબર આપવા અને [redacted] મુજબની લાયકાત નક્કી કરવા સિન્ડિકેટને ભલામણ કરવી :

(૧) બી.એસસી. વિથ એક્સપીરિયન્સ ઇન ટેકાનક્લ લેબોરેટરી મેથડ્સ

અથવા

(૨) સર્ટિફાઇડ ટ્રેઇન્ડ લેબોરેટરી ટેકનિશિયન

અથવા

(૩) એસ.એસ.સી. વિથ કન્ટિન્યુઅસ એક્સપીરિયન્સ ઇન [illegible] લેબોરેટરી મેથડ્ઝ ફોર ફાઇવ યર્સ.”

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની ઉપરની ભલામણો (અ), (બ) અને (ક) મંજૂર કરવી.

૨૦. આસિસ્ટન્ટ રજિસ્ટ્રારની જગ્યા માટે લાયકાતનું ધોરણ નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કાર્યાલયના અધિકારીઓની જગ્યાઓ માટે લાયકાતનાં ધોરણો અંગેની માહિતી સાથે સદરહુ બાબત સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની વિચ[illegible] માટે મોકલવી.

૨૧. આર્ટ્સ અને કોમર્સ કોલેજ, બોરસદનું નામાભિધાન “પટેલ ઝવે[illegible] ભૂલજીભાઈ ફૂલેલવાળા આર્ટ્સ કોલેજ એન્ડ પટેલ અંબાલાલ મહીજીભાઈ ફૂલેલવાળા [illegible]સ કોલેજ” રાખવા માટે કોલેજના આચાર્યશ્રી તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા [illegible] બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી અને રાજ્ય સ[illegible] જોડાણ માટે ભવિષ્યમાં ભલામણ કરવાની થાય ત્યારે સદરહુ નામથી જોડાણ આપવા માટે ઘટતું [illegible] કરવું.

૨૨. સિન્ડિકેટે તેની તા. ૧૮/૧૯-૧૨-૧૯૬૫ની સભામાં ઑર્ડિ. [illegible]સ, નીચેની માહિતી સાથે સિન્ડિકેટની પુનર્વિચારણા માટે રજૂ કરવાનું ઠરાવેલ હોઈ [illegible] વિચારણા કરવા બાબત :

“ચાલુ વર્ષ દરમિયાન એન.એસ.સી.ની તાલીમ લેતા કુલ વિદ્યાર્થીઓની સંખ્યા અને જે વિદ્યાર્થીઓને નોકરી કરવાના કારણે એન.સી.સી. તાલીમમાંથી મુક્તિ આપવામાં આવેલ હોય તેવા વિદ્યાર્થીઓની સંખ્યા.”

આથી ઠરાવવામાં આવે છે કે, ભારતની યુનિવર્સિટીઓમાં સાર્વત્રિક ધોરણે દાખલ કરવામાં આવેલ એન.સી.સી. તાલીમની બાબત અંગે પુનરવલોકન (Review) કરવા માટે [illegible]-યુનિવર્સિટી બોર્ડને સૂચવવું.

દરમિયાન સદરહુ ઑર્ડિનન્સમાં કરેલ ફેરફાર કરવાની તરફેણમાં સિન્ડિકેટ [illegible] સેનેટને રિપોર્ટ કરવો.

૨૩. સરકારી ઑડિટના નીચેના વાંધા અંગે વિચારણા કરવા બાબત :

The reasons advanced by the University for [illegible] to effect recovery from Shri B. K. Acharya cannot be accepted when the recoveries from the other members have been made.

(નોંધ.—શ્રી. બી. કે. આચાર્યને મુંબઈથી અમદાવાદ સભામાં હાજરી [illegible] માટે જે રેલવેભાડું આપેલ તે Concessional rateને બદલે Full rate [illegible] આપેલ

જેની [illegible] રૂપિયા ૭-૮૪ પૈસાની રકમ વસૂલ કરવા ઓડિટે જણાવેલ. શ્રી. આચાર્યને બે પત્રો [illegible] પત્ર તેમને મળેલ નહિ અને તે Undelivered થઈને 'Left' ની રિમાર્ક સાથે [illegible] પાછો આવેલ છે. આ સંજોગોમાં તેમની પાસેથી રૂ. ૭-૮૪ પૈસાની રકમ [illegible] થી તેથી માંડવાળ કરવા આ રજૂ કરેલ છે.)

આથી [illegible] આવે છે કે, સદરહુ કેસની વિગતો જોતાં રૂ. ૭-૮૪ પૈસા (રૂપિયા સાત અને ચોર્યાસી પૈસા [illegible] મતી (Condone) કરવા પાત્ર છે એમ સરકારી ઓડિટરોને જણાવવું.

૨૪. [illegible] તની વિચારણા બાબત નં. ૨ પછી હાથ ધરવામાં આવી હતી, અને તેની નોંધ તે ક્રમમાં [illegible] લી છે.

૨૫. [illegible] શ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત:

(૧) [illegible] સાયન્સ કૉલેજ, મોડાસાને થર્ડ બી.એ. અને થર્ડ બી.એસસી.ની પરીક્ષા [illegible] કેન્દ્ર આપવા અંગે આચાર્ય તરફથી આવેલ પત્રના અનુસંધાનમાં ઉપકુલ-[illegible] જકૂર પરીક્ષાઓ માટે મોડાસાને કેન્દ્ર તરીકે મંજૂરી આપ્યાના;

(૨) [illegible] ન, ૧૯૬૫માં લેવાયેલ સેકન્ડ બી.એસસી. પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૨૮૪૭ના [illegible] ભૂલ જણાયાથી સિન્ડિકેટની બહાલીની અપેક્ષાએ તે સુધાર્યાના.

[illegible] ય. —જાહેરનામા નં. ૧૯૮થી મજકૂર વિદ્યાર્થીનું પરિણામ પાસ વર્ગમાંથી બીજા [illegible] ર કરેલ છે.)

આ [illegible] આવે છે કે, ઉપકુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

તે [illegible] તિશ્રીના ઉપરના કાર્ય નં. ૧ના સંદર્ભમાં ૧૯૬૬ના પૂર્વાર્ધમાં લેવાનાર પરીક્ષાઓ માટેનાં કે [illegible] સિન્ડિકેટના તા. ૧૮/૧૯-૧૨-૧૯૬૫ના ઠરાવ પર પુનર્વિચારણા કરવામાં આવી અ [illegible] વધારાનાં કેન્દ્રો ફક્ત ચાલુ વર્ષ માટે અને અપવાદ તરીકે, આપવાનું મંજૂર કરવામાં

ક્રમ [illegible]

પરીક્ષાઓ

૧ [illegible] ... થર્ડ બી.એ. અને થર્ડ બી.એસસી.

૨ [illegible] ... થર્ડ બી.એ. અને થર્ડ બી.એસસી.

૩ [illegible] ... થર્ડ બી.એ. અને થર્ડ બી.એસસી.

૪ [illegible] ... થર્ડ બી.એ અને થર્ડ બી.એસસી.

૫ [illegible] ... સેકન્ડ બી.એ. અને સેકન્ડ બી.એસસી.; અને થર્ડ બી.એ. અને થર્ડ બી.એસસી.

[illegible] નાં કેન્દ્રો ઉપર પ્રશ્નપત્રો છાપવાનું કામ અમુક પસંદ કરેલાં મથકોએ કયાં કયાં કેન્દ્રોના પ્રશ્નપત્રો પહોંચાડી શકાય છે તે જોઈ-તપાસી રિપોર્ટ

કરવા અંગે સિન્ડિકેટે તેની તા. ૧૮/૧૯–૧૨–૧૯૬૫ની સભામાં નીમેલી સમિતિના રિપોર્ટ ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત પર ચર્ચાવિચારણા કર્યા પછી ઠરાવવામાં આવ્યું કે, સદરહુ સમિતિના રિપોર્ટ અંગે ઘટતું કરવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

(નોંધ.— પરીક્ષાનાં કેન્દ્રોમાં ડુપ્લિકેટર મશીનોના ઉપયોગ અં[illegible]રવાનું સૂચન ભવિષ્યમાં લક્ષમાં રાખવામાં આવે એમ સૂચવામાં આવ્યું.)

૨૭. સિન્ડિકેટની તા. ૧૮/૧૯–૧૨–૧૯૬૫ની સભામાં થ[illegible] અનુસાર શ્રી. આર. એમ. ભટ્ટના પીએચ.ડી. પદવીના અર્થશાસ્ત્ર વિષયનો મ[illegible] નિમણૂક માટે નિમાયેલા બાહ્ય રેફરી ડો. એ. કે. દાસગુપ્તા તથા આંતરિક પરીક્ષક [illegible]. વી. દેસાઈને સંયુક્ત રિપોર્ટ રજૂ કરવા જણાવતા તેમના તરફથી આવેલા પત્રો પ[illegible]ા કરવા બાબત.

સદરહુ બાબત પર ચર્ચાવિચારણાને અંતે નીચે મુજબના બે વૈકલ્પિક [illegible]ગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા :

(૧) શ્રી. આર. એમ. ભટ્ટના મહાનિબંધ પર પોતાનો રિપોર્ટ સ્વતંત્ર [illegible] કરવા માટે આચાર્ય એસ. વી. દેસાઈને જણાવવું ?

કે

(૨) સદરહુ મહાનિબંધ તપાસવા માટે રેફરીઓની નિમણૂક નવેસરથી [illegible]ની જરૂરી કાર્યવાહી કરવી?

તે પર મત લેવામાં આવતાં, વધુમતે ઠરાવવામાં આવ્યું કે, શ્રી. આ[illegible]ના મહા-નિબંધ પર પોતાનો રિપોર્ટ સ્વતંત્ર રીતે રજૂ કરવા માટે આચાર્ય એસ. વી. [illegible]વવું.

૨૮. સિન્ડિકેટે અગાઉ મંજૂર કરેલ અહારના પ્રેસને સોંપવા અંગે [illegible]છાપકામ તથા બાઈન્ડિંગના ભાવ કરતાં સરસ્વતી પ્રિન્ટિંગ પ્રેસ, ભાવનગરને [illegible] આવેલ "ગાણિતિક સંખ્યાશાસ્ત્રનો પરિચય"ના મુદ્રણ તથા બાઈન્ડિંગ અંગે તે[illegible]ભાવની માગણી કરેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) અગાઉ સિન્ડિકેટે મંજૂર કરેલા ભાવ: ડેમી ૮ પેજી[illegible]રના એક ફરમાના રૂા. ૩૫ અને ગણિતના પુસ્તક, ડાયાગ્રેટિકલ માર્કસવાળા પુસ્તક [illegible]વાવાળા પુસ્તક માટે દરેક ફોર્મ દીઠ ૨૫ ટકા સુધી વધારે દર આપવા.

(૨) સદરહુ કામ માટે સરસ્વતી પ્રિન્ટિંગ પ્રેસ તરફથી ડેમી ૮ પે[illegible]ના દીઠ રૂા. ૫૨–૫૦ પૈસાની માગણી કરવામાં આવી છે; અને વધુમાં જણાવવા[illegible]છે કે, તા. ૩૧–૧–૧૯૬૬ પછી છાપકામ માટે જણાવવામાં આવશે તો ઉપર જણાવે[illegible] ટકા જેટલો વધારાનો દર લેવામાં આવશે.

(૩) એપ્રુવ્ડ લિસ્ટ ઉપર મૂકેલ મંગળ મુદ્રણાલય તરફથી સદરહુ કામ [illegible] પેજી ફરમાના રૂા. ૪૫ લેખે કામ કરવા તૈયારી દર્શાવાઈ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પુસ્તકોનું બાકીનું છાપકામ મંગલ મુદ્રણાલયને ઉંચી આઠ પેજી ફરમાના રૂા. ૪૫ના ભાવથી સોંપવું.

(નોંધ.— સદરહુ પ્રકાશનના છાપકામમાં ગણિતિક તથા ભિન્ન ભાષાવાળું છાપકામ કરવાનું હોવાથી તેનો ઉચ્ચક ભાવ ઉપર મુજબ રૂા. ૪૫ આપવાનું ઠરાવવામાં આવ્યું.)

૨૯. આચાર્ય એલ. એન. ઠાકરનો નીચેનો પ્રસ્તાવ સેનેટે તેની તારીખ ૧૫/૧૬-૧૨-૬૫ની સભામાં સિન્ડિકેટની વિચારણા માટે મોકલેલ હોઈ તે ઉપર વિચારણા કરવા બાબત:

St. 193-A :

"That Statute 193-A be amended as under :

Para 1 to remain as it is :

Para 2 to be amended as under :

After the words "on completion of 7 years' Service" in the third line add the following words :

"and 6¼ per cent more for every additional year after 7 years (i.e., 56¼ per cent for 8 years, 62½ per cent for 9 years and so on) up to 15 years", the other part of para 2 to remain as it is.

Para 3 and 4 remain as they are.

The amended para 2 of the Statute 193-A will read as under :

"Gratuity shall be paid on the death, retirement, resignation or termination of service, at the rate of ½ month's basic salary (excluding all allowances) for each completed year of service on completion of 7 years' service and 6¼ per cent more for every additional year after 7 years (i.e., 56¼ per cent for 8 years, 62½ per cent for 9 years and so on) up to fifteen years, the gratuity shall be raised to one month's basic salary (excluding all allowances) for each completed year of service on completion of 15 years' service" The total amount....etc..the rest of the text remains as it is."

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના કર્મચારીઓને તેમની બાર વર્ષની નોકરીના અંતે તેમને અનુક્રમે નોકરીના છેલ્લા બાર માસના સરાસરી મૂળ માસિક પગારના ¾ (ત્રણ ચતુર્થાંશ) લેખે ગણતાં સક્રિય નોકરીના પ્રત્યેક વર્ષ માટે જે રકમ થાય તે રકમ ગ્રેચ્યુઈટી તરીકે આપવા માટે હાલના સ્ટે. ૧૯૩– એ માં જરૂરી સુધારો કરીને તેનો મુસદ્દો સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવાનું રાખવું.

૩૦. યુનિવર્સિટીના શિક્ષકોની પારસ્પરિક સેવાઓ લેવા-આપવા અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી આવેલા નિયમો અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત અંગે અગાઉના નિયમો રદ કરીને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને સૂચવેલા નિયમો મંજૂર કરવા, તથા તેને જૂન ૧૯૬૬ થી અમલમાં મૂકવા.

(મંજૂર કરવામાં આવેલા નિયમોની નકલ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૩૧. યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજોના શિક્ષકોનાં પગારધોરણો અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી આવેલ તા. ૧૫-૧-૧૯૬૬ના પત્રાંક એફ. ૪૧-૬-૫૭ (એચ.) (એસ.એસ.) પરત્વે વિચારણા કરવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી તથા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનનો સદરહુ પત્ર કૉલેજોને પરિપત્રિત કરવો.

૩૨. ઑક્ટોબર ૧૯૬૫માં લેવાયેલ બી.એ. પરીક્ષાનું પરિણામ તા. ૬-૧૨-૧૯૬૫ના રોજ જાહેર થયા પછી જે વિદ્યાર્થીઓને કૉલેજમાં કામચલાઉ પ્રવેશ આપવામાં આવ્યા હતા, તે વિદ્યાર્થીઓને પ્રથમ એલએલ.બી.ના વર્ગમાં પ્રવેશ મોડા મેળવવાના કારણે જે હાજરી ખૂટે તે માફ કરી વિદ્યાર્થીઓને અપાયેલ પ્રવેશ માન્ય રાખવા માટેની તે કૉલેજના આ વર્ષની વિનંતી સિન્ડિકેટની તા. ૮-૧-૧૯૬૬ની સભાના ઠરાવ અન્વયે માન્ય કરવામાં આવી નથી, તેના અનુસંધાનમાં તે કૉલેજના આચાર્યના તા. ૧૮-૧-૧૯૬૬ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજના આચાર્યને જણાવવું કે, તેમના તા. ૧૫-૧૨-૧૯૬૫ ના જવાબમાં યુનિવર્સિટી કાર્યાલય તરફથી તા. ૧૦-૧-૧૯૬૬ના રોજ જે જવાબ લખવામાં આવ્યો છે તે તરફ આચાર્યનું ધ્યાન ખેંચવું અને તેમાં જણાવેલી બાબતનું પુનરુચ્ચારણ કરવું.

૩૩. અતિથિગૃહના મકાન માટેની યોજના માટે, યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેમના તા. ૧૬-૬-૧૯૬૫ના પત્રાંક એફ. ૪૩-૧-૬૩ (સી.ડી.એન.)થી આ યોજનાનો કુલ અંદાજી ખર્ચ રૂા. ૧,૫૧,૪૬૧·૧૦ પૈ.નો મંજૂર કરી તે સાથે તેમના ફાળાની ½ હિસ્સા પ્રમાણેની અગર રૂા. ૧,૦૦,૦૦૦ (બેમાંથી ઓછું થાય તેટલી) ગ્રાન્ટ તરીકે આર્થિક સહાય આપવાનું સ્વીકાર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૩૪. બી. એમ. ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદની જૂન ૧૯૬૬થી પીએચ.ડી.માં મનોવિજ્ઞાનનો અભ્યાસક્રમ શીખવવા માટે માન્યતા મેળવવા આવેલ અરજી પર સ્થાનિક તપાસ-સમિતિ નીમવા બાબત.

(નોંધ.— ઑર્ડિ. ૧૨૦-સી અન્વયે આ અરજી મોકલવાની છેલ્લી તા. ૧-૮-૧૯૬૫ હતી.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ યુનિવર્સિટીની માન્યતા અંગેની અરજીની બાબતમાં નીચે જણાવેલા સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમવી :

(૧) ડૉ. પી. એચ. પ્રભુ
(૨) ડૉ. ડી. ડી. મહેતા (નવસારી).

૩૫. એકેડેમિક કાઉન્સિલની તા. ૧૭-૧૧-૧૯૬૫ની સભામાં મંજૂર થયેલ બાબત પૈકી એકમાં પરીક્ષકો પાસે શપથ લેવડાવવાનું જણાવેલ છે તો તે અંગે શપથનો પાઠ ઘડવા બાબત.

(**નોંધ.** — કાર્યાલયે તૈયાર કરેલ પાઠ નીચે પ્રમાણે છે :

(૧) આથી હું સોગંદપૂર્વક ખાતરી આપું છું કે મને સોંપાયેલા પરીક્ષા અંગેના કામની પૂરેપૂરી ગુપ્તતા જાળવીશ તેમ જ કોઈ પણ પ્રકારની લાંચ રૂશ્વત કે લાગવગ કે ગેરરીતિને વશ ન થતાં પરીક્ષાનું તમામ કામકાજ તદ્દન નિષ્પક્ષપણે કરીશ.

(૨) મેં આ વર્ષે કોઈ ગાઈડ લખી કે પ્રસિદ્ધ કરી નથી તેમ જ આ પરીક્ષા માટે વિદ્યાર્થીને ટ્યુશન આપ્યું નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે, આ યુનિવર્સિટીની પરીક્ષાઓ માટે જે પ્રાન્તિક-પરીક્ષકો નીમવામાં આવે તેમના શપથ માટે નીચેનો પાઠ મંજૂર કરવો :

"(૧) આથી હું સોગનપૂર્વક ખાતરી આપું છું કે, મને સોંપાયેલા પરીક્ષા અંગેના કામની પૂરેપૂરી ગુપ્તતા જાળવીશ તેમજ કોઈ પ્રકારની ગેરરીતિને વશ ન થતાં પરીક્ષાનું તમામ કામકાજ તદ્દન નિષ્પક્ષપણે કરીશ.

(૨) આ પરીક્ષા માટે મેં કોઈ વિદ્યાર્થીને ખાનગી ટ્યુશન આપ્યું નથી."

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિં/૧/૬૦૫૪૬/૧૯૬૬.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯.
ફેબ્રુઆરી ૧૦, ૧૯૬૬.
માઘ ૨૧, ૧૮૮૭ (શક).

કું. ચં. પરીખ
રજિસ્ટ્રાર

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૧૨

યુનિવર્સિટી કાર્યાલયમાં હંગામી બિલ્ડિંગ સુપરવાઈઝરની જગ્યા માટે ઉમેદવારોની મુલાકાત લેવા માટે સિન્ડિકેટની બનેલી વરણીસમિતિની એક સભા તા. ૨૨-૧-૧૯૬૬ના રોજ ૧-૩૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન ઉપકુલપતિ શ્રી. લાલભાઈ આર. દેસાઈ એ લીધું હતું. સભામાં હાજરી નીચે મુજબ હતી:

૧. શ્રી. લાલભાઈ આર. દેસાઈ, ઉપકુલપતિ	હાજર
૨. ડિરેક્ટર ઑફ એજ્યુકેશન	ગેરહાજર
૩. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ	ગેરહાજર
૪. શ્રી. ઝીણાભાઈ આર. દેસાઈ	ગેરહાજર
૫. ડૉ. વાસુદેવ એન. ત્રિપાઠી	ગેરહાજર
૬. શ્રી. ઇન્દ્રવદન એમ. નાણાવટી	ગેરહાજર
૭. શ્રી. બટુભાઈ એચ. દેસાઈ	ગેરહાજર
૮. શ્રી. ડૉ. એ. એમ. ત્રિવેદી	ગેરહાજર
૯. શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી	ગેરહાજર
૧૦. ડૉ. જયંત બી. હરિભક્તિ	ગેરહાજર
૧૧. શ્રી. ઘનશ્યામલાલ સી. ઓઝા	ગેરહાજર
૧૨. શ્રી. મણિશંકર પી. પંડ્યા	હાજર
૧૩. શ્રી. ઠાકોરભાઈ મ. દેસાઈ	ગેરહાજર
૧૪. શ્રી. ચિમનભાઈ જે. પટેલ	ગેરહાજર
૧૫. ડૉ. ય. ગુ. નાયક	હાજર
૧૬. શ્રી. એમ. સી. દેસાઈ	ગેરહાજર
૧૭. શ્રી. બી. આર. શેનોય	ગેરહાજર
૧૮. આચાર્ય વી. આર. રણદીવે	ગેરહાજર.

૧. બિલ્ડિંગ સુપરવાઇઝર (હંગામી બે વર્ષ માટે તા. ૯-૧૦-૧૯૧૭ સુધી)

બિલ્ડિંગ સુપરવાઇઝરની હંગામી જગ્યા માટે નીચેના ઉમેદવારોને મુલાકાત માટે બોલાવવામાં આવ્યા હતા :

૧. શ્રી. નાયક ડી. ડી.	હાજર
૨. શ્રી. ભટ્ટ બી. એસ.	ગેરહાજર
૩. શ્રી. પટેલ આર. સી.	હાજર
૪. શ્રી. સુતરિયા ડી. બી.	હાજર
૫. શ્રી. ઠાકર કે. એમ.	હાજર
૬. શ્રી. પટેલ કે. એ.	ગેરહાજર
૭. શ્રી. દેસાઈ બી. જી.	હાજર
૮. શ્રી. શાહ આર. એમ.	હાજર.

નિષ્ણાત તરીકે યુનિવર્સિટી એન્જિનિયર શ્રી. આર. એચ. શાહ તથા શ્રી. ગિરીશચંદ્ર દેસાઈની નિમણૂક કરવામાં આવી હતી અને તેઓ બંને હાજર રહ્યા હતા.

હાજર રહેલા ઉમેદવારોની મુલાકાત લીધા પછી સમિતિએ નીચે પ્રમાણે ઠરાવ્યું :

"શ્રી. દીપક બી. સુતરિયાને બિલ્ડિંગ સુપરવાઇઝરની હંગામી જગ્યા પર માસિક ઉચ્ચક રૂા. ૨૦૦થી નીમવા, અને જો શ્રી. દીપક બી. સુતરિયા આ જગ્યા ન સ્વીકારે તો, શ્રી. દેસાઈ બી. જી.ને નીમવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી."

સિન્ડિકેટ (જાન્યુઆરી)
તા. ૨૯/૩૦-૧-'૬૬

પરિશિષ્ટ "ખ"
ઠરાવઠરાવ ક્રમાંક ૧૪

To

The Registrar,
Gujarat University,
Ahmedabad-9.

Dear sir,

Subject.—Audit Report for the year ended, March 31, 1965.

1. The accounts of the University for the year 1964-65 are audited by us. The sets of account books audited are:

(*i*) General Fund Account
(*ii*) Library Account
(*iii*) Gujarati Language and Sahitya Bhavan Account
(*iv*) Account of School of Psychology
(*v*) Account of School of Sciences
(*vi*) Account of School of Social Sciences
(*vii*) Building Fund Account
(*viii*) Provident Fund Account
(*ix*) Endowment Fund Account.

2. The Statements of Account prepared by the accountant which are submitted to us for verification and reporting are:

(*i*) General and Summary Statement of Income
(*ii*) Statement of Income
(*iii*) General Fund Summary of Statement of Expenditure
(*iv*) Statement of Expenditure
(*v*) Income and Expenditure Account of Library

(*vi*) Income and Expenditure Account of School of Social Sciences
(*vii*) Income and Expenditure Account of School of Languages
(*viii*) Income and Expenditure Account of School of Psychology
(*ix*) Income and Expenditure Account of School of Sciences
(*x*) Statement of Finance
(*xi*) Appendices to the statement of Finance from 'A' to 'J'
(*xii*) Income and Expenditure Account-Pro. Fund
(*xiii*) Balance Sheet-Pro. Fund
(*xiv*) Annual statement of Endowment and Donation Account.

We report on the account as under :

3. The following shares and securities lodged in safe custody with State Bank of India, have been verified by us with the Bank Deposit Certificates :

General Fund Account :

	Year	*Rs.*
4% Guj. State Development Loan	1969	7,60,000
4½% – do –	1972	5,00,000
4½% – do –	1974	1,84,000
4¾% – do –	1976	88,000
Post Office 12 Year National Defence Certificates		1,00,000
Ahmedabad Muni. Corp. Debentures		2,00,000
		18,32,000

Pro. Fund Account :

	Face Value *Rs.*	**Book Value** *Rs.*
3% 1946 Conversion Loan	2,89,800	2,18,305·09
National Savings Certificates	3,20,000	3,20,000·00
	6,09,800	5,38,305·09

Endowment Fund :

	Rs.
3% Conversion Loan 1946	5,42,900
4% Bombay State Development Loan 1951	21,000
3% Loan 1986-87	1,600
70 Shares of Sahidra Delhi Saharanpur Railway	7,000
	5,72,500

4. **Endowment Fund : Shares of Shaidra Delhi Sahranpur Railway :**

No Bank Deposit certificate for 70 shares of Sahidra Delhi Sahranpur Railway of the nominal value of Rs. 7,000 has been produced nor the actual scripts were available for verification. No dividend is also received on these shares. Inquiry about these missing scripts should be immediately instituted, and the desirability of continuing such non-yielding investment should be considered.

5. We have spot-checked petty Cash Balance and Postage Stamps of all the departments at the time of audit.

6. We have verified the bank-balances with Reconciliation statements and Balance certificates.

7. A certificate for Rs. 110·99P. for permanent contingency advance-Library has not been produced though demanded.

8. A list of payments in the General Fund Cash Book not backed by payees' acknowledgements and other miscellaneous audit queries have been handed over to the Account section. They should all be complied with at an early date.

9. Some of the unpaid expenses debited this year pertain to the bills of the dealers of two to four years' standing. This practice would render the detection of double payments impossible as some of these payments are made on duplicate bills obtained from the dealers the originals having been lost or misplaced. If the outstanding bills are not adjusted at the end of the year for one reason or another, atleast a list of such outstanding bills should be prepared or a register thereof should be maintained by each department (duly authenticated by the head of the department concerened) on the analogus line of 'Suspense Register' or 'Sundry Advance' Register. Maintenance of register Outstanding bills will provide a record for audit inspection and for the insertion of note on the Balance Sheet. To this our remark in the previous audit report the account department contended that since the purchases were made by various departments it was not possible to maintain a 'register of outstanding bills.' This is not convinceable contention, as far the maintenance of any record nothing should be

17. A Government Grant (U.G.C.) for Autumn School for Mathematics for Rs. 4,400 was received on 30-11-1963 which was shown as income in 1963-64 and also as expnediture in the same year. The expenses on Seminar held in October, 1963 were Rs. 2,927·38P. only. The credit balance of Rs. 1,472·62P. should have been shown as unspent grant last year. This was not shown and the account relating to this grant was closed. During this year, i.e., in 1964-65, Rs. 1,472·62P. is refunded to the Government and is shown as expenditure. Since such entries materially affect the presentation of final statements of accounts, care should be taken at the time of closing the accounts to avoid repetition of such eror.

18. 'Deposit Register' needs careful scrutiny since 1958. In this Register are lying various amounts as; Tender Deposit, Earnest money Deposits, Application Deposits, etc. If they are to be repaid or adjusted they should now be done particularly those which are remaining as credits for more than three years.

19. In the Deposit Register are the following two debit amounts representing double refunds :

10-10-1962	Rs.	200	Shamaldas College, Bhavnagar. (V. No. 1254-C.B. Folio 808)
24-2-1964	Rs.	100	Rock Fabricators-Duplicate payment made on 30-6-1964. V. No. 565 C.B.F. 242.

Both these amounts should be recovered at an early date.

20. **Library Account Ledger :**

J. S. KANNER & Co.

A balance of Rs. 126·96P. is still shown to the Credit of this party's account. It is outstanding for more than three years and it is not claimed by the party. It, therefore, should be written back.

21. **University Press — Stock of Papers :**

An inventory of the stock of paper on Hand on 31-3-1965 and in process on that date certified by the Press Manager is produced. On verification of this inventory with the Stock Register we find that—

(*a*) Whereas the value of the Stock of paper certified is Rs. 81,928·17P. it appears on the Balance Sheet (i.e., as per general Ledger)

Rs. 52,472·68P. showing a difference of Rs. 29,455·49P. in value. This difference should have been reconciled at the end of the year.

(*b*) The quantities of various kinds of papers as shown in the Stock Register do not tally with the physical check taken by the Press Manager. In some cases the physical stock as per inventory is more whereas in some cases it has been less. This may be due to shortage or surplus resulting from the issue, handling or storage of papers. The particulars of surplus or shortage in physical stock should be brought to the notice of the Vice-Chancellor, the Registrar, the Syndicate and the accounts office for direction and final adjustment to bring the Stock Register in line with the actual stock.

(*c*) Rs. 947·36 P. is debited to paper purchase account on 3–6–1964 (V. No. 516 C.B. Folio 124) being the cost of White Glaze Newsprint bought of M/s. Occhavlal Keshavlal Parikh on 30–9–1963. This payment has been made on the duplicate bill given by the dealers. This purchase pertains to the previous year (1963–64) and it must have been taken in stock and used up before 31–3–1964. Debiting this account now in 1964–65 has resulted in incorrect disclosure of consumption of paper and in Income Expenditure Account both in 1963–64 and 1964–65. In this connection we draw attention to what has been stated by us in para (9) above.

22. **Stock of Steel :**

No certified inventory of Stock of Steel is produced, which is shown at value of Rs. 40,563–18P.

23. **Samajvidya Bhavan :**

There is an overpayment of certain money of Rs. 60/–. This overpayment should be recovered or alternatively the loss should be made good by recovering it from the persons responsible for overpayment.

(Sd.) (.....)
Lakhia Desai & Co.,
CHARTERED ACCOUNTANTS.

Ahmedabad.
Dt. 3–12–1965.

પેરા ૧ થી ૩ : આ અંગે કોઈ જવાબ આપવાનો રહેતો નથી.

પેરા ૪ : Sahidra Delhi Sahranpur Light Railway Companyની નાણાકીય સ્થિતિ અંગેની વધુ વિગતો મેળવવા અને સદરહુ વ્યાખ્યાન-માળાના પ્રણેતા મે. એન. એમ. ત્રિપાઠીને પોતાનાં સૂચનો હોય તો તે જણાવવા માટે લખવું.

પેરા ૫, ૬ અને ૭ : સદરહુ બાબતની નોંધ લીધી છે.

પેરા ૮ : ખૂટતી પહોંચો જે તે પાર્ટીને પત્ર લખીને બને તેટલી જલદી મેળવી લેવા માટે ઘટતી તજવીજ કરવી.

પેરા ૯ : પ્રત્યેક ભવનને "Outstanding Bill Register" રાખવા જણાવવું. તેમાં બાકી રહેલ બિલની વિગતો દરેક વર્ષની ૩૧મી માર્ચના રોજ આ રજિસ્ટર સાથે હિસાબ વિભાગને મોકલવા જણાવવું.

પેરા ૧૦ : હાલની પદ્ધતિમાં કાંઈ ફેરફાર કરવાની જરૂર જણાતી નથી.

પેરા ૧૧ અને ૧૨ : સદરહુ બાબતની નોંધ લેવી.

પેરા ૧૩ : બાકી રહેલ રકમો જેમ બને તેમ જલ્દીથી વસૂલ કરવા માટે ઘટતાં પગલાં લેવાં

પેરા ૧૪ : સદરહુ બાબતની નોંધ લેવી અને યોગ્ય એડજસ્ટમેન્ટ કરવા ઘટતાં પગલાં લેવાં.

પેરા ૧૬, ૧૭, ૧૮, ૧૯ અને ૨૦ : સદરહુ બાબતની નોંધ લેવી.

પેરા ૨૧ (અ) : સદરહુ બાબત અંગે પ્રસ્તાવ રજૂ કરવો.

(બ) : શ્રી. પ્રેસ-મેનેજરને જરૂરી પગલાં લેવા માટે ઘટતી સૂચના આપવી.

(ક) : સદરહુ સૂચનની નોંધ લેવી.

પેરા ૨૨ : સદરહુ બાબત અંગે ઘટતું પ્રમાણપત્ર આપવા માટે યુનિવર્સિટીના એસ્ટેટ વિભાગને જણાવવું.

પેરા. ૨૩ : સદરહુ બાબત અંગે જરૂરી વિગતો આપીને સમાજવિદ્યા ભવનને જરૂરી કરવા માટે ઘટતી સૂચના આપવી.

પરિશિષ્ટ "ગ"
ઠરાવઠરાવ ક્રમાંક ૩૦

Rules regarding the exchange of teachers amongst the Central Universities

1. Arrangements may be made by the University to invite welknown teachers and experts from other Universities for short periods not exceeding six months.
2. The teachers will draw their salaries from their own University.
3. T.A. including incidentals will be paid by the University where the teacher is employed in accordance with the rules of the University, provided that only First Class rail travel would be permissible.
4. The host University would provide free furnished single accommodation for the teachers.
5. Daily allowance at the uniform rate of Rs. 15/– will be paid by the host University to the teachers for the duration of their stay.
6. The teachers would pay for their boarding.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ–૯

G.U.P. 1464-350-3-66

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની સને ૧૯૬૬ના ફેબ્રુઆરી માસની સભા શનિવાર, તા. ૨૬-૨-૧૯૬૬ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે મળી હતી અને રવિવાર, તા. ૨૭-૨-૧૯૬૬ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે ચાલુ રહી હતી. પ્રમુખસ્થાન, બન્ને દિવસોએ, ઉપકુલપતિ શ્રી. લાલભાઈ ૨. દેસાઈએ લીધું હતું. બન્ને દિવસોએ હાજરી નીચે પ્રમાણે હતી :

	તા. ૨૬-૨-૧૯૬૬	૨૭-૨-૧૯૬૬
૧. શ્રી. લાલભાઈ ૨. દેસાઈ, ઉપકુલપતિ	હાજર	હાજર
૨. શ્રી. વી. એચ. ભણોત (શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય)	હાજર	ગેરહાજર
૩. શ્રી. ભગનભાઈ પ્ર. દેસાઈ	હાજર	હાજર
૪. શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	ગેરહાજર	ગેરહાજર
૫. શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી	હાજર	હાજર
૬. શ્રી. ઇન્દ્રવદન માણેકલાલ નાણાવટી	ગેરહાજર	ગેરહાજર
૭. ડૉ. વાસુદેવ નટવરલાલ ત્રિપાઠી	હાજર	ગેરહાજર
૮. ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ	હાજર	હાજર
૯. શ્રી. ઘનશ્યામલાલ છોટાલાલ ઓઝા	ગેરહાજર	ગેરહાજર
૧૦. શ્રી. ઠાકોરભાઈ મણિભાઈ દેસાઈ	હાજર	ગેરહાજર
૧૧. શ્રી. બટુભાઈ હરિભાઈ દેસાઈ	ગેરહાજર	ગેરહાજર
૧૨. ડૉ. અશ્વિનકુમાર માધવલાલ ત્રિવેદી	હાજર	હાજર
૧૩. શ્રી. મણિશંકર પ્રભાશંકર પંડ્યા	હાજર	હાજર
૧૪. પ્રો. બી. આર. શિનોય	હાજર	હાજર
૧૫. આચાર્ય ચિમનભાઈ જીવાભાઈ પટેલ	હાજર	ગેરહાજર
૧૬. આચાર્ય મુકુન્દલાલ છોટાલાલ દેસાઈ	હાજર	ગેરહાજર
૧૭. આચાર્ય યશવંતરાય ગુલાબભાઈ નાયક	હાજર	ગેરહાજર
૧૮. આચાર્ય વિશ્વનાથ રામચંદ્ર રણદીવે	હાજર	હાજર.

૧. તા. ૨૯/૩૦-૧-૧૯૬૬ના રોજ મળેલી સિન્ડિકેટની સભાના કામકાજની નોંધને મંજૂરી આપવા બાબત.

તા. ૨૯/૩૦-૧-૧૯૬૬ના રોજ મળેલ સિન્ડિકેટની સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

૨. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૫ મુજબ ગુજરાત ઇન્સ્ટિટ્યૂટ ઑફ સિવિલ એન્જિનિયર્સ ઍન્ડ આર્કિટેક્ટ્સ, અમદાવાદને ઇજનેરી વિદ્યાશાખા હેઠળ સ્ટ્રક્ચરલ એન્જિનિયરિંગનો અનુસ્નાતક અભ્યાસક્રમ શીખવવા માટે અનુસ્નાતક સંસ્થા તરીકે માન્યતા આપવા આવેલી અરજી પર વિચારણા કરવા બાબત.

સદરહુ અરજી પર, ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૫(૪) પ્રમાણે, વિચારણા કરવી નહિ.

૩. એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદને જૂન ૧૯૬૬થી બી.એ.(પ્રિન્સિ.)માં સમાજ-શાસ્ત્ર અને ભૂગોળના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ આપવા માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં (૧) સમાજશાસ્ત્ર, અને (૨) ભૂગોળના વિષયોમાં તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :

(૧) આગામી શૈક્ષણિક વર્ષના આરંભથી સમાજશાસ્ત્રના એક પ્રાધ્યાપક

(૨) ભૂગોળના એક પ્રાધ્યાપક

(૩) ભૂગોળના એક વ્યાખ્યાતા;

૨. ભૂગોળની પ્રયોગશાળા માટે રૂા. ૨,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૩. કૉલેજના ગ્રંથાલય માટે રૂા. ૩,૦૦૦નો વાર્ષિક આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. ઓછામાં ઓછા પચીસ (૨૫) વિદ્યાર્થીઓ રહી શકે તેવું છાત્રાલય ન હોય તો તે માટે જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૪. સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદને જૂન ૧૯૬૬થી બી.એ.(પ્રિન્સિ.)માં હિંદી, સમાજશાસ્ત્ર અને મનોવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા બી.એ.(સબો.)માં અંગ્રેજીનું વધારાનું જોડાણ આપવા માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદ, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં મનોવિજ્ઞાન, હિન્દી અને સમાજશાસ્ત્રનું તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ.(સંયો.)માં અંગ્રેજીનું તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. અંગ્રેજીના તથા મનોવિજ્ઞાનના એક એક વધારાના વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે;

૨. અંગ્રેજીના વિષયનાં પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. મનોવિજ્ઞાનની પ્રયોગશાળા માટે જુદો ખંડ તથા ફર્નિચર વગેરેની જોગવાઈ કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૫. શ્રી હરિવલ્લભ કાળિદાસ આર્ટ્સ કૉલેજ, અમદાવાદને જૂન ૧૯૬૬થી પત્રકારિત્વના ડિપ્લોમા માટે બંને વર્ષ, નાટ્યના ડિપ્લોમા અને બી.એ.(પ્રિન્સિ.)માં સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ આપવા માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ.(રૂપે.)માં સમાજશાસ્ત્ર તથા પત્રકારિત્વ અને નાટ્યવિદ્યાના ડિપ્લોમાના અભ્યાસક્રમો માટે કાયમી જોડાણ; અને બી.એ. (ગોપ્ય)માં ગણિતના વિષયમાં તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધી વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને, તથા સેનેટને ભલામણ કરવી :

(૧) કૉલેજના પુસ્તકાલયમાં પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

(૨) ઓછામાં ઓછા પચીસ (૨૫) વિદ્યાર્થીઓ રહી શકે તેવું છાત્રાલય ન હોય તો તે માટે જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૬. શ્રી સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદને જૂન ૧૯૬૬થી બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, સંસ્કૃત, અંગ્રેજી, હિન્દી, મનોવિજ્ઞાન, અર્થશાસ્ત્ર, ઇતિહાસ અને તત્ત્વજ્ઞાન; તથા બી.એ.(સર્વો.)માં ફારસી, ઉર્દૂ, રાજ્યનીતિશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર અને સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ આપવા માટેની અરજી.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ.(સ્પે.)માં અંગ્રેજી, ગુજરાતી, સંસ્કૃત, હિન્દી, મનોવિજ્ઞાન, અર્થશાસ્ત્ર, ઇતિહાસ અને તત્ત્વજ્ઞાન; તથા બી.એ.(જન.)માં ફારસી, ઉર્દૂ, રાજ્યનીતિશાસ્ત્ર, ગણિત, આંકડાશાસ્ત્ર અને સમાજશાસ્ત્રના વિષયોમાં તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :

(૧) તત્ત્વજ્ઞાન માટે એક પ્રાધ્યાપક

(૨) ઉર્દૂ માટેના એક વ્યાખ્યાતા

(૩) સંસ્કૃત તથા હિન્દી માટે અલગ અલગ પૂરા સમયના વ્યાખ્યાતાઓ;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૭,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, એકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૭. સરસપુર આર્ટ્સ કૉલેજ, અમદાવાદને જૂન ૧૯૬૬થી પ્રથમ વર્ષ બી.એ. સુધીના અભ્યાસક્રમો માટે ચાલુ જોડાણ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન; તથા બી.એ.(સર્વો.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, હિંદી, સંસ્કૃત, અર્ધમાગધી, રાજ્યશાસ્ત્ર, સમાજશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા માટેની અરજી.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, સરસપુર આર્ટ્સ કૉલેજ, અમદાવાદ, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને એફ.વાય.બી.એ. સુધીનું તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું ચાલુ જોડાણ; તથા તેને બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, મનોવિજ્ઞાન અને અર્થશાસ્ત્ર; તથા બી.એ.(સર્વો.)માં હિન્દી, સંસ્કૃત, અર્ધમાગધી, રાજ્યનીતિશાસ્ત્ર, સમાજશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રના વિષયોમાં તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું બધારાનું

જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચેની વધારાની નિમણૂકો કરવામાં આવે :

(૧) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક

(૨) મનોવિજ્ઞાનના એક પ્રાધ્યાપક

(૩) ગુજરાતીના એક પ્રાધ્યાપક

(૪) સંસ્કૃતના એક વ્યાખ્યાતા

(૫) મનોવિજ્ઞાનના બે વ્યાખ્યાતા (જેમાંથી એક મનોવિજ્ઞાનના પ્રયોગો લઈ શકે તેવા હોવા જોઈએ.)

(૬) સ્ટેટિસ્ટિક્સના એક વ્યાખ્યાતા

(૭) રાજ્યનીતિશાસ્ત્રના એક વ્યાખ્યાતા

(૮) સમાજશાસ્ત્રના એક વ્યાખ્યાતા

(૯) અંગ્રેજીના એક વ્યાખ્યાતા

(૧૦) હિન્દીના એક વ્યાખ્યાતા

(૧૧) અર્ધમાગધીના એક વ્યાખ્યાતા;

૨. અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન અને ગુજરાતી સ્પેશિયલ વિષયો તરીકે શીખવવા માટે પુસ્તકાલયમાં તે પ્રત્યેક વિષયના રૂા. ૨,૦૦૦ તથા ગૌણ વિષયો હિંદી, સંસ્કૃત, અર્ધમાગધી, રાજ્યનીતિ-શાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર — એ પ્રત્યેક વિષય માટે રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩૦૦૦(ત્રણ હજાર)નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. કૉલેજના અત્યારના મકાનમાંથી બાલમંદિર તાત્કાલિક ખસેડવું જોઈએ અને જૂન ૧૯૬૮ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર થશે તેની બાંયધરી આપવામાં આવે;

૫. મનોવિજ્ઞાનનો સ્પેશિયલ વિષય શીખવવા માટે મનોવિજ્ઞાનની પ્રયોગશાળા તા. ૧૫મી જૂન ૧૯૬૬ સુધીમાં પ્રયોગોનાં સાધનોથી સજ્જ થવી જોઈએ;

૬. ઓછામાં ઓછા પચીસ (૨૫) વિદ્યાર્થીઓ રહી શકે તેવું છાત્રાલય ન હોય તો તે માટે જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૮. ગાંધીધામ આર્ટ્સ કૉલેજ, આદિપુરને જૂન ૧૯૬૬થી બી.એ.(પ્રિન્સિ.)માં તત્ત્વજ્ઞાન અને હિન્દી, તથા બી.એ.(સબો.)માં ઇતિહાસ, અંગ્રેજી, અર્થશાસ્ત્ર અને ગુજરાતીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ આપવા માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, ગાંધીધામ આર્ટ્સ કૉલેજ, આદિપુર, નીચેની શરતનું પાલન, તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ.(પ્રિન્સ.)માં તત્ત્વજ્ઞાન અને હિન્દી; તથા બી.એ.(સમો.)માં ઇતિહાસ, અંગ્રેજી અને ગુજરાતીના વિષયો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

પુસ્તકો તથા સામયિકો માટે રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૬. માતુશ્રી વીરબાઈમા મહિલા કૉલેજ, રાજકોટને જૂન ૧૯૬૬થી બી.એ.(પ્રિન્સ.)માં સંસ્કૃત, તત્ત્વજ્ઞાન, સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, ગુજરાતી, અંગ્રેજી, ઇતિહાસ, પ્રાચીન ભારતીય સંસ્કૃતિ; તથા બી.એ.(સમો.)માં હિન્દી અને મનોવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ આપવા માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, માતુશ્રી વીરબાઈમા મહિલા કૉલેજ, રાજકોટ, નીચેની શરતોનું પાલન, તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ.(પ્રિન્સ.)માં સંસ્કૃત, તત્ત્વજ્ઞાન, સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, ગુજરાતી, અંગ્રેજી, પ્રાચીન ભારતીય સંસ્કૃતિ; તથા બી.એ.(સમો.)માં હિન્દી, મનોવિજ્ઞાન, ઇતિહાસ તથા ભૂગોળના વિષયો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ.(પ્રિન્સ.)માં ઇતિહાસનું તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :
   (૧) ઇતિહાસના વિષય માટે એક પ્રાધ્યાપક
   (૨) સમાજશાસ્ત્રના વિષયમાં પૂરા સમયના એક પ્રાધ્યાપક
   (૩) સંસ્કૃતના એક પ્રાધ્યાપક
   (૪) તત્ત્વજ્ઞાનના એક પ્રાધ્યાપક
   (૫) ગુજરાતીના એક પ્રાધ્યાપક
   (૬) અંગ્રેજીના એક પ્રાધ્યાપક
   (૭) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક
   (૮) ઇતિહાસ તથા અંગ્રેજી અને પ્રાચીન ભારતીય સંસ્કૃતિના વિષયોમાં વધતા કાર્યભાર અનુસાર વધારાના એક એક વ્યાખ્યાતા;

૨. ઇતિહાસનાં પુસ્તકો માટે રૂા. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. જરૂરી વધારાના ખંડોની જોગવાઈ કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૧૦. પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ કૉલેજ, અમદાવાદને જૂન ૧૯૬૬થી બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, તત્ત્વજ્ઞાન અને માનસશાસ્ત્ર; બી.એ.(સંયો.)માં સંસ્કૃત અને રાજ્યશાસ્ત્રનું ચાલુ જોડાણ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં સમાજશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, સંસ્કૃત; તથા બી.એ. (સંયો.)માં સમાજશાસ્ત્ર, હિન્દી, ઇતિહાસ અને અંગ્રેજીના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

'આથી ઠરાવવામાં આવે છે કે, પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ કૉલેજ, અમદાવાદ, નીચેની શરતોનું પાલન, તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, તત્ત્વજ્ઞાન અને મનોવિજ્ઞાન; તથા બી.એ.(સંયો.)માં સંસ્કૃત અને રાજ્યનીતિશાસ્ત્રનું ચાલુ જોડાણ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં સમાજશાસ્ત્ર, રાજ્યનીતિશાસ્ત્ર અને સંસ્કૃત; તથા બી.એ. (સંયો.)માં હિન્દી, ઇતિહાસ અને અંગ્રેજીનું વધારાનું જોડાણ તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધી આપવા માટે સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :
   (૧) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક, એક વ્યાખ્યાતા અને એક ટ્યૂટર
   (૨) રાજ્યશાસ્ત્રના એક પ્રાધ્યાપક અને એક ટ્યૂટર
   (૩) સમાજશાસ્ત્રના એક પ્રાધ્યાપક, એક વ્યાખ્યાતા અને એક ટ્યૂટર
   (૪) મનોવિજ્ઞાનના એક વ્યાખ્યાતા (જેઓ મનોવિજ્ઞાનના પ્રયોગો લઈ શકે તેવા હોવા જોઈએ)
   (૫) તત્ત્વજ્ઞાનના એક પ્રાધ્યાપક, એક વ્યાખ્યાતા અને એક ટ્યૂટર
   (૬) સંસ્કૃતના એક પ્રાધ્યાપક અને એક ટ્યૂટર
   (૭) ગુજરાતીના એક પ્રાધ્યાપક અને એક ટ્યૂટર
   (૮) ઇતિહાસના એક વ્યાખ્યાતા
   (૯) અંગ્રેજીના એક વ્યાખ્યાતા;
૨. ઓછામાં ઓછા પચ્ચીસ (૨૫) વિદ્યાર્થીઓ રહી શકે તેવું છાત્રાલય ન હોય તો તે માટે જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;
૩. હાલના મકાનમાં વિનયન વિભાગ માટે મધ્યમ કદના વધારાના ૧૪ ઓરડાઓ ઉમેરવામાં આવે;
૪. વિદ્યાર્થીઓ માટે અલગ ખંડની વ્યવસ્થા કરવામાં આવે;
૫. અધ્યાપકો માટે હાલ છે તેને બદલીને સુસજ્જ ખંડની વ્યવસ્થા કરવામાં આવે;
૬. વિદ્યાર્થિનીઓના હાલના ખંડને બદલે સંલગ્ન બાથરૂમ, સંડાસ ઇત્યાદિ સુવિધાવાળા ખંડની વ્યવસ્થા કરવામાં આવે;

૭. કૉલેજના વિકાસને માટે જરૂરી ભંડોળ ઊભું કરવાની તથા બોટને પહોંચી વળવાની સંચાલકો તરફથી લેખિત બાંયધરી આપવામાં આવે;

૮. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૧૧. શેઠ ટી. સી. કાપડિયા આર્ટ્સ કૉલેજ, બોડેલીને જૂન ૧૯૬૬થી ફર્સ્ટ યર બી.એ. તથા બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી; તથા બી.એ.(સબો.)માં સંસ્કૃત, હિન્દી, ઇતિહાસ, માનસશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ આપવા માટેની અરજી.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, શેઠ ટી. સી. કાપડિયા આર્ટ્સ કૉલેજ, બોડેલી, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને એફ.વાય.બી.એ.; તથા બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી; તથા બી.એ.(સબો.)માં સંસ્કૃત, હિન્દી, ઇતિહાસ અને મનોવિજ્ઞાનના વિષયો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :
(૧) અર્થશાસ્ત્રના પૂરા સમયના એક વ્યાખ્યાતા
(૨) અર્થશાસ્ત્રના અર્ધ સમયના એક વ્યાખ્યાતા
(૩) ગુજરાતીના અર્ધ સમયના એક વ્યાખ્યાતા અથવા ટ્યૂટર;

૨. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૧૨. વિદ્યામંદિર કૉલેજ ફૉર વિમેન, સુરતને જૂન ૧૯૬૬થી એફ.વાય.બી.એ.નું ચાલુ જોડાણ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં ગૃહવિજ્ઞાન, ગુજરાતી, ઇતિહાસ; તથા બી.એ.(સબો.)માં ગૃહવિજ્ઞાન, હિંદી, સંસ્કૃત, મનોવિજ્ઞાન, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર અને અંગ્રેજીના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા માટેની અરજી.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, વિદ્યામંદિર કૉલેજ ફૉર વિમેન, સુરત, નીચેની શરતોનું પાલન, તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને એફ.વાય.બી.એ. સુધીનું તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં ગૃહવિજ્ઞાન, ગુજરાતી અને ઇતિહાસ; તથા બી.એ.(સબો.)માં હિન્દી, સંસ્કૃત, મનોવિજ્ઞાન અને અર્થશાસ્ત્રના

અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :
(૧) ગૃહવિજ્ઞાનના એક પ્રાધ્યાપક
(૨) ગુજરાતીના એક પ્રાધ્યાપક
(૩) ઇતિહાસના એક પ્રાધ્યાપક
(૪) હિન્દીના એક વ્યાખ્યાતા
(૫) મનોવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૬) સંસ્કૃતના એક વ્યાખ્યાતા
(૭) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા;

૨. ગ્રંથાલય માટે વધારાના જોડાણના મુખ્ય વિષયો—ગૃહવિજ્ઞાન, ઇતિહાસ અને ગુજરાતી—એ પ્રત્યેક વિષય દીઠ રૂા. ૨,૦૦૦નો તથા ગૌણ વિષયો—હિન્દી, સંસ્કૃત, મનોવિજ્ઞાન અને અર્થશાસ્ત્ર—એ પ્રત્યેક વિષય દીઠ રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

"આથી ઠરાવવામાં આવે છે કે, શેઠ આર. એ. કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ સાયન્સ, અમદાવાદ, નીચેની શરતોનું પાલન, તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને એફ.વાય.બી.એ. તથા એફ.વાય.બી.એસસી. સુધીનું તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, મનોવિજ્ઞાન, સંસ્કૃત, અંગ્રેજી, ગણિતશાસ્ત્ર અને સમાજશાસ્ત્ર; તથા બી.એ.(સાંજ.)માં ઇતિહાસ, હિંદી, રાજ્યનીતિશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર અને ભૂગોળ; તથા બી.એસસી.(રસા.)માં રસાયણવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન અને પ્રાણીવિજ્ઞાનનું તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. વધારાના જોડાણના નીચે જણાવેલ પ્રત્યેક મુખ્ય વિષય દીઠ પ્રાધ્યાપકની તથા ગૌણ વિષય દીઠ વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે :

મુખ્ય વિષયો	ગૌણ વિષયો
(૧) અર્થશાસ્ત્ર	(૧) ઇતિહાસ
(૨) ગુજરાતી	(૨) હિન્દી
(૩) મનોવિજ્ઞાન	(૩) રાજ્યનીતિશાસ્ત્ર
(૪) સંસ્કૃત	(૪) આંકડાશાસ્ત્ર
(૫) અંગ્રેજી	(૫) ભૂગોળ
(૬) સમાજશાસ્ત્ર	(૬) ભૌતિકવિજ્ઞાન
(૭) ગણિતશાસ્ત્ર	(૭) વનસ્પતિવિજ્ઞાન
(૮) રસાયણવિજ્ઞાન	(૮) પ્રાણીવિજ્ઞાન;

૨. ગ્રંથાલય માટે વધારાના જોડાણના નીચે જણાવેલ પ્રત્યેક મુખ્ય વિષય દીઠ રૂા. ૨,૦૦૦નો તથા પ્રત્યેક ગૌણ વિષય દીઠ રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે :

મુખ્ય વિષયો	ગૌણ વિષયો
(૧) અર્થશાસ્ત્ર	(૧) ઇતિહાસ
(૨) ગુજરાતી	(૨) રાજ્યનીતિશાસ્ત્ર
(૩) મનોવિજ્ઞાન	(૩) ભૂગોળ
(૪) સંસ્કૃત	(૪) હિન્દી
(૫) અંગ્રેજી	(૫) આંકડાશાસ્ત્ર
(૬) સમાજશાસ્ત્ર	(૬) ભૌતિકવિજ્ઞાન
(૭) ગણિતશાસ્ત્ર	(૭) વનસ્પતિવિજ્ઞાન
(૮) રસાયણવિજ્ઞાન	(૮) પ્રાણીવિજ્ઞાન;

૩. પુસ્તકો અને સામયિકો માટે વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પ્રયોગશાળા સુસજ્જ કરવા માટે નીચે જણાવેલ ખર્ચ કરવામાં આવે :

રસાયણવિજ્ઞાન	...	રૂા. ૪૦,૦૦૦
ભૌતિકવિજ્ઞાન	...	રૂા. ૧૫,૦૦૦
વનસ્પતિવિજ્ઞાન	...	રૂા. ૧૫,૦૦૦
પ્રાણીવિજ્ઞાન	...	રૂા. ૧૫,૦૦૦;

૫. ઓછામાં ઓછા પચીસ (૨૫) વિદ્યાર્થીઓ રહી શકે તેવું છાત્રાલય ન હોય તો તે માટે જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત યોગ્ય રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૪૧. એસ. બી. ગાર્ડા આર્ટ્સ કૉલેજ એન્ડ પી. કે. પટેલ કૉલેજ ઑફ કૉમર્સ, નવસારીને જૂન ૧૯૬૬થી બી.એ.(સબ્સે.)માં સમાજશાસ્ત્રનું તથા ફર્સ્ટ ઇયર બી.કૉમ. સુધીનું ચાલુ જોડાણ; બી.એ.(પ્રિન્સિ.)માં ઇતિહાસ; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગ, આંકડાશાસ્ત્ર તથા બૅંકિંગના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, એસ. બી. ગાર્ડા આર્ટ્સ કૉલેજ અને પી. કે. પટેલ કૉલેજ ઑફ કૉમર્સ, નવસારી, નીચેની શરતોનું પાલન, તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજી, સંસ્કૃત, ગુજરાતી, અર્થશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન (મનોવિજ્ઞાન સહિત) અને ગણિતશાસ્ત્ર; તથા બી.એ. (સબ્સે.)માં ફારસી, અવેસ્તા-પહ્લવી અને ઇતિહાસનું તા. ૧૫-૬-૧૯૬૬થી કાયમી જોડાણ ફર્સ્ટ ઇયર બી.કૉમ. સુધી; તથા બી.એ. (પ્રિન્સિ.)માં ઇતિહાસ; તથા બી.એ. (સબ્સે.)માં સમાજશાસ્ત્રનું તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૩-૬-૧૯૬૮ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટન્સી એન્ડ ઑડિટિંગ, આંકડાશાસ્ત્ર તથા બૅંકિંગનું તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :

(૧) એડવાન્સ્ડ એકાઉન્ટન્સી એન્ડ ઑડિટિંગના એક પ્રાધ્યાપક
(૨) આંકડાશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૩) બૅન્કિંગના એક પ્રાધ્યાપક
(૪) કૉમર્સના એક પ્રાધ્યાપક
(૫) મર્કન્ટાઇલ લૉના એક પ્રાધ્યાપક
(૬) કૉમર્સના એક વ્યાખ્યાતા (જે બૅંકિંગ શીખવી શકે)
(૭) ઇતિહાસના એક વ્યાખ્યાતા
(૮) ગુજરાતીના એક વ્યાખ્યાતા
(૯) અંગ્રેજીના એક ટ્યૂટર;

૨. ગ્રંથાલય માટે વધારાના જોડાણના નીચે જણાવેલ પ્રત્યેક મુખ્ય વિષય દીઠ રૂા. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે:
(૧) એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગ
(૨) આંકડાશાસ્ત્ર
(૩) બૅંકિંગ;

૩. પુસ્તકો તથા સામયિકો માટે વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. કૉમર્સ વિભાગ માટે વધારાના જરૂરી ખંડો બાંધવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૪૨. શાહ એન. એચ. કૉમર્સ કૉલેજ એન્ડ એન. કે. એમ. આર્ટ્સ કૉલેજ, વલસાડને જૂન ૧૯૬૬થી બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર તથા ગુજરાતી; બી.એ.(સંયો.)માં સંસ્કૃત, મનોવિજ્ઞાન, હિંદી; તથા ફર્સ્ટ ઇયર બી.કૉમ.નું ચાલુ જોડાણ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં મનોવિજ્ઞાન; અને બી.એ.(સંયો.)માં રાજ્યનીતિશાસ્ત્ર; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગ તથા બૅંકિંગના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા માટેની અરજી.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, શાહ એન. એચ. કૉમર્સ કૉલેજ એન્ડ એન. કે. એમ. આર્ટ્સ કૉલેજ, વલસાડ, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ ઇયર બી.કૉમ. સુધીનું તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી; તથા બી.એ. (સંયો.)માં સંસ્કૃત, હિંદી અને મનોવિજ્ઞાનનું તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં મનોવિજ્ઞાન; તથા બી.એ.(સંયો.)માં રાજ્યનીતિશાસ્ત્ર; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગ તથા બૅંકિંગનું તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે:
(૧) મનોવિજ્ઞાનના એક પ્રાધ્યાપક
(૨) એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના એક પ્રાધ્યાપક
(૩) બૅંકિંગના એક પ્રાધ્યાપક
(૪) કૉમર્સના એક પ્રાધ્યાપક
(૫) મર્કન્ટાઇલ લૉના એક પ્રાધ્યાપક
(૬) રાજ્યનીતિશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૭) મનોવિજ્ઞાનના એક ટ્યૂટર;

૨. ગ્રંથાલય માટે નીચે મુજબ અનાવર્તક ખર્ચ કરવામાં આવે :
(૧) મનોવિજ્ઞાન માટે રૂા. ૨,૦૦૦
(૨) એડવાન્સ્ડ એકાઉન્ટન્સી એન્ડ ઑડિટિંગ માટે રૂા. ૨,૦૦૦
(૩) બૅન્કિંગ માટે રૂા. ૨,૦૦૦
(૪) રાજ્યનીતિશાસ્ત્ર માટે રૂા. ૧,૦૦૦;

૩. પુસ્તકો અને સામયિકો માટે વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૪૩. કે. એચ. ભાંધવાણી નવયુગ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, પોરબંદરને જૂન ૧૯૬૬થી બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર તથા ગુજરાતી; બી.એ. (સબો.)માં અંગ્રેજી, સંસ્કૃત, આંકડાશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, મનોવિજ્ઞાન તથા સમાજશાસ્ત્ર; બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ આપવા માટેની અરજી.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, કે. એચ. ભાંધવાણી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, પોરબંદર, નીચેની શરતનું પાલન તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર તથા ગુજરાતી; તથા બી.એ.(સબો.)માં અંગ્રેજી, સંસ્કૃત, આંકડાશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, મનોવિજ્ઞાન, સમાજશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન અને ફારસી; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

પુસ્તકો અને સામયિકો માટે વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૪૪. સિટી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદનું જૂન ૧૯૬૬થી (૧) ધી સિટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ, તથા (૨) ધી સિટી કૉમર્સ કૉલેજ, અમદાવાદ, એમ વિભાગીકરણ કરવા; તથા (૧) ધી સિટી આર્ટ્સ કૉલેજને બી.એ(પ્રિન્સિ.)માં હિંદી, સંસ્કૃત, ગુજરાતી, અર્થશાસ્ત્ર તથા મનોવિજ્ઞાન; બી.એ.(સબો.)માં ઇતિહાસ, રાજ્યશાસ્ત્ર તથા આંકડાશાસ્ત્ર; તથા (૨) ધી સિટી કૉમર્સ કૉલેજને બી.કૉમ.માં બૅન્કિંગ તથા એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ આપવા માટેની અરજી.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, સિટી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેનું જૂન ૧૯૬૬થી (૧) ધી

સિટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ, તથા (૨) ધી સિટી કૉમર્સ કૉલેજ, અમદાવાદ — એમ વિભાગીકરણ કરવા, તથા (૧) ધી સિટી આર્ટ્સ કૉલેજને બી.એ.(પ્રિન્સિ.)માં હિન્દી, સંસ્કૃત, ગુજરાતી, અર્થશાસ્ત્ર અને મનોવિજ્ઞાન; તથા બી.એ.(સમે.)માં ઇતિહાસ, રાજ્યશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર, તથા (૧) ધી સિટી કૉમર્સ કૉલેજને બી.કૉમ.માં બૅંકિંગ તથા એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

સિટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ માટે

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :
(૧) આચાર્ય
(૨) અંગ્રેજીના બે વ્યાખ્યાતા અને એક ટ્યૂટર
(૩) સંસ્કૃતના એક પ્રાધ્યાપક, એક વ્યાખ્યાતા અને એક ટ્યૂટર
(૪) ગુજરાતીના એક પ્રાધ્યાપક અને બે વ્યાખ્યાતા
(૫) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક, બે વ્યાખ્યાતા અને એક ટ્યૂટર
(૬) હિન્દીના એક પ્રાધ્યાપક, એક વ્યાખ્યાતા અને એક ટ્યૂટર
(૭) મનોવિજ્ઞાનના એક પ્રાધ્યાપક અને એક વ્યાખ્યાતા
(૮) ઇતિહાસના એક વ્યાખ્યાતા અને એક ટ્યૂટર
(૯) રાજ્યનીતિશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૧૦) આંકડાશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૧૧) એક વ્યાયામ શિક્ષક;

૨. કૉલેજ માટે નીચેની સગવડવાળા મકાનની વ્યવસ્થા કરવામાં આવે :
(૧) આચાર્યનો ખંડ
(૨) કાર્યાલય માટેનો ખંડ
(૩) શિક્ષકો માટેનો ખંડ
(૪) ગ્રંથાલય માટેનો ખંડ
(૫) વિદ્યાર્થીઓ માટેનો ખંડ
(૬) વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ
(૭) જરૂરી વર્ગ-ખંડો (ટ્યુટોરિયલ વર્ગો સાથે);

૩. વિનયન વિદ્યાશાખાનાં હાલનાં પુસ્તકો ઉપરાંત રૂા. ૬,૦૦૦નાં પુસ્તકો ઉમેરવામાં આવે;

૪. ગ્રંથાલય માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. ઓછામાં ઓછા ૨૫ વિદ્યાર્થીઓ રહી શકે તેવું છાત્રાલય ન હોય તો તે માટે જોગવાઈ કરવા તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે.

સિટી કૉમર્સ કૉલેજ, અમદાવાદ માટે

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :
(૧) આચાર્ય
(૨) કૉમર્સના એક પ્રાધ્યાપક અને બે વ્યાખ્યાતા

(૩) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક અને એક ટ્યૂટર
(૪) બૅન્કિંગના એક પ્રાધ્યાપક
(૫) એકાઉન્ટિંગના એક પ્રાધ્યાપક તથા એક વ્યાખ્યાતા
(૬) મર્કન્ટાઇલ લૉના એક પ્રાધ્યાપક
(૭) આંકડાશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૮) ગુજરાતીના એક વ્યાખ્યાતા
(૯) હિંદીના એક વ્યાખ્યાતા
(૧૦) અંગ્રેજીના એક વ્યાખ્યાતા અને એક ટ્યૂટર
(૧૧) એક વ્યાયામ શિક્ષક;

૨. કૉલેજ માટે નીચેની સગવડવાળા મકાનની વ્યવસ્થા કરવામાં આવે :
(૧) આચાર્યનો ખંડ
(૨) કાર્યાલય માટેનો ખંડ
(૩) શિક્ષકો માટેનો ખંડ
(૪) ગ્રંથાલય માટેનો ખંડ
(૫) વિદ્યાર્થીઓ માટેનો ખંડ
(૬) વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ
(૭) જરૂરી વર્ગખંડો (ટ્યુટોરિયલના ખંડો સાથે);

૩. કૉમર્સ વિદ્યાશાખાનાં હાલનાં પુસ્તકો ઉપરાંત રૂા. ૬,૦૦૦નાં પુસ્તકો ઉમેરવામાં આવે;

૪. ગ્રંથાલય માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. ઓછામાં ઓછા ૨૫ વિદ્યાર્થીઓ રહી શકે તેવું છાત્રાલય ન હોય તો તે માટે જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૪૫. શ્રી. સોમનાથ કૉલેજ, વેરાવળને જૂન ૧૯૬૬થી બી.એ.(પ્રિન્સિ.)માં સંસ્કૃત, તત્ત્વજ્ઞાન, અર્થશાસ્ત્ર તથા ગુજરાતી; બી.એ.(સબો.)માં હિંદી, ઇતિહાસ, અંગ્રેજી તથા સમાજશાસ્ત્રના વિષયોમાં ચાલુ જોડાણ; તથા બી.કૉમ.માં એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ આપવા માટેની અરજી.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. સોમનાથ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, વેરાવળ, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં સંસ્કૃત, તત્ત્વજ્ઞાન, અર્થશાસ્ત્ર, ગુજરાતી; તથા બી.એ. (સબો.)માં ઇતિહાસ, મનોવિજ્ઞાન, હિન્દી અને સમાજશાસ્ત્ર; તથા બી.કૉમ.માં એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ, બૅંકિંગ અને કૉ-ઑપરેશનના અભ્યાસ-

ક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :
(૧) ગુજરાતીના પ્રાધ્યાપક
(૨) બૅંકિંગના પ્રાધ્યાપક
(૩) કો-ઑપરેશનના પ્રાધ્યાપક
(૪) ઇતિહાસના એક વ્યાખ્યાતા;

૨. આગાઉનાં વર્ષોમાં પુસ્તકોની ખરીદીની ઊણપ પૂરી કરવા માટે નીચે જણાવ્યા પ્રમાણેનાં પુસ્તકો ખરીદવામાં આવે :
(૧) ગુજરાતી માટે રૂા. ૨,૦૦૦
(૨) બૅંકિંગ માટે રૂા. ૨,૦૦૦
(૩) કો-ઑપરેશન માટે રૂા. ૨,૦૦૦
(૪) કૉમર્સ માટે રૂા. ૨,૦૦૦;

૩. પુસ્તકો અને સામયિકો માટે વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. આચાર્યશ્રી તથા ગૃહપતિ માટે કૉલેજ નજીક અલાયદા ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૪૬. શ્રી. રજની પારેખ આર્ટ્સ ઍન્ડ શ્રી. કેશવલાલ બુલાખીદાસ કૉમર્સ કૉલેજ, ખંભાતને જૂન ૧૯૬૬થી બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ તથા થિયરી ઍન્ડ પ્રૅક્ટિસ ઑફ ઇકૉનોમિક ડેવેલપમેન્ટના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ આપવા માટેની અરજી.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. રજની પારેખ આર્ટ્સ ઍન્ડ શ્રી. કે. બી. કૉમર્સ કૉલેજ, ખંભાત, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગનું તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
(૧) ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગના પ્રાધ્યાપક
(૨) વાણિજ્યના એક પ્રાધ્યાપક
(૩) મર્કન્ટાઇલ લૉના એક પ્રાધ્યાપક
(૪) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૫) અંગ્રેજીના એક વ્યાખ્યાતા;

૨. પુસ્તકો અને સામયિકો માટે વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે.''

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૪૭. સૈફી જ્યુબિલી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, સિદ્ધપુરને જૂન ૧૯૬૬થી બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર; બી.એ.(સબ્સે.)માં સમાજશાસ્ત્ર; બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ; તથા બી.એ.(સબ્સે.)માં અંગ્રેજીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ આપવા માટેની અરજી.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, સૈફી જ્યુબિલી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, સિદ્ધપુર, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર; બી.એ. (સબ્સે.)માં સમાજશાસ્ત્ર; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના વિષયો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણેની નિમણૂકો કરવામાં આવે :

(૧) અર્થશાસ્ત્રના પૂરા સમયના એક પ્રાધ્યાપક
(૨) અર્થશાસ્ત્રના બે ટ્યૂટરોને બદલે બે વ્યાખ્યાતા;

૩. અગાઉનાં વર્ષોમાં પુસ્તકોની ખરીદીની ઊણપ પૂરી કરવા માટે બન્ને વિદ્યાશાખાના મળીને કુલ રૂા. ૫,૦૦૦નાં પુસ્તકો ખરીદવામાં આવે;

૪. પુસ્તકો તથા સામયિકો માટે વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૪૮. ઉપલેટા મ્યુનિસિપલ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ઉપલેટાને જૂન ૧૯૬૬થી બી.એ.(સબ્સે.)માં મનોવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ આપવા માટેની અરજી.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઉપલેટા મ્યુનિસિપલ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ઉપલેટા, નીચેની શરતોનું પાલન, તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ.(સબ્સે.)માં મનોવિજ્ઞાનના વિષયો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધીનું ચાલુ જોડાણ આપવા

સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. માનસશાસ્ત્રમાં લાયકાત ધરાવતા વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે;
૨. પુસ્તકો અને સામયિકો માટે વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૪૯. નવગુજરાત આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદનું જૂન ૧૯૬૬ થી (૧) નવગુજરાત આર્ટ્સ કૉલેજ, અમદાવાદ, તથા (૨) નવગુજરાત કૉમર્સ કૉલેજ, અમદાવાદ, એમ વિભાગીકરણ કરવા, તથા (૧) નવગુજરાત આર્ટ્સ કૉલેજને બી.એ.(પ્રિન્સિ.)માં મનોવિજ્ઞાન, ગુજરાતી, અંગ્રેજી તથા અર્થશાસ્ત્ર; બી.એ.(સબો.)માં આંકડાશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, ઇતિહાસ, રાજ્યનીતિશાસ્ત્ર; તથા (૨) નવગુજરાત કૉમર્સ કૉલેજને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગનું ચાલુ જોડાણ; તથા બી.કૉમ.ના અભ્યાસક્રમો શીખવવા માટે આંકડાશાસ્ત્રનું વધારાનું જોડાણ આપવા માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"સદરહુ સંસ્થાએ તા. ૧૭-૮-૧૯૬૫ના રોજ કરેલ અરજીના સંદર્ભમાં વિચારણા કરીને ઠરાવવામાં આવે છે કે, વિદ્યાભવન ટ્રસ્ટ, અમદાવાદ, નીચેની શરતોનું પાલન, તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને હાલનું નવગુજરાત આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજનું જૂન ૧૯૬૬થી (૧) નવગુજરાત આર્ટ્સ કૉલેજ, અમદાવાદ, (૨) નવગુજરાત કૉમર્સ કૉલેજ, અમદાવાદ, એમ વિભાગીકરણ કરવા તથા મજકૂર ટ્રસ્ટ તરફથી શરૂ કરાનાર કાયદાની વિદ્યાશાખાની નવી કૉલેજને બદલે તેનું કૉમર્સ વિદ્યાશાખા સાથે સંયોજન કરી નવી નવગુજરાત કૉમર્સ એન્ડ લૉ કૉલેજ ચાલુ કરવા, તથા (૧) નવગુજરાત આર્ટ્સ કૉલેજને બી.એ.(પ્રિન્સિ.)માં મનોવિજ્ઞાન, ગુજરાતી તથા અર્થશાસ્ત્ર; બી.એ.(સબો.)માં આંકડાશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, ઇતિહાસ, રાજ્યનીતિશાસ્ત્રનું તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં અંગ્રેજીનું તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું વધારાનું જોડાણ; તથા (૨) નવગુજરાત કૉમર્સ એન્ડ લૉ કૉલેજને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના વિષયો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૬-થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.કૉમ.માં આંકડાશાસ્ત્ર વિષય શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું વધારાનું જોડાણ; તથા દ્વિતીય એલએલ.બી. સુધીના વર્ગો માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

નવગુજરાત આર્ટ્સ કૉલેજ માટે

૧. હાલના આર્ટ્સ વિભાગના સ્ટાફ ઉપરાંત, નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
(૧) આચાર્ય
(૨) અંગ્રેજીના એક પ્રાધ્યાપક

(૩) અંગ્રેજીના એક ટચૂટર
(૪) એક વ્યાયામ શિક્ષક;

૨. કૉલેજના મકાનમાં નીચે પ્રમાણે વ્યવસ્થા કરવામાં આવે :
(૧) આચાર્યનો ખંડ
(૨) કાર્યાલય માટેનો ખંડ
(૩) શિક્ષકોનો ખંડ
(૪) વિદ્યાર્થીઓનો ખંડ
(૫) વિદ્યાર્થિનીઓનો ખંડ
(૬) ગ્રંથાલય માટેનો ખંડ
(૭) જરૂરી વર્ગ-ખંડો (ટચટોરિયલ વર્ગો સહિત);

૩. ગ્રંથાલય માટે અંગ્રેજીના વિષય માટે રૂા. ૨,૦૦૦, તથા સમગ્ર કૉલેજ માટે વધારાના રૂા. ૩,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;
૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;
૫. આચાર્યને કૉલેજ નજીક ભાડામુક્ત રહેઠાણ આપવામાં આવે;
૬. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપકમંડળના સભ્ય બનાવવામાં આવે;
૭. રમતગમતના મેદાન માટે યોગ્ય પ્રબંધ કરવામાં આવે;
૮. ઓછામાં ઓછા પચીસ (૨૫) વિદ્યાર્થીઓ રહી શકે તેવું છાત્રાલય ન હોય તો તે માટે બ્લેગવાર્ડ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે.

નવગુજરાત કૉમર્સ એન્ડ લૉ કૉલેજ માટે

૧. હાલમાં કૉમર્સ વિભાગ માટે છે તે ઉપરાંત વધારામાં નીચેની નિમણૂકો કરવામાં આવે :
(૧) આચાર્ય
(૨) કૉમર્સના એક પ્રાધ્યાપક
(૩) આંકડાશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૪) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૫) કાયદાના બે પૂરા સમયના પ્રાધ્યાપકો
(૬) કાયદાના બે ખંડ સમયના વ્યાખ્યાતા
(૭) આંકડાશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૮) અંગ્રેજીના એક ટચૂટર
(૯) હિંદીના એક વ્યાખ્યાતા (એક વ્યાખ્યાતા હાલમાં છે તે ઉપરાંત)
(૧૦) ગુજરાતીના એક વ્યાખ્યાતા (એક વ્યાખ્યાતા હાલમાં છે તે ઉપરાંત)
(૧૧) એક વ્યાયામ શિક્ષક;

૨. કૉલેજ માટે નીચેની સગવડવાળું મકાન તૈયાર કરવામાં આવે :
(૧) આચાર્યનો ખંડ
(૨) કાર્યાલય માટેનો ખંડ
(૩) શિક્ષકો માટેનો ખંડ

(૪) ગ્રંથાલય માટેનો ખંડ
(૫) વિદ્યાર્થીઓ માટેનો ખંડ
(૬) વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ
(૭) જરૂરી વર્ગખંડો (ટ્યુટોરિયલ વર્ગો સહિત);

૩. ગ્રંથાલય માટે નીચે પ્રમાણે અનાવર્તક ખર્ચ કરવામાં આવે :
(૧) કાયદાનાં પુસ્તકો માટે —
રૂા. ૫,૦૦૦ ... પુસ્તકો
રૂા. ૧,૦૦૦ ... સંદર્ભગ્રંથો
રૂા. ૧,૦૦૦ ... સામયિકો;
(૨) વાણિજ્યની વિદ્યાશાખાના જુદા જુદા વિષયો માટે રૂા. ૩,૦૦૦;
(૩) આંકડાશાસ્ત્રના વિષયો માટે રૂા. ૨,૦૦૦;
(૪) એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ માટે —
રૂા. ૨,૦૦૦ પુસ્તકો
રૂા. ૧,૦૦૦ સામયિકો;

૪. પુસ્તકો તથા સામયિકો માટે વાણિજ્યની વિદ્યાશાખા માટે રૂા. ૩,૦૦૦નો તથા કાયદાની વિદ્યાશાખા માટે રૂા. ૨,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. ઓછામાં ઓછા પચીસ (૨૫) વિદ્યાર્થીઓ રહી શકે તેવું છાત્રાલય ન હોય તો તે માટે જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૬. આચાર્યને કૉલેજ નજીક ભાડામુક્ત મકાન આપવામાં આવે;

૭. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૮. રમતગમતના મેદાન માટે પ્રબંધ કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૫૦. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ધોળકાને જૂન ૧૯૬૬થી ફર્સ્ટ યર બી.એ. તથા ફર્સ્ટ યર બી.કૉમ.; બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર તથા ગુજરાતી; બી.એ.(સબો.)માં અંગ્રેજી, સંસ્કૃત, મનોવિજ્ઞાન, ઇતિહાસ, હિંદી; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગનું ચાલુ જોડાણ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં હિંદીના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ધોળકા, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ યર બી.એ. તથા

ફર્સ્ટ ઇયર બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે; તથા બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર અને ગુજરાતી; બી.એ. (સબો.)માં અંગ્રેજી, સંસ્કૃત, મનોવિજ્ઞાન, ઇતિહાસ, હિન્દી; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના વિષયો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :

(૧) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક

(૨) વાણિજ્યના એક પ્રાધ્યાપક

(૩) મર્કન્ટાઇલ લૉના એક પ્રાધ્યાપક

(૪) અંગ્રેજીના એક વ્યાખ્યાતા

(૫) ગુજરાતીના એક વ્યાખ્યાતા;

૨. પુસ્તકો અને સામયિકો માટે વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. કૉલેજના મકાનમાં વધારાના ચાર વર્ગખંડો માટે વ્યવસ્થા કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૫૧. સી. એન. આર્ટ્સ ઍન્ડ બી. ડી. કૉમર્સ કૉલેજ, કડીને જૂન ૧૯૬૬થી બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી; અને બી.એ.(સબો.)માં મનોવિજ્ઞાન; અને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ આપવા માટેની અરજી તથા તે પર સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, સી. એન. આર્ટ્સ ઍન્ડ બી. ડી. કૉમર્સ કૉલેજ, કડી, નીચેની શરતોનું પાલન, તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી; અને બી.એ. (સબો.)માં મનોવિજ્ઞાન અને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના વિષયો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. ગુજરાતીના એક પ્રાધ્યાપક નીમવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૫૨. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ધંધુકાને જૂન ૧૯૬૬થી ફર્સ્ટ યર બી.એ.; તથા ફર્સ્ટ બી.કૉમ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, મનોવિજ્ઞાન; તથા બી.એ. (સબો.)માં રાજ્યનીતિશાસ્ત્રનું ચાલુ જોડાણ; તથા બી.એ.(સબો.)માં ઇતિહાસ, અંગ્રેજી, સંસ્કૃત અને હિન્દી; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા માટેની અરજી.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ધંધુકા, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ યર બી.એ. તથા ફર્સ્ટ યર બી.કૉમ. સુધીના; તથા બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર અને ગુજરાતી; તથા બી.એ. (સબો.)માં રાજ્યશાસ્ત્રના વિષયો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (સબો.)માં ઇતિહાસ, અંગ્રેજી, સંસ્કૃત, હિન્દી, મનોવિજ્ઞાન અને આંકડાશાસ્ત્ર; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના વિષયો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :
(૧) એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના એક પ્રાધ્યાપક
(૨) કૉમર્સના એક પ્રાધ્યાપક
(૩) મર્કન્ટાઇલ લૉના એક પ્રાધ્યાપક
(૪) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
(૫) ગુજરાતીના એક વ્યાખ્યાતા
(૬) અર્થશાસ્ત્રના બે વ્યાખ્યાતા
(૭) હિન્દીના એક વ્યાખ્યાતા
(૮) આંકડાશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૯) ઇતિહાસના એક વ્યાખ્યાતા
(૧૦) સંસ્કૃતના એક વ્યાખ્યાતા
(૧૧) જરૂરી લાયકાત ધરાવતા પૂરા સમયના વ્યાયામ શિક્ષક;

૨. ગ્રંથાલય માટે નીચે પ્રમાણે અનાવર્તક ખર્ચ કરવામાં આવે :

(૧) એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ ... રૂા. ૨,૦૦૦

(૨) મનોવિજ્ઞાન	... રૂા. ૧,૦૦૦	(૫) અંગ્રેજી	... રૂા. ૧,૦૦૦
(૩) આંકડાશાસ્ત્ર	... રૂા. ૧,૦૦૦	(૬) સંસ્કૃત	... રૂા. ૧,૦૦૦
(૪) ઇતિહાસ	... રૂા. ૧,૦૦૦	(૭) હિન્દી	... રૂા. ૧,૦૦૦

કુલ ... રૂા. ૮,૦૦૦

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ વિદ્યાશાખા દીઠ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૫૩. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મિયાગામ-કરજણને જૂન ૧૯૬૬થી બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર; તથા બી.એ.(સબ્સિ.)માં ઇતિહાસ અને મનોવિજ્ઞાન; તથા બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મિયાગામ-કરજણ, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ યર બી.એ., અને ફર્સ્ટ યર બી.કૉમ. સુધીનું તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધી ચાલુ જોડાણ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર; તથા બી.એ.(સબ્સિ.)માં ઇતિહાસ અને મનોવિજ્ઞાન; તથા બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગનું તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :

(૧) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૨) ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના એક પ્રાધ્યાપક
(૩) વાણિજ્યના એક પ્રાધ્યાપક
(૪) મર્કન્ટાઇલ લૉના એક પ્રાધ્યાપક
(૫) ઇતિહાસના એક વ્યાખ્યાતા
(૬) મનોવિજ્ઞાનના એક વ્યાખ્યાતા;

૨. ગ્રંથાલય માટે ઍકાઉન્ટિંગ તથા અર્થશાસ્ત્રના વિષયો માટે વિષય દીઠ રૂા. ૨,૦૦૦નો તથા ઇતિહાસ અને મનોવિજ્ઞાનના વિષયો માટે વિષય દીઠ રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ વિદ્યાશાખા દીઠ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૫૪. ભક્ત વલ્લભ ધોળા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદને જૂન ૧૯૬૬થી બી.એ.(પ્રિન્સિ.)માં સંસ્કૃત, ગુજરાતી, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન; તથા બી.એ.(સબ્સિ.)માં સંસ્કૃત, ગુજરાતી, અંગ્રેજી, હિંદી, સમાજશાસ્ત્ર, મનોવિજ્ઞાન, તત્ત્વજ્ઞાન, આંકડાશાસ્ત્ર, રાજ્યનીતિશાસ્ત્ર, ઇતિહાસ, અર્થશાસ્ત્ર; તથા બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ

ઑડિટિંગ તથા આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ આપવા માટેની અરજી.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, ભક્ત વલ્લભ ધોળા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને એફ.વાય.બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો માટેનું તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજી, મનોવિજ્ઞાન તથા ગુજરાતી; અને બી.એ. (સમો.)માં સમાજશાસ્ત્ર તથા હિંદી; અને બી.કૉમ.માં આંકડાશાસ્ત્રના વિષયો માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :

(૧) અંગ્રેજીના એક પ્રાધ્યાપક
(૨) ગુજરાતીના એક પ્રાધ્યાપક
(૩) મનોવિજ્ઞાનના એક પ્રાધ્યાપક
(૪) વાણિજ્યના એક પ્રાધ્યાપક
(૫) મર્કન્ટાઇલ લૉ ના એક પ્રાધ્યાપક
(૬) સંસ્કૃતના એક વ્યાખ્યાતા
(૭) ગુજરાતીના એક વ્યાખ્યાતા
(૮) અર્થશાસ્ત્રના બે વ્યાખ્યાતા
(૯) મનોવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૧૦) સમાજશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૧૧) આંકડાશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૧૨) હિંદીના એક પૂરા સમયના વ્યાખ્યાતા;

૨. વધારાના જોડાણના નીચે જણાવેલ પ્રત્યેક વિષય દીઠ રૂા. ૨,૦૦૦નો તથા પ્રત્યેક ગૌણ વિષય દીઠ રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે :

મુખ્ય વિષયો	ગૌણ વિષયો
(૧) અંગ્રેજી	(૪) સમાજશાસ્ત્ર
(૨) ગુજરાતી	(૫) હિંદી
(૩) મનોવિજ્ઞાન	

૩. મનોવિજ્ઞાનની પ્રયોગશાળા માટે જુદો ખંડ રાખવામાં આવે તથા તેને રૂા. ૩,૦૦૦ના ખર્ચે સુસજ્જ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. ઓછામાં ઓછા ૨૫ વિદ્યાર્થીઓ રહી શકે તેવું છાત્રાલય ન હોય તો તે માટે જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૬. આચાર્ય માટે કૉલેજ નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૭. રમતગમતના મેદાનની વ્યવસ્થા કરવામાં આવે;

૮. કૉલેજના મકાનમાં નીચે પ્રમાણેની અલાયદી વ્યવસ્થા કરવામાં આવે :

(૧) આચાર્ય માટે એક અલાયદો ખંડ

(૨) શિક્ષકો માટે એક અલાયદો ખંડ."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૫૫. એસ. પી. જૈન આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ક્રાંગક્રાને જૂન ૧૯૬૬થી બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર; તથા બી.એ.(સબો.)માં સંસ્કૃત, પ્રાકૃત (અર્ધમાગધી), ગુજરાતી, હિંદી, મનોવિજ્ઞાન, ઇતિહાસ, અર્થશાસ્ત્ર, આંકડાપદ્ધતિ, રાજ્યનીતિશાસ્ત્ર, સમાજશાસ્ત્ર; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ આપવા માટેની અરજી.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, એસ. પી. જૈન આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ક્રાંગક્રા, નીચેની શરતોનું પાલન, તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર; તથા બી.એ.(સબો.)માં આંકડાપદ્ધતિ, રાજ્યનીતિશાસ્ત્ર અને મનોવિજ્ઞાન; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના વિષયો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (સબો.)માં સંસ્કૃત અને હિન્દીનું તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :

(૧) અર્થશાસ્ત્રના પૂરા સમયના એક પ્રાધ્યાપક

(૨) અર્થશાસ્ત્રના પૂરા સમયના એક વ્યાખ્યાતા

(૩) સમાજશાસ્ત્રના પૂરા સમયના એક પ્રાધ્યાપક

(૪) સમાજશાસ્ત્રના એક વ્યાખ્યાતા

(૫) એકાઉન્ટન્સીના પૂરા સમયના એક પ્રાધ્યાપક

(૬) ગુજરાતીના એક વ્યાખ્યાતા

(૭) વાણિજ્યના પૂરા સમયના એક પ્રાધ્યાપક

(૮) આંકડાશાસ્ત્રના એક વ્યાખ્યાતા

(૯) સંસ્કૃતના એક વ્યાખ્યાતા

(૧૦) હિન્દીના એક વ્યાખ્યાતા

(૧૧) મર્ચન્ટાઇલ લૉના એક પ્રાધ્યાપક;

૨. વધારાના જરૂરી વ્યાખ્યાન ખંડની વ્યવસ્થા કરવામાં આવે;

૩. અગાઉનાં વર્ષોમાં પુસ્તકોની ખરીદીની ઊણપ પૂરી કરવા માટે પુસ્તકો પાછળ જરૂરી ખર્ચ કરવામાં આવે, તથા હિન્દી અને સંસ્કૃતમાં, એ દરેકમાં, રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ વિદ્યાશાખા દીઠ રૂા. ૩,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૫. છાત્રાલય માટે યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૬. આચાર્ય તથા ગૃહપતિ માટે કૉલેજ નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૭. આચાર્યને વ્યવસ્થાપક સમિતિના હોદ્દાગત સભ્ય બનાવવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, એકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૫૬. મહારાજા ભગવતસિંહજી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ગોંડલને જૂન ૧૯૬૬થી ફર્સ્ટ યર બી.એ. તથા ફર્સ્ટ યર બી.કૉમ.; તથા બી.એ.(પ્રિન્સિ.)માં સંસ્કૃત, ગુજરાતી, અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સબૉ.)માં અંગ્રેજી, હિંદી, ઇતિહાસ, રાજ્યનીતિશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, મહારાજા ભગવતસિંહજી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ગોંડલ, નીચેની શરતોનું પાલન, તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ યર બી.એ. તથા ફર્સ્ટ યર બી.કૉમ. સુધીનું; તથા બી.એ.(પ્રિન્સિ.)માં સંસ્કૃત, ગુજરાતી, અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સબૉ.)માં અંગ્રેજી, હિન્દી, ઇતિહાસ, રાજ્યનીતિશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના વિષયો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.કૉમ.માં બૅન્કિંગનું તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :
   (૧) ગુજરાતીના એક પ્રાધ્યાપક
   (૨) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક
   (૩) બૅન્કિંગના એક પ્રાધ્યાપક
   (૪) એકાઉન્ટન્સીના એક પ્રાધ્યાપક
   (૫) વાણિજ્યના એક પ્રાધ્યાપક
   (૬) મર્કન્ટાઈલ લૉના પ્રાધ્યાપક;

૨. બૅન્કિંગના વધારાના જોડાણ માટે રૂા. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. પુસ્તકો તથા સામયિકો માટે વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યોગ્ય છાત્રાલયનો પ્રબંધ કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૫૭. દેસાઈ ચંદુલાલ મણિલાલ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, વીરમગામને જૂન ૧૯૬૬થી પ્રથમ વર્ષ બી.એ.; તથા પ્રથમ વર્ષ બી.કૉમ.; તથા બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; બી.એ.(સબો.)માં મનોવિજ્ઞાન, સંસ્કૃત, આંકડાશાસ્ત્ર; તથા બી.એ.(સબો.)માં અંગ્રેજી અને હિંદી; તથા બી.કૉમ.માં એકાઉન્ટન્સીના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા માટેની અરજી.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, દેસાઈ ચંદુલાલ મણિલાલ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, વીરમગામ, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ યર બી.એ. તથા ફર્સ્ટ યર બી.કૉમ. સુધીનું; તથા બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર તથા બી.એ.(સબો.)માં મનોવિજ્ઞાન, સંસ્કૃત તથા આંકડાશાસ્ત્રનું તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ.(સબો.)માં અંગ્રેજી અને હિન્દી; તથા બી.કૉમ.માં એકાઉન્ટન્સીનું તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :

(૧) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૨) એકાઉન્ટન્સીના એક પ્રાધ્યાપક
(૩) કૉમર્સના એક પ્રાધ્યાપક
(૪) મર્કન્ટાઈલ લૉના એક પ્રાધ્યાપક
(૫) સંસ્કૃતના ખંડ સમયના એક વ્યાખ્યાતા
(૬) આંકડાશાસ્ત્રના ખંડ સમયના એક વ્યાખ્યાતા
(૭) ગુજરાતીના એક વ્યાખ્યાતા
(૮) હિન્દીના એક વ્યાખ્યાતા
(૯) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
(૧૦) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા;

૨. કૉલેજના હાલના મકાનમાં વિદ્યાર્થીઓ માટેના ખંડની તેમ જ ચાર વધારાના વર્ગ અંગેની વ્યવસ્થા કરવામાં આવે;

૩. શાળા તેમ જ કૉલેજના સમય વચ્ચે ઓછામાં ઓછો ૪૫ મિનિટનો ગાળો આપવામાં આવે;

૪. પુસ્તકાલયમાં અગાઉની શરતોની રૂા. ૭,૦૦૦ની ખોટ પૂરી કરવામાં આવે તથા એકાઉન્ટિંગ માટે રૂા. ૨,૦૦૦ અને અંગ્રેજી અને હિન્દી વિષયો માટે વિષય દીઠ રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. પુસ્તકો અને સામયિકો માટે વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. ગૃહપતિની નિમણૂક કરવામાં આવે અને તેમને ભાડામુક્ત રહેઠાણ આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૫૮. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, બોરસદને જૂન ૧૯૬૬થી બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, હિંદી, અર્થશાસ્ત્ર; તથા બી.એ.(સંયો.)માં ગુજરાતી, હિન્દી, મનોવિજ્ઞાન; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં ઇતિહાસના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલનો ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, પટેલ ઝવેરભાઈ ભુલજીભાઈ રુદેલવાળા આર્ટ્સ એન્ડ પટેલ અંબાલાલ મહીજીભાઈ રુદેલવાળા કૉમર્સ કૉલેજ, બોરસદ, નીચેની શરતોનું પાલન, તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ યર બી.એ. તથા ફર્સ્ટ યર બી.કૉમ. સુધીનું; તથા બી.એ.(પ્રિન્સિ)માં ગુજરાતી, હિન્દી તથા અર્થશાસ્ત્ર; તથા બી.એ.(સંયો.)માં મનોવિજ્ઞાન; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના વિષય માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં ઇતિહાસ; અને બી.એ.(સંયો.)માં સંસ્કૃતનું તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે:
   (૧) ગુજરાતીના એક વ્યાખ્યાતા
   (૨) હિન્દીના એક વ્યાખ્યાતા
   (૩) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા
   (૪) સંસ્કૃતના એક વ્યાખ્યાતા
   (૫) એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના એક પ્રાધ્યાપક
   (૬) ઇતિહાસના એક પ્રાધ્યાપક
   (૭) મર્કન્ટાઇલ લૉના એક પ્રાધ્યાપક;

૨. ગ્રંથાલય માટે અગાઉનાં વર્ષોની ખોટ પેટેની બાકીની રકમ ખર્ચવામાં આવે તેમ જ નવા જોડાણના વિષયના મુખ્ય વિષય દીઠ રૂા. ૨,૦૦૦ અને ગૌણ વિષય દીઠ રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. જરૂરી વધારાના વર્ગ-ખંડોની વ્યવસ્થા કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૫૯. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, દાહોદને જૂન ૧૯૬૬થી એફ.વાય.બી.એ. તથા એફ.વાય.બી.કૉમ.; તથા બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી; બી.એ.(સબો.)માં સંસ્કૃત, હિન્દી, મનોવિજ્ઞાન અને આંકડાશાસ્ત્રનું ચાલુ જોડાણ; તથા બી.એ.(સબો.)માં ઇતિહાસ; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું ચાલુ જોડાણ આપવા માટેની અરજી.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

''આથી ઠરાવવામાં આવે છે કે, નવજીવન આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, દાહોદ, નીચેની શરતોનું પાલન, તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને એફ.વાય.બી.એ. તથા એફ.વાય બી.કૉમ. સુધીના; તથા તથા બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી; તથા બી.એ.(સબો.)માં સંસ્કૃત, હિન્દી, મનોવિજ્ઞાન અને આંકડાશાસ્ત્રનું તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ.(સબો.)માં ઇતિહાસ; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગનું તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
(૧) એકાઉન્ટન્સીના એક પ્રાધ્યાપક
(૨) વાણિજ્યના એક પ્રાધ્યાપક
(૩) મર્કન્ટાઇલ લૉના એક પ્રાધ્યાપક
(૪) ઇતિહાસના એક વ્યાખ્યાતા
(૫) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૬) ગુજરાતીના એક ટ્યૂટર;

૨. અગાઉનાં વર્ષોમાં પુસ્તકોની ખરીદીની ઊણપ પૂરી કરવા માટે રૂા. ૭,૦૦૦નાં પુસ્તકો ખરીદવામાં આવે તથા રૂા. ૨,૦૦૦નાં એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગનાં પુસ્તકો અને રૂા. ૧,૦૦૦નાં ઇતિહાસનાં પુસ્તકો માટે અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. ગ્રંથાલય માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રત્યેક વર્ષે રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. છાત્રાલય માટે યોગ્ય પ્રબંધ કરવામાં આવે તથા તેના ગૃહપતિને યોગ્ય ભાડામુક્ત રહેઠાણ આપવામાં આવે.''

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૬૦. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, બોડાને જૂન ૧૯૬૬થી ફર્સ્ટ યર બી.એ. તથા ફર્સ્ટ યર બી.કૉમ.નું ચાલુ જોડાણ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં અંગ્રેજી, સંસ્કૃત, અર્થશાસ્ત્ર અને ગુજરાતી; તથા બી.એ.(સબો.)માં મનોવિજ્ઞાન; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ખેડા, નીચેની શરતોનું પાલન, તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ યર બી.એ. તથા ફર્સ્ટ યર બી.કૉમ. સુધીના વિષયોનું તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર અને ગુજરાતી; તથા બી.એ.(સબો.)માં માનસશાસ્ત્ર; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના વિષયો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણેની નિમણૂકો કરવામાં આવે :

(૧) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૨) ગુજરાતીના એક પ્રાધ્યાપક
(૩) એકાઉન્ટન્સીના એક પ્રાધ્યાપક
(૪) વાણિજ્યના એક પ્રાધ્યાપક
(૫) મર્કન્ટાઇલ લૉના એક પ્રાધ્યાપક
(૬) અંગ્રેજીના ખંડ સમયના વ્યાખ્યાતા
(૭) ફારસીના ખંડ સમયના વ્યાખ્યાતા
(૮) મનોવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૯) કૉમર્સના એક ટ્યૂટર;

૨. ગ્રંથાલય માટે વધારાના જોડાણના નીચે જણાવેલ પ્રત્યેક મુખ્ય વિષય દીઠ રૂા. ૨,૦૦૦નો તથા પ્રત્યેક ગૌણ વિષય દીઠ રૂા. ૧,૦૦૦નો પુસ્તકો માટે અનાવર્તક ખર્ચ કરવામાં આવે :

મુખ્ય વિષય	ગૌણ વિષય
(૧) અર્થશાસ્ત્ર	મનોવિજ્ઞાન
(૨) ગુજરાતી	
(૩) એકાઉન્ટન્સી	

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૬૧. મ્યુનિસિપલ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મહેસાણાને જૂન ૧૯૬૬થી ફર્સ્ટ યર બી.એ. તથા ફર્સ્ટ યર બી.કૉમ.નું ચાલુ જોડાણ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; બી.એ.(સબો.)માં સંસ્કૃત, અર્થશાસ્ત્ર, ગુજરાતી અને મનોવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, મ્યુનિસિપલ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મહેસાણા, નીચેની શરતોનું પાલન, તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ યર

બી.એ. તથા ફર્સ્ટ ઇયર બી.કૉમ. સુધીનું તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું ચાલુ જોડાણ તથા બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી અને હિન્દી; તથા બી.એ. (સંભા.)માં સંસ્કૃત, મનોવિજ્ઞાન, રાજ્યનીતિશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગનું તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ વધારાની નિમણૂકો કરવામાં આવે :
(૧) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૨) ગુજરાતીના એક પ્રાધ્યાપક
(૩) હિંદીના એક પ્રાધ્યાપક
(૪) વાણિજ્યના એક પ્રાધ્યાપક
(૫) મર્કન્ટાઇલ લૉના પ્રાધ્યાપક
(૬) એકાઉન્ટન્સીના એક પ્રાધ્યાપક
(૭) સંસ્કૃતના એક વ્યાખ્યાતા
(૮) ગુજરાતીના એક વ્યાખ્યાતા
(૯) મનોવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૧૦) એકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા
(૧૧) રાજ્યનીતિશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૧૨) આંકડાશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૧૩) અર્થશાસ્ત્રના એક ટ્યૂટર
(૧૪) વાણિજ્યના એક ટ્યૂટર;

૨. વધારાના જોડાણના નીચે જણાવેલ પ્રત્યેક મુખ્ય વિષય દીઠ રૂા. ૨,૦૦૦નો તથા પ્રત્યેક ગૌણ વિષય દીઠ રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે :

મુખ્ય વિષય	ગૌણ વિષય
(૧) અર્થશાસ્ત્ર	(૧) સંસ્કૃત
(૨) ગુજરાતી	(૨) મનોવિજ્ઞાન
(૩) હિન્દી	(૩) રાજ્યનીતિશાસ્ત્ર
(૪) એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ	(૪) આંકડાશાસ્ત્ર;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. કૉલેજના મકાનમાં નીચે પ્રમાણેની વધારાની વ્યવસ્થા કરવામાં આવે :
(૧) ગ્રંથાલય માટે હાલના ખંડના કરતાં મોટો ખંડ
(૨) બે વર્ગ-ખંડો
(૩) બે નાના ખંડો;

૫. યોગ્ય છાત્રાલયની વ્યવસ્થા કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૬૨. શ્રી. બી. પી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ ઍન્ડ એમ. એચ. ગુરુ કૉમર્સ કૉલેજ, ઊંઝાને જૂન ૧૯૬૬થી ફર્સ્ટ યર બી.એ. તથા ફર્સ્ટ યર બી.કૉમ.નું ચાલુ જોડાણ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી; બી.એ.(સમો.)માં ઇતિહાસ, રાજ્યનીતિશાસ્ત્ર, મનોવિજ્ઞાન, હિંદી, અંગ્રેજી અને સંસ્કૃત; તથા બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા માટેની અરજી.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. બી. પી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ ઍન્ડ એમ. એચ. ગુરુ કૉમર્સ કૉલેજ, ઊંઝા, નીચેની શરતોનું પાલન, તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ યર બી.એ. તથા ફર્સ્ટ યર બી.કૉમ. સુધીનું તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી અને અર્થશાસ્ત્ર; તથા બી.એ.(સમો.)માં ઇતિહાસ, રાજ્યનીતિશાસ્ત્ર, મનોવિજ્ઞાન, હિન્દી, અંગ્રેજી, સંસ્કૃત તથા બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગનું તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
(૧) ગુજરાતીના એક પ્રાધ્યાપક
(૨) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૩) ઍકાઉન્ટન્સીના એક પ્રાધ્યાપક
(૪) કૉમર્સના એક પ્રાધ્યાપક
(૫) મર્કન્ટાઇલ લૉના એક પ્રાધ્યાપક
(૬) ઇતિહાસના એક વ્યાખ્યાતા
(૭) રાજ્યનીતિશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૮) મનોવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૯) હિન્દીના એક વ્યાખ્યાતા
(૧૦) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
(૧૧) સંસ્કૃતના એક વ્યાખ્યાતા
(૧૨) ગુજરાતીના એક વ્યાખ્યાતા
(૧૩) આંકડાશાસ્ત્રના એક વ્યાખ્યાતા;

૨. મંથાલય માટે વધારાના જોડાણના નીચે જણાવેલ પ્રત્યેક મુખ્ય વિષય દીઠ રૂા. ૨,૦૦૦નો તથા પ્રત્યેક ગૌણ વિષય દીઠ રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે :

મુખ્ય વિષયો	ગૌણ વિષયો
(૧) ગુજરાતી	(૧) ઇતિહાસ
(૨) અર્થશાસ્ત્ર	(૨) રાજ્યનીતિશાસ્ત્ર

(૩) એકાઉન્ટન્સી
(૩) મનોવિજ્ઞાન
(૪) હિન્દી
(૫) અંગ્રેજી
(૬) સંસ્કૃત
(૭) આંકડાશાસ્ત્ર;

૩. પુસ્તકો અને સામયિકો માટે વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૬૩. એસ. એસ. મહેતા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, હિંમતનગરને જૂન ૧૯૬૬થી ફર્સ્ટ યર બી.એ. તથા ફર્સ્ટ યર બી.કોમ.ના ચાલુ અભ્યાસક્રમો શીખવવા ચાલુ જોડાણ આપવા માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, એસ. એસ. મહેતા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, હિંમતનગર, નીચેની શરતોનું પાલન, તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ યર બી.એ. તથા ફર્સ્ટ યર બી કોમ. સુધીનું તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે:
(૧) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૨) મનોવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૩) સમાજશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૪) આંકડાશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૫) એકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા;
૨. અગાઉનાં વર્ષોમાં પુસ્તકોની ખરીદીની ઊણપ પૂરી કરવા માટે રૂા. ૬,૦૦૦નાં પુસ્તકો ખરીદવામાં આવે;
૩. પુસ્તકો અને સામયિકો માટે વિદ્યાશાખા દીઠ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૬૪. શ્રી. જવાહરલાલ વિદ્યાભવન આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, રાજકોટને જૂન ૧૯૬૬થી એફ.વાય.બી.એ. તથા એફ.વાય.બી.કોમ.નું ચાલુ જોડાણ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, મનોવિજ્ઞાન, રાજ્યનીતિશાસ્ત્ર, ઇતિહાસ, સંસ્કૃત, ભૂગોળ, હિંદી અને

ગુજરાતી; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ, બૅન્કિંગ, આંકડાશાસ્ત્ર, પબ્લિક ફાઇનાન્સ ઍન્ડ એડમિનિસ્ટ્રેશન અને થિયરી ઍન્ડ પ્રૅક્ટિસ ઑફ કો-ઑપરેશનના અભ્યાસક્રમો શીખવવા વધારાનું જોડાણ આપવા માટેની અરજી.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. જવાહરલાલ વિદ્યાભવન આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, રાજકોટ, નીચેની શરતોનું પાલન, તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને એફ.વાય.બી.એ. તથા એફ.વાય.બી.કૉમ. સુધીના વિષયો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, મનોવિજ્ઞાન, સંસ્કૃત તથા બી.એ.(સમો.)માં ભૂગોળ, હિન્દી, ઇતિહાસ, રાજ્યનીતિશાસ્ત્ર અને ગુજરાતી; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ,બૅંકિંગ, આંકડાશાસ્ત્ર, પબ્લિક ફાઇનાન્સ ઍન્ડ એડમિનિસ્ટ્રેશન અને થિયરી ઍન્ડ પ્રૅક્ટિસ ઑફ કો-ઑપરેશનના વિષયો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું વધારાનું જોડાણ આપવા માટે સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૨) સમાજશાસ્ત્રના એક પ્રાધ્યાપક.
(૩) મનોવિજ્ઞાનના એક પ્રાધ્યાપક
(૪) કૉમર્સના એક પ્રાધ્યાપક
(૫) મર્કન્ટાઇલ લૉના એક પ્રાધ્યાપક
(૬) સંસ્કૃતના એક પ્રાધ્યાપક
(૭) એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના એક પ્રાધ્યાપક
(૮) બૅન્કિંગના એક પ્રાધ્યાપક
(૯) આંકડાશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૧૦) પબ્લિક ફાઇનાન્સ ઍન્ડ એડમિનિસ્ટ્રેશનના એક પ્રાધ્યાપક
(૧૧) થિયરી ઍન્ડ પ્રૅક્ટિસ ઑફ કો-ઑપરેશનના એક પ્રાધ્યાપક
(૧૨) ભૂગોળના એક વ્યાખ્યાતા
(૧૩) હિન્દીના એક વ્યાખ્યાતા
(૧૪) ગુજરાતીના એક વ્યાખ્યાતા
(૧૫) ઇતિહાસના એક વ્યાખ્યાતા
(૧૬) રાજ્યનીતિશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૧૭) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
(૧૮) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા અને એક ટ્યૂટર
(૧૯) સમાજશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૨૦) સંસ્કૃતના એક વ્યાખ્યાતા અને એક ટ્યૂટર
(૨૧) કૉમર્સના બે વ્યાખ્યાતા
(૨૨) મનોવિજ્ઞાનના એક ડેમોન્સ્ટ્રેટર;

૨. વધારાના જોડાણના નીચે જણાવેલ પ્રત્યેક મુખ્ય વિષય દીઠ રૂા. ૨,૦૦૦નો તથા પ્રત્યેક ગૌણ વિષય દીઠ રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે :

મુખ્ય વિષયો	ગૌણ વિષયો
(૧) અર્થશાસ્ત્ર	(૧) ભૂગોળ
(૨) સમાજશાસ્ત્ર	(૨) હિન્દી
(૩) મનોવિજ્ઞાન	(૩) ગુજરાતી
(૪) સંસ્કૃત	(૪) ઇતિહાસ
(૫) એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગ	(૫) રાજ્યનીતિશાસ્ત્ર;
(૬) બૅન્કિંગ	
(૭) આંકડાશાસ્ત્ર	
(૮) પબ્લિક ફિનાન્સ એન્ડ એડમિનિસ્ટ્રેશન	
(૯) થિયરી એન્ડ પ્રૅક્ટિસ ઑફ કો-ઑપરેશન	

૩. પુસ્તકો અને સામયિકો માટે વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. મનોવિજ્ઞાનના વિષય માટે અલગ પ્રયોગશાળાના રૂમ રાખવામાં આવે તેમ જ રૂા. ૩,૦૦૦નાં જરૂરી સાધનો વસાવવામાં આવે તથા ભૂગોળની પ્રયોગશાળા વિકસાવવામાં આવે;

૫. કૉલેજના મકાનમાં નીચેની વધારાની વ્યવસ્થા કરવામાં આવે :

(૧) વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ
(૨) મનોવિજ્ઞાનની પ્રયોગશાળા માટેનો ખંડ
(૩) વધારાના ચાર વર્ગ-ખંડો
(૪) ગ્રંથાલય માટે એક મોટો ખંડ.''

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૬૫. જે. એમ. શાહ કૉલેજ, જંબુસરને જૂન ૧૯૬૬થી ફર્સ્ટ ઇયર બી.કૉમ. તથા બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; તથા બી.એ.(સબો.)માં હિંદી, મનોવિજ્ઞાન તથા રાજ્યનીતિશાસ્ત્રનું ચાલુ જોડાણ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં રાજ્યનીતિશાસ્ત્ર તથા બી.એ. (સબો.)માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા માટેની અરજી.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, જે. એમ. શાહ કૉલેજ, જંબુસર, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ ઇયર બી.કૉમ. સુધીનું; તથા બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સબો.)માં હિંદી, મનોવિજ્ઞાન તથા રાજ્યનીતિશાસ્ત્રનું તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં

રાજ્યનીતિશાસ્ત્ર; તથા બી એ. (સંયો.)માં આંકડાશાસ્ત્રના વિષયો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) રાજ્યનીતિશાસ્ત્રના એક પ્રાધ્યાપક

(૨) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા

(૩) ગુજરાતીના એક વ્યાખ્યાતા

(૪) રાજ્યનીતિશાસ્ત્રના એક વ્યાખ્યાતા

(૫) અંગ્રેજીના એક વ્યાખ્યાતા

(૬) આંકડાશાસ્ત્રના એક વ્યાખ્યાતા;

૨. ગ્રંથાલય માટે રાજ્યશાસ્ત્રનાં પુસ્તકો માટે રૂા. ૨,૦૦૦નો તથા આંકડાશાસ્ત્રના વિષય માટે રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે તથા અગાઉની શરત મુજબ બાકીની રકમનાં પુસ્તકો ખરીદી લેવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, એકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૬૬. સર એલ. એ. શાહ લૉ એન્ડ આર્ટ્સ કૉલેજ, અમદાવાદને જૂન ૧૯૬૬થી (૧) સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદ, અને (૨) ગુજરાત લૉ સોસાયટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ એમ વિભાગીકરણ કરવા; તથા (૧) સર એલ. એ. શાહ લૉ કૉલેજને જે કાયમી જોડાણ મળેલ છે તે કાયમી રાખવા, તથા (૨) ગુજરાત લૉ સોસાયટી આર્ટ્સ કૉલેજને બી.એ.(પ્રિન્સિ.)માં અંગ્રેજી, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ઇતિહાસ, ગુજરાતી; તથા બી.એ. (સંયો.)માં સંસ્કૃત, હિંદી, આંકડાશાસ્ત્ર તથા રાજ્યશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ આપવા માટેની અરજી.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, સર એલ. એ. શાહ લૉ એન્ડ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને જૂન ૧૯૬૬થી (૧) સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદ, અને (૨) ગુજરાત લૉ સોસાયટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ — એમ વિભાગીકરણ કરવા, તથા (૧) સર એલ. એ. શાહ લૉ કૉલેજને દ્વિતીય એલએલ.બી. સુધીના અભ્યાસક્રમો માટે જૂન ૧૯૬૬થી કાયમી જોડાણ આપવા, તથા (૨) ગુજરાત લૉ સોસાયટી આર્ટ્સ કૉલેજને બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજી, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ઇતિહાસ અને ગુજરાતી; તથા

બી.એ. (સમો.)માં સંસ્કૃત, હિંદી, આંકડાશાસ્ત્ર તથા રાજ્યશાસ્ત્રના વિષયો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. વિનયનની કૉલેજ માટે આચાર્યની નિમણૂક કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ વિનયન કૉલેજ માટે રૂા. ૩,૦૦૦ અને કાયદાની કૉલેજ માટે રૂા. ૨,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. વિનયન વિદ્યાશાખા માટે અંગ્રેજીનાં પુસ્તકો માટે રૂા. ૨,૫૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. ઓછામાં ઓછા ૨૫ વિદ્યાર્થીઓ રહી શકે તેવું છાત્રાલય ન હોય તો તે માટે પ્રત્યેક કૉલેજ માટે અલાયદી જોગવાઈ કરવામાં આવે તથા પ્રત્યેકના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૬૭. ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ ઍન્ડ એ. એમ. પી. લૉ કૉલેજ, રાજકોટને જૂન ૧૯૬૬થી બી.એ.(પ્રિન્સિ.)માં ઇતિહાસ, હિંદી, ભૂગોળ અને સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ આપવા માટેની અરજી.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ ઍન્ડ એ. એમ. પી. લૉ કૉલેજ, રાજકોટ, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં ઇતિહાસ, હિન્દી, ભૂગોળ અને સમાજશાસ્ત્રના વિષયો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણેની નિમણૂકો કરવામાં આવે :
   (૧) ઇતિહાસના એક વ્યાખ્યાતા
   (૨) સમાજશાસ્ત્રના એક વ્યાખ્યાતા;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ વિનયન વિદ્યાશાખા માટે રૂા. ૩,૦૦૦નો તથા કાયદાની વિદ્યાશાખા માટે રૂા. ૨,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૬૮. દરબાર ગોપાળદાસ મહાવિદ્યાલય, અલિયાબાડાને જૂન ૧૯૬૬થી બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ આપવા માટેની અરજી.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, દરબાર ગોપાળદાસ મહાવિદ્યાલય, અલિયાબાડા, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એડ. સુધીના

વિષયો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. વિદ્યાર્થીઓની સંખ્યા વધે તો બે વધારાના વ્યાખ્યાતાઓની નિમણૂક કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. દૃશ્ય-શ્રાવ્ય શિક્ષણ માટે એક અલાયદો ખંડ કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૬૯. સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, અમદાવાદને જૂન ૧૯૬૬થી ટી.ડી.ના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, અમદાવાદ, નીચેની શરતોનું પાલન, તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એડ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું ચાલુ જોડાણ; તથા શિક્ષણના ડિપ્લોમાના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણેની નિમણૂકો કરવામાં આવે :
   (૧) એક પ્રાધ્યાપક
   (૨) એક વ્યાખ્યાતા
   (૩) બે ટ્યૂટરો;

૨. શૈક્ષણિક સાધનો માટે વધારાના રૂા. ૨,૦૦૦ ખર્ચવામાં આવે;

૩. ઓછામાં ઓછા ૨૫ વિદ્યાર્થીઓ રહી શકે તેવું છાત્રાલય ન હોય તો તે માટે જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે.

વધુમાં સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, શિક્ષણના ડિપ્લોમાના અભ્યાસક્રમ માટે આ કૉલેજમાં ૩૦ કરતાં વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવો નહિ."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૭૦. માધ્યમિક શિક્ષણ મહાવિદ્યાલય, ભાવનગરને જૂન ૧૯૬૬થી ટી.ડી.ના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, માધ્યમિક શિક્ષણ મહાવિદ્યાલય, ભાવનગર, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને શિક્ષણના ડિપ્લોમા

સુધીના વિષયો શીખવવા માટેનું તા. ૧૫–૬–૧૯૬૬થી તા. ૧૪–૬–૧૯૬૭ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણેની નિમણૂકો કરવામાં આવે :

(૧) એક પ્રાધ્યાપક

(૨) એક વ્યાખ્યાતા

(૩) બે ટ્યૂટરો;

૨. શૈક્ષણિક સાધનો માટે રૂા. ૨,૦૦૦નો ખર્ચ કરવામાં આવે.

વધુમાં સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, શિક્ષણના ડિપ્લોમાના અભ્યાસક્રમ માટે આ કૉલેજમાં ૩૦ કરતાં વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવો નહિ."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૭૧. પી. પી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ, ભાવનગરને જૂન ૧૯૬૬થી બી.એસસી. (સ્પે.)માં કીટાણુવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, પી. પી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ, ભાવનગર, નીચેની શરતોનું પાલન તા. ૩૧–૫–૧૯૬૬ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એસસી. (જન.)માં કીટાણુવિજ્ઞાનના વિષયો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૬૬થી તા. ૧૪–૬–૧૯૬૮ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. કીટાણુવિજ્ઞાનના એક વ્યાખ્યાતા, એક ડેમોન્સ્ટ્રેટર તથા એક લેબોરેટરી આસિસ્ટન્ટની નિમણૂક કરવામાં આવે;

૨. ગ્રંથાલય માટે કીટાણુવિજ્ઞાનનાં પુસ્તકો માટે રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. ગ્રંથાલય માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. કીટાણુવિજ્ઞાનની પ્રયોગશાળા સુસજ્જ કરવા માટે રૂા. ૧૫,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૫. કીટાણુવિજ્ઞાનની પ્રયોગશાળા માટે યોગ્ય કદના ખંડોની વ્યવસ્થા કરવામાં આવે.

વધુમાં સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, આ કૉલેજને કીટાણુવિજ્ઞાનના અભ્યાસક્રમ માટે વધુમાં વધુ ૪૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા માટે પરવાનગી આપવી."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૭૨. સાર્વજનિક કૉલેજ ઑફ સાયન્સ, સુરતને જૂન ૧૯૬૬થી બી.એસસી.(જન.)માં પ્રાણીવિજ્ઞાન અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ આપવા માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, સાર્વજનિક કૉલેજ ઑફ સાયન્સ, સુરત, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એસસી.(જન.)માં પ્રાણીવિજ્ઞાન અને આંકડાશાસ્ત્રના વિષયો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. ત્રણ વિદ્યાર્થી દીઠ એક કૅલ્કયુલેટિંગ મશીન વસાવવામાં આવે;

૨. આંકડાશાસ્ત્ર અને પ્રાણીવિજ્ઞાન એ દરેક વિષયનાં સામયિકો મગાવવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૭૩. બી. પી. બારિયા સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, નવસારીને જૂન ૧૯૬૬થી બી.એસસી.(સ્પે.)માં રસાયણવિજ્ઞાન, કીટાણુવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી.(સ્પે.)માં રસાયણવિજ્ઞાન, કીટાણુવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો માટે કાયમી જોડાણ; તથા બી.એસસી.(જન.)માં પ્રાણીવિજ્ઞાનનો અભ્યાસક્રમ શીખવવા માટે ચાલુ જોડાણ આપવા માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

" આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. બી. પી. બારિયા સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, નવસારી, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એસસી. (જન.)માં પ્રાણીવિજ્ઞાનના વિષય માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર તથા કીટાણુવિજ્ઞાન; તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાનના વિષયો માટે તા. ૧૫-૬-૧૯૬૬થી કાયમી જોડાણ આપવા માટે સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૨. રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન અને ગણિત માટે પૂર્વસ્નાતક કક્ષાનાં વધારે પુસ્તકો અને ચાર્ટ્સ વસાવવામાં આવે તથા ગણિતનાં સામયિકો મગાવવામાં આવે ;

૩. કૉલેજના મકાનમાં નીચે પ્રમાણે વિજ્ઞાન કૉલેજ માટે અલાયદી વ્યવસ્થા કરવામાં આવે :
(૧) આચાર્ય માટેનો સ્વતંત્ર ખંડ
(૨) શિક્ષકો માટેનો એક ખંડ
(૩) વિદ્યાર્થીઓ માટેનો એક ખંડ
(૪) કાર્યાલય માટેનો એક ખંડ;

૪. કૉલેજ માટે અલાયદા કાર્યાલયની વ્યવસ્થા કરવામાં આવે;

૫. પ્રાણીવિજ્ઞાનના વિષય માટે પ્રાણીસંગ્રહસ્થાન માટે વધારાની જગ્યા ફાળવવામાં આવે;

૬. રસાયણવિજ્ઞાનની પ્રયોગશાળામાં 'ફ્યુમિંગ'ની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૭. આચાર્યને કૉલેજ નજીક ભાડામુક્ત રહેઠાણ આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૭૪. એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદને જૂન ૧૯૬૬થી બી.એસસી.(સ્પે.)માં કીટાણુવિજ્ઞાન તથા બી.એસસી.(જન.)માં બાયોકેમિસ્ટ્રીના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા માટેની અરજી.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એસસી. (સ્પે. અને જન.)માં કીટાણુવિજ્ઞાન શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :

(૧) કીટાણુવિજ્ઞાનના એક પ્રાધ્યાપક

(૨) કીટાણુવિજ્ઞાનના એક લેક્ચરર

(૩) કીટાણુવિજ્ઞાનના એક ડેમોન્સ્ટ્રેટર તથા એક લેબોરેટરી આસિસ્ટન્ટ;

૨. કીટાણુવિજ્ઞાનનાં પુસ્તકો માટે રૂા. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. કીટાણુવિજ્ઞાનની પ્રયોગશાળા સુસજ્જ કરવા માટે રૂા. ૩૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૪. કીટાણુવિજ્ઞાનની પ્રયોગશાળા માટે યોગ્ય માપના ખંડોની વ્યવસ્થા કરવામાં આવે.

વધુમાં સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, કીટાણુવિજ્ઞાનના અભ્યાસક્રમ માટે વધુમાં વધુ ૫૦ વિદ્યાર્થીઓ દાખલ કરવા આ કૉલેજને પરવાનગી આપવી."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૭૫. જે. ઍન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદને જૂન ૧૯૬૬થી બી.એસસી. (પ્રિન્સિ.)માં વનસ્પતિવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન, આંકડાશાસ્ત્ર અને કીટાણુવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ આપવા માટેની અરજી.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, જે. ઍન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદ, નીચેની શરતોનું પાલન, તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એસસી. (સ્પે.)માં

વનસ્પતિવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન, આંકડાશાસ્ત્ર અને કીટાણુવિજ્ઞાનના વિષયો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :
(૧) આંકડાશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૨) પ્રાણીવિજ્ઞાનના એક વ્યાખ્યાતા;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. પ્રાણીવિજ્ઞાનની પ્રયોગશાળા માટે અલગ વ્યવસ્થા કરવામાં આવે;

૪. પ્રાણીવિજ્ઞાનના પ્રયોગો માટે જોઈતાં પ્રાણીઓ રાખવા માટે યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૫. મ્યુઝિયમ, હર્બેરિયમ, બોટેનીનો ગાર્ડન વગેરેની સુવિધા વિકસાવવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૭૬. એન. કે. એમ. સાયન્સ કૉલેજ, વલસાડને જૂન ૧૯૬૬થી બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન; બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર અને વનસ્પતિવિજ્ઞાનનું કાયમી જોડાણ; તથા બી.એસસી.(રૂપે.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન; તથા બી.એસસી. (જન.)માં પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, એન. કે. એમ. સાયન્સ કૉલેજ, વલસાડ, નીચેની શરતોનું પાલન, તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એસસી. (રૂપે.)માં રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાન; તથા બી.એસસી.(જન.)માં ગણિતશાસ્ત્રના વિષયો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ તથા બી.એસસી. (જન.)માં પ્રાણીવિજ્ઞાનના વિષયો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી ;

૧. નીચે પ્રમાણેની નિમણૂકો કરવામાં આવે :
(૧) વનસ્પતિવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૨) પ્રાણીવિજ્ઞાનના એક વ્યાખ્યાતા;

[illegible]ગાઉનાં વર્ષોમાં પુસ્તકોની ખરીદીની ઊણપ પૂરી કરવા માટે જરૂરી પુસ્તકો ખરીદવામાં [illegible] અને પ્રાણીવિજ્ઞાનનાં પુસ્તકો માટે રૂા. ૧,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

[illegible]યિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

[illegible]ના બંડોની જોગવાઈ કરવામાં આવે;

૫. પ્રયોગશાળા સુસજ્જ કરવા નીચે પ્રમાણેનો ખર્ચ કરવામાં આવે :

(૧) ભૌતિકવિજ્ઞાન	...	૩૦,૦૦૦
(૨) વનસ્પતિવિજ્ઞાન	...	૩૦,૦૦૦
(૩) પ્રાણીવિજ્ઞાન	...	૧૫,૦૦૦
		કુલ રૂા. ૭૫,૦૦૦

૬. આચાર્ય તથા ગૃહપતિ માટે કૉલેજ નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે. "

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૭૭. સ્વામિનારાયણ સાયન્સ કૉલેજ, અમદાવાદને જૂન ૧૯૬૬થી બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી.(જન.)માં રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર, વનસ્પતિવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન તથા આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો માટે કાયમી જોડાણ; તથા બી.એસસી.(રૂપે.)માં ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી સ્વામિનારાયણ સાયન્સ કૉલેજ, અમદાવાદ, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એસસી. (રૂપે.)માં રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર, વનસ્પતિવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન તથા આંકડાશાસ્ત્રના વિષયો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એસસી.(રૂપે.)માં ગણિતશાસ્ત્રનો વિષય શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :
   (૧) ગણિતશાસ્ત્રના એક પ્રાધ્યાપક
   (૨) આંકડાશાસ્ત્રના એક વ્યાખ્યાતા
   (૩) આંકડાશાસ્ત્રના એક ડેમોન્સ્ટ્રેટર;

૨. ગણિતશાસ્ત્રનાં પુસ્તકો માટે રૂા. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. આંકડાશાસ્ત્રની પ્રયોગશાળા માટે અલગ ખંડની જોગવાઈ કરવામાં આવે તથા ત્રણ [illegible] દીઠ એક કેલ્કયુલેટિંગ મશીન ખરીદવામાં આવે;

૫. ઓછામાં ઓછા પચીસ (૨૫) વિદ્યાર્થીઓ રહી શકે તેવું છાત્રાલય ન હોય તો [illegible] કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની [illegible] સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૭૮. મહારાજા મહેન્દ્રસિંહજી સાયન્સ કૉલેજ, મોરબીને જૂન ૧૯૬૬થી બી.એસસી. (રૂપે.)માં ગણિતશાસ્ત્ર તથા આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ આપવા માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, મહારાજા શ્રી. મહેન્દ્રસિંહજી સાયન્સ કૉલેજ, મોરબી, નીચેની શરતોનું પાલન, તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એસસી.(રૂપે.)માં ગણિતશાસ્ત્ર તથા આંકડાશાસ્ત્રના વિષયો શીખવવા તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :
   (૧) ગણિતશાસ્ત્રના એક પ્રાધ્યાપક
   (૨) ગણિતશાસ્ત્રના એક વ્યાખ્યાતા
   (૩) આંકડાશાસ્ત્રના એક વ્યાખ્યાતા
   (૪) આંકડાશાસ્ત્રના એક ડેમોન્સ્ટ્રેટર
   (૫) રસાયણવિજ્ઞાનના એક ડેમોન્સ્ટ્રેટર;

૨. ગ્રંથાલય માટે રસાયણવિજ્ઞાન અને આંકડાશાસ્ત્રના વિષયો માટે વિષય દીઠ રૂા. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૭૯. શ્રીમતી ભીખુબહેન ચંદુલાલ જલુન્ધવાલા સાયન્સ કૉલેજ, ખંભાતને જૂન ૧૯૬૬થી બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર; બી.એસસી.(જન.)માં ગણિતશાસ્ત્ર, ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ આપવા માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, શ્રીમતી ભીખુબહેન ચંદુલાલ જલુન્ધવાલા સાયન્સ કૉલેજ, ખંભાત, નીચેની શરતનું પાલન, તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી.(જન.)માં ગણિતશાસ્ત્ર, ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાનના વિષયો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધી ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૮૦. સાયન્સ કૉલેજ, કડીને જૂન ૧૯૬૬થી એફ.વાય.બી.એસસી.નું ચાલુ જોડાણ; તથા બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી.(જન.)માં રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, સાયન્સ કૉલેજ, કડી, નીચેની શરતોનું પાલન, તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને એફ.વાય.બી.એસસી. સુધીનું તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન, અને પ્રાણીવિજ્ઞાનના વિષયો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે:

(૧) રસાયણવિજ્ઞાનના એક પ્રાધ્યાપક
(૨) ગણિતશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૩) ગણિતના એક વ્યાખ્યાતા
(૪) ભૌતિકવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૫) પ્રાણીવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૬) વનસ્પતિવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૭) ગણિતના એક ટ્યૂટર
(૮) વધારાના કાર્યબોજ પ્રમાણે જરૂરી સંખ્યામાં ડેમોન્સ્ટ્રેટરો તથા લેબોરેટરી આસિસ્ટન્ટો;

૨. ગ્રંથાલય માટે, રસાયણવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર વિષયો માટે, રૂા. ૨,૦૦૦નો તથા ભૌતિકવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના વિષયો માટે વિષય દીઠ રૂા. ૧,૦૦૦ નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. પુસ્તકો તથા સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦ નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પ્રયોગશાળા સુસજ્જ કરવા માટે નીચે પ્રમાણે રૂા. ૮૫,૦૦૦નો ખર્ચ કરવામાં આવે:

(૧) રસાયણવિજ્ઞાનની પ્રયોગશાળા માટે	રૂા. ૪૦,૦૦૦
(૨) ભૌતિકવિજ્ઞાનની પ્રયોગશાળા માટે	રૂા. ૧૫,૦૦૦
(૩) વનસ્પતિવિજ્ઞાનની પ્રયોગશાળા માટે	રૂા. ૧૫,૦૦૦
(૪) પ્રાણીવિજ્ઞાનની પ્રયોગશાળા માટે	રૂા. ૧૫,૦૦૦
કુલ	રૂા. ૮૫,૦૦૦

૫. કૉલેજના મકાન માટે નીચે મુજબની જરૂરી વધારાના ખંડોની વ્યવસ્થા કરવામાં આવે:

(૧) જરૂરી વર્ગખંડો
(૨) દરેકમાં ૩૦ વિદ્યાર્થીઓ કામ કરી શકે એવી ત્રણ પ્રયોગશાળા માટેના ખંડો

(૩) ભૌતિકવિજ્ઞાન અને રસાયણવિજ્ઞાનની પ્રયોગશાળા માટેના ખંડો

(૪) ગ્રંથાલય માટે એક મોટો ખંડ."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૮૧. મંગળદાસ જેસિંગભાઈ કૉલેજ ઑફ કૉમર્સ, ભાવનગરને જૂન ૧૯૬૬થી બી.કૉમ.માં એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ, બૅંકિંગ, ઇકૉનોમિક્સ ઑફ કૉટન, આંકડાશાસ્ત્ર અને ટ્રાન્સપોર્ટના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ આપવા માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, એમ. જે. કૉલેજ ઑફ કૉમર્સ, ભાવનગર, નીચેની શરતોનું પાલન, તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.કૉમ.માં (૧) એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ, (૨) બૅંકિંગ, (૩) ઇકૉનોમિક્સ ઑફ કૉટન, (૪) સ્ટેટિસ્ટિક્સ, અને (૫) ટ્રાન્સપોર્ટના વિષયોમાં તા. ૧૫-૬-૧૯૬૬થી કાયમી જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી:

૧. યોગ્ય લાયકાત ધરાવતા વ્યાયામ શિક્ષક નીમવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૮૨. શેઠ એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદને જૂન ૧૯૬૬થી બી.કૉમ.માં આંકડાશાસ્ત્રનો અભ્યાસક્રમ શીખવવા માટે ચાલુ જોડાણ આપવા માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, શેઠ એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ, નીચેની શરતોનું પાલન, તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.કૉમ.માં આંકડાશાસ્ત્રના વિષયો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૨. ઓછામાં ઓછા પચીસ (૨૫) વિદ્યાર્થીઓ રહી શકે તેવું છાત્રાલય ન હોય તો તે માટે જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૮૩. શ્રીમતી જી. જે. કૉમર્સ કૉલેજ, મોરબીને જૂન ૧૯૬૬થી બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ અૅન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો માટે ચાલુ જોડાણ; તથા બી.કૉમ.માં બૅંકિંગના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા માટેની અરજી.

અૅકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, શેઠ ગુલાબ જમનાદાસ કૉમર્સ કૉલેજ, મોરબી, નીચેની શરતોનું પાલન, તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ યર બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ અૅન્ડ ઑડિટિંગ તથા બૅન્કિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણેની નિમણૂકો કરવામાં આવે :
   (૧) બૅંકિંગના એક પ્રાધ્યાપક
   (૨) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક
   (૩) મર્કન્ટાઈલ લૉના એક પ્રાધ્યાપક
   (૪) ગુજરાતીના એક વ્યાખ્યાતા
   (૫) બૅંકિંગના એક વ્યાખ્યાતા
   (૬) એકાઉન્ટન્સીના એક ટ્યૂટર;
૨. ગ્રંથાલય માટે બૅંકિંગના વિષય માટે રૂા. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;
૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, અૅકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૮૪. વી. એમ. પારેખ કૉમર્સ કૉલેજ, કપડવંજને જૂન ૧૯૬૬થી ફર્સ્ટ યર બી.કૉમ. તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ અૅન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ આપવા માટેની અરજી.

અૅકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, વી. એમ. પારેખ કૉમર્સ કૉલેજ, કપડવંજ, નીચેની શરતોનું પાલન, તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ અૅન્ડ ઑડિટિંગમાં તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :
   (૧) કૉમર્સના એક પ્રાધ્યાપક
   (૨) એકાઉન્ટન્સીના એક પ્રાધ્યાપક
   (૩) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક
   (૪) મર્કન્ટાઈલ લૉના એક પ્રાધ્યાપક
   (૫) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા
   (૬) કૉમર્સના એક વ્યાખ્યાતા;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. ટી.વાય.બી.કોમ.ના વર્ગ માટે એક વધારાના વર્ગ-ખંડની જોગવાઈ કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, અકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૮૫. પ્રભુદાસ ઠક્કર કૉમર્સ અને સાયન્સ કૉલેજ, અમદાવાદને જૂન ૧૯૬૬થી ફર્સ્ટ ઇયર બી.કૉમ.; તથા ફર્સ્ટ ઇયર બી.એસસી.નું ચાલુ જોડાણ; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ; તથા બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન અને પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા માટેની અરજી.

અકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, પ્રભુદાસ ઠક્કર કૉમર્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ, નીચેની શરતોનું પાલન, તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ ઇયર બી.એસસી. તથા ફર્સ્ટ ઇયર બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગનું તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :
   (૧) એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના એક પ્રાધ્યાપક
   (૨) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક
   (૩) વાણિજ્યના એક પ્રાધ્યાપક
   (૪) વાણિજ્યના એક વ્યાખ્યાતા
   (૫) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
   (૬) હિન્દીના એક વ્યાખ્યાતા
   (૭) ગુજરાતીના એક વ્યાખ્યાતા
   (૮) આંકડાશાસ્ત્રના એક વ્યાખ્યાતા
   (૯) ગણિતશાસ્ત્રના એક વ્યાખ્યાતા
   (૧૦) બે પૂરા સમયના કેમિસ્ટ્રીના ડેમોન્સ્ટ્રેટરો;

૨. અગાઉનાં વર્ષોમાં પુસ્તકોની ખરીદીની ઊણપ પૂરી કરવા માટે રૂા. ૬,૦૦૦નાં પુસ્તકો ખરીદવામાં આવે અને એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ માટે રૂા. ૨,૦૦૦નાં પુસ્તકો ખરીદવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. ઓછામાં ઓછા પચીસ (૨૫) વિદ્યાર્થીઓ રહી શકે તેવું છાત્રાલય ન હોય તો તે માટે જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૫. પ્રયોગની તૈયારી માટેના ખંડની તથા વિજ્ઞાનના વર્ગ-ખંડોમાં નિર્દેશન કરી શકાય તેવી વ્યવસ્થા કરવામાં આવે;

૬. જૂન ૧૯૬૭થી એસ.વાય.બી.એસસી. અને જૂન ૧૯૬૮થી ટી.વાય.બી.એસસી.ના વર્ગો ચાલુ કરવામાં આવશે એવી લેખિત બાંયધરી સંચાલક મંડળ તરફથી આપવામાં આવે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, આગળના વર્ગો ચાલુ કરવા માટેની બાંયધરીનું પાલન કરવામાં કૉલેજનું સંચાલક મંડળ નિષ્ફળ જશે તો કૉલેજને આગળનાં વર્ષો માટે ચાલુ તથા વધારાનું જોડાણ આપવા માટેની અરજી પર ભવિષ્યમાં કોઈ વિચારણા થઈ શકશે નહિ તેની સમજથી આ જોડાણ આપવામાં આવ્યું છે તેની કૉલેજના સંચાલક મંડળને જાણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૮૬. શ્રી. એમ. પી. શાહ મ્યુનિસિપલ કૉલેજ ઑફ કૉમર્સ એન્ડ લૉ જામનગરને જૂન ૧૯૬૬થી બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ બૅંકિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ આપવા માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. એમ. પી. શાહ મ્યુનિસિપલ કૉલેજ ઑફ કૉમર્સ એન્ડ લૉ, જામનગર, નીચેની શરતોનું પાલન, તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગ તથા બૅન્કિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ વાણિજ્ય વિદ્યાશાખા માટે રૂા. ૩,૦૦૦નો તથા કાયદાની વિદ્યાશાખા માટે રૂા. ૨,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૨. કૉલેજના મકાનમાં ત્રણ વર્ગ-ખંડોનો ઉમેરો કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૮૭. શ્રી. એમ. પી. શાહ કૉમર્સ એન્ડ લૉ કૉલેજ, સુરેન્દ્રનગરને જૂન ૧૯૬૬થી ફર્સ્ટ ઇયર બી.કૉમ. તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ; તથા ફર્સ્ટ એલએલ.બી.નું ચાલુ જોડાણ; તથા સેકન્ડ એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. એમ. પી. શાહ કૉમર્સ એન્ડ લૉ કૉલેજ, સુરેન્દ્રનગર, નીચેની શરતોનું પાલન, તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ ૪૫૨ બી.કૉમ. તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગ તથા ફર્સ્ટ એલએલ.બી.ના વિષયો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું ચાલુ જોડાણ; તથા સેકંડ એલએલ.બી.ના વિષયો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :

(૧) વાણિજ્યના એક પ્રાધ્યાપક

(૨) મર્કન્ટાઈલ લૉના એક પ્રાધ્યાપક

(૩) કાયદાના એક પ્રાધ્યાપક

(૪) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા

(૫) વાણિજ્યના એક વ્યાખ્યાતા;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ વાણિજ્ય વિદ્યાશાખા માટે રૂા. ૬,૦૦૦નો તથા કાયદાની વિદ્યાશાખા માટે રૂા. ૨,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૮૮. એચ. જે. લૉ કૉલેજ, ભાવનગરને જૂન ૧૯૬૬થી પ્રથમ અને દ્વિતીય એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ આપવા માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, એચ. જે. લૉ કૉલેજ, ભાવનગર, નીચેની શરતનું પાલન, તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને દ્વિતીય એલએલ.બી. સુધીના વર્ગો માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

ગ્રંથાલય માટે પ્રતિવર્ષ રૂા. ૨,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૮૯. સરદાર વલ્લભભાઈ રીજિયોનલ કૉલેજ ઑફ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલો સુરતને જૂન ૧૯૬૬થી બી.ઈ.(સિવિલ, મિકેનિકલ એન્ડ ઇલેક્ટ્રિકલ)ના અભ્યાસક્રમો શી માટે ચાલુ જોડાણ આપવા માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલનો ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, સરદાર વલ્લભભાઈ રીજિયોનલ કૉલેજ ઑફ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજી, સુરતને બી.ઈ.(સિવિલ, મિકેનિકલ એન્ડ ઇલેક્ટ્રિકલ)ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

બાબત નં. ૯૦ અને ૧૦૧ની વિચારણા એકસાથે કરવામાં આવી.

૯૦. એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગરને જૂન ૧૯૬૬થી દ્વિતીય અને તૃતીય વર્ષ એમ.બી., બી.એસ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ આપવા માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગર, નીચેની શરતોનું પાલન, તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને દ્વિતીય અને તૃતીય એમ.બી.,બી.એસ. સુધીના વિષયો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચેની જગ્યાઓ પર નિમણૂકો કરવામાં આવે :

(૧) એનેટોમીના એક પ્રોફેસર
(૨) ફિઝિયોલોજીના એક પ્રોફેસર
(૩) પેથોલોજીના એક પ્રોફેસર
(૪) ઓપ્થાલ્મોલોજીના એક પ્રોફેસર
(૫) રેડિયોલોજીના એક પ્રોફેસર
(૬) ઑર્થોપેડિક્સના એક પ્રોફેસર
(૭) મેડિસિનના બે પ્રોફેસર
(૮) સર્જરીના બે પ્રોફેસર
(૯) પેથોલોજીના બે વ્યાખ્યાતા
(૧૦) ફાર્મેકોલોજીના એક વ્યાખ્યાતા
(૧૧) પ્રિવેન્ટિવ એન્ડ સોશિયલ મેડિસિનના એક વ્યાખ્યાત
(૧૨) મેડિસિનના ચાર વ્યાખ્યાતા
(૧૩) ઇન્ફેક્શિયસ ડિસીઝના એક વ્યાખ્યાતા
(૧૪) પેડિયાટ્રિક્સના એક વ્યાખ્યાતા
(૧૫) સર્જરીના ચાર વ્યાખ્યાતા
(૧૬) રેડિયોલોજીના બે વ્યાખ્યાતા

(૧૭) ડેન્ટિસ્ટ્રીના એક વ્યાખ્યાતા
(૧૮) એનેસ્થેસિયોલોજીના એક વ્યાખ્યાતા
(૧૯) ખાલી પડેલી જુનિયર લેક્ચરરની જગ્યાઓ;

૨. કૉલેજ-હૉસ્પિટલમાં ૭૦૦ પથારીઓ સુધીની વ્યવસ્થા કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ નીચેના સુધારા સાથે મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી :

તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૭૧ને બદલે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધી ચાલુ જોડાણ આપવું.

૧૦૧. એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગરના ત્રિવાર્ષિક તપાસના અહેવાલમાં નીચે જણાવેલા નીચેના મુદ્દાઓ પર તેની સામે જણાવેલ કૉલેજના વિધાન પર વિચારણા કરવા બાબત :

તપાસસમિતિના મુદ્દા	કૉલેજનો જવાબ
(૧) નિયમ મુજબ પથારીઓની સંખ્યા ૭૫૦ જોઈએ જ્યારે કૉલેજમાં ૫૦૪ પથારીઓ છે.	હૉસ્પિટલના મકાનમાં જેમ જેમ વધારો થતો જશે તેમ તેમ પથારીઓનો વધારો કરીશું.
(૨) શિક્ષકોની ૪૫ જગાઓ ખાલી છે.	આ પૈકીની ૮ નિમણૂકો મંજૂર થઈ, બાકીની નિમણૂક માટે ડાયરેક્ટર ઑફ હેલ્થ ઍન્ડ મેડિકલ સર્વિસીઝ, અમદાવાદને જણાવ્યું છે.

આથી ઠરાવવામાં આવે છે કે, કૉલેજના સ્ટાફની ઊણપો તા. ૧૫-૬-૧૯૬૬ સુધીમાં પૂરી કરવા માટે સદરહુ કૉલેજના આચાર્યને તથા રાજ્ય સરકારને ઘટતું લખવું તથા શિક્ષકગણની માહિતી દર વર્ષે જુલાઈની ૧૫મી સુધીમાં યુનિવર્સિટી કાર્યાલયને મોકલી આપવા જણાવવું અને ઉમેરવું કે તેમ ન થાય ત્યાં સુધી સિન્ડિકેટના તા. ૧૩-૭-૧૯૬૩ની સભાના ઠરાવ અન્વયે જે વિદ્યાર્થીઓને પ્રથમ એમ.બી., બી.એસ.માં પ્રવેશ આપવાની પરવાનગી આપવામાં આવી છે તે પરવાનગીનો ઉપયોગ કરી શકાશે નહિ.

૯૨. શ્રીમતી નાથીબા હરગોવિંદદાસ લક્ષ્મીચંદ મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ, અમદાવાદને જૂન ૧૯૬૬થી પ્રથમ, દ્વિતીય અને તૃતીય એમ.બી., બી.એસ.ના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ આપવા માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, શ્રીમતી નાથીબા હરગોવિંદદાસ લક્ષ્મીચંદ મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ, અમદાવાદ, નીચેની શરતનું પાલન તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને પ્રથમ, દ્વિતીય અને તૃતીય એમ.બી.,બી.એસ.ના વિષયો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

ઓછામાં ઓછા પચીસ (૨૫) વિદ્યાર્થીઓ રહી શકે તેવું છાત્રાલય ન હોય તો તે માટે જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૯૨. ગવર્નમેન્ટ ડેન્ટલ કૉલેજ, અમદાવાદને જૂન ૧૯૬૬થી તૃતીય બી.ડી.એસ.ના ચાલુ જોડાણ તથા ચતુર્થ બી.ડી.એસ.ના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, ગવર્નમેન્ટ ડેન્ટલ કૉલેજ, અમદાવાદ, નીચેની શરતોનું પાલન, તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને તૃતીય બી.ડી.એસ. સુધીના વિષયો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું ચાલુ જોડાણ તથા ચતુર્થ બી.ડી.એસ.ના વિષયો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચેની ખાલી જગ્યાઓ પૂરવામાં આવે :

(૧) ઓરલ સર્જરીના એક પ્રાધ્યાપક

(૨) પીરિયોડોન્શિયાના એક પ્રાધ્યાપક

(૩) ઓર્થોડોન્શિયાના એક પ્રાધ્યાપક

(૪) ઑપરેટિવ ડેન્ટિસ્ટ્રીના એક પ્રાધ્યાપક

(૫) ઓરલ ડાયેગ્નોસિસના એક સીનિયર લેક્ચરર

(૬) તે ઉપરાંત પીરિયોડોન્શિયા અને પ્રિવેન્ટિવ ડેન્ટિસ્ટ્રી એ બે વિષયોમાં એક એક સીનિયર લેક્ચરરની નવી જગ્યા કાઢવામાં આવે અને તે જગ્યાઓ પર જૂન ૧૯૬૭ સુધીમાં નિમણૂંકો કરવાની બાંયધરી આપવામાં આવે;

૨. ૨૦ વધારાની ડેન્ટલ ખુરસીઓ તથા વધારાના ૨૦ યુનિટો માટે વ્યવસ્થા કરવામાં આવે;

૩. ઓછામાં ઓછા પચ્ચીસ (૨૫) વિદ્યાર્થીઓ રહી શકે તેવું છાત્રાલય ન હોય તો તે માટે જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૯૩. ગવર્નમેન્ટ મેડિકલ કૉલેજ, સુરતને જૂન ૧૯૬૬થી તૃતીય એમ.બી.,બી.એસ.ના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ આપવા માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, ગવર્નમેન્ટ મેડિકલ કૉલેજ, સુરત, નીચેની શરતનું પાલન, તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને તૃતીય એમ.બી.,બી.એસ.

સુધીના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :

(૧) ફિઝિયોલોજીના એક પૂર્ણ સમયના પ્રાધ્યાપક

(૨) એનેટોમીના એક વ્યાખ્યાતા

(૩) ફિઝિયોલોજીના એક વ્યાખ્યાતા

(૪) ફાર્મેકોલોજી અને પેથોલોજીમાં ખાલી જગ્યાઓ પૂરવામાં આવે

(૫) મેડિસિન અને સર્જરીમાં હાઉસમેન અને રજિસ્ટ્રારોની વ્યવસ્થા કરવામાં આવે

(૬) ગાયનેકોલોજીના શિક્ષકોની ખાલી જગાઓ પૂરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૯૪. નવીનચંદ્ર મફતલાલ એગ્રિકલ્ચર કૉલેજ, નવસારીને જૂન ૧૯૬૬થી એફ.વાય.-બી.એસસી.(એગ્રિ.)ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ આપવા માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, નવીનચંદ્ર મફતલાલ એગ્રિકલ્ચર કૉલેજ, નવસારી, નીચેની શરતોનું પાલન, તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને એફ.વાય.બી.એસસી. (એગ્રિ.) સુધીના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું ચાલુ જોડાણ; તથા એસ.વાય.બી.એસસી.(એગ્રિ.)સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

નીચે પ્રમાણેની નિમણૂકો કરવામાં આવે :

(૧) એગ્રોનોમીના એક વ્યાખ્યાતા

(૨) બોટેનીના એક વ્યાખ્યાતા

(૩) ફિઝિક્સના એક વ્યાખ્યાતા

(૪) એગ્રિ. કેમિસ્ટ્રીના એક વ્યાખ્યાતા

(૫) એગ્રિ. ઇકોનોમિક્સના એક વ્યાખ્યાતા

(૬) એગ્રોનોમીના એક ડેમોન્સ્ટ્રેટર

(૭) બોટેનીના એક ડેમોન્સ્ટ્રેટર

(૮) એનિમલ સાયન્સના એક ડેમોન્સ્ટ્રેટર

(૯) એગ્રિ. કેમિસ્ટ્રીના એક ડેમોન્સ્ટ્રેટર

(૧૦) એગ્રિ. ઇકોનોમિક્સના એક ડેમોન્સ્ટ્રેટર

(૧૧) એગ્રિ. આસિસ્ટન્ટ કુલ ૧૦."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૯૫. એલ. ડી. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદને જૂન ૧૯૬૬થી પીએચ.ડી.માં પ્રાકૃત, સંસ્કૃત અને પ્રાચીન ભારતીય સંસ્કૃતિના અભ્યાસક્રમો શીખવવા માટે માન્યતા ચાલુ રાખવા માટેની અરજી.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, લાલભાઈ દલપતભાઈ વિદ્યામંદિર, અમદાવાદને પ્રાકૃત, સંસ્કૃત અને પ્રાચીન ભારતીય સંસ્કૃતિના વિષયોમાં પીએચ.ડી.ના અભ્યાસક્રમો માટેની માન્યતા તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધી ચાલુ રાખવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૯૬. કલેક્ટર, દમણ તરફથી જૂન ૧૯૬૬થી દમણ ખાતે શરૂ કરાનાર આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ માટે આવેલ જોડાણ અરજી.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"સદરહુ કૉલેજના જોડાણ અંગે રાજ્ય સરકાર તરફથી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૫(૪) હેઠળ જરૂરી મંજૂરી આવી છે તેની નોંધ લઈને, ઠરાવવામાં આવે છે કે, ગવર્નમેન્ટ ઑફ ગોવા, દમણ અને દીવ તરફથી દમણ ખાતે શરૂ કરાનાર આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, નીચેની શરતોનું પાલન, તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ યર બી.એ. તથા ફર્સ્ટ યર બી.એસસી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :

(૧) આચાર્ય

(૨) અંગ્રેજીના એક વ્યાખ્યાતા

(૩) ગુજરાતીના એક વ્યાખ્યાતા

(૪) સંસ્કૃતના એક વ્યાખ્યાતા

(૫) હિંદીના એક વ્યાખ્યાતા

(૬) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા

(૭) તર્કશાસ્ત્ર અને માનસશાસ્ત્રના એક વ્યાખ્યાતા

(૮) ઇતિહાસ અને રાજ્યબંધારણના એક વ્યાખ્યાતા

(૯) ગણિતના એક વ્યાખ્યાતા

(૧૦) રસાયણવિજ્ઞાનના એક વ્યાખ્યાતા

(૧૧) જીવવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૧૨) ભૌતિકવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૧૩) ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન અને જીવવિજ્ઞાન એ પ્રત્યેકને માટે એક એક ડેમોન્સ્ટ્રેટર
(૧૪) ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન અને જીવવિજ્ઞાન એ પ્રત્યેકને માટે એક એક લેબોરેટરી આસિસ્ટન્ટ
(૧૫) એક વ્યાયામ શિક્ષક;

[**નોંધ:**—(૧) ઉપર જણાવેલા વિષયો સિવાયના વિષયો શીખવવા ઇચ્છતા હોય તેવા દરેક વિષય માટે જરૂરી લાયકાત ધરાવતા શિક્ષકની નિમણૂક કરી યુનિવર્સિટીને જાણ કરવી.
(૨) આચાર્ય જે વિષય શીખવવાની લાયકાત ધરાવતા હોય તે વિષય માટે જુદા શિક્ષક નીમવાની જરૂર નથી.]

૨. કૉલેજના મકાનમાં નીચે પ્રમાણે વ્યવસ્થા કરવામાં આવે :
(૧) આચાર્યનો એક ખંડ
(૨) કાર્યાલય માટેનો એક ખંડ
(૩) શિક્ષકો માટેનો ખંડ
(૪) વિદ્યાર્થીઓ માટેનો એક ખંડ
(૫) વિદ્યાર્થિનીઓ માટેનો એક ખંડ
(૬) ગ્રંથાલય માટેનો એક ખંડ
(૭) વિદ્યાર્થીઓની સંખ્યાના પ્રમાણમાં જરૂરી માપના (વિદ્યાર્થી દીઠ આઠ ચોરસ ફૂટ પ્રમાણે) વર્ગ તથા ટ્યૂટોરિયલ ખંડો અને પ્રયોગશાળા માટેના ખંડો;

૩. મે ૧૯૬૯ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે;

૪. પ્રયોગશાળાઓ સુસજ્જ કરવા માટે રૂા. ૧,૦૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૫. છાત્રાલયની વ્યવસ્થા કરવામાં આવે;

૬. રમતગમત માટે સુયોગ્ય મેદાનની વ્યવસ્થા કરવામાં આવે;

૭. ગ્રંથાલય માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ રૂા. ૭,૦૦૦નો નીચે પ્રમાણે ખર્ચ કરવામાં આવે :

પુસ્તકો	...	રૂા. ૫,૦૦૦
સંદર્ભગ્રંથો	...	રૂા. ૧,૦૦૦
સામયિકો	...	રૂા. ૧,૦૦૦
		(કુલ રૂા. ૧૪,૦૦૦);

૮. આચાર્ય અને ગૃહપતિ માટે કૉલેજની નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૯૭. યુનિવર્સિટીના ભાઈઓ તથા બહેનોની અલગ અલગ ટુકડીના ગંગોત્રી ગિરિમાળા પરના શિખર પર આરોહણ અંગે સિન્ડિકેટની તા. ૮-૮-૧૯૬૫ની સભાના ઠરાવના અનુસંધાનમાં ઇન્ડિયન માઉન્ટેનિયરિંગ ફાઉન્ડેશન, ન્યૂ દિલ્હીથી આવેલ તા. ૨૦-૧૨-૧૯૬૫ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે —

(૧) સદરહુ પત્રની નોંધ લેવી;

(૨) ગંગોત્રી ગિરિમાળા પરના શિખર-આરોહણની યોજના યુનિવર્સિટી તરફથી હાથ ધરવી નહિ;

(૩) કોઈ રાજ્યવ્યાપી મંડળ તરફથી હિમાલયના શિખર પર આરોહણ માટેની કોઈ ચોક્કસ યોજનાનો પ્રસ્તાવ અને અંદાજી ખર્ચની વિગતો આવ્યેથી તે તપાસીને આર્થિક સહાય આપવાનું વિચારવું.

૯૮. ઉમેદરામ પંચાલ આર્ટ્સ કૉલેજ અને સર્વોદય સાયન્સ કૉલેજ, પિલવાઈમાં વ્યાયામ શિક્ષક તરીકે કામ કરી રહેલા શ્રી. સી. એ. ત્રિવેદીને ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતા ખંડ સમયના વ્યાયામ શિક્ષક તરીકે કામચલાઉ ધોરણે કાર્ય કરવા દેવાની પરવાનગી આપવા અંગે સદરહુ કૉલેજના આચાર્યની વિનંતી પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—શ્રી. ત્રિવેદી વ્યાયામ શિક્ષક તરીકે જરૂરી લાયકાત ધરાવે છે, પરંતુ શાળામાં પૂરા સમય માટે કાર્ય કરતા હોઈ કૉલેજમાં ખંડ સમય માટે રોકતા પડયા છે. જૂન ૧૯૬૬થી પૂરા સમયના વ્યાયામ શિક્ષક નીમવામાં આવશે એમ આચાર્ય જણાવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, વ્યાયામ શિક્ષણ માટે સદરહુ કૉલેજે કરેલી વ્યવસ્થા અપવાદ તરીકે ચાલુ વર્ષ પૂરતી જ મંજૂર કરવી, અને સદરહુ કૉલેજના આચાર્યને જણાવવું કે, જૂન ૧૯૬૬થી યોગ્ય લાયકાત ધરાવતા વ્યાયામ શિક્ષકની નિમણૂક કરવી આવશ્યક રહેશે.

૯૯. શ્રી. નટવરસિંહજી આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, છોટાઉદેપુરમાં અંગ્રેજીનું શિક્ષણકાર્ય કરતા શ્રી. એસ. એલ. દવેની ૩ વર્ષના શૈક્ષણિક અનુભવની ઊણપ ક્ષમ્ય ગણીને અંગ્રેજીના વ્યાખ્યાતા તરીકે કાર્ય કરવા દેવાની પરવાનગી આપવા અંગે સદરહુ કૉલેજના આચાર્યની વિનંતી પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—શ્રી. દવે બી.એ. તથા એમ.એ.ની પદવી અંગ્રેજી સાથે પાસ વર્ગમાં ધરાવે છે તથા બે વર્ષનો શૈક્ષણિક અનુભવ ધરાવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. એસ. એલ. દવેને સદરહુ કૉલેજમાં અંગ્રેજીના વ્યાખ્યાતા તરીકે કામ કરવા માટે ફક્ત ચાલુ સત્ર પૂરતી જ પરવાનગી આપવી, અને સદરહુ કૉલેજના આચાર્યને જણાવવું કે, જૂન ૧૯૬૬થી યોગ્ય લાયકાત ધરાવતા અંગ્રેજીના વ્યાખ્યાતાની નિમણૂક કરવી આવશ્યક રહેશે.

૧૦૦. મહારાજા રાજેન્દ્રસિંહજી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, રાજપીપળામાં ઇતિહાસના વ્યાખ્યાતા તરીકે નીમવામાં આવેલા શ્રી. સી. એન. મઝમુદાર જરૂરી શૈક્ષણિક લાયકાત ધરાવતા નહિ હોવાથી તેમને ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતું શિક્ષણકાર્ય કરવાની પરવાનગી આપવા અંગે સદરહુ કૉલેજના આચાર્યની વિનંતી પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) શ્રી. મઝમુદાર બી.એ.ની પદવી દ્વિતીય વર્ગમાં એન્શિયન્ટ ઇન્ડિયન કલ્ચર (મેજર સબજેક્ટ) અને સંસ્કૃત (માઇનોર સબજેક્ટ) સાથે ધરાવે છે તથા એમ.એ.ની પદવી દ્વિતીય વર્ગમાં એન્શિયન્ટ ઇન્ડિયન હિસ્ટરી એન્ડ કલ્ચર અને આર્કિયોલોજી (એન્ટાયર) સાથે ધરાવે છે. (આ અભ્યાસક્રમમાં એક પેપર ઇન્ડિયન હિસ્ટરીનો અને એક પેપર એન્શિયન્ટ હિસ્ટરીનો —એમ બે પેપરોનો સમાવેશ થાય છે.)

(૨) વિનયન વિદ્યાશાખાના ડીનના અભિપ્રાય અનુસાર શ્રી. મઝમુદાર ઇતિહાસના વ્યાખ્યાતા તરીકે માન્ય થઈ શકે નહિ.]

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. સી. એમ. મઝમુદારને ઇતિહાસના વ્યાખ્યાતા તરીકે કામ કરવા માટે ફક્ત ચાલુ સત્ર પૂરતી જ પરવાનગી આપવી, અને સદરહુ કૉલેજના આચાર્યને જણાવવું કે, જૂન ૧૯૬૬થી યોગ્ય લાયકાત ધરાવતા ઇતિહાસના વ્યાખ્યાતાની નિમણૂક કરવી આવશ્યક રહેશે.

૧૦૧. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૯૦ સાથે કરવામાં આવી હતી, અને નોંધ તેની તે ક્રમમાં આપવામાં આવી છે.

૧૦૨. ઉમેદરામ પંચાલ આર્ટ્સ કૉલેજ એન્ડ સર્વોદય સાયન્સ કૉલેજ, પીલવાઈમાં અર્થશાસ્ત્રના વિષય માટે મુલાકાતી પ્રાધ્યાપક પ્રાપ્ત ન થતાં ચાલુ વર્ષ પૂરતા કામચલાઉ ધોરણે અર્થશાસ્ત્રનું શિક્ષણકાર્ય કરતા શ્રી. બી. એમ. ચાહવાલાની ઊણપ માફ કરવા અંગે આચાર્ય તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—સિન્ડિકેટે તેની તા. ૪-૯-૧૯૬૫ની સભામાં ઠરાવ્યા પ્રમાણે મુલાકાતી પ્રાધ્યાપકની વ્યવસ્થા કરવાની હતી, છતાં કૉલેજ હજુ સુધી કરી શકી નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજના આચાર્યને સ્પષ્ટ જણાવવું કે, શ્રી. ચાહવાલાની નિમણૂક અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક તરીકે માન્ય કરી શકાય નહીં, અને યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર અર્થશાસ્ત્રના શિક્ષણ માટે યોગ્ય વ્યવસ્થા ચાલુ વર્ષ દરમિયાન, યુનિવર્સિટી તરફથી સ્પષ્ટ લખવામાં આવ્યા છતાં કરવામાં આવી નથી, તે યોગ્ય થયું નથી, એમ જણાવીને ઘટતો પત્ર આચાર્યને લખવો.

૧૦૩. પારેખ ધુરંધર સાયન્સ કૉલેજ એન્ડ શાહ કે. એસ. આર્ટ્સ કૉલેજ, કપડવંજમાં અર્થશાસ્ત્ર અને ગુજરાતી વિષયો માટે કરેલ મુલાકાતી પ્રાધ્યાપકની વ્યવસ્થા ફક્ત ચાલુ સાલ પૂરતી કામચલાઉ ધોરણે માન્ય કરવા અંગે આચાર્ય તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વ્યવસ્થા ફક્ત ચાલુ વર્ષ પૂરતી જ માન્ય કરવી અને સદરહુ કૉલેજના આચાર્યને જણાવવું કે, જૂન ૧૯૬૬થી યોગ્ય લાયકાત ધરાવતા અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક અને ગુજરાતીના પ્રાધ્યાપકની નિમણૂક કરવી આવશ્યક રહેશે.

૧૦૪. શ્રી. ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ કૉલેજ ઍન્ડ એ. એમ. પી. લૉ કૉલેજ, રાજકોટને જૂન ૧૯૬૫થી જોડાણ આપવા સેનેટે મૂકેલ શરતોના પરિપાલન અંગે સદરહુ કૉલેજના આચાર્ય તરફથી આવેલ અહેવાલ પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—સેનેટે મૂકેલી નિમણૂકોની શરતોમાં અંગ્રેજી તથા ફારસીના પ્રત્યેક વિષયના વ્યાખ્યાતાને બદલે પ્રત્યેક વિષય માટે ટયૂટરની નિમણૂક કરી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, અંગ્રેજી તથા ફારસીના ટયૂટરોની નિમણૂક ફક્ત ચાલુ સત્ર પૂરતી માન્ય કરવી અને સદરહુ કૉલેજના આચાર્યને જણાવવું કે, જૂન ૧૯૬૬થી યોગ્ય લાયકાત ધરાવતા અંગ્રેજી અને ફારસીના વ્યાખ્યાતાની નિમણૂક કરવી આવશ્યક રહેશે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજને જોડાણ આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

૧૦૫. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ (મિયાગામ), કરજણમાં કૉલેજના વર્ગો દરમિયાન શાળાના વર્ગો પણ ચાલે છે અને સ્થળના અભાવને કારણે આ વ્યવસ્થા જૂન, ૧૯૬૬ સુધી ચાલુ રાખવા દેવા માટે મજકૂર કૉલેજના આચાર્ય તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—૧૯૬૬ની મજકૂર કૉલેજની જોડાણઅરજી પર નીમવેલ સ્થાનિક તપાસસમિતિના અહેવાલમાં દર્શાવેલ ક્ષતિને આધારે કૉલેજને પુછાવતાં કૉલેજના આચાર્યે પ્રત્યુત્તર આપ્યો છે. જૂન, ૧૯૬૬થી અલગ મકાનમાં શાળાના વર્ગો ચલાવવાનું નક્કી કરવામાં આવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વ્યવસ્થા ફક્ત ચાલુ વર્ષ પૂરતી જ અને અપવાદ તરીકે માન્ય કરવી, અને કૉલેજના આચાર્યને જણાવવું કે, જૂન ૧૯૬૬થી શાળા અને કૉલેજના વર્ગોને એક સાથે ચાલુ રાખી શકાશે નહીં, અને તેની વચ્ચે ઓછામાં ઓછો ૪૫ મિનિટનો ગાળો રાખવો આવશ્યક રહેશે.

૧૦૬. સંલગ્ન કૉલેજોના અંડ સમયના શિક્ષકોને આકસ્મિક રજાઓના લાભો નહિ આપવા સારુ પી. ડી. માલવિયા કૉલેજ ઑફ કૉમર્સ, રાજકોટના આચાર્ય તરફથી આવેલ સૂચન પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—જો ઉપરનું સૂચન સ્વીકારાય તો સંલગ્ન કૉલેજોના શિક્ષકોની નોકરી અંગે યુનિવર્સિટીએ નિયત કરેલ નીચેની શરત નં. ૬ (એફ)માં સુધારો કરવો પડે.]

6 (*f*) Members of the staff appointed temporarily or on probation or part-time shall be entitled only to casual leave of 15 days in the aggregate in a year and for not more than 10 days at a time, provided that he shall not be entitled to have such casual leave prefixed or affixed to Sunday and/or Holidays and/or vacation.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ નિયમમાં કશો ફેરફાર કરવાની જરૂર જણાતી નથી.

૧૦૭. જે તબીબી અધિકારીઓ કટોકટી સમયે સંરક્ષણ દળોમાં જોડાયા હોય તે અધિકારીઓને શિક્ષક તરીકે થતી નિમણૂકોમાં રાહત (કન્સેશન) આપવા માટે મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાની કારોબારી સમિતિના નીચેના ઠરાવ પર વિચારણા કરવા બાબત:

"The Executive Committee decided that the teaching experience of Lecturers who were at par with the Assistant Professor under the previous recommendations of the Council, be counted and equated with the teaching experience of Assistant Professor for purposes of promotion to higher posts."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૧૦૮. ડિપ્લોમા ઇન સ્ટ્રક્ચરલ એન્જિનિયરિંગના બે વર્ષના ગાળાનો અનુસ્નાતક ડિપ્લોમા અભ્યાસક્રમ, એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૯-૭-૧૯૬૫ની સભામાં કરેલા ઠરાવ અનુસાર, આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ મંજૂર કરવા વિચારણા કરવા બાબત.

(નોંધ.—એકેડેમિક કાઉન્સિલે સ્ટ્રક્ચરલ એન્જિનિયરિંગનો ડિપ્લોમા વિધિસર સ્થપાઈ જાય તે પછી તેને અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિ. ૩૭૬ તથા રેગ્યુ. ૨૬૦, ૨૬૦-એ અને ૨૬૦-બી મંજૂર કરવા તથા તેને જૂન ૧૯૬૬થી અમલમાં મૂકવા.

(મંજૂર કરવામાં આવેલા સદરહુ ઑર્ડિનન્સ તથા રેગ્યુલેશનોની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૧૦૯. ડિપ્લોમા ઇન જર્નાલિઝમનો અભ્યાસક્રમ, એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૯-૭-૧૯૬૫ની સભામાં કરેલા ઠરાવ અનુસાર, આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ મંજૂર કરવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સુધારેલા ઑર્ડિ. ૩૭૫, ૩૭૫-એ. તથા રેગ્યુ. ૨૫૯, ૨૫૯-એ, ૨૫૯-બી અને ૨૫૯-સી મંજૂર કરવા, તથા તેને જૂન ૧૯૬૫થી અમલમાં મૂકવા.

(સુધારેલા ઑર્ડિનન્સ તથા રેગ્યુલેશનોની નકલ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૧૧૦. એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૪/૫-૧-૧૯૬૫ની સભામાં (બાબત ક્રમાંક ૨ થી) યુનિવર્સિટી તરફથી લેવાતી જુદી જુદી પરીક્ષાઓના નીમાતા પ્રાશ્નિકો અને પરીક્ષકો-ની નિમણૂકો અંગે જે ધારાધોરણ છે તે જોઈ-તપાસી એમાં ફેરફાર કરવાની જરૂર જણાય તો તે અંગે જરૂરી સૂચનો કરવા નીમેલી સમિતિની ભલામણો પર એકેડેમિક કાઉન્સિલની તા. ૧૭-૧૧-૧૯૬૫ની સભામાં કરેલ નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત:

ઍકેડેમિક કાન્સિલની તા. ૧૭-૧૧-૧૯૬૫ની સભાની ભલામણ

સદરહુ સમિતિના રિપોર્ટ પર ચર્ચા-વિચારણા થયા પછી નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

ભલામણો નં. ૧, ૨, ૩, ૪ અને ૫ : સદરહુ ભલામણો મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

ભલામણ નં. ૬ : સદરહુ ભલામણ મંજૂર કરવી નહિ.

ભલામણ નં. ૭ : ઍકેડેમિક કાઉન્સિલની તા. ૬/૭-૧૦-૧૯૬૫ની સભાની બાબત નં. ૩૫ પરનો ઠરાવ જોતાં સદરહુ ભલામણ અંગે વિશેષ કરવાપણું રહેતું નથી.

ભલામણ નં. ૮ : સદરહુ ભલામણ મંજૂર કરવી નહિ.

ભલામણ નં. ૯ : સદરહુ ભલામણ મંજૂર કરવા તથા તેમાં શપથ લેવડાવવા અંગે જે ઉલ્લેખ છે તે શપથનો પાઠ તૈયાર કરતી વખતે ગાઇડ અને ટ્યૂશનની પ્રવૃત્તિનો પણ ઉલ્લેખ કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

ભલામણ નં. ૧૦ : સદરહુ ભલામણ પાછળના સિદ્ધાંતનો સ્વીકાર કરવો તથા તેને અનુલક્ષીને જરૂરી કાર્યક્રમ ઘડીને બનતી ત્વરાએ તેનો અમલ કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

ભલામણ નં. ૧૧ : સદરહુ ભલામણની પેટાભલામણ (૧) અને (૨) મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

જ્યારે પેટાભલામણ (૩) અને (૪) તબીબી વિદ્યાશાખાની વિચારણા માટે મોકલવી.

આ પ્રમાણેનાં સૂચનો સાથે રિપોર્ટને સામાન્યપણે મંજૂર કરવામાં આવ્યો.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૧૨. ગ્રંથાલય સમિતિ પર ઑર્ડિ. ૨૨ પ્રમાણે સિન્ડિકેટે નિયુક્ત કરેલા નીચે જણાવેલા સભ્યોના સભ્યપદની મુદત તા. ૩-૩-૧૯૬૬ના રોજ પૂરી થતી હોઈ, તેમની જગ્યાએ ત્રણ સભ્યોને નીમવા બાબત :

(૧) શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ

(૨) શ્રી. મોતીભાઈ ડી. પટેલ

(૩) શ્રી. એસ. કે. કાત્રક.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિ પર તા. ૪-૩-૧૯૬૬થી તા. ૩-૩-૧૯૬૯ સુધીની મુદત માટે નીચેના સભ્યોની નિમણૂક કરવી :

(૧) શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ

(૨) ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ

(૩) ડૉ. અશ્વિનકુમાર માધવલાલ ત્રિવેદી.

૧૧૨. ડિપ્લોમા ઇન લાયબ્રેરી સાયન્સને બૅચેલર ઑફ લાયબ્રેરી સાયન્સ નામાભિધાન આપવામાં આવ્યું હોઈ બૅચેલર ઑફ લાયબ્રેરી સાયન્સ પરીક્ષા માટે આપવાના પદવી પ્રમાણપત્રનો મુસદ્દો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પ્રમાણપત્રનો મુસદ્દો મંજૂર કરવો.

(મંજૂર કરવામાં આવેલા પ્રમાણપત્રના મુસદ્દાની નકલ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૧૧૩. સીનિયર અને જૂનિયર સર્ટિફિકેટ કોર્સ ઇન ઇંગ્લિશની મૌખિક પરીક્ષા માટે પરીક્ષકોની સંખ્યા, પ્રત્યેક વિદ્યાર્થી માટે ઓછામાં ઓછો સમય અને પરીક્ષકનું વેતન એ બાબતોને આવરી લેતા નિયમો ઘડીને રજૂ કરવા અંગેના તા. ૧૮/૧૯-૧૨-૧૯૬૫ના રોજ મળેલ સિન્ડિકેટની સભાના બાબત નં. ૪૦ના ઠરાવ અન્વયે નીચેનાં સૂચનો પર વિચારણા કરવા બાબત:

(૧) વિદ્યાર્થીઓની સંખ્યા	... દર રોજ વધુમાં વધુ પચીસ વિદ્યાર્થીઓને તપાસવા તેથી વધુ વિદ્યાર્થીઓને તપાસવા નહિ.
(૨) પરીક્ષકોની સંખ્યા	... પ્રત્યેક વિદ્યાર્થીને બે પરીક્ષકોએ તપાસવાનું રાખવું.
(૩) પ્રત્યેક ઉમેદવારોને તપાસવા માટેનો સમય	... પ્રત્યેક વિદ્યાર્થીને તપાસવા માટે ૧૦ થી ૧૫ મિનિટનો સમય લેવો.
(૪) પરીક્ષકોના વેતનના દર	... પ્રત્યેક વિદ્યાર્થી દીઠ વેતનનો દર પ્રત્યેક પરીક્ષક માટે એક રૂપિયો રાખવો.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરીક્ષા માટે ઉપરના નિયમો મંજૂર કરવા.

૧૧૪. ઑક્ટોબર ૧૯૬૫માં લેવાયેલી જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન પ્રાશ્નિક-પરીક્ષકોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો પર તેમ જ વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી ઇલાજો અંગેના કેસો પર વિચારણા કરવા તા. ૩૧-૧-૧૯૬૬ના રોજ મળેલી પરીક્ષા શુદ્ધિસમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની તા. ૩૧-૧-૧૯૬૬ની સભાની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી ભલામણોની નકલ સામેલ કરવામાં આવી નથી.)

૧૧૫. ભાષા-સાહિત્ય ભવનમાં સંશોધન સહાય તરીકે કામ કરતા શ્રી. જે. પી. દવેને ગુજરાત સરકારના ભાષા સંચાલનતંત્ર દ્વારા ગુજરાતી કર્મચારી માટે યોજાતા ગુજરાતી શિક્ષણના સાંજના વર્ગમાં શિક્ષક તરીકે કામ કરવા અંગેની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

(આ કામ માટે મહેનતાણાના માસિક રૂા. ૭૫ મળશે.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. જે. પી. દવેને સદરહુ કામ અંગે વેતન સ્વીકારવા પરવાનગી આપવી.

૧૧૬. યુનિવર્સિટી કાર્યાલયમાં કામ કરતા નીચેના કર્મચારીઓનો તેમનાં નામ સામે બતાવેલ તારીખથી અજમાયશી સમય પૂરો થતો હોઈ તેમનાં નામ સામે બતાવેલ તારીખથી કાયમ કરવા બાબત :

ક્રમાંક	નામ	હોદ્દો	વિભાગ	અજમાયશી સમય પૂરો થયાની તારીખ	કાયમ કરવાની તારીખ
૧.	શ્રી. જે. કે. પટેલ	પટાવાળા	યુનિ. કાર્યાલય	૧૯-૪-૧૯૬૬	૨૦-૪-૧૯૬૬
૨.	શ્રી. કે. આર પ્રજાપતિ	,,	,,	૨૧-૪-૧૯૬૬	૨૨-૪-૧૯૬૬
૩.	શ્રી. એન. કે. પરમાર	,,	,,	૨૨-૪-૧૯૬૬	૨૩-૪-૧૯૬૬
૪.	શ્રી. આર. એન. નાડિયા	,,	,,	૨૨-૪-૧૯૬૬	૨૩-૪-૧૯૬૬
૫.	શ્રી. હીરાસિંગ તેજસિંગ	ચોકીદાર	,,	૨૪-૩-૧૯૬૬	૨૫-૩-૧૯૬૬.

સદરહુ સભ્યોની કામગીરી અંગેના ખાનગી અહેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા. તે પછી ઠરાવવામાં આવ્યું કે, નીચેના સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ જગ્યા પર અને તારીખથી કાયમ કરવા :

ક્રમાંક	નામ	હોદ્દો	વિભાગ	કાયમ કરવાની તારીખ
૧.	શ્રી. જે. કે. પટેલ	પટાવાળા	યુનિવર્સિટી કાર્યાલય	૨૦-૪-૧૯૬૬
૨.	શ્રી. કે. આર. પ્રજાપતિ	પટાવાળા	,, ,,	૨૨-૪-૧૯૬૬
૩.	શ્રી. એન. કે. પરમાર	પટાવાળા	,, ,,	૨૩-૪-૧૯૬૬
૪.	શ્રી. આર. એન. નાડિયા	પટાવાળા	,, ,,	૨૩-૪-૧૯૬૬.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, શ્રી. હીરાસિંગ તેજસિંગને ચોકીદારની જગ્યા પર કાયમ ન કરતાં તેમને એક માસની નોટિસ આપી છૂટા કરવા.

૧૧૭. યુનિવર્સિટી ગ્રંથાલયમાં કામ કરતા નીચેના કર્મચારીઓનો તેઓનાં નામ સામે બતાવેલ તારીખથી અજમાયશી સમય પૂરો થતો હોઈ તેમનાં નામ સામે બતાવેલ તારીખથી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	નામ	હોદ્દો	વિભાગ	અજમાયશી સમય પૂરો થયાની તારીખ	કાયમ કરવાની તારીખ
૧.	શ્રી. એચ. જી. રાવલ	પટાવાળા	ગ્રંથાલય	૧૯-૪-૧૯૬૬	૨૦-૪-૧૯૬૬
૨.	શ્રી. એન. એસ. સોલંકી	,,	,,	૨૧-૪-૧૯૬૬	૨૨-૪-૧૯૬૬
૩.	શ્રી. પી. સી. ચૌહાણ	,,	,,	૨૨-૪-૧૯૬૬	૨૩-૪-૧૯૬૬.

સદરહુ સભ્યોની કામગીરી અંગેના ખાનગી અહેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા. તે પછી ઠરાવવામાં આવ્યું કે, નીચેના સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ જગ્યા પર અને તારીખથી કાયમ કરવા :

ક્રમાંક	નામ	હોદ્દો	વિભાગ	કાયમ કરવાની તારીખ
૧.	શ્રી. એચ. જી. રાવલ	પટાવાળા	ગ્રંથાલય	૨૦-૪-૧૯૬૬
૨.	શ્રી. એન. એસ. સોલંકી	પટાવાળા	,,	૨૨-૪-૧૯૬૬
૩.	શ્રી. પી. સી. ચૌહાણ	પટાવાળા	,,	૨૩-૪-૧૯૬૬.

૧૧૮. ફાઇનાન્સ સમિતિની તા. ૩-૨-૧૯૬૬ની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની તા. ૩-૨-૧૯૬૬ની સભાની ભલામણો મંજૂર કરવી. (મંજૂર કરવામાં આવેલી ભલામણોની નકલ પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.)

(નોંધ. - ચર્ચા દરમિયાન એમ સૂચવવામાં આવ્યું કે, ફાઇનાન્સ સમિતિની સભાની કાર્યવાહીમાં પરિશિષ્ટ તરીકે જે કામળો સભ્યોને પરિપત્રિત કરવામાં આવે છે તે પરિપત્રિત ન કરતાં સભા સમયે ટેબલ પર તૈયાર રાખવાનું વિચારવું યોગ્ય જણાય છે, તો તે અંગે જે કાંઈ નિયમો ઘડવાની જરૂર જણાય તે ઘડીને સદરહુ બાબત અંગે આગળ વિચારવાનું રાખવું.)

૧૧૯. યુનિવર્સિટી કાર્યાલયમાં જુ. ક્લાર્ક તરીકે કામ કરતા શ્રીમતી ઉલ્લાસિની ધ્રુવ તા. ૨-૨-૧૯૬૬થી રાજીનામું આપી છૂટા થયા છે તેથી તેઓના ખાતે નીકળતી પ્રો. ફંડની રકમ તથા યુનિવર્સિટીએ આપવાની ફાળાની રકમ આપવા અંગે તેઓની તા. ૮-૨-૧૯૬૬ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(તેઓ યુનિવર્સિટી કાર્યાલયમાં તા. ૧૫-૧૦-૧૯૫૯થી જોડાયા હતા અને તા. ૨-૨-૧૯૬૬થી રાજીનામું આપી છૂટા થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, કુ. ઉલ્લાસિની દીવેટિયા ઉર્ફે શ્રીમતી ઉલ્લાસિની ધ્રુવને યુનિવર્સિટીના ફાળા સહિત તેમને ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ પરત કરવી.

૧૨૦. સને ૧૯૬૫-૬૬ (એપ્રિલ ૧૯૬૫થી માર્ચ ૧૯૬૬)ના વર્ષ માટે ગુજરાત યુનિવર્સિટીના કર્મચારીઓના પ્રોવિડન્ટ ફંડ ખાતામાં કયા દરે વ્યાજ આપવું તે નક્કી કરવા બાબત.

[નોંધ.—(૧) સને ૧૯૬૪-૬૫ના વર્ષ માટે પ્રોવિડંટ ફંડની ઊઘડતી બાકી ઉપર ૪ ટકાના દરે અને વર્ષ દરમિયાનના પહેલા ૭ મહિનાના ફાળા ઉપર ૨ ટકાના દરે વ્યાજ આપ્યું હતું.

(૨) સને ૧૯૬૫-૬૬ના વર્ષ માટે ગુજરાત સરકારે ૪·૨૫ ટકા વ્યાજ આપવાનું નક્કી કરેલ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે, સને ૧૯૬૫-૬૬ના વર્ષ માટે ગુજરાત યુનિવર્સિટીના કર્મચારીઓના પ્રોવિડન્ટ ફંડના ખાતામાં ૪·૨૫ (સવાચાર) ટકાના દરે વ્યાજ આપવું.

૧૨૧. શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન એન્ડ રિસર્ચ, અમદાવાદમાં પેડિયાટ્રિક્સ (ડી.પેડ.) વિષયમાં અનુસ્નાતક કેન્દ્ર બાબતમાં નિમાયેલી સ્થાનિક તપાસ-સમિતના સભ્ય ડૉ. પી. એમ. ઉદાણીનું નામ ડૉ. દાણી છપાયેલાની ભૂલ સુધારવામાં આવ્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૧૨૨. સ્કૉલરશિપ, રિસર્ચ સ્કૉલરશિપ અને રિસર્ચ ફેલોશિપ વગેરે બાબતો પર વિચારણા કરી અહેવાલ રજૂ કરવા માટે સિન્ડિકેટે નીમેલી સમિતિની તા. ૧-૨-૧૯૬૬ની સભાની નોંધ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૨૩. તા. ૨૧-૧-૧૯૬૬ના રોજ મળેલ બોર્ડ ઑફ સ્ટુડન્ટ્સ વેલ્ફેરની બેઠકની નીચેની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત :

(૧) "વધુમાં સને ૧૯૬૩-૬૪ના વર્ષના ચીફ. મેડિકલ ઑફિસરના અહેવાલને છપાવવાના ખર્ચને મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

(૨) "વધુમાં છાત્રાલયમાં ૨૦ વિદ્યાર્થીઓ રહેતા હોય ત્યાં છાત્રાલયમાં પોતાનું રસોડું ચલાવે તે પ્રબંધ કરવાનું કૉલેજો માટે ફરજિયાત રાખવાનું ઠરાવવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બોર્ડની ઉપરની બેઉ ભલામણો મંજૂર કરવી.

૧૨૪. તા. ૧૪-૧-૧૯૬૫ના રોજ મળેલી આરોગ્યકેન્દ્રની સ્થાયી સમિતિનો નીચેનો ઠરાવ :

(સમિતિનો ઠરાવ નં. ૫) :

(૧) "અત્યારે આરોગ્ય કેન્દ્રમાં એક વૉર્ડબૉય અને એક સફાઈ કામદાર છે. કેન્દ્રમાં સરેરાશ ૩૫ થી ૪૦ દરદીઓની હાજરી હોય છે, અને મોટા ભાગના કેસો ડ્રેસિંગના આવતા હોવાથી આ બે તેમાં રોકાયેલા રહે છે. વધુમાં ઑનરરી રેડિયોલોજિસ્ટ નિમાયા છે અને લેબોરેટરી ટેકનિશિયન સત્વરે નીમવાના છે. જે બે ખાતાં કામ કરતાં થતાં એક વૉર્ડબૉયની જરૂર રહેશે તો તેવી એક જગા હાલની ગ્રેડમાં ઊભી કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."
(હાલની ગ્રેડ ૪૫-૨½-૭૦ છે.)

(૨) "સમિતિના ધ્યાનમાં આવ્યું છે કે હાલના વૉર્ડબૉય માટે રહેઠાણની જોગવાઈ નથી. સામાન્ય નિયમ એવો છે કે વૉર્ડબૉય તથા સફાઈ કામદારને હૉસ્પિટાલના જ કમ્પાઉન્ડમાં ભાડામુક્ત રહેઠાણ આપવું, તે જોતાં આવા રહેઠાણની વૉર્ડબૉય માટે પણ જોગવાઈ કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."
(સફાઈ કામદાર માટે આવી જોગવાઈ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ભલામણો સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવી.

૧૨૫. અતિથિગૃહના કામ માટેના કન્સલ્ટિંગ એન્જિનિયર્સ વકીલ-મહેતા-પરીખ-શેઠ સાથે કરાર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કરારનામાનો મુસદ્દો મંજૂર કરવો.
(મંજૂર કરવામાં આવેલ કરારનામાના મુસદ્દાની નકલ પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

૧૨૬. ગ્રંથાલય સમિતિની તા. ૧૩-૧-૧૯૬૬ની સભાના નીચેના ઠરાવની વિચારણા કરવા બાબત :

ઠરાવ નં. ૨૩ : ગ્રંથાલયના નવા મકાન માટે એક માળી અને એક સફાઈ કામદારની જગા ઊભી કરવાની સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે. વધુમાં, સમાજવિદ્યા ભવન અને ભાષા-સાહિત્ય ભવનના ચોકી કરતા ચોકીદારને ગ્રંથાલયની ચોકીનું કામ સોંપવું.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ભલામણ સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવી.

૧૨૭. ગ્રંથાલય સમિતિની તા. ૧૩-૧-૧૯૬૬ની સભાના નીચેના ઠરાવની જાણ બાબત :

ઠરાવ નં. ૨૪ : મે. આર. આર. શેઠ અને મે. સરસ્વતી પુસ્તક ભંડારની ગુજરાતી પાઠ્ય-પુસ્તકો માટે ૧૫ ટકા વળતરની માગણી તેમની નિમણૂક તારીખ ૧૩-૧૦-૧૯૬૫થી કરવામાં આવે છે.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૨૮. સી. યુ. શાહ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદને જૂન ૧૯૬૬થી જોડાણ આપવા માટે આવેલ અરજીના સંદર્ભમાં મજકૂર કૉલેજ, સેકન્ડ બી.એસસી.ના વર્ગો જૂન ૧૯૬૬થી શરૂ કરવા માગતી નથી તેમ જણાવતા તે કૉલેજના આચાર્યના પત્ર પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) ચાલુ વર્ષમાં તે કૉલેજમાં ફર્સ્ટ બી.એસસી.ના વર્ગોમાં જે વિદ્યાર્થીઓ છે તેમને કૉલેજ જો સેકન્ડ બી.એસસી.ના વર્ગો જૂન ૧૯૬૬ થી ચાલુ ન કરે તો અન્ય કૉલેજોમાં પ્રવેશ મેળવવો પડશે.

(૨) સિન્ડિકેટની તા. ૨૯-૧-૧૯૬૬ની સભામાં, આ બાબત અંગે એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ આવ્યેથી રજૂ કરવા ઠરાવ્યું છે. એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ બાબત ક્રમાંક ૧૩ પર છે.]

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત પરત્વે એકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮-૧-૧૯૬૬ની સભામાં બાબત નં. ૧૩ અંગે ઠરાવ થયેલો હોઈ આ બાબતની નોંધ લેવી.

૧૨૯. સેનેટની આગામી વાર્ષિક સભા સમક્ષ રજૂ થનાર આચાર્ય કે. વી. દેસાઈના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"યુનિવર્સિટીના વિદ્યાર્થીઓની ઑ. ૧૩૫-એ પ્રમાણેની એન.સી.સી. તાલીમ સુવ્યવસ્થિત બનાવવાને માટે સેનેટની આ સભા ઠરાવે છે કે—

(૧) એન.સી.સી. તાલીમ વેકેશનના સમય દરમિયાન અપાવી જોઈએ;

(૨) વિદ્યાર્થીઓ ત્રણ મહિનાના સમયના ગાળાની એન.સી.સી. તાલીમ બે કે ત્રણ હપ્તામાં પૂરી કરે;

(૩) જે વિદ્યાર્થીઓ એન.સી.સી. તાલીમ (૨) માં જણાવ્યા પ્રમાણે પૂરી કરે તેને જ યુનિવર્સિટીની પ્રથમ ડિગ્રીની પરીક્ષામાં બેસવા દેવાને યોગ્ય ગણવા જોઈએ.

આ સેનેટ વધુમાં ઠરાવ કરે છે કે, ઉપકુલપતિશ્રી એવાં પગલાં લે કે જેથી એન.સી.સી.ના લાગતાવળગતા અધિકારીઓ આ દરખાસ્ત બાબતે સંમત થાય અને જરૂરી વ્યવસ્થા કરે, જેથી આ દરખાસ્તનો યુનિવર્સિટી ઝડપી અમલ કરી શકે."

આથી ઠરાવવામાં આવે છે કે, ભારતની યુનિવર્સિટીઓમાં સાર્વત્રિક ધોરણે દાખલ કરવામાં આવેલ તાલીમના પ્રશ્નની દેશવ્યાપી ધોરણે સમીક્ષા કરવા માટે ઇન્ટર-યુનિવર્સિટી બોર્ડ ઑફ ઇન્ડિયાને સૂચવવું; દરમિયાન એન.સી.સી. અંગેનાં હાલનાં ધોરણોમાં કશો ફેરફાર કરવો નહીં, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૧૩૦. સેનેટની આગામી વાર્ષિક સભા સમક્ષ રજૂ થનાર શ્રી. એસ. કે. ઝવેરીના નીચેના પ્રસ્તાવો પર અભિપ્રાય આપવા બાબત :

ઠરાવ ૧

"ગુજરાત યુનિવર્સિટીની સેનેટની આ સભા સિન્ડિકેટ અને સંબંધકર્તા સત્તામંડળોને ભલામણ અને વિનંતી કરે છે કે, યુનિવર્સિટી પ્રેસનું પુસ્તક-પ્રકાશન કામ લગભગ બોરંભે પડેલું હોઈ, યુનિવર્સિટી પ્રેસ વિશેષ કાર્યક્ષમ અને વેગવાન બનવું ઘટે છે તે દૃષ્ટિએ તેનો કાર્યપ્રબંધ અને વ્યવસ્થા ચોન્નવાં જોઈએ અને એનો વહીવટ વધુ સુમેળ અને સરળતાથી ચાલે તે માટે વિશેષ તકેદારી જરૂરી છે. તેમાં પણ ખાસ કરીને યુનિવર્સિટી પ્રેસના મૅનેજર સામેની પ્રેસ-કર્મચારીઓની ફરિયાદો અંગે તપાસ કરી, પ્રેસ-કર્મચારીઓમાં સંતોષભરી લાગણી સ્થાપી, પ્રેસ-મૅનેજર અને પ્રેસ-કર્મચારીઓના સંબંધો સુધારવાનું આવશ્યક છે. આ ભલામણ વિશે જે કારવાઈ થાય તેનો રિપોર્ટ સેનેટની આગામી સભામાં રજૂ કરવા સેનેટની આ સભા સિન્ડિકેટને વિનંતી કરે છે."

ઠરાવ ૨

"ગુજરાત યુનિવર્સિટી પ્રેસ એમ્પ્લોયીઝ યુનિયન (રજિ. નં. જી/૨૭૪) ગુજરાત યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓનું એકમાત્ર યુનિયન હોઈ, સેનેટની આ સભા યુનિવર્સિટીની સિન્ડિકેટ અને સંબંધકર્તા સત્તા મંડળોને ભલામણ અને વિનંતી કરે છે કે, યુનિવર્સિટીએ ઉક્ત યુનિયન સાથે વખતોવખત મળી પ્રેસ-કર્મચારીઓને સ્પર્શતી મુશ્કેલીઓ અને સવાલોનો નિકાલ કરવો."

ઠરાવ ૩

"સેનેટની આ સભા યુનિવર્સિટીની સિન્ડિકેટ અને સંબંધકર્તા સત્તામંડળોને ભલામણ અને વિનંતી કરે છે કે, તેઓ યુનિવર્સિટી કૅમ્પસમાં પ્રેસ-કર્મચારીઓ માટે જરૂરી રહેઠાણ (ક્વાર્ટર્સ)-ની વ્યવસ્થા કરવાનાં ઘટતાં પગલાં લે, અને યુનિવર્સિટીના ૧૯૯૬-૯૭ના વર્ષના અંદાજપત્રમાં તે માટેની નાણાકીય જોગવાઈ કરે."

ઠરાવ ૪

"સેનેટની આ સભા યુનિવર્સિટીની સિન્ડિકેટ અને સંબંધકર્તા સત્તા મંડળોને ભલામણ અને વિનંતી કરે છે કે, ગુજરાત યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓને પરીક્ષાઓના પ્રશ્નપત્રોના છાપકામ અંગે રાત્રે પણ કામ કરવાનું હોઈ, તેઓ (પ્રેસ-કર્મચારીઓ) માટે પ્રેસથી અલગ રીતે, તેની નજીકમાં જ, ડૉર્મિટરી (dormitory)ની વ્યવસ્થા કરે."

ઠરાવ ૫

"છેક યુનિવર્સિટી પ્રેસની સ્થાપના થઈ તે સમયથી પરીક્ષાના પ્રશ્નપત્રોના છાપકામના દરેક દિવસે પ્રત્યેક કર્મચારીને ૩૧ પૈસા પરીક્ષાભથ્થું (ટિફિન ઍલાવન્સ) આપવાનું ધોરણ નક્કી થયું છે. વર્તમાન વિષમ આર્થિક સંજોગો અને મોંઘવારીમાં ૩૧ પૈસાની રકમ અતિ અલ્પ છે. આથી પરીક્ષાભથ્થા તરીકે ૩૧ પૈસાને બદલે એક રૂપિયો પ્રેસ-કર્મચારીઓને આપવા સેનેટની આ સભા સિન્ડિકેટને ભલામણ અને વિનંતી કરે છે."

ઠરાવ ૬

"યુનિવર્સિટી કાર્યાલય અને યુનિવર્સિટી મુદ્રણાલયમાં જાહેર તહેવારો, માંદગીની રજા, આકસ્મિક રજા, હક્ક રજા વગેરે રજાઓનાં ધારાધોરણોમાં રહેલી અસમાનતા દૂર કરી, યુનિવર્સિટી મુદ્રણાલયને યુનિવર્સિટી કાર્યાલયના ધોરણે જ ઉપરોક્ત તમામ રજાઓ આપવા સેનેટની આ સભા સિન્ડિકેટને ભલામણ અને વિનંતી કરે છે."

બજેટમાં સુધારાવધારા

"(૧) યુનિવર્સિટી મુદ્રણાલયનો અંદાજી ખરચ જે રૂા. ૨,૭૧,૦૦૦નો આંકવામાં આવ્યો છે તેમાં રૂા. ૧૦૦નો કાપ મૂકવો.

(૨) યુનિવર્સિટી પ્રકાશન તથા તે માટેની ગ્રાન્ટનો અંદાજી ખરચ જે રૂા. ૨,૧૫,૦૦૦નો આંકવામાં આવ્યો છે તેમાં રૂા. ૧૦૦નો કાપ મૂકવો.

(૩) યુનિવર્સિટીના એસ્ટાબ્લિશમેન્ટ ખરચ માટે રૂા. ૪૨,૦૦૦ વધારે ફાળવવા અને તે રકમ યુનિવર્સિટીના ઑફિસરો તથા શિક્ષકો સિવાયના કર્મચારી (Servants other than officers and teachers of the University) માટે ગુજરાત યુનિવર્સિટી ઍક્ટની કલમ ૫૩માં બતાવ્યા મુજબ વીમો લેવા માટે વાપરવી."

આથી ઠરાવવામાં આવે છે કે (૧) સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવમાં કરેલા વિધાનો સાથે સંમત નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો.

(૩) આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પ્રશ્ન યુનિવર્સિટીની સિન્ડિકેટના ધ્યાનમાં છે, પરંતુ ચાલુ નાણાકીય વર્ષમાં રહેઠાણના ખર્ચની જોગવાઈ થઈ શકે તેમ નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો.

(૪) આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પ્રસ્તાવની તરફેણમાં સિન્ડિકેટ નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો.

(૫) આથી ઠરાવવામાં આવે છે કે, અન્ય સવલતો જોતાં સદરહુ ભથ્થા (એલાવન્સ)માં વધારો કરવાની જરૂર નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો.

(૬) આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પ્રસ્તાવની તરફેણમાં સિન્ડિકેટ નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો.

(નોંધ.—બજેટમાં સૂચવાયેલા સુધારા પરત્વે સિન્ડિકેટને કશો અભિપ્રાય આપવાની જરૂર જણાતી નથી.)

૧૩૧. સેનેટની આગામી વાર્ષિક સભા સમક્ષ રજૂ થનાર આચાર્ય સી. કે. ભટ્ટના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત:

"(૧) સેનેટની આ સભા ઠરાવે છે કે, સેનેટની સભા સમક્ષનો એજન્ડા પૂરો ન થાય ત્યાં સુધી તેની કાર્યવાહી લંબાવવામાં આવે અને સેનેટ સમક્ષનું સમગ્ર કામકાજ નિર્ણયાત્મક તબક્કામાં પહોંચાડવામાં આવે."

(૨) "સેનેટની આ સભા ઠરાવે છે કે, પ્રી-યુનિવર્સિટી આર્ટ્સ, કૉમર્સ અને સાયન્સ—એમ ત્રણે વિદ્યાશાખામાં પ્રથમ વર્ષમાં ઉત્તીર્ણ થયા પછી વિદ્યાર્થી વિદ્યાશાખા બદલીને તેને અનુકૂળ તેવી વિદ્યાશાખામાં ફર્સ્ટ ઇયર બી.એ.,બી.કૉમ. કે બી.એસસી.માં દાખલ થઈ શકે છે. જે તે વિદ્યાશાખા નક્કી કરે તેવા પ્રી-યુનિવર્સિટીના નિયત કરેલા એક પેપરમાં વિદ્યાર્થીએ પરીક્ષા આપવાની પૂર્વશરત રહેશે."

(૧) આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત પરત્વે સિન્ડિકેટને કશો અભિપ્રાય આપવાની જરૂર જણાતી નથી.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત પરત્વે સિન્ડિકેટને કશો અભિપ્રાય આપવાની જરૂર જણાતી નથી.

૧૩૨. સેનેટની આગામી વાર્ષિક સભામાં રજૂ થનાર આચાર્ય એસ. આર. ભટ્ટના નીચેના પ્રસ્તાવો પર અભિપ્રાય આપવા બાબત :

ઠરાવ ૧

"આથી સિન્ડિકેટ અને અન્ય અધિકૃત મંડળોને ભલામણ કરવામાં આવે છે કે, ગુજરાત યુનિવર્સિટીના ૧૯૬૬-૬૭ના અંદાજપત્રમાં યુનિવર્સિટી શિક્ષણ તથા સંશોધન માટે ખર્ચના અંદાજેલા રૂા. ૨૦,૦૫,૬૦૦ ને બદલે રૂા. ૨૦,૩૦,૬૦૦ની જોગવાઈ કરી સ્થાનિક તેમ જ ભારતનાં અન્ય વિશ્વવિદ્યાલયોના વિદ્વાન પ્રાધ્યાપકોને નિમંત્રણ આપી આપણાં ભવનોમાં જરૂરી વિષયો પર વ્યાખ્યાનો યોજવામાં રૂપિયા પચીસ હજારની રકમનો આ વર્ષે ઉપયોગ કરવો."

ઠરાવ ૨

"આથી સિન્ડિકેટ તેમ જ અન્ય અધિકૃત મંડળોને ભલામણ કરવામાં આવે છે કે, ગુજરાત યુનિવર્સિટીના ૧૯૬૬-૬૭ના અંદાજપત્રમાં પ્રતિનિધિત્વ-ફી તેમ જ પ્રતિનિધિ તરીકે જવા-આવવાના મુસાફરી ભથ્થાં માટેના અંદાજેલા રૂા. ૭,૦૦૦ના ખર્ચને બદલે રૂપિયા વીસ હજારનો ખર્ચ મંજૂર કરવો અને વિવિધ વિદ્યા માટેનાં અખિલ ભારતીય સંમેલનોમાં યુનિવર્સિટીના પ્રતિનિધિઓ મોકલીને તે વિદ્યા-વિષયો માટેનો રાષ્ટ્રીય સંપર્ક સ્થાપવા અને નિભાવવાના કાર્યમાં વધારાની રકમનો ઉપયોગ કરવો."

ઠરાવ ૩

"માર્ચ ૧૯૬૫ની સેનેટની સભામાં ગુજરાતી પાઠ્યપુસ્તકોનું પ્રકાશન ત્વરિત બને તે હેતુથી મોટી રકમ ખર્ચવાની સેનેટની ભલામણ છતાં તા. ૩૦-૧૧-૧૯૬૫ સુધીમાં એ કામમાં ફક્ત રૂા.૫૭,૭૩૦ ખર્ચી શકાયા છે તેની નોંધ લઈને સેનેટની આ સભા સિન્ડિકેટ અને અન્ય અધિકૃત મંડળોને આગ્રહયુક્ત ભલામણ કરે છે કે, ૧૯૬૬-૬૭ના પાઠ્યપુસ્તકના પ્રકાશન માટે અંદાજેલી રકમનો પૂરો ઉપયોગ કરીને વધુ વિષયોમાં અને વધુ સંખ્યામાં પુસ્તકોનું પ્રકાશન થાય તેવી યોજના સફળ બનાવે."

ઠરાવ ૪

"આથી સિન્ડિકેટ અને અન્ય અધિકૃત મંડળોને ભલામણ કરવામાં આવે છે કે, ૧૯૬૬-૬૭ના વર્ષમાં અનુસ્નાતક કાર્ય માટે અંદાજેલી રકમ રૂા. ૧,૨૫,૦૦૦ને બદલે રૂા. ૧,૪૦,૦૦૦નો અંદાજ મંજૂર કરીને વધારાની રકમ આપણાં અનુસ્નાતક કેન્દ્રોમાં પ્રત્યેક વિષયમાં બીજાં કેન્દ્રોના તે વિષયના વિદ્વાનોનાં વ્યાખ્યાનો યોજવામાં ખર્ચવી."

ઠરાવ ૫

"આથી સિન્ડિકેટને અને અન્ય અધિકૃત મંડળોને ભલામણ કરવામાં આવે છે કે, યુનિવર્સિટીના જે બે કર્મચારીઓના અકાળ અવસાન થયા છે તે પ્રત્યેકના કુટુંબને રૂપિયા અઠી હજારની આશ્વાસન ટ્રેણુગી કરવાના હેતુથી ૧૯૬૬-૬૭ના અંદાજપત્રકમાં રૂપિયા પાંચ હજારના ખર્ચની જોગવાઈ કરે."

(૧) આથી ઠરાવવામાં આવે છે કે, બજેટના સૂચિત સુધારા પરત્વે સિન્ડિકેટને કશો અભિપ્રાય આપવાની જરૂર જણાતી નથી.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે, બજેટના સૂચિત સુધારા પરત્વે સિન્ડિકેટને કશો અભિપ્રાય આપવાની જરૂર જણાતી નથી.

(૩) આથી ઠરાવવામાં આવે છે કે, બજેટના સૂચિત સુધારા પરત્વે સિન્ડિકેટને કશો અભિપ્રાય આપવાની જરૂર જણાતી નથી.

(૪) આથી ઠરાવવામાં આવે છે કે, બજેટના સૂચિત સુધારા પરત્વે સિન્ડિકેટને કશો અભિપ્રાય આપવાની જરૂર જણાતી નથી.

(૫) આથી ઠરાવવામાં આવે છે કે, બજેટના સૂચિત સુધારા પરત્વે સિન્ડિકેટને કશો અભિપ્રાય આપવાની જરૂર જણાતી નથી.

૧૩૩. સેનેટની આગામી વાર્ષિક સભામાં રજૂ થનાર આચાર્ય ધીરુભાઈ ઠાકરના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

પ્રસ્તાવ

"સેનેટની આ સભા ઠરાવે છે કે, ૧૯૬૬ના જૂનથી આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કોલેજોના વિદ્યાર્થીઓને એન.સી.સી. તાલીમ ફરજિયાત ધોરણે આપવી અને નિયમિત તાલીમ લેનાર વિદ્યાર્થીઓને એ બદલ વાર્ષિક પરીક્ષામાં ૩ ટકા ગુણ વધારે આપવા. આને અંગે સંબંધકર્તા ઑર્ડિનન્સમાં ઘટતો સુધારો કરવાની સત્તા સિન્ડિકેટને આપવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, ભારતની યુનિવર્સિટીઓમાં સાર્વત્રિક ધોરણે દાખલ કરવામાં આવેલી તાલીમના પ્રશ્નની દેશવ્યાપી ધોરણે સમીક્ષા કરવા માટે ઇન્ટર-યુનિવર્સિટી બોર્ડ ઑફ ઇન્ડિયાને સૂચવવું. દરમિયાન એન.સી.સી. અંગેનાં હાલનાં ધોરણોમાં કશો ફેરફાર કરવો નહિ, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૧૩૪. સેનેટની આગામી વાર્ષિક સભામાં રજૂ થનાર આચાર્ય દયાશંકર જોષીના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

પ્રસ્તાવ

"આથી સેનેટની આ સભા ઘટતાં અધિકૃત મંડળોને ભલામણ કરે છે કે, ઑર્ડિ. આર્ટ્સ-૬ એની રીતે સુધારવામાં આવે કે, ઇતિહાસનો વિષય જે ફક્ત જૂથ ૨ માં છે તેને તે ઉપરાંત ફક્ત ગૌણ વિષય તરીકે લઈ શકાય એ શરતે, જૂથ ૧માં પણ ઉમેરવામાં આવે અને જૂથ ૧માં અંગ્રેજી, ગુજરાતી તથા હિન્દી એ ત્રણ વિષયો છે તેમને તે ઉપરાંત ફક્ત ગૌણ વિષય તરીકે લઈ શકાય એ શરતે, જૂથ ૨ માં પણ તે ઉમેરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત પરત્વે સિન્ડિકેટને કશો અભિપ્રાય આપવાની જરૂર જણાતી નથી.

૧૩૫. સેનેટની આગામી વાર્ષિક સભામાં રજૂ થનાર પ્રો. સી. એલ. શાસ્ત્રીના નીચેના પ્રસ્તાવો પર અભિપ્રાય આપવા બાબત :

પ્રસ્તાવ ૧

"આથી સેનેટની આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે કે, ગુજરાત યુનિવર્સિટી સાથે સંકળાયેલ કૉલેજોમાં, જ્યાં એક ફૅકલ્ટી (વિદ્યાશાખા) હોય ત્યાં એક હજાર વિદ્યાર્થીઓ અને જ્યાં બે ફૅકલ્ટી હોય ત્યાં બે હજાર (પ્રત્યેક ફૅકલ્ટીમાં એક હજાર) વિદ્યાર્થીઓ દાખલ કરવા માટે નિયમો ઘડે, જેથી શિક્ષણનો સદ્‌હેતુ જળવાય."

પ્રસ્તાવ ૨

"સેનેટની આ સભા ઠરાવે છે કે, સિન્ડિકેટે ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજોમાં અધ્યાપકોની નિમણૂક અંગે નીચેના નિયમો ઘડવા અને જૂન ૧૯૬૭ પહેલાં સેનેટમાં તે નિયમો દર્શાવવા :

(૧) કોઈ પણ અધ્યાપક Permanent થાય પછી તેને અનેપુણ્ય (inefficiency)નું કારણ આપી છૂટા કરી શકાય નહિ.

(૨) કોઈ સ્થાયી અધ્યાપકને છૂટા કરવાનો પ્રસંગ આવે તો તેમ કરવાનાં યોગ્ય કારણોની તપાસ અંગે યુનિવર્સિટીની એક સ્થાયી સમિતિ નીમવામાં આવે અને તેની ભલામણ પ્રમાણે નિર્ણય લેવાય."

પ્રસ્તાવ ૩

"સ્ટેચ્યૂટ ૧૨૧-ડી નીચે પ્રમાણે વંચાય તેમ કરવાની વિનંતી છે :

St. 121 D :

"In the Ahmedabad city area, Post-graduate instruction shall be imparted in the University departments in the subjects which are to be taught in them, and in other Local Colleges which can fulfill the conditions of a post-graduate teaching centre, and apply for the same."

પ્રસ્તાવ ૪

"ઑ. ૧૩૫-એ(૨)માં નીચે પ્રમાણે સુધારો કરવા વિનંતી છે :

(2) Notwithstanding anything contained in (1) above, students (*i*) who cannot be enrolled in N.C.C. on account of age restriction or other rules laid down by N.C.C. Authorities, or being overseas students or having foreign domicile, or (*ii*) who have not been found by N.C.C authorities medically fit to join the N.C.C., or (*iii*) whose guardians apply for exemption from the N.C.C., will be exempted from N.C.C, etc."

પ્રસ્તાવ ૫

"Rules relating to post-graduate centresમાં Rule 1 નીચે પ્રમાણે વંચાય તેમ કરવા વિનંતી છે :

(1) Every candidate for a post-graduate degree of the University shall—

(*i*) Enrol himself at a centre for a subject or attach himself to a University teacher or teachers in the subject or subjects of his studies, as the case may be, and receive instructions for the period prescribed under the ordinances, or can enrol himself as an external student at the University."

(૧) આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત પરત્વે સિન્ડિકેટને કશો અભિપ્રાય આપવાની જરૂર જણાતી નથી.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત પરત્વે સિન્ડિકેટને કશો અભિપ્રાય આપવાની જરૂર જણાતી નથી.

(૩) આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો.

(૪) આથી ઠરાવવામાં આવે છે કે, ભારતની યુનિવર્સિટીઓમાં સાર્વત્રિક ધોરણે દાખલ કરવામાં આવેલી તાલીમના પ્રશ્નની દેશવ્યાપી ધોરણે સમીક્ષા કરવા માટે ઇન્ટર-યુનિવર્સિટી બોર્ડ ઓફ ઇન્ડિયાને સૂચવવું. દરમિયાન એન.સી.સી. અંગેનાં હાલનાં ધોરણોમાં કશો ફેરફાર કરવો નહિ, એમ સેનેટને રિપોર્ટ કરવો.

(૫) આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૧૩૬. સેનેટની આગામી વાર્ષિક સભામાં રજૂ થનાર ડૉ. ડી. એચ. સુતરિયાના નીચેના પ્રસ્તાવો પર અભિપ્રાય આપવા બાબત :

પ્રસ્તાવ ૧

Statute 193 A-1 :

"The Employees of the University both teaching and non-teaching shall be insured with benefit maturing at the age of retirement, i.e. 60 years, by the University at its own cost as under :

1. Employees drawing basic pay of Rs. 150 or less ... Rs. 1,500/-
2. Employees drawing basic pay from Rs. 151 to Rs. 300/- ... Rs. 2,500/-
3. Employees drawing basic pay from Rs. 301 to Rs. 500/- ... Rs. 4,000/-
4. The policies shall be endowment Master policy.

On any employee ceasing to be in employment of the University, the University shall cease to pay any further premiums in respect of his policy, but the employee shall have an option to continue the policy as his own endowment policy."

પ્રસ્તાવ ૨

"રાજ્યની અન્ય યુનિવર્સિટીઓની સરખામણીમાં આ યુનિવર્સિટીમાં અમલદારો કરતાં અન્ય કક્ષાની જગ્યાઓ ઓછી હોવાથી સુપરિન્ટેન્ડન્ટ, હેડક્લાર્ક વગેરે જગાઓ સપ્રમાણ ઊભી કરી, સદરહુ જગાઓ સીનિયોરિટી પ્રમાણે ભરવા આ સેનેટ સિન્ડિકેટને ભલામણ કરે છે."

(૧) આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૧૩૭. સેનેટની આગામી વાર્ષિક સભામાં રજૂ થનાર શ્રી. આર. એમ. ભટ્ટના નીચેના પ્રસ્તાવો પર અભિપ્રાય આપવા બાબત :

(૧) "સેનેટની આ સભા અહેવાલના પાના ૬૦ ઉપરની આરોગ્યકેન્દ્રની ઉપયોગિતા અંગે સંતોષ અનુભવે છે અને ઠરાવે છે કે, અમદાવાદ ઑધ્યલ સીડઝ એસોસિયેશન તરફથી ગુજરાત યુનિવર્સિટીને હૉસ્પિટલ બાંધવા માટે મળેલી રૂપિયા બે લાખની રકમના ઉપયોગ અંગે વાટાઘાટો કરી આ કેન્દ્રને વધુ ઉપયોગી અને સાધનસંપન્ન બનાવવા તેમ જ દાનની શરત અનુસાર સંલગ્ન કૉલેજોના અધ્યાપકોને માટે આ કેન્દ્ર હવે ખુલ્લું મૂકવા માટે, યુનિવર્સિટીના લાગતા વળગતા સત્તામંડળે પગલાં ભરવાં.

(૨) સેનેટની આ સભા ૧૯૬૪-૬૫ના વર્ષના અહેવાલના પાના ૪ ઉપરની વિગત સાતમી અને સંબદ્ધ પરિશિષ્ટ "ગ"ને ધ્યાનમાં લઈને, અધ્યાપકોની કાર્યક્ષમતા વધે અને સુધરે તે હેતુથી તેમ જ ગુજરાત યુનિવર્સિટીએ પોતે તેમ જ સમાજની તમામ જાહેર સંસ્થાઓએ આ સિદ્ધાન્ત સ્વીકારેલ હોઈને ગુજરાત યુનિવર્સિટીના પોતાના કર્મચારીઓ માટે લાગુ પાડવામાં આવી છે તેવી ગ્રેચ્યુઈટીની યોજના ગુજરાત યુનિવર્સિટી ઍક્ટના સેક્શન ૨૦(XV) અન્વયે, ૧૯૬૬ના જૂનથી લાગુ પાડવાને માટે સત્વરે ઘટતાં પગલાં ભરવાની લાગતાંવળગતાં સત્તામંડળોને આગ્રહભરી વિનંતી કરે છે.

(૩) ઉચ્ચ શિક્ષણના ઝડપી વિસ્તારને કારણે અને તેને પરિણામે અધ્યાપકોની સંખ્યામાં ઘણો જ મોટો વધારો થયો છે. આ વધારાને કારણે યુનિવર્સિટીએ પોતે ઘડેલા તેમ જ માન્ય અને સંલગ્ન સંસ્થાઓનાં નીતિનિયમો અને ધારાધોરણોનાં પાલન, અમલ અને અર્થઘટન અંગે ઘણી વાર પ્રશ્નો ઊભા થાય છે. યુનિવર્સિટી પોતે એક સ્વાયત્ત સંસ્થા હોઈ, આવા પ્રશ્નોના સુખદ નિરાકરણ અને નિવારણ માટે પોતાને મળેલી યુનિ. ઍક્ટના સેક્શન ૨૦ની પેટા-કલમ (XV), (XXVI) અને (XXVII) અન્વયે કોઈ યોગ્ય તંત્ર રચવાની સેનેટની આ સભા લાગતાવળગતાં સત્તામંડળોને વિનંતી કરે છે.

(૪) ગુજરાત યુનિવર્સિટીની સ્થાપના થયે ઘણો લાંબો સમય વીત્યો છે. દરમિયાનમાં ઉચ્ચ શિક્ષણનો વિસ્તાર અને વ્યાપ થયો છે. ઉચ્ચ શિક્ષણ પાસેની રાષ્ટ્રીય અને પ્રજાકીય અપેક્ષાઓમાં પણ ફેરફારો થતા આવ્યા છે. આથી યુનિવર્સિટી પોતાનાં ધ્યેયો અને જવાબદારીઓને વધુ શીઘ્રતાથી અને કાર્યક્ષમતાથી પાર પાડી શકે તે માટે યુનિવર્સિટીનાં સત્તામંડળો, સ્ટેચ્યૂટો, ઑર્ડિનન્સો અને ધારાધોરણોમાં, જાહેરમત તેમ જ શૈક્ષણિક વિચારણાઓ જાણીને, ઘટતા, સુયોગ્ય ફેરફારો કરવા માટે સેનેટની આ સભા લાગતાંવળગતાં સત્તામંડળોને વિનંતી કરે છે."

(૧) આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ આ અંગે ઘટતું કરી રહી છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પ્રસ્તાવની હાલના તબક્કે સિન્ડિકેટ તરફેણમાં નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો.

(૩) આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પ્રસ્તાવની તરફેણમાં સિન્ડિકેટ નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો.

(૪) આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પ્રસ્તાવની તરફેણમાં સિન્ડિકેટ નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૧૩૮. સેનેટની આગામી વાર્ષિક સભામાં રજૂ થનાર આચાર્ય જિતેન્દ્ર જેતલીના નીચેના પ્રસ્તાવો પર અભિપ્રાય આપવા બાબત :

(૧) "અમદાવાદમાં વધતી જતી અનુસ્નાતક શિક્ષણ લેનાર વિદ્યાર્થીઓની સંખ્યાને અનુલક્ષીને સેનેટની આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે કે, યુનિવર્સિટી તરફથી ચાલતાં વિદ્યાભવનો ઉપરાંત જે તે વિષયોમાં અનુસ્નાતક શિક્ષણની સંપૂર્ણ સગવડ ધરાવતી કૉલેજોમાં પણ અનુસ્નાતક શિક્ષણનાં કેન્દ્રો ચાલુ કરે. આ માટે જો સ્ટેચ્યૂટ્સ બદલવાની જરૂરિયાત જણાય તો તેની પણ કારવાઈ કરે.

(૨) આથી સેનેટની આ સભા ભલામણ કરે છે કે, યુનિવર્સિટીની માન્યતા ધરાવતી કૉલેજોમાં કેટલીએકમાં યુ. જી. સી.ના તથા કેટલીએકમાં યુનિવર્સિટીનાં એમ બે પ્રકારનાં શિક્ષકોનાં પગારધોરણો ચાલે છે એને બદલે બધી જ કૉલેજોમાં એક જ પ્રકારના યુનિવર્સિટીને માન્ય તથા યુ. જી. સી.ની ગ્રાન્ટને પાત્ર એવાં પગારધોરણો શિક્ષકોનાં થાય એવો પ્રબંધ સત્વરે કરે."

(૧) આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પ્રસ્તાવની તરફેણમાં સિન્ડિકેટ નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત પરત્વે સિન્ડિકેટને કશો અભિપ્રાય આપવાની જરૂર જણાતી નથી.

૧૩૯. સેનેટની આગામી વાર્ષિક સભામાં રજૂ થનાર શ્રી. એસ. એમ. ઠક્કરના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

પ્રસ્તાવ

"ગુજરાત યુનિવર્સિટીની વિનયન વિદ્યાશાખામાં સ્નાતક કક્ષા સુધી એકસ્ટર્નલ પરીક્ષા આપવાની જોગવાઈ છે. આ પ્રકારની જોગવાઈ ગુજરાત રાજ્યની માધ્યમિક શાળાઓમાં સતત બે વર્ષથી શિક્ષણકાર્ય કરતા સ્નાતક શિક્ષકો માટે અનુસ્નાતક કક્ષા સુધી આગળ વધારવા સેનેટની આ સભા જરૂરી કાર્યવાહી કરવા માટે ગુજરાત યુનિવર્સિટીની લાગતીવળગતી અધિકારી સત્તાઓને ભલામણ કરે છે."

આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૧૪૦. સેનેટની આગામી વાર્ષિક સભામાં રજૂ થનાર આચાર્ય એચ. સી. ત્રિવેદીના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"This Meeting of the Senate recommends to the Academic Council and the Syndicate to take suitable steps to amend Statutes 99 and 108 so as to include Linguistics as a separate subject under the Faculty of Arts including Education in both the cases."

આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૧૪૧. સેનેટની આગામી વાર્ષિક સભામાં રજૂ થનાર શ્રી. વી પી. મહેતાના નીચેના પ્રસ્તાવો પર અભિપ્રાય આપવા બાબત :

પ્રસ્તાવ ૧

"ગુજરાત યુનિવર્સિટીની સેનેટની આ સભા સિન્ડિકેટ, એકેડેમિક કાઉન્સિલ અને લાગતી વળગતી સમિતિઓને ભલામણ કરે છે કે, વિનયન વિદ્યાશાખામાં કૉલેજમાં જોડાયા સિવાય સ્નાતક પરીક્ષા સુધી પરીક્ષા લેવાની જે વ્યવસ્થા છે તે ચાલુ રાખવી અને તે પ્રકારની વ્યવસ્થા અનુસ્નાતક કક્ષા સુધી એટલે કે એમ.એ. અને એમ.એડ. માટે પણ કરવી."

પ્રસ્તાવ ૨

"ગુજરાત યુનિવર્સિટીની સેનેટની આ સભા સિન્ડિકેટ, એકેડેમિક કાઉન્સિલ અને લાગતી વળગતી સમિતિઓને ભલામણ કરે છે કે, એસ.એસ.સી. (મૅટ્રિક)ની પરીક્ષામાં સંસ્કૃત દરેક વિદ્યાર્થી માટે ફરજિયાત રાખવું અને સંસ્કૃતમાં બીજા વિષયો સાથે જે વિદ્યાર્થી ઉત્તીર્ણ થાય તે જ વિદ્યાર્થીને આર્ટ્સ અને સાયન્સની કૉલેજના પ્રવેશ માટે યોગ્ય ગણવો."

(૧) આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૧૬૨. સેનેટની આગામી વાર્ષિક સભામાં રજૂ થનાર આચાર્ય શ્રી. કે. એન. શાહના નીચેના પ્રસ્તાવો પર અભિપ્રાય આપવા બાબત :

"સ્ટેચ્યૂટ ૨૦૨માં નીચેની વિગતોના સુધારા કરવા :

(૧) આ સ્ટેચ્યૂટની ચોથી લીટી, પાન ૧૧૧ની બીજી લીટી, આઠમી લીટી અને ચૌદમી લીટીમાં "The School" અને "shall"ની વચમાં "consists of the departments which" ઉમેરો.

(૨) ભાગ (*i*) (4)માંથી Statistics કાઢીને બીજા વિષયોમાં ક્રમ બાળવો. ભાગ (*ii*) (3) અને (4)માંથી Statistics અને Zoology જુદા પાડી ક્રમ બાળવો."

સુધારેલો સ્ટેચ્યૂટ નીચે મુજબ થશે :

St. 202 :

The following shall be the University Schools and departments for teaching and research in the University :

(*i*) University School of Social Sciences :

This school consists of the departments which shall provide for post-graduate instruction and guide research work in the following subjects :

(1) Economics
(2) Sociology
(3) Politics
(4) Labour Welfare
(5) History
(6) Business Management and Industrial Management.

This school may also impart such instructions in Diploma Courses and Certificate Courses as may be instituted by the senate from time to time.

(*ii*) University School of Languages :

This school consists of the departments which shall provide for post-graduate instruction and guide research work on the following subjects :

(1) Gujarati
(2) Modern and Ancient Indian and foreign languages
(3) Linguistics.

(*iii*) University School of Psychology, Education and Philosophy.

This school consists of the departments which shall provide for post-graduate instruction and research work in the following subjects :

(1) Psychology
(2) Education
(3) Philosophy.

(*iv*) University School of Sciences :

This School consists of the departments which shall provide instruction and guide research work in the following subjects and branches :

(1) Physics (Pure and Applied) and all its branches including—
  (*i*) Experimental and Theoretical Physics
  (*ii*) Astro-Physics
  (*iii*) Bio-Physics.

(2) Chemistry (Pure and Applied) and all its branches including—
  (*i*) Inorganic Chemistry
  (*ii*) Organic Chemistry
  (*iii*) Physical Chemistry
  (*iv*) Bio-Chemistry
  (*v*) Chemical Technology including Chemical Engineering.

(3) Mathematics (Pure and applied)

(4) Statistics

(5) Botany and all its branches including Paleo Botany and all its branches

(6) Zoology.

સ્ટેટચૂટ ૨૦૩માં નીચે મુજબ સુધારા કરવા :

(૧) આ સ્ટેટચૂટમાં પ્રથમ ત્રણ લીટીઓ તથા ચોથીમાં "Head of the department" સુધીનો ભાગ કાઢી નાખી તેની જગ્યાએ નીચે મુજબ ઉમેરો કરો :

The professor, if any, of each subject shall be the Head of the department. In his absence or when there is no professor in a subject.

(૨) સ્ટેટચૂટની સાતમી લીટીમાં "Director"ની જગ્યાએ "Head" શબ્દ મૂકવો.

(૩) છેવટે ઉમેરો :

There shall be a director of each school. He shall be in charge of only administration work. Each department shall be independent of all others for all academic activities.

સુધારેલો સ્ટેટચૂટ નીચે મુજબ થશે :

Statute 203 :

The professor, if any, of each subject shall be the Head of the department.

In his absence, or when there is no professor in a subject, the senior whole time University teacher in the department shall work as the Head of the department.

The whole-time University teacher appointed to act temporarily as the Head of the University department in the place of the permanent incumbent on leave shall not be considered to occupy the office under the designation of the Head of the University department for the purpose of Section 16 (*i*) class 1 (*c*) (*i*) Section 19 (*I*) (*iv*) and Section 21 (*I*) class 1 (*v*) there shall be a director of each school.

He shall be incharge of only administrative work. Each department shall be independent of all others for all academic activities.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૧૪૩. સંઘવી એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૭થી શરૂ કરાનાર વિનયન અને વાણિજ્યની કૉલેજ માટે આવેલ જોડાણ-અરજી પરત્વે સ્થાનિક તપાસસમિતિ નીમવા અંગે પુનર્વિચારણા કરવા બાબત.

(નોંધ.—સિન્ડિકેટની તા. ૨૯/૩૦-૧-૧૯૬૬ની સભામાં વિનયન અને વિજ્ઞાન શાખાઓના એમ બે સભ્યો નીમાયેલા તેને બદલે વિનયનના સભ્ય પ્રિ. એન. બી. નાયક છે, વાણિજ્ય વિદ્યાશાખાના સભ્ય નીમવાની જરૂર છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સ્થાનિક તપાસસમિતિની પુનર્રચના નીચે પ્રમાણે કરવી :

(૧) આચાર્ય એન. બી. નાયક

(૨) આચાર્ય એસ. આર. મહેતા.

૧૪૪. અંગ્રેજીના વિષયની અભ્યાસસમિતિની ભલામણ મુજબ રેગ્યુ. ૨૫૭-બીના પ્રશ્નપત્ર ૧ના અભ્યાસક્રમમાંથી નીચેનો મુદ્દો કમી કરવા અને તે પ્રમાણે સુધારેલા રેગ્યુ. ૨૫૭-બીને તાત્કાલિક અમલમાં મૂકવા એકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮-૧-૧૯૬૬ની ભલામણ પર વિચારણા કરવા બાબત:

A Brief Survey of the development of the English Language :

Book recommended

F. T. Wood : 'History of the English Language'

આથી ઠરાવવામાં આવે છે કે, સુધારેલો રેગ્યુ. ૨૫૭-બી મંજૂર કરવો તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

૧૪૫. રેગ્યુ. ૬૩માં નીચેની નોંધ ઉમેરવા તથા તેને એપ્રિલ ૧૯૬૬ની પરીક્ષાથી અમલમાં મૂકવા એકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮-૧-૧૯૬૬ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત:

Note.—Any candidate who having appeared at the M.Ed. Examination in April 1965 or prior thereto has failed thereat and obtained not less than 45 per cent of marks but less than 48 per cent of marks in his dissertation shall deemed to have obtained 48 per cent of marks therein and shall be given credit in the statement of his marks accordingly.

આથી ઠરાવવામાં આવે છે કે, રેગ્યુ. ૬૩માં ઉપરની નોંધ ઉમેરીને તે પ્રમાણે સુધારેલા રેગ્યુલેશનને એપ્રિલ ૧૯૬૬ની પરીક્ષાથી અમલમાં મૂકવો.

૧૪૬. મેડિસિન-સર્જરી વિષયની અભ્યાસસમિતિની ભલામણ અનુસાર રેગ્યુ. ૧૮૫માં બ્રાન્ચ ૮ તરીકે પ્રિવેન્ટિવ એન્ડ સોશિયલ મેડિસિનનો અભ્યાસક્રમ ઉમેરી રેગ્યુ. ૧૮૫ સુધારવા તથા તેને જૂન ૧૯૬૬થી અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

આથી ઠરાવવામાં આવે છે કે, સુધારેલો રેગ્યુ. ૧૮૫ મંજૂર કરવો, તથા તેને જૂન ૧૯૬૬થી અમલમાં મૂકવો.

(સુધારેલા રેગ્યુ. ૧૮૫ની નકલ પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

૧૪૭. ઑર્ડિ. ૨૭૩માં બ્રાન્ચ ૮ તરીકે પ્રિવેન્ટિવ અને સોશિયલ મેડિસિનની બ્રાન્ચ ઉમેરવા માટે ઑર્ડિ. ૨૭૩ સુધારવા અને તેને જૂન ૧૯૬૬થી અમલમાં મૂકવા એકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮-૧-૧૯૬૬ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સુધારેલો ઑર્ડિ. ૨૭૩ મંજૂર કરવો, તથા તેને જૂન ૧૯૬૬થી અમલમાં મૂકવો.

(સુધારેલા ઑર્ડિ. ૨૭૩ની નકલ પરિશિષ્ટ "જ" તરીકે સામેલ છે.)

૧૪૮. મેડિકલ ફૅકલ્ટીની તા. ૩-૯-૧૯૬૫ની સભાની નીચેની ભલામણ અનુસાર ઑર્ડિ. ૨૮૪ તથા ઑર્ડિ. ૨૯૭ સુધારવા અને તેને જૂન ૧૯૬૬થી અમલમાં મૂકવા ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮-૧-૧૯૬૬ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિ ૨૮૪ તથા ઑર્ડિ. ૨૯૭ અન્વયે વિદ્યાર્થી સ્નાતક થયા પછી ચાર વર્ષ બાદ અથવા ૪ વર્ષના શૈક્ષણિક અનુભવ પછી રજિસ્ટર કરાવી શકે અને તે ઑર્ડિ. ૨૮૪ તથા ઑર્ડિ. ૨૯૭માં જરૂરી નોંધ ઉમેરી સુધારેલા ઑર્ડિ. ૨૮૪ તથા ઑર્ડિ. ૨૯૭ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ સુધારવા."

આથી ઠરાવવામાં આવે છે કે, સુધારેલા ઑર્ડિ. ૨૮૪ તથા ઑર્ડિ. ૨૯૭ મંજૂર કરવા તથા તેને જૂન ૧૯૬૬થી અમલમાં મૂકવા.

(સુધારેલા ઑર્ડિ. ૨૮૪ તથા ઑર્ડિ. ૨૯૭ની નકલ પરિશિષ્ટ "ઝ" તરીકે સામેલ છે.)

૧૪૯. મેડિસિન-સર્જરીની અભ્યાસસમિતિની તા. ૨-૯-૧૯૬૫ની સભાની નીચેની ભલામણો અનુસાર ડિપ્લોમા ઇન ઇન્ડસ્ટ્રિયલ હેલ્થ (ડી.આઈ.એચ.)ના અભ્યાસક્રમો અંગેના ઑર્ડિનન્સ તથા રેગ્યુલેશન્સ મંજૂર કરવા ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮-૧-૧૯૬૬ની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"અભ્યાસસમિતિએ નીમેલી સમિતિના અહેવાલ ઉપર વિચારણા કરી આ અભ્યાસસમિતિ ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છેકે, ડિપ્લોમા ઇન ઇન્ડસ્ટ્રિયલ હેલ્થ (ડી.આઈ.એચ.)નો એક વર્ષના ગાળાનો અનુસ્નાતક ડિપ્લોમા અભ્યાસક્રમ તથા તેને લગતાં ધારાધોરણો આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ રાખવાં."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી, અને તે પ્રમાણે સુધારેલા અભ્યાસક્રમ તથા તેને લગતા રેગ્યુ. ૨૬૧, રેગ્યુ. ૨૬૧-એ, રેગ્યુ. ૨૬૧-બી અને રેગ્યુ. ૨૬૧-સી તથા ઑર્ડિ. ૩૭૭ તથા ૩૭૭-એ મંજૂર કરવા, તથા તેને જૂન ૧૯૬૬થી અમલમાં મૂકવા.

(મંજૂર કરવામાં આવેલા રેગ્યુલેશનો તથા ઑર્ડિનન્સની નકલ પરિશિષ્ટ "ટ" તરીકે સામેલ છે.)

૧૫૦. મેડિસિન-સર્જરીના વિષયની અભ્યાસસમિતિની ભલામણ અનુસાર ઑર્ડિ. ૨૮૨ના પેટાવિભાગ ૨માં નીચેની નોંધ ઉમેરીને સુધારવા માટે તથા તેને જૂન ૧૯૬૬થી અમલમાં મૂકવા ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮-૧-૧૯૬૬ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત:

"For M.D. Branch VIII : Preventive and Social Medicine the following, in addition to the above, subject to clause (*i*) will apply.

(*a*) Those candidates who are already holding a recognised Post-grauduate Diploma in Public Health will be given one year's remission in post-graduate study.

(*b*) Those who have a recognised post-graduate Diploma [as in (*a*)] and have held teaching post in the Department of Preventive and Social Medicine for three years or who have worked in community health work for three years, i.e., Health Officer of a Municipality with more than 50,000 population, M.O.H. or Dy. M.O.H. of a Municipal Corporation with more than ten lakhs population, and District Heath Officers will be exempted from trainings for one and half years and he will be required to submit dissertation.

(*c*) Those who have worked as Medical Officers in Primary Health Centre or Training Health Units for three years or more and possessing the post-graduate Diploma in Health (D.P.H.) will be exempted for one and half years.

આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિ. ૨૮૨ના પેટાવિભાગ ૨માં ઉપરની નોંધ ઉમેરીને તે સુધારવો તથા તે પ્રમાણે સુધારેલા સદરહુ ઑર્ડિનન્સને મંજૂર કરીને તેને જૂન ૧૯૬૬થી અમલમાં મૂકવો.

૧૫૧. મેડિસિન-સર્જરી વિષયની અભ્યાસસમિતિની નીચેની ભલામણ મંજૂર કરવા અને તે પ્રમાણે સંબંધકર્તા ધારાધોરણોમાં જરૂરી સુધારો કરવા ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮-૧-૧૯૬૬ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

"એમ.ડી. ચાન્ચ-૮ પ્રિવેન્ટિવ ઍન્ડ સોશિયલ મેડિસિન માટે શિક્ષકની લાયકાત તથા પરીક્ષકની લાયકાત નીચે મુજબ રાખવી :

(*a*) Minimum qualification for recognition as a teacher in this Branch.

(*b*) Minimum qualification for Examiners in this Branch.

The examiners in all the papers, clinical, practical and viva voce should be persons with post-graduate Degree or Diploma in Public Health or Preventive and Social Medicine with ten years' experience after obtaining the post-graduate qualification, five years out of which he must have spent in the teaching of the subject of Preventive and Social Medicine as a Professor. When such persons are not available, the teaching experience may not be insisted upon but ten years of administative experience in Public Health work after post-graduate qualifications should suffice."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૫૨. વાણિજ્યની વિદ્યાશાખામાં "રાજ્યનીતિશાસ્ત્રનાં મૂળતત્ત્વો" એ વિષય કેવળ પ્રી-કૉમ. પૂરતો જ હોઈ તે શીખવવા માટે ઓછામાં ઓછા ખંડ સમયના એક રાજ્ય-નીતિશાસ્ત્રના વિષયમાં જરૂરી લાયકાત ધરાવતા વ્યાખ્યાતાની નિમણૂક આવશ્યક ગણવા એકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮-૧-૧૯૬૬ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, વાણિજ્યની વિદ્યાશાખામાં રાજ્યનીતિશાસ્ત્રનો વિષય શીખવવા માટે ઓછામાં ઓછા ખંડ સમયના વ્યાખ્યાતાની નિમણૂક આવશ્યક ગણવી.

૧૫૩. રેગ્યુ. આર્ટ્સ-૧૦, રેગ્યુ. કૉમ-૬ અને રેગ્યુ. કૉમ-૧૦ના પાઠમાં નીચે મુજબની પંક્તિઓ ઉમેરીને તે સુધારવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા એકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮-૧-૧૯૬૬ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"Provided, however, on his reappearing in the examination subject, in which he has failed if he obtains at least the minimum marks required for passing in that subject notwithstanding his failure to clear all the subjects at the one and same attempt, he will not be required to reappear in it."

આથી ઠરાવવામાં આવે છે કે, રેગ્યુ. આર્ટ્સ-૧૦, રેગ્યુ. કૉમ-૬ અને રેગ્યુ. કૉમ-૧૦ના પાઠમાં ઉપરની પંક્તિઓ ઉમેરીને તે સુધારવી તથા તે પ્રમાણે તે સુધારેલા રેગ્યુલેશનોને તાત્કાલિક અમલમાં મૂકવા.

૧૫૪. રેગ્યુ. કૉમ. ૧૪ આ સાથે આપ્યા પ્રમાણે વંચાય તે રીતે સુધારવા અને તેને એપ્રિલ ૧૯૬૬ની પરીક્ષાથી અમલમાં મૂકવા એકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮-૧-૧૯૬૬ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સુધારેલો રેગ્યુ. કૉમ-૧૪ મંજૂર કરવો તથા તેને એપ્રિલ ૧૯૬૬ની પરીક્ષાથી અમલમાં મૂકવો.

(સુધારેલા રેગ્યુ. કૉમ-૧૪ની નકલ પરિશિષ્ટ "ઠ" તરીકે સામેલ છે.)

૧૫૫. એન્જિનિયરિંગના અભ્યાસક્રમ માટેનું બીજું સત્ર હવે ૩૧મી માર્ચે પૂરું થતું હોવાથી સેશનલ ગુણ મોકલવા માટેની છેલ્લી તારીખ ૧૦મી માર્ચને બદલે ૫મી એપ્રિલ કરવા તથા તે પ્રમાણે રેગ્યુ. 3 સુધારવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા એકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮-૧-૧૯૬૬ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે [illegible]th March ને બદલે 5th April એ શબ્દો મૂકીને તે સુધારવો તથા [illegible]છે કે, રેગ્યુ. ૩માં 1ને તાત્કાલિક અમલમાં મૂકવો.

[illegible] તે પ્રમાણે સુધારેલા રેગ્યુલેશ

૧૫૬. વનસ્પતિવિજ્ઞાન વિષયની અભ્યાસસમિતિની ભલામણ પ્રમાણે રેગ્યુ. ૧૪માં નીચે મુજબનો સુધારો કરવા અને તેને એપ્રિલ [illegible]૬૬ની પરીક્ષાથી અમલમાં મૂકવા એકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮-૧-૧૯૬૬ની સભાની ભલામણ પર વિચારણા

કરવા બાબત :

"Elementary external morphology of root, stem leaf, inflorescence, flower and fruit of typical monocot and dicot not involving modifications છે તેમાંથી 'not' શબ્દ રદ કરવો."

સુધારેલો ભાગ નીચે મુજબ વંચાશે :

"Elementary external morphology of root, stem leaf, inflorescence flower and fruit of typical monocot and dicot, involving modifications."

આથી ઠરાવવામાં આવે છે કે, રેગ્યુ. ૧૪માં ઉપર મુજબ સુધારો કરવો, તથા તેને એપ્રિલ ૧૯૬૬ની પરીક્ષાથી અમલમાં મૂકવો.

૧૫૭. સંસ્કૃત વિષયની અભ્યાસસમિતિની ભલામણ પ્રમાણે રેગ્યુ. આર્ટ્સ-૧૨માં સંસ્કૃત વિષયના પ્રશ્નપત્ર ૭માં તેના ગુણનું વિભાગીકરણ નીચે મુજબ રાખવા અને તે પ્રમાણે રેગ્યુ. આર્ટ્સ-૧૨ સુધારીને તેને એપ્રિલ ૧૯૬૬ની પરીક્ષાથી અમલમાં મૂકવા એકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮-૧-૧૯૬૬ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

Paper VII :

(1) Translation from unseen Sanskrit passages	..	30 marks
(2) Translation from Gujarati into Sanskrit	..	25 marks
(3) Simple Essay in Sanskrit	..	15 marks.

આથી ઠરાવવામાં આવે છે કે, રેગ્યુ. આર્ટ્સ-૧૨માં પ્રશ્નપત્ર ૭માં તેના ગુણનું વિભાગીકરણ ઉપર મુજબ કરવું અને તે પ્રમાણે સુધારેલા રેગ્યુ. આર્ટ્સ-૧૨ને એપ્રિલ ૧૯૬૬ની પરીક્ષાથી અમલમાં મૂકવો.

૧૫૮. ગુજરાતી વિષયની અભ્યાસસમિતિની ભલામણ મુજબ રેગ્યુ. આર્ટ્સ-૭માં ગુજરાતી વિષયના પ્રશ્નપત્ર ૩ હેઠળ નીચે મુજબની નોંધ ઉમેરવા અને તે પ્રમાણે સુધારેલા રેગ્યુ. આર્ટ્સ-૭ને મંજૂર કરવા તથા તેને એપ્રિલ ૧૯૬૬ની પરીક્ષાથી અમલમાં મૂકવા એકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮-૧-૧૯૬૬ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"Books prescribed for this pa[illegible]e for general study only, and reference to context [illegible]per will [illegible]ked."

આથી ઠરાવવામાં આવે છે કે, રેગ્યુ. અ[illegible] will not be as[illegible]ના પ્રશ્નપત્ર ૩ હેઠળ ઉપર મુજબની નોંધ ઉમેરવી, તથા તે પ્રમાણે સુધારે[illegible]સ-૭માં ગુજરાતી વિષ[illegible]ની પરીક્ષાથી અમલમાં મૂકવો. [illegible]ા રેગ્યુ. આર્ટ્સ-૭ને એપ્રિલ [illegible]

૧૫૯. ભૂગોળની અભ્યાસસમિતિએ [illegible]
અંગે કરેલી નીચેની ભલામણ મંજૂર [illegible]તા. ૨૧-૯-૧૯૬૫ની સભામાં એમ.એ.ના ડિગ્રી[illegible]શન [illegible]વા અને તે પ્રમાણે સુધારેલા રેગ્યુ. ૨૯(સી)

મંજૂર કરવા તથા તેને જૂન ૧૯૬૬થી અમલમાં મૂકવા ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮-૧-૧૯૬૬ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"એમ.એ. ભૂગોળના પ્રશ્નપત્ર અંગેના ઉપરોક્ત પત્ર અંગે ચર્ચાવિચારણા કરવામાં આવતાં ઠરાવવામાં આવ્યું કે, ડિઝર્ટેશન રદ કરવું અથવા બીજા કોઈ પ્રશ્નપત્ર સાથે વિકલ્પે મૂકવું તે શૈક્ષણિક દૃષ્ટિએ હિતાવહ નહિ હોવાથી ડિઝર્ટેશનના પ્રશ્નપત્રમાં ફેરફાર કરવાની જરૂર નથી અને તે ચાલુ રાખવું. ડિઝર્ટેશન ચાલુ રાખવું, પરંતુ તેના ૧૦૦ ગુણને બદલે ૨૦૦ ગુણ રાખવા અને ...ાત્મક કાર્યના ૨૦૦ ગુણ નીચે પ્રમાણે રાખવા :

ટૉપિક્સ	માર્ક્સ
૧. મેપિંગ મેથડ્ઝ અને મેપ-રીડિંગ	૧૦૦
૨. સર્વેક્ષણ	૫૦
૩. મેપ-પ્રોજેક્શન	૫૦
	૨૦૦

ટૉપિક ચાર રદ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક [illegible] મંજૂર કરવી તથા તે પ્રમાણે સુધારેલો રેગ્યુ. ૨૯-સી મંજૂર કરવો અને તેને [illegible]

૧૬૦. રેગ્યુ. સાયન્સ-૧માં ભૂસ્તરવિજ્ઞાનનો વિષય રદ કરવા [illegible] વિજ્ઞાનના વિષયનો ટ્રાન્ઝિટરી ઑર્ડિનાન્સ (સેકન્ડ બી.એસસી.) જે નીચે મુજબ છે તેમાંથી પણ જિયોલૉજીનો વિષય રદ કરવા અને તે પ્રમાણે રેગ્યુલેશનોને જૂન ૧૯૬૬થી અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી :

"Notwithstanding anything contained elsewhere, it shall be competent for any candidate who has passed his First B.Sc. Examination of this University or any examination recognised as equivalent thereto to choose Geography or Geology as his optional subject in Second B.Sc. provided that such a student shall undergo course of instruction in Geography or Geology as the case may be, prescribed both for the 1st and 2nd B.Sc Examinations and elect only one more Science subject."

આથી ઠરાવવામાં આવે છે કે, રેગ્યુ. સાયન્સ-૧માં ભૂસ્તરવિજ્ઞાનનો વિષય રદ કરવો, તથા ભૂગોળ અને ભૂસ્તરવિજ્ઞાનના વિષયમાં ટ્રાન્ઝિટરી ઑર્ડિનન્સ સેકન્ડ બી.એસસી.માંથી પણ ભૂસ્તરવિજ્ઞાનનો વિષય રદ કરવો તથા તે પ્રમાણે સુધારેલા રેગ્યુલેશનને જૂન ૧૯૬૬થી અમલમાં મૂકવો.

(સુધારેલા રેગ્યુ. સાયન્સ-૧ અને ટ્રાન્ઝિટરી ઑર્ડિનન્સ સેકન્ડ બી.એસસી.ની નકલ પરિશિષ્ટ "હ" તરીકે સામેલ છે.)

૧૬૧. (અ) એકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮-૧-૧૯૬૬ની સભાની નીચેના ભલામણ :

"આથી ઠરાવવામાં આવે છે કે, આ યુનિવર્સિટીમાં ધારાશાસ્ત્રનું અનુસ્નાતક વિદ્યાભવન સ્થાપવા માટે સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી."

(બ) ધારાશાસ્ત્રનું અનુસ્નાતક વિદ્યાભવન સ્થાપવા અંગે સિન્ડિકેટના તા. ૯-૧૦-૧૯ ઠરાવના અન્વયે તે વખતના ડીન આચાર્ય ડી. ડી. દેસાઈને યોજના તૈયા જણાવતાં આચાર્ય દેસાઈ તરફથી આવેલ યોજના પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

તે પછી સભાગૃહની સંમતિથી નીચેની બાબતો વિચારણા માટે હાથ ધરવામાં આવી :

૧૬૭. રસાયણવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૧૩-૧-૧૯૬૬ની સભાની ભલામણ અનુસાર નીચે જણાવેલા વિદ્યાર્થીના નામ સામે જણાવેલ પદવી તથા વિષય અંગે આવેલ મહાનિબંધો અંગે નીચે જણાવેલ રેફરીની ક્રમાનુવર્તી નિમણૂક કરવા એકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮-૧-૧૯૬૬ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

Name of the candidate	*Degree*	*Subject*	*Referee (Internal)*
Shri T. M. Bhatt	Ph.D.	Chemistry : "Studies in Complex Dithiocarbonates"	Dr. A. M. Trivedi

External Referees (Abroad)

(1) Prof. W. C. Purdy, Ph.D., Institute for Ernahrungswissenschaft, der Jutus Liebig-Universitat Giessen, Wilhelmstrasse, 20 (Germany).

(2) Prof. R. E. Connick, Ph.D., Dean, College of Chemistry, University of California, Berkeley, 4, U.S.A.

Name of the candidate	*Degree*	*Subject*	*Referee* (*External*)
			(3) Prof. F. J. C. Rossostti, Ph.D., Department of Chemistry, University of Edinburgh, Edinburgh, Scotland (U.K.).
			(4) Prof. J. E. Salmon, Ph.D., Professor and Head of the Chemistry Department, Rattersea, College of Technology, Rattersea Park Road, S.W. 11, London (England).
			(5) Prof. A. Earnshaw, Ph.D., Department of Chemistry, Battersea, College of Technology, Battersea Park Road, S.W. 11, London (England).
			(6) Prof. H. B. Jonassen, Ph.D., Department of Chemistry, Tulane University, New Orleans, Louisiana (U.S.A.).
			External Referees (India):
			(1) Prof. A. K. Dey, D.Sc., Dept. of Chemistry, University of Allahabad, Allahabad (India).

Name of the candidate	*Degree*	*Subject*	*Referee*
			(2) Prof. R. C. Melhotra, Ph.D., Department of Chemistry, University of Rajasthan, Jaipur.
			(3) Prof. B. C. Haldar, D.Sc., Department of Chemistry, Institute of Science, Mayo Road, Fort, Bombay (India).

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વિદ્યાર્થીના મહાનિબંધ અંગે ઉપર મુજબ રેફરીઓની કમાનુવર્તી નિમણૂક કરવી.

૨૧૬. સરકારી ઑડિટરોએ તપાસેલ સને ૧૯૬૩-૬૪ના વાર્ષિક હિસાબો તથા તેમના તરફથી આવેલ સને ૧૯૬૩-૬૪ના વર્ષના હિસાબો અંગેની ઑડિટ નોંધ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સરકારી ઑડિટરોએ તપાસેલા યુનિવર્સિટીના સને ૧૯૬૩-૬૪ના વાર્ષિક હિસાબો મંજૂર કરવા.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સદરહુ ઑડિટ નોંધ અંગે કાર્યાલયે ઘડેલા જવાબો મંજૂર કરવા.

૨૧૭. બોર્ડ ઑફ એકાઉન્ટ્સના સને ૧૯૬૪-૬૫ના વાર્ષિક અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના સને ૧૯૬૪-૬૫ના હિસાબ ઉપરના બોર્ડ ઑફ એકાઉન્ટ્સે સેનેટને કરેલા રિપોર્ટની નોંધ લેવી.

૧૬૨. રેગ્યુ. ૭ સુધારવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા એકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮-૧-૧૯૬૬ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

૧૬૩. સેકન્ડ બી.ડી.એસ.ના અભ્યાસક્રમમાં General and Dental Materia Medica ને બદલે General and Dental Pharmacology એ પ્રમાણે વિષયનું મથાળું રાખવું અને સંબંધકર્તા રેગ્યુલેશનો ૨૫૩-એ અને ૨૫૩-બીમાં તે પ્રમાણે સુધારો કરવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮-૧-૧૯૬૬ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

૧૬૪. તબીબી વિદ્યાશાખાની ભલામણો અનુસાર (અ) ફૉર્મ. રેગ્યુ. ૮-એ અને ફૉર્મ. ઑર્ડિ. ૧૦ અને ફૉર્મ. ઑર્ડિ. ૧૩ સુધારવા તથા તેને ૧૯૬૬ની પરીક્ષાથી અમલમાં મૂકવા; તથા (બ) સુધારેલા રેગ્યુલેશન ફૉર્મ. રેગ્યુ. ૭, ફૉર્મ. રેગ્યુ. ૮-બી, ફૉર્મ. રેગ્યુ. ૧૫, ફૉર્મ. રેગ્યું. ૧૬, ફૉર્મ. રેગ્યુ. ૨૨, ફૉર્મ. રેગ્યુ. ૨૩, ફૉર્મ. રેગ્યુ. ૨૯, ફૉર્મ. રેગ્યુ. ૩૦, ફૉર્મ. રેગ્યુ. ૩૭ અને ફૉર્મ. રેગ્યુ. ૩૮ને મંજૂર કરવા તથા તેને એપ્રિલ ૧૯૬૬ની પરીક્ષાથી અમલમાં મૂકવા એકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮-૧-૧૯૬૬ની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

૧૬૫. પ્રત્યેક અનુસ્નાતક વિદ્યાભવન સંશોધન સામયિક પ્રગટ કરે તે માટે ઘટતી વ્યવસ્થા કરવા તથા તેનો અમલ થાય તે દરમિયાન વચગાળાની વ્યવસ્થા તરીકે યુનિવર્સિટીના હાલના સામયિક 'વિદ્યા'માં એબ્સ્ટ્રેક્ટનો વિભાગ શરૂ કરવા માટે ઘટતાં પગલાં લેવા એકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮-૧-૧૯૬૬ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

૧૬૬. રેગ્યુ. ૪૩-એ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮-૧-૧૯૬૬ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

R. 43-A :

"No candidate shall be permitted to reappear for the B.Ed. Examination with same optional subjects with a view to securing a higher class or for whatever purpose. It shall, however, be permitted for a candidate who has passed the B.Ed. Examination with one set of (Sections for Paper IV on) Special Methods of teaching to appear again in another set of (Sections for Paper IV on) Special Methods after completing two additional terms afresh. A candidate re-appearing at the B.Ed. Examination may, at his option, be excused from appearing in other compulsory papers. Such a candidate shall not be eligible for the award of a class."

૧૬૮. સ્ટે. ૯૯, ૧૦૮ તથા ૧૭૯માં નીચે પ્રમાણે ફેરફાર કરવા એકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮-૧-૧૯૬૬ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

સ્ટે. ૯૯માં "(૭) ફેકલ્ટી ઑફ કૉમર્સ" હેઠળ "Accounting and Actuarial Science"ને બદલે "Accounting including Costing and Actuarial Science" એ શબ્દો રાખવા.

સ્ટે. ૯માં "ફેકલ્ટી ઑફ કૉમર્સ" હેઠળ "(૩૮) Accounting"ને બદલે "(૩૮) Accounting including Costing" એ શબ્દો રાખવા.

સ્ટે. ૧૭૯માં "(22) Diploma in Banking (D.Banking)" add (23) Diploma in Costing" (D.Costing) શબ્દ મૂકવા અને તે પછીના ડિપ્લોમાના ક્રમાંક "(૨૪), (૨૫), (૨૬) ઇત્યાદિ" આપીને તે રીતે સુધારવા.

૧૬૯. એકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮-૧-૧૯૬૬ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે, પ્રી-યુનિવર્સિટી સાયન્સ (એમ્રિ.)માં દાખલ થવા માટે વિદ્યાર્થીએ એસ.એસ.સી. પરીક્ષામાં અંગ્રેજી ઉપરાંત (૧) એલિમેન્ટરી મૅથેમેટિકસ અથવા એલજિબ્રા-જ્યોમેટ્રી, અને (૨) ફિઝિકસ-કેમિસ્ટ્રી અથવા જનરલ સાયન્સના વિષયો સાથે પાસ કરવી આવશ્યક ગણાશે તે રીતે રૂટે. ૧૭૩ માં જરૂરી ફેરફાર માટે ઘટતાં પગલાં લેવા અને તેને જૂન ૧૯૬૮થી અમલી બનાવવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી. "

૧૭૦. એકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮-૧-૧૯૬૬ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે, પ્રી-યુનિવર્સિટી વિજ્ઞાનના અભ્યાસક્રમમાં દાખલ થનાર વિદ્યાર્થીએ એસ.એસ.સી. પરીક્ષામાં અંગ્રેજી ઉપરાંત એલિમેન્ટરી મૅથેમેટિકસ અથવા એલજિબ્રા-જ્યોમેટ્રી અને ફિઝિકસ-કેમિસ્ટ્રી અથવા જનરલ સાયન્સના વિષયો સાથે પાસ કરી આવશ્યક બને એ રીતે રૂટે. ૧૭૩ માં જરૂરી ફેરફાર કરવા માટે ઘટતાં પગલાં લેવા અને તેને જૂન ૧૯૬૮થી અમલમાં મૂકવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી."

૧૭૧. હિન્દી વિષયની અભ્યાસસમિતિની ભલામણ પ્રમાણે રેગ્યુ. આર્ટ્સ-૭માં હિન્દી વિષયના પ્રશ્નપત્ર ૩, ૪ અને ૫ની ગોઠવણ અંગેનો સંબંધકર્તા ભાગ નીચે મુજબ સુધારવા અને તેને જૂન ૧૯૬૬થી અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮-૧-૧૯૬૬ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

Paper III : Poetry
Paper IV : Prose
Paper V : Literary Criticism (Details remain the same).

૧૭૨. ડુજનેરી વિદ્યાશાખાના પાંચ વર્ષના સુગ્રથિત અભ્યાસક્રમના બીજા વર્ષના અભ્યાસક્રમ અંગેના, નવા ઘડેલ ઑર્ડિ. ન્યૂ ૪ તથા રેગ્યુ. ન્યૂ ૬, ન્યૂ ૭ તથા ન્યૂ ૧૦ મંજૂર કરવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮-૧-૧૯૬૬ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

૧૭૩. રેગ્યુ. ૧૩૧-એમ આ સાથે આપ્યા પ્રમાણે સુધારવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮-૧-૧૯૬૬ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

૧૭૪. ફર્સ્ટ સેકન્ડ અને થર્ડ બી.એ.ના તત્ત્વજ્ઞાન વિષયનો સુધારેલો અભ્યાસક્રમ મંજૂર કરવા તથા સુધારેલા અભ્યાસક્રમનો અમલ નીચે મુજબ કરવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮-૧-૧૯૬૬ની ભલામણ પર વિચારણા કરવા બાબત :

ફર્સ્ટ બી.એ. — અધ્યાપન માટે જૂન ૧૯૬૭, પરીક્ષા માટે માર્ચ ૧૯૬૮
સેકન્ડ બી.એ. — અધ્યાપન માટે જૂન ૧૯૬૮, પરીક્ષા માટે માર્ચ ૧૯૬૯
થર્ડ બી.એ. — અધ્યાપન માટે જૂન ૧૯૬૯, પરીક્ષા માટે માર્ચ ૧૯૭૦.

૧૭૫. આ યુનિવર્સિટી તરફથી લેવાતી જે તે પરીક્ષાઓના વિષયમાં કે હેડ ઑફ પાસિંગમાં જ્યાં જ્યાં પાસ થવાનું ધોરણ ટકાવારી પ્રમાણે મુકરર કરેલું હોય ત્યાં ત્યાં ટકાવારી ગણતાં અપૂર્ણાંક આવે ત્યારે ૦·૫ કે તેથી વધારે આવે તો તેને વધુ એક ગણીને અને જો ૦·૫ કરતાં ઓછું આવે તો તે અપૂર્ણાંક ગણતરીમાં ન લેવા અંગેનો, નવો ઘડેલ ઑર્ડિ. ૧૪૨-એ મંજૂર કરવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮-૧-૧૯૬૬ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

૧૭૬. લલિતકળાની અભ્યાસસમિતિએ તૈયાર કરેલ, વિનયન વિદ્યાશાખામાં ઇમેનિટી—એના વિષયનો અભ્યાસક્રમ મંજૂર કરવા તથા તે પ્રમાણે રેગ્યુ. ૨, ૭ અને ૧૨ મંજૂર કરવા ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮-૧-૧૯૬૬ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

૧૭૭. વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૩-૯-૧૯૬૫ની સભાની ભલામણ અનુસાર બી.કૉમ.ના ઐચ્છિક વિષયોના પ્રાધ્યાપકની લઘુતમ શૈક્ષણિક લાયકાતનાં ધોરણો સુધારવા ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮-૧-૧૯૬૬ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

૧૭૮. ઇતિહાસ ઇ.ની અભ્યાસસમિતિની તા. ૨૩-૯-૧૯૬૬ની સભાની ભલામણ અનુસાર રેગ્યુ. ૯ નો સંબંધકર્તા ભાગ સુધારવા તથા તેને જૂન ૧૯૬૬થી અમલમાં મૂકવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮-૧-૧૯૬૬ની ભલામણ પર વિચારણા કરવા બાબત.

૧૭૯. એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદમાં અંગ્રેજીનું શિક્ષણકાર્ય કરતા શ્રી. એન. ટી. શેઠનાને પ્રાધ્યાપક તરીકે માન્ય કરવા અંગે પુનર્વિચારણા કરવા અંગે તેમના તા. ૪-૧-૧૯૬૬ના પત્રથી કરેલી વિનંતી પર વિચારણા કરવા.

[નોંધ.—સિન્ડિકેટે તેની તા. ૨૦-૧૧-૧૯૬૫ની સભામાં શ્રી. શેઠનાને અંગ્રેજીના પ્રાધ્યાપક તરીકે માન્ય કર્યા નથી. તેઓ બી.એ. (ઇતિહાસ અને અર્થશાસ્ત્ર સાથે) પાસ વર્ગ ધરાવે છે, તેમને અંગ્રેજીના વ્યાખ્યાતા તરીકે માન્ય કરવામાં આવ્યા છે.]

૧૮૦. શ્રી. શારદાપીઠ આર્ટ્સ કૉલેજ, દ્વારકાને અંગ્રેજીના જુનિયર સર્ટિફિકેટ કોર્સના અભ્યાસક્રમો શીખવવા કૉલેજના આચાર્ય તરફથી આવેલ અરજી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—સદરહુ અભ્યાસક્રમ માટે કૉલેજમાં અંગ્રેજીનું શિક્ષણકાર્ય કરતા શ્રી. સી. સી. રાવલ ફક્ત એક જ શિક્ષક બતાવવામાં આવ્યા છે.)

૧૮૧. એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદને અંગ્રેજીનો જુનિયર સર્ટિફિકેટ કોર્સ શીખવવા માટે મંજૂરી આપવા તથા સીનિયર સર્ટિફિકેટ કોર્સ માટે એક વર્ષની આપેલ મંજૂરી ચાલુ રાખવા માટે સદરહુ કૉલેજના આચાર્ય તરફથી આવેલ અરજી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—હાલમાં સ્ટાફ પર પાંચ વ્યાખ્યાતા અને એક ટ્યૂટર છે.)

૧૮૨. અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન સંચાલિત શ્રીમતી એસ. સી. એલ. જનરલ હૉસ્પિટલ, સરસપુરને ફરજિયાત ફરતી (રોટેટિંગ) હાઉસમૅનશિપ માટે માન્યતા આપવા અંગે તા. ૨૯-૧-૧૯૬૬ના પત્રાંક ૭૫૦થી જણાવ્યું હોઈ તે અંગે તપાસ કરી રિપોર્ટ કરવા સારુ સ્થાનિક તપાસસમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

૧૮૩. તા. ૮-૧-૧૯૬૬ની સિન્ડિકેટની બાબત નં. ૧૨ના ઠરાવમાં તારીખની છાપભૂલ સુધારીને તે ઠરાવ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધાર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત:

"આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. બી. ટી. વાઘરે ભરેલ બીજી એલએલ.બી.નું તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૫-૧૦-૧૯૬૪ સુધીનું સત્ર અમાન્ય ગણવું અને ઑક્ટોબર ૧૯૬૫ની પરીક્ષામાં તેમને અપાયેલો પ્રવેશ રદ ગણવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, તેમનું એમ.એ.નું પદવી પ્રમાણપત્ર અટકાવવું નહિ."

૧૮૪. એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગરમાં સાઇકિયાટ્રિકના વિષયનું શિક્ષણ-કાર્ય કરી રહેલા ડૉ. એ. એન. મુખરજીને સાઇકિયાટ્રિકના વ્યાખ્યાતા તરીકે માન્ય કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—ડૉ. મુખરજી કલકત્તા યુનિવર્સિટીની એમ.બી.,બી.એસ.ની પદવી ધરાવે છે, તથા એમ.બી. અને એમ.એસસી. સાયકોલોજી સાથે કલકત્તા યુનિવર્સિટીની પદવીઓ ધરાવે છે. તેઓ વડોદરા મેડિકલ કૉલેજનો ૧૪ વર્ષનો સાઇકિયાટ્રિકના વ્યાખ્યાતા તરીકેનો અનુભવ ધરાવે છે.)

૧૮૫. સિન્ડિકેટના તા. ૮-૧-૧૯૬૬ના ઠરાવ અનુસાર જૂન ૧૯૬૬થી અમલમાં આવતા એમ.એસસી. માટેના રસાયણવિજ્ઞાનના નવા અભ્યાસક્રમને અનુલક્ષીને તે વિષયના માન્ય અનુસ્નાતક શિક્ષકો અને મદદનીશ અનુસ્નાતક શિક્ષકો માટે એક પરિસંવાદ યોજવા માટે ડૉ. એ. એમ. ત્રિવેદી તરફથી આવેલી યોજના અને અંદાજી ખર્ચ અંગે વિચારણા કરવા બાબત.

૧૮૬. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની આર્થિક સહાયથી આ યુનિવર્સિટી દ્વારા પ્રકાશિત થનારા ડૉ. એસ્તર સોલોમનના મહાનિબંધ "**Avidya—A Problem of Truth and Reality**"ના મુદ્રણ તથા બાઇન્ડિંગ માટે નલિની મુદ્રણાલયને સોંપવા વિચારેલ, પરંતુ ડાયાક્રિટિકલ ટાઇપ ન મળવાને કારણે સદરહુ કામ તેઓ હાથ ધરવા તૈયાર નથી, જેથી તે કામ અન્ય મુદ્રણાલયને સોંપવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—સદરહુ કામ માટે રામાનંદ પ્રિન્ટિંગ પ્રેસ તરફથી ઉપરોક્ત કામ માટે નીચે પ્રમાણે ભાવ મળેલ જે અગાઉ પ્રકાશન વહીવટી સમિતિએ મંજૂર કરેલ :

(૧) ૧/૮ ડેમી કદના એક ફરમાનું કંપોઝ કરી
૧૦૦૦ નકલ છાપી આપવાના દર ... રૂ. ૪૮.૦૦

(૨) ૨૫૧થી ૫૦૦ સુધીનાં પાનાંવાળા પુસ્તકને યુનિવર્સિટીએ નક્કી કરેલ શરતો મુજબ બાઇન્ડિંગ કરી આપવાના ... રૂા. ૫૨.૦૦

(૩) ૫૦૦થી વધુ પાનાંવાળા પુસ્તકને યુનિવર્સિટીએ નક્કી કરેલ શરતો મુજબ બાઇન્ડિંગ કરી આપવાના ... રૂા. ૬૦.૦૦]

૧૮૭. તા. ૨૩-૨-૧૯૬૬ના રોજ મળનાર સ્થાયી સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

૧૮૮. યુનિવર્સિટી કાર્યાલયના ચીફ મેડિકલ ઑફિસર ડૉ. કે. એ. શાહની નિવૃત્તિવય તા. ૯-૪-૧૯૬૬ના રોજ પૂરી થતી હોઈ, સિન્ડિકેટે તેની તા. ૮-૧-૧૯૬૬ની સભામાં નીમેલ તબીબી તપાસસમિતિની તા. ૧૪-૨-૧૯૬૬ની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—સદરહુ સમિતિએ નિવૃત્તિવય બે વર્ષ લંબાવવા માટે ભલામણ કરી છે. જ્યારે સિન્ડિકેટે તેની તા. ૪-૯-૧૯૬૫ની સભામાં ઠરાવ્યા પ્રમાણે પ્રત્યેક વર્ષે એક વર્ષનો વધારો આપી શકે તેમ ઠરાવ્યું છે; તો તે અંગે વિચારણા કરવા બાબત.)

૧૮૯. સ્ટે. ૧૯૩-એ સિન્ડિકેટની તા. ૨૯-૧-૧૯૬૬ની સભાના નીચેના ઠરાવ અનુસાર સુધારવા બાબત:

સિન્ડિકેટનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે, યુનિવર્સિટીના કર્મચારીઓને તેમની ૧૨ વર્ષની નોકરીના અંતે તેમને અનુક્રમે નોકરીના છેલ્લા બાર માસના સરાસરી મૂળ પગારના ૩/૪ લેખે ગણતાં સક્રિય નોકરીના પ્રત્યેક વર્ષ માટે જે રકમ થાય તે રકમ ગ્રેચ્યુઇટી તરીકે આપવા માટે હાલના રૂટે. ૧૯૨-એ માં જરૂરી સુધારો કરીને તેને મુસદ્દો સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવાનું રાખવું."

૧૯૦. "ડૉ. કે. જી. નાયક સુવર્ણચંદ્રક", વિનયન વિદ્યાશાખા, ૧૯૬૫-૬૬ માટેનાં સંશોધનો તપાસી લાયક વ્યક્તિનો નિર્ણય કરવા અંગેની વરણીસમિતિના સભ્ય તરીકે કામ કરવા માટેની અશક્તિ દર્શાવતા શ્રી. કાપડિયાના તા. ૧૦-૨-૧૯૬૬ના પત્ર પર વિચારણા કરવા બાબત.

૧૯૧. સ્વ. શ્રીમતી મંગળાગૌરી સાકરલાલ શાહ ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી. કેશવલાલ હરજીવનદાસ મોદી તરફથી રૂા. ૧,૦૦૦ની સખાવત સ્વીકારવા અંગેની વિનંતી કરતા તેમના તા. ૫-૨-૧૯૬૬ના પત્ર પર વિચારણા કરવા બાબત.

૧૯૨. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનમાં (૧) લેક્ચરર-ઇન-મૅથેમેટિકસની એક જગ્યા માટે, તથા (૨) સમાજવિદ્યા ભવનમાં લેક્ચરર-ઇન-પૉલિટિકલ સાયન્સની એક જગ્યા માટે, તથા (૩) ફીલ્ડવર્ક આસિસ્ટન્ટની એક જગ્યા માટે તા. ૨૫-૨-૧૯૬૬ના રોજ મળનાર વરણીસમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

૧૯૩. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હીના તા. ૨૪-૧૨-૧૯૬૫ના પત્રાંક એફ ૪૯-૧-૬૫ (૪) સાથે પરીક્ષા સુધારણા સમિતિની નીચેની ભલામણો નં. ૬થી ૧૦ પર વિચારણા કરવા બાબત.

Recommendations

આથી ઠરાવવામાં આવે છે કે, આગ્રા યુનિવર્સિટીની બી.કૉમ. પદવી પરીક્ષાને આપણી યુનિવર્સિટીના એમ કૉમ.ના વર્ગમાં પ્રવેશ માટે પરસ્પરના ધોરણે માન્ય કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૮. શિવાજી યુનિવર્સિટીની, ત્રણ વર્ષના પદવી અભ્યાસક્રમની, બી.એ., બી.એસસી. તથા બી.કૉમ. પરીક્ષાઓને માન્ય કરવા માટે તેણે તેના તા. ૨૯-૫-૧૯૬૫ના પત્રથી કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

વિજ્ઞાન વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય

"The Three Year Integrated B.Sc. Degree Course of the Shivaji University consists of two parts. Part I Examination is held up at the end of first year, and Part II Examination at the end of the third year. There is also an optional examination at the end of the Second Year where — in a student may appear in one or two subsidiary subjects and English — The Part II Examination consists of the following subjects :

(1) English, (2) Two subsidiary Science subjects with practicals (carrying 300 marks) and one Principal subject (carrying 500 marks). From a review of the courses and syllabii sent with your letter, the following equivalences may be recognised :

(1) The Part I Examination as equivalent to F.Y.B Sc. Examination of this University.

(2) The Part II Examination as equivalent to the B.Sc. (Special) or B.Sc. (Principal) (2nd + 3rd year) examination of this University.

(3) If a student passes Part of the Part II Examination at the end of Second year, viz., passes in English and two subsidiary subjects, he could be considered eligible for admission in Third Year Degree Course of this University; but since he does not offer his Principal subject for examination at any level at the end of the Second Year, equivalence of this examination."

વિજ્ઞાન વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય

"To the S.Y.B Sc. Examination of this University is not desirable."

વાણિજ્ય વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય

"B.Com Degree (Three Year Degree Course) Examination Parts I and II of Shivaji University be recommended as equivalent to the corresponding examinations of our University."

આથી ઠરાવવામાં આવે છે કે, શિવાજી યુનિવર્સિટીની, ત્રણ વર્ષના પદવી અભ્યાસક્રમની, પરીક્ષાઓને નીચે મુજબ પરસ્પરના ધોરણે માન્યતા આપવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી :

૧. બી.એ, પાર્ટ ૧; બી.એસસી. પાર્ટ ૧ અને બી.કૉમ., પાર્ટ ૧ પરીક્ષાઓને અનુક્રમે આ યુનિવર્સિટીની ફર્સ્ટ બી.એ., ફર્સ્ટ બી.એસસી. અને ફર્સ્ટ બી.કૉમ. તુલ્ય માન્ય કરવી.

૨. બી.એ., બી.એસસી. અને બી.કૉમ. પદવી પરીક્ષાઓને અનુક્રમે આપણી થર્ડ બી.એ, થર્ડ બી.એસસી. અને થર્ડ બી.કૉમ. તુલ્ય માન્ય કરવી.

૯. શિવાજી યુનિવર્સિટી, કોલ્હાપુરની ફાર્મસીની પ્રથમ વર્ષ, દ્વિતીય વર્ષ તથા તૃતીય વર્ષની તથા બી.ફાર્મ. ડિગ્રી પરીક્ષાઓ માન્ય કરવા માટે તે યુનિવર્સિટીએ તેના તા. ૨૭-૯-૧૯૬૫ના પત્રથી કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

એલ. એમ. ફાર્મસી કૉલેજના આચાર્યનો અભિપ્રાય

"The courses covered in the entire period of four years for B.Pharm. Degree is equivalent to our B.Pharm. Degree courses. The courses in the different years in both the Universities are different. So I recommend that only B.Pharm. Degree at the end of four years may be considered as equivalent and not F.E.Pharm. S.E.Pharm. and T.E.Pharm.'

આથી ઠરાવવામાં આવે છે કે, શિવાજી યુનિવર્સિટી, કોલ્હાપુરની બી.ફાર્મ. પદવી પરીક્ષાને પરસ્પરના ધોરણે માન્ય કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૧૦. ભાગલપુર યુનિવર્સિટીની ત્રિવાર્ષિક અભ્યાસક્રમની બી.એસસી. પદવી સુધીની પરીક્ષાઓને માન્ય કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—ઇક્વિવેલેન્સ કમિટીની તા. ૨૨-૪-૧૯૬૫ની સભામાં ભાગલપુર યુનિવર્સિટીની બી.એસસી. પરીક્ષાની માન્યતા અંગેની બાબત વિજ્ઞાન વિદ્યાશાખાના ડીનને ફેર વિચારણા માટે મોકલવાનું ઠરાવવામાં આવ્યું હતું.)

વિજ્ઞાન વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય

"B.Sc. Part I Examination of the Bhagalpur University compares favourably with the F.Y.B.Sc. Examination of this University and may be considered as equivalent."

વિજ્ઞાન વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય

"1. The B.Sc. Examination (General pass course) of Bhagalpur University compares favourably with the B.Sc. Examination General of this University and may be considered as equivalent.

2. The B.Sc. Examination (Honours course) of the Bhagalpur University is of a slightly lower standard compared to the Special Degree courses of this University in any one subject. But if the total content of study completed by the candidate is considered, the Honours of the Bhagalpur University may be considered equivalent to the B.Sc. Examination (Honours) of this University.

3. As regards equivalence for purposes of eligibility for admission to the M.Sc courses of this University, a student passing the B.Sc Pass or Honours courses of Bhagalpur University may be considered equivalent in qualification to student with General or Special degree respectively of this University."

આથી ઠરાવવામાં આવે છે કે, ભાગલપુર યુનિવર્સિટીની ત્રિવાર્ષિક અભ્યાસક્રમની બી.એસસી., પાર્ટ ૧ પરીક્ષાને આપણી ફર્સ્ટ બી.એસસી. અને બી.એસસી. (પાસ) પદવી તેમ જ બી.એસસી. (ઑનર્સ) પદની પરીક્ષાઓને અનુક્રમે આપણી બી.એસસી. (જનરલ) અને બી.એસસી. (સ્પેશિયલ) પરીક્ષા તુલ્ય માન્ય કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૧૧. યુનિવર્સિટી ઑફ ઇન્દોર, ઇન્દોરની બી.એ., બી.એસસી., બી.કૉમ.ની ત્રણ વર્ષના પદવી અભ્યાસક્રમની પ્રથમ, દ્વિતીય તથા તૃતીય વર્ષની પરીક્ષા માન્ય કરવા માટે તે યુનિવર્સિટીએ તેના તા. ૯-૭-૧૯૬૫ના પત્રથી કરેલ વિનંતી પરત્વે વિચારણા કરવા બાબત.

વિજ્ઞાન વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય

"After consideration of the Regulations and courses of the examinations in the Indore University, mv opinion is—

1. that the B.Sc., Part I Examination may be considered equivalent to the F.Y.B.Sc. Examination of this University.

2. the B.Sc., Part II Examination can be equated with the S.Y.B.Sc. of the University only for those students offering the General Degree B.Sc. course of this University.

3. the B.Sc., Part III Examination compares favourably with the B.Sc. (General) Examination of this University, and may be considered as equivalent."

વાણિજ્ય વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય

"B.Com., Parts I, II and III Examinations of Indore University be recommended as equivalent to corresponding examinations of our University except when such examinations has been passed as a private candidate."

વિનયન વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય

" તુલનાત્મક નોંધ જોતાં લાગે છે કે, બરોબરી ગણવામાં વાંધો નથી."

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી ઑફ ઇન્દોર, ઇન્દોરની બી.એ., પાર્ટ ૧, બી.એ. પદવી, બી.એસસી. પાર્ટ ૧ અને બી.એસસી પદવી પરીક્ષાઓ અનુક્રમે આપણી ફર્સ્ટ બી.એ., બી.એ. (ફાઇનલ), ફર્સ્ટ બી.એસસી. અને બી.એસસી. (જનરલ) તુલ્ય તેમ જ બી.કૉમ., પાર્ટ ૧ અને બી.કૉમ. પદવી પરીક્ષાઓ જો નિયમિત વિદ્યાર્થી તરીકે પસાર કરી હોય તો અનુક્રમે આપણી ફર્સ્ટ બી.કૉમ. અને બી.કૉમ. પદવી પરીક્ષા તુલ્ય પરસ્પરના ધોરણે માન્ય કરવા ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૧૨. સરદાર વલ્લભભાઈ વિદ્યાપીઠની પ્રેપરેટરી સાયન્સ પરીક્ષા 'ઍડિશનલ મૅથેમેટિક્સ' વિષય સિવાય પાસ કરનાર વિદ્યાર્થીઓને આપણા ઇજનેરી વિદ્યાશાખાના (પાંચ વર્ષના અભ્યાસક્રમના) પ્રથમ વર્ષમાં પ્રવેશપાત્ર ગણવા નહિ તે મુજબના ફૅકલ્ટી ઑફ ટેકનોલોજી ઇન્કલ્યુડિંગ એન્જિનિયરિંગના ડીનના સૂચન પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઇજનેરી વિદ્યાશાખાના ડીનના સૂચન મુજબ સરદાર વલ્લભભાઈ વિદ્યાપીઠની પ્રેપરેટરી પરીક્ષા "ઍડિશનલ મૅથેમેટિક્સ"ના વિષય સિવાય પાસ કરનાર વિદ્યાર્થીઓને આપણી ઇજનેરી વિદ્યાશાખાના (પાંચ વર્ષના અભ્યાસક્રમના) પ્રથમ વર્ષમાં પ્રવેશપાત્ર નહિ ગણવા ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૧૩. યુનિવર્સિટી ઑફ બિહાર, મુઝફરપુરની નીચે મુજબની પરીક્ષાઓને માન્ય કરવાની તેમના તા. ૨૮-૪-૧૯૬૫ના પત્રથી આવેલ વિનંતી પર વિચારણા કરવા બાબત :

૧. પ્રી-યુનિ. આર્ટ્સ, સાયન્સ અને કૉમર્સ.
૨. આર્ટ્સ, સાયન્સ ઍન્ડ કૉમર્સ — ત્રિવાર્ષિક પદવી અભ્યાસક્રમની પરીક્ષાઓ ભાગ ૧-૨.
૩. એમ.એ, એમ.એસસી. અને એમ.કૉમ.
૪. એલએલ.બી. અને એલએલ.એમ.
૫. બી.એસસી. (ઍગ્રિ.).
૬. બી.એસસી. (એન્જિનિયરિંગ).

વિજ્ઞાન વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય

1. "The Pre-Uni. Science Examination of the Bihar University compares favourably with that of Gujarat University and may be considered as equivalent.
2. The Part I Examination of Three Year Degree Course in Science may be considered as equivalent to F.Y.B.Sc. Examination of this University.
3. The Part II Examination of the same Three Year Degree Course (Pass and Honours) may be considered as equivalent to the B.Sc. Degree Examination (General and Special) of this University. As Bihar University does not have an examination of at the end of the Second Year in the Three Year Degree Course, the question of equivalence to the S.Y. Degree course of this University does not arise.
4. As regards, equivalence of the B.Sc. Examination pass course of the Bihar University, for purposes of admission to M.Sc. courses of this University, students passing this examination, i.e. (The B.Sc. Pass Course) may be considered eligible for admission to the M.Sc. courses of this University, provided the same facility is given to students who pass the B.Sc. (General) course of this University. Similarly the B.Sc. (Honours) Examination of the Bihar University may be also considered equivalent to the B.Sc. (Spacial) Examination of this University for the same purpose."

વાણિજ્ય વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય

"The Pre-Uni. Commerce Degree Parts I and II Commerce and M.Com. of Bihar University be recommended as equivalent to the corresponding examinations of this University."

એગ્રિકલ્ચર ફૅકલ્ટીના ડીનનો અભિપ્રાય

"I have gone through the syllabus and find that B.Sc. (Agri.) Degree of Bihar University may be considered as equivalent to B.Sc. (Agri.) Degree of Gujarat University. It is not possible to give part equivalence as there is different syllabus at different years of the corresponding courses of our University."

લૉ ફેકલ્ટીના ડીનનો અભિપ્રાય

"I have gone through the courses of study for Law Examinations of the Bihar University and am of the opinion that the courses of study of B.L. (Hons.) Degree are almost equivalent to our courses of study for LL.B. Degree. If standard of passing the B.L. (Honours) Degree is the same as it is in our University for LL.B. Degree, then B.L. (Hons.) Degree Examination can be considered as equivalent to our LL.B. Degree Examination.

We have four branches for study of LL.M. Examination—

The course of study for the Master of Law Examination of the Bihar University indicate that Papers I & II are of Branch II of LL.M. of our University, Papers II, III and IV are of Branch I of LL.M. of our University, and vide option is given for Papers V & VI, which covers courses of study of Branches I, II, III and IV. The courses of study are similar to different papers of different branches of LL.M. courses of our University. If the standard of passing the Master of Law Degree Examination of the Bihar University is the same as it is in our University for LL.M. then the Master of Law Degree may be considered as equivalent to that of our University."

ફેકલ્ટી ઑફ ટેકનોલોજી ઇન્કલ્યુડંગ એન્જિનિયરિંગના ડીનનો અભિપ્રાય

"The Engineering Examination be recognised as equivalent to that of our on reciproal basis."

આથી ઠરાવવામાં આવે છે કે, આ બાબત હાલ મુલતવી રાખવી અને સદરહુ યુનિવર્સિટી કાયદાની રૂએ સ્થપાયેલી છે કે કેમ તે અંગેની માહિતી સાથે ફરીથી રજૂ કરવી.

૧૪. વારાણસીય સંસ્કૃત વિશ્વવિદ્યાલયની પ્રથમા, પૂર્વ મધ્યમા, ઉત્તર મધ્યમા, શાસ્ત્રી, આચાર્ય, શિક્ષાશાસ્ત્રી અને પ્રમાણપત્રીય પરીક્ષાઓની માન્યતા અંગે સંસ્કૃતની અભ્યાસસમિતિ તથા શિક્ષણશાસ્ત્રની અભ્યાસસમિતિઓના ઠરાવના સંદર્ભમાં વિચારણા કરવા બાબત.

સંસ્કૃતની અભ્યાસસમિતિનો ઠરાવ

"શિક્ષણશાસ્ત્રની પરીક્ષાને બી.એડ. પરીક્ષાની સાથે સમકક્ષ ગણી શકાય એવું આ બોર્ડને લાગે છે. પણ એના વિગતવાર અભ્યાસક્રમની સરખામણી કરીને એજ્યુકેશન બોર્ડ અંતિમ નિર્ણય લે તેવું આ બોર્ડનું મંતવ્ય છે. તે સિવાયની પરીક્ષાઓને આપણી પરીક્ષાની સમકક્ષ ગણી શકાય તેમ નથી."

એજ્યુકેશનની અભ્યાસસમિતિનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે, આ બોર્ડ ઉપરોક્ત પરીક્ષાને બી.એડ.ની સમકક્ષ ગણવાની તરફેણમાં નથી."

(નોંધ. — ધ્રિવેલેન્સ કમિટીની તા. ૮-૧-૧૯૬૪ની સભાએ આ વારાણસીય સંસ્કૃત વિશ્વવિદ્યાલયની પરીક્ષાઓ અંગે સદરહુ બાબત સંસ્કૃતની અભ્યાસસમિતિ તથા શિક્ષણુશાસ્ત્રની અભ્યાસસમિતિની વિચારણા માટે મૂકવા ઠરાવ્યું હતું.)

આથી ઠરાવવામાં આવે છે કે, વારાણસીય સંસ્કૃત વિશ્વવિદ્યાલયની પ્રથમા, પૂર્વમધ્યમા, ઉત્તર મધ્યમા, શાસ્ત્રી, આચાર્ય, શિક્ષાશાસ્ત્રી અને પ્રમાણુપત્રીય પરીક્ષાઓને માન્ય કરવા ઍકેડેમિક કાઉન્સિલને ભલામણુ કરવી.

૧૫. જમ્મુ અને કાશ્મીર બોર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશન, શ્રીનગરના મંત્રીના તા. ૨૦-૯-૧૯૬૫ના પત્રમાં જણાવ્યા પ્રમાણે મેટ્રિકયુલેશન પરીક્ષા તેમ જ હાયર સેકન્ડરી પરીક્ષાઓ જે અગાઉ જમ્મુ ઍન્ડ કાશ્મીર યુનિવર્સિટી લેતી હતી તેને બદલે આ બોર્ડની સ્થાપના થઈ હોવાથી તે પરીક્ષાઓ લેશે. રેગ્યુ. ૭માં તે મુજબ નામમાં ઘટતો ફેરફાર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, જમ્મુ ઍન્ડ કાશ્મીર યુનિવર્સિટી તરફથી અગાઉ લેવામાં આવતી મેટ્રિકયુલેશન તેમ જ હાયર સેકન્ડરી પરીક્ષાઓ હવે જમ્મુ ઍન્ડ કાશ્મીર બોર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશન લે છે તે બાબતની નોંધ લેવી અને નામાભિધાનનો રેગ્યુ. ૭માં ઉલ્લેખ કરવા ઍકેડેમિક કાઉન્સિલને ભલામણુ કરવી.

૧૬. મરાઠવાડ યુનિવર્સિટીના તા. ૨૫-૮-૧૯૬૫ના પત્રમાં જણાવ્યા પ્રમાણે તેમને "પ્રી-પ્રોફેશનલ" પરીક્ષાને બદલે બી.એસસી. ફર્સ્ટ ઇયર પરીક્ષાના નામાભિધાનમાં કરેલ ફેરફારની નોંધ લઈ રેગ્યુ. ૭માં ઘટતો ફેરફાર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મરાઠવાડ યુનિવર્સિટીની "પ્રી-પ્રોફેશનલ" પરીક્ષાને બદલે બી.એસસી. ફર્સ્ટ ઇયર પરીક્ષાના નામાભિધાનની નોંધ લેવી અને રેગ્યુ. ૭માં તે મુજબ ઘટતો ફેરફાર કરવા ઍકેડેમિક કાઉન્સિલને ભલામણુ કરવી.

૧૭. બોર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશન આસામ, ગૌહત્તીની હાઈસ્કૂલ લીવિંગ સર્ટિફિકેટ પરીક્ષાને એસ.એસ.સી. પરીક્ષાની સમકક્ષ ગણવા અંગે બોર્ડના મંત્રીના તા. ૨૩-૬-૧૯૬૫ના પત્રાંક ૧૩૪૨ પર વિચારણા કરવા બાબત.

વિજ્ઞાન વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય

"I am of the opinion that in General the H.S.L.C. Examination of the Assam Board of Secondary Education may be considered as equivalent to the S.S.C. Examination of Gujarat State. (Provided the candidate has passed in at least seven subjects.)"

વાણિજ્ય વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય

"The High School Leaving Certificate Examination of the Assam Board be recommended as equivalent to the S.S.C. Examination of Gujarat State."

આથી ઠરાવવામાં આવે છે કે, બોર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશન આસામ, ગૌહત્તીની હાયરસ્કૂલ લીવિંગ સર્ટિફિકેટ પરીક્ષા જો અંગ્રેજી વિષય સહિત પાસ કરી હોય તો એસ.એસ.સી. તુલ્ય માન્ય કરવા ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૧૮. યુ. પી. એગ્રિકલ્ચરલ યુનિવર્સિટી, પંતનગરના તા. ૮-૭-૧૯૬૫ના પત્રથી એમ.એસસી. (એગ્રિ.) પરીક્ષાને માન્ય કરવા અંગે તેમણે તા. ૮-૭-૧૯૬૫ના પત્રથી કરેલી વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, આ બાબતની વિચારણા હાલ પૂરતી મુલતવી રાખવી.

૧૯. નાગપુર યુનિવર્સિટીની બી.ફાર્મ. પદવી પરીક્ષાને ફર્સ્ટ એલએલ.બી.ના વર્ગમાં પ્રવેશપાત્ર ગણવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, નાગપુર યુનિવર્સિટીની બી.ફાર્મ. પદવી પરીક્ષાને આપણી ફર્સ્ટ એલએલ.બી.ના વર્ગમાં પ્રવેશ માટે માન્ય ન ગણવા ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૨૦. ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, દિલ્હીની પદવી પરીક્ષાઓને પરસ્પરના ધોરણે માન્ય કરવા માટે તે સંસ્થાના તા. ૩૦-૮-૧૯૬૫ના પત્રાંક ૧૧૬થી આવેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

બાબત ક્રમાંક ૨૦ અને ૨૧ની વિચારણા સાથે કરવામાં આવી.

આથી ઠરાવવામાં આવે છે કે, ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી (દિલ્હી તેમ જ મુંબઈ)ની બી.ટેક. અને એમ.ટેક. પદવી પરીક્ષાઓને જે તે વિષયમાં અનુક્રમે આપણી બી.ઈ. અને એમ.ઈ. પદવી પરીક્ષા તુલ્ય માન્ય કરવા ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૨૧. ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, મુંબઈની પદવી પરીક્ષાઓ પરસ્પરના ધોરણે માન્ય કરવા માટે સંસ્થાના તા. ૧૦-૯-૧૯૬૫ના પત્રાંક ૫૯૬૮-૬૦૨૩થી આવેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

ફૅકલ્ટી ઑફ ટેકનોલોજી ઇન્કલ્યુડિંગ એન્જિનિયરિંગના ડીનનો અભિપ્રાય

"The Degrees awarded by the institutions be recongnised as equivalent to that of ours on reciprocal basis."

બાબત ક્રમાંક ૨૦ સાથે વિચારણા કરવામાં આવી.

૨૨. નીચે જણાવેલ વિદ્યાર્થીઓને તેમનાં નામ સામે દર્શાવેલ વર્ગમાં પ્રવેશ માટે એલિજિબિલિટી સર્ટિફિકેટ કાઢી આપ્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	યુનિ.નું તથા જે પરીક્ષા પાસ કરી હોય તેનાં નામ		જે વર્ગમાં દાખલ થવા માટે એ લિજિબિલિટી સર્ટિ. કાઢી આપવામાં આવેલ છે તે વર્ગ
૧.	કુ. શારદા બી. શર્મા	ભાગલપુર યુનિવર્સિટી	બી.એસસી.	એમ.એસસી.
૨.	શ્રી. ગોપાણી કેડી	સરદાર વલ્લભભાઈ વિદ્યાપીઠ	પ્રેપરેટરી (એગ્રિ.)	ફર્સ્ટ બી.એસસી. (એગ્રિ.)

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	યુનિ.નું તથા જે પરીક્ષા પાસ કરી હોય તેનાં નામ		જે વર્ગમાં દાખલ થવા માટે એલિજિબિલિટી સર્ટિ. કાઢી આપવામાં આવેલ છે તે વર્ગ
૩.	શ્રી. મેઘાણી વાય. જી.	બિહાર યુનિવર્સિટી	બી.એસસી. પાર્ટ-૧	એફ.ઈ.
૪.	કુ. ચિત્રે ગીતા એમ.	ગૌહત્તી	પ્રી-યુનિ. આર્ટ્સ	ફર્સ્ટ બી.એ.
૫.	શ્રી. દયારામ અગરવાલ	બોર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશન, આસામ (ગૌહત્તી)	હાઈસ્કૂલ લીવિંગ સર્ટિફિકેટ પરીક્ષા	પ્રી-યુનિવર્સિટી
૬.	શ્રી. મુરલીધર મુલ્લોપ	મદ્રાસ રાજ્ય	હાઈસ્કૂલ પરીક્ષા	પ્રી-યુનિવર્સિટી
૭.	શ્રી. જલન ગોપાળ	રાંચી યુનિવર્સિટી	બી.એસસી. પાર્ટ-૧	એફ.ઈ.
૮.	શ્રીમતી દવે અરુણા એન.	રાંચી યુનિવર્સિટી	પ્રી-યુનિ. આર્ટ્સ	ફર્સ્ટ બી.એ.
૯.	શ્રી. ગુપ્તા સચ્ચિદાનંદ	બિહાર સ્કૂલ એકઝામિનેશન બોર્ડ, પટણા	હાયર સેકન્ડરી સ્કૂલ સર્ટિફિકેટ પરીક્ષા	પ્રથમ વર્ષ એન્જિ. (પાંચ વર્ષનો કોર્સ)
૧૦.	શ્રી. રાજેન્દ્ર એમ. શાહ	ઇંદોર યુનિવર્સિટી	બી.એ. પાર્ટ ૧	એસ.વાય.બી.એ.
૧૧.	શ્રી. પટેલ જે પી.	સરદાર વલ્લભભાઈ વિદ્યાપીઠ	પ્રેપરેટરી એગ્રિ.	પ્રેપરેટરી એગ્રિ. (બીજા સત્રથી)

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી

૨૩. પંજાબ યુનિવર્સિટીના મહામાત્રના તા. ૨૫-૯-૧૯૬૫ના પત્રમાં જણાવ્યા પ્રમાણે આપણી ત્રણ વર્ષના પદવી અભ્યાસક્રમની સેકન્ડ બી.એ. તથા સેકન્ડ બી.એસસી. પરીક્ષાઓ માન્ય કરેલી નથી તો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, પંજાબ યુનિવર્સિટીની સેકન્ડ બી.એ. અને સેકન્ડ બી.એસસી.ની પરીક્ષાઓને પરસ્પરના ધોરણે આપેલી માન્યતા રદ કરવા તેમ જ રેગ્યુ. ૭માં તે અંગે થતો ઘટતો ફેરફાર કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૨૪. આપણા ત્રણ વર્ષના અભ્યાસક્રમની ફર્સ્ટ બી.એ., ફર્સ્ટ બી.એસસી. અને બી.એ.,બી.એસસી. પદવીઓને પરસ્પરના ધોરણે પંજાબ યુનિવર્સિટીએ કેટલાક પત્રવ્યવહાર બાદ હુમણાં માન્યતા આપી છે તેની નોંધ લેવા બાબત.

(**નોંધ.**— પંજાબ યુનિવર્સિટીના ત્રણ વર્ષના પદવી અભ્યાસક્રમ પ્રમાણેની બી.એ., બી.એસસી. પદવી સુધીની પરીક્ષાઓ માન્ય કરવાની ઇક્વિવેલેન્સ કમિટીની તા. ૮-૧-૧૯૬૪ની સભાની ભલામણો સિન્ડિકેટે તેની તા. ૧૪/૧૫-૨-૧૯૬૪ની સભામાં મંજૂર કરેલ છે. (બાબત ક્રમાંક ૧૧૫.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૨૫. મરાઠાવાડ યુનિવર્સિટીની પ્રી-યુનિવર્સિટી કોમર્સની પરીક્ષાને પરસ્પરના ધોરણે માન્યતા આપવા અંગે વિચારણા કરવા બાબત.

(મરાઠાવાડ યુનિવર્સિટીએ આપણી પ્રી-યુનિવર્સિટી પરીક્ષાઓને કાયમી ધોરણે માન્યતા આપી છે.)

ડીનનો અભિપ્રાય

"Pre-University Commerce Examination of Marathawada University may be considered as equivelent to Pre-University Examination of Gujarat University on reciprocal basis"

આથી ઠરાવવામાં આવે છે કે, મરાઠાવાડ યુનિવર્સિટીની પ્રી-યુનિવર્સિટી કૉમર્સ પરીક્ષાને આપણી પ્રી-યુનિવર્સિટી કૉમર્સ પરીક્ષા તુલ્ય માન્ય કરવા એકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૨૬. શિવાજી યુનિવર્સિટીની ચાર વર્ષના અભ્યાસક્રમની એન્જિનિયરિંગ પરીક્ષાઓને માન્યતા આપવા અંગે તે યુનિવર્સિટીએ તા ૨૯-૭-૧૯૬૫ના પત્રાંક ૧૪૫૦થી કરેલી વિનંતી પર વિચારણા કરવા બાબત.

ડીનનો અભિપ્રાય

"In view of our discontinuing Old Three Year Degree Course from June 1967, and in view of our introducing Five Year Integrated Course from June 1965 but in view of not having the Scheme of 3rd, 4th and 5th Year ready by now, equivalance to the corrosponding examination on yearwise basis at this moment cannot be recommended. But since the quantum of syllabus and subject taken of all the years compared with those of ours the equivalance of the B.E. Examination of Shivaji University can be considered on a receprocal basis."

આથી ઠરાવવામાં આવે છે કે, શિવાજી યુનિવર્સિટીની ચાર વર્ષના અભ્યાસક્રમની એન્જિનિયરિંગ પદવી પરીક્ષાને જે તે શાખામાં આપણી બી.ઈ. (પદવી) પરીક્ષા તુલ્ય પરસ્પર ધોરણે માન્ય કરવા એકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૨૭. શિવાજી યુનિવર્સિટી તથા યુનિવર્સિટી ઑફ બરદ્વાન તરફથી લેવામાં આવતી "ડિપ્લોમા ઇન લાયબ્રેરી સાયન્સ"ની પરીક્ષાને પરસ્પરના ધોરણે માન્ય કરવા માટે અનુક્રમે તેમના તા. ૨૯-૭-૧૯૬૫ તથા તા. ૨૮-૬-૧૯૬૫ના પત્ર પરથી કરેલ વિનંતી પરત્વે વિચારણા કરવા બાબત.

ડીનના સૂચનથી મેળવેલ શ્રી. ગ્રંથપાલનો અભિપ્રાય

"હાલ આપણે ત્યાં માસ્ટર ઑફ લાયબ્રેરી સાયન્સનો કોર્સ નથી, જેથી આ યુનિવર્સિટીના ડિપ્લોમાને આપણી ડિગ્રી સમકક્ષ ગણવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. છતાં વિચારવાનો હોય તો સમકક્ષ ગણવામાં વાંધો નથી."

આથી ઠરાવવામાં આવે છે કે, શિવાજી યુનિવર્સિટી તથા યુનિવર્સિટી ઑફ બરદ્વાનની "ડિપ્લોમા ઇન લાયબ્રેરી સાયન્સ" પરીક્ષાને પરસ્પરના ધોરણે માન્ય કરવા એકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૨૮. વિક્રમ યુનિવર્સિટીની પ્રથમ એલએલ.બી. પરીક્ષા માન્ય કરવા અંગે વિચારણા કરવા બાબત

ડીનનો અભિપ્રાય

"I find that the course of studies for the LL.B. Previous Examination of the Vikram University includes more subjects than in our corresponding course for the First LL.B. Examination, and the ordinances of the Vikram University repuire that, if any student of our University will be admitted to the Vikram University for the Final or Degree Examination in Law, he will be required to pass in those additional subjects of the Vikram University's previous LL.B. Examination, though the student might have passed our First LL.B. Examination. The additional subjects in the Vikram University previous LL.B. Examination are—

(1) Part—'A'-Jurisprudence

Part 'B'-Roman Law

or

Indian Legal History

(Paper I of Vikram University)

(2) The Law of Evidence

(Paper IV of Vikram University)

(3) The Law relating to Criminal Procedure

(Paper VI of Vikram University), and

(4) The Law of Easements

(Part of paper III of Vikram University).

The only subject from our course for the First LL.B. Examination, not covered by the Vikram University's Course for the Previous LL.B. is elements of constitutional Law.

In my opinion, *on basis of reciprocity* there is no objection to recognising the LL.B. (Previous) Examination of the Vikram University for admission to the Second (Degree) LL.B. Examination of our University, subject to our rules about attending two terms on the Second LL.B. class of any college affiliated to our University, and also passing the Paper on elements of constitutional law of our First LL.B. Course."

(નોંધ.—વિક્રમ યુનિવર્સિટીની બીજી એલએલ.બી. પરીક્ષા માન્ય કરેલી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, વિક્રમ યુનિવર્સિટીની પ્રથમ એલએલ.બી. પરીક્ષા માન્ય નહિ કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૨૯. પ્રમુખશ્રીની પરવાનગીથી "રુરલ સર્વિસીઝ ડિપ્લોમા" (ભારત સરકાર સંચાલિત) ને એલએલ.બી.ના અભ્યાસક્રમમાં પ્રવેશ માટે માન્ય કરવા અંગેની બાબત વિચારણા માટે હાથ ધરવામાં આવી.

આથી ઠરાવવામાં આવે છે કે, આ બાબત ધારાશાસ્ત્રની વિદ્યાશાખાને તેમના અભિપ્રાય માટે મોકલી આપવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

એસ. પી. મેઢ
રજિસ્ટ્રાર વતી.

પરિશિષ્ટ "બ"
કામકાજ કમાંક ૪૩

APPENDIX "I"

PRE-UNIVERSITY ARTS SYLLABUS

1. The Subject-matter of Geography — Physical and Cultural Elements.
2. The Relief of Land — Major Land forms and their Distribution.
3. Structure of the Earth's Crust — Brief study of Major structural Regions of the world. Earthquake and Volcanoes.
4. Climatic factors — Main Climatic Types and their distribution.
5. Distribution of Natural Vegetation and Animals.
6. Soils — Main types and their distributions.
7. Minerals and Power resources — Coal, Mineral Oil, Electricity, Atomic Energy, Iron, Copper, Manganese, Mica and Gold.
8. Major Agricultural products — Wheat, Rice, Millets, Tea, Coffee, Cocoa, Sugarcane, Cotton, Jute, Rubber, Tobacco, Oil seeds and Coconut.
9. Fisheries, Dairy and Forest products.
10. Major Industries — Iron and Steel Industry, Textile Industries (Cotton, Silk and Woollen), Aluminium Industry, Paper Industry, Cement Industry, Heavy Chemical Industries. The Great manufacturing Regions. Location of Industries.
11. Transport and Trade — Means of Transportation. Land, Sea and Air routes.
12. World Population — Density and Distribution of Population. Elementary idea of Race, Religion and Language groups.
13. Human settlements — their classification–4 Rural and Urban settlements, Factors for their Location.
14. Study.

Practical work

(*i*) Maps — their meaning, tpyes and importance, (*ii*) Scale of a map, (*iii*) Conventional signs, (*iv*) Map Projections in General, (*v*) Study and drawing of contours — various slopes, saddle, valleys, plateau and spur, Conical Hill.

Note.—(1) The topics given in the syllabus should be studied against the broad backgronnd of the important regions of the world. Emphasis should be laid on the distribution of various Elements of Geography over the surface of the Earth.

(2) Every student should record their Practical work in a Journal.

(3) Students should make constant use of a standard Atlas.

(4) There will be a written Examination of theoretical and Practical work by a Paper of three hours' duration. The question-paper will be of 70 marks including a Compulsory question of 10 marks on Practical work. The Internal Evaluation will be of 30 marks including 5 marks for Journal.

Books recommended

1. J. F. Unstead : 'A Word Survey', Uni. of London Press.
2. L. D. Stamp : 'The World', Longmans.
3. Finch, Trewartha and Associates : 'Elements of Geography', McGraw Hill
4. Philip : 'The University Atlas',
5. 'Oxford Economic Atlas of the World', Oxford.
6. S. S. Bhatia : 'Elementary Map Work', Metropolitan, Delhi.
7. Singh and Dutt : 'Elements of Practical Geography' Students' Friends, Banaras.

પરિશિષ્ટ "ત"
ઠરાવકોલમ ક્રમાંક ૪૭

O. New 4 :

It is further clarified that candidate who is directly admitted to the Second Examination in Engineering is exempted from Sessional examinations of all subjects of the First Examination in Engineering.

Provided further that a candidate who has passed S.S.C. Examination of Gujarat State with technical subjects in Geometrical and machine-drawing and in Workshop Technology, Grade I or II and also has passed Inter Science Examination (with Mathematics "A" group) or First B.Sc. Examination (with Chemistry, Physics and Mathematics) of this University or an Examination of any other University recognised as equivalent thereto, will also be eligible for admission to the Second Examination in Engineering after keeping two terms in a college affiliated to this University.

પરિશિષ્ટ "થ"
કામકાજ ક્રમાંક ૫૨

Reg. Tech. R. 21 :

Amended Regu. Tech. R. 21 of M.E. Degree Examination given on page 92 of the syllabus for the M.E. Degree.

The M.E. Degree can be taken by a written examination and either a practical examination or a dissertation in lieu of the practical examination.

(*i*) The written examination shall consist of four papers of not less than three hours' duration, each carring 100 marks.

(*ii*) The practical examination or dissertation shall carry 400 marks.

The practical examination shall consist of both practical and oral tests extended over a period of not less than 12 hours.

The dissertation may consist of a report of any research work done by a candidate or a comprehensive and critical review of any recent development of the subject or a detailed report of any important design or development work that the candidate has executed on his own responsibility.

The candidate should submit a dissertation either in April or in October as the case may be, every year.

A candidate desiring to submit a dissertation in lieu of the practical examination can submit his dissertation (*i*) either prior to his appearing in the theory examination, or (*ii*) after passing the theory examination. In either case the candidate should spend an intimation to the University through the Principal of the college at least three months in advance of his intention of submitting his dissertation.

The candidate submitting the dissertation, as mentioned in the forgoing paragraph, shall be required to (1) send an application in the prescribed form to Registrar of the University through the Principal of his college and pay an additional fee of Rs. 50/- with the application form for admission to the examination, and (2) three copies of the dissertation. A candidate submitting a dissertation in lieu of the practical examination shall be required to present himself for an oral examination at the time and fixed by the University.

પરિશિષ્ટ "૬"
કોમકોલ ક્રમાંક ૫૬

Minimum Qualifications and Experience required for Staff at a Dental College

Dental Staff : Designation	*Minimum basic qualifications and teaching experience required for the appointment*
1. Principal/Dean/Director of Dental Studies ..	Should have a recognised degree of B.D.S. of an Indian University or its equivalent and Post-graduate qualification of M.S. or M.D.S. or its equivalent and 10 years' teaching experience of which 5 years should be as a Professor.
2. Professor ..	Should have a recognised degree of B.D.S. of an Indian University or its equivalent and Post-graduate qualification of M.S. or M.D.S. or its equivalent and 6 years' teaching experience of which 3 years should be as an Assistant Professor / Reader / Senior Lecturer.
3. Reader/Senior Lecturer ..	Should have recognised degree of B.D.S. of an Indian University or its equivalent and Post-graduate qualification of M.S. or M.D.S. or its equivalent and 3 years' teaching experience.

Dental Staff : Designation		*Minimum basic qualifications and teaching experience required for the appointment*
4. Junior Lecturer / Tutor/ Demonstrator	..	Should possess B.D.S. Degree or equivalent qualification.
5. House Surgeon	..	Same as above for Junior Lecturer, etc.
Medical Staff	..	All the members of the staff teaching medical subjects should have qualifications as prescribed by the Medical Council of India for such posts. The minimum qualification for the post of tutors and demonstrators and Junior Lecturer may be relaxed so as to allow persons possessing B.D.S./M.B.,B.S. Degree.

પરિશિષ્ટ "ધ"
કામકાજ ક્રમાંક ૫૮

O. Arts 6 :

GROUP "I"

(1) The following shall be the groups of subject :

(1) English	(8) German	(15) Avesta-Pahlavi
(2) Gujarati	(9) Sanskrit	(16) Ancient Indian Culture
(3) Marathi	(10) Prakrit	(17) Islamic Culture
(4) Hindi	(11) Pali	(18) Philosophy
(5) Sindhi	(12) Persian	(19) Psychology
(6) Bengali	(13) Arabic	(20) History, and
(7) French	(14) Urdu	(21) Sociology.

GROUP "II"

(1) History	(5) Mathematics	(10) Geography
(2) Philosophy	(6) Economics	(11) Home Science
(3) Ancient Indian Culture	(7) Politics (8) Sociology	(12) Statistical Methods, and
(4) Islamic Culture	(9) Psychology	(13) Co-operation.

(2) No student shall be permitted to select his subordinate subjects from a group different from the one to which his Principal subject belongs.

O. Ext. Arts 6 :

(1) The following shall be the groups of subjects for students appearing at the external examination :

GROUP "I"

(1) English	(8) German	(15) Avesta-Pahlavi
(2) Gujarati	(9) Sanskrit	(16) Ancient Indian Culture
(3) Marathi	(10) Prakrit	(17) Islamic Culture
(4) Hindi	(11) Pali	(18) Philosophy
(5) Sindhi	(12) Persian	(19) Psychology
(6) Bengali	(13) Arabic	(20) History, and
(7) French	(14) Urdu	(21) Sociology.

GROUP "II"

(1) History	(5) Mathematics	(9) Psychology
(2) Philosophy	(6) Economics	(10) Statistical Methods, and
(3) Ancient Indian Culture	(7) Politics	(11) Co-operation.
(4) Islamic Culture	(8) Sociology	

(2) No student shall be permitted to select his subordinate subject from a group different from the one to which his Principal subject belongs.

O. 120-A :

1. This Ordinance shall apply to the Faculties of Arts, Science and Commerce only.
2. (*a*) There shall be a professor for every subject taught as a special sabject, in the Second and or Final Year of the Three Year Degree Course in the Faculties of Arts and Science.

   (*b*) In the Faculty of Commerce, there shall be a Professor each in the following subject :
   1. All optional subjects.
   2. Economics.
   3. Commerce including Business Administration.
3. There shall be at least one part-time lecturer in Hindi and one full time lecturer in every subject offered at First and/or Second Year and part-time teachers and tutors may be appointed only when there is at least one full-time lecturer and there is extra work which cannot be met by the full-time teachers in the subject.

Provided, however, that in the following subjects, a part-time Professor or Lecturer, as the case may be, should be considered as the minimum requirements in those subjects :

(*a*) In all Faculties for languages other than Gujarati, English, Sanskrit and Hindi if taught as a compulsory or subordinate subject.

(*b*) In all Faculties for General Education, a part-time Professor or Lecturer may be permmitted where the rest of the work can be distributed amongst existing staff.

(*c*) In Commerce Faculty, Accountancy (where C. A. employed), Mercantile Law and Statistics (if offered at F.Y.B.Com. as compulsory subject only).

4. The maximum work-load per week for the full-time teachers of the various categories shall be as under :

(*i*) Demonstrators	:	24 periods of 45 (40+5) minutes each or 18 hours (The Demonstrator with a Post-graduate Degree may be assigned lecturers or tutorials not exceeding 6 periods);
(*ii*) Tutors	:	21 periods of 45 (40+5) minutes each or 15·45 hours, of which lectures shall not exceed 8;
(*iii*) Lecturer and Professors	:	21 periods of 45 (40+5) minutes each or 15·45 hours, of which lectures shall not exceed 15;
(*iv*) Lecturers and Professors who are recognised Post-graduate teachers	:	18 periods of 45 (40+5) minutes each or 13·5 hours, of which lectures shall not exceed 13.
(*v*) Lecturers and Professors who are recognised as guides for Ph.D.	:	14 periods of 45 (40+5) minutes each or 10·5 hours, of which lectures shall not exceed 10.

Note.— Work-load shown against 4 (*iv*) and 5 (*v*) is meant for those Post-graduate teachers who are actually giving Post-graduate instruction.

For part-time teachers in various categories, the maximum periods shall not exceed ten including tutorials and in the case of part-time tutors, lecture periods shall not exceed four.

(*Note.*— Daily attendance of not less than four hours will be compulsory for every full time teachers on all working days.)

પરિશિષ્ટ "ન"
કામકાજ ક્રમાંક ૧૬

ફાઇનાન્સ કમિટીની એક સભા તા. ૨૫-૩-૧૯૬૬ના રોજ યુનિવર્સિટી કાર્યાલયમાં ચાર વાગે મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧. ઉપકુલપતિશ્રી	હાજર
૨. ડૉ. એ. એમ. ત્રિવેદી	હાજર
૩. પ્રિ. સી. જે. પટેલ	ગેરહાજર
૪. પ્રિ. એમ. સી. દેસાઈ	ગેરહાજર.

૧. આ સમિતિની તા. ૧૧-૩-૧૯૬૬ની નોંધ મંજૂર કરવા બાબત.

આ સમિતિની નોંધને બહાલી આપવામાં આવી અને તે ઉપર ઉપકુલપતિશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટી લાયબ્રેરીના મકાન માટે જરૂરી પંખા ખરીદવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, લાયબ્રેરીના મકાન માટે જરૂરી પંખા નંગ ૯૬ ઉષાની બનાવટના ૫૬"ની સાઇઝના મે. જય એન્જિનિયરિંગ વર્કસ લિ. કે જેઓ તે પંખાના બનાવનારા છે તેની પાસેથી સરકારે નક્કી કરેલા દરે એટલે કે રૂા. ૧૫૪-૨૫ પૈસાના દરે (એકસાઇઝ અને સેલટેક્ષ જુદા) ખરીદવા.

૩. યુનિવર્સિટી લાયબ્રેરી માટે જરૂરી લાઇટ ફિટિંગ્ઝ ખરીદવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ માટે જાહેર ખબર આપી ટેન્ડરો મંગાવવાં.

૪. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનના ભૌતિકશાસ્ત્ર વિભાગ માટે રેકલ કોમ્યુનિકેશન રિસીવર જે વિદેશથી આયાત કર્યા તેના વધારાના ખર્ચ બાબત.

આથી વિજ્ઞાન વિદ્યાભવનના ભૌતિકશાસ્ત્ર વિભાગ માટે રેકલ કોમ્યુનિકેશન રિસીવર જે આયાત કર્યું હતું તે અંગેના વધારાના ખર્ચના રૂા. ૫૭૩-૫૫ પૈસા મંજૂર કરવામાં આવ્યા.

૫. યુનિવર્સિટી પટાવાળાના યુનિફોર્મ બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિફોર્મની જરૂરી ખાદી શ્રી. મહીપતરામ ખાદી ભંડાર પાસેથી મી. ૧૫૦૦, સફેદ ઝીણી ચોતારી, ૨૭"ની રૂા. ૩·૪૫ પૈસાના ભાવે ખરીદવી.

૬. ભાષા-સાહિત્ય ભવન માટે કબાટ ખરીદવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ભાષા-સાહિત્ય ભવન માટે કબાટ નંગ ૧૦ ૮ગલ્લાં બનાવટના ચેર્ઝિ પ્રોડક્ટ્સ પાસેથી રૂા. ૩૩૮ના ભાવે અને ગ્લાસડોર સ્ટીલ કબાટ નંગ ૬ વિનિમા કોર્પોરેશન પાસેથી રૂા. ૪૫૮ના ભાવે ખરીદવા.

૭. યુનિવર્સિટી પ્રેસ પરીક્ષા અંગેનું કેટલુંક કામ કરી શકે તેમ ન હોવાથી બહારના પ્રેસોને કામ આપવા અંગેની ઉપકુલપતિશ્રીની મંજૂરી બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીએ યુનિક પ્રિન્ટરી, નમન પ્રિન્ટરી તથા સાહિત્ય મુદ્રણાલયને પરીક્ષાનાં નામોનાં લિસ્ટ છાપવાનું કામ આપ્યું તેની નોંધ લેવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

(સહી) ભૂ. મ. પટેલ
રજિસ્ટ્રાર વતી.

પરિશિષ્ટ "ઢ"
કામકાજ ક્રમાંક ૬૭

તા. ૨૧-૩-૧૯૬૬ના રોજ મળેલ બાંધકામ સમિતિની ભલામણો

બાંધકામ સમિતિની એક સભા તા. ૨૧-૩-૧૯૬૬ના રોજ બપોરના ૩-૦૦ કલાકે મળી હતી. શ્રી. વાસુદેવ ત્રિપાઠીના ટેકાથી શ્રી. નવનીતલાલ સા. શોધને પ્રમુખપદ સંભાળ્યું હતું. સભામાં નીચેના સભ્યો હાજર હતા :

૧. ઉપકુલપતિશ્રી	ગેરહાજર
૨. પ્રમુખશ્રી નવનીતલાલ સા. શોધન	હાજર
૩. શ્રી. વાસુદેવ એન. ત્રિપાઠી	હાજર
૪. શ્રી. ગિરીશચન્દ્ર એસ. દેસાઈ	હાજર
૫. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ	હાજર
૬. શ્રી. ડી. પી. શાહ	ગેરહાજર.

૧. બાંધકામ સમિતિની તા. ૨૧-૨-૧૯૬૬ની સભાની કાર્યવાહી મંજૂર કરવા બાબત.

બાંધકામ સમિતિની તા. ૨૧-૨-૧૯૬૬ની સભાની કાર્યવાહી મંજૂર કરવામાં આવી અને તે ઉપર પ્રમુખશ્રીએ સહી કરી.

૨. હોબ્બી વર્કશોપના મકાનના બાંધકામ માટે સ્થપતિની નિમણૂક કરવા બાબત તથા તેનું સ્થાન નક્કી કરવા બાબત.

હોબ્બી વર્કશોપના મકાનના બાંધકામ માટે સ્થપતિ શ્રી. બી. વી. દોશીની નિમણૂક આ અગાઉ થયેલી છે તેની શ્રી યુનિવર્સિટી ઇજનેરે સભાગૃહને જાણ કરી તે જોતાં તેની નોંધ લેવામાં આવી.

૩. યુનિવર્સિટી અતિથિગૃહના બાંધકામમાં રૂમોમાં અને અગાશીમાં વધારે સારી જાતનાં ટાઈલ્સ વાપરવા અંગે સ્થપતિ શ્રી. આર. કે. ચોકસીના તા. ૯-૩-૧૯૬૬ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, અતિથિગૃહના મકાનના રૂમોમાં રૂા. ૭૦ને બદલે રૂા. ૯૫ એઝિક રેશ્યોનાં ટાઈલ્સ ખરીદવાનો પ્રસ્તાવ મંજૂર કરવો.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે, પહેલા માળના ખુલ્લા ધાબા પર રૂા. ૪૦ ને બદલે રૂા. ૭૦ના એઝિક રેશ્યોનાં ટાઈલ્સ નાંખવા, પરંતુ બીજા માળના ધાબા પર ટેન્ડર પ્રમાણે રૂા. ૪૦ એઝિક રેશ્યોનાં ટાઈલ્સ નાંખવાં.

(નોંધ.—ટાઈલ્સના નમૂના, ભાવ ઇત્યાદિ અંગે ઉપકુલપતિશ્રીની મંજૂરી મેળવી લેવાનું રાખવું.)

૪. યુનિવર્સિટી કાર્યાલયના મુખ્ય મકાનમાં વાયર્ડ ગ્લાસ પૂરા પાડીને ફીટ કરવા માટેના કામ માટે આવેલ ટેન્ડરો તપાસી ભલામણ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, કાચ પૂરા પાડવા માટે તેમજ ફીટ કરવા માટે એમ બે કામોનાં જુદાં ટેન્ડરો મગાવી સભાગૃહ સમક્ષ રજૂ કરવાં.

૫. વિજ્ઞાન વિદ્યાભવન માટે ૧૫૦ કે.વી.એ.ના ટ્રાન્સફોર્મર માટે આવેલ ટેન્ડરો અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, વિજ્ઞાન વિદ્યાભવન માટે ૧૫૦ કે.વી.એ.નું ટ્રાન્સફોર્મર રેડી સ્ટોકમાં પૂરું પાડનાર વેપારી પેઢી મેસર્સ ઇલેક્ટ્રિક સ્ટોર્સના પ્રતિનિધિને બોલાવી આ અંગે યોગ્ય કરવાની સત્તા ઉપકુલપતિશ્રીને આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૬. અતિથિગૃહના બાંધકામના વધારાના કામકાજના દરો પ્રત્યે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, અતિથિગૃહના બાંધકામના વધારાના કામકાજ અંગે શ્રી. ગિરીશચંદ્ર એસ. દેસાઈનાં સલાહ-સૂચનો લઈને આ અંગે યોગ્ય કરવાની સત્તા ઉપકુલપતિશ્રીને આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૭. યુનિવર્સિટી ગ્રંથાલયના બાંધકામના વધારાના કામકાજના દર અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી ગ્રંથાલયના બાંધકામના વધારાના કામકાજના દરો અંગે શ્રી. ગિરીશચંદ્ર એસ. દેસાઈની સલાહ લઈને આ અંગે યોગ્ય કરવાની સત્તા ઉપકુલપતિશ્રીને આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૮. યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનના મકાનના બાંધકામનો રૂા. ૧૪,૧૮,૬૭૯-૪૨ પૈસાનો પુનર્નિર્મિત અંદાજ મંજૂર કરવા અંગે ભલામણ કરવા બાબત.

(**નોંધ.**—વિગત આ સાથે સામેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનના મકાનમાં બાંધકામનો પુનર્નિર્મિત અંદાજ રૂા. ૧૪,૧૮,૬૭૯-૪૨ પૈસાનો થાય છે તેની નોંધ લેવી.

[**નોંધ.**—તેની વિગતો (મંજૂરીની તારીખો સહિત)નું યુનિવર્સિટી ઇજનેરનું પ્રમાણપત્ર આ સાથે સામેલ છે.]

૯. યુનિવર્સિટી ગ્રંથાલયના મકાનની અગાશી પર વૉટરપ્રૂફિંગ કરીને તે ઉપર સિમેન્ટ ગ્રેટાર્ફલ્સ નાંખવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—સ્થપતિ શ્રી. દોશીના તા. ૩-૨-૧૯૬૬ના પત્રની નકલ આ સાથે સામેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી ગ્રંથાલયના મકાનની અગાશી પર વૉટરપ્રૂફિંગ કરાવવું અને તે માટેનો દર બજારભાવ પ્રમાણે ઘટાડવા કૉન્ટ્રાક્ટરને જણાવવું. જો તે દરમાં ઘટાડો ના થાય તો આ કામ માટે ભાવ મંગાવીને સભાગૃહ સમક્ષ રજૂ કરવાનું રાખવું.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે, વૉટરપ્રૂફિંગ ઉપર [illegible] લગાડવાની બાબત હાલ મુલતવી રાખવી.

૧૦. યુનિવર્સિટી વિસ્તારમાં થતા બાંધકામોમાં ટેન્ડરમાં સિમેન્ટના બેઝિક રેઇટ દર્શાવેલા હોય ત્યારે ખાલી થેલીની રકમ બિલમાંથી બાદ કરવી કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, યુનિવર્સિટી વિસ્તારમાં થતાં બાંધકામોમાં ટેન્ડરમાં સિમેન્ટના બેઝિક રેઇટનો ઉલ્લેખ કર્યો હોય કે ના હોય તોપણ યુનિવર્સિટીએ સિમેન્ટની પરમિટ આપી હોય ત્યાં તે કામના કૉન્ટ્રાક્ટર પાસેથી સિમેન્ટની ખાલી થેલી સારી હાલતમાં પાછી માંગવી અથવા તો તેની રકમ બિલમાંથી વસૂલ લેવાનું રાખવું.

૧૧. યુનિવર્સિટી વિસ્તારમાં થતાં નાનાં બાંધકામોના પ્લાન વગેરેની મંજૂરી અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન પાસેથી મેળવવાની હોય છે તો આ માટે કોઈ વ્યવસ્થા અંગે વિચારણા કરવા બાબત

આથી ઠરાવવામાં આવે છે કે, આ માટે યુનિવર્સિટી ઇજનેર કૉર્પોરેશનનું લાયસન્સ મેળવીને પોતે ખાતા મારફત કામ પતાવે તેમ રાખવું.

(**નોંધ.**—આ અંગે જરૂરી લાયસન્સ-ફીનો ખર્ચ યુનિવર્સિટીએ કરવાનો રહેશે.)

૧૨. યુનિવર્સિટીના પ્લમ્બિંગ, સેનિટરી વગેરેના કામ માટે લાઇસન્સ્ડ પ્લમ્બરની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના પ્લમ્બિંગ સેનિટરી વગેરેનાં કામો માટેનું લાયસન્સ યુનિવર્સિટી ઇજનેર પોતે લઈને આ કામ ખાતા મારફત પતાવવાનું રાખે.

(**નોંધ.**—આ અંગે જરૂરી લાયસન્સ-ફીનો ખર્ચ યુનિવર્સિટીએ કરવાનો રહેશે.)

પ્રમુખશ્રી તરફથી નીચેની બાબત રજૂ કરવામાં આવી :

સ્ટાફ ક્વાર્ટર્સના બાંધકામના કંત્રાટી મે. કે. બી. મહેતાના બિલમાંથી સિમેન્ટની ખાલી થેલીની રકમ બાદ કરવામાં આવી તે સામે તેઓએ લખેલા પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સિમેન્ટની ખાલી થેલીની રકમ વસૂલ લેવા માટેનો અગાઉ કરવામાં આવેલો નિર્ણય બરોબર છે અને તેથી તે પ્રમાણે ઘટતી કારવાઈ કરવી જોઈએ.

Revised Estimate for School of Sciences

Summary :

1.	Mathematics Building ..	Rs.	1,51,556.21
2.	Botany Building ..	Rs.	2,73,506.47
3.	Chemistry Building ..	Rs.	5,12,719.87
4.	Physics Building ..	Rs.	2,66,151.83
5.	Misc. works ..	Rs.	18,519.30
		Rs.	12,22,453.68
6.	Water supply and Sanitary work ..	Rs.	57,601.70
7.	Electric Installation ..	Rs.	55,517.17
	Total Cost ..	Rs.	13,35,572.55
8.	Architect's fees @ 3½% on cost ..	Rs.	46,725.00
9.	Consulting Engineer's Fees @ 3% on R.C.C. Cost ..	Rs.	23,026.14
10.	Establishment charges clerk of works. Supervision 1% on total cost ..	Rs.	13,355.73
		Rs.	14,18,679.42

Details about Sanction		*Provision in tender*	*Remarks*
1. Tendered Cost	Rs. 9,15,437–50	Tendered cost Rs. 9,15,437–50	This expenditure is incurred for strengthening R.C.C. design (solded plate slab) so as to accommodate Brick walls on upper storey. The Brick walls can be constructed at every 3′ to suit requirement of lab.
2. Extra cost for R.C.C. work due to provision for Partition walls as senctioned in B–e dt. 3/4–1961	Rs. 40,000–00	—	—
3. Increase in cost due to earthwork extra lead for taking earth B.C. 7/8–1961.	Rs. 14,000–00	No provision for extral ead,	Unforseen item The plinth level of all the four buildings is kept higher 4′–6″ about G.L. because of low lying area. The excavated stuff was not sufficient for duming in plinth & chases of foundation. The surplus earth was excavated near open air theatre and carried to Labs for shreading below plinth and for chases of walls.

(ભાષાંતર) ૨૪૬-૧૨-૧૪ ૧૪-૨-૧૪

4.	Increase in cost due to extra foundation for deeper foundation due to Black cotton soil. B.C. 7/8–1961	Rs. 99,730–00	—	
5.	Earth work surrounding building – extra cost – B.C. 10–4–62	Rs. 8,000–00	Rs. 2,100–00	The original level of the ground was raised with an average height 2'–0" to 2'–6" as the grounds get flooded in monsoon.
6.	Providing cellar below service black in 3 buildings for Physics, Chemistry and Botany. B.C. 26–2–1962	Rs. 54,000–00	No provision in tender	There was no provision for cellar at the initial stage. The provision for cellar was made below the service black so as to make use as a store room.
7.	Extra sandfilling as per Contractor M/s. Shah & Patwa's separate tender sanctioned in B.C. 5–2–1962	Rs. 36,000–00	Rs. 2,775–00	—
		Rs. 11,63,167–50		
8.	Services–water supply & Drainage Rs. 74,016 less 4.12% as per tender	Rs. 70,966–54	Tender of Rs. 70,966–54	

9. Electric Installation Rs. 47,056/- tendered cost Rs. 1,500 extra for Excise Duty	Rs.	48,556-00	Tender of Rs. 47,056-00 Rs. 1,500-00 for Excise Duty Rs. 48,556-00	—	
10. Extra cost approved in Syndicate dt. 1-5-1965	Rs.	83,310-00	—	—	
	Rs.	13,66,000-04			
Total Cost ..	Rs.	13,66,000-04			
Architect's Fees ..	Rs.	42,000-00			
Consulting Engineer's Fees ..	Rs.	21,000-00			
	Rs.	14,29,000-04			

[redacted]

પરિશિષ્ટ "ફ"
કામકાજ ક્રમાંક ૭૫

ત્રિવાર્ષિક તપાસસમિતિના અહેવાલ તપાસી સિન્ડિકેટને ભલામણ કરવા સિન્ડિકેટે નીમેલી સ્થાયી સમિતિની એક બેઠક ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં, તા. ૨૨-૨-૧૯૬૬ ને મંગળવારના રોજ બપોરે ૧૨-૩૦ વાગે, તા. ૧૭-૮-૧૯૬૫ના રોજ મળેલ સભા સમક્ષ જે કૉલેજોની પૂરતી માહિતી નહિ આવવાને કારણે બાકી રહેલી બાબતો પર વિચારણા કરવા માટે મળેલી, તેમાં નીચેના સભ્યો હાજર હતા :

૧. શ્રી. લાલભાઈ ૨. દેસાઈ	હાજર
૨. આચાર્ય ય. ગુ. નાયક	હાજર
૩. આચાર્ય એમ. સી. દેસાઈ	ગેરહાજર
૪. આચાર્ય વી. આર. રઘુટીવે	હાજર
૫. રૅા. જયંત ભગવાન હરિભક્તિ	હાજર.

સભાનું પ્રમુખસ્થાન ઉપકુલપતિશ્રીએ સંભાળ્યું હતું.

૧. તા. ૧૭-૮-૧૯૬૫ના રોજ મળેલ ત્રિવાર્ષિક તપાસસમિતિની નોંધને મંજૂર કરવા બાબત :

તા. ૧૭-૮-૧૯૬૫ના રોજ મળેલ ત્રિવાર્ષિક તપાસસમિતિની નોંધને મંજૂર કરવામાં આવી અને તે પર ઉપકુલપતિશ્રીએ સહી કરી.

૨. નીચે દર્શાવેલ કૉલેજો તથા અન્ય સંસ્થાના ત્રિવાર્ષિક તપાસસમિતિના આવેલા અહેવાલો જે સમયસર આવ્યા ન હોવાથી તા. ૧૭-૮-૧૯૬૫ની સભામાં મૂકી શકાયા ન હતા તે અહેવાલો અને તે અંગે જે તે કૉલેજોના આચાર્યો તરફથી નોંધ (આવી હોય તો તે) પર વિચારણા કરવા બાબત :

૧. બહાઉદ્દીન કૉલેજ, જૂનાગઢ
૨. કે. પી. કૉલેજ ઑફ કૉમર્સ, સુરત
૩. શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન ઍન્ડ રિસર્ચ, અમદાવાદ.

(નોંધ.—આ સંસ્થાએ તપાસના અહેવાલ પર તેમનું વક્તવ્ય રજૂ કરેલ નથી.)

સદરહુ બાબત અંગે કૉલેજ વાર વિચારણા થયા પછી નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

૧. બહાઉદ્દીન કૉલેજ, જૂનાગઢ :

સદરહુ કૉલેજના તપાસના અહેવાલની નકલ કૉલેજને મોકલી નીચે જણાવેલ ક્ષતિઓ દૂર કરવા જણાવેલું :

૧. ખાલી જગ્યાઓ તાકીદે પૂરવા તથા દરેક શિક્ષકને યુનિવર્સિટીએ નક્કી કરેલ પગારધોરણ આપવું આવશ્યક છે.
ખાલી જગ્યાઓ નીચે મુજબ છે :
૧. અંગ્રેજીના પ્રાધ્યાપક
૨. ગુજરાતીના એક વ્યાખ્યાતા
૩. ગણિતના એક વ્યાખ્યાતા
૪. અંગ્રેજીના એક વ્યાખ્યાતા
૫. ઇતિહાસના એક વ્યાખ્યાતા
૬. અંગ્રેજીના એક ટ્યૂટર
૭. અર્થશાસ્ત્રના એક ટ્યૂટર
૮. સંસ્કૃતના એક ટ્યૂટર
૯. રસાયણવિજ્ઞાનના એક ડેમોન્સ્ટ્રેટર.
૨. ટ્યુટોરિયલ્સ માટે મોટા ખંડોની જોગવાઈ કરવી આવશ્યક છે.
૩. રસાયણવિજ્ઞાનની પ્રયોગશાળા મોટી બનાવવામાં આવે.

૨. કે. પી. કૉલેજ ઑફ કૉમર્સ, સુરત

સદરહુ બાબતની નોંધ લેવી.

૩. શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન ઍન્ડ રિસર્ચ, અમદાવાદ

સદરહુ બાબતની નોંધ લેવી.

તા. ૧૭-૮-૧૯૬૫ની ત્રિવાર્ષિક તપાસસમિતિએ ઠરાવ્યા અનુસાર નીચે જણાવેલ જે તે કૉલેજની સ્થાનિક તપાસસમિતિએ કરેલ સૂચનો અંગે જે તે કૉલેજે ભરેલાં પગલાં અંગેના તે કૉલેજો તરફથી આવેલ જવાબો :

૧. એસ. બી. ગાર્ડા આર્ટ્સ કૉલેજ ઍન્ડ બી. પી. બારિયા સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, નવસારી
૨. જે. ઍન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદ.

સદરહુ બાબત અંગે કૉલેજ વાર વિચારણા થયા બાદ નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

૧. એસ. બી. ગાર્ડા કૉલેજ અન્ડ બી. પી. બારિયા સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, નવસારી

નીચે જણાવેલ મુદ્દાઓ અંગે કૉલેજને લખી યોગ્ય કરવું :
૧. સેમિનાર કે ટ્યુટોરિયલ્સ માટે વધારાના વર્ગખંડોની વ્યવસ્થા કરવી જોઈએ, અથવા વિદ્યાર્થીઓની સંખ્યા મર્યાદિત કરવી જોઈએ. જગાના અભાવે સેમિનાર કે ટ્યુટોરિયલ્સ લેવાય નહિ તે નિયમ મુજબ ચલાવી લેવાય નહિ.
૨. જનરલ એજ્યુકેશનનો વિષય ડેમોન્સ્ટ્રેટરને બદલે જે તે વિષયના યોગ્ય લાયકાત ધરાવતા પ્રાધ્યાપકને સોંપવો.

૨. જે. ઍન્ડ જે. કૉલેજ, નડિયાદ

હવે સીમેન્ટ છૂટો થયો હોઈ જરૂરી બાંધકામ તાત્કાલિક પૂરું કરી યુનિવર્સિટીને જાણ કરવા કૉલેજને જણાવવું.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, નવરંગપુરા, અમદાવાદ-૯.

G.U.P. 214-350-6-66

ખાનગી

સિન્ડિકેટ (જૂન)
તા. ૪/૫-૬-'૬૬

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની સને ૧૯૬૬ના જૂન માસની સભા, શનિવાર, તા. ૪-૬-૧૯૬૬ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, અને રવિવાર, તા. ૫-૬-૧૯૬૬ના રોજ સવારના ૯-૦૦ વાગ્યે ચાલુ રહી હતી. પ્રમુખસ્થાન ઉપકુલપતિ શ્રી. લાલભાઈ ૨. દેસાઈએ લીધું હતું. બન્ને દિવસોએ સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૪-૬-૧૯૬૬	તા. ૫-૬-૧૯૬૬
૧.	શ્રી. લાલભાઈ ૨. દેસાઈ, ઉપકુલપતિ	હાજર	હાજર
૨.	શ્રી. હે. અં. મિસ્ત્રી, નાયબ શિક્ષણસંચાલક	હાજર	હાજર
૩.	શ્રી. મ. પ્ર. દેસાઈ	હાજર	હાજર
૪.	શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	હાજર	હાજર
૫.	શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી	હાજર	હાજર
૬.	શ્રી. ઇન્દ્રવદન માણેકલાલ નાણાવટી	હાજર	હાજર
૭.	ડૉ. વાસુદેવ નટવરલાલ ત્રિપાઠી	હાજર	ગેરહાજર
૮.	ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ	ગેરહાજર	ગેરહાજર
૯.	શ્રી. ઘનશ્યામલાલ છોટાલાલ ઓઝા	હાજર	ગેરહાજર
૧૦.	શ્રી. ઠાકોરભાઈ મણિભાઈ દેસાઈ	હાજર	હાજર
૧૧.	શ્રી. બટુભાઈ હરિભાઈ દેસાઈ	ગેરહાજર	ગેરહાજર
૧૨.	ડૉ. અશ્વિનકુમાર માધવલાલ ત્રિવેદી	હાજર	હાજર
૧૩	શ્રી. મણિશંકર પ્રભાશંકર પંડ્યા	હાજર	ગેરહાજર
૧૪.	પ્રો. બી. આર. શિનોય	ગેરહાજર	ગેરહાજર
૧૫.	આચાર્ય ચિમનભાઈ જે. પટેલ	હાજર	ગેરહાજર
૧૬.	આચાર્ય મુકુન્દલાલ છોટાલાલ દેસાઈ	હાજર	ગેરહાજર
૧૭.	આચાર્ય યશવંતરાય ગુલાબભાઈ નાયક	ગેરહાજર	ગેરહાજર
૧૮.	આચાર્ય વિશ્વનાથ રામચંદ્ર રણદીવે	હાજર	હાજર.

અન્ય રોકાણને કારણે પ્રથમ દિવસે ઉપકુલપતિશ્રી સભામાં સમયસર હાજર રહી શકયા નહોતા, તેથી સિન્ડિકેટના સીનિયર સભ્ય શ્રી. મગનભાઈ પ્રભુદાસ દેસાઈએ સભાગૃહની વિનંતીથી પ્રમુખસ્થાન સંભાળ્યું હતું.

૧. તા. ૯-૪-૧૯૬૬ના રોજ મળેલી એપ્રિલ માસની સિન્ડિકેટની સભાના કામકાજની નોંધને મંજૂરી આપવા બાબત.

તા. ૯-૪-૧૯૬૬ના રોજ મળેલ એપ્રિલ માસની સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી, તથા તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

૨. પ્રી-યુનિ. વિનયનના અર્ધમાગધીના વિષય માટે ૧૯૬૮ અને ત્યાર પછીનાં વર્ષોની પરીક્ષા માટેનો ગદ્યપદ્યસંગ્રહ તૈયાર કરવા માટે એક સમિતિની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સંગ્રહ તૈયાર કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

૧. પ્રો. એચ. સી. ભાયાણી,
૨. આચાર્ય જિતેન્દ્રભાઈ હ. જેતલી,
૩. પ્રો. વી. એમ. શાહ,
૪. પ્રો. કે. આર. ચન્દ્ર.

૩. નીચે જણાવેલ ઑર્ડિ. ૧૩૨ સુધારવા અંગે વિચારણા કરવા બાબત :

O. 132 :

(*i*) Unless otherwise specially provided for, all examinations except practical and viva-voce shall be conducted by means of printed or written papers;

(*ii*) Candidates must answer the question-papers in English except when otherwise stated.

આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિ. ૧૩૨ની પેટા કલમ ૨ રદ કરવી અને પેટાકલમ ૧નો ક્રમાંક કાઢી નાંખવો.

૪. સાયન્સ કૉલેજ, કડીએ જૂન, ૧૯૬૬થી એસ.વાય.બી.એસસી.ના વિષયો માટે માગેલ વધારાનું જોડાણ મુલતવી રાખ્યાનું જણાવતા આચાર્યશ્રીના પત્ર પર વિચારણા કરવા તથા તેમની જોડાણઅરજી અને શરતોના પરિપાલન અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ. — (૧) સદરહુ કૉલેજે ૧૯૬૫-૬૬ના વર્ષ દરમિયાન ફક્ત પ્રી-યુનિ. સાયન્સના જ વર્ગો શરૂ કરેલા હોઈ, વિદ્યાર્થીઓ ચાલુ વર્ષે એફ.વાય.બી.એસસી.માં આવશે.

(૨) ચાલુ વર્ષે એસ.વાય.બી.એસસી.ના વર્ગો શરૂ કરવા એમ, હકીકત લક્ષમાં લઈને એક શરત તરીકે સૂચવાયું હતું. તેના સંદર્ભમાં ઉપરના જોડાણના જાહેરનામા માટે રાજ્ય સરકારને કયા અભ્યાસક્રમ માટે ભલામણ કરવી તે અંગે વિચારવાનું થાય છે.]

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજને એફ.વાય.બી.એસસી. સાથેના અભ્યાસક્રમો શીખવવા માટે વધુ એક વર્ષ માટે, એટલે કે તા. ૧૫મી જૂન ૧૯૬૬થી તા. ૧૪મી જૂન ૧૯૬૭ સુધી, ચાલુ જોડાણ આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, આગળના વર્ગો ચાલુ કરવા અંગેની બાંયધરીનું પાલન કરવામાં તેનું સંચાલકમંડળ નિષ્ફળ જશે તો કૉલેજને આગળનાં વર્ષો માટે ચાલુ તથા વધારાનું જોડાણ આપવા માટેની અરજી પર ભવિષ્યમાં કોઈ વિચારણા થઈ શકશે નહિ, તેની સમજથી આ જોડાણ માટે ભલામણ કરવામાં આવે છે તેની કૉલેજના સંચાલકમંડળને જાણ કરવી.

આ પછી ઉપકુલપતિશ્રી લા. ૨. દેસાઈ સભાગૃહમાં આવ્યા અને શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ પાસેથી તેમણે પ્રમુખપદ સંભાળી લીધું.

૫. એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજ, અમદાવાદમાં અર્થશાસ્ત્ર અને અંગ્રેજીના વ્યાખ્યાતા તરીકે નિમાયેલા શ્રી. આર. ઝેડ. સૈયદની ફરિયાદ પરત્વે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**— શ્રી. સૈયદને તા. ૧૫-૩-૧૯૬૫થી છૂટા કરવામાં આવ્યા. તેમને વેકેશન-પગાર આપવા માટે તા. ૭-૧૨-૧૯૬૫ના પત્રાંક સિં. ૦૩૦૧૧૧થી જણાવ્યા છતાં હજુ સુધી આપવામાં આવ્યો નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજને તથા ડિરેક્ટર ઑફ ટેકનિકલ એજ્યુકેશનને પત્ર લખીને જણાવવું કે, જોડાયેલી કૉલેજોના શિક્ષકોની સેવાઓની બાબતમાં યુનિવર્સિટીએ ઘડેલા નિયમો સરકારી તથા બિનસરકારી કૉલેજોને માટે સરખા બંધનકર્તા છે, અને તે નિયમોનું યથાર્થ પરિપાલન રાજ્ય સરકારની કૉલેજો કરે એવી સવિશેષ અપેક્ષા રહે છે, અને તેથી શ્રી. આર. ઝેડ. સૈયદને તા. ૧૬-૩-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૫ સુધીનો વેકેશનનો પૂરો પગાર ચૂકવી આપવો જોઈએ, એમ સિન્ડિકેટનું દૃઢ મંતવ્ય છે.

૬. તા. ૧૨-૧૧-૧૯૬૬ના રોજ દિવાળી આવતી હોવાથી ૧૯૬૬-૬૭નાં સત્રોમાં કોઈ ફેરફાર કરવો કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**— પ્રથમ સત્ર ૧૫મી જૂનથી ૨૦મી ઑક્ટોબર સુધી છે, અને બીજું સત્ર તા. ૫મી નવેંબરના રોજ શરૂ થાય છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, ચાલુ વર્ષે સત્રોની તારીખોમાં કોઈ ફેરફાર કરવો નહિ.

(**નોંધ.**— દિવાળીના તહેવારો માટેની રજાઓ, ઑર્ડિ. ૭૫ અન્વયે, કૉલેજોના આચાર્યો, માન્ય અનુસ્નાતક સંસ્થાઓના અધ્યક્ષો અને યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના અધ્યક્ષોએ ગોઠવવાની રહેશે.)

૭. કૉટેજ હૉસ્પિટલ, જંબુસરને ફરજિયાત રોટેટિંગ હાઉસમેનશિપ માટે માન્યતા આપવા અંગે બી. જે. મેડિકલ કૉલેજના ડીન મારફતે અરજી આવેલ હોઈ, તે અંગે તપાસ કરી રિપોર્ટ કરવા સારુ સ્થાનિક તપાસસમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત અંગે તપાસ કરીને રિપોર્ટ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

૧. ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ
૨. ડૉ. ઈ. એમ. એસ્ટ.

૮. તા. ૧૨/૧૩-૩-૧૯૬૬ની ઍકેડેમિક કાઉન્સિલની સભાની બાબત ક્રમાંક ૨૪ ઉપરના નીચેના ઠરાવ અન્વયે પ્રાશ્નિક-પરીક્ષકોને આપવાની સૂચનાનો પાઠ મંજૂર રાખવા બાબત :

"ઇજનેરી વિદ્યાશાખાની જુદી જુદી પરીક્ષાના પ્રશ્નપત્રોમાં જ્યાં જ્યાં જરૂર હોય ત્યાં સ્ટાન્ડર્ડ મેટ્રિક યુનિટનો ઉપયોગ કરવાનું તથા એફ.સી.એસ. પદ્ધતિ વિકલ્પે દર્શાવવાનું રાખવું અને તે અંગે ધારાધોરણમાં જરૂરી જોગવાઈ કરવાનું રાખવું."

(નોંધ.— સૂચનાનો પાઠ :

"Paper-setters are hereby asked to use Metric system units for measurements of a scale wherever necessary while drawing the question-papers of different subjects at various Engineering examinations, but they should also give the corresponding equivalents of Metric system units in F. P. S. system units in the question-paper."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતમાં પ્રાશ્નિક/પરીક્ષકોને આપવાની સૂચનાનો ઉપરનો પાઠ મંજૂર કરવો.

૯. ઑક્ટોબર ૧૯૬૬માં બી.કૉમ.ની જૂના અભ્યાસક્રમ પ્રમાણેની છેલ્લી પરીક્ષા લેવામાં આવનાર છે. ઑ. ૩૦૯ પ્રમાણે બી.એ. પછી બી.કૉમ.ની પરીક્ષામાં બેસનાર વિદ્યાર્થીઓ પૈકી જે વિદ્યાર્થીઓએ ફર્સ્ટ બી.કૉમ.ની ફરજિયાત ઍકાઉન્ટન્સી વિષયની પરીક્ષા પાસ કરી ન હોય તેવા વિદ્યાર્થીઓ ઑક્ટોબર ૧૯૬૬માં લેવાનાર બી.કૉમ.ની (જૂના કોર્સની) છેલ્લી પરીક્ષામાં બેસી શકે નહિ. તેથી જે વિદ્યાર્થીઓએ ફર્સ્ટ બી.કૉમ.ની ફરજિયાત ઍકાઉન્ટન્સી વિષયની પરીક્ષા પાસ કરી ન હોય તેવા વિદ્યાર્થીઓ પૂરતી એક વધારાની ફર્સ્ટ બી.કૉમ.ની પરીક્ષાના ફક્ત ફરજિયાત ઍકાઉન્ટન્સી વિષયની જ પરીક્ષા ઑક્ટોબર ૧૯૬૬માં લેવી કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વિદ્યાર્થીઓ માટે ફર્સ્ટ બી.કૉમ.ની પરીક્ષામાં ફક્ત ફરજિયાત ઍકાઉન્ટન્સીના વિષયમાં ઑક્ટોબર ૧૯૬૬માં લેવી.

૧૦. "જસ્ટિસ પી. ચક્રવર્તી બંગાલી પારિતોષિક" માટે ૧૯૬૫માં લેવાયેલ વિનયન વિદ્યાશાખાની પરીક્ષામાં કોઈ વિદ્યાર્થી બંગાળી વિષય લઈ બેઠેલ નહિ, જેથી તા. ૫/૬-૩-૧૯૬૬ની સિન્ડિકેટના ઠરાવ અનુસાર જુલાઈ માસમાં "રોલ ઑફ બંગાલી લિટરેચર ઇન નેશનલ ઍન્ડ પેટ્રિયોટિક સૉંગ્સ" વિષય પર નિબંધસ્પર્ધા યોજવા અને તે અંગેના નિયમો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પારિતોષિકના નિયમો મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલા નિયમોની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૧૧. એપ્રિલ, ૧૯૬૬માં લેવાયેલ થર્ડ બી.એસસી. ભૌતિકવિજ્ઞાન વિષયની પ્રાયોગિક પરીક્ષાની બાબતમાં ગુજરાત કૉલેજના ભૌતિકવિજ્ઞાન વિભાગના વડા શ્રી. ઈ. એન. બલસારાએ તેમ જ સેંટ ઝેવિયર્સ કૉલેજના ભૌતિકવિજ્ઞાન વિભાગના વડા શ્રી. ડી. એમ. શાહે

લેબોરેટરીમાં સાધનોને અભાવે કેટલાક પ્રયોગો શીખવી શકાયા નહોતા તે જણાવતા પત્રો અમદાવાદ કેન્દ્રના પરીક્ષકને લખ્યા તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે—

૧. પ્રોફેસર ઈ. એન. બલસારા અને પ્રોફેસર ડી. એમ. શાહના ખુલાસા મગાવીને સદરહુ બાબત પરીક્ષાશુદ્ધિ સમિતિની વિચારણા માટે મોકલવી.

૨. આથી ઠરાવવામાં આવે છે કે, સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ અને ગુજરાત કૉલેજ, અમદાવાદના આચાર્યોને ઘટતો પત્ર લખીને પુછાવવું કે, પ્રોફેસર શાહ અને પ્રોફેસર બલસારાએ પરીક્ષકોને સદરહુ બાબતમાં જે પત્રો લખ્યા તે પત્રો લખતાં પહેલાં આચાર્યોની અનુમતિ લીધી હતી કે કેમ?

૧૨. જૂન, ૧૯૬૬થી એમ.એ.ના વર્ગમાં નિયમિત વિદ્યાર્થી તરીકે સત્રો ભરવાનું ઇચ્છતા શ્રી. સૂર્યવંશી રવીન્દ્ર ગણપતરાવને સાથે સાથે ઑક્ટોબર, ૧૯૬૬માં લેવાનાર બી.એ.ની એક્સ્ટર્નલ પરીક્ષા માટે ઑર્ડિ. ૧૭૪-અ અન્વયે નામ નોંધાવવાની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. સૂર્યવંશી રવીન્દ્ર ગણપતરાવને બી.એ.ના એક્સ્ટર્નલ વિદ્યાર્થી તરીકે નામ નોંધાવવા માટે ઑર્ડિ. ૧૭૪-અ અન્વયે જરૂરી પરવાનગી આપવી.

૧૩. મનોવિજ્ઞાન વિદ્યાભવનમાં લેક્ચરર-ઇન-એજ્યુકેશનની જગ્યા માટે તા. ૯-૪-૧૯૬૬ના રોજ મળેલી વરણીસમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વરણીસમિતિની તા. ૯-૪-૧૯૬૬ની સભાની ભલામણો મંજૂર કરવી

(સદરહુ સમિતિની તા. ૯-૪-૧૯૬૬ની સભાની નોંધ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૧૪. ત્રીજી પંચવર્ષીય યોજના હેઠળ અનુસ્નાતક વિદ્યાભવનોમાં શિક્ષકોની/બિન-શિક્ષકોની વણપુરાયેલી નીચેની જગ્યાઓ અંગે વિચારણા કરવા બાબત:

ત્રીજી પંચવર્ષીય યોજના હેઠળ મંજૂર થયેલી અને વણપુરાયેલી જગ્યાઓની વિગતો નીચે મુજબ છે:

ભવન	વિષય	જગ્યાનું નામ	કુલ જગ્યા	નોંધ
સમાજવિદ્યા ભવન	ઇકોનોમિક્સ	રીડર	૧	ખાલી
,,	,,	રિસર્ચ આસિસ્ટન્ટ	૧	ખાલી
,,	પોલિટિક્સ	,,	૧	ખાલી
,,	ઇતિહાસ	રીડર	૧	ખાલી
મનોવિજ્ઞાન વિદ્યાભવન	એજ્યુકેશન	લેક્ચરર	૨	એક ખાલી
વિજ્ઞાન વિદ્યાભવન	ઝૂલોજી	પ્રોફેસર	૧	ખાલી

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ખાલી રહેલી જગ્યાઓ હવે તાત્કાલિક ન પૂરતાં ચોથી પંચવર્ષીય યોજનાના પ્રસ્તાવમાં સામેલ કરવી.

૧૫. તા. ૧૯-૪-૧૯૬૬ના રોજ મળેલ સ્થાયી સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની તા. ૧૯-૪-૧૯૬૬ની સભા ભલામણોની મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૯-૪-૧૯૬૬ની સભાની નોંધ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૧૬. પ્રી-એન્જિનિયરિંગ (થિયરી તથા પ્રાયોગિક) પરીક્ષાના પરીક્ષકો તથા લેબોરેટરી સ્ટાફ વગેરેનાં મહેનતાણાંના દર નક્કી કરવા બાબત.

[નોંધ.—આ પરીક્ષા આ વખતે પ્રથમ વાર લેવાની હોવાથી પ્રી-એન્જિનિયરિંગના તમામ સાયન્સ વિષય માટે (થિયરી તથા પ્રાયોગિક) ફર્સ્ટ એમ્બ્રર સાયન્સનું તથા તમામ એન્જિનિયરિંગ વિષયો માટે (થિયરી તથા પ્રાયોગિક) એફ.ઈ.નું ધોરણ સ્વીકારવા ભલામણ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે, પ્રી-એન્જિનિયરિંગની પરીક્ષાના તમામ વિષયોની પરીક્ષા (થિયરી અને પ્રાયોગિક) માટે આ સાથે પરિશિષ્ટમાં દર્શાવેલા દર મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલા દર પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.)

૧૭. સેકન્ડ એમ.બી.બી.એસ.ની પ્રાયોગિક પરીક્ષામાં "જનરલ એન્ડ ઓન્ટલ મટિરિયામેડિકા" વિષયમાં એક સ્ટોર-કીપરની નિમણૂક કરવા ડીનના નીચેના સૂચન ઉપર વિચારણા કરવા બાબત :

"I think the appointment of one Store-keeper at the above examination is justified. For Pharmacology at Second M.B.,B.S. a Storekeeper is sanctioned. In Pharmacology at Second B.D.S. there is practical Pharmacy also as for Second M.B.,B.S. and thus it may be sanctioned for the days of practicals only."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સૂચન મંજૂર કરવું.

૧૮. વિજ્ઞાન વિદ્યાભવનના રીડર ડૉ. એમ. એન. દેસાઈની ભારત અને યુનાઇટેડ કિંગ્ડમ વચ્ચે યુવાન વૈજ્ઞાનિકોની એકસચેંજ યોજના નીચે પસંદગી થઈ હોવાથી તેમની રજાની શરતો અંગે વિચારણા કરવા બાબત.

સિન્ડિકેટે તેની તા. ૧૮/૧૯-૧૨-૧૯૬૫ની સભામાં નીચે મુજબ ઠરાવ્યું છે :

સિન્ડિકેટનો તા. ૧૮/૧૯-૧૨-૧૯૬૫નો ઠરાવ (બાબત નં. ૯૯)

"આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ યોજના માટે ડૉ. એમ. એન. દેસાઈ અને ડૉ. આઈ. જી. વકીલનાં નામોની ભલામણ કરવી, અને તેઓ પસંદ થાય તો તેમને પૂરા પગારે રજા આપવામાં આવશે, તે મતલબની બાંયધરી આપવા માટે શ્રી. રજિસ્ટ્રારને સત્તા આપવી."

આથી ઠરાવવામાં આવે છે કે, વિજ્ઞાન વિદ્યાભવનના રીડર ડૉ. એમ. એન. દેસાઈ ને સદરહુ યોજના હેઠળ યુનાઇટેડ કિંગ્ડમ જવા માટે નીચેની શરતોએ પૂરા મૂળ પગારે (ભથ્થાં સિવાય) રજા આપવી :

૧. છ માસની રજા પૂરી થયેથી તેઓ તરત જ યુનિવર્સિટીમાં પોતાની નોકરી પર હાજર થાય અને તે પછી ઓછામાં ઓછા એક વર્ષ સુધી તેઓ તે જગ્યા પર તેમની હાલની નોકરીની શરતોએ કામ કરે;

૨. તેમની રજાની મુદતમાં કશો વધારો મળી શકશે નહિ;

૩. ઉપર જણાવેલ શરત નં. ૧ અને ૨ નું તેઓ પાલન કરી શકે નહિ તો તેમને રજા દરમિયાન મળેલા પગારનાં નાણાં તથા ત્રણ માસના પગાર જેટલી રકમ નોટિસ-પે તરીકે તેઓ યુનિવર્સિટીને ભરપાઈ કરે;

૪. ઉપર પ્રમાણેની શરતો મુજબ લેખિત બાંયધરી અને તે માટે જરૂરી જામીનગીરી તેમણે આપવાની રહેશે.

૧૯. યુનિવર્સિટી કાર્યાલયમાં તથા હૉસ્ટેલમાં કામ કરતા નીચેના કર્મચારીઓનો અજમાયશી સમય તેમનાં નામ સામે બતાવેલ તારીખે પૂરો થતો હોઈ તેમનાં નામ સામે બતાવેલ તારીખથી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	નામ	હોદ્દો	વિભાગ	અજમાયશી સમય પૂરો થયાની તારીખ	કાયમ કરવાની તારીખ
(૧)	શ્રી. એમ. ડી. ત્રિવેદી	હેડક્લાર્ક	કાર્યાલય	૫-૭-૧૯૬૬	૬-૭-૧૯૬૬
(૨)	શ્રી. સી. એસ. પટેલ	હૉસ્ટેલ સુપરિન્ટેન્ડન્ટ	હૉસ્ટેલ	૨૯-૭-૧૯૬૬	૩૦-૭-૧૯૬૬
(૩)	શ્રી. દલપતસિંગ મકનસિંગ	ચોકીદાર	કાર્યાલય	૨૦-૭-૧૯૬૬	૨૧-૭-૧૯૬૬

સદરહુ કર્મચારીઓની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો, અને તે પછી ઠરાવવામાં આવ્યું કે, તેમને તેમનાં નામ સામે જણાવેલ જગ્યાએ અને તારીખથી કાયમ કરવા.

૨૦. ધી અમદાવાદ સીડ્ઝ મરચન્ટ્સ એસોસિયેશન લિ., અમદાવાદ, તરફથી ગુજરાત યુનિવર્સિટી વિસ્તારમાં હૉસ્પિટલ બાંધવા માટે રૂપિયા બે લાખનું દાન આવેલ તે સંબંધમાં એસોસિયેશનના પ્રમુખશ્રી તરફથી આવેલ તા. ૫-૪-૧૯૬૬ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ એસોસિયેશનને જણાવવું કે, યુનિવર્સિટી તરફથી તા. ૧૫-૩-૧૯૬૬ના પત્રથી સૂચવવામાં આવેલ પ્રસ્તાવ તેમને સ્વીકાર્ય નથી, એટલે સદરહુ બાબતમાં આગળ પગલાં લેવાનું બની શકે તેમ નથી.

૨૧. યુનિવર્સિટી કાર્યાલયમાં સફાઇકામદાર તરીકે કામ કરતા શ્રી. મોહનભાઈ ભઈજીભાઈ તા. ૨૨-૯-૧૯૬૫થી રાજીનામું આપી છૂટા થયા હોવાથી તેઓના ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ પરત કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—તેઓ યુનિવર્સિટી કાર્યાલયમાં તા. ૪-૧-૧૯૬૫થી જોડાયા હતા અને ૨૨-૯-૧૯૬૫થી રાજીનામું આપી છૂટા થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. મોહનભાઈ ભઈજીભાઈને તેમના ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડની રકમ પરત કરવી.

૨૨. જુ. ક્લાર્ક શ્રી. જયંતિભાઈ બી. શાહ યુનિવર્સિટી કાર્યાલયમાંથી તા. ૩૧-૩-'૬૬થી રાજીનામું આપી છૂટા થયા હોવાથી તેઓના ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ તેઓને પરત કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.— તેઓ તા. ૧૨-૬-૧૯૬૫થી કાર્યાલયમાં જોડાયા હતા અને તા. ૩૧-૩-૧૯૬૬થી રાજીનામું આપી છૂટા થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. જયંતિભાઈ બી. શાહને તેમના ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડની રકમ પરત કરવી.

૨૩. માર્ચ-એપ્રિલ, ૧૯૬૬ની પ્રી-યુનિવર્સિટી સાયન્સની ફિઝિક્સ, કેમિસ્ટ્રી તથા બાયોલોજીના પ્રાયોગિક પરીક્ષાના ચેરમેનોને મહેનતાણું કયા ધોરણે આપવું તે બાબત ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, માર્ચ/એપ્રિલ ૧૯૬૬ની પ્રી-યુનિવર્સિટી સાયન્સની પરીક્ષામાં ફિઝિક્સ, કેમિસ્ટ્રી તથા બાયોલૉજીના પ્રાયોગિક પરીક્ષાના ચેરમેનોને, અન્ય પરીક્ષકોને ભાગે આવતું વેતન +રૂા. ૫૦-૦૦ વેતન તરીકે આપવા.

(નોંધ.— ૧. પરીક્ષકોને ભાગે આવતું વેતન ગણવા માટે ચેરમેનનો સમાવેશ પરીક્ષકોમાં કરવો નહિ. પણ તેમને વેતન વધારાનું આપવામાં આવે એમ સ્પષ્ટતા કરવામાં આવી.)

૨. પ્રી-યુનિવર્સિટીની પ્રાયોગિક પરીક્ષામાં ચેરમેન નીમવાના ચાલુ વર્ષના પ્રયોગ પર પુનર્વિચારણા કરવાનું રાખવું.)

૨૪. યુનિવર્સિટી રોજગાર-માહિતી અને માર્ગદર્શન કેન્દ્રમાં એક માસિક બુલેટિન માટે યુનિવર્સિટી પ્રેસમાં થોડું છાપકામ વગેરે કરાવવા તથા સ્ટેશનરી માટે રૂા. ૨૫૦ સુધીનો ખર્ચ મંજૂર કરવા અંગેના તા. ૧૯-૩-૧૯૬૬ના તે કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જની માગણી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બુલેટિનનું કવર-પેજ યુનિવર્સિટી મુદ્રણાલયમાં છાપી આપવાની વ્યવસ્થા કરવી, અને તેનું ખર્ચ યુનિવર્સિટીના કામકાજના છાપકામના ખર્ચ ખાતે પાડવું.

૨૫. પી. ડી. એમ. ગ્રેજ્યુએટ ટીચર્સ કૉલેજ, રાજકોટ અને દરબાર ગોપાળદાસ મહાવિદ્યાલય, અલિયાબાડામાં એમ.એડ. પદવી એજ્યુકેશન વિષયમાં અનુસ્નાતક કેન્દ્રો સ્થાપવા બાબતમાં સિન્ડિકેટે નીમેલી સ્થાનિક તપાસસમિતિના અહેવાલો પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૨૫-૪-૧૯૬૬ની સભાએ સદરહુ બાબતો અંગે નીચે મુજબ ઠરાવ્યું છે :

"જે કૉલેજો–સંસ્થાઓ માટે, જ્યાં જુદા જુદા વિષય અને પદવીનાં અનુસ્નાતક કેન્દ્રો સ્થાપવા અંગેની આવેલી દરખાસ્તો ઉપરથી સિન્ડિકેટે તેમનાં નામ સામે જણાવેલા સભ્યોની સ્થાનિક તપાસસમિતિઓ નીમી હતી તેમના તરફથી તે અંગે રિપોર્ટ આવ્યેથી યોગ્ય પગલાં લેવા ઉપકુલપતિશ્રીને સત્તા આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.")

આથી ઠરાવવામાં આવે છે કે, પી. ડી. એમ. ગ્રેજ્યુએટ ટીચર્સ કૉલેજ, રાજકોટ, અને દરબાર ગોપાળદાસ મહાવિદ્યાલય, અલિયાબાડા, એ બેઉ કૉલેજોમાં એમ.એડ. પદવીના શિક્ષણ માટે અનુસ્નાતક કેન્દ્રો સ્થાપવાં અને પ્રત્યેક કેન્દ્રમાં ૬૦ થી વધુ વિદ્યાર્થીઓને દાખલ કરવા નહિ તેમ જણાવવું.

૨૬. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હી, તરફથી નિમાયેલી "સ્ટાન્ડર્ડ કમિટી ઑન યુનિવર્સિટી એજ્યુકેશને" કરેલી ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૨૭. પબ્લિકેશન બોર્ડ પર સિન્ડિકેટે નીમેલા સભ્ય શ્રી. ટી. એમ. પરીખ ડીન બનતા હોઈ, તેઓ હોદ્દાની રૂએ પબ્લિકેશન બોર્ડના સભ્ય બને છે. આથી તેમની ખાલી પડેલી જગ્યાએ અન્ય કોઈ સભ્યની તા. ૧૭-૧૧-૧૯૬૬ સુધીના સમય માટે નિમણૂક કરવા બાબત.

[કાર્યાલયની નોંધ.—ઑર્ડિ. ૧ (iv) મુજબ નવા નિમાનાર સભ્ય યુનિવર્સિટીના કોઈ અનુસ્નાતક ભવનના વડા અથવા માન્ય સંસ્થાના વડા અથવા બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગના સભ્ય હોવા જરૂરી છે. ઉપરોક્ત ઑર્ડિનન્સ મુજબ હાલમાં નીચે પ્રમાણે સભ્યો છે :

આચાર્ય કે. જી. નાયક
ડૉ. જે. જે. ચિનોય
ડૉ. એમ. ડી. દેસાઈ
શ્રી. ઉમાશંકર જોશી
આચાર્ય ચિમનભાઈ પટેલ
આચાર્ય એમ. સી. દેસાઈ
આચાર્ય ટી. એમ. પરીખ.]

આથી ઠરાવવામાં આવે છે કે, [illegible] પર ખાલી પડેલી જગ્યાએ તા. ૧૭-૧૧-૧૯૬૬ સુધીના સમય માટે આચાર્ય [illegible] કરવી.

૨૮. પ્રકાશન યોજનાના કાર્યક્ષમ અમલ માટે જરૂરી વ્યવસ્થાતંત્ર ઊભું કરવા સિન્ડિકેટે તેની તા. ૩/૪-૭-૧૯૬૫ની સભામાં કરેલ ઠરાવ અનુસાર નીમેલ સમિતિએ તેની તા. ૨૭-૧૨-૧૯૬૫ તથા ૨૨-૩-૧૯૬૬ની સભામાં કરેલ ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ રિપોર્ટ તપાસીને વહીવટી રાહે જે કાંઈ ઘટતાં પગલાં લઈ શકાય તે લેવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૨૯. તા. ૧-૪-૧૯૬૬ના રોજ મળેલ બોર્ડ ઑફ સ્પોર્ટ્સની બેઠકની નીચેની ભલામણ:

(અ) "આથી ઠરાવવામાં આવે છે કે, હેન્ડબુક ઑફ સ્પોર્ટ્સમાંના પરિશિષ્ટ "ક"માં આપેલા સુધારેલા ઑર્ડિનન્સ ૭થી ૨૧ને મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(બ) વધુમાં ઠરાવવામાં આવે છે કે, પરિશિષ્ટ "ક"*માં આપેલ રમતોના સંચાલન અંગેના અન્ય નિયમોના સુધારા સહિતની હેન્ડબુક ઑફ સ્પોર્ટ્સને મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(ક) વધુમાં ઠરાવવામાં આવે છે કે, આ પ્રમાણેની સુધારેલી હેન્ડબુક ઑફ સ્પોર્ટ્સને છપાવવા માટે તથા પછીથી તેની બે નકલો સંલગ્ન કૉલેજો ઉપર મોકલી આપવાનું મંજૂર કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બોર્ડની ઉપરની ભલામણો મંજૂર કરવી.

૩૦. તા. ૧-૪-૧૯૬૬ના રોજ મળેલ બોર્ડ ઑફ સ્પોર્ટ્સની સભાએ કરેલી નીચેની ભલામણો :

(૧) "આથી 'શ્રીમતી હીરાબેન કેશવલાલ શીલ્ડ' વિભાગીય બહેનોની ખેલકૂદ હરીફાઈના પ્રથમ વિજેતાને આપવા માટે રૂા. ૫૦૦ની દેણગી સ્વીકારવા માટે પશ્ચિમ વિભાગના અધ્યક્ષને મંજૂરી આપવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી."

(૨) "આથી ઠરાવવામાં આવે છે કે, આંતર-વિભાગીય ખેલકૂદ હરીફાઈમાં બહેનોની હરીફાઈમાં પ્રથમ આવનાર હરીફને "કપ" આપવા માટે રૂા. ૭૫૦ની મોડાસા કૉલેજ તરફથી આપવામાં આવતી દેણગી સ્વીકારવા મંજૂરી આપવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બોર્ડની ઉપરની ભલામણો મંજૂર કરવી.

૩૧. ઓસ્માનિયા યુનિવર્સિટી અને ઇન્સ્ટિટ્યૂટ ઑફ પબ્લિક એન્ટરપ્રાઇઝના સંયુક્ત ઉપક્રમે હૈદરાબાદ મુકામે જૂન ૧૮થી ૨૦, ૧૯૬૬ દરમિયાન યોજનાર "જાહેર સાહસ" પરના ચોથા અખિલ ભારતીય પરિસંવાદમાં, આ યુનિવર્સિટીના બે પ્રતિનિધિઓ મોકલવા સદરહુ સંસ્થાના અધ્યક્ષના તા. ૪ મે, ૧૯૬૬ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહિ.

૩૨. એન.સી.સી.ના ડિરેક્ટર જનરલ તરફથી આવેલ તા. ૧૯-૩-૧૯૬૬ના પત્રમાં દરેક યુનિવર્સિટીએ એક "લાયેઝન ઑફિસર" [illegible]રવા સૂચવ્યું છે, તેના સંદર્ભમાં

* સામેલ કરવામાં આવેલ નથી.

ગુજરાત રાજયના હાલના એન.સી.સી. ગ્રુપ "એ"ના કમાન્ડર લેફ. કર્નલ અંકલેશ્વરિયા જેઓ સપ્ટેંબર, ૧૯૬૬ પછી નિવૃત્ત થાય છે તેમણે આ પ્રકારની માનદ સેવાઓ આપવા (મૌખિક રીતે) તૈયારી બતાવી છે, તો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, એન.સી.સી. અંગેના કામકાજની બાબતમાં યુનિવર્સિટીના હાલના વ્યવસ્થાતંત્ર હેઠળ જુદા લાયેઝન ઑફિસરની જરૂર જણાતી નથી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, કમાન્ડર લેફ. કર્નલ અંકલેશ્વરિયાને ઉપરના ઠરાવને અનુલક્ષીને ઘટતો પત્ર લખવો.

૩૩. તા. ૧-૪-૧૯૬૬ના રોજ મળેલ બોર્ડ ઑફ સ્પોર્ટ્સની સભાની નીચેની ભલામણ :

"આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના ડિરેક્ટર ઑફ ફિઝિકલ એજ્યુકેશન શ્રી. વાસુદેવ પી. મહેતાને બોર્ડ ઑફ સ્પોર્ટ્સનું ઘણું જ વધેલું કામકાજ જોતાં તથા યુથ વેલ્ફેર અંગેનું પણ કામકાજ તેમને સુપરત થયું છે તે લક્ષમાં લઈને તથા યુનિવર્સિટીની વિભાગીય રમતોના સંચાલન અંગે વિગતે પગલાં લઈ શકે તથા આંતર-યુનિવર્સિટીમાં ભાગ લેવા જતી ટુકડીઓની કામગીરી તેમ જ આમંત્રેલ આંતર-યુનિવર્સિટીની રમતસ્પર્ધાઓ માટે વધુ સમય મેળવી શકે તે હેતુથી તથા બોર્ડ ઑફ સ્પોર્ટ્સના મંત્રી હોવાથી અમદાવાદ વિભાગ સ્થાનિક રમત સમિતિના મંત્રી તરીકેના કામકાજની જવાબદારી તેઓ ઉઠાવે તે તેમના હોદ્દાની રૂએ પણ ઠીક ન હોવાથી તેમને મંત્રી તરીકેની નિયુક્તિમાંથી મુક્તિ આપવાનું તથા અન્ય વિભાગોની માફક અમદાવાદ વિભાગની રમતોની હરીફાઈના સંચાલનની સઘળી જવાબદારી કૉલેજો વારાફરતી અપનાવે તે પદ્ધતિ અમલી બનાવવાનું મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે કે, સદરહુ બોર્ડની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૪. માર્ચ-એપ્રિલ, ૧૯૬૬માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન પ્રાથમિક-પરીક્ષકો તથા નિરીક્ષકોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો ઉપર વિચારણા કરવા તા. ૨૯-૪-૧૯૬૬ના રોજ મળેલ પરીક્ષાશુદ્ધિ સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

પરીક્ષાશુદ્ધિ સમિતિની તા. ૨૯-૪-૧૯૬૬ની અને તા. ૨૩-૫-૧૯૬૬ની સભાની કાર્યવાહીની નોંધો અને સંબંધકર્તા કાગળો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યાં. તે પછી નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

૧. સદરહુ સમિતિની તા. ૨૯-૪-૧૯૬૬ની સભાની ભલામણો મંજૂર કરવી.

૨. સદરહુ સમિતિની તા. ૨૩-૫-૧૯૬૬ની સભાની ભલામણો નીચેના સુધારા સાથે મંજૂર કરવી :

" સદરહુ સભાની બાબત નં. ૪૫ અંગેની ભલામણ [આચાર્ય હર્બર્ટ ડિસોઝાના તા. ૨૩-૪-૧૯૬૬ના પત્રમાં તેમણે વ્યક્ત કરેલી હાર્દિક ક્ષમાયાચના (sincere appologies)] લક્ષમાં લઈને તે અંગેની સમિતિની ભલામણ મંજૂર કરવામાં આવી છે."

(સદરહુ સમિતિઓની તા. ૨૯-૪-૧૯૬૬ અને તા. ૨૩-૫-૧૯૬૬ની સભાની નોંધો પરિશિષ્ટ તરીકે સામેલ કરવામાં આવી નથી.)

૩૫. જૂન ૧૯૬૭થી જોડાણ/માન્યતા મેળવવા માટે નીચે જણાવેલ કૉલેજો/સંસ્થાઓ તરફથી આવેલ જોડાણઅરજીઓ પર સ્થાનિક તપાસસમિતિઓ નીમવા બાબત :

ક્રમાંક	જોડાણઅરજી કરનાર કૉલેજ/સંસ્થાનું નામ	સ્થળ	અભ્યાસક્રમ
૧.	શ્રી. ભોટાદ પ્રજામંડળ,	મુંબઈ	ભોટાદ	વિનયન અને વાણિજ્ય
૨.	ધી સુરત એજ્યુકેશન સોસાયટી	સુરત	વિનયન અને વિજ્ઞાન
૩.	અમદાવાદ કેળવણી ટ્રસ્ટ	અમદાવાદ	અમદાવાદ	વિનયન અને વાણિજ્ય
૪.	સેન્ટ્રલ સૉલ્ટ ઍન્ડ મરીન કેમિકલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, ભાવનગર	ભાવનગર	પીએચ.ડી. ઇન કેમિસ્ટ્રી અને ભોટાની.

[નોંધ.— સંસ્થા (૪)ને ૧૯૬૪ થી ૧૯૬૬ સુધીની માન્યતા મળેલ છે. ૧૯૬૬ના જૂનથી ચાલુ માન્યતા મેળવવા અરજી કરેલ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે, નીચે જણાવેલી જોડાણ-અરજીઓની બાબતમાં તેમનાં નામ સામે જણાવેલા સભ્યોની તપાસસમિતિઓ નીમવી :

કૉલેજ/સંસ્થાનું નામ	તપાસસમિતિના સભ્યોનાં નામ
૧. શ્રી. ભોટાદ પ્રજામંડળ, મુંબઈ	૧. આચાર્ય એમ. સી. દેસાઈ, ૨. પ્રોફેસર એમ. પી. પંડ્યા.
૨. ધી સુરત એજ્યુકેશન સોસાયટી, સુરત	૧. ડૉ. સી. સી. શાહ, ડભોઈ, ૨. આચાર્ય આઈ. કે. દવે.
૩. અમદાવાદ કેળવણી ટ્રસ્ટ, અમદાવાદ	૧. આચાર્ય એસ. આર. મહેતા, ૨. આચાર્ય આર. જી. ભટ્ટ.
૪. સેન્ટ્રલ સૉલ્ટ ઍન્ડ મરિન કેમિકલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, ભાવનગર	૧. પ્રોફેસર જે. જે. ત્રિનોય, ૨. ડૉ. એ. એમ. ત્રિવેદી.

૩૬. સમાજવિદ્યા ભવનના ત્રિવાર્ષિક તપાસસમિતિના તા. ૧૮-૪-૧૯૬૬ના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ અહેવાલ ઍકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલી આપવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સદરહુ રિપોર્ટ સાથે સાથે બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની વિચારણા માટે પણ મોકલવો.

૩૭. મનોવિજ્ઞાન વિદ્યાભવનના ત્રિવાર્ષિક તપાસસમિતિના તા. ૨૨-૪-૧૯૬૬ના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ અહેવાલ ઍકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સદરહુ અહેવાલ સાથે સાથે બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની વિચારણા માટે પણ મોકલવો.

૩૮. બાંધકામ સમિતિની તા. ૧૮-૪-૧૯૬૬ના રોજ મળેલી સભાની ભલામણો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની તા. ૧૮-૪-૧૯૬૬ની સભાની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી સદરહુ સમિતિની તા. ૧૮-૪-૧૯૬૬ની સભાની નોંધ પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

૩૯. શ્રી. પંડ્યા ગિરધરલાલ ભવાનીશંકરે બી.એ. (સ્પે. અને જન.) જૂના અભ્યાસક્રમથી પરીક્ષા આપી હતી અને નપાસ થયા હતા. મજકૂર વિદ્યાર્થીએ સ્વામિ-નારાયણ આર્ટ્સ કૉલેજમાં થર્ડ બી.એ.ના વર્ગમાં બે સત્રો રાખી એપ્રિલ ૧૯૬૬માં પરીક્ષા આપી છે, પણ નિયમ મુજબ તેમણે સેકન્ડ બી.એ.ની પરીક્ષા માટે સત્રો રાખી તે પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ થર્ડ બી.એ.માં જોડાવું જોઈતું હતું, પરંતુ કૉલેજની સરતચૂકથી આ વિદ્યાર્થીને સીધો થર્ડ બી.એ.ના વર્ગમાં પ્રવેશ આપ્યો અને તે આધારે વિદ્યાર્થીએ થર્ડ બી.એ.ની પરીક્ષાનાં સત્રો રાખી એપ્રિલ ૧૯૬૬માં લેવાયેલ થર્ડ બી.એ.ની પરીક્ષા આપી છે તો તે સંજોગોમાં વિદ્યાર્થીને સેકન્ડ બી.એ.ની પરીક્ષા જરૂરી સત્રો ભરી પાસ કરે ત્યાર બાદ જ તેનું થર્ડ બી.એ.ની પરીક્ષાનું પરિણામ જાહેર કરવું અને ત્યાં સુધી મજકૂર વિદ્યાર્થીનું થર્ડ બી.એ.ની પરીક્ષાનું પરિણામ અનામત રાખવાના આચાર્યની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૦. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૨૫-૪-૧૯૬૬ના રોજ મળેલ બેતાલીસમી સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત અને સદરહુ ભલામણો પૈકી બાબત નં. ૭, ૮, ૯, ૩૭, ૩૮, ૪૧, ૪૩ અને ૪૬ની ભલામણો મુજબ અનુસ્નાતક કેન્દ્રો સ્થાપવા કે ન સ્થાપવા અંગે ઉપકુલપતિશ્રીએ લીધેલા નિર્ણયની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બોર્ડની તા. ૨૫-૪-૧૯૬૬ની સભાની ભલામણો મંજૂર કરવી, તથા ઉપકુલપતિશ્રીએ લીધેલા ઉપર જણાવેલા નિર્ણયોની નોંધ લેવી.

૪૧. National Science Foundation, Washingtonમાં યોજનાર Summer Instituteમાં હાજરી આપવા માટે યુનિવર્સિટીના વનસ્પતિવિજ્ઞાન ભવનના લેક્ચરર ડૉ. બી. એસ. વૈદ્યની બાંયધરી બાબતમાં સિન્ડિકેટે તેની તા. ૫/૬-૩-૧૯૬૬ની સભામાં મંજૂર કરેલી શરત નં. ૧ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધાર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત:

Condition 1: "That he (Dr. Vaidya) shall not, save with the prior approval of the Gujarat University, leave the services of the University as a Lecturer in Botany in the University School of

Sciences, Ahmedabad, at least for a period of one year after resuming his duties at the University immediately on his return from abroad in consideration of the payment of monthly basic pay of Rs. 460 p.m. during the period of leave."

[નોંધ.—ઉપરની બાબતમાં યુનિવર્સિટીના શિક્ષકોનાં પગારધોરણો અંગેનો સ્ટે. ૨૦૪ તા. ૧-૫-૧૯૬૫થી અમલમાં આવેલ હોઈ નવાં પગારધોરણો મુજબ તેમના પગારની રકમ માસિક રૂા. ૩૭૫ને બદલે રૂા. ૪૬૦ મૂકવામાં આવી છે.]

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૪૨. ભારત સરકારના શિક્ષણ ખાતા તરફથી યુનિવર્સિટી સાથે સંલગ્ન કૉલેજોમાં કામ કરતા વ્યાયામના શિક્ષકોની લાયકાત અંગેની નીચેની બે ભલામણો અંગે વિચારણા કરવા બાબત.

(૧) પંજાબી યુનિવર્સિટીના શારીરિક શિક્ષણ (બી.પી.ઈ.—બેચેલર ઑફ ફિઝિકલ એજ્યુકેશન)ની પદવીને યુનિવર્સિટી સાથે સંલગ્ન કૉલેજોમાં કામ કરતા નિયુક્ત થનાર વ્યાયામ શિક્ષકો માટેની ઓછામાં ઓછી લાયકાતમાં સમાવેશ કરવા યુ.જી.સી.ના મંત્રીના તા. ૧૪-૪-૧૯૬૬ના પત્રાંક એફ. ૩૯-૨. ૫૮ (એસ. એસ.) પર વિચારણા કરવા બાબત.

(૨) કૉલેજોમાં તેમ જ યુનિવર્સિટીમાં શારીરિક શિક્ષણની કામગીરી માટે નિયુક્તિ વખતે ગ્વાલિયરની લક્ષ્મીબાઈ કૉલેજ ઑફ ફિઝિકલ એજ્યુકેશન તરફથી મેળવનાર માસ્ટર ઑફ ફિઝિકલ એજ્યુકેશન (એમ.પી.ઈ.)ની પદવી ધરાવનારને પસંદગીમાં સમાવી લેવા તથા બની શકે તો પ્રાથમિકતા આપવા અંગે યુ.જી.સી.ના તા. ૯-૨-૧૯૬૬ના પત્રાંક એફ. ૩૯-૨-૫૮ એચ પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—વ્યાયામશિક્ષકોની લાયકાતનાં ધોરણ તા. ૨૨-૮-૧૯૫૬ની તથા તા. ૩-૯-૧૯૬૦ની સિન્ડિકેટની બેઠકમાં નક્કી થયાં છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરની ભલામણ નં. ૧ મંજૂર કરવી, અને ભલામણ નં. ૨ની નોંધ લેવી.

૪૩. યુનિવર્સિટી કાર્યાલયના સિન્ડિકેટ વિભાગના કાર્યાલય નિયામક તરીકે કામ કરતા શ્રી. જી. એ. દેસાઈને તા. ૧-૭-૧૯૬૬થી રૂા. ૩૨૦-૨૦-૪૦૦ ઈ.બી. ૨૦-૪૪૦ના પગારધોરણમાં efficiency bar **ઓળંગવા પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.**

(નોંધ.—તેમનો હાલ મૂળ માસિક પગાર રૂા. ૪૦૦ છે.)

શ્રી. જી. એ. દેસાઈ, કાર્યાલય નિયામક (જનરલ)ની કામગીરી અંગેની ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. અને તે પછી ઠરાવવામાં આવ્યું કે, શ્રી. જી. એ. દેસાઈને તા. ૧-૭-૧૯૬૬થી એફિશિયન્સી બાર ઓળંગવાની પરવાનગી આપવી.

૪૪. યુનિવર્સિટી કાર્યાલયના પરીક્ષા વિભાગના કાર્યાલય નિયામક તરીકે કામ કરતા શ્રી. એસ. વી. શાસ્ત્રીને તા. ૧-૭-૧૯૬૬થી રૂા. ૩૨૦-૨૦-૪૦૦ ઈ.બી. ૨૦-૪૪૦ના પગાર-ધોરણમાં efficiency bar ઓળંગવાની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.— તેમનો હાલ મૂળ માસિક પગાર રૂા. ૪૦૦ છે.)

શ્રી. એસ. વી. શાસ્ત્રી, કાર્યાલય નિયામક (પરીક્ષા વિભાગ)ની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો, અને તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. એસ. વી. શાસ્ત્રીને તા. ૧-૭-૧૯૬૬થી એફિશિયન્સી બાર ઓળંગવાની પરવાનગી આપવી.

૪૫. સિન્ડિકેટની તા. ૨૧/૨૨-૧૧-૧૯૫૨ની સભાના નીચેના ઠરાવ ૫૨ વિચારણા કરવા બાબત :

"ભાંદગીના કારણુસર જો કોઈ વિદ્યાર્થીની હાજરી ખૂટતી હોય તો તેની બન્ને સત્રોની કુલ હાજરી ૧૦૦ દિવસ અથવા તેથી વધુ થતી હોય તેવા કેસોમાં સિન્ડિકેટની મંજૂરીની અપેક્ષાએ ખૂટતી હાજરી માફ કરવાની શ્રી. વાઇસ-ચાન્સેલરને સત્તા આપવી."

(નોંધ.— અગાઉ વિદ્યાર્થીએ દરેક સત્રમાં ઓછામાં ઓછી ૬૫ દિવસ અને એ રીતે બે સત્રોની મળી કુલ ૧૩૦ દિવસની હાજરી રાખવાની હતી હવે દરેક સત્ર દીઠ ૭૫ હાજરી ગણુતાં કુલ ૧૫૦ થાય છે તે જોતાં ઉપરના ઠરાવમાં જો ઓછામાં ઓછી હાજરી ૧૦૦ની રાખી છે તેમાં ફેરફાર કરવો કે કેમ તે પ્રશ્ન છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ઠરાવમાં કશો ફેરફાર કરવો નહિ.

૪૬. યુનિવર્સિટી કાર્યાલયના ડે. એકાઉન્ટન્ટ (ઓડિટ) તરીકે કામ કરતા શ્રી. જે. ઓ. પરીખ તા. ૫-૬-૧૯૬૬થી રાજીનામું આપી છૂટા થતા હોવાથી તેઓના ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ પરત કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.— તેઓ તા. ૧૧-૩-૧૯૬૬થી કાર્યાલયમાં જોડાયા હતા અને તા. ૫-૬-૧૯૬૬થી રાજીનામું આપી છૂટા થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. જે. ઓ. પરીખને તેમના ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડની રકમ પરત કરવી.

૪૭. યુનિવર્સિટી ગ્રંથાલયમાં મદદનીશ ગ્રંથપાલની જગ્યા માટે આવેલ અરજીઓ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૮. ફેકલ્ટીઝની નિમણૂક અંગેના નિયમ નં. ૪ માં ઉપકુલપતિશ્રીએ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારો કર્યો તેની નોંધ લેવા બાબત.

સુધારેલો નિયમ નં. ૪ :

"If the examination lasts for more than 10 days the remuneration shall be paid as per above rule No. 3 subject to a minimum of Rs. 10/- per day or Rs. 5/- per setting, as the case may be."

મૂળ નિયમ નં. ૪ :

"If the examination lasts for more than 10 days the remuneration shall be paid as per above rule No. 3 subject to a maximum of Rs. 10/- per day or Rs. 5/- per setting, as the case may be."

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના ઉપરના કાર્યની નોંધ લેવી.

૪૯. ફાઇનાન્સ સમિતિની તા. ૧૧-૩-૧૯૬૬ની બલામણો ઉપકુલપતિશ્રીએ સિન્ડિકેટની બહાલીની અપેક્ષાએ મંજૂર કર્યાના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના ઉપરના કાર્યની નોંધ લેવી.

૫૦. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના ત્રણ વર્ષના પદવી અભ્યાસક્રમ અંગેની આર્થિક સહાયની યોજના હેઠળ આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલી કૉલેજોને અનાવર્તક ગ્રાન્ટ તેમ જ ૧૯૬૩-૬૪ અને ૧૯૬૪-૬૫ના વર્ષ માટે, આ અભ્યાસક્રમને અનુલક્ષીને નીમવામાં આવેલા વધારાના શિક્ષકગણ પેટે થતા વધારાના ખર્ચ પેટે જે તે વર્ષ માટે આવર્તક ગ્રાન્ટ મંજૂર કર્યાના, ઉપકુલપતિશ્રીનાં કાર્યોની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૫૧. પ્રી-યુનિ.(વિનયન)ના ૧૯૬૮ની પરીક્ષા માટે ઉર્દૂ ગદ્યપદ્યસંગ્રહ માટે જુદી જુદી કૃતિઓના કૉપીરાઇટ ખરીદવા રૂા. ૨,૨૦૦ (પ્રત્યેક કૃતિના રૂા. ૧૦૦ લેખે) ઉપકુલપતિશ્રીએ મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના ઉપરના કાર્યની નોંધ લેવી.

૫૨. સરકારી ફંડે મોંઘવારી ભથ્થું આપવું જોઈએ એમ જણાવતા યુનિવર્સિટીના તા. ૧૪-૩-૧૯૬૬ના પરિપત્રના પ્રત્યુત્તરમાં અમદાવાદ એજ્યુકેશન સોસાયટી તથા ગુજરાત લૉ સોસાયટીના માનદ મંત્રીઓ તરફથી આવેલા પત્રો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૩. સંલગ્ન કૉલેજોમાં નિમાતા શિક્ષકોને આપવામાં આવતા મોંઘવારી ભથ્થાના હાલના નિયમમાં નીચે જણાવ્યા પ્રમાણે સુધારો સૂચવતા આચાર્યશ્રી ય. પ્રા. શુક્લના તા. ૨૦-૫-૧૯૬૬ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(૧) "ગુજરાત રાજ્ય સરકારે ઠરાવેલા ધોરણ પ્રમાણે મોંઘવારી ભથ્થું" એ શબ્દોને સ્થાને "ગુજરાત યુનિવર્સિટી સિન્ડિકેટે ઠરાવેલ ધોરણે મોંઘવારી ભથ્થું" એ શબ્દો મૂકવા.

(૨) કોઈ પણ પ્રકારનો આર્થિક નિર્ણય તરત જ પછીના હિસાબી વર્ષની શરૂઆત પહેલાં અમલમાં ન આવે.

(નોંધ.—મોંઘવારી ભથ્થા અંગે **હાલનો નિયમ છે કે** "મોંઘવારી ભથ્થું ગુજરાત રાજ્યે નક્કી કરેલ ધોરણે આપવું જોઈએ.")

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૪. ટી. પી. સ્કીમ નં. ૧૯ મેમનગરમાં ૧૨૦ ફૂટના સૂચિત રસ્તામાં યુનિવર્સિટીની જમીન કપાય છે તે સંબંધમાં કરેલ અપીલના ચુકાદાની નોંધ લેવા બાબત.

(ચુકાદામાં ફાઇનલ પ્લૉટ નં. ૩૩૨માં રૂા. ૧ ચોરસવાર દીઠનો ઘટાડો તથા ફાઇનલ પ્લૉટ નં. ૩૮૦માં ૦-૫૦ પૈસા ચો.વાર દીઠનો ઘટાડો કરવામાં આવ્યો છે.)

ફાઇનલ પ્લૉટ નં. ૩૮૦ — ૧૮,૨૬૦ ચો.વાર જમીન છે.
ફાઇનલ પ્લૉટ નં. ૩૩૨ — ૧૪,૬૮૬ ચો.વાર જમીન છે.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૫૫. ઇન્ટર-યુનિવર્સિટી બોર્ડ ઑફ ઇન્ડિયા એન્ડ સિલોનના મંત્રીશ્રીના તા. ૭ મે ૧૯૬૬ના પત્રાંક પી-૧૩-૬૬-૧૨૦૧-૧૨૬૧ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઇન્ટર-યુનિવર્સિટી બોર્ડ ઑફ ઇન્ડિયા એન્ડ સિલોનના સદરહુ પત્રમાં જણાવેલ બાબત અંગે સિન્ડિકેટની આ સભા સામાન્ય રીતે સંમત છે એમ જણાવવું, અને જે જુદાં જુદાં વ્યવસાયી મંડળો પર આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ નિમાયા હોય તેમને તે પત્રની નકલ મોકલી આપવી.

(સદરહુ પત્રની નકલ પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

૫૬. પ્રી-યુનિવર્સિટી વિજ્ઞાનના વર્ગમાં પ્રવેશ મેળવવા ઇચ્છતા રશિયન નાગરિક શ્રીમતી રે જેનેટ્ટા એ.ને આધુનિક ભારતીય ભાષાની પરીક્ષામાં મુક્તિ રાખવા દેવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રીમતી રે જેનેટ્ટા એ.ને પ્રી-યુનિવર્સિટી વિજ્ઞાનના વર્ગમાં આધુનિક ભારતીય ભાષાને બદલે વધારાનો અંગ્રેજી (Additional English)નો વિષય રાખવા માટે પરવાનગી આપવી અને તે વિષય માટેનો અભ્યાસક્રમ તથા પાઠ્યપુસ્તકો નિયત કરવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, આધુનિક ભારતીય ભાષાને બદલે વૈકલ્પિક વિષય તરીકે વધારાનો અંગ્રેજી (Additional English)નો વિષય લેવા માટે જોગવાઈ કરવાનું વિચારવા એકેડેમિક કાઉન્સિલને સૂચવવું.

૫૭. પ્રોવિડન્ટ ફંડમાંથી લોન પેટે જે રકમ એડવાન્સ તરીકે આપવામાં આવે છે તેની ઉપર વ્યાજના દર સુધારવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—સિન્ડિકેટે તેની તા. ૭-૨-૧૯૫૩ની સભામાં ઠરાવ નં. ૫૦થી લોન ઉપર વ્યાજનો દર ૪ ટકા લેવાનું મંજૂર કરેલ છે. હાલ પ્રોવિડન્ટ ફંડના સ્ટાફ સબ્સ્ક્રિપ્શન માટે વ્યાજનો દર રૂા. ૪-૨૫ ટકા આપવાનું સિન્ડિકેટે નક્કી કરેલ છે.

સિન્ડિકેટ : ઠરાવ નં. ૫૦ તા. ૭-૨-૧૯૫૩

ઠરાવ (૧) જે સ્ટાફ સભ્યને લોન આપવામાં આવે તેઓ દર મહિને તેમના પગારમાંથી લોનના ૧૦ ટકા પ્રમાણે કપાવે.

(૨) યુનિવર્સિટી પ્રોવિડન્ટ ફંડનું મુખ્ય રોકાણ ૩ ટકા સરકારી જામીનગીરીઓમાં કરવામાં આવેલ છે અને તેનો ભાવ ૮૨ ટકા હોવાથી આ રોકાણ ઉપર વ્યાજ ૪ ટકા લગભગ મળે છે. એટલે આ લોન ઉપર ૪ ટકાના દરે વ્યાજ સ્ટાફ સભ્યો પાસેથી લેવું.]

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના જે કર્મચારીઓને તેમના પ્રોવિડંટ ફંડ પેટે લોન આપવામાં આવે છે તે લોન પર પ્રોવિડંટ ફંડના ખાતામાં જે દરે કર્મચારીઓને વ્યાજ આપવામાં આવે તે દર લેવાનું રાખવું.

૫૮. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી રચાયેલી કમિટીએ "ઇન્ડિયન યુનિવર્સિટીઝ પબ્લિકેશન એસોસિયેશન" નામની સંસ્થા સ્થાપવા તૈયાર કરેલ રિપોર્ટ પર આ યુનિવર્સિટીનાં મંતવ્યો મોકલી આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૯. આરોગ્યકેન્દ્રના ઑનરરી રેડિયોલોજિસ્ટને રજા આપવાના નિયમો ઘડવા બાબત.

(નોંધ.—એવું સૂચન છે કે વર્ષ દરમિયાન આઠ રજાઓ ઑનરરી રેડિયોલોજિસ્ટને આપવી; બીજી કોઈ પ્રકારની રજા આપવી નહિ. ત્રણ રજાથી વધારે રજાઓ સળંગ ભોગવી શકાય નહિ. મે માસની પહેલી તારીખથી જૂનની પંદરમી સુધીમાં રજા લે તો સળંગ ભોગવવા પરવાનગી આપવી.)

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના ઑનરરી રેડિયોલોજિસ્ટને રજાઓ આપવા માટે ઉપર સૂચવેલું ધોરણ મંજૂર કરવું.

૬૦. સરસપુર આર્ટ્સ કૉલેજ, અમદાવાદને શેઠ એ. એચ. સરસ્વતી વિદ્યાલયના મકાનમાં બદલવા અંગે મંજૂરી માગતા સદરહુ કૉલેજના આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની તપાસ અંગેનો રિપોર્ટ આવ્યેથી ઘટતો નિર્ણય કરવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૬૧. સિન્ડિકેટે તેની તા. ૧૪-૧૧-૧૯૬૪ની સભામાં મંજૂર કરેલી ચોથી પંચવર્ષીય યોજનામાં ગુજરાત યુનિવર્સિટીની જે વિકાસયોજનાઓ, યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને અગાઉ મોકલી આપેલ હતી તે સંબંધમાં સદરહુ વિકાસયોજનાઓને પ્રથમ તથા દ્વિતીય અગ્રિમતા ક્રમમાં વહેંચણી કરી કમિશનને મોકલી આપવા બાબત યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૩૦-૪-૧૯૬૬ના પત્રાંક ડી.ઓ. નં. એફ. ૯-૧-૬૬ (સી.ડી.એન.) તથા આના સંદર્ભમાં રાજ્ય સરકારના નાયબ શિક્ષણસંચાલકશ્રી તરફથી આવેલ તા. ૧૧-૫-૧૯૬૬ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પ્રસ્તાવનો મુસદ્દો મંજૂર કરવો.

(મંજૂર કરવામાં આવેલા પ્રસ્તાવના મુસદ્દાની નકલ પરિશિષ્ટ "જ" તરીકે સામેલ છે.)

૬૨. ૧૯૬૫-૬૬ના વર્ષ દરમિયાન અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક વગર કમાણી સાયન્સ એન્ડ પ્રતાપરાય આર્ટ્સ કૉલેજ, અમરેલીએ શૈક્ષણિક કામ ચલાવ્યું તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજના આચાર્યને મજકૂર બાબતમાં ઘટતો પત્ર લખીને જણાવવું કે, યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર શિક્ષણનું કામ ચલાવવું આવશ્યક છે, અને ભવિષ્યમાં તેનું યથાર્થ પરિપાલન થાય તે જોવા માટે તેમણે ખાસ ધ્યાન રાખવું ઘટે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, ૧૪મી જૂન ૧૯૬૬થી યોગ્ય લાયકાત ધરાવતા અર્થશાસ્ત્રના પ્રાધ્યાપકની નિમણૂક કરવામાં આવે નહિ તો તે વિષય માટે દ્વિતીય વર્ષ બી.એ.માં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવો નહિ.

૬૩. સેકન્ડ ઇયર બી.એસસી. પરીક્ષામાં બે કલાકના પેપર કાઢવાનો તથા જવાબપત્રો તપાસવાનો દર નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, દ્વિતીય વર્ષ બી.એસસી.ની પરીક્ષા માટે પ્રાશ્નિકો/પરીક્ષકોના વેતનનો દર નીચે મુજબનો રાખવો :

(૧) બે કલાકનો પ્રશ્નપત્ર કાઢવા માટે પ્રશ્નપત્ર દીઠ રૂા. ૪૦

(૨) ઉત્તરપત્રો તપાસવા માટે ઉત્તરપત્ર દીઠ રૂા. ૧.

૬૪. પરીક્ષકોને પરીક્ષાની એક મોસમમાં મહેનતાણું આપવા બાબતમાં સિન્ડિકેટના તા. ૧૮/૧૯-૧-૧૯૫૮ના ઠરાવ પર પુનર્વિચારણા કરવાનું યોગ્ય લાગે તો તે અંગે વિચારણા કરવા બાબત.

(આ ઠરાવ અનુસાર વધુમાં વધુ રૂા. ૧,૦૦૦ મહેનતાણું આપવામાં આવે છે.)

(નોંધ.—મુંબઈ યુનિવર્સિટીમાં આ મર્યાદા રદ કરવામાં આવી છે.

મુંબઈ યુનિવર્સિટીનો ઠરાવ

"It is hereby notified for the information of the Examiners that, with effect from the examinations to be held in the first half of 1965, the Syndicate have been pleased to abolish the ceiling in the amount of remuneration payable to Examiners. They would therefore be entitled to draw the actual amount of remuneration earned by them in respect of all the appointments held by them.")

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૫. જથ્થાબંધ સ્ટીલ ખરીદીને યુનિવર્સિટીનાં કામો માટે જુદા જુદા કૉન્ટ્રાક્ટરને સ્ટીલ આપતાં, રૂા. ૬૮,૩૨૭-૪૦ પૈ.ની બચત થવા પામી છે તે જે તે બિલ્ડિંગ ફંડ ખાતે જમા લેવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સ્ટીલ ખરીદી પેટે રૂા. ૬૮,૩૨૭-૪૦ પૈસાની થયેલી બચતની નોંધ લેવી તથા તે રકમને યુનિવર્સિટીના બિલ્ડિંગ ફંડ ખાતે જમા લેવી.

૬૬. ગંગોત્રી ગિરિમાળા પર આરોહણ અંગેની ભાઈઓ તેમ જ બહેનોની યોજના અંગે તા. ૨૨-૨-૧૯૬૬ના રોજ મળેલ સિન્ડિકેટના ઠરાવ નં. ૯૭ના અનુસંધાનમાં સદરહુ યોજનાના ગુજરાત રાજ્યની માઉન્ટ આબુ મુકામે શરૂ થયેલ પર્વતારોહણ તાલીમી સંસ્થા તરફથી રાજ્ય સરકારની ક્રીડાસમિતિના ઉપક્રમે અમલી બનનાર હોવાથી તે યોજના અંગે આર્થિક સહાય આપવા રાજ્ય સરકારના ડે. ડિરેક્ટર અને ક્રીડા સમિતિના મંત્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ગંગોત્રી ગિરિમાળા પર આરોહણ અંગેની યોજનાના ખર્ચ પેટે ગુજરાત રાજ્ય સરકારને તેની પર્વતારોહણ તાલીમ સંસ્થાને માટે પ્રત્યેક ટુકડી દીઠ રૂા. ૪,૦૦૦ ગણતાં કુલ રૂા. ૮,૦૦૦ની આર્થિક સહાયની અધિકતમ મર્યાદામાં રહીને તે યોજના માટે જે કુલ ખર્ચ થાય તેના ૫૦ ટકા જેટલો હિસ્સો યુનિવર્સિટી તરફથી આર્થિક સહાય તરીકે આપવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, રાજ્ય સરકારને સદરહુ કાળા પેટે રૂા. ૮,૦૦૦ની રકમ એડવાન્સમાં આપવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૬૭. નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ સ્પોર્ટ્સ, પતિયાળાના ડિરેક્ટર તરફથી તે સંસ્થામાં તાલીમ પામેલ જુદી જુદી રમતોના કોચીઝ(Coaches)ની યુનિવર્સિટીમાં કોચ તરીકેની નિમણૂક કરવી કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—આપણે જેટલા કોચ નિયુક્ત કરીએ તેટલાની સામે બીજા તેટલા જ આ ઇન્સ્ટિટ્યૂટ તરફથી વિનામૂલ્યે આપે છે અને આપણે જેમની નિમણૂક કરીએ તેનો ૫૦ ટકા ખર્ચ યુ. જી. સી. આપે છે, અને ૨૫ ટકા રાજ્ય સરકાર. એટલે આશરે રૂા. ૨૦૦નો ખર્ચ કરીએ તો કુલ ચાર રમતોના કોચની સેવા મેળવવાની શક્યતા ઊભી કરી શકાય.]

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત બોર્ડ ઑફ સ્પોર્ટ્સની વિચારણા માટે મોકલવી.

૬૮. નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ સ્પોર્ટ્સ, પતિયાળાના ડિરેક્ટર તરફથી આવેલ પત્રાંક ૩૫-૨-એ-૬૬ NIS, તા. ૨૦/૨૩-૪-૧૯૬૬માં જણાવ્યા પ્રમાણે આપણે ત્યાંથી યુનિવર્સિટીના ઉપક્રમે કોઈ ભાઈ/બહેનને પસંદ કરીને અથવા તો બહારનાં કોઈ ભાઈ/બહેનને જેમણે સ્પોર્ટ્સ કે રમતમાં સુંદર કામગીરી બજાવી હોય તેવાંને આ માટે અરજીઓ મગાવીને પસંદ કરીને આ સંસ્થામાં તાલીમ લેવા મોકલવાં કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—આ પત્રને સંલગ્ન કૉલેજોમાં પરિપત્રિત કરી તા. ૨૫-૫-૧૯૬૬ સુધીમાં અરજીઓ મગાવી હતી, પરંતુ કોઈ પણ કૉલેજમાંથી આ અંગે નામ આવ્યું નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સંસ્થામાં તાલીમ લેવા માટે કોઈને મોકલવા નહિ.

૬૯. મનોવિજ્ઞાન વિદ્યાભવનમાં સ્ટેનોગ્રાફર તરીકે કામ કરતા શ્રી. બી. ટી. પઠાણને તા. ૧-૭-૧૯૬૬થી રૂા. ૧૮૦-૧૦-૨૨૦ ઈ.બી. ૧૦-૩૦૦ના પગારધોરણમાં efficienty bar ઓળંગવાની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—તેમનો મૂળ માસિક પગાર હાલ રૂા. ૨૨૦ છે.)

શ્રી. બી. ટી. પઠાણની કામગીરી અંગેની બાનગી ભલામણ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી હતી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે, શ્રી. બી. ટી. પઠાણને તા. ૧-૭-૧૯૬૬ના રોજ ઑફિશિયન્સી બાર ઓળંગવા માટે પરવાનગી આપવી.

૭૦. સિન્ડિકેટે તેની તા. ૨૬/૨૭-૨-૧૯૬૬ની સભામાં, રેગ્યુ. પ્રી-૧૪માં, વનસ્પતિ-વિજ્ઞાનના વિષયનો અભ્યાસક્રમ નીચે પ્રમાણે સુધારવામાં આવેલ છે, તેનો અમલ એપ્રિલ ૧૯૬૬ની પરીક્ષાથી કરવાને બદલે જૂન ૧૯૬૬થી કરવાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત :

"Elementary external morphology of root, stem, leaf, inflorescence flower and fruit of typical monocot and dicot involving modifications."

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના ઉપરના કાર્યની નોંધ લેવી.

૭૧. જૂન ૧૯૬૬થી શરૂ થનાર નવી કૉલેજો તરફથી આવેલ જોડાણની શરતોના પરિપાલનના હેવાલો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, જૂન ૧૯૬૬થી શરૂ થનાર નવી કૉલેજોનાં જોડાણ માટેની શરતો પૈકી મોટા ભાગની શરતોનું પરિપાલન થયું છે અને બાકી રહેલી શરતોનું પરિપાલન કરવા માટે ઘટતો આગ્રહ રાખવામાં આવશે એમ રાજ્ય સરકારને રિપોર્ટ કરીને તેમનાં જોડાણનાં જાહેરનામાં બહાર પાડવા માટે રાજ્ય સરકારને વિનંતી કરવી.

૭૨. માર્ચ ૧૯૬૬માં લેવાયેલ પ્રી-યુનિવર્સિટી આર્ટ્સ પરીક્ષાના વિદ્યાર્થી શ્રી. રાજ્જ એસ. કે.થી કટોકટીના સમય દરમિયાન ગૃહરક્ષક (હોમગાર્ડ) તરીકે ફરજ બજાવવાને કારણે એન. સી. સી. પરેડની જરૂરી હાજરી ભરી શકાયેલ નહિ અને પરિણામે તેમનો પ્રવેશ રદ થયેલ છે. તો તેમની હોમગાર્ડની સેવાઓ લક્ષમાં લઈ ઓ. ૧૩૫-એ અનુસાર તેમની એન.સી.સી.ની પરેડની ખૂટતી હાજરી માફ કરવા અંગે તેમની તા. ૧૦-૫-૧૯૬૬ની આવેલ અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. એસ. કે. રાજ્જના કેસના વિશિષ્ટ સંજોગો જોતાં, તેઓ ૧૯૬૬ના ઑક્ટોબરમાં લેવાનાર પ્રી-યુનિવર્સિટી આર્ટ્સની પરીક્ષામાં બેસીને ઉત્તીર્ણ થશે એ અપેક્ષાએ, અપવાદ તરીકે ફર્સ્ટ યર બી.એ.ના વર્ગો ભરવાની તેમને પરવાનગી આપવી અને સ્પષ્ટતા કરવી કે, ઑક્ટોબર ૧૯૬૬ની પ્રી-યુનિવર્સિટી આર્ટ્સની પરીક્ષામાં તેઓ ઉત્તીર્ણ થશે નહિ તો તેમણે ભરેલી વર્ગોની હાજરી રદ ગણવામાં આવશે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સદરહુ ઠરાવને ભવિષ્યમાં શિરસ્તારૂપ ગણવામાં આવશે નહિ.

૭૩. વિજ્ઞાન વિદ્યાભવનમાં રસાયણ વિભાગના લેક્ચરર તરીકે કામ કરતા ડૉ. જે. સી. વોરાને ઝેકોસ્લોવેક એકેડેમી ઑફ સાયન્સ તરફથી ઇન્ટરનેશનલ પોસ્ટ-ગ્રેજ્યુએટના હાઇડ્રોલોજી

ટ્રેનિંગ કોર્સ માટે તા. ૧-૬-૧૯૬૬થી છ માસ સુધીની અભ્યાસ-રજા આપવા અંગે તેમની તા. ૧૬-૪-૧૯૬૬ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. જે. સી. વોરાને, સદરહુ કાર્ય માટે, ચાલુ વર્ષ દરમિયાન તેઓ જે તારીખથી અભ્યાસ-રજા પર જાય તે તારીખથી છ માસ સુધીની અભ્યાસ-રજા, નીચેની શરતોએ, તેમને હાલ મળતા મૂળ પગારે (પણ ભાડાં-ભથ્થાં નહિ) આપવી :

(૧) છ માસની અભ્યાસ-રજા પૂરી થયેથી તેઓ તરત જ યુનિવર્સિટીમાં પોતાની નોકરી પર હાજર થાય, અને તે પછી ઓછામાં ઓછા એક વર્ષ સુધી તેઓ તે જગ્યા પર તેમની હાલની નોકરીની શરતોએ કામ કરે;

(૨) છ માસની તેમની અભ્યાસ-રજાની મુદતમાં કશો વધારો મળી શકશે નહિ;

(૩) ઉપર જણાવેલ શરત નં. (૧) અને (૨)નું તેઓ પાલન કરી શકે નહિ તો તેમને રજા દરમિયાન મળેલાં પગારનાં નાણાં તથા ત્રણ માસના પગાર જેટલી રકમ નોટિસ-પે તરીકે તેઓ યુનિવર્સિટીને ભરપાઈ કરે;

(૪) ઉપર પ્રમાણેની શરતો મુજબ લેખિત બાંયધરી અને તે માટે જરૂરી જામીનગીરી તેઓએ આપવાની રહેશે.

૭૪. ફાઇનાન્સ સમિતિની તા. ૩-૬-૧૯૬૬ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની તા. ૩-૬-૧૯૬૬ના રોજ મળેલી સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ ભલામણોનો નકલ પરિશિષ્ટ "ઝ" તરીકે સામેલ છે.)

૭૫. મનોવિજ્ઞાન વિદ્યાભવનમાં લેક્ચરર તરીકે કામ કરતા ડો. હરકાંત ડી. બક્ષીનો બે વર્ષનો અજમાયશી સમય તા. ૧૪-૬-૧૯૬૬ના રોજ પૂરો થતો હોઈ તેઓને તા. ૧૫-૬-૧૯૬૬થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭૬. એ. મ્યુ. ટ્રા. સર્વિસના ટ્રાફિક ખાતાની માગણી મુજબ ગુજરાત યુનિવર્સિટી બસ ટર્મિનસ પાસેની કન્ટ્રોલ કેબિનમાં લાઇટ માટે ઇલેક્ટ્રિક સપ્લાય આપવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—યુનિવર્સિટીના મકાનમાંથી તેઓ તેમના ખર્ચે કેબલ તથા મીટર નાંખીને લાઇન લેશે અને તેના બળતણનો ચાર્જ તેઓ ભરપાઈ કરશે.)

આથી ઠરાવવામાં આવે છે કે, અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસના ટ્રાફિક ખાતાની ઉપર જણાવેલી માગણી મંજૂર કરવી.

૭૭. નીચેના આચાર્યને તેમના નામ સામે જણાવેલ વિદ્યાશાખા હેઠળ આવતી કોઈ બે વિષયોની અભ્યાસસમિતિઓનું સભ્યપદ આપવા બાબત :

આચાર્યનું નામ	વિદ્યાશાખા	અનુ. પદવી પરીક્ષાઓના વિષયો	ઇચ્છિત વિષયોની અભ્યાસસમિતિઓ
આચાર્ય એલ. બી. પટેલ, એમ.કોમ., એલએલ.બી.	વાણિજ્ય	(૧) અર્થશાસ્ત્ર (૨) બૅન્કિંગ	(૧) વાણિજ્ય (૨) આંકડાશાસ્ત્ર

આથી ઠરાવવામાં આવે છે કે, આચાર્ય એલ. બી. પટેલને વાણિજ્ય વિદ્યાશાખા હેઠળ (૧) વાણિજ્ય, અને (૨) આંકડાશાસ્ત્રની અભ્યાસસમિતિઓનું સભ્યપદ આપવું.

૭૮. એકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮-૧-૧૯૬૬ની સભાની નીચેની ભલામણ, સિન્ડિકેટની તા. ૫/૬-૩-૧૯૬૬ની સભામાં મંજૂર થયેલ હોઈ તે ભલામણ અનુસાર આ સાથે જોડેલ સ્ટેટ્યૂટ ૧૭૩નો પાઠ સુધારવા બાબત :

"આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે, પ્રી-યુનિવર્સિટી વિજ્ઞાન તથા પ્રી-યુનિ. સાયન્સ (એગ્રિ.)ના અભ્યાસક્રમમાં દાખલ થનાર વિદ્યાર્થીએ એસ.એસ.સી. પરીક્ષામાં અંગ્રેજી ઉપરાંત (૧) "એલિમેન્ટરી મેથેમેટિક્સ અથવા એલ્જિબ્રા-જ્યોમેટ્રી, અને (૨) ફિઝિક્સ-કેમિસ્ટ્રી અથવા જનરલ સાયન્સના વિષયો સાથે પાસ કરવી આવશ્યક ગણાશે તે રીતે સ્ટે. ૧૭૩માં જરૂરી ફેરફાર કરવા માટે ઘટતાં પગલાં લેવા અને તેને જૂન ૧૯૬૮થી અમલમાં મૂકવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિં./૨૬૦૬૭/૧૯૬૬.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯
જૂન ૨૨, ૧૯૬૬
આષાઢ ૧, ૧૮૮૮ (શક).

કે. ચં. પરીખ
રજિસ્ટ્રાર.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૧૦

"જસ્ટિસ પી. ચક્રવર્તી બંગાળી પારિતોષિક" માટે યુનિવર્સિટી યોજિત નિબંધસ્પર્ધા માટેના નિયમો

"જસ્ટિસ પી. ચક્રવર્તી બંગાળી પારિતોષિક" જે આશરે રૂા. ૧૦૦નું છે તે માટે યુનિવર્સિટી તરફથી બંગાળી ભાષામાં એક નિબંધસ્પર્ધા યોજવામાં આવી છે. નિબંધનો વિષય "Roll of Bengali Literature in National and Padeatric Songs" રાખવામાં આવ્યો છે.

૨. ઉપરોક્ત નિબંધસ્પર્ધામાં યુનિવર્સિટી સાથે જોડાયેલ કૉલેજો, માન્ય સંસ્થાઓ અને યુનિવર્સિટીની પરીક્ષા માટે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પૈકી જેમણે આ યુનિવર્સિટીની કોઈ પણ પરીક્ષા ઉત્તીર્ણ કરી હોય તેઓ ભાગ લઈ શકશે.

૩. જે વિદ્યાર્થીઓ ઉપરોક્ત નિબંધસ્પર્ધામાં ભાગ લેવા ઇચ્છતા હોય તેમણે ઉપરોક્ત વિષય પર ઓછામાં ઓછા ૫,૦૦૦ શબ્દોમાં સ્પષ્ટ વાંચી શકાય તેવા હસ્તાક્ષરમાં, બંગાળી ભાષામાં સ્વતંત્ર રીતે નિબંધ લખી તેમની સંસ્થાના વડા મારફતે નીચેની માહિતી સાથે યુનિવર્સિટી કાર્યાલયને મોડામાં મોડો તા. ૩૦-૭-૧૯૬૬ સુધીમાં મોકલી આપવાનો રહેશે.

૧. વિદ્યાર્થીનું પૂરું નામ (અટકથી શરૂ કરીને):

૨. વિદ્યાર્થીએ જે પરીક્ષા પાસ કરી હોય તેનું નામ:
(પરીક્ષા પાસ કર્યાનું વર્ષ, તેમનો યુનિવર્સિટી પરીક્ષાનો બેઠક નંબર, કેન્દ્ર, વિષયો અને વર્ગની માહિતી.)

૩. હાલ જે વર્ગમાં અભ્યાસ કરતા હોય તે વર્ગનું નામ અને રાખેલા વિષયો.

૪. ઉપરોક્ત નિબંધસ્પર્ધામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓના નિબંધો યુનિવર્સિટી કાર્યાલયને મોકલતી વખતે આચાર્યશ્રીએ/અધ્યક્ષે તેની સાથે નીચેનું પ્રમાણપત્ર આપવાનું રહેશે:

"આથી હું પ્રમાણપત્ર આપું છું કે શ્રી. _____
મારી કૉલેજના _____ વર્ષમાં અભ્યાસ કરે છે અને તેમના
વિષયો _____ છે. તેમણે _____
પરીક્ષા _____ વર્ગમાં ઉત્તીર્ણ કરી છે તેમ જ આ
સાથે રજૂ કરેલા નિબંધનું લખાણ, મારી જાણ પ્રમાણે, મૌલિક લખાણ છે.

(આચાર્ય/અધ્યક્ષની સહી.)"

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૧૩

યુનિવર્સિટી મનોવિજ્ઞાન વિદ્યાભવનમાં એક લેક્ચરર-ઇન-એજ્યુકેશનની જગ્યા માટે ઉમેદવારોની મુલાકાત માટે સિન્ડિકેટની બનેલી વરણીસમિતિની એક સભા તા. ૯-૪-૧૯૬૬ના રોજ ૧૧-૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન શ્રી. લાલભાઈ ૨. દેસાઈએ લીધું હતું. સભામાં હાજરી નીચે મુજબ હતી :

૧. શ્રી. લાલભાઈ ૨. દેસાઈ, ઉપકુલપતિ	હાજર
૨. શ્રી. ડિરેક્ટર ઑફ એજ્યુકેશન	ગેરહાજર
૩. આચાર્ય ઝીણાભાઈ આર. દેસાઈ	ગેરહાજર
૪. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ	હાજર
૫. શ્રી. આઈ. એમ. નાણાવટી	ગેરહાજર
૬. શ્રી. બટુભાઈ એચ. દેસાઈ	ગેરહાજર
૭. શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી	ગેરહાજર
૮. શ્રી. બી. આર. શિનોય	ગેરહાજર
૯. ડૉ. ય. ગુ. નાયક	ગેરહાજર
૧૦. આચાર્ય એમ. સી. દેસાઈ	ગેરહાજર
૧૧. ડૉ. વાસુદેવ એન. ત્રિપાઠી	ગેરહાજર
૧૨. શ્રી. વી. આર. રણદીવે	ગેરહાજર
૧૩. આચાર્ય ચિમનભાઈ જે. પટેલ	ગેરહાજર
૧૪. ડૉ. એ. એમ. ત્રિવેદી	ગેરહાજર
૧૫. શ્રી. ધનશ્યામભાઈ સી. ઓઝા	ગેરહાજર
૧૬. શ્રી. મણિશંકર પી. પંડ્યા	ગેરહાજર
૧૭. શ્રી. ઠાકોરભાઈ એમ. દેસાઈ	હાજર
૧૮. ડૉ. જયંત બી. હરિભક્તિ	ગેરહાજર.

લેક્ચરર-ઇન-એજ્યુકેશનની એક જગ્યા માટે નીચેનાં ઉમેદવારોને મુલાકાત માટે બોલાવવામાં આવ્યાં હતાં :

૧. શ્રી. રૉય ચૌધરી ઇન્દ્રજિત	ગેરહાજર
૨. કુ. દત્તા શુભ	ગેરહાજર
૩. શ્રી. મિશ્રા આર. સી.	ગેરહાજર
૪. શ્રી. મણિ આર. એસ.	ગેરહાજર
૫. શ્રી. કે. કે. શુક્લ	હાજર.

નિષ્ણાત તરીકે ભવનના અધ્યક્ષ ડૉ. પી. એચ. પ્રભુ અને રીડર ડૉ. જે. પી. દવે નિમંત્રણથી હાજર રહ્યા હતા. હાજર રહેલા ઉમેદવારની મુલાકાત લીધા પછી સમિતિએ નીચે પ્રમાણે ઠરાવ્યું :

હાજર રહેલા ઉમેદવારની મુલાકાત લીધા પછી ઠરાવવામાં આવ્યું કે, આ જગ્યા માટે ફરીથી જાહેરખબર આપી અરજીઓ મંગાવવી.

ભૂ. મ. પટેલ
રજિસ્ટ્રાર વતી.

પરિશિષ્ટ "ગ"
કામકાજ ક્રમાંક ૧૫

૨૮૬૬ અંગેના વહીવટી પ્રશ્નો ઉપર વિચારણા કરવા માટે સિન્ડિકેટે નીમેલી સ્થાયી સમિતિની સભા, તા. ૧૯-૪-૧૯૬૬ના રોજ બપોરે ૩-૦૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન ઉપકુલપતિ શ્રી. લાલભાઈ ૨ દેસાઈએ લીધું હતું.

૧. શ્રી. લાલભાઈ ૨. દેસાઈ, ઉપકુલપતિ	હાજર
૨. ડિરેક્ટર ઑફ એજ્યુકેશન	હાજર
૩. આચાર્ય ડૉ. ય. ગુ. નાયક	હાજર
૪. આચાર્ય એમ. સી. દેસાઈ	ગેરહાજર
૫. ડૉ. વાસુદેવ એન. ત્રિપાઠી	ગેરહાજર
૬. શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી	હાજર
૭. શ્રી. કં. ગં. પરીખ, રજિસ્ટ્રાર	હાજર.

૧. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનમાં એક વર્કશોપ સુપરિન્ટેન્ડન્ટની અને એક વર્કશોપ મિકેનિકની કાયમી જગ્યા ઊભી કરવા અંગે વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષશ્રીના પત્રાંક જી.યુ. બોટેની, ૧૭-૫૪૩-૬૫, તા. ૧૯-૧૧-૧૯૬૫ ઉપર વિચારણા કરવા બાબત.

(સ્થાયી સમિતિએ તેની તા. ૨૩-૨-૧૯૬૬ની સભામાં મિકેનિકની જગ્યા માટે લાયકાતનું ધોરણ નક્કી કરેલ છે, તથા વર્કશોપ સુપરિન્ટેન્ડન્ટની જગ્યા માટે પગારધોરણ તથા લાયકાતના ધોરણ માટે ગુજરાત સરકાર, મ્યુ. કૉર્પોરેશન, પોલિટેકનિક અને આચાર્યશ્રી, એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજ પાસેથી માહિતી મગાવવાનું ઠરાવ્યું છે. માહિતી આવેથી સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવશે.)

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, વર્કશોપ સુપરિન્ટેન્ડન્ટની તથા વર્કશોપ મિકેનિકની એક કાયમી જગ્યા વિજ્ઞાન વિદ્યાભવનના વર્કશોપ માટે અનુક્રમે રૂા. ૨૫૦-૨૫-૫૦૦ તથા રૂા. ૮૦-૭-૧૫૦-૧૦-૨૦૦ના પગારધોરણમાં ઊભી કરવી. વર્કશોપ સુપરિન્ટેન્ડન્ટ માટે લાયકાતનું ધોરણ નીચે પ્રમાણે રાખવું :

B E. (Mechanical) with one year's experience in a work-shop manufacturing scientific equipment or appratus;

or

Diploma in Mechanical Engineering with 3 years' experience in a workshop manufacturing scientific equipments or apparatus.

૨. સિન્ડિકેટે તેની તા. ૫-૩-૧૯૬૬ની સભામાં ઠરાવ્યા પ્રમાણે આરોગ્યકેન્દ્રમાં વૉર્ડબૉયની રૂા. ૪૫-૨½-૭૦ના પગારધોરણમાં એક વધુ કાયમી જગ્યા ઊભી કરવા તથા રહેઠાણની જોગવાઈ કરવા અંગે સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલેલ હોવાથી તે અંગે વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, આરોગ્યકેન્દ્ર માટે વધુ એક કાયમી વૉર્ડબૉયની જગ્યા રૂા. ૪૫-૨½-૭૦ના પગારધોરણમાં ઊભી કરવી.

૩. સિન્ડિકેટે તેની તા. ૫-૩-૧૯૬૬ની સભામાં ગ્રંથાલયના નવા મકાન માટે એક માળી તથા એક સફાઈ કામદારની નવી જગ્યા ઊભી કરવા અંગે સ્થાયી સમિતિ સમક્ષ વિચારણા માટે મોકલેલ હોવાથી તે અંગે વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, ગ્રંથાલય સમિતિની ભલામણ અનુસાર ગ્રંથાલયના મકાન માટે એક માળી તથા એક સફાઈ કામદારની રૂા. ૪૦-૨-૬૦ના પગારધોરણમાં કાયમી જગ્યા ઊભી કરવી.

૪. પ્રકાશન અધિકારી શ્રી. કે. ડી. પંડ્યાની પગારધોરણ સુધારવા અંગેની તા. ૨૩-૨-૧૯૬૬ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, પ્રકાશન અધિકારીની જગ્યાનું પગારધોરણ જે હાલ રૂા. ૩૦૦-૧૫-૬૦૦ છે તે સુધારીને રૂા. ૩૦૦-૧૫-૪૨૦ ઈ.બી. ૨૦-૬૦૦નું રાખવું.

૫. સિન્ડિકેટે તેની તા. ૯-૪-૧૯૬૬ની સભામાં બોર્ડ ઑફ સ્પોર્ટ્સની ભલામણ સ્થાયી સમિતિ તરફ મોકલેલ હોવાથી તે ઉપર વિચારણા કરવા બાબત.

બોર્ડ ઑફ સ્પોર્ટ્સનો તા. ૧-૪-૧૯૬૬નો ઠરાવ નીચે પ્રમાણે છે :

"ઠરાવવામાં આવે છે કે, આંતર-યુનિવર્સિટીની સભામાં ભાગ લેવા જતી યુનિવર્સિટીની ટુકડીનો સાથે જનાર પટાવાળાને દૈનિકભથ્થાની રકમ રૂા. ૧-૫૦ પૈસાને બદલે રૂા. ૨-૫૦ પૈસા આપવાનું મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, આંતર-યુનિવર્સિટી રમતમાં ભાગ લેવા જતી યુનિવર્સિટીની ટુકડીઓ સાથે જનાર પટાવાળાને દૈનિકભથ્થું યુનિવર્સિટીના પટાવાળાને મળતા ધોરણે આપવું.

૬. તા. ૨૬/૨૭/૨૮-૩-૧૯૬૬ની સેનેટની સભામાં યુનિવર્સિટીના સને ૧૯૬૬-૬૭ના અંદાજપત્ર અંગે જે ઠરાવ કર્યો છે તે સિન્ડિકેટે તેની તા. ૯-૪-૧૯૬૬ની સભામાં સ્થાયી સમિતિની સભામાં વિચારણા માટે મોકલેલ હોવાથી તે અંગે વિચારણા કરવા બાબત.

સેનેટનો ઠરાવ

"યુનિવર્સિટીની વિવિધલક્ષી પ્રવૃત્તિઓમાં પરીક્ષાઓ અને તેને લગતાં તમામ કામકાજમાં અન્ય વહીવટી કાર્યો કરતાં વધારે જવાબદારી છે અને રહેશે તે હકીકત ધ્યાનમાં લઈ ૧૯૬૬-૬૭ના અંદાજપત્રમાં પરીક્ષા વિભાગ માટે અંદાજેલા ખર્ચમાં નીચે દર્શાવેલી વધારાની જગ્યાઓ ઊભી

કરવા માટે વધારાના ખર્ચની જોગવાઈ કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી :

૧. કન્ટ્રોલર ઑફ એક્ઝામિનેશન (રજિસ્ટ્રારની ગ્રેડમાં)	૧
૨. આસિ. રજિસ્ટ્રાર	૧
૩. સુપરિન્ટેન્ડન્ટ	૩
૪. હેડક્લાર્ક.	૬ ”

આ અંગેની લંબાણપૂર્વક ચર્ચાવિચારણા કરવામાં આવી. ત્યાર બાદ ઠરાવવામાં આવ્યું કે આ બાબત હવે પછીની સમિતિની સભા સમક્ષ રજૂ કરવી.

૭. યુનિવર્સિટી કાર્યાલયમાં સિન્ડિકેટે તેની તા. ૫-૩-૧૯૬૬ની સભામાં મદદનીશ રજિસ્ટ્રાર, કાર્યાલય નિયામક, તથા હેડક્લાર્કની જગ્યાઓ મંજૂર કરી છે તે જગ્યાઓ જાહેરખબર આપ્યા સિવાય કાર્યાલયના કર્મચારીઓને બઢતી આપી તે પૂરવા અંગે યુનિવર્સિટી કાર્યાલયના કર્મચારીઓની તા. ૩૧-૧-૧૯૬૬ની સંયુક્ત અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, સિન્ડિકેટે તેની તા. ૫-૩-૧૯૬૬ની સભામાં ઊભી કરેલી મદદનીશ રજિસ્ટ્રાર, કાર્યાલય નિયામક તથા હેડક્લાર્કની જગ્યાઓ માટે જાહેરખબર આપ્યા સિવાય અરજીઓ મગાવવા અંગેની યુનિવર્સિટીના કર્મચારીઓની તા. ૩૧-૧-૧૯૬૬ની વિનંતી મંજૂર કરી શકાય નહિ.

૮. યુનિવર્સિટી કાર્યાલયના કર્મચારીઓની તા. ૩૧-૧-૧૯૬૬ની સંયુક્ત અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, યુનિવર્સિટી કાર્યાલયના કર્મચારીઓની, ઓવર-ટાઇમ ભથ્થું વધારવા અંગેની તથા તે અંગેની કપાત અંગેની વિનંતી મંજૂર કરવી નહિ.

૯. યુનિવર્સિટી કાર્યાલયના ઉપકુલપતિશ્રી તથા રજિસ્ટ્રારના અંગત મદદનીશ, હેડક્લાર્ક, અને મદદનીશ હિસાબનીશની જગ્યા ઉપરના કર્મચારીઓનું પરીક્ષાભથ્થું વધારવા અંગેની, તા. ૩૧-૧-૧૯૬૬ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, યુનિવર્સિટીના ઉપકુલપતિશ્રી તથા રજિસ્ટ્રારના અંગત મદદનીશ-કમ-સ્ટેનોગ્રાફર, હેડક્લાર્ક, મદદનીશ સુપરિન્ટેન્ડન્ટ તથા મદદનીશ હિસાબનીશની જગ્યા પર કામ કરતા કર્મચારીઓની ઓવરટાઇમ ભથ્થાની દર વધારવા અંગેની તા. ૩૧-૧-૧૯૬૬ની અરજી મંજૂર કરવી નહિ.

૧૦. મદદનીશ રજિસ્ટ્રારની જગ્યાની શૈક્ષણિક લાયકાત સિન્ડિકેટે, તેની તા. ૫-૩-૧૯૬૬ની સભામાં ઠરાવ્યું તે ધ્યાનમાં લઈને કાર્યાલય નિયામક તથા હેડક્લાર્કની લાયકાતનું ધોરણ હળવું કરવા યુનિવર્સિટી કર્મચારીઓની તા. ૧૪-૪-૧૯૬૬ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, કાર્યાલય નિયામક તથા હેડકલાર્કની જગ્યાનું લાયકાતનું ધોરણ નીચે પ્રમાણે રાખવું :

Office Superintendent	..	Master's degree with at least 7 years' experience of office work; *or* Bachelor's degree in Second Class with at least 7 years' experience of office work; *or* Bachelor's degree with 10 years' experience of office work.
Head Clerk	..	Master's degree with 5 years' experience *or* Second Class graduate with 5 years' experience *or* Bachelor's degree with 7 years' experience of office work.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ભૂ. મ. પટેલ
રજિસ્ટ્રાર વતી.

પરિશિષ્ટ "ચ"
કામકાજ ક્રમાંક ૩૮

બાંધકામ સમિતિની એક સભા, તા. ૧૮-૪-૧૯૬૬ના રોજ સોમવારે બપોરના ૪-૦૦ કલાકે મળી હતી, જેમાં નીચેના સભ્યો હાજર હતા :

૧. ઉપકુલપતિશ્રી	હાજર
૨. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ	હાજર
૩. શ્રી. નવનીતલાલ સા. શેાધન	હાજર
૪. શ્રી. ગિરીશચંદ્ર એસ. દેસાઈ	હાજર
૫. ડૉ. વાસુદેવ એન. ત્રિપાઠી	ગેરહાજર
૬. શ્રી. ડી. પી. શાહ	હાજર.

૧. બાંધકામ સમિતિની તા. ૨૧-૩-૧૯૬૬ની સભાની કાર્યવાહી મંજૂર કરવા બાબત.

બાંધકામ સમિતિની તા. ૨૧-૩-૧૯૬૬ની સભાની કાર્યવાહી મંજૂર કરવામાં આવી અને તે ઉપર ઉપકુલપતિશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટીના ગ્રંથાલયના મકાન માટે સાઇકલ સ્ટેન્ડ, મકાન સુધીનો એપ્રોચ રસ્તો તથા ગેઇટ વગેરે બાબતો અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—આ અંગેનો અંદાજી ખર્ચ રૂા. ૩૬,૨૦૦ થાય છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સાઇકલ સ્ટેન્ડ, મકાન સુધીનો એપ્રોચ રસ્તો વગેરેના પ્લાન તથા અંદાજ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને મંજૂરી માટે મોકલી આપવા.

૩. નેશનલ ઇન્ડસ્ટ્રિયલ ડેવેલપમેન્ટ કૉર્પોરેશન લિ.ના તા. ૨૫-૩-૧૯૬૬ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પત્રની નોંધ લેવી.

૪. યુનિવર્સિટી કાર્યાલયના મકાનની આસપાસ તથા વિજ્ઞાન વિદ્યાભવનના મકાનની આસપાસ તારની વાડ કરવા માટે આવેલ ટેન્ડરો તપાસી ભલામણ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કાર્યાલય, અન્ય ભવનો તથા વિજ્ઞાન વિદ્યાભવનની આસપાસ તારની વાડ કરવા માટે આવેલાં સત્તર ટેન્ડરોમાંથી સૌથી ઓછા ભાવ ટાંકનાર પેઢી મે. ઓલ્વિન કૉન્ક્રીટ બ્લૉક્સ એન્ડ ટાઇલ્સ મેન્યુ. કંપનીનું રૂા. ૩૦,૯૩૬નું ટેન્ડર મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૫. યુનિવર્સિટી કાર્યાલયના મકાનની બારીઓમાં લીલા કાચની હેરફેર કરવા માટે તથા સાઉથ વિંગમાં લીલા કાચ કાઢીને વાયર્ડ ગ્લાસ ફિટ કરવા માટે આવેલાં ટેન્ડરો તપાસી ભલામણ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કાર્યાલયના મકાનની બારીઓમાં લીલા કાચની હેરફેર કરવા માટે તથા સાઉથ વિંગમાં લીલા કાચ કાઢીને વાયર્ડ ગ્લાસ ફિટ કરવા માટે મે. નિર્માણનું રૂા. ૯૧૫નું ટેન્ડર મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૬. યુનિવર્સિટી કાર્યાલયના મકાનની બારીઓ માટે વાયર્ડ ગ્લાસ પૂરા પાડવા માટે આવેલાં ટેન્ડરો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કાર્યાલયમાં મકાનની બારીઓ માટે વાયર્ડ ગ્લાસ પૂરા પાડવા માટે મે. નિર્માણનું ટેન્ડર સૌથી ઓછા ભાવ ટાંકનારના રૂા. ૩,૦૯૧-૬૦ પૈ. (૨ ટકા બાદ)ના ટેન્ડરની મર્યાદામાં આવે તે રીતે મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

[નોંધ.— કાચ પૂરા પાડનાર અને તેને લગાડનાર વ્યક્તિ એક જ હોય તો કાચની સાઇઝ બાબત તથા કાચ ફૂટી જવા વગેરે તકરાર રહે નહિ તે દૃષ્ટિએ એક જ કૉન્ટ્રાક્ટરને કામ સોંપવાની ભલામણ કરવામાં આવી છે.]

૭. વિજ્ઞાન વિદ્યાભવનની પ્રયોગશાળામાં આર. સી. સી.ના પિલરમાં આંબાના પાટિયાની છાજલી લગાવવા માટે આવેલાં ટેન્ડરો તપાસી ભલામણ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, વિજ્ઞાન વિદ્યાભવનની પ્રયોગશાળામાં આર. સી. સી.ના પિલરમાં નોવાટીક (પાર્ટિકલ વૂડ)ની છાજલી બનાવવા માટે ફરીથી ટેન્ડરો મગાવી સભાગૃહ સમક્ષ આ બાબત ફરીથી રજૂ કરવી.

૮. સેનેટ ખંડના બાંધકામમાં વધારાના કામકાજના દરો અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી.

૯. વિજ્ઞાન વિદ્યાભવનની બારીઓમાં લોખંડની જાળીના કંટ્રાક્ટી મે. સ્ટીલ ફેબ્રિકેટર્સે ટેન્ડર મુજબ ૬ પાઉન્ડને બદલે સ્થપતિની ડિઝાઇન અનુસાર ૨ તથા ૨½ પાઉન્ડ વજનની ગ્રિલ બનાવી ફિટ કરી છે તે પરત્વે વિચારણા કરવા બાબત.

[નોંધ.— ટેન્ડરનો પાઠ આ પ્રમાણે છે:

Providing and fixing M. S. Grill with bars, angles, flats, squares, etc., as per design, with three coats of enamal paint. Weight up to 6 lbs. per sq. ft.]

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી.

૧૦. યુનિવર્સિટી વિસ્તારમાં ઇલેક્ટ્રિકના હાઈ ટેન્શનનાં કામો, મકાનોનાં વાયરિંગ, સ્ટ્રીટ લાઇટ તથા લો ટેન્શન કેબલ, પંપ અને બીજાં અન્ય કામો માટે સુપરવાઇઝર અથવા કન્સલ્ટિંગ ઇજનેરની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી વિસ્તારમાં ઇલેક્ટ્રિકનાં કામો માટે સુપરવાઇઝર અથવા કન્સલ્ટિંગ ઇજનેરની જગ્યા ઊભી કરવી નહિ.

G.U.P. 268-375-7-66

બાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની સને ૧૯૬૬ના જુલાઈ માસની સભા, શનિવાર, તા. ૨-૭-૧૯૬૬ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે, ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, અને રવિવાર, તા. ૩-૭-૧૯૬૬ના રોજ સવારના ૯-૦૦ વાગ્યે ચાલુ રહી હતી. પ્રમુખસ્થાન ઉપકુલપતિ શ્રી. લાલભાઈ ૨. દેસાઈએ લીધું હતું. બંને દિવસોએ સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨-૭-૧૯૬૬	તા. ૩-૭-૧૯૬૬
૧.	શ્રી. લાલભાઈ ૨. દેસાઈ, ઉપકુલપતિ	હાજર	હાજર
૨.	શ્રી. વી. એચ. ભણોત (નાયબ શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય)	હાજર	હાજર
૩.	શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ	હાજર	હાજર
૪.	શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ	હાજર	હાજર
૫.	શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી	હાજર	હાજર
૬.	શ્રી. ઇન્દ્રવદન એમ. નાણાવટી	હાજર	ગેરહાજર
૭.	ડૉ. વાસુદેવ નટવરલાલ ત્રિપાઠી	હાજર	હાજર
૮.	ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ	હાજર	હાજર
૯.	શ્રી. ઘનશ્યામલાલ છોટાલાલ ઓઝા	ગેરહાજર	ગેરહાજર
૧૦.	શ્રી. ઠાકોરભાઈ મણિભાઈ દેસાઈ	હાજર	હાજર
૧૧.	શ્રી. બટુભાઈ હરિભાઈ દેસાઈ	હાજર	ગેરહાજર
૧૨.	ડૉ. અશ્વિનકુમાર માધવલાલ ત્રિવેદી	હાજર	હાજર
૧૩.	શ્રી. મણિશંકર પ્રભાશંકર પંડ્યા	ગેરહાજર	ગેરહાજર
૧૪.	પ્રો. બી. આર. શિનોય	હાજર	હાજર
૧૫.	આચાર્ય ચિમનભાઈ જે. પટેલ	હાજર	ગેરહાજર
૧૬.	આચાર્ય મુકુન્દલાલ છોટાલાલ દેસાઈ	હાજર	હાજર
૧૭.	આચાર્ય યશવંતરાય ગુલાબભાઈ નાયક	હાજર	હાજર
૧૮.	આચાર્ય વિશ્વનાથ રામચંદ્ર રણદીવે	હાજર	હાજર.

૧. તા. ૪/૫ જૂન, ૧૯૬૬ના રોજ મળેલી સિન્ડિકેટની સભાના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૪/૫ જૂન, ૧૯૬૬ના રોજ મળેલ સિન્ડિકેટની જૂન માસની સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

૨. વડોદરા જિલ્લાની કૉલેજોને, વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી સાથે જોડાણ આપવા માગણી કરતા વડોદરા જિલ્લા કેળવણી મંડળની કારોબારીના એક પ્રસ્તાવ, શિક્ષણ તથા મજૂર વિભાગના સચિવશ્રીએ યુનિવર્સિટીને મોકલેલ હોઈ તે પર અભિપ્રાય આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત અંગે ધોરણસર જે થઈ શકતું હોય તે અંગે જરૂરી વિચારણા કરીને રાજ્ય સરકાર ઘટતું કરે તેમાં વાંધો હોઈ શકે નહિ, એ મતલબનો જવાબ રાજ્ય સરકારને આપવો.

૩. જુદી જુદી યુનિવર્સિટીઓમાં શૈક્ષણિક સત્રો માટે એકસરખું કૅલેન્ડર રાખવાની સલાહ આપતા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૩૦મી મે ૧૯૬૬ના પત્રાંક એફ. ૬૮-૨૬, ૭૫ (સી.યુ.પી.) પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના સદરહુ પત્રમાં જણાવેલાં સૂચનો બાબતમાં આપણી યુનિવર્સિટીમાં જે સ્થિતિ પ્રવર્તે છે તે અંગેની માહિતી યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને મોકલી આપવી.

૪. સમાજશિક્ષણમાં યુનિવર્સિટીઓના ફાળા અંગે ભારત સરકારના શિક્ષણ અંગેના કેન્દ્રીય સલાહકાર બોર્ડની ૩૨મી પરિષદમાં થયેલી ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ભલામણોની નોંધ લેવી.

૫. અખિલ ભારતીય પ્રાચ્ય પરિષદ (All-India Oriental Conference)નું ૨૩મું અધિવેશન, અલીગઢ મુકામે તા. ૨૭થી ૨૯ ઑક્ટોબર, ૧૯૬૬ દરમિયાન મળનાર હોઈ તેમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા સદરહુ સંસ્થાના સામાન્ય મંત્રીઓના તા. ૧૦-૫-૧૯૬૬ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત અંગે ઘટતું કરવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૬. ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮-૧-૧૯૬૬ની સભાની નીચેની ભલામણ સિન્ડિકેટની તા. ૫/૬-૩-૧૯૬૬ની સભામાં મંજૂર થયેલ હોઈ તે ભલામણ અનુસાર આ સાથે જોડેલ સ્ટેચ્યૂટ ૬૭૩નો પાઠ સુધારવા બાબત :

ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮-૧-૧૯૬૬ની સભાની ભલામણ

"આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે, પ્રી-યુનિવર્સિટી વિજ્ઞાન (એગ્રિ.)ના અભ્યાસક્રમમાં દાખલ થનાર વિદ્યાર્થીએ એસ.એસ.સી. પરીક્ષામાં અંગ્રેજી ઉપરાંત (૧) એલિમેન્ટરી મૅથેમેટિક્સ અથવા એલ્જિબ્રા-જ્યોમેટ્રી, અને (૨) ફિઝિક્સ-કેમિસ્ટ્રી અથવા જનરલ સાયન્સના વિષયો સાથે પાસ કરવી આવશ્યક બને તે રીતે સ્ટે. ૧૭૩માં જરૂરી ફેરફાર કરવા માટે ઘટતાં પગલાં લેવા અને તેને જૂન ૧૯૬૮થી અમલમાં મૂકવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, પ્રી-યુનિવર્સિટી વિજ્ઞાનના વર્ગમાં પ્રવેશ અંગેનાં ધારાધોરણોમાં સૂચિત સુધારા અંગેની બાબત સિન્ડિકેટની તા. ૫-૬-૧૯૬૬ની સભાના ઠરાવ અન્વયે એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવામાં આવી છે તેની સાથે આ બાબત પણ એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવી.

૭. એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૭/૨૮-૧-૧૯૬૬ની સભામાં પ્રી-યુનિવર્સિટીના વર્ગો માટે યુનિવર્સિટી સંપાદિત ગદ્યપદ્યસંગ્રહો ૧૯૬૮ની પરીક્ષાઓ માટે નવા તૈયાર કરાવવા સૂચવ્યું હોઈ, યુનિવર્સિટી સંપાદિત હિંદી વિષયનો ગદ્યપદ્યસંગ્રહ ૧૯૬૮ની પરીક્ષા માટે તૈયાર કરાવવા અંગે આ અભ્યાસસમિતિના અધ્યક્ષના સૂચન અનુસાર નીચેના સભ્યોની સંપાદન સમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત :

૧. આચાર્ય એચ એમ. શુક્લ
૨. ડૉ. એ. એસ. નાગર
૩. શ્રી. જી. ડી. શર્મા (ગુજરાત કૉલેજ).

(નોંધ.—આ બાબત રૂટે. ૧૧૩-ઈ અનુસાર પત્રવ્યવહારથી પતાવવા અધ્યક્ષે જણાવ્યું હોઈ અભ્યાસસમિતિના અન્ય સભ્યોની અનુમતિ માગવામાં આવી હતી. કુલ સાત સભ્યોમાંથી ત્રણ સભ્યોની અનુમતિ આવી હતી.)

આથી ઠરાવવામાં આવે છે કે, પ્રી-યુનિવર્સિટીના વર્ગો માટે પાઠ્યપુસ્તકો—હિન્દીના ગદ્યપદ્યસંગ્રહો—તૈયાર કરવા માટે નીચે જણાવેલા સભ્યોની બનેલી સમિતિ નીમવી :

૧. આચાર્ય એચ. એમ. શુક્લ
૨. ડૉ. એ. એસ. નાગર
૩. શ્રી જી. ડી. શર્મા.

૮. શ્રી. પંડ્યા ગિરધરલાલ ભવાનીશંકરે બી.એ. (સ્પે. અને જન.) જૂના અભ્યાસક્રમની પરીક્ષા આપી હતી અને નાપાસ થયા હતા. મજકૂર વિદ્યાર્થીએ સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજમાં થર્ડ બી.એ.ના વર્ગમાં બે સત્રો રાખી એપ્રિલ ૧૯૬૬માં પરીક્ષા આપી છે, પણ નિયમ મુજબ તેમણે સેકન્ડ બી.એ.ની પરીક્ષા માટે સત્રો રાખી તે પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ થર્ડ બી.એ.માં જોડાવું જોઈતું હતું, પરંતુ કૉલેજની સરતચૂકથી આ વિદ્યાર્થીને સીધો થર્ડ બી.એ.ના વર્ગમાં પ્રવેશ આપ્યો અને તે આધારે વિદ્યાર્થીએ થર્ડ બી.એ.ની પરીક્ષાનાં સત્રો રાખી એપ્રિલ ૧૯૬૬માં લેવાયેલ થર્ડ બી.એ.ની પરીક્ષા આપી છે, તો વિદ્યાર્થીને સેકન્ડ બી.એ.ની પરીક્ષા જરૂરી સત્રો ભરી પાસ કરે ત્યાર બાદ જ તેનું થર્ડ બી.એ.ની પરીક્ષાનું પરિણામ જાહેર કરવા અને ત્યાં સુધી મજકૂર વિદ્યાર્થીનું થર્ડ બી.એ.ની પરીક્ષાનું પરિણામ અનામત રાખવાની આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વિદ્યાર્થી શ્રી. પંડ્યા ગિરધરલાલ ભવાનીશંકરે એસ.વાય.બી.એ.ની પરીક્ષામાં બેસીને ઉત્તીર્ણ થવું આવશ્યક રહેશે પણ તે માટે તેમને સત્રો ભરવાની જરૂર રહેશે નહિ.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, શ્રી. પંડ્યાને ઑક્ટોબર ૧૯૬૬ કે તે પછી એસ.વાય.બી.એ.ની પરીક્ષામાં બેસવા માટે પરવાનગી આપવી તથા તે પરીક્ષામાં આંતરિક ગુણાંકનની અવેજીમાં તેમને યુનિવર્સિટીની લેખિત પરીક્ષાના ગુણાંક પ્રમાણુસર (પ્રોરેટા) ગણવાનું રાખવું, અને તેઓ એસ.વાય.બી.એ.ની પરીક્ષામાં ઉત્તીર્ણ થાય ત્યારે તેમનું ટી.વાય.બી.એ.ની પરીક્ષાનું પરિણામ જાહેર કરવું.

૯. આંતરિક ગુણાંકનના કારણે કૉલેજો દ્વારા થતી અસમાનતાને દૂર કરવાના એક ઉપાય તરીકે યુનિવર્સિટી તરફથી અપાતા ચંદ્રકો, શિષ્યવૃત્તિઓ વગેરે વિદ્યાર્થીઓના કુલ ગુણના આધારે ન આપતાં માત્ર યુનિવર્સિટી પરીક્ષામાં મેળવેલ ગુણના આધારે આપવા અંગેના એક સૂચન પર વિચારણા કરવા બાબત.

૪૭. સિન્ડિકેટની તા. ૯-૪-૧૯૬૬ની સભાએ ઠરાવ્યા અનુસાર ૧૯૬૫ તથા ૧૯૬૬ના વર્ષ દરમિયાન લેવાયેલ વિનયન, વિજ્ઞાન તથા વાણિજ્ય વિદ્યાશાખાની પ્રી-યુનિવર્સિટી તથા ત્રિવાર્ષિક અભ્યાસક્રમની પ્રત્યેક પદવી પરીક્ષામાં કૉલેજ તરફથી અપાયેલ આંતરિક ગુણાંકનની ચકાસણીનું કામ શરૂ કરવા જરૂરી ટેકનિકલ માણસોની નિમણૂક અંગે વિચારણા કરવા બાબત.

૫૨. એપ્રિલ ૧૯૬૬માં લેવાયેલ થર્ડ બી.એ., થર્ડ બી.એસસી. અને થર્ડ બી.કૉમ.ની પરીક્ષાનાં પરિણામો બાબતમાં ડૉ. એ. એમ. ત્રિવેદીના તા. ૨૫-૬-૧૯૬૬ના આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—આ પરીક્ષાઓનાં પરિણામ અંગેનું તારણ નીચે મુજબ છે :

	દાખલ થયેલ સંખ્યા	પ્રથમ વર્ગ	દ્વિતીય વર્ગ	તૃતીય વર્ગ	કુલ
થર્ડ બી.એ.	... ૪૫૩૫	૨૧૩	૨૬૮૦	૧૧૯૨	૪૦૮૫
થર્ડ બી.એસસી. (સ્પેશિયલ)	... ૨૬૨૬	૬૮૨	૧૪૭૮	૨૭૧	૨૪૩૧
,, ,, (જનરલ)	... +૩	—	૩	—	૩
થર્ડ બી.કૉમ.	... ૧૩૨૭	૧૧૩	૯૦૨	૧૬૧	૧૧૭૬]

બાબત નં. ૯, ૪૭ અને ૫૨ની વિચારણા એકીસાથે કરવામાં આવી અને તે બાબતો અંગે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

(૧) કૉલેજોમાં આપવામાં આવેલા આંતરિક ગુણાંકનની બાબતમાં આંકડાશાસ્ત્રીય રીતે અભ્યાસ કરીને ૧૯૬૬ના વર્ષની પરીક્ષાના પરિણામ પર આંતરિક ગુણાંકનની કેવી અને કેટલી અસર પહોંચી છે તે તપાસીને પોતાનો રિપોર્ટ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

૧. ડૉ. પી. સી. વૈદ્ય
૨. ડૉ. સી. જી. ખત્રી
૩. શ્રી. જે. એમ. મહેતા, આવાહક.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે, સદરહુ સમિતિને સૂચવવું કે, આંતરિક ગુણાંકનમાં જે વિદ્યાર્થીઓને નેવુ ટકા ઉપરાંત ગુણ આપવામાં આવ્યા છે તેવા કેસોનો ખાસ અભ્યાસ કરવા જેવું જણાય છે, અને વિદ્યાર્થીઓને આંતરિક ગુણાંકનમાં કસોટીઓના ૨૦ ગુણમાંથી કેટલા ગુણ મળે છે તે અને તેમની હાજરી તથા અભ્યાસની બાબતમાં ૧૦ ગુણમાંથી કેટલા ગુણ મળે છે તેનો પણ તુલનાત્મક અભ્યાસ કરવા જેવું જણાય છે.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે, ૧૯૬૬ના વર્ષમાં લેવાયેલ પરીક્ષા પર આંતરિક ગુણાંકન અને તે ઉપરાંત બીજાં કયાં કયાં પરિબળોની અસર થયેલી વર્તાય છે તે જોઈ-તપાસીને પોતાનો રિપોર્ટ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

૧. ડૉ. ય. ગુ. નાયક
૨. આચાર્ય ચિમનભાઈ જે. પટેલ
૩. આચાર્ય એમ. સી. દેસાઈ
૪. આચાર્ય વી. આર. રણદીવે
૫. ડૉ. એ એમ. ત્રિવેદી.

(૩) વધુમાં ઠરાવવામાં આવે છે કે, ઉપર નં. (૧)માં જણાવેલ આંતરિક ગુણાંકનમાં આંકડાશાસ્ત્રીય અભ્યાસ માટે રૂા. ૨,૦૦૦ (બે હજાર) સુધીનું અંદાજી ખર્ચ મંજૂર કરવું.

૧૦. ડૉ એમ. એન. દેસાઈ માટેની Studies in Corrosion of Alluminium and its Alloys અંગેની સંશોધન યોજના માટે ડિરેક્ટર ઑફ ઇન્ડસ્ટ્રીઝ તરફથી તેમના તા. ૨૨-૩-૧૯૬૬ના પત્રાંક આઈ.આર.એલ-એસ.આઈ.આર.સી.-૪૫-૨૨૬૯થી રૂા. ૭,૦૦૦ની ગ્રાન્ટ મંજૂર થયાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૧૧. મનોવિજ્ઞાન વિદ્યાભવનમાં લેક્ચરર તરીકે કામ કરતા ડૉ. હરકાંત ડી. બદ્દામીના બે વર્ષનો અજમાયશી સમય તા. ૧૪-૬-૧૯૬૬ના રોજ પૂરો થતો હોઈ તેઓને તા. ૧૫-૬-૧૯૬૬થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

ડૉ. એચ. ડી. બદ્દામીની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. તે પછી ઠરાવવામાં આવ્યું કે, ડૉ. એચ. ડી. બદ્દામીને મનોવિજ્ઞાન વિદ્યાભવનમાં મનોવિજ્ઞાનના લેક્ચરર તરીકે તા. ૧૫-૧-૧૯૬૬થી કાયમ કરવા.

૧૨. યુનિવર્સિટી કાર્યાલય તરફથી મદદનીશ ડિરેક્ટર ઑફ યૂથ વેલ્ફેર શ્રી. કે. એચ. દવેને નાગપુર મુકામે નેશનલ ફાયર સર્વિસ કૉલેજના ફાઇટિંગ કોર્સમાં ગુજરાત સરકારની નાગરિક સંરક્ષણ યોજના હેઠળ તાલીમ લેવા મોકલ્યા હતા, પરંતુ તાલીમના સમય દરમિયાન તા. ૧૬-૨-૧૯૬૬થી તા. ૧૦-૩-૧૯૬૬ સુધી તેઓને તાત્કાલિક એપેન્ડિસાઇટિનું ઑપરેશન કરાવવાનું થયું હોવાથી તાલીમ લઈ શકયા ન હતા. આથી દવાખાનામાં રહેવું પડયું તે દરમિયાન તેમની તા. ૧૭-૨-૧૯૬૬થી તા. ૧૦-૩-૧૯૬૬ સુધીની કુલ ૨૨ દિવસની

રજાઓને ફરજ પરની રજા ગણવા માટે તેમની તા. ૨૬-૫-૧૯૬૬ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. કે. એચ. દવેની, તેમના કેસના વિશિષ્ટ સંજોગો લક્ષમાં લઈને, તા. ૧૭-૨-૧૯૬૬થી તા. ૧૦-૩-૧૯૬૬ સુધીની કુલ ૨૨ દિવસની રજાઓ ફરજ પરની રજાઓ તરીકે મંજૂર કરવી.

૧૩. યુનિવર્સિટી કાર્યાલયમાં જુનિયર ક્લાર્ક (ઓડિટ) તરીકે કામ કરતા શ્રી. સી. એસ. શાહ તા. ૧૫-૬-૧૯૬૬થી રાજીનામું આપી છૂટા થયા હોવાથી તેમના ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડની રકમ પરત કરવા અંગે તેમની તા. ૧૫-૬-૧૯૬૬ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. શાહ તા. ૧૩-૧૧-૧૯૬૪થી જોડાયા હતા અને તા. ૧૫-૬-૧૯૬૬થી રાજીનામું આપી છૂટા થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. સી. એસ. શાહને તેમના ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ પરત કરવી.

૧૪. વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણશાસ્ત્રના પ્રાધ્યાપક ડૉ. બી. કે. વૈદ્યને તા. ૧૨-૧૧-૧૯૬૬ના રોજ બે વર્ષની મુદત પૂરી થતી હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—ડૉ. વૈદ્યની ઉંમર હાલ ૬૪ વર્ષની છે અને તા. ૫-૨-૧૯૬૭ના રોજ તેઓ ૬૫ વર્ષ પૂરાં કરશે.)

આથી ઠરાવવામાં આવે છે કે, ડૉ. બી. કે. વૈદ્યની નિમણૂક અંગેનો હુકમ-કરાર તા. ૧૪-૬-૧૯૬૭ સુધી લંબાવવો.

[**નોંધ.**—(૧) ડૉ. બી. કે. વૈદ્યને ૬૫ વર્ષ તા. ૫-૨-૧૯૬૭ના રોજ, એટલે કે શૈક્ષણિક વર્ષનો અંત ભાગ પૂરો થતો હોવાથી તેમને શૈક્ષણિક વર્ષ અને તા. ૧૪-૬-૧૯૬૬ સુધીના વેકેશનનો સમય લક્ષમાં લઈને આ કરાર લંબાવવાનું વિચારવામાં આવ્યું.

(૨) તા. ૧૪-૬-૧૯૬૭ પછી કોઈ પણ સંજોગોમાં તેમનો કરાર લંબાવવો નહિ એમ સ્પષ્ટતા કરવામાં આવી.]

૧૫. સિન્ડિકેટે તેની તા. ૧૯-૮-૧૯૬૨ની સભામાં ઠરાવ નં. ૭૧થી યુનિવર્સિટી એન્જિનિયરની જગ્યા પાંચ વર્ષ માટે ઊભી કરવા ઠરાવ્યું હતું. આ મુદત તા. ૧૮-૮-૧૯૬૬ના રોજ પૂરી થતી હોઈ તે જગ્યાની મુદત લંબાવવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી એન્જિનિયરની જગ્યાની મુદત વધુ એક વર્ષ, એટલે કે તા. ૧૮-૮-૧૯૬૭ સુધી લંબાવવી.

૧૬. યુનિવર્સિટી ગ્રંથાલયમાં એક મદદનીશ ગ્રંથપાલની જગ્યા માટે આવેલ અરજીઓ ઉપર વિચારણા કરવા બાબત.

યુનિવર્સિટી ગ્રંથાલયમાં કામ કરતા ટેકનિકલ આસિસ્ટન્ટોની સીનિયોરિટી અંગેની માહિતીની અપેક્ષાએ સદરહુ બાબતની વિચારણા મોકૂફ રહી હતી.

૧૭. સરકારી દરે મોંઘવારી ભથ્થું આપવું જોઈએ એમ જણાવતા યુનિવર્સિટીના તા. ૧૪-૩-૧૯૬૬ના પરિપત્રના પ્રત્યુત્તરમાં અમદાવાદ એજ્યુકેશન સોસાયટીના તથા ગુજરાત લૉ સોસાયટીના માનદ મંત્રીઓ તરફથી આવેલા પત્રો પર વિચારણા કરવા બાબત.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બેઉ સંસ્થાઓના મંત્રીઓને લખી જણાવવું કે, યુનિવર્સિટી કાર્યાલયે તેના તા. ૧૪-૩-૧૯૬૬ના પત્રથી મોંઘવારી ભથ્થાના અમલ માટે જણાવ્યું છે તેને સિન્ડિકેટ અનુમોદન આપે છે.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે રાજ્ય સરકારના તા. ૧-૧-૧૯૬૫ના ઠરાવ અન્વયે મોંઘવારી ભથ્થાના જે દર નિયત થયા છે તે દર પ્રમાણે કૉલેજો/સંસ્થાઓના શિક્ષકોને પણ મોંઘવારી ભથ્થું આપવાના યુનિવર્સિટીના નિયમનો અમલ તમામ કૉલેજોએ કર્યો છે કે કેમ તે અંગે કાર્યાલયે માહિતી મેળવીને રજૂ કરવી.

(૩) વધુમાં ઠરાવવામાં આવે છે કે, રાજ્ય સરકારના કર્મચારીઓ માટે તા. ૧-૩-૧૯૬૬થી જે મોંઘવારી ભથ્થાનો વધારો કરવામાં આવ્યો છે તેના સંદર્ભમાં આ કાર્યાલયે નોંધ તૈયાર કરીને આ રિપોર્ટ સભાગૃહ સમક્ષ રજૂ કરવાનું રાખવું.

૧૮. સંલગ્ન કૉલેજોમાં નિમાતા શિક્ષકોને આપવામાં આવતા મોંઘવારી ભથ્થાના હાલના નિયમોમાં નીચે જણાવ્યા પ્રમાણે સુધારો સૂચવતા આચાર્ય ય. પ્રા. શુકલના તા. ૨૦-૫-૧૯૬૬ના પત્ર પર વિચારણા કરવા બાબત:

(૧) "ગુજરાત રાજ્ય સરકારે ઠરાવેલા ધોરણ પ્રમાણે મોંઘવારી ભથ્થું" એ શબ્દોને સ્થાને "ગુજરાત યુનિવર્સિટી સિન્ડિકેટે ઠરાવેલા ધોરણે મોંઘવારી ભથ્થું" એ શબ્દો મૂકવા.

(૨) કોઈ પણ પ્રકારનો આર્થિક નિર્ણય તરત જ પંજીના હિસાબી વર્ષની શરૂઆત પહેલાં અમલમાં ન આવે.

(**નોંધ.**—મોંઘવારી ભથ્થા અંગે હાલનો નિયમ છે કે "મોંઘવારી ભથ્થું ગુજરાત રાજ્યે નક્કી કરેલા ધોરણે આપવું જોઈએ.")

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પત્ર ફાઈલ કરવો.

૧૯. સંલગ્ન કૉલેજોના શિક્ષકોને યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ મોંઘવારી ભથ્થું અપાતું નથી તે માટે ગુજરાત યુનિવર્સિટી વિસ્તાર અધ્યાપક મંડળ તરફથી આવેલ મેમોરેન્ડમ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપર બાબત નં. ૧૭ પરનો ઠરાવ નં. (૩) જોતાં સદરહુ બાબત અંગે વિશેષ વિચારવાપણું રહેતું નથી.

૨૦. પરીક્ષકોને પરીક્ષાની એક મોસમમાં મહેનતાણું આપવા બાબતમાં સિન્ડિકેટના તા. ૧૮/૧૯-૧-૧૯૫૮ના નીચેના ઠરાવ પર પુનર્વિચારણા કરવાનું યોગ્ય લાગે તો તે અંગે વિચારણા કરવા બાબત:

(**નોંધ.**—આ ઠરાવ અનુસાર વધુમાં વધુ રૂા. ૧,૦૦૦ મહેનતાણું આપવામાં આવે છે. મુંબઈ યુનિવર્સિટીમાં આ મર્યાદા રદ કરવામાં આવી છે.)

ઠરાવ

"It is hereby notified for the information of the Examiners that, with effect from the examinations to be held in the first half of 1965 the Syndicate have been pleased to abolish the ceiling in the amount of remuneration payable to Examiners. They would therefore be entitled to draw the actual amount of remuneration earned by them in respect of all the appointments held by them."

આથી ઠરાવવામાં આવે છે કે, કોઈ પણ વ્યક્તિને આ યુનિવર્સિટીના પ્રાશ્નિક / પરીક્ષક તરીકે પરીક્ષાની કોઈ પણ મોસમમાં રૂા. ૧,૦૦૦ (એક હજાર) કરતાં વધુ વેતન આપવાનું જરૂરી બને તો સિન્ડિકેટ તેમાં ઘટતી વિચારણા કરીને અપવાદ કરી શકશે, તે મતલબનો સુધારો વેતન અંગેના નિયમોમાં કરવો.

૨૧. યુનિવર્સિટી પ્રેસમાં કામ કરતા નીચેના કર્મચારીઓનો, તેઓનાં નામ સામે બતાવેલ તારીખથી અજમાયશી સમય પૂરો થતો હોઈ તેઓને કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	નામ	હોદ્દો	અજમાયશી સમય પૂરો થવાની તારીખ	કાયમ કરવાની તારીખ
૧.	શ્રી. કે. એમ. મોલંડી	જુ. કંપોઝીટર	૧૮-૮-૧૯૬૬	૧૯-૮-૧૯૬૬
૨.	શ્રી. વી. બી. જોધાણી	,,	૧૮-૮-૧૯૬૬	૧૯-૮-૧૯૬૬
૩.	શ્રી. પી. બી. ઠાકોર	બોલરમેન	૧૭-૮-૧૯૬૬	૧૮-૮-૧૯૬૬
૪.	શ્રી. એમ. બી. પન્ના	,,	૨૯-૮-૧૯૬૬	૩૦-૮-૧૯૬૬

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૨. એમ.એ., એમ.એસસી. તથા એમ.કોમ. પદવી પરીક્ષાઓનું હવે બે ભાગમાં વિભાજન થયું હોવાથી વિદ્યાર્થીઓની સત્ર દરમિયાન ખૂટતી હાજરી માફ કરવાની વિનંતી આવે તો તે ખૂટતી હાજરી માફ કરવા શું ધોરણ રાખવું તે બાબત પરત્વે વિચારણા કરવા બાબત.

(નોંધ.—સિન્ડિકેટે તેની તા. ૧૨/૧૩-૧-૧૯૫૭ની સભામાં ઠરાવ્યા મુજબ અનુસ્નાતક વિદ્યાર્થીઓએ જુદા જુદા વિષય અથવા ગ્રુપમાં સમાયેલ કુલ વ્યાખ્યાનોની સંખ્યાના ઓછામાં ઓછા ૫૦ ટકા વ્યાખ્યાનોમાં હાજરી આપી હોય તો યોગ્ય કારણસર એક સત્રમાં ખૂટતી હાજરી માફ કરવાની સત્તા ઉપકુલપતિશ્રીને છે તથા એકથી વધુ સત્રમાં હાજરી ખૂટતી હોય તો તે માફ કરવી નહિ એમ ઠરાવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, ૧૯૬૬ અને તે પછીની એમ.એ.ની નવા અભ્યાસક્રમ મુજબની પરીક્ષામાં બેસતા વિદ્યાર્થીઓ માટે ખૂટતી હાજરી અંગે નીચેનું ધોરણ અપનાવવું :

પ્રત્યેક ભાગની પરીક્ષા માટેનાં બે સત્રો પૈકી વિદ્યાર્થીએ ઓછામાં ઓછું એક સત્ર યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર ભર્યું હોય અને તેણે બીજા સત્રમાં ઓછામાં ઓછા પચાસ ટકા જેટલાં વ્યાખ્યાનો ભર્યાં હોય તો તેવા કેસોમાં તબીબી કારણસર ઉપકુલપતિશ્રીને યોગ્ય લાગે તે કારણે ખૂટતી હાજરી માફ કરવાની સત્તા આપવી.

૨૩. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી રચાયેલી કમિટીએ "ઇન્ડિયન યુનિવર્સિટીઝ પબ્લિકેશન એસોસિયેશન" નામની સંસ્થા સ્થાપવા તૈયાર કરેલ રિપોર્ટ પર આ યુનિવર્સિટીનાં મંતવ્યો મોકલી આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૨૪. સેનેટની તા. ૨૬/૨૭/૨૮-૩-૧૯૬૬ની સભામાં સને ૧૯૬૬-૬૭ના અંદાજપત્ર ઉપરના નીચે પ્રમાણેના સુધારા મંજૂર થયા તેના પર વિચારણા કરવા બાબત:

(૧) "આથી સિન્ડિકેટ અને અન્ય અધિકૃત મંડળોને ભલામણ કરવામાં આવે છે કે, ગુજરાત યુનિવર્સિટીના ૧૯૬૬-૬૭ના અંદાજપત્રમાં યુનિવર્સિટી શિક્ષણ તથા સંશોધન માટે ખર્ચના અંદાજેલા રૂા. ૨૦,૦૫,૬૦૦/-ને બદલે રૂા. ૨૦,૩૦,૬૦૦/-નો જોગવાઈ કરી સ્થાનિક તેમ જ ભારતનાં અન્ય વિશ્વવિદ્યાલયોનાં વિદ્યાલયોના વિદ્વાન પ્રાધ્યાપકોને નિમંત્રણ આપી આપણાં ભવનોમાં જરૂરી વિષયો પર વ્યાખ્યાનો યોજવામાં રૂપિયા પચીસ હજારની રકમનો આ વર્ષે ઉપયોગ કરવો."

(૨) "આથી સિન્ડિકેટ તેમ જ અન્ય અધિકૃત મંડળોને ભલામણ કરવામાં આવે છે, કે, ગુજરાત યુનિવર્સિટીના ૧૯૬૬-૬૭ના અંદાજપત્રમાં પ્રતિનિધિત્વ ફી તેમ જ પ્રતિનિધિ તરીકે જવા-આવવાના મુસાફરી ભથ્થા માટે અંદાજેલા રૂા. ૭,૦૦૦/-ના ખર્ચને બદલે રૂા. ૨૦,૦૦૦/-નો ખર્ચ મંજૂર કરવો અને વિવિધ વિદ્યા માટેનાં અખિલ ભારતીય સંમેલનોમાં યુનિવર્સિટીના પ્રતિનિધિઓ મોકલીને તે વિદ્યાવિષયો માટેના રાષ્ટ્રીય સંપર્ક સ્થાપવા અને નિભાવવાના કાર્યમાં વધારાની રકમનો ઉપયોગ કરવો."

(૩) "માર્ચ ૧૯૬૫ની સેનેટની સભામાં ગુજરાતી પાઠયપુસ્તકોનું પ્રકાશન ત્વરિત બને તે હેતુથી મોટી રકમ ખર્ચવાની સેનેટની ભલામણ છતાં તા. ૩૦-૧૧-૧૯૬૫ સુધીમાં એ કામમાં ફક્ત રૂા. ૫૭,૭૬૦ ખર્ચી શકાયા છે તેની નોંધ લઈને સેનેટની આ સભા સિન્ડિકેટ અને અન્ય અધિકૃત મંડળોને આગ્રહયુક્ત ભલામણ કરે છે કે ૧૯૬૬-૬૭નાં પાઠયપુસ્તકોના પ્રકાશન માટે અંદાજેલી રકમનો પૂરો ઉપયોગ કરીને વધુ વિષયોમાં અને વધુ સંખ્યામાં પુસ્તકોનું પ્રકાશન થાય તેવી યોજના સફળ બનાવે."

(૪) "આથી સિન્ડિકેટ અને અન્ય અધિકૃત મંડળોને ભલામણ કરવામાં આવે છે કે, ૧૯૬૬-૬૭ના વર્ષમાં અનુસ્નાતક કાર્ય માટે અંદાજેલી રકમ રૂા. ૧,૨૫,૦૦૦ને બદલે રૂા. ૧,૪૦,૦૦૦ નો અંદાજ મંજૂર કરીને વધારાની રકમ આપણાં અનુસ્નાતક કેન્દ્રોમાં પ્રત્યેક વિષયમાં બીજાં કેન્દ્રોના તે વિષયના વિદ્વાનોનાં વ્યાખ્યાનો યોજવામાં ખર્ચવી."

(૧) આથી ઠરાવવામાં આવે છે કે, સેનેટના ઉપરના ઠરાવ નં. ૧ મુજબ અંદાજપત્રમાં જરૂરી ફેરફાર કરવા.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે, સેનેટના ઉપરના ઠરાવ નં. ૨ મુજબ અંદાજપત્રમાં જરૂરી ફેરફાર કરવા.

(૩) આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કામ માટે જરૂર જણાશે તો અંદાજપત્રમાં પૂરક જોગવાઈ કરી શકાશે એમ સેનેટને રિપોર્ટ કરવો.

(૪) આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કામ માટે જરૂર જણાશે તો અંદાજપત્રમાં પૂરક જોગવાઈ કરી શકાશે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૨૫. રાષ્ટ્રીય ક્ષમતામાપક કસોટીઓ અંગેના ભોપાલ મુકામે યોજાયેલ પરિસંવાદની રાષ્ટ્રીય ક્ષમતામાપક કસોટીઓના રાષ્ટ્રીય ચંદ્રક (National Award) વિજેતાઓને શક્ય હોય ત્યાં શિષ્યવૃત્તિઓ આપવાની તથા શિક્ષણસંસ્થાઓમાં પ્રવેશમાં અગ્રતા આપવાની ભલામણો ઉપર અભિપ્રાય મંગાવતા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના મંત્રીના તા. ૮-૬-૧૯૬૬ના પત્રાંક એફ/૬-૧/૬૬ (એડી. એમ. ૧) ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ભલામણો સ્વીકારવી નહિ.

૨૬. તા. ૧-૪-૧૯૬૬ના રોજ મળેલ બોર્ડ ઑફ સ્પોર્ટ્સની બેઠકની નીચેની ભલામણ:

"(અ) આથી ઠરાવવામાં આવે છે કે કબડ્ડીની ટુકડીના મેનેજર શ્રી. ડાભીએ પાકિટની સાથે ટિકિટ બોવામાં અને બહેનોની વૉલીબૉલની ટુકડીનાં મેનેજર શ્રીમતી શિરિનબહેન મહેતાએ રિટર્ન ટિકિટ હોવા છતાં ફરીથી પાછા આવવાની ટિકિટ ખરીદવામાં બતાવેલી બેદરકારીની સખેદ નોંધ લેવી, અને આની જાણ તેઓનાં કૉલેજના આચાર્યશ્રી મારફતે તેઓને કરવી.

(બ) વધુમાં ઠરાવવામાં આવે છે કે આવો કિસ્સો આ પહેલી જ વાર બને છે તેથી અપવાદ તરીકે કબડ્ડીની ટુકડીની ટિકિટના રિફંડના ઓછા મળેલ રૂા. ૬૯/-માંથી અડધી રકમના રૂા. ૩૪-૫૦ પૈસા શ્રી. ડાભી પાસેથી વસૂલ કરવા અને બહેનોની વૉલીબૉલની ટુકડીની ટિકિટના વધારાના ખર્ચેલ રૂા. ૧૬૯ની રકમમાંથી અડધી રકમના રૂા. ૮૪-૫૦ પૈસા શ્રીમતી શિરિનબહેન મહેતા પાસેથી વસૂલ કરવા અને બાકીની રકમ યુનિવર્સિટીએ આપવાનું મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બોર્ડની ઉપરની ભલામણો મંજૂર કરવી.

૨૭. ભારત સરકાર તરફથી ચાર ટકાના વ્યાજે લોન આપીને સ્ટાફના સભ્યો માટે મકાનો બાંધવાની યોજના બાબતમાં ભારત સરકારે લોન માટે રાજ્ય સરકારનો સંપર્ક સાધવા જણાવેલ, પરંતુ કલેક્ટરના તા. ૨૪-૫-૧૯૬૬ના પત્રથી આ યોજના હેઠળ હાલમાં નવી અરજીઓ વિચારણામાં નહિ લેવા માટે સરકારે નિર્ણય લીધો છે તેમ જણાવ્યું છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત અંગે યુનિવર્સિટીના કર્મચારીઓ માટે મકાનો બાંધવાની યોજના મંજૂર કરવા માટે રાજ્ય સરકારને ફરીથી ઘટતો પત્ર લખવો.

૨૮. સર પી. ટી. સાયન્સ કૉલેજ ઍન્ડ શ્રી. એસ. કે. શાહ ઍન્ડ શ્રીકૃષ્ણ એ. એમ. આર્ટ્સ કૉલેજ, મોડાસાના વિભાગીકરણ માટે આવેલ અરજીના સંદર્ભમાં વિનયન-ની વિદ્યાશાખા સાથે વાણિજ્યની નવી વિદ્યાશાખા શરૂ કરવા માટે સદરહુ કૉલેજના આચાર્ય તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—વિભાગીકરણ માટે આવેલ અરજી તા. ૧૪-૩-૧૯૬૬ના રોજ કાર્યાલયમાં મળી હતી, જ્યારે કૉમર્સ વિદ્યાશાખા ઉમેરવા માટેનો પત્ર યુનિવર્સિટી કાર્યાલયને તા. ૩૦-૫-૧૯૬૬ના રોજ મળેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વિનંતી મંજૂર કરવી નહિ.

૨૯. મૈસુર યુનિવર્સિટીના સુવર્ણજયંતી પ્રસંગે તા. ૨૫મી જુલાઈના રોજ યોજનારા સમારોહમાં ભાગ લેવા માટે અપાયેલા નિમંત્રણ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમારંભમાં ભાગ લેવા માટે આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવાની જરૂર જણાતી નથી.

૩૦. સિન્ડિકેટે તેની તા. ૨૦-૧૦-૧૯૬૨ની સભામાં મંજૂર કર્યા મુજબ પ્રી-યુનિ-વર્સિટી વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યના અભ્યાસક્રમના ઑર્ડિ. પ્રી-આર્ટ્સ ૩ અને પ્રી-આર્ટ્સ ૪ (ઑર્ડિ. ૧૫૯ તથા ઑર્ડિ. ૧૬૦)માં નીચેની નોંધ ઉમેર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત:

"The internal evaluation marks of the students who are permitted to change the faculty at the end of the first term under Ordinance 159, 160 or 194 of the existing Pre-University Arts, Science and Commerce courses respectively should be considered on the basis of test examination of the second term in proportion to the marks they have obtained in the said test examinations."

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૩૧. સિન્ડિકેટે તેની તા. ૪/૫-૬-૧૯૬૬ની સભામાં પ્રાકૃત ગદ્યપદ્યસંગ્રહ તૈયાર કરવા માટે નીમેલી સમિતિમાં સદરહુ અભ્યાસસમિતિના અધ્યક્ષ શ્રી. ફૂલસુખભાઈ માલવણિયાને નિયુક્ત કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૩૨. બાંધકામ સમિતિની તા. ૧૩-૬-૧૯૬૬ના રોજ મળેલ સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની તા. ૧૩-૬-૧૯૬૬ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૩-૬-૧૯૬૬ની સભાની નોંધ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૩૩. વિજ્ઞાન વિદ્યાભવન માટે ૧૫૦ કે.વી.એ.નું ટ્રાન્સફૉર્મર ખરીદવા માટે આવેલ ટેન્ડરોમાં મે. વોલ્ટઍમ્પ ઇલે. કૉર્પોરેશનનું ટેન્ડર રૂા. ૧૧,૮૬૦ (કરવેરા, ડિલિવરી વગેરે અલગ અલગ) એ પ્રમાણે મંજૂર કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

(નોંધ.—સદરહુ કંપની પાસેથી ટ્રાન્સફૉર્મર ખરીદવા માટે તા. ૧૩-૬-૧૯૬૬ના રોજ મળેલ બાંધકામ સમિતિની સભાએ ભલામણ કરેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૩૪. યુનિવર્સિટી પ્રેસના મકાન ઉપર માળ લઈને જરૂરી બાંધકામ કરવા માટે ચાલુ વર્ષના અંદાજપત્રમાં રૂા. ૬૦,૦૦૦ની જોગવાઈ કરવા બાબત.

(નોંધ.—સીડી, કેબિન તથા ૬૦' × ૪૦'ના ઓરડાનું અંદાજી ખર્ચ આશરે રૂા. ૬૦,૦૦૦ જેટલું થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી પ્રેસના મકાન ઉપર માળ લઈને જરૂરી બાંધકામ કરવા માટે ચાલુ વર્ષના અંદાજપત્રમાં રૂા. ૬૦,૦૦૦ની જોગવાઈ કરવી.

૩૫. બોર્ડ ઑફ એકાઉન્ટ્સનાં નીચેનાં સૂચનો મંજૂર કર્યાં તે અંગે વિચારણા કરવા બાબત:

"(૧) અત્યારે બોર્ડ ઑફ એકાઉન્ટ્સના સભ્યપદની મુદત સ્ટે. ૧૨૯ અનુસાર એક વર્ષની છે તે ત્રણ વર્ષની કરવી જોઈએ. આ એટલા માટે જરૂરી છે કે યુનિવર્સિટીની હિસાબ-પદ્ધતિથી માહિતગાર થયેલી વ્યક્તિઓ જ અસરકારક તપાસ કરી શકે.

(૨) બોર્ડ ઑફ એકાઉન્ટ્સની સભા ઓછામાં ઓછી બે મહિને એક વખત મળવી જોઈએ, જ્યારે તેમને જે કોઈ હિસાબો તૈયાર થયા હોય તે તપાસવાની તક મળે. વર્ષના ફક્ત ઑડિટેડ હિસાબ જોઈ જવામાં વૈધિક સંતોષ લઈ શકાય, પરંતુ તેમાંથી અર્થપૂર્ણ અન્વેષણ ન કરી શકાય.

(૩) યુનિવર્સિટીની હિસાબ-પદ્ધતિ માટે અમારે એક સૂચન કરવાનું છે: એવું જોવામાં આવ્યું છે કે, યુનિવર્સિટીને આપવામાં આવેલી સેવા માટેનાં બિલ કયારેક મોડાં રજૂ કરવામાં આવે છે. આને લીધે ચેકિંગ કરવામાં કાર્યાલયનો સમય બગડે છે તેટલું જ નહિ, પણ ભૂલને અવકાશ પણ રહે છે. આથી એક એવો નિયમ સૂચવી શકાય કે જે તે વ્યક્તિએ સેવા આપ્યાની તારીખથી ત્રણ માસની મુદ્દતમાં યુનિવર્સિટી પાસેથી લેવાની હરકોઈ રકમ માટે બિલ રજૂ કરવું. જો આ મુદ્દત પછી બિલ રજૂ કરવામાં આવે તો તેને પગાર કરવા માટે ઉપકુલપતિશ્રીની મંજૂરી જરૂરી બનાવવી."

(૧) આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ભલામણ નં. ૧ મુજબ સ્ટે. ૧૨૯માં જરૂરી સુધારો કરવા માટે મુસદ્દો ઘડીને રજૂ કરવો.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ભલામણ અંગે સ્પષ્ટતા કરવામાં આવે છે કે, બોર્ડ ઑફ એકાઉન્ટ્સની સભા જરૂર પ્રમાણે બોલાવી શકાય છે.

(૩) આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત અંગે કોઈ પણ નિયમ કરવાની જરૂર સિન્ડિકેટને જણાતી નથી.

૩૬. તા. ૧૭-૬-૧૯૬૬ના રોજ મળેલી સ્થાયી સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની તા. ૧૭-૬-૧૯૬૬ની સભાની ભલામણો પૈકી ભલામણ નં. ૧ની બાબતમાં નીચે મુજબ ઠરાવવામાં આવ્યું:

કન્ટ્રોલર ઑફ એકઝામિનેશન્સ અને ડેપ્યુટી રજિસ્ટ્રાર (ફાઇનાન્સ ઍન્ડ એકાઉન્ટ્સ) એ બે નવી જગ્યાઓ યુનિવર્સિટી કાર્યાલયમાં ઊભી કરવી અને તે જગ્યા માટેનાં લાયકાતનાં અને પગારનાં ધોરણો નક્કી કરવા માટે પોતાની ભલામણો રજૂ કરવા માટે સ્થાયી સમિતિને જણાવવું.

૨. વધુમાં ઠરાવવામાં આવે છે કે, રજિસ્ટ્રાર, ડેપ્યુટી રજિસ્ટ્રાર, ડિરેક્ટર ઑફ ફિઝિકલ એજ્યુકેશન અને ગ્રંથપાલની જગ્યાઓ માટેનાં પગારધોરણો અંગે જરૂરી વિચારણા કરીને ઘટતી ભલામણ કરવા માટે સ્ટાફ અંગેની સ્થાયી સમિતિને જણાવવું.

બાકીની ભલામણો ઉપરની વિચારણા મોકૂફ રહી હતી.

૩૭. યુનિવર્સિટી કાર્યાલયના સફાઈ કામદાર શ્રી. મોહનભાઈ ભઈજીભાઈ મકવાણા રાજીનામું આપી છૂટા થતાં તેમના ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડની રકમ પરત કરવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—શ્રી. મકવાણા તા. ૨૪-૩-૧૯૬૪ના રોજ નોકરીમાં જોડાયા હતા અને તા. ૨-૯-૧૯૬૫ના રોજ છૂટા થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. મોહનભાઈ ભઈજીભાઈ મકવાણાને તેમના ખાતે નીકળતી પ્રો. ફંડની રકમ પરત કરવી.

૩૮. કૃષિ મહાવિદ્યાલય, જૂનાગઢે અંગ્રેજીમાં શૈક્ષણિક લાયકાત ધરાવતા વ્યાખ્યાતા સિવાય ગત શૈક્ષણિક વર્ષ પસાર કર્યું હોઈ તે અંગે યોગ્ય વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) બહાઉદ્દીન કૉલેજ, જૂનાગઢના અંગ્રેજીના શિક્ષક સદરહુ કૉલેજમાં યુનિવર્સિટીના નિયમની વિરુદ્ધ જઈને શિક્ષણકાર્ય કરેલ છે.

(૨) અંગ્રેજીના યોગ્ય શૈક્ષણિક લાયકાત ધરાવતા વ્યાખ્યાતાની નિમણૂક કરવા અંગે આચાર્યને તથા શિક્ષણસંચાલકને વારંવાર જણાવવામાં આવ્યા છતાં હજુ સુધી નિમણૂક કરવામાં આવી નથી]

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતમાં ગત શૈક્ષણિક વર્ષનાં અંગ્રેજીનું જે શિક્ષણકાર્ય સદરહુ કૉલેજમાં કરવામાં આવ્યું તે મંજૂર રાખવું, પરંતુ સદરહુ કૉલેજના આચાર્યને તાકીદ આપવી કે, તે અંગે જે અનિયમિતતા થઈ છે તે યોગ્ય નથી અને ભવિષ્યમાં તેવી અનિયમિતતા થાય નહિ તે માટે તેમણે ઘટતી તકેદારી રાખવા.

૩૯. સિન્ડિકેટે તેની તા. ૫-૩-૧૯૬૬ની સભામાં એમ. એસ. હૉસ્પિટલ, વાત્રકને હાઉસમૅનશિપ માટે માન્યતા નહિ આપવાનું ઠરાવ્યા બાદ તબીબી વિદ્યાશાખાએ તેની તા. ૩-૬-૧૯૬૬ની સભામાં માન્યતા આપવા સિન્ડિકેટને પુનર્વિચારણા કરવા જણાવેલ છે, તો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૦. પેટલાદ કૉલેજ, પેટલાદમાં અંગ્રેજી વિષયના શિક્ષણકાર્ય માટે નીમવા માગતા શ્રી. આર. એમ. પટેલના એક વર્ષના શૈક્ષણિક અનુભવની ઊણપ ક્ષમ્ય ગણીને અંગ્રેજીના વ્યાખ્યાતા તરીકે શિક્ષણકાર્ય કરવાની પરવાનગી આપવા માટે આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.— શ્રી. આર. એમ. પટેલ બી.એ.ની પદવી અંગ્રેજી મુખ્ય વિષય સાથે દ્વિતીય વર્ગમાં ધરાવે છે. એમ.એ.ની પદવી સંપૂર્ણ અંગ્રેજી સાથે પાસ વર્ગમાં ધરાવે છે તથા એક વર્ષનો અંગ્રેજીના ટ્યૂટર તરીકેનો શૈક્ષણિક અનુભવ ધરાવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજમાં શ્રી. આર. એમ. પટેલને ચાલુ શૈક્ષણિક વર્ષ માટે અંગ્રેજીના લેક્ચરર તરીકે કામ કરવા માટે પરવાનગી આપવી અને સદરહુ કૉલેજના આચાર્યને જણાવવું કે, જૂન ૧૯૬૭થી યોગ્ય લાયકાત ધરાવતા અંગ્રેજીના લેક્ચરરની નિમણૂક કરવી આવશ્યક રહેશે.

૪૧. ચાલુ વર્ષમાં ૧૯૬૬-૬૭ના વર્ષમાં "ફર્નિચર અને કાર્યાલય સરંજામ" માટે અંદાજપત્રમાં રૂા. ૧૫,૦૦૦ની વધુ જોગવાઈ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ૧૯૬૬-૬૭ના વર્ષના અંદાજપત્રમાં "ફર્નિચર અને કાર્યાલય સરંજામ" માટે વધુ રૂા. ૩૦,૦૦૦ની જોગવાઈ કરવી.

૪૨. યુનિવર્સિટીનાં મકાનોના બાંધકામના ૧૯૬૬-૬૭ના વર્ષના કૅપિટલ અંદાજપત્રમાં જરૂરી ફેરફાર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીનાં મકાનોના બાંધકામ માટે ૧૯૬૬-૬૭ના વર્ષના કૅપિટલ અંદાજપત્રમાં કાર્યાલયે સૂચવેલા ફેરફારો મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલા ફેરફારોની યાદી પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૪૩. સને ૧૯૬૫-૬૬ના વર્ષમાં પુનર્નિર્મિત અંદાજ કરતાં કેટલાંક ખાતાંઓમાં વધારાનો ખર્ચ થયો તેને મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ૧૯૬૫-૬૬ના વર્ષમાં પુનર્નિર્મિત અંદાજ અંગે કાર્યાલયે સૂચવ્યા મુજબનો વધારાનો ખર્ચ મંજૂર કરવો.

(મંજૂર કરવામાં આવેલ વધારાના ખર્ચના આંકડાની યાદી પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૪૪. આગામી જુલાઈ માસમાં લેવાનાર જુનિયર/સીનિયર સર્ટિફિકેટ કોર્સ ઇન ઇંગ્લિશ તેમ જ વધારાની ત્રીજી એમ.બી.,બી.એસ.ની પરીક્ષાઓના પરીક્ષા-પ્રવેશપત્રો સ્વીકારવાની

તા. ૩-૭-૧૯૬૬ તેમ જ પરીક્ષા શરૂ થવાની તા. ૧૮-૭-૧૯૬૬ નક્કી કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૪૫. ઑક્ટોબર, ૧૯૬૬માં લેવાનાર પરીક્ષાઓ શરૂ થવાની ઑર્ડિ. ૧૨૯ મુજબની તારીખોમાં જરૂરી ફેરફાર કરી કાર્યાલયે સૂચવેલ તારીખો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઑક્ટોબર ૧૯૬૬માં લેવાનાર પરીક્ષાઓની શરૂ થવાની તારીખોની કાર્યાલયે સૂચવેલ યાદી મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલ યાદી પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.)

૪૬. માર્ચ-એપ્રિલ, ૧૯૬૬માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન પ્રાશ્નિક/પરીક્ષકોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો પર તેમ જ વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી ઇલાજો અંગેના કેસો પર વિચારણા કરવા તા. ૧૦-૬-૧૯૬૬ તથા તા. ૨૯-૬-૧૯૬૬ના રોજ મળેલ પરીક્ષાશુદ્ધિ સમિતિની સભાઓની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિઓની તા. ૧૦-૬-૧૯૬૬ અને તા. ૨૯-૬-૧૯૬૬ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિઓની સભાની નોંધ પરિશિષ્ટ તરીકે સામેલ કરવામાં આવી નથી.)

૪૭. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૯ની સાથે કરવામાં આવેલી હોઈ, તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવેલી છે.

૪૮. એપ્રિલ, ૧૯૬૬માં લેવાયેલ બીજી એમ.બી.,બી.એસ.ની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૧૯૪ અને ૩૪૨ "ફોરેન્સિક મેડિસિન"ના વિષયમાં સૌથી વધુ ગુણાંક પરંતુ એકસરખા અનુક્રમે ૬૦ + ૭૦ = ૧૩૦ અને ૬૩ + ૬૭ = ૧૩૦ મેળવતા હોવાથી "રાયબહાદુર ડૉ. જયસિંહ પી. મોદી અને શ્રીમતી મંગળાગૌરી મોદી સુવર્ણચંદ્રક" કેવી રીતે એનાયત કરવો તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.— સદરહુ સુવર્ણચંદ્રકના પ્રદાન અંગેની સંબંધકર્તા શરત નીચે મુજબ છે:

"A Gold Medal called "Raibahadur Dr. Jaising P. Modi and Shrimati Mangalagauri Modi Gold Medal" of the value of about Rs. 185/- shall be awarded annually to a candidate who passes the Second M.B.,B S. Examination held in October and subsequent March/April taken together and secures the highest number of marks in Forensic Medicine and Toxicology.")

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતમાં યોગ્ય કરવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૪૯. લુણાવાડા કેળવણી મંડળ સંચાલિત આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, લુણાવાડાને ઇતિહાસના વ્યાખ્યાતા તરીકે નીમેલ શ્રીમતી એચ. કે. જોષીની નિમણૂક કામચલાઉ ધોરણે માન્ય કરવા અંગે સદરહુ મંડળના પ્રમુખશ્રી તરફથી આવેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રીમતી જોષી એસ. એન. ડી ટી. યુનિવર્સિટીની એમ.એ. પરીક્ષામાં ૪૯·૨૫ ટકા ગુણ ધરાવે છે. તેઓ અનુસ્નાતક કક્ષાએ બીજો વર્ગ ધરાવતા નહિ હોવાથી બીજા વર્ગની સમકક્ષ ગણી કોન્ડોન કરવા વિનંતી કરવામાં આવી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજમાં શ્રીમતી એચ. કે. જોષીને ઇતિહાસના લેક્ચરર તરીકે કામ કરવા માટે ચાલુ વર્ષ પૂરતી પરવાનગી આપવી, પણ જૂન ૧૯૬૭થી યોગ્ય લાયકાત ધરાવતા ઇતિહાસના લેક્ચરરની નિમણૂક કરવી આવશ્યક રહેશે તેમ તે કૉલેજના આચાર્યને જણાવવું.

૫૦. ગુજરાત યુનિવર્સિટીની સેનેટના, નીચેના હોદ્દાગત સભ્યોની, તેમનાં નામ સામે જણાવેલ વિદ્યાશાખા હેઠળ આવતી કોઈ બે વિષયોની અભ્યાસસમિતિઓનું સભ્યપદ આપવા બાબત:

ક્રમાંક	આચાર્યનું નામ	વિદ્યાશાખા	ઇચ્છિત વિષયોની અભ્યાસસમિતિઓ	અનુ. પદવી પરીક્ષાના વિષયો
૧.	શ્રી. પી. પી. મહેતા, એમ.એ.	શિક્ષણ સહિતની વિનયન	૧. અંગ્રેજી ૨. પત્રકારિત્વ	અંગ્રેજી–સંસ્કૃત
૨.	શ્રી. પી. કે. ત્રિવેદી, બી.એ. (લંડન), ટી.ડી. (લંડન), એમ.એડ. (ડર્હામ)	,,	૧. ભૂગોળ ૨. શિક્ષણ	ભૂગોળ–ભાષાઓ
૩.	શ્રી. જે. ડી. તલાટી, એમ.એસસી., પીએચ.ડી.	વિજ્ઞાન	૧. રસાયણવિજ્ઞાન ૨. ભૌતિકવિજ્ઞાન	રસાયણવિજ્ઞાન ભૌતિકવિજ્ઞાન
૪.	શ્રી. એમ. એમ. શુકલ, એમ.એસસી.	,,	૧. વનસ્પતિવિજ્ઞાન ૨. કીટાણુવિજ્ઞાન	વનસ્પતિવિજ્ઞાન પ્રાણીવિજ્ઞાન
૫.	શ્રી. જે. કે. શાહ, એમ.એ., એમ.એસસી.	શિક્ષણ સહિતની વિનયન	૧. અર્થશાસ્ત્ર ૨. રાજ્યશાસ્ત્ર	અર્થશાસ્ત્ર રાજ્યશાસ્ત્ર

આથી ઠરાવવામાં આવે છે કે, સેનેટના ઉપર જણાવેલા સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ અભ્યાસસમિતિઓનું સભ્યપદ આપવું.

૫૧. એપ્રિલ ૧૯૬૬માં લેવાયેલ એમ.એસસી.ની પરીક્ષામાં પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થતા વિદ્યાર્થીઓ પૈકી સૌથી વધુ ગુણાંક મેળવનાર વિદ્યાર્થીઓને (૧) "શ્રી. નાનુભાઈ માણેકલાલ મુન્શા ગોલ્ડ મેડલ", અને (૨) "શ્રી. નાથીબા હરગોવનદાસ લક્ષ્મીચંદ ગોલ્ડ મેડલ" એનાયત કરવાનો હોય છે, પરંતુ સદરહુ પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૫૫ અને ૫૬

પ્રથમ વર્ગમાં સૌથી વધુ ગુણાંક, પણ એકસરખા જ (૫૬૬), મેળવતા હોવાથી આ ચંદ્રકો કેવી રીતે એનાયત કરવા તે અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—બન્ને ચંદ્રકોની શરતોના પાઠ નીચે મુજબ છે :

Munsha Gold Medal

1. A Gold Medal in the name of "Nanubhai Maneklal Munshaw" of the value of about Rs. 185/- shall be awarded annually to a candidate who stands first in First Class at M.Sc. Degree Examination.
2. If in any year no candidate is eligible for the award of the Medal, the income from interest so saved, shall be added to the principal amount.
3. The Medal shall, as far as possible, be presented to the winner at the Annual Convocation of the University.
4. The annual income of the Endowment shall be subject to a deduction of 5 per cent as contribution to the General Fund of the University.

N. H. L. Gold Medal

1. A Gold Medal in the name of "Nathiba Hargovandas Lakhmichand Gold Medal" of the value of about Rs. 175/- shall be awarded annually to a candidate who stands first in the First Class at the M.Sc. Degree Examination.
2. The medal shall, as far as possible, be presented to the winner at the Annual Convocation of the University.
3. The annual income of the Endowment shall be subject to a deduction of 5 per cent as contribution to the General Fund of the University.]

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બેઉ વિદ્યાર્થીઓને ઉપરના બેઉ સુવર્ણચન્દ્રકો પૈકી એક એક સુવર્ણચન્દ્રક આપવા અને કોને કયો સુવર્ણચન્દ્રક આપવો તે નક્કી કરવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૫૨. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૯ અને ૪૭ની સાથે કરવામાં આવેલી હોઈ, તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૫૩. એપ્રિલ ૧૯૬૬માં લેવાયેલ એમ.એ.ની પરીક્ષામાં નાપાસ થયેલ વિદ્યાર્થીઓની અરજીઓ પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત અંગે લંબાણુ ચર્ચાવિચારણા કરવામાં આવી. તે પછી નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

(૧) આથી ઠરાવવામાં આવે છે કે, ૧૯૬૬ના એપ્રિલ માસમાં લેવાયેલ એમ.એ.ની પરીક્ષાના જાહેર થયેલા પરિણામમાં કશો ફેરફાર કરી શકાય નહીં.

(૨) ૧૯૬૬ના એપ્રિલમાં લેવાયેલી એમ.એ.ની પરીક્ષામાં અંગ્રેજીના વિષયમાં સૂચિત પુસ્તકોમાં એમ.એ.ના અભ્યાસક્રમના માળખામાં ચાલુ વર્ષમાં જે ફેરફાર કરવામાં આવ્યો છે તેના સંદર્ભમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓને માટે કશો ફેરફાર ન કરતાં તેનાં તે પુસ્તકો રાખવા અંગેની બાબત એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવી.

(૩) (ક) સદરહુ પરીક્ષામાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓને હાલનાં ધારાધોરણો હેઠળ પાસ વર્ગમાં ઉત્તીર્ણ જાહેર કરવા માટે વિકલ્પ આપવાની વિદ્યાર્થીઓની માગણી મંજૂર કરી શકાય નહીં.

(ખ) વધુમાં ઠરાવવામાં આવે છે કે, અનુસ્નાતક પરીક્ષાઓના પરિણામમાં પાસ વર્ગ રદ કરવામાં આવ્યો છે તે ફરીથી દાખલ કરવો કે કેમ તે અંગે ઘટતી વિચારણા કરવા માટે એકેડેમિક કાઉન્સિલને સૂચવવું.

(ગ) વધુમાં ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીનાં હાલનાં ધારાધોરણો અનુસાર એમ.એ.ના વિદ્યાર્થીઓની પોતાને એક્ઝમ્પશન આપવાની માગણી મંજૂર કરી શકાય નહીં. ભવિષ્યમાં તે અંગે વિચારણા કરવાની બાબત એકેડેમિક કાઉન્સિલને મોકલવી.

(૪) આગામી ઑક્ટોબર ૧૯૬૬માં એમ.એ., એમ.એસસી. કે એમ.કૉમ.ની પૂરક પરીક્ષા લેવાની વિનંતી મંજૂર કરી શકાય તેમ નથી.

૫૪. ફાર્મસી કૉલેજના બીજા વર્ષના વિદ્યાર્થીઓની તા. ૨૬–૬–૧૯૬૬ની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વિદ્યાર્થીઓની ઑક્ટોબર ૧૯૬૬માં પૂરક પરીક્ષા લેવાની વિનંતી મંજૂર કરી શકાય એમ નથી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, ફાર્મસીના અભ્યાસક્રમમા નાપાસ થયેલા વિદ્યાર્થીઓને માટે નવું સત્ર રાખ્યા વિના વિદ્યાર્થીઓને એક્સ-વિદ્યાર્થી તરીકે બેસવા માટે પરવાનગી આપવાનો પ્રશ્ન એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવો.

૫૫. શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન એન્ડ રિસર્ચ, અમદાવાદના અધ્યક્ષશ્રી તરફથી તેમની સંસ્થામાં (૧) એમ.એસ. પદ્ધતી બ્રાન્ચ ૨ (ઇ. એન. ટી.) અને (૨) ડી. વી. ડી. ડિપ્લોમા-ઇન-વેનેરિયોલોજી એન્ડ ડર્મેટોલોજી વિષયનાં અનુસ્નાતક કેન્દ્રો સ્થાપવા અંગે આવેલી અરજીઓ પરત્વે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) નિયમાનુસાર બંને વિષયનાં અનુસ્નાતક કેન્દ્રો માટે પૂરતો સ્થાનિક શિક્ષકવર્ગ છે.
(૨) ડી. વી. ડી. માટેનું અનુસ્નાતક કેન્દ્ર હાલ ઑડ-હોક ધોરણે આપવામાં આવ્યું છે.]

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની સ્થાનિક તપાસ-સમિતિ નીમવી :

(૧) રો. ટી. બી. પટેલ

(૨) રો. જે. બી. હરિભક્તિ.

૫૬. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, વીરમગામની જોડાણની શરતો પૈકી નીચેની શરતો અંગે કૉલેજના આચાર્ય તરફથી આવેલી નીચેની વિનંતી પરત્વે વિચારણા કરવા બાબત :

(૧) અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક તરીકે નિમાયેલ શ્રી. ભટ્ટનો એક વર્ષનો શૈક્ષણિક અનુભવ ખૂટે છે તે માફ કરવા.

(૨) કૉમર્સના શિક્ષણ માટે મુલાકાતી પ્રાધ્યાપક તરીકે નીમેલ શ્રી. વેલ્વનની વ્યવસ્થા મંજૂર કરવા.

(**નોંધ.**—બાકીની બધી જોડાણ-શરતોનું પરિપાલન થઈ ગયું છે.)

(૧) આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજના આચાર્યને જણાવવું કે, શ્રી. ભટ્ટને અર્થ-શાસ્ત્રના પ્રાધ્યાપક તરીકે માન્ય કરી શકાય નહીં, અને તેથી તેમણે ઓછામાં ઓછું અર્થશાસ્ત્રના વિષયમાં મુલાકાતી પ્રાધ્યાપકની વ્યવસ્થા કરવી આવશ્યક રહેશે એમ તેમને જણાવવું.

(૨) ઉપર નં. (૧)નો ઠરાવ જોતાં કૉમર્સના વિષયમાં મુલાકાતી પ્રાધ્યાપકની વ્યવસ્થા મંજૂર રાખી શકાય નહીં, અને તેથી સદરહુ કૉલેજને જણાવવું કે, પમી નવેંબર ૧૯૬૬થી યોગ્ય લાયકાત ધરાવતા કૉમર્સના પ્રાધ્યાપકની નિમણૂક કરવી આવશ્યક રહેશે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજને જોડાણ આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

૫૭. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણની જોડાણની શરતો પૈકી નીચેની શરતો અંગે કૉલેજના આચાર્ય તરફથી આવેલી નીચેની વિનંતી પર વિચારણા કરવા બાબત :

(૧) ગુજરાતીના પ્રાધ્યાપક તરીકે નિમાયેલ શ્રી. પરીખનો એક વર્ષનો શૈક્ષણિક અનુભવ ખૂટે છે તે માફ કરવા.

(૨) અર્થશાસ્ત્રના શિક્ષણ માટે મુલાકાતી પ્રાધ્યાપક નીમી ગયે વર્ષે મંજૂર કરેલી વ્યવસ્થા ચાલુ વર્ષે પણ ચાલુ રાખવા માગે છે.

(**નોંધ.**—જોડાણ માટેની બાકીની શરતોનું પરિપાલન થઈ ગયું છે.)

(૧) આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજના આચાર્યને જણાવવું કે, શ્રી. પરીખને ગુજરાતીના પ્રાધ્યાપક તરીકે માન્ય કરી શકાય નહીં, અને તેથી તેમણે ઓછામાં ઓછી ગુજરાતીના વિષયમાં મુલાકાતી પ્રાધ્યાપકની વ્યવસ્થા કરવી આવશ્યક રહેશે.

(૨) ઉપર નં. (૧)નો ઠરાવ જોતાં અર્થશાસ્ત્રના વિષયમાં મુલાકાતી પ્રાધ્યાપકની વ્યવસ્થા મંજૂર રાખી શકાય નહીં, અને તેથી સદરહુ કૉલેજને જણાવવું કે, ૫મી નવેંબર ૧૯૬૬થી લાયકાત ધરાવતા અર્થશાસ્ત્રના પ્રાધ્યાપકની નિમણૂક કરવી આવશ્યક રહેશે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજને ચાલુ જોડાણ આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

૫૮. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ધોળકાના જોડાણની શરતોના પરિપાલન અંગેના આવેલા અહેવાલ અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) મર્કન્ટાઇલ લૉના ખંડ સમયના પ્રાધ્યાપક તરીકે નીમેલ શિક્ષકની લાયકાત નીચે મુજબ છે :

(અ) બી.એસસી. પાસ વર્ગ, કેમિસ્ટ્રી મુખ્ય વિષય, ૧૯૫૪.
(બ) એલએલ બી. બીજો વર્ગ, ૧૯૫૭.
(ક) બાર કાઉન્સિલ પરીક્ષા, પાસ વર્ગ, ૧૯૬૧.
(ડ) ધંધાકીય ક્ષેત્રે ચાર વર્ષનો અનુભવ ધરાવે છે.

(૨) બીજી બધી જોડાણ-શરતોનું પરિપાલન થાય છે.]

આથી ઠરાવવામાં આવે છે કે, મર્કન્ટાઇલ લૉના ખંડ સમયના પ્રાધ્યાપકની ઉપર જણાવેલ નિમણૂક મંજૂર કરવી નહીં, અને સદરહુ કૉલેજને જણાવવું કે, ઓછામાં ઓછી સદરહુ વિષયના મુલાકાતી પ્રાધ્યાપકની વ્યવસ્થા કરવી આવશ્યક છે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજને જોડાણ આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

૫૯. માતુશ્રી વીરબાઈમા મહિલા કૉલેજ, રાજકોટના જોડાણની શરતોના પરિપાલન અંગેના આવેલા અહેવાલ પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) સમાજશાસ્ત્રના પ્રાધ્યાપક તરીકે નીમેલ શિક્ષકની લાયકાત નીચે મુજબ છે:

(અ) બી.એ. સેકન્ડ ક્લાસ ફિલોસોફી–સાયકોલોજી, ૧૯૫૭
(બ) ડિપ્લોમા ઇન સોશિયલ સર્વિસ, એડમિનિસ્ટ્રેશન ઇન ફેમિલી એન્ડ ચાઇલ્ડ વેલ્ફેર (ટાટા ઇન્સ્ટિટ્યૂટ, મુંબઈ), ૧૯૫૯.
(ક) ચાર વર્ષનો વ્યાખ્યાતા તરીકેનો અનુભવ.

(૨) બીજી બધી જોડાણ-શરતોનું પરિપાલન થાય છે.]

આથી ઠરાવવામાં આવે છે કે, સમાજશાસ્ત્રના પ્રાધ્યાપકની ઉપર જણાવેલ નિમણૂક મંજૂર કરવી નહીં, અને સદરહુ કૉલેજના આચાર્યને જણાવવું કે, ઓછામાં ઓછી સદરહુ વિષયના મુલાકાતી પ્રાધ્યાપકની વ્યવસ્થા કરવી આવશ્યક છે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજને જોડાણ આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

૬૦. સિન્ડિકેટની તા. ૫/૬-૩-૧૯૬૬ની સભાના ઠરાવ અનુસાર વાણિજ્યની વિદ્યાશાખાના શિક્ષકોની લાયકાતનાં ધોરણો અંગેના તૈયાર કરેલ મુસદ્દા પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ધોરણો મંજૂર કરવાં.

(મંજૂર કરવામાં આવેલ લાયકાતનાં ધોરણોની નકલ પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

૬૧. ખેતીવાડી ક્ષેત્રમાં માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકે માન્યતા આપવા અંગેના ખેતીવાડીની અભ્યાસસમિતિનાં તા. ૪-૬-૧૯૬૫ની સભાનાં સૂચનો ઉપર બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગને તેની તા. ૨૫-૬-૧૯૬૬ની સભાના નીચેના ઠરાવ ઉપર વિચારણા કરવા બાબત:

"ઇન્ડિયન એગ્રિકલ્ચરલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ (પોસ્ટ-ગ્રેજ્યુએટ સ્કૂલ), ન્યૂ દિલ્હીની એમ.એસસી. પદવી ધરાવનારે ૨-૦૦ કરતાં વધારે ગ્રેડ-પોઈન્ટ મેળવ્યા હોય તો તેમને પ્રથમ વર્ગમાં પદવી મેળવી છે એમ ગણીને મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા આપવા માટે ઑર્ડિ. ૬૫-એમ (૧)(એ)માં સુધારો કરવા અંગેની ખેતીવાડીની અભ્યાસસમિતિની ભલામણ સ્વીકારની નહિ એમ સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી, અને બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગને સૂચવવું કે, કૃષિવિજ્ઞાના અનુસ્નાતક શિક્ષણનું કાર્ય અટકતું હોય તેવા કેસોમાં અપવાદ કરી વ્યક્તિગત કેસમાં માન્યતા આપવાનું વિચારવાનું રાખવું.

૬૨. ઉમેદરામ પંચાલ આર્ટ્સ કૉલેજ અને સર્વોદય સાયન્સ કૉલેજ, પિલવાઈમાં અર્થશાસ્ત્રના શિક્ષણકાર્ય માટે પૂર્ણ સમયના પ્રાધ્યાપક પ્રાપ્ય ન થતાં અર્થશાસ્ત્રના મુલાકાતી પ્રાધ્યાપક તરીકે શ્રી. પી. એમ. નારિયેળવાળાની નિમણૂક માન્ય રાખવા માટે આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) શ્રી. નારિયેળવાળા અઠવાડિયામાં ઓછામાં ઓછા ચાર તાસ શિક્ષણકાર્ય કરશે.

(૨) સિન્ડિકેટે તેની તા. ૪-૬-૧૯૬૫ની સભામાં ઠરાવ્યા પ્રમાણે મુલાકાતી પ્રાધ્યાપકની વ્યવસ્થા કરવાની હતી છતાં કૉલેજે તે આખું વર્ષ કરી ન હતી.]

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજમાં શ્રી. પી. એમ. નારિયેળવાળાને ચાલુ શૈક્ષણિક વર્ષ માટે અર્થશાસ્ત્રના મુલાકાતી પ્રાધ્યાપક તરીકે કામ કરવા માટે પરવાનગી આપવી, પણ જૂન ૧૯૬૭થી યોગ્ય લાયકાત ધરાવતા અર્થશાસ્ત્રના પ્રાધ્યાપકની નિમણૂક કરવી આવશ્યક રહેશે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, અર્થશાસ્ત્રના પ્રાધ્યાપકની નિમણૂકમાં ગયે વર્ષે જે અનિયમિતતા સદરહુ કૉલેજે ચલાવી તે યોગ્ય થયું નથી તેમ તેને જણાવીને ભવિષ્યમાં આવી અનિયમિતતા ન કરવા માટે આચાર્યને ઘટતી ચેતવણી આપવી.

ઉપકુલપતિશ્રીની પરવાનગીથી નીચેની બાબત રજૂ કરવામાં આવી :

૬૩. એસ. વી. રીજિયોનલ એન્જિનિયરિંગ કૉલેજના વિદ્યાર્થીઓની ઑક્ટોબર ૧૯૬૬માં એફ.ઈ. કે એસ.ઈ.ની પૂરક પરીક્ષા લેવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે, ઑક્ટોબર ૧૯૬૬માં પૂરક પરીક્ષા લેવાની સદરહુ વિદ્યાર્થીઓની માગણી મંજૂર કરવી નહીં.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિં./ ૨૮૭૫૦ / ૧૯૬૬.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ–૯.
જુલાઈ ૨૨, ૧૯૬૬.
આષાઢ ૩૧, ૧૮૮૮ (શક).

કે. ચં. પરીખ
રજિસ્ટ્રાર.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૩૨

બાંધકામ સમિતિની એક સભા તા. ૧૩-૬-૧૯૬૬ ને સોમવારના રોજ બપોરના ૪-૦૦ કલાકે મળી હતી, જેમાં હાજરી નીચે મુજબ હતી :

૧. શ્રી. લાલભાઈ ૨. દેસાઈ, ઉપકુલપતિ	હાજર
૨. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ	હાજર
૩. શ્રી. નવનીતલાલ સા. શેઠના	ગેરહાજર
૪. શ્રી. ગિરીશચંદ્ર એસ. દેસાઈ	હાજર
૫. ડૉ. વાસુદેવ એન. ત્રિપાઠી	હાજર
૬. શ્રી. ડી. પી. શાહ	હાજર.

૧. બાંધકામ સમિતિની તા. ૧૮-૪-૧૯૬૬ની સભાની કાર્યવાહી મંજૂર કરવા બાબત.

બાંધકામ સમિતિની તા. ૧૮-૪-૧૯૬૬ની સભાની કાર્યવાહી મંજૂર કરવામાં આવી અને તે ઉપર ઉપકુલપતિશ્રીએ સહી કરી.

૨. વિજ્ઞાન વિદ્યાભવનના બોટેનિકલ ગાર્ડનમાં સાધનો વગેરે મૂકવા માટે એક ૧૨' × ૧૦' ફૂટના કદનો ઓરડો બાંધવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—આ માટે અંદાજી રકમ આશરે રૂા. ૨,૫૦૦ જેટલું ખર્ચ થાય એમ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, બોટેનિકલ ગાર્ડનમાં સાધનો મૂકવા માટે એક ૧૨' × ૧૦'ના કદનો ઓરડો બાંધવા રૂા. ૨,૫૦૦નો અંદાજ મંજૂર કરવા તથા તે ઓરડો ફર્ન હાઉસની પાસે બાંધવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૩. યુનિવર્સિટી વિસ્તારમાં મકાનોના નિભાવ અંગે ધારાધોરણ ઘડવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીનાં મકાનોનું વાર્ષિક ઘસારા ફંડ ૨ ટકાના દરે હાલ કપાય છે તેને બદલે હવેથી વાર્ષિક ૨॥ ટકાના દરે કાપવું, અને તેમાંથી મકાનોના સમારકામ અને ફેરફારો ખાતે વાર્ષિક ૦॥ ટકાની મર્યાદામાં રહીને જરૂરી અંદાજી જોગવાઈ કરવાનું રાખવું અને મકાનોનું સમારકામ અને ફેરફાર તેમાંથી કરવાનું રાખવું.

૪. યુનિવર્સિટીનાં મકાનોના બાંધકામ માટે કન્સલ્ટિંગ ઇજનેર તરીકે મે. સીજકોન કન્સલ્ટિંગ એન્જિનિયરને લેવા અંગે તેમના તા. ૯-૪-૧૯૬૬ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, આપણી પેનલમાં હાલ નવા ઇજનેર ઉમેરવાની જરૂર નથી.

૫. યુનિવર્સિટીનાં સર્વન્ટ્સ ક્વાર્ટર્સમાં જાળી નાખવા માટે આવેલ ટેન્ડરોમાં મે. નિર્માણનું રૂા. ૧,૧૫૫નું ટેન્ડર મંજૂર કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કંપાઉન્ડમાં આવેલાં યુનિવર્સિટીનાં સર્વન્ટ્સ ક્વાર્ટર્સમાં જાળી નાંખવા માટે આવેલાં ટેન્ડરોમાંથી મે. નિર્માણનું રૂા. ૧,૧૫૫નું ટેન્ડર મંજૂર કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૬. આરોગ્ય કેન્દ્રના મકાનની બારીઓમાં લોખંડની જાળી (ગ્રિલ) તથા મકાનની આસપાસ તારની વાડ કરવા માટે વિચારણા કરવા બાબત.

(નોંધ.—અંદાજી ખર્ચ રૂા. ૪,૨૨૦ જેટલું થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે, આરોગ્ય કેન્દ્રના મકાનની બારીઓમાં લોખંડની જાળી (ગ્રિલ) તથા મકાનની આસપાસ તારની વાડ કરવા માટે રૂા. ૪,૨૨૦નું અંદાજી ખર્ચ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૭. રેસિડેન્ટ પ્રોફેસરનાં ક્વાર્ટર્સમાં ઇલેક્ટ્રિક વાયરિંગ કરવાના કામ માટે આવેલ ટેન્ડરો પરત્વે વિચારણા કરવા બાબત.

રેસિડેન્ટ પ્રોફેસરનાં ક્વાર્ટર્સમાં ઇલેક્ટ્રિક વાયરિંગ માટે ત્રણ ટેન્ડરો આવ્યાં હતાં. આવેલાં ટેન્ડરોની સમગ્ર રીતે વિચારણા કર્યા બાદ ઠરાવવામાં આવ્યું કે, આ કામ માટે મે. એચ. એસ. ફોક્ષ એન્ડ કંપની (પ્રાઇવેટ) લિ.નું રૂા. ૧,૯૩૪-૫૦ પૈસાનું ટેન્ડર સદરહુ ટેન્ડરની શરતો મુજબ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૮. અતિથિગૃહના મકાનમાં ઇલેક્ટ્રિક વાયરિંગ કરવાના કામ માટે આવેલ ટેન્ડરો પરત્વે વિચારણા કરવા બાબત.

અતિથિગૃહના મકાનમાં ઇલેક્ટ્રિક વાયરિંગ માટે બે ટેન્ડરો આવ્યાં હતાં. આવેલાં ટેન્ડરોની સમગ્ર રીતે વિચારણા કર્યા બાદ ઠરાવવામાં આવ્યું કે, આ કામ માટે મે. એચ. એસ. ફોક્ષ એન્ડ કંપની (પ્રાઇવેટ) લિ.નું રૂા. ૯,૬૯૩નું ટેન્ડર સદરહુ ટેન્ડરની શરતો મુજબ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૯. વિજ્ઞાન વિદ્યાભવનના ઝૂલોજી વિભાગના મકાનમાં ઇલેક્ટ્રિક વાયરિંગ કામ કરવા માટે આવેલ ટેન્ડરો પરત્વે વિચારણા કરવા બાબત.

વિજ્ઞાન વિદ્યાભવનમાં ઝૂલોજી વિભાગના મકાનમાં ઇલેક્ટ્રિક વાયરિંગ કરવા માટે આવેલાં ટેન્ડરોની સમગ્ર રીતે વિચારણા કર્યા બાદ ઠરાવવામાં આવ્યું કે, આ કામ માટે મે. એચ. એસ. ફોક્ષનું રૂા. ૧૧,૦૪૦નું ટેન્ડર સદરહુ ટેન્ડરની શરતો મુજબ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૦. સેનેટ હોલના વધારાના કામકાજ અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—વધારાના કામકાજના દરોનું તારણ યાદી "અ" તરીકે આ સાથે સામેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સેનેટ હોલના વધારાના કામકાજના દરો આ સાથેની યાદી "અ" પ્રમાણે મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૧. યુનિવર્સિટી વિસ્તારમાં ડ્રેનેજ યોજના અંગેના પ્લાન તથા એલ સેક્શન અને અંદાજ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી.

૧૨. યુનિવર્સિટી ગ્રંથાલયના મકાનના બાંધકામના વધારાના કામકાજના દર અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—વધારાના કામકાજના દરોનું તારણ યાદી "બ" તરીકે આ સાથે સામેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, ગ્રંથાલયના બાંધકામમાં વધારાના કામકાજનો દર આ સાથેની યાદી "બ" પ્રમાણે મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૩. વિજ્ઞાન વિદ્યાભવનની બારીઓમાં લોખંડની જાળીના કંત્રાટી મે. સ્ટીલ ફેબ્રિકેટર્સે ટેન્ડર મુજબ ૬ પાઉન્ડને બદલે સ્થપતિની ડિઝાઇન અનુસાર ૨ તથા ૨॥ પાઉન્ડ વજનની મિલ બનાવી ફિટ કરી છે તે પરત્વે વિચારણા કરવા બાબત.

(નોંધ.—ટેન્ડરનો પાઠ નીચે પ્રમાણે છે:

"Providing and fixing M.S. Grill with Bars, angles, Flats, Sqares, etc., as per design, with three coats of enamal paint. Weight up to 6 lbs./sq. per ft.")

આથી ઠરાવવામાં આવે છે કે, વિજ્ઞાન વિદ્યાભવનની બારીઓમાં લોખંડની જાળીના અંદાજી ખર્ચનું પૃથક્કરણ (કોસ્ટ એનાલિસિસ) કાઢીને તેના કંત્રાટી મે. સ્ટીલ ફેબ્રિકેટર્સને જણાવવું, અને તેનો જવાબ આવ્યેથી તેઓ નાકબૂલ થાય તો આગામી સભાગૃહ સમક્ષ આ બાબત રજૂ કરવી.

૧૪. વિજ્ઞાન વિદ્યાભવન માટે ૧૫૦ કે.વી.એ.નું ટ્રાન્સફોર્મર મંગાવવા માટે આવેલ ટેન્ડરો અંગે વિચારણા કરવા બાબત.

(તારણ આ સાથે સામેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, વિજ્ઞાન વિદ્યાભવન માટે ૧૫૦ કે.વી.એ.નું ટ્રાન્સફોર્મર મે. વૉલ્ટ એમ્પ. ઇલેક્ટ્રિક કૉર્પોરેશન, કલકત્તાનું રૂા. ૧૧,૮૬૦ (ફેરફટ, કરવેરા, વીમા વગેરે સિવાય)નું ટેન્ડર મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૫. યુનિવર્સિટી વિસ્તારમાં શૂટિંગ રેંજ બાંધવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—આ બાબત અંગે શ્રી. ડી. પી. ઈ.ના નોંધની નકલ આ સાથે સામેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી વિસ્તારમાં શૂટિંગ રેંજ બાંધવાની જરૂર નથી અને તેથી તે ના બાંધવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૬. યુનિવર્સિટી વિસ્તારનો "માસ્ટર પ્લાન" બનાવવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૧૯–૪–૧૯૬૬ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પત્રની નોંધ લેવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે, હાલનાં તથા ચોથી પંચવર્ષીય યોજનામાં સૂચવેલાં વિકાસ-કામો સમાવી લઈને એક આલેખ ખાતાવાર તૈયાર કરાવવો.

૧૭. યુનિવર્સિટીના પાણીના બોરનું લેવલ નીચું ગયેલ હોવાથી તેને માટે ટરબાઇન પંપના કૅાલમ પાઈપ ઉભેરીને પંપ નીચે લઈ જવા માટેનાં સાધનો મે. લાર્સેન ઍન્ડ ટચૂબ્રો લિ. પાસેથી ખરીદવા માટે રૂા. ૪,૦૦૦નું ખર્ચ ઉપકુલપતિશ્રીએ મંજૂર કર્યાના ખર્ચની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના પાણીના બોરનું લેવલ નીચું ગયું હોવાથી તેને માટે ટરબાઇન પંપના કૅાલમ પાઈપ ઉભેરીને પંપ નીચે લઈ જવા માટેનાં સાધનો મે. લાર્સેન ઍન્ડ ટચૂબ્રો પાસેથી ખરીદવા રૂા. ૪,૦૦૦નું ખર્ચ ઉપકુલપતિશ્રીએ મંજૂર કર્યાની નોંધ લેવી.

૧૮. યુનિવર્સિટીના લાયબ્રેરીના મકાનથી મ્યુનિસિપલ ડ્રેનેજ લાઈન સુધીની અંદરની ડ્રેનેજ લાઈન નાંખવાના અંદાજ પરત્વે વિચારણા કરવા બાબત.

(નોંધ.— અંદાજી ખર્ચ આશરે રૂા. ૩,૫૦૦ જેટલું થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે, લાયબ્રેરીના મકાનથી મ્યુનિસિપલ ડ્રેનેજ લાઈન સુધી ડ્રેનેજ લાઈન નાંખવા માટે રૂા. ૩,૫૦૦નો અંદાજ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

ત્યાર બાદ સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

यादी "अ"

Statement for the Extra Item rates in the work at Senate Hall, Gujarat University, Ahmedabad-9

Sr. No.	*Item*	*Rate approved by B. C. of 13-6-1966 Rs. P.*	*Per*
1.	Providing 4'–0" wide t.w. stair case steps 12" × 1½" with stringars beam as P.W. design with wax polish.	50/–	Step
2.	Applying wax polishing to flooring of stage.	0/75	sft.
3.	Extra over teak wood flooring for 12" × 1" special teak wood band for stage as per detailed plan.	3/–	rft.
4.	Labour for removing of refixing Dhangadhra stone architave band.	3/50	rft.

Sr. No.	*Item*	*Rate approved by B. C. of 13-6-1966 Rs. P.*	*Per*
5.	Labour for removing parapet wall Mason Helper	 8/– 3/50	 No. No.
6.	Repairing the ceiling for changing colour over siage (green colour) with plastic paint as per architect's instructions including preparing scaffolding specially for repainting.	To be paid as per sanctioned extra item for plastic paint.	
7.	Labour of material for removing, refixing and revising the grill for counter as per new plans (size changed from $8'-6'' \times 4'-0''$ to $7'-6'' \times 3'-6''$)	3/50	sft.
8.	Providing groves in cement plaster as per instructions.	0/40	rft.
9.	Supplying and fixing white glazed earthware sink 19" × 12" × 6" comp. with waste coupling of fittings.	150/–	No.
10.	Supplying and fixing 3 gls. less autometic flush tank for urinals. Fordhum make, glazed.	215/–	No.
11.	Supplying and fixing 3"C.I. pipe with C.I. fittings.	3/50	rft.
12.	Supplying and fixing ½" dia. concealed type chromium stop cock heavy type.	35/–	No.
13.	Providing and fixing 6"×6" brass, chromium plated Jali over N.T. as per instructions.	12/–	No.
14.	Providing and fixing C.P. showers.	15/–	No.
15.	Extra for providing and cut outs in plaster of paris false ceiling for light fixtures.	5/–	

Sr. No.	*Item*	*Rate approved by B. C. of 13-6-1966 Rs. P.*	*Per*
16.	Providing and fixing 6" × 4" t.w. runner extra for fans in false ceiling with clamp bolts with necessary welding.	7/-	rft.
17.	Extra for providing holes for fans in plaster of paris false ceiling.	4/-	No.
18.	Extra for removing Bheslana marble clamps for changing colour grill and repairing the same with new materials, etc.	125/-	L.S.
19.	Providing and erecting balcony railing with t w. 7" × 2" dasa with polishing and 1" × 1" square iron bar with 2" × 2½" flats and half comp. with welding as per plan.	10/-	rft.

यादी "ब"

Statement for the Extra Item rates in the work at Library Building, Gujarat University, Ahmedabad-9

Sr. No.	*Item*	*Rate approved by B.C. on 13-9-1966*
1.	Terrazzo finish to the R.C.C. seats and counters.	4/50 per sft.

UNIVERSITY ENGINEER.

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૪૨

ક્રમાંક	મકાનનું નામ	અંદાજપત્રમાં હાલ બતાવેલ આંકડા ૧૯૬૬-૬૭	સુધારેલો અંદાજ
		રૂા.	રૂા.
૧.	સેનેટ હૉલ	૫,૦૦૦	૪૦,૦૦૦
૨.	આરોગ્ય કેન્દ્ર માટે :		
	(અ) સ્ટાફ ક્વાર્ટર્સ		૨૩,૦૦૦
	(બ) ફેન્સિંગ અને દરવાજા તથા ગ્રિલ દવાખાના માટે		૬,૦૦૦
૩.	વિદ્યાર્થીઓના છાત્રાલયના ગૃહપતિનું મકાન (૨. પ્રોફેસર)	૨૨,૦૦૦	૩૭,૦૦૦
૪.	અતિથિગૃહ	૬૦,૦૦૦	૬૮,૦૦૦
૫.	ગ્રંથાલયનું મકાન	૫૦,૦૦૦	૩,૬૪,૦૦૦
૬.	વીજળીવિષયક પુરવઠો	૧૦,૦૦૦	૮૦,૦૦૦
૭.	પ્રાણીવિજ્ઞાન વિભાગનું મકાન	૫૦,૦૦૦	૧,૭૧,૦૦૦
૮.	ટીચર્સ હૉસ્ટેલ	૨૦,૦૦૦	૧,૭૩,૦૦૦
૯.	યુનિવર્સિટી કાર્યાલય તથા ભવનોની આસપાસ તારની વાડ તથા ઝાંપા કરવા માટે		૩૮,૦૦૦

ક્રમાંક	આ ઉદ્યોગ ખાતે	મુખ્ય કાચો માલ/ઇંધણ મેળવવાનું સ્થળ	આ ઉદ્યોગ કરતાં મજૂરોની સંખ્યા	નોંધ
૧	૨	૩	૪	૫
૧.	પરીક્ષણ કેન્દ્રમાં સુસ્થાકૃતી લંબચો	૧,૬૨૧–૬૯	૧૧,૦૦૦	આ સંસ્થાનો આ ઉદ્યોગ ખાતે કરવા આવતો વિદ્યાર્થી વર્ગ ખાસ પ્રકારનો હોય છે.
૨.	પ્રોફેસરોના જીવનચરિત્રો	૨,૨૦,૦૪૨–૦૦	૨,૧૫,૦૦૦	નજીક કરેલા નિબંધો પ્રસારિત થવાં કરતાં આ વિદ્યાર્થીઓ વધારે પસંદ પાડતા હોય છે. કુલ વસ્તીનો આ ૩૨,૧૧૬–૨૮ ટકા ભાગ રહે છે.
૩.	પરીક્ષાનાં સવાલપત્રકોની	૩,૫૦,૪૬૩–૬૦	૩,૫૦,૦૦૦	
	ઇબારતો			
૪.	ગ્રો.ઝોન.ઝો.—વપરાયી વધારા	૧૬,૮૧૧–૦૦	૧૮,૦૦૦	૧,૮૧૧–૦૦ વિદ્યાર્થી કરેલા નિબંધો પ્રમાણે વપરાયી વધારા ભાગો ઝિંકવાનો નિર્ણય થયો છે.
	ઝોનરેટિયા			
૬.	મુસ્લાકૃતી લંબચો—ફોર્મેલ	૧૪,૨૦૪–૨૬	૧૧,૦૦૦	૩,૨૦૪–૨૬ નવી ફિલ્મોની સંખ્યા વધેલી હોવાથી આ ઝોનમાં પ્રકાશ વધારે થવો પડશે છે.
	વપરાયેલી			
૭.	ગ્રો.ઝોન.ઝો.—વપરાયી વધારા	૧૬,૮૧૧–૦૦	૧૮,૦૦૦	૧,૮૧૧–૦૦ વિદ્યાર્થી કરેલા નિબંધો પ્રમાણે વપરાયી વધારા ભાગો ઝિંકવાનો નિર્ણય થયો છે.
	ઝોનરેટિયા			

૧૦.	ક્ષૈત્રિય સેવ-૨૨—દવાઓની, પ્રસાધનોની અને ક્ષૈત્રિયથી અને ખાદ્યમાં ખાદ્યપદાર્થો અને ખાદ્યપદાર્થોના ઉત્પાદન માટે વપરાતા યંત્રો, તેમની વપરાશ માટેની બાંધકામ, તેમની વપરાશ માટેની બાંધકામ	૫,૬૧૨–૪૦	૫,૦૦૦	૬૧૨–૪૦ અને બધા સંપર્કમાં ક્ષૈત્રિયો ધરાવતા સંસ્થાનો માટે લાગુ પડે છે.
૧૮.	ક્ષમાપનવિદ્યા ઔદ્યન ફ્રિ-૨૦-૨ પ્રમાણે પ્રમાણપત્રો આપવા	૩,૬૨૫–૩૪	૩,૦૦૦	૬૨૫–૩૪ તે મંજૂર કરવા વિનંતી છે.
૧૯.	ક્ષમાપનવિદ્યા ઔદ્યન ફ્રિ-૨૦-૨ પ્રમાણે પ્રમાણપત્રો આપવા	૮,૬૮૫–૬૪	૫,૦૦૦	૩,૮૬૫–૬૪ અનુક્રમે નં. ૧૭૦૧ તારીખ ૧૬૭૫.
૨૦.	ખાનગીવિદ્યાન વિદ્યાલયન—	૨,૮૬૫–૬૪	૧,૬૦૦	૨૬૪–૬૩ ક્ષેત્રિયમાં ખાનગી વિદ્યાલયો માટે પ્રવેશ આપવા માટે
૨૧.	ખાનગીવિદ્યાન વિદ્યાલયન—૮૫માં પ્રમાણે	૧,૨૬૪–૬૩	૧,૦૦૦	૨૬૪–૬૩ આ ખાતું પ્રમાણપત્રો ક્ષૈત્રિયો પ્રમાણે વર્ષોથી ચાલ્યું છે.
૨૨.	ખાનગીવિદ્યાન વિદ્યાલયન—	૧,૯૮૩–૫૫	૧,૦૦૦	૧૮૩–૫૫ તે મંજૂર કરવા વિનંતી છે.
૨૩.	ખાનગીવિદ્યાન વિદ્યાલયન—	૨,૫૫૦–૦૨	૨,૦૦૦	૫૫૦–૦૨

૧	૨	૩	૪	૫	૬
૨૪.	ભાષા-ભવન—અધ્યાપકગણ, મોંઘવારી વગેરે	૧૧,૯૨૬–૦૯	૫,૦૦૦	૬,૯૨૬–૦૯	અનુક્રમ નં. ૧૭ની નોંધ મુજબ.
૨૫.	ભાષા-ભવન—ફર્નિચર તથા સામગ્રી	૨૧,૫૩૧–૧૦	૧૫,૦૦૦	૬,૫૩૧–૧૦	યુનિ. ગ્રાન્ટ્સ કમિશને આ ભવનને ફર્નિચર ખરીદવા માટે રૂા. ૨૫,૦૦૦ની ગ્રાન્ટ આપેલી હતી, જે તા. ૩૧–૩–૧૯૬૬ પહેલાં ખર્ચાય તે જરૂરી હોવાથી આ વધારાનો ખર્ચ કરવામાં આવેલ છે.
૨૬.	વિજ્ઞાન વિદ્યાભવન — અધ્યાપકગણ, મોંઘવારી વગેરે	૪૫,૪૭૧–૨૩	૨૫,૦૦૦	૨૦,૪૭૧–૨૩	અનુક્રમ નં. ૧૭ની નોંધ મુજબ.
૨૭.	વિજ્ઞાન વિદ્યાભવન — મુલાકાતી પ્રાધ્યાપકો	૫,૦૯૮–૦૦	૩,૦૦૦	૨,૦૯૮–૦૦	ભવનની કેટલીક જગ્યાઓ ભરી શકાઈ ન હતી તેથી માન્ય અનુસ્નાતક શિક્ષકોને બોલાવવાની જરૂર ઊભી થઈ તેથી આ ખર્ચ વધ્યો છે.
૨૮.	વિજ્ઞાન વિદ્યાભવન—લેબોરેટરી ખર્ચ	૧,૨૪,૨૨૩–૩૪	૧,૨૦,૦૦૦	૪,૨૨૩–૩૪	એમ.એસસી. કેમિસ્ટ્રીની પરીક્ષા આ વર્ષે ભવનમાં લેવામાં આવી તે અંગે જે કેમિકલ્સ વગેરે ખરીદવાં પડ્યાં તેને લીધે આ ખર્ચ વધવા પામ્યો છે.
૨૯.	વિજ્ઞાન વિદ્યાભવન ફર્નિચર—ઇક્વિપમેન્ટ	૪૭,૧૪૩–૪૯	૪૦,૦૦૦	૭,૧૪૩–૪૯	યુનિ. ગ્રાન્ટ્સ કમિશને ફર્નિચર ખરીદવા ગ્રાન્ટ આપેલી હતી, જે તા. ૩૧–૩–૧૯૬૬ પહેલાં ખર્ચાય તે જરૂરી હોવાથી આ વધારાનો ખર્ચ કરવામાં આવ્યો છે.
૩૦.	વિજ્ઞાન વિદ્યાભવન—મરામત અને ખાસ ફેરફારો	૪,૦૮૮–૮૪	૩,૦૦૦	૧,૦૮૮–૮૪	વિજ્ઞાન વિદ્યાભવનના કેમિસ્ટ્રી વિભાગના "ઓર્ગેનિક", "ઇનઓર્ગેનિક" અને "ફિઝિકલ કેમિસ્ટ્રી વિભાગો નવા મકાનમાં આ વર્ષથી શરૂ કરવામાં આવેલ છે. આ વિભાગોની જરૂરિયાત ધ્યાનમાં લઈને મકાનમાં કેટલાક ફેરફારો કરવા જરૂરી થયા તેને લીધે આ ખર્ચ વધવા પામ્યો છે.

૩૫. વિદ્યાન વિદ્યાલયન—વિદ્યાર્થીઓના રાહતનાબિયાની ૫૬૬ ૫૦૦ ૩૨૫–૦૦ આ સ્તંભો પાછલાં વર્ષની વિક્રય ગો. ૭૪૪ ચલ્યા છે.

૩૬. વિદ્યાન વિદ્યાલયન—વનરપતિવિષયક ૧૭,૨૨૭–૫૭ ૧૦,૦૦૦ ૭,૨૨૭–૫૭ ધુનિવર્સિટી આન્ટેસ્ટ કિંમતને આ ક્રોમ સ્તંભો ધ્યાત્રા ૩૫,૦૦૦ની આન્ટેલી હતી, જ્ય ગો. ૩૧–૩–૧૯૬૬ પહેલાં ખ્યાપિત ને બજારી હિવાર્થી આ વધારાનો ખર્ચ કરવામાં આવેલ છે.

૩૭. વિદ્યાન વિદ્યાલયન—ચોમાસિક ૪,૬૨૧,૧૮૮–૩૩ ૪,૦૦,૦૦૦ ૩૧,૧૮૮–૩૩ ધુનિવર્સિટી આન્ટેસ્ટ કિંમતને આ ક્રોમ સ્તંભો ધ્યાત્રા ખ્રિસ્તપત્રો

૩૮. વિદ્યાન વિદ્યાલયન—ચોમાસિક ૪,૬૨૧,૧૮૮–૩૩ ૪,૦૦,૦૦૦ ૩૧,૧૮૮–૩૩ ધુનિવર્સિટી આન્ટેસ્ટ કિંમતને આ ક્રોમ સ્તંભો ધ્યાત્રા ખ્રિસ્તપત્રો

૩૯. વિદ્યાન વિદ્યાલયન—ચોમાસિક ૪,૬૨૧,૧૮૮–૩૩ ૪,૦૦,૦૦૦ ૩૧,૧૮૮–૩૩ ધુનિવર્સિટી આન્ટેસ્ટ કિંમતને આ ક્રોમ સ્તંભો ધ્યાત્રા ખ્રિસ્તપત્રો

૪૦. વિદ્યાન વિદ્યાલયન—ચોમાસિક ૪,૬૨૧,૧૮૮–૩૩ ૪,૦૦,૦૦૦ ૩૧,૧૮૮–૩૩ ધુનિવર્સિટી આન્ટેસ્ટ કિંમતને આ ક્રોમ સ્તંભો ધ્યાત્રા ખ્રિસ્તપત્રો

૪૧. વિદ્યાન વિદ્યાલયન—ચોમાસિક ૧૦,૬૩૫–૬૮ ૬,૦૦૦ ૪,૬૩૫–૬૮ ભાવની પ્રતિનિધિ કોમ ધુનિવર્સિટી આન્ટેસ્ટ વર્ષોનો ચોમાસિક વર્ષ ગયા પછી. ૭૫ ગયા ત્યારે ખાતરી કરવી કે ખાતરી કરવી કે ખાતરી કરવી ક

૧	૨	૩	૪	૫	૬
૩૮.	બિલ્ડિંગ એકાઉન્ટ—આરોગ્ય કેન્દ્ર મકાન માટે	૩,૬૧૩–૧૭	—	૩,૬૧૩–૧૭	આ મકાનના કોન્ટ્રાક્ટરને મકાનનું આખરી બિલ આપવાનું થયું, જેને લીધે આ ખર્ચ થયો છે.
૩૯.	બિલ્ડિંગ એકાઉન્ટ—લેડીઝ હૉસ્ટેલ મકાન માટે	૩૯,૫૮૬–૯૫	૩૫,૦૦૦	૪,૫૮૬–૯૫	આ મકાનના ધાબા પર "સિમેન્ટ ટાઇલ્સ" લગાવ્યા તે માટેની રકમ ચૂકવવાથી આ ખર્ચનો વધારો થવા પામ્યો છે.
૪૦.	બિલ્ડિંગ એકાઉન્ટ—બૉયઝ હૉસ્ટેલ મકાન માટે	૨૯,૦૩૨–૮૧	૨૮,૦૦૦	૧,૦૩૨–૮૧	બૉયઝ હૉસ્ટેલના મકાનના ધાબામાંથી પાણી લીક ન થાય તે માટે "વૉટર પ્રૂફિંગ" કરાવવાથી આ ખર્ચનો વધારો થવા પામ્યો છે.
૪૧.	બિલ્ડિંગ એકાઉન્ટ—વર્કશૉપ શેડ	૧૧,૮૯૫–૬૩	૧૦,૦૦૦	૧,૮૯૫–૬૩	યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને આ કામ અંગે રૂા. ૫૦,૦૦૦ની ગ્રાન્ટ આપેલી હતી, જે તા. ૩૧–૩–૧૯૬૬ પહેલાં ખર્ચાય તે જરૂરી હોવાથી આ વધારાનો ખર્ચ કરવામાં આવેલ છે.
૪૨.	બિલ્ડિંગ એકાઉન્ટ—એરકન્ડિશનિંગ ખર્ચ, વનસ્પતિવિજ્ઞાન વિભાગ	૩૫,૮૨૫–૩૭	૨૫,૦૦૦	૧૦,૮૨૫–૩૭	યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને આ કામ અંગે ગ્રાન્ટ આપેલી હતી, જે તા. ૩૧–૩–૧૯૬૬ પહેલાં ખર્ચાય તે જરૂરી હોવાથી આ વધારાનો ખર્ચ કરવામાં આવેલ છે.

પરિશિષ્ટ "ઘ"
કામકાજ ક્રમાંક ૪૫

ક્રમાંક	પરીક્ષાનું નામ	બૉ. ૧૨૯ મુજબ પરીક્ષા શરૂ થવાની તારીખ	કાર્યાલયે સૂચવેલ પરીક્ષા શરૂ થવાની તારીખ
૧.	પ્રી-યુનિ. આર્ટ્સ (એક્સ્ટર્નલ)	૨૨-૧૦-૧૯૬૬	૨૧-૧૦-૧૯૬૬
૨.	ફર્સ્ટ બી.એ. (,,)	૨૨-૧૦-૧૯૬૬	૨૮-૧૦-૧૯૬૬
૩.	સેકન્ડ બી.એ. (,,)	૨૨-૧૦-૧૯૬૬	૨૧-૧૦-૧૯૬૬
૪.	બી.એ. સ્પેશિયલ (ઓલ્ડ) અને જન.	૨૨-૧૦-૧૯૬૬	૨૮-૧૦-૧૯૬૬
૫.	બી.કૉમ. (ઓલ્ડ.) રોજ બે પેપર	૧૭-૧૦-૧૯૬૬	૨૪-૧૦-૧૯૬૬
૬.	ફર્સ્ટ બી.કૉમ. (ફક્ત એકાઉન્ટન્સી)	હવે પછી નક્કી કરવામાં આવશે	
૭.	પીએચ.ડી. ટ્રાન્સલેશન ટેસ્ટ	૧૦-૧૦-૧૯૬૬	૧-૧૧-૧૯૬૬
૮.	બી.ઈ. (સિવિલ)	૧૭-૧૦-૧૯૬૬	૧૭-૧૦-૧૯૬૬
૯.	બી.ઈ. (ઇલેક્ટ્રિકલ)	૧૭-૧૦-૧૯૬૬	૧૭-૧૦-૧૯૬૬
૧૦.	બી.ઈ. (મિકેનિકલ)	૧૭-૧૦-૧૯૬૬	૧૭-૧૦-૧૯૬૬
૧૧.	પ્રથમ એલએલ.બી.	૧૦-૧૦-૧૯૬૬	૨૮-૧૦-૧૯૬૬
૧૨.	બીજી એલએલ.બી.	૧૦-૧૦-૧૯૬૬	૨૮-૧૦-૧૯૬૬
૧૩.	પ્રથમ એમ.બી.,બી.એસ.	૧૩-૧૦-૧૯૬૬	૨૪-૧૦-૧૯૬૬
૧૪.	બીજી એમ.બી.,બી.એસ.	૧૩-૧૦-૧૯૬૬	૨૪-૧૦-૧૯૬૬
૧૫.	ત્રીજી એમ.બી.,બી.એસ.	૧૩-૧૦-૧૯૬૬	૨૪-૧૦-૧૯૬૬
૧૬.	પ્રથમ બી.ડી.એસ.	૩-૧૦-૧૯૬૬	૨૪-૧૦-૧૯૬૬
૧૭.	બીજી બી.ડી.એસ.	૩-૧૦-૧૯૬૬	૨૪-૧૦-૧૯૬૬
૧૮.	ત્રીજી બી.ડી.એસ.	૩-૧૦-૧૯૬૬	૨૪-૧૦-૧૯૬૬
૧૯.	બીજી બી.એ.એમ.એસ.	૧૩-૧૦-૧૯૬૬	૨૪-૧૦-૧૯૬૬
૨૦.	ત્રીજી બી.એ.એમ.એસ.	૧૩-૧૦-૧૯૬૬	૨૪-૧૦-૧૯૬૬
૨૧.	એમ.ડી.	૩-૧૦-૧૯૬૬	૧૭-૧૦-૧૯૬૬
૨૨.	એમ.એસ.	૩-૧૦-૧૯૬૬	૧૭-૧૦-૧૯૬૬

ક્રમાંક	પરીક્ષાનું નામ	ઑ. ૧૨૯ મુજબ પરીક્ષા શરૂ થવાની તારીખ	કાર્યાલયે સૂચવેલ પરીક્ષા શરૂ થવાની તારીખ
૨૩.	ડી.એ.	૩-૧૦-૧૯૬૬	૧૭-૧૦-૧૯૬૬
૨૪.	ડી.ઓ.એમ.એસ.	૩-૧૦-૧૯૬૬	૧૭-૧૦-૧૯૬૬
૨૫.	ડી.ડી.ડી.	૩-૧૦-૧૯૬૬	૧૭-૧૦-૧૯૬૬
૨૬.	ડી.આર.એમ.ઈ.	૩-૧૦-૧૯૬૬	૧૭-૧૦-૧૯૬૬
૨૭.	ડી.જી.ઓ.	૩-૧૦-૧૯૬૬	૧૭-૧૦-૧૯૬૬
૨૮.	ડી.પેડ.	૩-૧૦-૧૯૬૬	૧૭-૧૦-૧૯૬૬
૨૯.	ડી.એલ.ઓ.	૩-૧૦-૧૯૬૬	૧૭-૧૦-૧૯૬૬
૩૦.	બી.એસસી. (મેડિકલ)	૩-૧૦-૧૯૬૬	૧૭-૧૦-૧૯૬૬
૩૧.	એમ.એસસી. (,,)	૩-૧૦-૧૯૬૬	૧૭-૧૦-૧૯૬૬
૩૨.	ડી.વી. એન્ડ ડી.	૩-૧૦-૧૯૬૬	૧૭-૧૦-૧૯૬૬
૩૩.	બી.ફાર્મ.	૧૦-૧૦-૧૯૬૬	૧-૧૧-૧૯૬૬
૩૪.	માસ્ટર ઑફ લેબર વેલ્ફેર	૧૭-૧૦-૧૯૬૬	૨૮-૧૦-૧૯૬૬

પરિશિષ્ટ "ચ"
કોમકૉલમ કમાંક ૧૦

1. The Degree must be in the subject or the group of subjects taught.
2. For appointment to a teaching post in a college in the Faculty of Arts, Science or Commerce, it will be deemed adequate if the Master's degree is in the subject or group of subjects concerned irrespective of the subjects taken at the Bachelor's Degree Examination.
3. Experience must be in an affiliated college under this or any other Statutory University :

COMMERCE

Lecturer :

(1) Second Class M.Com.

or

(2) First Class B.Com.

or

(3) Second Class B.Com. and Pass Class M.Com. and two years' experience as a Tutor.

or

(4) Pass Class B.Com. and Pass Class M.Com. and experience as a Tutor for five years.

or

(5) Ph.D.

Note.—For Lecturer in Accountancy over and above the aforementioned qualifications, the following qualifications will be also accepted :

(*i*) Second Class B.Com. with C.A.

(*ii*) Pass Class B.Com. with C.A. with three years' professional standing.

Professor :

(1) Ph.D. with Second Class B.Com. and Second Class M.Com.

or

(2) Ph.D. with First Class B.Com.

or

(3) Second Class M.Com. (by Papers) from foreign University of repute.

or

(4) Second Class M.Com. and at least Second Class B.Com. from a foreign University of repute.

or

(5) First Class M.Com.

or

(6) First Class B.Com. from foreign University of repute

or

(7) Ph.D. with Second Class B.Com. or M.Com. and three years' teaching experience of Post-Intermediate level.

or

(8) First Class B.Com. and Second Class M.Com.

or

(9) Second Class B.Com. and Second Class M.Com. with five year's teaching experience of which at least three years must be at Post-Intermediate level.

or

(10) Second Class B.Com. and Pass Class M.Com. or Pass Class B.Com. and Second Class M.Com. *and* seven years' teaching experience as a Lecturer of which at least five years must be at Post-Intermediate level.

or

(11) Pass Class B Com. and Pass Class M.Com. and ten years' teaching experience as a Lecturer of which at least seven years must be at Post-Intermediate level.

(*Note.*—Accepted by the Syndicate in its meeting held on 12–3–1966.)

Besides holding academic qualifications and teaching experience as laid down in this behalf for the post of a Professor in the Faculty of Commerce the following additional requirement is necessary for holding the posts of Professors in different optional subjects :

Professor of Statistics :

1. A person concerned shall be B Sc. with Statistics or M.Sc. Entire Statistics or B.A. Statistics or M.A. Entire Statistics or B.Com. Statistics or M.Com. with optional Statistics.

or

2. A person holding Ph.D. in the subject.

Professor of Banking :

1. A person holding B.A. (Sp.) in Economics and M.A. with 'C' & 'D' Groups Entire Economics.

or

2. A person holding B.Com. with Banking and/or M.Com. with B(*d*) i.e., 'International Banking' and 'Foreign Exchanges'.

or

3. A person holding B.A. (Sp.) in Economics; M.A. with Entire Economics, i.e. with 'C'&'D' Groups and B.Com. with Banking.

or

4. A person holding Ph.D. in the subject or in the allied subject.

Professor of Economics of Cotton

1. A person with B.A. (Sp.) in Economics and M.A. with Entire Economics, i.e. with 'C' & 'D' Groups.

or

2. A person with B.Com. in Economics of Cotton and M.Com.

or

3. A person holding B.A. (Sp.) with Economics and M.A. with 'C' & 'D' Groups and B.Com. in Economics of Cotton.

or

4. A person holding Ph.D. [redacted] subject or in the allied subject.

Professor of Transport

1. A person holding B.Com. with Transport and M.Com.

or

2. A Ph.D. in the subject.

Professor of Public Finance and Administration

1. Person holding B.A. (Sp.) in Economics and M.A. in Entire Economics, i.e., 'C' & 'D' Groups.

or

2. A person holding B.Com. in any subject and/or M.Com.

or

3. A person holding Ph.D. in the subject.

Professor of Co-operation

1. A person holding B.A. (Sp.) in Economics and M.A. with 'C' & 'D' Groups provided he has offered 'D'(I) i.e., 'Agricultural Economics'.

or

2. A person holding B.Com. with Co-operation or M.Com. with Group B (*b*), i.e., Agricultural Co-operation, and Co-operative Finance and Marketing.

or

3. A person holding Ph.D. in the subject or in the allied subject.

Professor of Accountancy

The following qualifications will also be accepted for the post of Professor of Accountancy :

1. Second Class B.Com. with C.A. and five years' professional standing or three years' teaching experience as a Lecturer.
2. Pass Class B.Com. with C.A. with five years' teaching experience as a Lecturer.

Professor of Theory and Practice of Economic Development

1. Any one holding qualifications prescribed for the Professor of Economics [redacted]
2. A person holding Ph.D. in the subject.

N.B.— These rules should apply to new entrants only.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ-૯

G.U.P. 428-375-3-66

બાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની સને ૧૯૬૬ના ઑગસ્ટ માસની સભા, શનિવાર, તા. ૧૩-૮-૧૯૬૬ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે, ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન કાર્યકારી ઉપકુલપતિ શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈએ લીધું હતું. તે દિવસે સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી:

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૩-૮-૧૯૬૬
૧.	શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ, કાર્યકારી ઉપકુલપતિ	હાજર
૨.	શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૩.	શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	હાજર
૪.	શ્રી. રણજિતરાય ગંગાશંકર [illegible]	હાજર
૫.	શ્રી. ઇન્દ્રવદન માણેકલાલ [illegible]	ગેરહાજર
૬.	ડૉ. વાસુદેવ નટવરલાલ ત્રિપાઠી	હાજર
૭.	ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ	હાજર
૮.	શ્રી ઘનશ્યામલાલ છોટાલાલ ઓઝા	હાજર
૯.	શ્રી ઠાકોરભાઈ મણિભાઈ દેસાઈ	હાજર
૧૦.	શ્રી. બદુભાઈ હરિભાઈ દેસાઈ	હાજર
૧૧.	ડૉ. અશ્વિનકુમાર માધવલાલ ત્રિવેદી	હાજર
૧૨.	શ્રી. મણિશંકર પ્રભાશંકર પંડ્યા	હાજર
૧૩.	પ્રો. બી. આર. શિનોય	ગેરહાજર
૧૪.	આચાર્ય ચિમનભાઈ જે. પટેલ	હાજર
૧૫.	આચાર્ય મુકુન્દલાલ છોટાલાલ દેસાઈ	હાજર
૧૬.	આચાર્ય યશવંતરાય ગુલાબભાઈ નાયક	હાજર
૧૭.	આચાર્ય વિશ્વનાથ રામચંદ્ર રણદીવે	હાજર.

૧. તા. ૨/૩-૭-૧૯૬૬ના રોજ મળેલી સિન્ડિકેટની સભાના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૨/૩-૭-૧૯૬૬ના રોજ મળેલી સિન્ડિકેટની સભાના કામકાજની નોંધ નીચેના સુધારા સાથે મંજૂર કરવામાં આવી:

(૧) બાબત નં ૨૨ના ઠરાવનો પાઠ નીચે મુજબ વંચાય તેમ સુધારવો:

"આથી ઠરાવવામાં આવે છે કે, ૧૯૬૭ અને તે પછીની એમ.એ., એમ.એસસી. અને એમ.કૉમ.ની, નવા અભ્યાસક્રમ મુજબની, પરીક્ષામાં બેસતા વિદ્યાર્થીઓ માટે ખૂટતી હાજરી અંગે નીચેનું ધોરણ અપનાવવું:

"પ્રત્યેક ભાગની પરીક્ષા માટેનાં બે સત્રો પૈકી વિદ્યાર્થીએ ઓછામાં ઓછું એક સત્ર યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર ભર્યું હોય અને તેણે બીજા સત્રમાં ઓછામાં ઓછા પચાસ ટકા જેટલાં વ્યાખ્યાનો ભર્યાં હોય તો તેવા કેસોમાં તબીબી કારણસર ઉપકુલપતિશ્રીને યોગ્ય લાગે તે કારણે ખૂટતી હાજરી માફ કરવાની સત્તા આપવી."

(૨) બાબત નં. ૩૬ના ઠરાવમાં, "આથી ઠરાવવામાં આવે છે કે," — એ શબ્દોને બદલે, "આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે–" એ શબ્દો મૂકવા.

(૩) બાબત નં. ૬૧ના ઠરાવમાં "એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ" એ શબ્દોને બદલે "સદરહુ અભ્યાસસમિતિની ભલામણ" એ શબ્દો મૂકવા.

૨. પ્રકાશ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદે કરેલ કૉલેજના મકાનની ફેરબદલી અંગે નિમાયેલ તપાસસમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, પ્રકાશ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદને તેનું સ્થળ બદલીને સુરખેજ માર્ગ પર તેના નવા મકાનમાં [illegible] કામ શરૂ કર્યું છે તે મંજૂર રાખવું.

૩. સર પી. ટી. સાયન્સ કૉલેજ એન્ડ શ્રી. એચ. કે. શાહ એન્ડ શ્રીકૃષ્ણ એ. એમ. આર્ટ્સ કૉલેજ, મોડાસાની જૂન ૧૯૬૭થી વિભાગીકરણ માટે આવેલ જોડાણઅરજીના સંદર્ભમાં સદરહુ કૉલેજે વિનયનની વિદ્યાશાખા સાથે વાણિજ્યની વિદ્યાશાખા જોડવા માટે કરેલ વિનંતી સિન્ડિકેટે તેની તા. ૨/૩-૭-૧૯૬૬ની સભામાં નામંજૂર કરેલ. આ નિર્ણય પર પુનર્વિચારણા કરવા માટે મજકૂર કૉલેજના આચાર્ય તરફથી આવેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—ઑર્ડિ. ૧૨૦ પ્રમાણે નવી વિદ્યાશાખા માટે અરજી કરવાની તા. ૧૫મી માર્ચ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત અંગે પુનર્વિચારણા કરવા માટે સદરહુ કૉલેજના આચાર્યશ્રીની વિનંતી મંજૂર કરવી નહિ.

૪. પારેખ ધ્રુવરસ સાયન્સ એન્ડ શાહ કે. એસ. આર્ટ્સ કૉલેજ, કપડવણજમાં રાજ્યનીતિશાસ્ત્રના વિષયનું શિક્ષણકાર્ય કરતા શ્રી. જે. ડી. ભટ્ટને બે માસના શૈક્ષણિક અનુભવની

ઊણપ ક્ષમ્ય ગણીને રાજ્યનીતિશાસ્ત્રના વ્યાખ્યાતા તરીકે શિક્ષણકાર્ય કરવાની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—શ્રી. ભટ્ટ બી.એ.ની પદવી અર્થશાસ્ત્ર અને રાજ્યનીતિશાસ્ત્ર સાથે (દ્વિતીય વર્ગ) ધરાવે છે. એમ.એ.ની પદવી રાજ્યનીતિશાસ્ત્ર સાથે (પાસ વર્ગ) ધરાવે છે.]

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. જે. ડી. ભટ્ટની રાજ્યનીતિશાસ્ત્રના વ્યાખ્યાતા તરીકેની નિમણૂક માન્ય કરવી.

૫. પારેખ બ્રધર્સ સાયન્સ કૉલેજ એન્ડ શેઠ કેશવલાલ સોમાભાઈ આર્ટ્સ કૉલેજ, કપડવણજને યોગ્ય લાયકાત ધરાવતા અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક નહિ મળતા હોવાથી શ્રી. વી. એસ. દોશીની મુલાકાતી પ્રાધ્યાપક તરીકે કરેલ નિમણૂક કામચલાઉ ધોરણે માન્ય કરવા વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—સદરહુ કૉલેજે ગત વર્ષે પણ મુલાકાતી પ્રાધ્યાપક શ્રી. દોશીથી કામ ચલાવેલ. આ વર્ષે પણ શ્રી. દોશીને મુલાકાતી પ્રાધ્યાપક તરીકે ચાલુ રાખવા માગે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજને અર્થશાસ્ત્રનો વિષય મુખ્ય વિષય તરીકે શીખવવા માટે મુલાકાતી પ્રાધ્યાપક(Visiting Professor)ની વ્યવસ્થા કરવા માટે નીચેની શરતોએ ફક્ત એક વર્ષ માટે પરવાનગી આપવી:

(૧) સદરહુ પ્રાધ્યાપક દર અઠવાડિયે ઓછામાં ઓછા ચાર પિરિયડ સદરહુ કૉલેજમાં લેવાના રાખે;
(૨) સદરહુ પ્રાધ્યાપકનો કુલ કાર્યબોજ યુનિવર્સિટીનાં ધારાધોરણ કરતાં વધવા પામે નહિ; અને
(૩) જૂન ૧૯૬૭થી યોગ્ય લાયકાત ધરાવતા પૂરા સમયના પ્રાધ્યાપકની નિમણૂક કરવાની બાંયધરી આપવામાં આવે.

૬. આર્ટ્સ કૉલેજ, સંખેડામાં અર્થશાસ્ત્રના વિષયમાં પૂર્ણ સમયના પ્રાધ્યાપક અપ્રાપ્ય હોવાથી વિકલ્પે અર્થશાસ્ત્રના મુલાકાતી પ્રાધ્યાપકથી શિક્ષણકાર્ય કરવાની પરવાનગી આપવા અંગે સદરહુ કૉલેજના આચાર્યની વિનંતી પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—ગયે વર્ષે આવી વ્યવસ્થા એક વરસ પૂરતી મંજૂર કરવામાં આવી હતી.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજને અર્થશાસ્ત્રનો વિષય મુખ્ય વિષય તરીકે શીખવવા માટે મુલાકાતી પ્રાધ્યાપક(Visiting Professor)ની વ્યવસ્થા કરવા માટે નીચેની શરતોએ ફક્ત એક વર્ષ માટે પરવાનગી આપવી :

(૧) સદરહુ પ્રાધ્યાપક દર અઠવાડિયે ઓછામાં ઓછા ચાર પિરિયડ સદરહુ કૉલેજમાં લેવાના રાખે;
(૨) સદરહુ પ્રાધ્યાપકનો કુલ કાર્યબોજ યુનિવર્સિટીનાં ધારાધોરણ કરતાં વધવા પામે નહિ; અને
(૩) જૂન ૧૯૬૭થી યોગ્ય લાયકાત ધરાવતા પૂરા સમયના પ્રાધ્યાપકની નિમણૂક કરવાની બાંયધરી આપવામાં આવે.

૭. વી. એમ. પારેખ કૉમર્સ કૉલેજ, કપડવણજને યોગ્ય લાયકાત ધરાવતા વાણિજ્યના પ્રાધ્યાપક નહિ મળતા હોવાથી પ્રો. આઈ. એમ. પટેલની મુલાકાતી પ્રાધ્યાપક તરીકે નિમણૂક કામચલાઉ ધોરણે માન્ય કરવા મજકૂર કૉલેજના આચાર્ય તરફથી આવેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજને વાણિજ્યનો વિષય મુખ્ય વિષય તરીકે શીખવવા માટે મુલાકાતી પ્રાધ્યાપક(Visiting Professor)ની વ્યવસ્થા કરવા માટે નીચેની શરતોએ ફક્ત એક વર્ષ માટે પરવાનગી આપવી :

(૧) સદરહુ પ્રાધ્યાપક દર અઠવાડિયે ઓછામાં ઓછા ચાર પિરિયડ સદરહુ કૉલેજમાં લેવાના રાખે;

(૨) સદરહુ પ્રાધ્યાપકનો કુલ કાર્યબોજ યુનિવર્સિટીનાં ધારાધોરણ કરતાં વધવા પામે નહિ; અને

(૩) જૂન ૧૯૬૭થી યોગ્ય લાયકાત ધરાવતા પૂરા સમયના પ્રાધ્યાપકની નિમણૂક કરવાની બાંયધરી આપવામાં આવે.

૮. મ્યુનિસિપલ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મહેસાણાને યોગ્ય લાયકાત ધરાવતા વાણિજ્યના પ્રાધ્યાપક નહિ મળતા હોવાથી ખંડ સમયના પ્રાધ્યાપક શ્રી. એમ. એમ. ઓઝાથી ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતું સદરહુ વિષયનું કામ ચલાવવા મંજૂરી આપવા અંગે મજકૂર કૉલેજના આચાર્ય તરફથી આવેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજને વાણિજ્યનો વિષય મુખ્ય વિષય તરીકે શીખવવા માટે મુલાકાતી પ્રાધ્યાપક(Visiting Professor)ની વ્યવસ્થા કરવા માટે નીચેની શરતોએ ફક્ત એક વર્ષ માટે પરવાનગી આપવી :

(૧) સદરહુ પ્રાધ્યાપક દર અઠવાડિયે ઓછામાં ઓછા ચાર પિરિયડ સદરહુ કૉલેજમાં લેવાના રાખે;

(૨) સદરહુ પ્રાધ્યાપકનો કુલ કાર્યબોજ યુનિવર્સિટીનાં ધારાધોરણ કરતાં વધવા પામે નહિ; અને

(૩) જૂન ૧૯૬૭થી યોગ્ય લાયકાત ધરાવતા પૂરા સમયના પ્રાધ્યાપકની નિમણૂક કરવાની બાંયધરી આપવામાં આવે.

૯. પેટલાદ કૉલેજ, પેટલાદમાં અર્થશાસ્ત્રના પ્રાધ્યાપકની ખાલી પડેલી જગ્યાએ પૂર્ણ સમયના અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક અપ્રાપ્ય હોવાથી અર્થશાસ્ત્રના મુલાકાતી પ્રાધ્યાપક તરીકે શ્રી. આર. પી. ભાવસારની નિમણૂક માન્ય રાખવા માટે આચાર્યની વિનંતી પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) શ્રી. ભાવસાર આર. પી. આર્ટ્સ એન્ડ કે. બી. કૉમર્સ કૉલેજ, ખંભાતમાં અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક તરીકે શિક્ષણકાર્ય કરે છે અને તેઓનો કાર્યબોજ યુનિવર્સિટીના નિયમો કરતાં વધવા પામતો નથી.

(૨) તેઓને પેટલાદ કૉલેજમાં અઠવાડિક ૪ તાસનું શિક્ષણકાર્ય સોંપવામાં આવશે.]

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજને અર્થશાસ્ત્રનો વિષય મુખ્ય વિષય તરીકે શીખવવા માટે મુલાકાતી પ્રાધ્યાપક(Visiting Professor)ની વ્યવસ્થા કરવા માટે નીચેની શરતોએ ફક્ત એક વર્ષ માટે પરવાનગી આપવી :

(૧) સદરહુ પ્રાધ્યાપક દર અઠવાડિયે ઓછામાં ઓછા ચાર પિરિયડ સદરહુ કૉલેજમાં લેવાના રાખે;

(૨) સદરહુ પ્રાધ્યાપકનો કુલ કાર્યબોજ યુનિવર્સિટીનાં ધારાધોરણ કરતાં વધવા પામે નહિ; અને

(૩) જૂન ૧૯૬૭થી યોગ્ય લાયકાત ધરાવતા પૂરા સમયના પ્રાધ્યાપકની નિમણૂક કરવાની બાંયધરી આપવામાં આવે.

૧૦. શ્રી. સોમનાથ કૉલેજ, વેરાવળમાં વાણિજ્યના વિષયનું શિક્ષણકાર્ય કરી રહેલા શ્રી. સી. જી. શારડાને ચાલુ શૈક્ષણિક વર્ષ દરમિયાન વાણિજ્યના ખંડ સમયના પ્રાધ્યાપક તરીકે શિક્ષણકાર્ય કરવા દેવાની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—૧૯૬૫-૬૬ના શૈક્ષણિક વર્ષ દરમિયાન પણ શ્રી. શારડાને આ જ કૉલેજ માટે મુલાકાતી પ્રાધ્યાપક તરીકે રાખવામાં આવ્યા હતા.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજને વાણિજ્યનો વિષય મુખ્ય વિષય તરીકે શીખવવા માટે મુલાકાતી પ્રાધ્યાપક(Visiting Professor)ની વ્યવસ્થા કરવા માટે નીચેની શરતોએ ફક્ત એક વર્ષ માટે પરવાનગી આપવી :

(૧) સદરહુ પ્રાધ્યાપક દર અઠવાડિયે ઓછામાં ઓછા ચાર પિરિયડ સદરહુ કૉલેજમાં લેવાના રાખે;

(૨) સદરહુ પ્રાધ્યાપકનો કુલ કાર્યભોજ યુનિવર્સિટીનાં ધારાધોરણ કરતાં વધવા પામે નહિ; અને

(૩) જૂન ૧૯૬૭થી યોગ્ય લાયકાત ધરાવતા પૂરા સમયના પ્રાધ્યાપકની નિમણૂક કરવાની બાંયધરી આપવામાં આવે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, જો કોઈ કૉલેજમાં એક વિષયના શિક્ષણ માટે પૂરા સમયના પ્રાધ્યાપકને બદલે ખંડ સમયના પ્રાધ્યાપકથી ચલાવવાનો પ્રશ્ન ઊભો થાય તો, તેની વ્યવસ્થા, યોગ્ય લાગે તેવા કેસોમાં, એક વર્ષ પૂરતી મંજૂર કરવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૧૧. ગવર્નમેન્ટ મેડિકલ કૉલેજ, સુરતમાં ફિઝિયોલોજી વિષયના શિક્ષણકાર્ય માટે નિયુક્ત કરવામાં આવેલા ડૉ. ગિરીશ જે. કાઝીને ફિઝિયોલોજીના વ્યાખ્યાતા થવા માટે ખૂટતા ૧ માસના શૈક્ષણિક અનુભવની ઊણપ ક્ષમ્ય ગણીને શૈક્ષણિક કાર્ય કરવા દેવાની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) ડૉ. કાઝી એમ.ડી. પ્રાન્ચ ૧ની પદવી જનરલ મેડિસિન સાથે ધરાવે છે.
(૨) યુનિવર્સિટીના નિયમો અનુસાર વ્યાખ્યાતા થવા માટે ૧ માસનો અનુભવ ખૂટે છે.]

આથી ઠરાવવામાં આવે છે કે, ડૉ. ગિરીશ જે. કાઝીની ફિઝિયોલોજીના વ્યાખ્યાતા તરીકેની નિમણૂક મંજૂર કરવી.

૧૨. સરકારી દંત મહાવિદ્યાલય અને રુગ્ણાલય, અમદાવાદને યોગ્ય શૈક્ષણિક લાયકાત ધરાવતા વ્યાયામશિક્ષક મળી શકયા ન હોવાથી શ્રી. કે. એમ. જોષીને ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતા ખંડ સમયના વ્યાયામશિક્ષક તરીકે કાર્ય કરવાની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—શ્રી. કે. એમ. જોષી, એમ.એ. તથા સી.પી.એડ.ની પદવી ધરાવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજમાં ખંડ સમયના વ્યાયામશિક્ષકની નિમણૂક મંજૂર કરવી નહિ, અને તે કૉલેજના આચાર્યને જણાવવું કે, ૫મી નવેમ્બર ૧૯૬૬ સુધીમાં યોગ્ય લાયકાત ધરાવતા પૂરા સમયમા વ્યાયામ શિક્ષકની નિમણૂક કરીને યુનિવર્સિટી કાર્યાલયને તેની જાણ અવશ્ય કરવી.

૧૩. ભારતીય પ્રૌઢ શિક્ષણ મંડળના આશ્રયે "પ્રૌઢ શિક્ષણ તથા આર્થિક વિકાસ" નામક ૧૪મો રાષ્ટ્રીય પરિસંવાદ તા. ૨૧થી ૨૪ ઑગસ્ટ ૧૯૬૬ દરમિયાન નવી દિલ્હી મુકામે ભરાનાર હોઈ, તેમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિની નિમણૂક કરવા સદરહુ મંડળના માનદ સામાન્ય મંત્રીના તા. ૨૭ જૂન ૧૯૬૬ના પત્રાંક એન.એસ.ઈ.એમ.-૧૪-૬૧-૧૯૬૬ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈની નિમણૂક કરવી.

૧૪. "થર્મોમેટ્રી" ઉપરનું એક સંમેલન નવી દિલ્હી મુકામે તા. ૨૬થી ૨૮ સપ્ટેંબર ૧૯૬૬ દરમિયાન મળનાર હોઈ, તેમાં હાજરી આપવા આ યુનિવર્સિટીના પ્રતિનિધિની નિમણૂક કરવા નેશનલ ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી તરફથી આવેલ તા. ૧૨-૭-૧૯૬૬ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સંમેલનમાં યોગ્ય કક્ષાના સંશોધનપત્રો રજૂ કરી શકે તેવા કોઈ શિક્ષક યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનમાંથી મળી શકે તેમ હોય તો તે પૈકી કોઈ એક જણને, આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે, તે સંમેલનમાં ભાગ લેવા માટે મોકલવા વાસ્તે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૧૫. ઇન્ટરનેશનલ સોસાયટી ઑફ કાર્ડિયોલોજીના ઉપક્રમે "વર્લ્ડ કૉંગ્રેસ ઑફ કાર્ડિયોલોજી"નું પાંચમું અધિવેશન નવી દિલ્હી મુકામે મળનાર હોઈ, તેમાં હાજરી આપવા આ યુનિવર્સિટીના પ્રતિનિધિની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિષદના આગામી અધિવેશનમાં, આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે, ડૉ. છોટુભાઈ એચ. નાયકની નિમણૂક કરવી.

૧૬. "સ્પેક્ટ્રોસ્કોપી" અંગેની આંતરરાષ્ટ્રીય પરિષદ મુંબઈ મુકામે તા. ૯થી ૧૮ જાન્યુઆરી ૧૯૬૭ દરમિયાન મળનાર હોઈ, તેમાં હાજરી આપવા આ યુનિવર્સિટીના પ્રતિનિધિની નિમણૂક કરવા, "ઇન્ટરનેશનલ કૉન્ફરન્સ ઑન સ્પેક્ટ્રોસ્કોપી"ની વ્યવસ્થાપક સમિતિના અધ્યક્ષના તા. ૧૩ જુલાઈ ૧૯૬૬ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિષદમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવાની જરૂર જણાતી નથી.

૧૭. બેંગલોર મુકામે યોજાયેલ આચાર્યો માટેના વર્કશોપની ભલામણ અનુસાર પ્રાંત દીઠ આવાં વર્કશોપ યોજવા અંગે ઇન્ટર-યુનિવર્સિટી બોર્ડ ઑફ ઇન્ડિયાના તા. ૨૩ જૂન ૧૯૬૬ના પત્ર પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) મુસાફરી તથા દૈનિક ભથ્થું યુનિવર્સિટીએ ભોગવવાનું રહેશે. (૨) બેંગલોર મુકામે યોજેલાં વર્કશોપમાં હાજરી આપેલ આચાર્યોને સંચાલક તરીકે નીમવા સૂચવ્યું છે. સદરહુ વર્કશોપમાં આ યુનિવર્સિટી તરફથી કોઈ હાજરી આપી શકયું નથી. (૩) અંદાજી ખર્ચ આશરે રૂા. ૬,૦૦૦ થશે.]

આથી ઠરાવવામાં આવે છે કે, આ યુનિવર્સિટીમાં સદરહુ વર્કશૉપ યોજવાની જરૂર જણાતી નથી.

૧૮. સેનેટના નીચેના હોદ્દાગત સભ્યોને, તેમનાં નામ સામે જણાવેલ વિદ્યાશાખા હેઠળ આવતી કોઈ બે વિષયોની અભ્યાસસમિતિઓનું સભ્યપદ આપવા બાબત :

ક્રમાંક	આચાર્યનું નામ	વિદ્યાશાખા	ઇચ્છિત વિષયોની અભ્યાસ-સમિતિઓ	અનુ. પદવી પરીક્ષાઓના વિષયો
૧.	શ્રી. એમ. એમ. નાયક, એમ.એ.	શિક્ષણ સહિતની વિનયન	૧. ગુજરાતી ૨. હિંદી	ગુજરાતી અર્ધમાગધી
૨.	ડૉ. પી. એમ. મજમુદાર, એમ.એ., પીએચ.ડી.	વાણિજ્ય	૧. અર્થશાસ્ત્ર ૨. લેબર વેલ્ફેર	અર્થશાસ્ત્ર
૩.	શ્રી. બી. એમ. પીરઝાદા, એમ.એ.	વાણિજ્ય	૧. અર્થશાસ્ત્ર ૨. વાણિજ્ય	અર્થશાસ્ત્ર
૪.	શ્રી. વી. એફ. શાહ, એમ એસસી.	વિજ્ઞાન	૧. ગણિત ૨. ભૌતિકવિજ્ઞાન	ગણિત
૫.	ડૉ. આઈ. જે. ભટ્ટ, એમ.એ., પીએચ.ડી., બી.એડ	શિક્ષણ સહિતની વિનયન	૧. ગુજરાતી ૨. ગણિત	ગુજરાતી–સંસ્કૃત (ગુજરાતી–ગણિત)
૬.	શ્રી. બી. એમ. પંડિત, એમ.એ.	વાણિજ્ય	૧. વાણિજ્ય ૨. ગણિત	ગુજરાતી–સંસ્કૃત (બી.એ.માં ગુજરાતી–ગણિત)
૭.	શ્રી. સી. પી. જેરાજાણી, એમ.એ., એલએલ.બી.	શિક્ષણ સહિતની વિનયન	૧. અર્થશાસ્ત્ર ૨. રાજ્યશાસ્ત્ર	અર્થશાસ્ત્ર (બી.એ.માં અર્થશાસ્ત્ર–રાજ્યશાસ્ત્ર)
૮.	શ્રી. એસ. આર. દવે, એમ.એ.	શિક્ષણ સહિતની વિનયન	૧. અર્થશાસ્ત્ર ૨. સહકાર	અર્થશાસ્ત્ર
૯.	શ્રી. એન. એન. ઉદવાડિયા, એમ.એસસી.	વિજ્ઞાન	૧. વનસ્પતિવિજ્ઞાન ૨. પ્રાણીવિજ્ઞાન	વનસ્પતિવિજ્ઞાન પ્રાણીવિજ્ઞાન
૧૦.	શ્રી. વી. એસ. વણીકર, એમ.એ., બી.ટી.	શિક્ષણ સહિતની વિનયન	૧. શિક્ષણ ૨. મનોવિજ્ઞાન	તત્ત્વજ્ઞાન– મનોવિજ્ઞાન
૧૧.	ડૉ. એમ. એચ. પટેલ, એમ.એ., પીએચ.ડી.	,,	૧. અર્થશાસ્ત્ર ૨. સહકાર	અર્થશાસ્ત્ર

જૂન ૧૯૬૬થી શરૂ થયેલ નવી કૉલેજોના આચાર્યો

ક્રમાંક	આચાર્યનું નામ	વિદ્યાશાખા	ઇચ્છિત વિષયોની અભ્યાસ-સમિતિઓ	અનુ. પદવી પરીક્ષાઓના વિષયો
૧.	ડૉ. સુધા રમણલાલ દેસાઈ, એમ.એ., પીએચ.ડી.	શિક્ષણ સહિતની વિનયન	૧. પ્રાચીન ભારતીય સંસ્કૃતિ ૨. લલિતકળા	સમાજશાસ્ત્ર, પ્રાચીન ભારતીય સંસ્કૃતિ
૨.	શ્રી. એમ. ડી. ભટ્ટ, એમ.એ., બી.એસસી. (લંડન)	શિક્ષણ સહિતની વિનયન	૧. અર્થશાસ્ત્ર ૨. સંસ્કૃત	અર્થશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, સંસ્કૃત
૩.	શ્રી. એમ. આર. ત્રિવેદી, એમ.એસસી.	વિજ્ઞાન	૧. રસાયણવિજ્ઞાન ૨. ભૌતિકવિજ્ઞાન	કાર્બનિક રસાયણવિજ્ઞાન
૪.	શ્રી. જયેન્દ્ર એચ. દવે, એમ.એ.	શિક્ષણ સહિતની વિનયન	૧. ગુજરાતી ૨. —	ગુજરાતી સંસ્કૃત
૫.	શ્રી. જે. જી. પટેલ, એમ.એસસી.	વિજ્ઞાન	૧. ભૌતિકવિજ્ઞાન ૨. ગણિત	ભૌતિકવિજ્ઞાન
૬.	ડૉ. આર. એલ. ઉમરવાડિયા એમ.એ., પીએચ.ડી.	શિક્ષણ સહિતની વિનયન	૧. અંગ્રેજી ૨. ગુજરાતી	અંગ્રેજી, ગુજરાતી
૭.	ડૉ. એ. જી. મુનશી એમ એસસી., પીએચ.ડી.	વિજ્ઞાન	૧. રસાયણવિજ્ઞાન ૨. વનસ્પતિવિજ્ઞાન	રસાયણવિજ્ઞાન

(**નોંધ.**—કોટાણુવિજ્ઞાનના વિષયની બીજી અભ્યાસસમિતિ, તલોદના આચાર્યપદે હતા ત્યારે હતી. હવે તેને બદલે વનસ્પતિવિજ્ઞાનના વિષયની અભ્યાસસમિતિ માગે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સેનેટના નીચે જણાવેલા સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ અભ્યાસસમિતિનું સભ્યપદ આપવું.

ક્રમાંક	આચાર્યનું નામ	અભ્યાસસમિતિઓ
૧.	શ્રી. એમ. એમ. નાયક, એમ.એ.	૧. ગુજરાતી ૨. હિંદી
૨.	ડૉ. પી. એમ. મજમુદાર, એમ.એ., પીએચ.ડી.	૧. અર્થશાસ્ત્ર ૨. લેબર વેલ્ફેર
૩.	શ્રી. બી. એમ. પીરઝાદા, એમ.એ.	૧. અર્થશાસ્ત્ર ૨. વાણિજ્ય
૪.	શ્રી. વી. એફ. શાહ, એમ.એસસી.	૧. ગણિત ૨. ભૌતિકવિજ્ઞાન
૫.	ડૉ. આઈ. જે. ભટ્ટ, એમ.એ., પીએચ.ડી., બી.એડ.	૧. ગુજરાતી ૨. ગણિત

ક્રમાંક	આચાર્યનું નામ	અભ્યાસસમિતિઓ
૬.	શ્રી. બી. એમ. પંડિત, એમ.એ.	૧. વાણિજ્ય ૨. ગણિત
૭.	શ્રી. સી. પી. જેરાજાણી, એમ.એ., એલએલ.બી.	૧. અર્થશાસ્ત્ર ૨. રાજ્યશાસ્ત્ર
૮.	શ્રી. એસ. આર. દવે, એમ.એ.	૧. અર્થશાસ્ત્ર ૨. સહકાર
૯.	શ્રી. એન. એન. ઉદવાડિયા, એમ.એસસી.	૧. વનસ્પતિવિજ્ઞાન ૨. પ્રાણીવિજ્ઞાન
૧૦.	શ્રી. વી. એસ. વણીકર, એમ.એ.,બી.ટી.	૧. શિક્ષણ ૨. મનોવિજ્ઞાન
૧૧.	ડૉ. એમ. એચ. પટેલ, એમ.એ.,પીએચ.ડી.	૧. અર્થશાસ્ત્ર ૨. સહકાર
૧૨.	ડૉ. સુધા રમણલાલ દેસાઈ, એમ.એ.,પીએચ.ડી.	૧. પ્રાચીન ભારતીય સંસ્કૃતિ ૨. લલિતકળા
૧૩.	શ્રી. એમ. ડી ભટ્ટ, એમ.એ., બી.એસસી. (લંડન)	૧. અર્થશાસ્ત્ર ૨. સંસ્કૃત
૧૪.	શ્રી. એમ. આર. ત્રિવેદી, એમ.એસસી.	૧. રસાયણવિજ્ઞાન ૨. ભૌતિકવિજ્ઞાન
૧૫.	શ્રી. જ્યોતીન્દ્ર એચ. દવે, એમ.એ.	૧. ગુજરાતી ૨. —
૧૬.	શ્રી. જે. જી. પટેલ, એમ.એસસી.	૧. ભૌતિકવિજ્ઞાન ૨. ગણિત
૧૭.	ડૉ. આર. એલ. ઉમરવાડિયા, એમ.એ., પીએચ.ડી.	૧. અંગ્રેજી ૨. ગુજરાતી
૧૮.	ડૉ. એ. જી. મુનશી, એમ.એસસી., પીએચ.ડી.	૧. રસાયણવિજ્ઞાન ૨. વનસ્પતિવિજ્ઞાન.

૧૯. ગુજરાત યુનિવર્સિટીના ભાષા-સાહિત્ય ભવનના ત્રિવાર્ષિક તપાસ અંગેના આવેલા અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ અહેવાલ એકેડેમિક કાઉન્સિલની તથા બોર્ડ ઓફ યુનિવર્સિટી ટીચિંગની વિચારણા માટે મોકલવો.

૨૦. અર્થશાસ્ત્રની અભ્યાસસમિતિની તા. ૨૧-૬-૧૯૬૬ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

"અર્થશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવાની પદ્ધતિઓમાં કેવા ફેરફારો થઈ શકે તથા પ્રો. બનેટે કરેલાં સૂચનોને ધ્યાનમાં લઈને શું કરવા જેવું છે અને શું થઈ શકે તેમ છે તેની ચર્ચાવિચારણા કરવા તથા શિક્ષકોને જરૂરી માર્ગદર્શન મળે તે માટે આ વિષય શીખવતા સંલગ્ન કૉલેજોના અધ્યાપકોનો ૭ દિવસનો એક ગ્રીષ્મ વર્ગ યોજવા તથા આ અંગે આર્થિક સહાય માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને લખવું અને જરૂરી આર્થિક સહાય મળ્યા બાદ આ ગ્રીષ્મ વર્ગનું આયોજન કરવાનું રાખવું.

આ ગ્રીષ્મ વર્ગમાં નિષ્ણાત તરીકે કોઈને બોલાવવાના હોય તો તે અંગે અધ્યક્ષ ઘટતું કરવા જણાવશે."

આથી ઠરાવવામાં આવે છે કે, અર્થશાસ્ત્રના અભ્યાસક્રમમાં શીખવવાની પદ્ધતિઓ અંગે કૉલેજોના શિક્ષકોને માટે સાત દિવસનો એક પરિસંવાદ યોજવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન સમક્ષ પ્રસ્તાવ રજૂ કરવો.

(**નોંધ.**—સદરહુ પ્રસ્તાવ અર્થશાસ્ત્રની અભ્યાસસમિતિના અધ્યક્ષ આચાર્ય ચિમનભાઈ જે. પટેલ અને આચાર્ય એમ. સી. દેસાઈનું માર્ગદર્શન મેળવીને તૈયાર કરવાનું રાખવું.)

૨૧. ઑર્ડિનન્સ ૧૮૫ અનુસાર નીચેની હાઇસ્કૂલોને પ્રેક્ટિસિંગ સ્કૂલો તરીકે માન્યતા આપવાના ડી. જી. મહાવિદ્યાલય, અલિયાબાડાના આચાર્યના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત:

૧. શ્રી વિવિધલક્ષી વિનય મંદિર, અલિયાબાડા
૨. શ્રી ડી. સી. સી. હાઇસ્કૂલ, જામનગર
૩. શ્રી મ્યુનિસિપલ હાઇસ્કૂલ, જામનગર
૪. શ્રી સન્તૂબા હાઇસ્કૂલ, જામનગર
૫. શ્રી નવાનગર હાઇસ્કૂલ, જામનગર
૬. શ્રી શિશુવિહાર હાઇસ્કૂલ, જામનગર
૭. શ્રી રતનબાઈ કન્યા વિદ્યાલય, જામનગર
૮. શ્રી સેંટ ઝેવિયર્સ માધ્યમિક શાળા, જામનગર
૯. શ્રી ગ્રામપંચાયત માધ્યમિક શાળા, જામવંથળી (જામનગર)
૧૦. શ્રી ગ્રામપંચાયત માધ્યમિક શાળા, જોડિયા.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવો.

૨૨. સિન્ડિકેટે તેની તા. ૫-૩-૧૯૬૮ની સભામાં અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન સંચાલિત એસ. સી. એલ. જનરલ હૉસ્પિટલ, સરસપુરને ઑ. ૨૭૨ અને ૨૭૨-એ અનુસાર

રેટેટિંગ હાઉસમૅનશિપ માટે માન્યતા આપવા અંગે નીમેલી તપાસસમિતિના તા. ૧૪-૬-૧૯૬૬ના નીચેના રિપોર્ટ ઉપર વિચારણા કરવા બાબત :

"The work-load and total turn over is also quite satisfactory to permit 2 students in Surgery, 2 students in Medicine and 4 in Obstetrics and Gynaecology to do their rotating housemanship at this institution."

આથી ઠરાવવામાં આવે છે કે, એસ. બી. એલ. જનરલ હૉસ્પિટલ, સરસપુરને નીચે જણાવ્યા પ્રમાણે 'રોટેટિંગ હાઉસમૅનશિપ' માટે માન્ય કરવી :

૨ વિદ્યાર્થીઓ સર્જરી માટે
૨ વિદ્યાર્થીઓ મેડિસિન માટે, અને
૪ વિદ્યાર્થીઓ ઑબ્સ્ટેટ્રિક્સ અને ગાયનેકોલોજી માટે.

૨૩. ઑર્ડિ. ૭૩ નીચે જણાવ્યા પ્રમાણે વંચાય તે રીતે સુધારવાના કાર્યાલયના સૂચન પર વિચારણા કરવા બાબત :

"Under no circumstances, a student seeking admission to any class in this University, shall be admitted to a college, a recognised Institution or a University Department after the expiry of one month from the date of the commencement of any term."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ઑર્ડિનન્સમાં કશો સુધારો કરવાની જરૂર જણાતી નથી.

૨૪. ફાઇનાન્સ સમિતિના સભ્ય તરીકે ચાલુ રહેવા અશક્તિ દર્શાવતા શ્રી. ચિમનભાઈ જે. પટેલના તા. ૨૮-૭-૧૯૬૬ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ફાઇનાન્સ સમિતિ પર આચાર્ય ચિમનભાઈ જે. પટેલની જગ્યાએ, બાકીના સમય માટે, શ્રી. મણિશંકર પી. પંડ્યાને નીમવા.

૨૫. ઓ. ૭ પ્રમાણે બોર્ડ ઑફ સ્પોર્ટ્સ ઉપર ચાર નિષ્ણાત સભ્યોને તા. ૭-૮-૧૯૬૮ સુધીના સમય માટે નિયુક્ત કરવા બાબત.

(નોંધ.— ૧. હાલ શ્રી. છગનભાઈ પી. પટેલ, ૨. શ્રી. રતિલાલ કે. પટેલ, ૩. શ્રી. ચિનુભાઈ પી. શાહ, અને ૪. શ્રી. જુગલકિશોર મિસ્ત્રી નિયુક્ત થયેલા છે. ઓ. ૭ પ્રમાણે નિયુક્ત થતા આચાર્યની મુદત પણ તા. ૭-૮-૧૯૬૮ સુધીની છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, બોર્ડ ઑફ સ્પોર્ટ્સ પર નીચેના સભ્યોને તેમની જગ્યાએ તા. ૭-૮-૧૯૬૮ સુધી ચાલુ રાખવા :

૧. શ્રી. છગનભાઈ પી. પટેલ
૨. શ્રી. રતિલાલ કે. પટેલ
૩. શ્રી. ચિનુભાઈ પી. શાહ
૪. શ્રી. જુગલકિશોર મિસ્ત્રી.

૨૬. સુધારેલા ઑ. ૧૫ પ્રમાણે યુનિવર્સિટી વિસ્તારના પાડવામાં આવેલ ચાર વિભાગમાં ઉત્તર અને દક્ષિણ વિભાગ જે પહેલાં એક હતા તે જુદા થતા હોવાથી ઑ. ૭ પ્રમાણે વિભાગીય રમતસમિતિના અધ્યક્ષ ન હોય તેવા એક એક આચાર્યની બોર્ડ ઑફ સ્પોર્ટ્સના સભ્ય તરીકે નિયુક્તિ કરવા બાબત.

(નોંધ.—કડી કૉલેજના પ્રિન્સિ. સી. એમ. મહેતા ઉત્તર-દક્ષિણ જોડિયા વિભાગના પ્રતિનિધિ હતા. પણ હવે તેઓ તે કૉલેજના આચાર્ય નથી, પણ દક્ષિણ વિભાગની બોલવડમાં આવેલ કૉલેજના આચાર્ય છે; તથા ઉત્તર વિભાગના અધ્યક્ષ, ડાકોરની ભવન કૉલેજના આચાર્ય એલ. ડી. દવે છે; તથા દક્ષિણ વિભાગના અધ્યક્ષ વલસાડની આર્ટ્સ અને કૉમર્સ કૉલેજના આચાર્ય શ્રી. આર. એલ. સંઘવી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બોર્ડ પર ઉત્તર અને દક્ષિણ વિભાગના આચાર્ય સભ્યો તરીકે નીચે જણાવેલા સભ્યોને તા. ૭-૮-૧૯૬૮ સુધી નીમવા :

૧. આચાર્ય હરિહર શુક્લ (ઉત્તર વિભાગ)
૨. આચાર્ય સી. એમ. દેસાઈ (દક્ષિણ વિભાગ).

૨૭. ઑર્ડિનન્સ ૪૧ અન્વયે, ફૉરેન યુનિવર્સિટીઝ ઇન્ફર્મેશન બ્યૂરોના ચાલુ સભ્યોની મુદત તા. ૪ માર્ચ ૧૯૬૬ના રોજ પૂરી થઈ હોવાથી વધુ ત્રણ વર્ષની મુદત માટે, પ્રત્યેક વિદ્યાશાખાનું પ્રતિનિધિત્વ સચવાય તે રીતે, સભ્યોની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, 'ફૉરેન યુનિવર્સિટીઝ ઇન્ફર્મેશન બ્યૂરો' પર તા. ૧૪-૮-૧૯૬૬થી તા. ૧૩-૮-૧૯૬૯ સુધી નીચેના સભ્યોને નીમવા :

૧. આચાર્ય આર. જી. ભટ્ટ
૨. પ્રો. જે. જે. ચિનોય
૩. આચાર્ય ટી. એમ. પરીખ
૪. આચાર્ય એમ. સી. દેસાઈ
૫. ડૉ. જે. બી. હરિભક્તિ
૬. આચાર્ય એમ. એસ. પંડિત
૭. આચાર્ય એમ. સી. દેસાઈ (એગ્રિકલ્ચર)
૮. ખાલી (આયુર્વેદ).

૨૮. ઑર્ડિનન્સ ૧૦૯(બી) પ્રમાણે આરોગ્યકેન્દ્રની સ્થાયી સમિતિ પર સિન્ડિકેટે બે સભ્યો નીમવા બાબત.

[નોંધ.—ઉપર્યુક્ત ઑર્ડિનન્સ મુજબ આરોગ્યકેન્દ્રની સ્થાયી સમિતિ પર ત્રણ સભ્યો હોદ્દાની રૂએ (૧) મેડિકલ ફેકલ્ટીના ડીન, (૨) બી. જે. મેડિકલ કૉલેજના ડીન, અને (૩) મ્યુનિસિપલ મેડિકલ કૉલેજના ડીન (બીજા બે સિન્ડિકેટ નીમે છે.), તા. ૧૩-૭-૧૯૬૩ની સિન્ડિકેટના ઠરાવ નં. ૧૮ મુજબ સિન્ડિકેટે (૪) શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી, અને (૫) ચીફ મેડિકલ ઑફિસરને નીમ્યા હતા. આ બે સભ્યોની મુદત પૂરી થતી હોવાથી નવા સભ્યો નીમવાના છે.]

આથી ઠરાવવામાં આવે છે કે, આરોગ્યકેન્દ્રની સ્થાયી સમિતિ પર સિન્ડિકેટના પ્રતિનિધિઓ તરીકે (૧) શ્રી. રણજિતરાય મ. શાસ્ત્રી, અને (૨) યુનિવર્સિટીના ચીફ મેડિકલ ઑફિસરને વધુ ત્રણ વર્ષ માટે ચાલુ રાખવા.

૨૯. યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજોના (વહીવટી) કર્મચારીઓ માટે ભારત સરકાર તરફથી એક અઠવાડિયાનો "ઇન-સર્વિસ ટ્રેનિંગ કોર્સ-ઇન-સ્ટેટિસ્ટિક્સ" યોજવા અંગે આવેલ દરખાસ્ત ઉપર વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) આશરે ૬૦ કૉલેજોના કર્મચારીઓને બોલાવીએ તો અંદાજી ખર્ચ રૂા. ૪,૦૩૦ આવે.

(૨) સદરહુ યોજના અંગે સિન્ડિકેટે તેની તા. ૨૦/૨૧-૧૧-૧૯૬૫ની સભામાં ઠરાવેલું કે તે માટેનો તમામ ખર્ચ ભારત સરકાર આપે તો આ વર્ગો ચલાવવા, પણ ભારત સરકાર ખર્ચના ૫૦ ટકાથી વધુ આર્થિક સહાય આપી શકશે નહિ.]

આથી ઠરાવવામાં આવે છે કે, આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજોના કર્મચારીઓ માટે સદરહુ 'ઇન-સર્વિસ ટ્રેનિંગ કોર્સ-ઇન-સ્ટેટિસ્ટિક્સ' યોજવાનું રાખવું, અને તે માટે ખર્ચના ૫૦ ટકા જેટલી ભારત સરકારની સહાય મળે તો, બાકીના રૂા. ૨,૦૦૦નો ખર્ચ યુનિવર્સિટીએ ભોગવવો, અને તે રીતે કુલ રૂા. ૪,૦૦૦નો ખર્ચ મંજૂર કરવો.

૩૦. ઑક્ટોબર ૧૯૬૬થી લેવાનાર તબીબી વિદ્યાશાખાની જુદી જુદી પરીક્ષાઓમાં પ્રશ્નપત્રોના અંગ્રેજી પાઠની સાથે ગુજરાતી પાઠ આપવાની પ્રથા છે તે બંધ કરવા અંગે ડૉ. જે. બી. હરિભક્તિના સૂચન પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સૂચનની નોંધ લેવી.

૩૧. ચાલુ સાલે લેવાયેલ થર્ડ બી.એ., થર્ડ બી.એસસી. (સપ્લે.), થર્ડ બી.એસસી. (જન.) અને થર્ડ બી.કૉમ.ની પરીક્ષાનાં નવાં પદવી પ્રમાણપત્રો જે છપાવવાનાં છે તેના મુસદ્દા મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, બી.એ., બી.એસસી. અને બી.કૉમ.ની પદવીઓનાં પ્રમાણપત્રોના સુધારેલા મુસદ્દા મંજૂર કરવા.

(પ્રમાણપત્રોના સુધારેલા મુસદ્દાની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૩૨. મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાએ ઇન્ડિયન મેડિકલ કાઉન્સિલ ઍક્ટ, ૧૯૫૬ની કેટલીક બાબતો પર સૂચવેલ સુધારા પર યુનિવર્સિટીનાં સૂચન કે કોઈ અભિપ્રાય હોય તો તે જણાવવા અંગે રાજ્ય સરકારના ડિરેક્ટર ઑફ હેલ્થ અને મેડિકલ સર્વિસીઝ તરફથી આવેલ તા. ૧૫-૭-૧૯૬૬ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત તબીબી વિદ્યાશાખાની વિચારણા માટે મોકલવી.

૩૩. ઑક્ટોબર ૧૯૬૬માં લેવાનાર જુદી જુદી પરીક્ષાઓમાં પ્રાશ્નિકો તથા પરીક્ષકોની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઑક્ટોબર ૧૯૬૬માં લેવાનાર જુદી જુદી પરીક્ષાઓ માટે પ્રાશ્નિકો અને/અથવા પરીક્ષકોની નિમણૂકો માટેની (પરીક્ષા સમિતિ અને એકેડેમિક કાઉન્સિલની) ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી ભલામણોની નકલ પરિશિષ્ટ તરીકે સામેલ કરવામાં આવી નથી.)

૩૪. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનમાં જુ. ક્લાર્ક (એકાઉન્ટ્સ) તરીકે કામ કરતાં શ્રીમતી આશાબહેન જે. છાયાનો અજમાયશી સમય તા. ૧૬-૯-૧૯૬૬ના રોજ પૂરો થતો હોઈ, તેઓને તા. ૧૭-૯-૧૯૬૬થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

શ્રીમતી આશાબહેન જે. છાયાની કામગીરી અંગેનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે, શ્રીમતી આશાબહેન જે. છાયાને હાલ કાયમ ન કરતાં તેમના અજમાયશી સમયની મુદ્દત વધુ એ વર્ષ લંબાવવી અને તેમને ઘટતો પત્ર લખીને જણાવવું કે, લંબાવાયેલા અજમાયશી સમય દરમિયાન તેમની સેવાઓ સંતોષકારક જણાશે નહિ તો તેમને ફારેગ કરવાની ફરજ પડશે.

૩૫. ગ્રંથાલય વિભાગમાં જુ. ક્લાર્કની જગ્યા પર કામ કરેલ કુ. કાશ્મીરા કે. ઝવેરી રાજીનામું આપી છૂટાં થયાં હોવાથી તેમના ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ પરત કરવા માટે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—તેઓ તા. ૨-૧-૧૯૬૩થી જોડાયેલાં હતાં, અને તા. ૪-૫-૧૯૬૬થી તેમનું રાજીનામું મંજૂર થયેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, કુ. કાશ્મીરા કે. ઝવેરીને તેમને ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર ચૂકવી આપવી.

૩૬. શ્રી. બી. એમ. શાહ, લેક્ચરર, વિજ્ઞાન વિદ્યાભવનમાં (ગણિત વિભાગમાં) તા. ૩૦-૬-૧૯૬૬થી વિજ્ઞાન વિદ્યાભવનના સમય બાદ રાજીનામું આપી છૂટા થયા છે તો તેમના ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ તથા યુનિવર્સિટીએ આપવાની ફાળાની રકમ પરત આપવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—શ્રી. બી. એમ. શાહ તા. ૧૫-૬-૧૯૬૧ના રોજ જોડાયા હતા, અને તા. ૩૦-૬-૧૯૬૬થી છૂટા થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. બી. એમ. શાહને ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર ચૂકવી આપવી.

૩૭. યુનિવર્સિટી કાર્યાલયમાં હિસાબ વિભાગમાં જુ. એકાઉન્ટન્ટ તરીકે કામ કરતા શ્રી. બી. કે. શાહને તા. ૯-૯-૧૯૬૬થી રૂા. ૩૨૦-૨૦-૪૦૦ ઈ.બી.-૨૦-૪૪૦ના પગારધોરણમાં એફિશિયન્સી બાર ઓળંગવા અંગે પરવાનગી આપવા વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—તેઓના હાલ મૂળ માસિક પગાર રૂા. ૪૦૦ છે.)

ડેપ્યુટી એકાઉન્ટન્ટ શ્રી. બી. કે. શાહની કામગીરી અંગેનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે, શ્રી. બી. કે. શાહને તા. ૯-૯-૧૯૬૬થી 'એફિશિયન્સી બાર' ઓળંગવા માટે પરવાનગી આપવી.

૩૮. ૧૯૬૬-૬૭ના અંદાજપત્રમાં રજિસ્ટ્રારના કાર્યાલય (પરીક્ષા વિભાગ) માટે મોંઘવારી ભથ્થાં તથા બીજાં ભથ્થાંના મુખ્ય (જે અંદાજે રૂા. ૩૩,૦૦૦ની રકમ થવા જાય છે) મથાળા નીચે ઓવરટાઇમ ભથ્થાં માટે રૂા. ૧૫,૦૦૦ અંદાજેલા છે તેને બદલે રૂા. ૩૩,૦૦૦નો અંદાજ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ૧૯૬૬-૬૭ના અંદાજપત્રમાં, શ્રી. રજિસ્ટ્રારના કાર્યાલય (પરીક્ષા વિભાગ) માટે "મોંઘવારી ભથ્થાં તથા બીજાં ભથ્થાં"ના મુખ્ય મથાળા નીચે, ઓવરટાઇમ ભથ્થાં માટે વધુ રૂા. ૧૮,૦૦૦ની અંદાજી જોગવાઈ કરવી.

૩૯. સને ૧૯૬૫-૬૬ના યુનિવર્સિટી પ્રેસના કાગળ સ્ટોકમાં રૂા. ૧૮,૫૪૭-૨૭ પૈસાનો પડેલો વધારો એડજસ્ટ કરવા બાબત.

(નોંધ.—યુનિવર્સિટી કાર્યાલય દર વર્ષે આ સમયે કાગળ ખરીદ કરે છે અને જ્યારે જુદા જુદા કામમાં કાગળ વાપરવામાં આવે છે, ત્યારે કાગળની અંદાજી કિંમત ગણીને તે ખાતે એડજસ્ટ કરવામાં આવે છે. સને ૧૯૬૧-૬૨થી સને ૧૯૬૫-૬૬ સુધીમાં ઉપરનો વધારો થવા પામ્યો છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, ૧૯૬૫-૬૬ના વર્ષમાં યુનિવર્સિટી પ્રેસના કાગળના સ્ટોકમાં રૂા. ૧૮,૫૪૭-૨૭ પૈ.નો પડેલો વધારો "એડજસ્ટ" કરવા માટે મંજૂરી આપવી.

૪૦. સ્ટેચ્યૂટ ૨૦૪માં તા. ૧-૪-૧૯૬૫થી સુધારો થવાથી યુનિવર્સિટીનાં ભવનોના શિક્ષકોના પગારધોરણમાં સુધારો થયેલ હોઈ, તા. ૧-૪-૧૯૬૫ના રોજ નીચેના શિક્ષકોને સિન્ડિકેટના ઠરાવ અનુસાર મૂળ માસિક પગારથી (ભથ્થાં સિવાય) અભ્યાસ-રજા મંજૂર કરવામાં આવી હતી. તે શિક્ષકોને હવે નવા પગારધોરણમાં મોંઘવારી ભથ્થાનો સમાવેશ થતો હોઈ, તેમને આ અભ્યાસ-રજા દરમિયાન ભળેલા મોંઘવારી ભથ્થા સાથે જે મૂળ પગાર થાય તે આપવો કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત:

(૧) શ્રી. પી. સી વૈદ્ય (પ્રોફેસર, વિજ્ઞાન વિદ્યાભવન), ખાસ રજા (સ્પેશિયલ લીવ), તા. ૨૮-૬-૧૯૬૪થી તા. ૧૦-૬-૧૯૬૫ (સિન્ડિકેટ ઠરાવ, તા. ૧૩-૩-૧૯૬૪, બાબત નં. ૫૭).

(૨) શ્રી. કે. એમ. કોટડિયા (રીડર, વિજ્ઞાન વિદ્યાભવન), અભ્યાસ-રજા તા. ૨૪-૯-૧૯૬૪થી તા. ૨૩-૯-૧૯૬૫ (સિન્ડિકેટ ઠરાવ, તા. ૭-૯-૧૯૬૩, બાબત નં. ૩૬).

(૩) શ્રી. કે. ડી. દેસાઈ (લેક્ચરર, સમાજવિદ્યા ભવન), અભ્યાસ-રજા તા. ૧-૯-૧૯૬૪થી તા. ૩૦-૯-૧૯૬૫ (સિન્ડિકેટ ઠરાવ, તા. ૧૪-૧૨-૧૯૬૩, બાબત નં. ૩૫).

(૪) શ્રી. ટી. એમ. મિસ્ત્રી (લેક્ચરર, સમાજવિદ્યા ભવન), અભ્યાસ-રજા તા. ૨૬-૭-૧૯૬૫થી તા. ૩૧-૮-૧૯૬૬ (સિન્ડિકેટ ઠરાવ, તા. ૧૮/૧૯-૧-૧૯૬૫, બાબત નં. ૨૨).

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરના ચારે કેસોમાં, સદરહુ સભ્યોની પરદેશગમન માટે મંજૂર કરવામાં આવેલી રજાના સમય દરમિયાન, તેમને જે મૂળ પગાર તે વખતે મળતો હતો તેમાં સુધારેલા સ્ટે. ૨૦૪ને અનુસરીને, તે જે રકમ થાય, તે મુજબ મોંઘવારી-ભથ્થાની રકમ ગણીને તે ઉમેરીને તેમનો મૂળ માસિક પગાર ગણવો, અને તે પ્રમાણે તેમને જે રકમ ચૂકવવાની થાય તે ચૂકવી આપવી.

૪૧. સ્ટેચ્યૂટ ૨૦૪ મુજબ તા. ૧-૪-૧૯૬૫થી યુનિવર્સિટીનાં અનુસ્નાતક ભવનોના શિક્ષકગણના પગારધોરણમાં સુધારો થતાં તે અંગે થયેલા પગારના ફિક્સેશનમાં સાથેના પત્રકમાં દર્શાવેલ શિક્ષકો પાસેથી કેટલીક રકમ વસૂલ કરવાની રહે છે, તો આવા કેસમાં કેવી રીતે એડજસ્ટમેન્ટ કરવું તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૨. ફાઇનાન્સ (નાણાં) સમિતિની તા. ૨૮-૭-૧૯૬૬ના રોજ મળેલ સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, નાણાં-સમિતિની તા. ૨૮-૭-૧૯૬૬ના રોજ મળેલી સભાની ભલામણો નીચેના સુધારા સાથે મંજૂર કરવી :

(૧) ઑર્ડિનન્સ ૬૨-બી (૧) નીચે મુજબ વંચાય તે રીતે સુધારવો :

"**O. 62-B :** The function of the Finance Committee shall be :

(1) To sanction all expenditure up to Rs. 20,000/- on behalf of the Syndicate;"

(૨) ઑર્ડિનન્સ ૬૨-ડી (૧) નીચે મુજબ વંચાય તે રીતે સુધારવો :

"**O. 62-D :** (1) A Committee consisting of Vice-Chancellor only be authorised to sanction all expenditure pertaining to the University including the building works up to Rs. 1,000/- without inviting tenders and up to Rs. 10,000/- after inviting tenders or quotations."

(૩) ટેન્ડર અંગેનો નિયમ નં. ૨ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવો :

"૨. બધાં જ ટેન્ડરો યુનિવર્સિટી કાર્યાલય માટે આસિસ્ટન્ટ રજિસ્ટ્રારની કક્ષાથી નીચા નહિ તેવા રજિસ્ટ્રાર નીમે તે અધિકારી અને વિદ્યાભવનો માટે તેના અધ્યક્ષ કે પ્રોફેસર-ઇન-ચાર્જથી નીચેની કક્ષાના નહિ તેવા અધિકારીની પ્રત્યક્ષમાં ખોલવાનું રાખવું, તથા તે કઈ તારીખે તેમણે ખોલ્યાં અને કુલ કેટલાં ટેન્ડરો આવ્યાં હતાં તેની તેમણે નોંધ કરીને તારીખ મૂકી સહી કરવી."

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સુધારેલા ઑર્ડિનન્સ ૬૨-બી અને ૬૨-ડી ને તાત્કાલિક અમલમાં મૂકવા.

(મંજૂર કરવામાં આવેલા ઑર્ડિનન્સો અને નિયમોની નકલ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૪૩. તા. ૨૭-૭-૧૯૬૬ના રોજ મળેલ સ્થાયી સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની ભલામણ નં. ૫ પુનર્વિચારણા માટે તેને પાછી મોકલવી તથા તે સિવાયની બાકીની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની ભલામણોની નકલ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૪૪. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનમાં લેક્ચરર-ઇન-સ્ટેટિસ્ટિક્સની એક જગ્યા માટે તથા ભાષા-સાહિત્ય ભવનમાં લેક્ચરર-ઇન-લિંગ્વિસ્ટિક્સની એક જગ્યા માટે તા. ૧૨-૮-૧૯૬૬ના રોજ મળેલ વરણીસમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ સમિતિની ભલામણો રજૂ કરવામાં આવી તથા તે પૈકીની ભલામણ ૧માં જણાવ્યા પ્રમાણે નિવેદનની મૌખિક રજૂઆત ઉપકુલપતિશ્રીએ કરી તે પછી ઠરાવવામાં આવ્યું કે —

(૧) યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનમાં, શ્રી. બી. બી. જનીને સ્ટેટિસ્ટિક્સના લેક્ચરર તરીકે રૂા. ૪૦૦-૩૦-૬૪૦-ઈ.બી.-૪૦-૮૪૦ (મોંઘવારી ભથ્થા સહિત)ના પગારધોરણમાં શરૂઆતના મૂળ માસિક પગાર રૂા. ૪૦૦થી બે વર્ષના પ્રોબેશન પર નીમવા; અને

(૨) લેક્ચરર-ઇન લિંગ્વિસ્ટિક્સની જગ્યા હાલ નહિ પૂરતાં, જરૂર પ્રમાણે, યુનિવર્સિટી વિસ્તારના અન્ય માન્ય અનુસ્નાતક શિક્ષકો અને/અથવા મદદનીશ અનુસ્નાતક શિક્ષકોની મદદ લઈને ચલાવવાનું રાખવું.

(વરણીસમિતિની ભલામણોની નકલ પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.)

૪૫. ૧૨૦ ફૂટના સૂચિત રસ્તા માટે યુનિવર્સિટી વિસ્તારની જમીન મેમનગરની ટી. પી. સ્કીમ નં. ૧૯ પ્રમાણે કપાય છે. આ ટી પી. સ્કીમ હેઠળ Incremental Contribution રૂા. ૩૮,૦૦૫ થાય છે, તે રકમ અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનને એકસામટી ભરવી ના હોય તો તે રકમ ૪½ ટકાના વ્યાજે વધુમાં વધુ દશ હપતાથી ભરાય છે તો તે પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ રકમ અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનને એકસામટી નહિ આપતાં સાડાચાર ટકાના વ્યાજે વધુમાં વધુ દસ હપતાથી ભરવાનું રાખવું.

૪૬. "શ્રીમતી સરસ્વતી ચંદુલાલ ગાંધી પારિતોષિક" અંગેના નિયમો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પારિતોષિક અંગેના નિયમો મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલા નિયમોની નકલ પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

૪૭. બી.કૉમ.ની પરીક્ષા માટે "કરમશીભાઈ જે. સોમૈયા સુવર્ણ ચંદ્રક" આપવા અંગેના હાલના નિયમોમાં નીચે પ્રમાણે સુધારો કરવા માટે સદરહુ ચંદ્રક અંગેના દાતા (શ્રી. કે. જે. સોમૈયા ટ્રસ્ટના મંત્રી) તરફથી આવેલ તા. ૨૨-૬-૧૯૬૬ના પત્ર પર વિચારણા કરવા બાબત:

હાલનો નિયમ	દાતાના પત્ર મુજબ સુધારવા માટેનો નિયમ
બી.કૉમ.ની ડિગ્રી પરીક્ષામાં નીચે જણાવેલ વિષયો લઈને બેઠેલા વિદ્યાર્થીઓ પૈકી આખી પરીક્ષામાં સૌથી વધારેમાં વધારે ગુણાંક	બી.કૉમ.ની ડિગ્રી પરીક્ષામાં નીચે જણાવેલ જૂથમાંના વિષયો લઈને બેઠેલાં વિદ્યાર્થીઓ પૈકી આખી પરીક્ષામાં સૌથી વધારેમાં વધારે

મેળવીને ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને વારાફરતી (by rotation) આપવામાં આવશે :

ક્રમાંક	વિષય
૧.	એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ
૨.	એક્ચ્યુરિયલ સાયન્સ
૩.	સ્ટેટિસ્ટિક્સ
૪.	બૅન્કિંગ
૫.	ઇકોનોમિક્સ ઑફ કૉટન
૬.	ઇકોનોમિક્સ ઑફ ટ્રાન્સપોર્ટ
૭.	થિયરી ઍન્ડ પ્રૅક્ટિસ ઑફ કો-ઑપરેશન
૮.	પબ્લિક ફાઇનાન્સ ઍન્ડ એડમિનિસ્ટ્રેશન
૯.	થિયરી ઍન્ડ પ્રૅક્ટિસ ઑફ ઇકોનોમિક ડેવેલપમેન્ટ

ગુણાંક મેળવીને ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને આપવામાં આવશે :

જૂથ	વિષય
'અ'	એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ
'બ'	(૧) એક્ચ્યુરિયલ સાયન્સ
	(૨) સ્ટેટિસ્ટિક્સ
'ક'	(૧) બૅન્કિંગ
	(૨) ઇકોનોમિક્સ ઑફ કૉટન
	(૩) ઇકોનોમિક્સ ઑફ ટ્રાન્સપોર્ટ
	(૪) થિયરી ઍન્ડ પ્રૅક્ટિસ ઑફ કો-ઑપરેશન
	(૫) પબ્લિક ફાઇનાન્સ ઍન્ડ એડમિનિસ્ટ્રેશન
	(૬) થિયરી ઍન્ડ પ્રૅક્ટિસ ઑફ ઇકોનોમિક ડેવેલપમેન્ટ.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ચંદ્રક માટેનો સંબંધકર્તા નિયમ ઉપર મુજબ દાતાએ સૂચવ્યા પ્રમાણે સુધારવો.

૪૮. ચોથી પંચવર્ષીય યોજના હેઠળ વિજ્ઞાન વિદ્યાભવનના નીચે જણાવેલ વિભાગો માટે વૈજ્ઞાનિક સાધનોની ખરીદી માટે ગ્રાન્ટ રૂા. ૪,૨૦,૦૦૦ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી તેમના તા. ૧૧-૭-૧૯૬૬ના પત્રાંક એફ-૨૨-૩/૬૬(એસ)થી મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

ક્રમાંક	વિભાગ	મંજૂર કરેલ ગ્રાન્ટ રૂપિયા
(૧)	ફિઝિક્સ	૧,૨૦,૦૦૦
(૨)	કેમિસ્ટ્રી	૧,૨૦,૦૦૦
(૩)	બોટની	૮૦,૦૦૦
(૪)	ઝૂલૉજી	૮૦,૦૦૦
(૫)	મૅથેમેટિક્સ ઍન્ડ સ્ટેટિસ્ટિક્સ	૦,૦૦૦
		૪,૨૦,૦૦૦

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૪૯. યુનિવર્સિટીની ખુલ્લી જમીન તથા યુનિવર્સિટીના સ્ટાફ ક્વાર્ટર્સ પર લેવામાં આવતા શિક્ષણ ઉપકર ભરવામાંથી રાજ્ય સરકાર તરફથી મુક્તિ આપવામાં આવી નથી તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૫૦. શ્રી પ્રગતિ મંડળ ભાદરણ, ભાદરણ વિરુદ્ધ યુનિવર્સિટી અને અન્ય સામે કરેલ ૧૯૬૬ની સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન ક્રમાંક ૪૦૬ તથા ક્રમાંક ૪૬૬ ગુજરાત હાઈકોર્ટે કાઢી નાખ્યા અંગેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૫૧. નીચે જણાવેલ કૉલેજોએ જૂન ૧૯૬૬થી જોડાણ મેળવવા માટે કરેલ અરજીઓ પાછી ખેંચી હોઈ તે અંગે નોંધ લેવા બાબત.

(૧) શ્રી. મહારાજા મહેન્દ્રસિંહજી સાયન્સ કૉલેજ, મોરબી

(૨) માધ્યમિક શિક્ષણ મહાવિદ્યાલય, ભાવનગર.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૫૨. ઉર્દૂ ગદ્યપદ્યસંગ્રહ અંગેની સિન્ડિકેટે નીમેલી સમિતિએ સને ૧૯૬૮થી ૧૯૬૦ના પ્રી-યુનિ. વર્ગો માટે તૈયાર કરેલ હસ્તપ્રતની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૫૩. મધ્યસ્થ સરકાર તરફથી તેમના તા. ૨૬-૬-૧૯૬૫ના પત્રાંક એફ-૨૦-૧૯-૬૩ એચ. આઈ.થી રૂા. ૧,૦૦,૦૦૦ની ગ્રાન્ટ "Scheme of Translation of Standard works of University level into Hindi and other regional languages—grant of Financial assistance for Preparation and Publication of Books in Gujarati" માટે મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૫૪. ઉપકુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત:

(૧) નીચેના વિદ્યાર્થીનો મહાનિબંધ તેમના નામ સામે જણાવેલ વિષય અને પદવી માટે સ્વીકાર્યાના :

વિદ્યાર્થીનું નામ	**વિષય**	**પદવી**
શ્રી. જે. જે. શ્રોફ	રસાયણવિજ્ઞાન	પીએચ.ડી.

(૨) મુંબઈ યુનિવર્સિટીમાં તા. ૯-૫-૧૯૬૬થી તા. ૧૫-૬-૧૯૬૬ સુધી યોજાયેલ 'The Summer School of Linguistics'ના પરિસંવાદમાં ભાગ લેવા માટે સર્વશ્રી કે. કા. શાસ્ત્રી અને અંજનીબહેન એ. કવિને ડેલિગેટ તરીકે મોકલ્યાના;

(નોંધ.—શ્રી. કે. કા. શાસ્ત્રી સદરહુ પરિસંવાદમાં ભાગ લેવા માટે જઈ શકયા નહોતા.**)**

(૩) સંલગ્ન કૉલેજોના આચાર્યો, માન્ય સંસ્થાઓના અને યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના વર્ગોના સહિતના શિક્ષકોના મતદાર વિભાગની કૃષિ વિદ્યાશાખાની એક ખાલી રહેલી જગ્યા માટે તા. ૨૭-૮-૧૯૬૬ના રોજ પેટાચૂંટણી યોજવાની છે તે અંગે નીચે પ્રમાણે મતદારમથકો તેમ જ ચૂંટણી અધિકારીઓની નિમણૂક કર્યાના કાર્યની નોંધ લેવા બાબત :

ક્રમાંક	ચૂંટણી-સ્થળ	ચૂંટણી મથક	ચૂંટણી અધિકારી
૧.	જૂનાગઢ	એગ્રિકલ્ચર કૉલેજ, જૂનાગઢ	શ્રી. એચ. ડી. નારોન્હા આચાર્ય, બહાઉદ્દીન કૉલેજ, જૂનાગઢ
૨.	નવસારી	એન. એમ. કૉલેજ ઑફ એગ્રિકલ્ચર, નવસારી	શ્રી. એન. એન. ભરૂચા, આચાર્ય, એસ. પી. ગાર્ડા આર્ટ્સ કૉલેજ, નવસારી;

(૪) પી. ડી. એમ. ગ્રેજ્યુએટ ટીચર્સ કૉલેજ, રાજકોટમાં સ્થાપવામાં આવેલ એમ.એડ. પદવી એજ્યુકેશન વિષયના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે તે કૉલેજના આચાર્યશ્રી એમ. ડી. ત્રિવેદીની નિમણૂક કર્યાના.

(૫) માર્ચ-એપ્રિલ ૧૯૬૬માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓમાં નિમાયેલ પ્રાશ્નિક-પરીક્ષકોની જરૂર પડયે અવેજી નિમણૂકો કર્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના ઉપરના કાર્યની નોંધ લેવા.

૫૫. મનોવિજ્ઞાન વિદ્યાભવનમાં રીડર-ઇન-એજ્યુકેશન તરીકે કામ કરતા ડૉ. જે. પી. દવેનું રાજીનામું મંજૂર થતાં તા. ૨૨-૮-૧૯૬૬થી તેઓ છૂટા થનાર હોઈ તેઓની ખાલી પડનાર જગ્યા પૂરવા માટેની વરણીસમિતિ પર ઑર્ડિ. ૬૬ પ્રમાણે સમિતિના ૩ સભ્યો નીમવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વરણીસમિતિ પર સિન્ડિકેટના પ્રતિનિધિઓ તરીકે નીચેના સભ્યોની નિમણૂક કરવી :

૧. પ્રોફેસર એસ. એન. મુખરજી
૨. ડૉ. જે. કે. શુક્લ
૩. કુ. મધુરીબેન શાહ.

૫૬. નીચે ટાંકેલ સ્ટે. ૧૧૮ (૪) અનુસાર બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ પર બે સભ્યોની નિમણૂક કરવા બાબત:

"St. 118(4) :

Two members nominated by the Syndicate for a period of three years."

[**નોંધ.**—જૂના સ્ટે. ૧૧૮ (૪) મુજબ સિન્ડિકેટે નીચેના બે સભ્યોની નિમણૂક કરેલી છે :
હાજર રહેલા ઉમેદવારોની મુલાકાત લીધા પછી સમિતિએ નીચે પ્રમાણે ઠરાવ્યું :

સભામાં હાજર રહેલા નિષ્ણાત પ્રોફેસર ખત્રીનું મંતવ્ય જાણ્યા બાદ સમિતિએ તે અંગે ભવનના અધ્યક્ષ પાસે કેટલુંક વધુ ચર્ચા લઈને સમિતિ વતી આ અંગેની ભલામણ વિષે યોગ્ય નિવેદન અધ્યક્ષે સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવું.

૨. લેક્ચરર ઇન લિન્ગ્વિસ્ટિક્સ—એક જગ્યા

લેક્ચરર ઇન લિન્ગ્વિસ્ટિક્સની જગ્યા માટે નીચેના ઉમેદવારોને મુલાકાત માટે બોલાવવામાં આવ્યા હતા :

૧. શ્રી. દવે જે. જે.	હાજર
૨. શ્રી. વ્યાસ વાય. ડી.	હાજર

નિષ્ણાત તરીકે ભાષા-સાહિત્ય ભવનના અધ્યક્ષ પ્રોફેસર ઉમાશંકર જોશી તથા પ્રોફેસર એચ. સી. ભાયાણીની નિમણૂક કરવામાં આવી હતી, અને તેઓ બન્ને હાજર રહ્યા હતા.

હાજર રહેલા ઉમેદવારોની મુલાકાત લીધા પછી સમિતિએ નીચે પ્રમાણે ઠરાવ્યું :

હાજર રહેલા ઉમેદવારો પૈકી કોઈ પણ ઉમેદવાર સદરહુ જગ્યા માટે પાત્ર જણાયો નથી, અને તેથી આ સમિતિ કોઈ પણ ઉમેદવારની ભલામણ કરી શકતી નથી.

કં. ચં. પરીખ
રજિસ્ટ્રાર.

પરિશિષ્ટ "ચ"
કામકાજ ક્રમાંક ૪૬

શ્રીમતી સરસ્વતી ચંદુલાલ ગાંધી પારિતોષિક

૧. દાતાનું નામ: શ્રી. એમ. બી. શાહ, એમ.એસસી. (લંડન),
બૅરિસ્ટર-ઍટ-લૉ, ૨૦ માર્ગ, ખાર, મુંબઈ-૫૨.

૨. ભેટની રકમ: રૂા. ૭,૦૦૦ રોકડા.

૩. ભેટનો પ્રકાર: એક પારિતોષિક.

૪. ભેટ સ્વીકારવાનું સિન્ડિકેટે તેની તા. ૯/૧૦-૪-૧૯૬૬ની સભામાં સ્વીકાર્યું છે.

નિયમો

૧. "શ્રીમતી સરસ્વતી ચંદુલાલ ગાંધી પારિતોષિક" એ નામનું રૂા. ૩૩૦નું વાર્ષિક પારિતોષિક દર વર્ષે પરાફરતી ત્રીજી બી.એ. (સ્પેશિયલ) પરીક્ષામાં સંસ્કૃત અને ગુજરાતી વિષય રાખી પરીક્ષામાં બેસનાર વિદ્યાર્થિનીઓ પૈકી જે વિદ્યાર્થિની તે વર્ષની પરીક્ષામાં સંસ્કૃત કે ગુજરાતી વિષયમાં સૌથી વધારે ગુણાંક મેળવી ઉત્તીર્ણ થાય તેને સંસ્કૃત કે ગુજરાતીનો વિષય લઈ એમ.એ.નો અભ્યાસ ચાલુ રાખવાની શરતે આપવામાં આવશે.

૨. પારિતોષિક વિજેતાનું નામ જે તે પરીક્ષાના પરિણામ વખતે, શક્ય હોય ત્યાં સુધી જાહેર કરવામાં આવશે.

૩. વિજેતાને પારિતોષિક આપવામાં તેની જાત, નાત કે વર્ગનો બાધ આવશે નહિ.

૪. આ ભેટની વાર્ષિક આવકમાંથી ૫ ટકા કપાત યુનિવર્સિટીના જનરલ ફંડમાં લઈ જવામાં આવશે.

પરિશિષ્ટ "છ"
કામકાજ ક્રમાંક ૫૬

બાંધકામસમિતિની એક સભા તા. ૨૫-૭-૧૯૬૬ ને સોમવારના રોજ સાંજના ૪-૦૦ કલાકે મળી હતી, જેમાં નીચેના સભ્યો હાજર હતા :

૧. ઉપકુલપતિશ્રી	હાજર
૨. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ	હાજર
૩. શ્રી. ગિરીશચંદ્ર એસ. દેસાઈ	હાજર
૪. ડૉ. વાસુદેવ એન. ત્રિપાઠી	ગેરહાજર
૫. શ્રી. ડી. પી. શાહ	ગેરહાજર.

૧. બાંધકામસમિતિની તા. ૧૩-૬-૧૯૬૬ની સભાની કાર્યવાહી મંજૂર કરવા બાબત.

બાંધકામસમિતિની તા. ૧૩-૬-૧૯૬૬ની સભાની કાર્યવાહી મંજૂર કરવામાં આવી અને તે ઉપર ઉપકુલપતિશ્રીએ સહી કરી.

૨. વિજ્ઞાન વિદ્યાભવનના મકાનના આર.સી.સી. પિલરના કોલામાં છાજલી નાખવા માટે આવેલ ટેન્ડરો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, વિજ્ઞાન વિદ્યાભવનના મકાનના આર.સી.સી.ના પિલરના કોલામાં નેવાટિકની છાજલી ફિટ કરવા માટે આવેલાં ટેન્ડરોમાંથી સૌથી ઓછા ભાવ ટાંકનાર પેઢી મેસર્સ શ્રીજી પ્લાયવૂડ માર્ટનું રૂા. ૧૦,૬૭૨નું ટેન્ડર મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે, આ કામનો ખર્ચ કેપિટલ અંદાજમાં ફાળવવો યોગ્ય થશે.

૩. યુનિવર્સિટી કાર્યાલયના કર્મચારીઓ માટે ૮૦ સાઇકલો સમાવી શકાય તેવું શેડવાળું સાઇકલ સ્ટેન્ડ બનાવવા અંગે તથા તેને માટે ચાલુ વર્ષના અંદાજપત્રમાં જોગવાઈ કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—આ કામ અંગે અંદાજી રકમ રૂા. ૧૭,૬૫૦ થાય છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કાર્યાલયના કર્મચારીઓ માટે સાઇકલ શેડની ડિઝાઇન તથા સ્થળનો લેઆઉટ બનાવી ફરીથી આ બાબત સભાગૃહ સમક્ષ રજૂ કરવી.

૪. યુનિવર્સિટી ગ્રંથાલયના મકાનની અગાસી ઉપર વૉટરપ્રૂફિંગ ટ્રીટમેન્ટ કરાવવાના કામ અંગે આવેલ ટેન્ડરો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ભાવ આપનાર કૉન્ટ્રાક્ટરોએ વૉટરપ્રૂફિંગ ટ્રીટમેન્ટના ધોરણ માટે જુદી જુદી રજૂઆત કરી છે તો તેનો અભ્યાસ કરીને ફરીથી આ બાબત સભાગૃહ સમક્ષ રજૂ કરવી.

૫. ઝૂલોજી વિભાગના મકાનના બાંધકામમાં વધારાના કામના દર અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઝૂલોજી વિભાગના મકાનના બાંધકામમાં વધારાના કામકાજના દર આ સાથેની યાદી મુજબ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૬. ટીચર્સ હૉસ્ટેલના બાંધકામ માટે નિમાયેલ સ્થપતિ શ્રી. હસમુખ પટેલની ફીના દર અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સ્થપતિ સાથે થયેલ ચર્ચાવિચારણા મુજબ તેઓ પત્ર લખે તે આવ્યેથી સભાગૃહ સમક્ષ આ બાબત ફરીથી મૂકવી.

૭. વિદ્યાર્થીઓના છાત્રાલયના બાંધકામના કંટ્રાક્ટી મે. વિજ્યોર લિ.ને વારંવાર જણાવ્યા છતાં તથા રજિસ્ટર્ડ નોટિસ આપ્યા છતાં આ બાંધકામમાંનાં ખામીયુક્ત કામો સુધારી આપતા નથી તો આ ખામીઓ કંટ્રાક્ટીના ખર્ચે સુધરાવી લેવા અંગે વિચારણા કરવા બાબત

આથી ઠરાવવામાં આવે છે કે, વિદ્યાર્થીઓના છાત્રાલયના બાંધકામના કંટ્રાક્ટી મે. વિજ્યોર લિ.ને વારંવાર જણાવ્યા છતાં અને રજિસ્ટર્ડ નોટિસ આપ્યા છતાં આ બાંધકામની ખામી તેઓ સુધારી આપતા નથી તે અંગે કૉન્ટ્રેક્ટ જોઈતપાસીને કૉન્ટ્રાક્ટરના ખર્ચે અને જોખમે આ કામ કરાવી લેવા માટે શ્રી. ગિરીશચંદ્ર દેસાઈની સલાહ લઈને યોગ્ય કરવાની સત્તા ઉપકુલપતિશ્રીને આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

Building Committee
dated 25-7-66, Item No. 5.

Statement for the extra item rates in the work of H. K. Construction Co. at Zoology Building, Gujarat University, Ahmedabad-9.

Sr.No.	*Item*	*Rate approved*
1.	Flush cement pointing in c.m. 1 : 1 (As per Father's Hostel of St. Xavier's College)	Rs. 16/- sft.
2.	Providing and fixing 6" × 2½" frame inside opening 1' × 1' incl. pointing for exhaust fan	Rs. 10/- sft.
3.	Providing and fixing 3" thick concrete block grill.	Rs. 4-50 sft.

પરિશિષ્ટ "જ"
કામકાજ ક્રમાંક ૭૬

સિન્ડિકેટે નીમેલી સ્થાયી કાનૂનવિષયક (લિગલ) સમિતિની સભા તા. ૨૨-૬-૧૯૬૬ના રોજ સાંજના પાંચ કલાકે મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી :

૧. શ્રી. લાલભાઈ ૨. દેસાઈ, ઉપકુલપતિ	હાજર
૨. શ્રી. ખટુભાઈ હ. દેસાઈ	હાજર
૩. શ્રી. ધનવદન મા. નાણાવટી	ગેરહાજર
૪. આચાર્ય વી. આર. રણદીવે	હાજર.

સભાનું પ્રમુખસ્થાન ઉપકુલપતિ શ્રી. લાલભાઈ ૨. દેસાઈએ સંભાળ્યું હતું.

૧. ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના સચિવશ્રી તરફથી આવેલ તા. ૨૩-૨-૧૯૬૬ના પત્ર ક્રમાંક જી.એસ.આઈ. ૪૩૬૨-૬૬ અંગે સિન્ડિકેટે તેની તા. ૫/૬-૩-૧૯૬૬થી ક્રમાંક ૮૧થી આ બાબત સદરહુ સમિતિની વિચારણા માટે મોકલવામાં આવેલ હોઈ, તે અંગે વિચારણા કરવા બાબત.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના સચિવશ્રી તરફથી આવેલ તા. ૨૩-૨-૧૯૬૬ના પત્રાંક જી.એસ.આઈ.-૪૩૬૨-૬૬માં કરાયેલ સૂચન પર સમિતિએ સંપૂર્ણ વિચારણા કરી હતી. રૂટે. ૧૧ અને ૧૬૩ ફક્ત "પ્રોસિજરલ" હોઈ, તેમાં કોઈ ફેરફાર કરવાની આ સમિતિને જરૂર જણાતી નથી તેમ સિન્ડિકેટને ભલામણ કરવી.

૨. ઑર્ડિ. ૧૨૦-બી(૪) અંગે જરૂરી સ્પષ્ટતા માગતા શેઠ રણછોડલાલ અચરતલાલ કૉલેજ ઑફ આર્ટ્સ અને સાયન્સના આચાર્યશ્રીના તા. ૫-૪-'૬૬ના પત્ર પર વિચારણા કરવા બાબત.

યુનિવર્સિટીએ તેની સંલગ્ન કૉલેજોમાંના વિદ્યાર્થીઓની સંખ્યા અંગે અપનાવેલ સિદ્ધાંતને સમગ્રપણે ધ્યાનમાં લેતાં ઑર્ડિ. ૧૨૦-બી નીચે દર્શાવ્યા મુજબ સુધારવા સિન્ડિકેટને ભલામણ કરવી.

"O. 120-B :

(*i*) There shall not be more than 1500 students in a college.

(*ii*) There shall not be more than two Faculty Units in a college.

(*iii*) If a college has more Faculty units than one, the total strength of such units taken together shall not exceed 1500 students.

(*iv*) No division shall consist of more than 100 students, provided that the Vice-Chancellor may, in his discretion and at the

request of a college permit it to admit not more than ten percent of the maximum permissible number of students in each class or in a division thereof.

Notwithstanding anything contained above, it shall be competent for the Vice-Chancellor to permit, in his discretion and at the request of a Medical College, admission of such number of additional students as does not exceed thirty per cent of the maximum permissible in a class or in a division thereof."

૭. સેનેટની સભાના ઠરાવને અનુલક્ષીને યુનિવર્સિટીએ ગ્રંથાલયશાસ્ત્રના વર્ગો શરૂ કર્યા છે તો તે અંગેનો સુધારો રૂટે. ૨૦૨માં યુનિવર્સિટી ધારાની કલમ ૨૮(૫) અન્વયે કરવો કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

ગ્રંથાલયશાસ્ત્રના વર્ગો, પ્રથમ પદવી પૂરતા જ હોઈ, રૂટે. ૨૦૨માં આ માટેનો કંઈ સુધારો કરવાની જરૂર જણાતી નથી તેમ સિન્ડિકેટને ભલામણ કરવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

એસ. પી. મેઠ
રજિસ્ટ્રાર વતી.

પરિશિષ્ટ "અ"
કામકાજ ક્રમાંક ૭૭

Confidential

A meeting of the Selection Committee for the post of a Professor of Physics in the University School of Sciences, Ahmedabad–9, was held on 13th August, 1966 at 9–30 A.M. at the Gujarat University Office.

Shri M. P. Desai, Acting Vice-Chancellor presiding.

The following was the record of attendance at the meeting :

1. Shri M. P. Desai, Chairman	Present
2. Dr. Ajit Rai Verma	Absent
3. Dr. R. S Krishnan	Present
4. Dr. V. G. Bhide	Absent
5. Dr. N. S. Pandya	Absent.

Dr. A. R. Verma and Dr. N. S. Pandya regretted ther inability to attend.

The following candidates were called for interview :

1. Shri Mariwala K. H.	Present
2. Shri P. D. Pathak	Present
3. Dr. K. M. Kotadia	Present.

After interviewing the candidates, the Committee resolved as follows :

None of the candidates who appeared for interview is found suitable for the post of the Professor of Physics.

We cannot, therefore, recommend any of them.

Ahmedabad–9.
August 13, 1966.

(સહી) મ. પ્ર. દેસાઈ,
(Sd.) R. S. KRISHNAN,
Member.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ–૯.

G.U.P. 484-375-9-66

સિન્ડિકેટ (ઓગસ્ટ)
તા. ૨૭–૮–'૬૬

આનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની એક ખાસ સભા, શનિવાર તા. ૨૭–૮–૧૯૬૬ના રોજ, બપોરના ૧૨–૩૦ વાગ્યે, ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન, કાર્યકારી ઉપકુલપતિ શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈએ લીધું હતું:

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૭–૮–૧૯૬૬
૧.	શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ, કાર્યકારી ઉપકુલપતિ	હાજર
૨.	શ્રી. હે. અં. મિસ્ત્રી, નાયબ શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	હાજર
૩.	શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	હાજર
૪.	શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી	હાજર
૫.	શ્રી. ઇન્દ્રવદન માણેકલાલ નાણાવટી	ગેરહાજર
૬.	ડૉ. વાસુદેવ નટવરલાલ ત્રિપાઠી	હાજર
૭.	ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ	હાજર
૮.	શ્રી. ઘનશ્યામલાલ છોટાલાલ ઓઝા	હાજર
૯.	શ્રી. ઠાકોરભાઈ મણિભાઈ દેસાઈ	હાજર
૧૦.	શ્રી. બટુભાઈ હરિભાઈ દેસાઈ	હાજર
૧૧.	ડૉ. અશ્વિનકુમાર માધવલાલ ત્રિવેદી	હાજર
૧૨.	શ્રી. મણિશંકર પ્રભાશંકર પંડ્યા	ગેરહાજર
૧૩.	પ્રો. બી. આર. શિનોય	ગેરહાજર
૧૪.	આચાર્ય ચિમનભાઈ જે. પટેલ	ગેરહાજર
૧૫.	આચાર્ય મુકુન્દલાલ છોટાલાલ દેસાઈ	હાજર
૧૬.	આચાર્ય યશવંતરાય ગુલાબભાઈ નાયક	હાજર
૧૭.	આચાર્ય વિશ્વનાથ રામચંદ્ર રણદીવે	હાજર.

૧. તા. ૧૩-૮-૧૯૬૬ના રોજ મળેલી સિન્ડિકેટની સભાના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૧૩-૮-૧૯૬૬ના રોજ મળેલી, સિન્ડિકેટની ઑગસ્ટ માસની સભાના કામકાજની નોંધ, નીચેના સુધારા સાથે મંજૂર કરવામાં આવી :

બાબત નં. ૯૨ તથા તે પરના ઠરાવનો પાઠ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવામાં આવે :

"૯૨. યુનિવર્સિટી પ્રેસના નીચેના કર્મચારીઓનો પ્રોબેશન-સમય તેમનાં નામ સામે જણાવેલ તારીખોએ પૂરો થતો હોઈ, તેમને કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	નામ	હોદ્દો	પ્રોબેશન-સમય પૂરો થવાની તારીખ
૧.	શ્રી. પ્રહ્લાદભાઈ બીજલદાસ ઠાકોર	બૉલરમૅન	૧૭-૮-૧૯૬૬
૨.	શ્રી. મોહનલાલ બી. પન્ના	બૉલરમૅન	૨૯-૮-૧૯૬૬
૩.	શ્રી. કે. એમ. સોલંકી	જુનિયર કંપોઝીટર	૧૮-૮-૧૯૬૬
૪.	શ્રી. વી. બી. જોષાણી	જુનિયર કંપોઝીટર	૧૮-૮-૧૯૬૬ "

ઠરાવ

"સદરહુ કર્મચારીઓની કામગીરી અંગેના ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા. તે પછી ઠરાવવામાં આવ્યું કે—

૧. શ્રી. પ્રહ્લાદભાઈ બીજલદાસ ઠાકોર તથા શ્રી. મોહનલાલ બી. પન્નાને હાલ કાયમ ન કરતાં તેમનો પ્રોબેશનનો સમય વધુ એક વર્ષ લંબાવવો, અને તેમને જણાવવું કે લંબાવવામાં આવેલા પ્રોબેશન-સમય દરમિયાન તેમની કામગીરી સંતોષકારક જણાશે નહિ, તો તેમને દૂર કરવાની ફરજ પડશે.

૨. શ્રી. કે. એમ. સોલંકી અને શ્રી. વી. બી. જોષાણીને જુનિયર કંપોઝીટર તરીકે, તા. ૧૯-૮-૧૯૬૬થી કાયમ કરવા."

૨. સામળદાસ કૉલેજ, ભાવનગરમાં ઇતિહાસ-અર્થશાસ્ત્ર જૂથ "એ" અને "સી" તથા ઍન્ટાયર અર્થશાસ્ત્ર જૂથ "સી" અને "ડી" વિષયના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે અત્યાર સુધી અનુક્રમે શ્રી. બી. એમ. ભટ્ટ અને શ્રી. બી. સી. દેસાઈ હતા, પરંતુ શ્રી. બી. સી. દેસાઈની બદલી આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, દમણના આચાર્ય તરીકે થતાં (૧) ઇતિહાસ-અર્થશાસ્ત્ર જૂથ "એ" અને "સી" માટે પ્રા. પી. બી. ઝાલાને અને (૨) ઍન્ટાયર અર્થશાસ્ત્ર જૂથ "સી" અને "ડી" વિષય માટે પ્રા. બી. એમ. ભટ્ટને નીમવાની આચાર્યશ્રીની ભલામણ પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. પી. બી. ઝાલા હજુ સુધી મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા ધરાવે છે; માન્ય અનુસ્નાતક-શિક્ષક તરીકેની માન્યતા મેળવવા અરજી આવી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સામળદાસ કૉલેજ, ભાવનગરમાં ઇતિહાસ–અર્થશાસ્ત્ર જૂથ "એ" અને "સી" તથા એન્ટાયર અર્થશાસ્ત્ર જૂથ "સી" અને "ડી"નાં અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે હાલ પ્રોફેસર બી. એમ. ભટ્ટને નીમવા.

૩. શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન ઍન્ડ રિસર્ચ, અમદાવાદના અધ્યક્ષ તરફથી તેમની સંસ્થામાં એમ.એસ. પદવી ઑપ્થેલ્મોલોજી વિષયનું અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટે આવેલ અરજી પરત્વે સ્થાનિક તપાસસમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—સ્થાનિક શિક્ષકગણ નીચે મુજબ છે :

૧. ડૉ. આર. એલ. દૂધિયા—માન્ય અનુસ્નાતક શિક્ષક
૨. ડૉ. એ. કે. બાવીશી—માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક
૩. ડૉ. એસ. પી. પટેલ.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત અંગે, નીચે જણાવેલ સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી :

૧. ડૉ. એચ. ડી. દસ્તૂર, મુંબઈ
૨. ડૉ. વાડીભાઈ શાહ, વડોદરા.

૪. પ્રથમ એમ.બી.,બી.એસ. પરીક્ષામાં વધુમાં વધુ ચાર 'ટ્રાયલ્સ' આપવામાં આવે છે તેને બદલે પાંચ 'ટ્રાયલ્સ' આપવા માટે તેમ જ ઑ. ૨૬૧નો પાઠ તે મુજબ સુધારવા માટે ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૦/૧૧-૮-૧૯૬૬ની ભલામણ પર વિચારણા કરવા બાબત.

ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૦/૧૧-૮-૧૯૬૬ની ભલામણ

"તબીબી વિદ્યાશાખાની તા. ૨૦-૭-૧૯૬૬ની સભાની ભલામણ ઉપર વિચારણા કરી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ભલામણ સ્વીકારવી નહિ, પરંતુ પ્રથમ એમ.બી.,બી.એસ.ના વિદ્યાર્થીઓને વધુમાં વધુ ચાર ટ્રાયલ્સ આપવામાં આવે છે તેને બદલે વધુમાં વધુ પાંચ ટ્રાયલ્સ આપવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી અને તે માટે ઑ. ૨૬૧નો પાઠ નીચે મુજબ સુધારવા સિન્ડિકેટને ભલામણ કરવી :

O. 261 :

Failure to pass the examination will not debar candidates from appearing at any subsequent examination on the submission of a new application, the payment of a fresh fee and the production of certificates showing that they have, during the interval between the declaration of their failure and subsequent reappearance at the examination, pursued a further course of study in the subjects of the examination, to the satisfaction of the Head of a Medical College recognised by the University;

provided, however, that candidates who fail to pass this examination on five occasions will not be eligible to reappear thereat.

Candidates shall be deemed to have failed to pass an examination under the above clause if their names have been submitted by the Principal of their college for inclusion in the list of candidates appearing for the examination, and if the candidates have failed to pass examination because they have not attained the standard of passing."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૫. બી. એમ. ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદને જૂન ૧૯૬૬થી પીએચ.ડી.માં મનોવિજ્ઞાનનો અભ્યાસક્રમ શીખવવા માટે માન્યતા ચાલુ રાખવા આવેલ અરજી, સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ તથા તે પર ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૦/૧૧-૮-૧૯૬૬ની સભાની ભલામણ.

ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૦/૧૧-૮-૧૯૬૬ની સભાની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, બી. એમ. ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદને પીએચ.ડી.માં મનોવિજ્ઞાનનો અભ્યાસક્રમ શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીની ચાલુ માન્યતા આપવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૬. સેન્ટ્રલ સૉલ્ટ ઍન્ડ મરીન કેમિકલ્સ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, ભાવનગરને જૂન ૧૯૬૬થી પીએચ.ડી.માં રસાયણવિજ્ઞાન તથા વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે માન્યતા ચાલુ રાખવા આવેલી અરજી, સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ તથા તે પર ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૦/૧૧-૮-૧૯૬૬ની સભાની ભલામણ.

ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૦/૧૧-૮-૧૯૬૬ની સભાની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, સેન્ટ્રલ સૉલ્ટ ઍન્ડ મરીન કેમિકલ્સ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, ભાવનગરને રસાયણવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનમાં પીએચ.ડી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીની ચાલુ માન્યતા આપવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૭. સંલગ્ન કૉલેજોના શિક્ષકોને યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ મોંઘવારીભથ્થું મળે તે માટે ગુજરાત યુનિવર્સિટી વિસ્તાર અધ્યાપકમંડળ તરફથી તા. ૧૮-૬-૧૯૬૬ના રોજ આવેલ પત્ર અંગે સિન્ડિકેટે તેની તા. ૨/૩-૭-૧૯૬૬ની સભામાં ઠરાવ્યા પ્રમાણે મોંઘવારીભથ્થાં અંગે કાર્યાલયની નોંધ પર વિચારણા કરવા બાબત.

કાર્યાલયે રજૂ કરેલી નોંધ અંગે સવિસ્તર ચર્ચા થઈ. તે ઉપરાંત આ સંદર્ભમાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનનું મંજૂર રખાયેલું પગારધોરણ અને યુનિવર્સિટી-નિયત પગારધોરણ બે અલગ છે, તેમનો બેગો વિચાર કરીને એક કરવાની બાબત યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી સૂચવાઈ છે, તેની નોંધ લેવામાં આવી. તેમ જ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન ગ્રેડની શરૂઆત — દા.ત. લેકચરર અંગે ૨૦૦થી થાય છે, ને નિયત યુનિવર્સિટી ધોરણ ૨૫૦ છે એ વિષે ધ્યાન ખેંચવામાં આવ્યું. તેમ જ ગુજરાત સરકારે નવા Dearness Allowance વખતે પગારોમાં Dearness Allowanceનો અમુક ભાગ મેળવીને તે દર નક્કી કર્યો છે.

આમ અનેક સંલગ્ન બાબતોની ચર્ચા કરીને આખોય પ્રશ્ન સમગ્ર રીતે જોઈતપાસીને પોતાનો રિપોર્ટ રજૂ કરવા માટે, સિન્ડિકેટના નીચેના સભ્યોની બનેલી સમિતિ નીમવી:

૧. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ (પ્રમુખ)
૨. શ્રી. બટુભાઈ હ. દેસાઈ
૩. આચાર્ય ડૉ. ય. ગુ. નાયક
૪. આચાર્ય એમ. સી. દેસાઈ
૫. શ્રી. રણજિતરામ ગં. શાસ્ત્રી
૬. આચાર્ય વિ. રા. રણદીવે
૭. શ્રી. રજિસ્ટ્રાર, મંત્રી.

યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના સ્કેલમાં રૂા ૨૦૦થી શરૂ કરાતી બાબત તેમ જ તે અંગેની બીજી હકીકતો વિષે માહિતી મેળવી, આ વિષે વિચાર કરવાનું, આવતી બેઠકમાં મૂકવામાં આવે.

૮. અલીગઢ યુનિવર્સિટીના આશ્રયે "એન્ટોમોલોજી" અંગે એક પરિસંવાદ ઑકટોબર, ૧૯૬૬ના છેલ્લા સપ્તાહમાં અલીગઢ મુકામે યોજાનાર હોઈ તેમાં હાજરી આપવા આ યુનિવર્સિટીના એક પ્રતિનિધિની નિમણૂક કરવા અંગે તે યુનિવર્સિટીના પ્રાણીવિજ્ઞાન વિભાગના અધ્યક્ષશ્રીના આવેલ તા. ૧૧-૭-૧૯૬૬ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિ મોકલવા નહિ.

૯. "એનેટોમિકલ સોસાયટી ઑફ ઇન્ડિયા"ની ૨૫મી વાર્ષિક પરિષદ બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદમાં ભરાનાર હોઈ તેમાં હાજરી આપવા આ યુનિવર્સિટીના ઓછામાં ઓછા બે પ્રતિનિધિઓની નિમણૂક કરવા સદરહુ સંસ્થાના સામાન્ય મંત્રીશ્રી તરફથી આવેલ તા. ૫મી ઑગસ્ટ ૧૯૬૬ના પત્રાંક જીએસ-૧૧૭-૧૭૩ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિષદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે, ડૉ. ટી. બી. પટેલ અને ડૉ. જયંત બી. હરિભક્તિને નીમવા.

૧૦. "ઇન્ડિયન સોસાયટી ઑફ ઇન્ટરનેશનલ લૉ"ની વાર્ષિક પરિષદ નવી દિલ્હી મુકામે તા. ૯થી ૧૧ ડિસેંબર, ૧૯૬૬ દરમિયાન મળનાર હોઈ તેમાં હાજરી આપવા આ યુનિવર્સિટીના એક પ્રતિનિધિની નિમણૂક કરવા સદરહુ સંસ્થાના કાર્યવાહક અધિકારી તરફથી આવેલ તા. ૨૫-૭-૧૯૬૬ના પત્રાંક ૪૩-૧૩૩ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિષદમાં, આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે, પ્રિન્સિપલ ગિરીશ પટેલને નીમવા.

૧૧. શેઠ એમ. એન. સાયન્સ કૉલેજ એન્ડ શ્રી એન્ડ શ્રીમતી પી. કે. કોઠાવાલા આર્ટ્સ કૉલેજ, પાટણમાં અંગ્રેજીનો જુનિયર સર્ટિફિકેટ કોર્સ શરૂ કરવા અંગેની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજમાં અંગ્રેજીનો જુનિયર સર્ટિફિકેટ કોર્સ દાખલ કરવા માટે પરવાનગી આપવી.

૧૨. સી. એન. આર્ટ્સ એન્ડ બી. ડી. કૉમર્સ કૉલેજ, કડીની જુનિયર અંગ્રેજી સર્ટિફિકેટ અભ્યાસક્રમ શીખવવા અંગેની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજમાં અંગ્રેજીનો જુનિયર સર્ટિફિકેટ કોર્સ દાખલ કરવા માટે પરવાનગી આપવી.

૧૩. સ્ટેચ્યૂટ ૧૨૯ નીચે પ્રમાણે વંચાય તે પ્રમાણે સુધારવા બાબત:

"St. 129:

(*a*) The members of the Board shall hold office for three years immediately following their election.

(*b*) They shall be eligible for re-election at the expiration of their office.

(*c*) All vacancies on the Board occurring between elections shall be filled up by persons appointed by the Syndicate.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત કાર્યાલયની નોંધ સાથે ફરીથી રજૂ કરવા પર મોકૂફ રાખવી.

૧૪. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૨૩-૬-૧૯૬૬ના પત્રાંક એફ. ૯-૧/૬૬ (સી. ડી. એન.)થી ચોથી પંચવર્ષીય યોજના હેઠળ પુસ્તકોની ખરીદી માટે "બેઝિક ગ્રાન્ટ" તરીકે રૂા. ૨,૦૦,૦૦૦ની ગ્રાન્ટ મંજૂર કર્યાની નોંધ લેવા તથા તે અંગેના અંદાજી ખર્ચના ગ્રંથપાલ તરફથી આવેલ પ્રસ્તાવ મંજૂર કરવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ગ્રાન્ટ મંજૂર થયાની નોંધ લેવી, અને તે ગ્રાન્ટના અંદાજી ખર્ચની વિગતો અંગે ગ્રન્થાલય સમિતિની ભલામણ મગાવવી.

૧૫. મનોવિજ્ઞાન વિદ્યાભવનમાં એજ્યુકેશન વિભાગમાં રીડરની જગ્યા પર કામ કરતા શ્રી. જે. પી. દવે તા. ૨૨-૮-૧૯૬૬થી ભવનના સમય બાદ રાજીનામું આપી છૂટા થતા હોઈ તેમના ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડની રકમ પરત કરવા બાબત.

(નોંધ.—શ્રી. જે. પી. દવે તા. ૭-૧૧-૧૯૬૪ના રોજ જોડાયા હતા અને તા. ૨૨-૮-૧૯૬૬થી છૂટા થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, ડૉ. જે. પી. દવેને તેમના ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડની રકમ પરત કરવી.

૧૬. રેગ્યુ. ન્યૂ-૯માં નીચે મુજબની નોંધ ઉમેરવા અને તે પ્રમાણે સુધારેલા રેગ્યુલેશનને તાત્કાલિક અમલમાં મૂકવા એકેડેમિક કાઉન્સિલની તા. ૧૦/૧૧-૮-૧૯૬૬ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"Provided further that the term work and practicals in all subjects will be assessed by the College periodically. The marks assigned to such term work and practicals shall also be sent to the University by 5th April every year by the Principal of the College from which the candidate is sent up for the examination."

આથી ઠરાવવામાં આવે છે કે, રેગ્યુલેશન ન્યૂ-૯માં ઉપર જણાવેલી નોંધ ઉમેરવાની એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી, અને તે પ્રમાણે સુધારેલા રેગ્યુલેશન ન્યૂ-૯ને તાત્કાલિક અમલમાં મૂકવો.

૧૭. રેગ્યુ. ન્યૂ-૪ની પાદટીપ(ફૂટનોટ)માં નીચે મુજબ સુધારો કરવા અને તેને તાત્કાલિક અમલમાં મૂકવા એકેડેમિક કાઉન્સિલની તા. ૧૦/૧૧-૮-૧૯૬૬ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

Note.—Provided that a candidate appearing at the above examination shall appear in at least three tests in Theory and two tests in practicals in each subject for the purpose of sessional work of his class in each year :

Provided further that every candidate shall appear in at least one test each in both the Theory and Practicals in each term.

આથી ઠરાવવામાં આવે છે કે, રેગ્યુલેશન ન્યૂ-૪માં ઉપર મુજબની નોંધ ઉમેરવાની એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી, અને તે પ્રમાણે સુધારેલા રેગ્યુલેશન ન્યૂ-૪ને તાત્કાલિક અમલમાં મૂકવો.

૧૮. એકેડેમિક કાઉન્સિલની તા. ૧૦/૧૧-૮-૧૯૬૬ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"તબીબી વિદ્યાશાખા હેઠળ બી.એસસી. ઇન નર્સિંગનો અભ્યાસક્રમ સ્થાપવા માટે સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવા માટે સેનેટને ભલામણ કરવી.

૧૯. રે. ૨૩૭ આ સાથેના પરિશિષ્ટ મુજબ સુધારવા અને તેને તાત્કાલિક અમલમાં મૂકવા એકેડેમિક કાઉન્સિલની તા. ૧૦/૧૧-૮-૧૯૬૬ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, રેગ્યુલેશન ૨૩૭ સુધારવા માટેની એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી, અને સુધારેલા રેગ્યુલેશન ૨૩૭ને તાત્કાલિક અમલમાં મૂકવો.

(સુધારેલા રેગ્યુલેશન ૨૩૭ની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૨૦. સમકક્ષ પરીક્ષા અંગેની સ્થાયી સમિતિની ભલામણને અનુલક્ષીને સુધારવામાં આવેલા રેગ્યુ. ૭ને મંજૂર કરવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા એકેડેમિક કાઉન્સિલની તા. ૧૦/૧૧-૮-૧૯૬૬ની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, રેગ્યુલેશન ૭ને એકેડેમિક કાઉન્સિલની ભલામણ મુજબ સુધારવો અને તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

(સુધારેલા રેગ્યુલેશન ૭ની નકલ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૨૧. ડેન્ટલ સર્જરીની અભ્યાસસમિતિએ તૈયાર કરેલ એમ.ડી.એસ.ના અભ્યાસક્રમના ઑર્ડિનન્સો ૩૭૬, ૩૭૬-એ, ૩૭૬-બી, ૩૭૬-સી તથા રેગ્યુલેશનો ૨૬૦, ૨૬૦-એ, ૨૬૦-બી, ૨૬૦-સી, ૨૬૦-ડી અને ૨૬૦-ઈ મંજૂર કરવા એકેડેમિક કાઉન્સિલની તા. ૧૦/૧૧-૮-૧૯૬૬ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ભલામણ અનુસાર, સદરહુ ઑર્ડિનન્સો અને રેગ્યુલેશનો સુધારવા, અને તેને તાત્કાલિક અમલમાં મૂકવા.

(સુધારેલા ઑર્ડિનન્સો અને રેગ્યુલેશનોની નકલ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૨૨. (અ) બી.ડી.એસ.ના અભ્યાસક્રમમાં નીચે જણાવેલા ત્રણ વિષયો માટે જ પ્રાધ્યાપકની નિમણૂક આવશ્યક રાખવા એકેડેમિક કાઉન્સિલની તા. ૧૦/૧૧-૮-૧૯૬૬ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત:

(*i*) Prosthetic Dentistry
(*ii*) Oral Pathology and Bacteriology
(*iii*) Oral Diagnosis and Dental Radiology.

(બ) બી.ડી.એસ.ના અભ્યાસક્રમના નીચે જણાવેલા વિષયો માટે પ્રાધ્યાપક ન હોય તો સીનિયર લેક્ચરરથી ચાલી શકે એમ મંજૂર કરવા એકેડેમિક કાઉન્સિલની તા. ૧૦/૧૧-૮-૧૯૬૬ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત:

(*ii*) Peridontia
(*iii*) Oral Surgery & Maxillo-Facial Plastic Surgery
(*iv*) Operative Dentistry

(*v*) Orthodontia
(*viii*) Pedodontial and Preventive Dentistry.

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ અનુસાર, નીચેના ત્રણ વિષયો માટે પ્રાધ્યાપકની નિમણૂક આવશ્યક ગણવી :

(*i*) Prosthetic Dentistry
(*vi*) Oral Pathology and Bacteriology
(*vii*) Oral Diagnosis and Dental Radiology

વધુમાં ઠરાવવામાં આવે છે કે, ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ અનુસાર, નીચેના પાંચ વિષયો માટે પ્રાધ્યાપક ન હોય તો સીનિયર લેક્ચરરથી ચાલી શકે :

(*ii*) Peridontia
(*iii*) Oral Surgery and Maxillo-Facial Plastic Surgery
(*iv*) Operative Dentistry
(*v*) Orthodontia
(*viii*) Pedodontial and Preventive Dentistry.

૨૩. ઑર્ડિ. ૨૮૫ અને ૨૯૫ સુધારવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા ઍકૅડેમિક કાઉન્સિલની તા. ૧૦/૧૧-૮-૧૯૬૬ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિનન્સ ૨૮૫ અને ૨૯૫ને સુધારવાની ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી, તથા તે મુજબ સુધારેલા ઑર્ડિનન્સ ૨૮૫ અને ૨૯૫ને તાત્કાલિક અમલમાં મૂકવા.

(સુધારેલા ઑર્ડિનન્સ ૨૮૫ અને ૨૯૫ની નકલ પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.)

બાબત નં. ૨૪ અને ૪૩ની વિચારણા એકસાથે કરવામાં આવી.

૨૪. તબીબી વિદ્યાશાખાની તા. ૨૦-૭-૧૯૬૬ની નીચેની ભલામણ ઍકૅડેમિક કાઉન્સિલે તેની તા. ૧૦/૧૧-૮-૧૯૬૬ની સભામાં મંજૂર કરી હોવાથી તે પર વિચારણા કરવા બાબત તથા તે ભલામણ અનુસાર ઑ. ૧૨૯નો સંબંધકર્તા ભાગ સુધારવા અંગે વિચારણા કરવા બાબત :

તબીબી વિદ્યાશાખાની તા. ૨૦-૭-૧૯૬૬ની ભલામણો

"ફાર્મસીની અભ્યાસસમિતિની તા. ૮-૭-૧૯૬૬ની સભાની ભલામણો ઉપર વિચારણા કરી આ વિદ્યાશાખા ઍકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે, પ્રથમ વર્ષ ફાર્મસી ડિપ્લોમા, ઇન્ટરમીડિયેટ ફાર્મસી ડિપ્લોમા, ફર્સ્ટ બી.ફાર્મ., સેકન્ડ બી.ફાર્મ. અને એમ.ફાર્મ.ની પરીક્ષા વર્ષમાં બે વખત એટલે માર્ચ-એપ્રિલ અને ઑકટોબરમાં લેવી, અને તે માટે જરૂરી જોગવાઈ કરવા ઑ. ૧૨૯માં ઘટતો સુધારો કરવો.

It is further recommended that continuity of the courses should remain for the students who pass in October Examinations.

ઓ. ૧૨૯નો સુધારેલો સંબંધકર્તા ભાગ નીચે મુજબ વંચાશે :

1	2	3	4	5
1st B.Pharm.	Twice	4th Monday in March and 2nd Monday in October	Six weeks before the examination	75/-
2nd B.Pharm.	Twice	4th Monday in March and 2nd Monday in October	,,	75/-
F.Y. Pharm. (Dip. Course)	Twice	4th Monday in March and 2nd Monday in October	,,	40/-
Int. Pharm.	Twice	4th Monday in March and 2nd Monday in October	,,	50/-
M.Pharm.	Twice	3rd Monday in March and 1st Monday in October"	,,	200/-

૪૩. ફાર્મસી પરીક્ષાઓ વર્ષમાં બે વાર લેવા અંગે એકેડેમિક કાઉન્સિલની તા. ૧૦/૧૧-૮-૧૯૬૬ની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

એકેડેમિક કાઉન્સિલની તા. ૧૦/૧૧-૮-૧૯૬૬ની ભલામણ

" આથી ઠરાવવામાં આવે છે કે, તબીબી વિદ્યાશાખાની તા. ૨૦-૭-૧૯૬૬ની સભાની ભલામણ સ્વીકારવી અને તે અનુસાર પ્રથમ વર્ષ ફાર્મસી (ડિપ્લોમા), ઇન્ટરમીડિયેટ ફાર્મસી (ડિપ્લોમા), ફર્સ્ટ બી.ફાર્મ., સેકન્ડ બી.ફાર્મ. અને એમ.ફાર્મ.ની પરીક્ષા વર્ષમાં બે વખત એટલે કે માર્ચ/એપ્રિલ અને ઓકટોબરમાં લેવી અને તે માટે ઓ. ૧૨૯માં ઘટતો સુધારો કરવા સિન્ડિકેટને ભલામણ કરવી. "

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી, તથા તે પ્રમાણે, ઓર્ડિનન્સ ૧૨૯નો સંબંધકર્તા ભાગ ઉપર મુજબ સુધારવો, અને તે પ્રમાણે સુધારેલા ઓર્ડિનન્સ ૧૨૯નો અમલ તાત્કાલિક કરવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સદરહુ સુધારેલા ઓર્ડિનન્સ ૧૨૯ અન્વયે, ઓકટોબર ૧૯૬૬માં ફાર્મસીની જે પરીક્ષાઓ લેવાની થાય તે પરીક્ષાઓ માટે પ્રાશ્નિકો અને પરીક્ષકોની નિમણૂક કરવા માટે, તથા તે પરીક્ષાઓ માટે જરૂરી તમામ વ્યવસ્થા કરવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૨૫. ફાર્મ. ઑર્ડિ. ૬ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા એકેડેમિક કાઉન્સિલની તા. ૧૦/૧૧-૮-૧૯૬૬ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"Pharm. O. 6 :

A candidate who has passed the First B.Sc. Examination of this University or of any other University recognised as equivalent thereto shall be exempted from the prescribed courses and examinations of the First Year Pharmacy (Diploma) in *Hindi* and in those subjects in which he has passed the First B.Sc. Examination.

Provided further that such a student shall be permitted to join the Intermediate Courses in Pharmacy and shall be eligible to pass the examination if he passes the Intermediate Examination and also the Examinations in those subjects of F.Y. in Pharmacy (Diploma) in which he is not exempted except Hindi."

આથી ઠરાવવામાં આવે છે કે, ફાર્મ. ઑર્ડિનન્સ ૬ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવો, તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

૨૬. ગુજરાતીની અભ્યાસસમિતિની ભલામણ અનુસાર નીચે જણાવેલ વિદ્યાર્થી-ઓનાં નામ સામે જણાવેલ પદવી તથા વિષય સંબંધી આવેલ મહાનિબંધ અંગે નીચે જણાવેલ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા એકેડેમિક કાઉન્સિલની તા. ૧૦/૧૧-૮-૧૯૬૬ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	પદવી	વિષય	ઇન્ટર્નલ રેફરી	એક્સ્ટર્નલ રેફરીઓ
"(૧)	Shri G. S. Vyas	Ph.D.	"The dialect of the Vaghers of Okhamandal"	Dr. T. N. Dave	1. Dr. S. M. Katre, Director, Deccan College Institute, Poona. 2. Dr. N.G.Kalelkar, University of Poona, Poona–9.
(૨)	શ્રીમતી એસ. બી. ત્રિવેદી	પીએચ.ડી.	ગુજરાતી : "ગુજરાતી લેખકોના કેળવણીવિષયક વિચારો"	ડૉ. બી. જે. ઝવેરી	૧. શ્રી. મનુભાઈ પંચોળી, અધ્યક્ષ, લોકભારતી વિદ્યાપીઠ, સણોસરા, જિ. ભાવનગર.

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	પદવી	વિષય	ઇન્ટર્નલ રેફરી	એક્સ્ટર્નલ રેફરીઓ
					૨. પ્રો. સુંદરજી ગો. બેટાઈ, એસ. એન. ડી. ટી. યુનિવર્સિટી, મુંબઈ.
					૩. સુન્દરમ્, શ્રી. અરવિંદ આશ્રમ, પોંડીચેરી."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે પ્રમાણે, રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવી.

૨૭. સંસ્કૃતની અભ્યાસસમિતિની તા. ૧૭-૫-૧૯૬૬ની સભાની ભલામણ અનુસાર નીચે જણાવેલ વિદ્યાર્થીના નામ સામે જણાવેલ પદવી તથા વિષય સંબંધી આવેલ મહાનિબંધ અંગે તેની સામે જણાવેલા રેફરીની ક્રમાનુવર્તી નિમણૂક કરવા એકેડેમિક કાઉન્સિલની તા. ૧૦/૧૧-૮-૧૯૬૬ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત:

વિદ્યાર્થીનું નામ	પદવી	વિષય	રેફરીઓ
"કુ. એ. પી. આચાર્ય	પીએચ.ડી.	સંસ્કૃત : "સંસ્કૃત સાહિત્યમાં ગદ્યકાવ્યની સમીક્ષા."	૧. શ્રી. જે. સી. ઝાલા, સેંટ ઝેવિયર્સ કૉલેજ, મુંબઈ, અથવા પાર્વતી મેન્શન, મુંબઈ-૭.
			૨. ડૉ. બી. જે. સાંડેસરા, અધ્યાપક નિવાસ, પ્રતાપમંજ, વડોદરા-૨.
			૩. ડૉ. જી. કે. ભટ્ટ, એલ્ફિન્સ્ટન કૉલેજ, હેડ ઑફ સંસ્કૃત ડિપાર્ટમેન્ટ, મુંબઈ-૧."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી, અને તે પ્રમાણે, રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવી.

૨૮. સંસ્કૃતની અભ્યાસસમિતિની ભલામણ અનુસાર નીચે જણાવેલ વિદ્યાર્થીના નામ સામે જણાવેલ પદવી તથા વિષય સંબંધી આવેલ મહાનિબંધ અંગે તેની સામે જણાવેલ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા એકેડેમિક કાઉન્સિલની તા. ૧૦/૧૧-૮-૧૯૬૬ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત:

વિદ્યાર્થીનું નામ	પદવી	વિષય	ઇન્ટર્નલ રેફરી
"શ્રી. પી. જી. શુક્લ	પીએચ.ડી.	સંસ્કૃત :	ડૉ. ટી. એન. દવે

"Contribution of Shri

વિદ્યાર્થીનું નામ	પદવી	વિષય	એક્સ્ટર્નલ રેફરીઓ
		Shankaracharya to the Vedanta Philosophy"	૧. પ્રો. કે. વી. અભ્યંકર, સદાશિવ પેઠ, પૂના. ૨. પ્રો. પી. એમ. મોદી, ગિરધર નિવાસ, રાવપુરા, વડોદરા. ૩. પ્રો. બી. વી. વ્યાસ, ભવન્સ કૉલેજ, ચોપાટી, મુંબઈ."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી, અને તે પ્રમાણે, રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવી.

૨૯. **"Some Aspects of India's Groundnut Economy"** વિષય પરત્વે શ્રી. એચ. કે. નાયકના પીએચ.ડી. પદવી અંગે આવેલ મહાનિબંધ અંગે અર્થશાસ્ત્રની અભ્યાસસમિતિએ તેની તા. ૨૧-૬-૧૯૬૬ની સભામાં કરેલ ભલામણ અનુસાર મજકૂર મહાનિબંધ અંગે નીચેના રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૦/૧૧-૮-૧૯૬૬ની ભલામણ પર વિચારણા કરવા બાબત:

રેફરીઓ:

૧. પ્રો. સી. એન. વકીલ,
૧૪, 'કલ્પના', ૯૬, મરીન ડ્રાઈવ, મુંબઈ-૨.

૨. ડૉ. બી. પી. દુતિયા,
મિનિસ્ટ્રી ઑફ ફૂડ ઍન્ડ એગ્રિકલ્ચર, ન્યૂ દિલ્હી.

૩. પ્રો. રાજ કિશ્ના
માસાચુસેટ્સ ઇન્સ્ટિ. ઑફ ટેકનોલોજી, સેન્ટર ફૉર ઇન્ટરનેશનલ સ્ટડી, ૫૦, મેમોરિયલ ડ્રાઈવ, કેમ્બ્રિજ, ૩૯, માસાચુસેટ્સ, યુ.એસ.એ.

૪. પ્રો. બલજિત સિંઘ,
ડિપાર્ટમેન્ટ ઑફ ઇકોનોમિક્સ, લખનૌ યુનિવર્સિટી, લખનૌ.

૫. પ્રો. સન્મુગ (સુન્દરમ),
ડિપાર્ટમેન્ટ ઑફ ઇકોનોમિક્સ, પ્રયાગ યુનિવર્સિટી, મદ્રાસ.

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી, અને તે પ્રમાણે રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવી.

૩૦. રસાયણવિજ્ઞાનની અભ્યાસસમિતિની ભલામણ અનુસાર નીચે જણાવેલા વિદ્યાર્થીઓનાં નામ સામે જણાવેલ પદવી તથા વિષય સંબંધી આવેલ મહાનિબંધ અંગે નીચે જણાવેલ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૦/૧૧-૮-૧૯૬૬ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

Sr. No.	*Name of the candidates*	*Degree*	*Subject*	*Internal Referee*	*External Referees*
"(1)	Shri A. A. Shaikh	Ph.D.	Chemistry: "Studies on Optional Optical Activities"	Dr. K. A. Thakar	1. Dr. A. G. Davies, Department of Chemistry, University College, Gower Street, London. W.C. 1 (U.K.). 2. Mrs. Dr. J. A. Reid, Department of Chemistry, Batterse Collegeof Science & Technology, London, S. W. 11 (U.K.). 3. Dr. E. E. Turner, 23, Yardley Street, Kent (U.K.). *For Viva* 1. Dr. R. C. Shah, 5–A, Suresh Colony, Swami Vivekanand Road, Vile Parle (West), Bombay–56. A.S. 2. Dr Mrs. Ashima Chatterji, Department of Chemistry,

			R. C. College of Technology, Calcutta University, Calcutta.	
			3. Prof. A. B. Kulkarni, Institute of Science, Mayo Road, Fort, Bombay–1. B. R.	
(2) Shri A. S. Divetia	Ph.D.	"Colour evaluation of Dyed and Blended Materials" Prof B. K. Vaidya	1. Prof. Wilfried Heller, Chemistry Department, Wayne University Detroit (Michigan 48202), U.S.A. 2. Prof. Fred W. Billmeyer, Rensselaer Polytechnic Institute, TROY (New York) (U.S.A.). *For Viva* 1. Prof. E. H. Daruwalla, University Dept., Chemical Technology, Matunga, Bombay–19. 2. Prof. W. M. Vaidya, Physics Department, Karnatak University, Dharwar (S. Rly.).	૧૬-૮-૬૬ (સવારીએ) ૨૬૬-૧૫૬૬

Sr. No.	Name of the candidates	Degree	Subject	Internal Referee	External Referees
(3)	Shri N. T. Baddi	Ph.D.	Chemistry: "A study of Physical Chemistry and thermodynamic at the Cellulose—Aqueously of Direct Dye solution Inference"	Dr. P. C. Mehta	1. Prof. A. C. Zettlemoyer, Surface Chemistry Laboratory, Lehigh University, Batherllhem-Pa., U.S.A. 2. Prof. Robert D. Vold, Chemistry Department, University of Southern California, Losangeles, California U.S.A.

For Viva

1. Prof. E. H. Daruwalla, Head of the Textile Chemistry Division, University Department of Chemical Technology, Matunga, Bombay-19. D.D.
2. Prof. M. R. Aswathanarayan Rao, Department of General Chemistry, Indian Institute of Science, Bangalore.

૧૬-૨-૧૯૬૪ (સાયંકાલીન) ૨૬૬-ગુજરાત

(4) Shri A. R. Parikh, Ph.D.	Chemistry : 1. The Fries reaction of abyl-sulfonates 2. Preparation of new fluorescent brightening agent 3. Sonochor	Prin. Dr. R. D. Desai	*Referees — Foreign* 1. Prof. Wilson Bakr, D.Sc., F.R.S., University of Bristol, Bristol (England). 2. Prof. B. C. L. Weedon, Ph.D., D.Sc., F.R.I.C., Dept. of Chemistry, Queen Mary College, Mile End Road, London E. 1. *India* 1. Dr. G. S. Saharia, Ph.D., D.Sc., F.R.I.C., Prof. of Organic Chemistry, Rajasthan University, Jaipur. 2. Dr. S. M. Sethna, Ph.D., F.R.I.C., M. S. University of Baroda, Baroda (India).	૧૬
(5) Kum. S. K. Dalal Ph.D.	Chemistry : 1. Studies in Fridel crafts reaction. 2. Synthesis of Fluorescent	Prin. Dr. R. D. Desai	*Foreign* 1. Emeritus Prof. W. Bradley D.Sc., F.R.S., Rosedale, Broad Sands, Park Road, Paignton, South Devon, England.	૧૬-૨-૬૪ (સ્વીકૃત) ૨૬૬-૬૪

Sr. No.	Name of the candidates	Degree	Subject	Internal Referee	External Referees
			brighteing Agents. 3. Refracher—a new physical constant of organic liquid		2. Prof. H. N. Rydon, D.Sc., D.Phil. F.R I.C., University of Exter, Exter, England. *India* 1. Dr. R. C. Shah, Ph.D., F.N I., 5A, Suresh Colony, Swami Vivekanand Road, Vile Parle (West), Bombay-56. A.S. 2. Dr. A. B. Kulkarni, The Institute of Science, Fort, Bombay-1. B.R. *External*
(6)	Shri K. J. Shah	Ph.D.	Chemistry : "Studies in Physiologically Active Compounds, Synthesis of basic amides, thioureaas."	Prin. Dr. J. J. Trivedi	1. Dr. Hans Zimmer, University of Cincinnati, Department of Chemistry, Cincinnati (U.S.A.). 2. Dr. Maxwell Gorden, Smith Kiine & French Laboratories, Philadelphia, P.A., U.S.A.

For Viva

1. Dr. S. M. Sethna,
   Professor of Chemistry,
   M. S. University of Baroda,
   Baroda.
2. Dr. N. V. Bhide,
   Principal,
   Ruparel College,
   Tulsi Pipe Road,
   Matunga, Bombay."

આથી ઠરાવવામાં આવે છે કે, એકૅડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી, અને તે પ્રમાણે, રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવી.

૩૨. ગણિતશાસ્ત્રની અભ્યાસસમિતિની ભલામણ અનુસાર નીચે જણાવેલ વિદ્યાર્થીના નામ સામે જણાવેલ પદવી તથા વિષય સંબંધી આવેલ મહાનિબંધ અંગે નીચે જણાવેલ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા એકૅડેમિક કાઉન્સિલની તા. ૧૦/૧૧-૮-૧૯૬૬ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત:

Name of the candidate	*Degree*	*Subject*	*Internal Referee*	*Referees*
"Shri J. K. Rao	Ph.D.	Mathematics: "General Theory of Relativity"	Prof. P. C. Vaidya	1. Prof. W. H. McCrea, F.R.S., Professor of Mathematics, Royal Holloway College, Englefield Green, Surrey (England). 2. Prof. W. B. Bonnor, Ph.D., Prof. of Mathematics, Queen Elizabeth College, London (England). 3. Prof. A. Lichnerowicz, Professor of Mathematics,

Name of the candidate	*Degree*	*Subject*	*Internal Referee*	*Referees*

College De France,
Paris (France).

4. Dr. J. V. Narlikar, Ph.D.,
King's College,
Cambridge (England).

For Viva

1. Prof. V. V. Narlikar,
F.R.A.S.,
Professor of Maths.,
University of Poona,
Ganeshkhind, Poona-7.
2. Prof. R. S. Mishra,
Ph.D., F.N.I.,
Prof. of Maths.,
Allahabad University,
Allahabad (U.P.).
3. Dr. K. P. Singh, Ph.D.,
Dept. of Maths., Banaras
Hindu University, Banaras-5."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી, અને તે પ્રમાણે, રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવી.

૩૨. ભૌતિકવિજ્ઞાનની અભ્યાસસમિતિની ભલામણ અનુસાર, નીચે જણાવેલ વિદ્યાર્થીઓનાં નામ સામે જણાવેલ પદવી તથા વિષય સંબંધી આવેલ મહાનિબંધ અંગે નીચે જણાવેલ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા ઍકૅડેમિક કાઉન્સિલની તા. ૧૦/૧૧-૮-૧૯૬૬ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

Sr. No.	*Name of the candidates*	*Degree*	*Subject*	*Internal Referee*	*Referees*
"(1)	Shri M. A. Abdu	Ph.D.	"Studies in Galatic Radio Noise at	Dr. K. R. Ramanathan	1. Dr. J. W. King,

		Ahmedabad and Thumba"		Radio Research Station, Slough, England. 2. Dr. F de Mendonca, National Commission for Space Activities (Cnae) Sao Jose dos Campos Sao Paulo, Brazil (S. America). 3. Dr. M. K. Vainu Bappu, Director, Astrophysical Observatory, Kodaikanal. *or* Prof. J. N. Bhar, Rashbihari Ghosh, Prof. of Physics, University College of Technology, 92, Acharya Prafullachandra Road, Calcutta-9.	
(2) Shri K. R. Rao	Ph.D.	"Studies in upper Atmosphere measurements of Neutral Atmosphere Winds above 80 K.M."	Dr. P. D. Bhavsar	*Referees — Foreign* 1. Prof. G. V. Groves, University College, Gower Street, London W.C.I. England (U. K.). 2. Dr. N. W. Arosenberg, Chem. Phy. Br. Space Pkg. Lab. Afcrl. Bedford, Massachusetts, U.S.A.	

Sr. No.	Name of the candidates	Degree	Subject	Internal Referee	Referees
					3. Prof. J. E. Blamont, Centre National de la Recherche Scientifique, Service D' Aeronomie Reduit de Verrieres, Verrieres-le Buisson (S&O) France.
					Indian
					1. Dr. P. R. Pishoroty, Director, Institute of Tropical Meteorology, Poona–5.
					2. Dr. R. Ananthakrishnan, Dy. Director-General of Observatories, Poona–5.
					3. Dr. S. N. Ghosh, J. K. Institute of Applied Physics, Allahabad.
(3)	Shri M. R. Deshpande	Ph.D.	Physics: "In spheric Crift measurements in Low Latitude"	Dr. K. R. Ramnathan	*Referees — External*
					1. Dr. R. W. H. Wright, University of West Indies, Kingston, Jamaica.
					or

					2. Prof. Ken-Ichi Mac da, Kyoto University, Kyoto Japan. *For Viva* 1. Shri S. N. Mitra, Director of Research Laboratory, Ministry of Home Affairs, New Delhi. *or* 2. Prof. B. Ramachandra Rao, Deparment of Physics Andhra University, Waltair.
(4) Shri S. Sanatani	Ph.D.	Physics : "Electron Density distribution in the ionosphere"	Dr. K. R. Ramanathan		*Referees—External* 1. Dr W. B. Hanson, South-West Centre for Advanced Studies, Dallas, Taxas, U.S.A. *or* 2. Dr. K. Davies, Central Radio Propagation, Laboratory Boulder Colorado U.S.A. *For Viva* 1. Prof. R. N. Bhar,

(ગુજરાત રાજ્ય ગેઝેટ, ભાગ-૪, તા. ૨૬-૮-૧૯૮૨)

Sr. No.	*Name of the candidates*	*Degree*	*Subject*	*Internal Referee*	*Referees*
					Director, Institute of Radio Physics and Electronics, 92, Acharya Prafulla Chandra Road, Calcutta–9. *or* 2. Prof. S. V. C. Aiya, Department of Electrical Engineering, Institute of Science, Bangalore."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી, અને તે પ્રમાણે, રેફરીઓની કમાનુવર્તી નિમણૂક કરવી.

૩૩. પ્રી-યુનિ. વિજ્ઞાન અને પ્રી-યુનિ. સાયન્સ (એગ્રિ.)માં દાખલ થવા માટે વિદ્યાર્થીએ એસ.એસ.સી. પરીક્ષામાં અંગ્રેજી ઉપરાંત (૧) એલિમેન્ટરી મેથેમેટિક્સ અથવા જોમેટ્રી, અને (૨) ફિઝિક્સ, કેમિસ્ટ્રી અને જનરલ સાયન્સના વિષયો સાથે પાસ કરવી આવશ્યક જણાય તે રીતે સ્ટે. ૧૭૩માં જરૂરી ફેરફાર કરવા માટે પગલાં લેવા એકેડેમિક કાઉન્સિલની તા. ૧૦/૧૧–૮–૧૯૬૬ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ભલામણ મુજબ સ્ટે. ૧૭૩ને સુધારીને આ સભાગૃહ સમક્ષ રજૂ કરવાનું રાખવું.

૩૪. પ્રી-યુનિ. વિનયન, વિજ્ઞાન તથા વાણિજ્યમાં આધુનિક ભારતીય ભાષાના વિકલ્પમાં અંગ્રેજી (એડિશનલ અંગ્રેજીનો વિષય) લેવા માટે જોગવાઈ કરવાની સિન્ડિકેટની ભલામણ સ્વીકારવી અને તે અનુસાર રેગ્યુલેશન પ્રી-આર્ટ્સ–૧, પ્રી-સાયન્સ–૧, પ્રી-કોમર્સ–૧માં "A Modern Indian Language" એ શબ્દોને બદલે "A Modern Indian Language or Additional English" એ શબ્દો મૂકીને રેગ્યુલેશન સુધારવા અને તેને જૂન ૧૯૬૬થી અમલમાં મૂકવા એકેડેમિક કાઉન્સિલની તા. ૧૦/૧૧–૮–૧૯૬૬ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણ મંજૂર કરવી, અને તે પ્રમાણે સુધારેલા રેગ્યુલેશન પ્રી-આર્ટ્સ–૧, પ્રી-સાયન્સ–૧ અને પ્રી-કોમર્સ–૧નો અમલ ૧૫મી જૂન ૧૯૬૬થી કરવો.

૩૫. સંસ્કૃતની અભ્યાસસમિતિની તા. ૧૭-૫-૧૯૬૬ની સભાની ભલામણ અનુસાર સંસ્કૃત વિષયના તૃતીય વર્ષ બી.એ.નો પ્રશ્નપત્ર ૩ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા તથા તેને જૂન ૧૯૬૭થી અમલમાં મૂકવા એકેડેમિક કાઉન્સિલની તા. ૧૦/૧૧-૮-૧૯૬૬ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત તથા તે અનુસાર રે. આર્ટ્સ-૧૨નો સંબંધકર્તા ભાગ સુધારવા અંગે વિચારણા કરવા બાબત.

પ્રશ્નપત્ર ૩—(૧) માર્ગ : સિદ્ધાંત કૌમુદીકારક અને સંજ્ઞા પ્રકરણ ... ૩૫ ગુણ
(૨) લિંગ્વિસ્ટિક્સ ... ૩૫ ગુણ

ટોપિક્સ

સંસ્કૃત ભાષાની ઉત્પત્તિ, વિકાસ, ધ્વનિસ્તર અને ઉત્તરકાલીન વિકાસ, સંસ્કૃત અને અવેસ્તા.

Books recommended

1. T. Burrow : 'Sanskrit'
૨. ભોલાશંકર વ્યાસ : 'ભાષાશાસ્ત્ર'.

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ભલામણ અનુસાર રેગ્યુલેશન આર્ટ્સ-૧૨નો સંબંધકર્તા ભાગ સુધારવો.

૩૬. રેગ્યુ. આર્ટ્સ જન-૧, રેગ્યુ. એસસી. જન-૧ તથા રેગ્યુ. કૉમ. જન-૧માં દર્શાવેલ આંતરિક ગુણાંકનના નિયમ (૨) નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા એકેડેમિક કાઉન્સિલની તા. ૧૦/૧૧-૮-૧૯૬૬ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

(*ii*) The 30 % of the total marks reserved for internal evaluation shall, except where specifically provided to the contrary except where be distributed as follows :

Two-thirds for not less than the prescribed number of tests held as per relevant rates in this behalf during the year and one-third for class work, attendance and performance in general during the year.

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ભલામણ અનુસાર રેગ્યુલેશન આર્ટ્સ જન-૧, રેગ્યુ. એસસી. જન-૧ તથા રેગ્યુ. કૉમ. જન-૧માં દર્શાવેલ આંતરિક ગુણાંકનનો નિયમ નં. ૨ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવો અને તેને તાત્કાલિક અમલમાં આવેલો ગણવો.

૩૭. એકેડેમિક કાઉન્સિલની તા. ૧૦/૧૧-૮-૧૯૬૬ની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે, આ અગાઉ વિજ્ઞાન વિદ્યાભવન માટે વિષયવાર સ્થાપવામાં આવેલી રૂા. ૨૦૦ની એક એવી ૧૪ ફેલોશિપ તથા રૂા. ૨૦૦ની એક એવી ૧૦ પીએચ.ડી.

સ્કૉલરશિપ—એમ બન્ને મળીને કુલ ૨૪ સ્કૉલરશિપો છે તે ૨૬ કરીને વિજ્ઞાન વિદ્યાભવન માટે નીચે જણાવ્યા મુજબ ફેકલ્ટીવાર, માસિક રૂા. ૨૫૦ની એક એવી ૧૨ રિસર્ચ સ્કૉલરશિપ તથા વિજ્ઞાન સિવાયની બીજી વિદ્યાશાખાઓમાં નોંધાનાર વિદ્યાર્થીઓ માટે માસિક રૂા. ૨૫૦ની એક એવી ૮ રિસર્ચ સ્કૉલરશિપ—એમ મળીને કુલ ૨૦ રિસર્ચ સ્કૉલરશિપ સ્થાપવા માટે સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી."

(**નોંધ.**—વિજ્ઞાન વિદ્યાભવન માટે ફાળવવામાં આવેલ વિષયવાર રિસર્ચ સ્કૉલરશિપ નીચે પ્રમાણે રહેશે :

૧. રસાયણવિજ્ઞાન	...	૩
૨. ભૌતિકવિજ્ઞાન	...	૨
૩. વનસ્પતિવિજ્ઞાન	...	૨
૪. પ્રાણીવિજ્ઞાન	...	૨
૫. મૅથેમેટિક્સ (સ્ટેટિસ્ટિક્સ સાથે)	...	૩
	કુલ...	૧૨)

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી.

૩૮. રેગ્યુ. સાયન્સ-૧૨માં નીચેની નોંધ ઉમેરવા તથા તે પ્રમાણે સુધારેલા રેગ્યુ. ૧૨ને મંજૂર કરવા ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૦/૧૧-૮-૧૯૬૬ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

Note.—A student after passing the T.Y.B.Sc. Examination of this University will have the option to claim exemption from English when he appears again at the said examination with a different subject or subjects, as the case may be.

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મુજબ રેગ્યુલેશન સાયન્સ-૧૨માં ઉપરની નોંધ ઉમેરવી અને તે પ્રમાણે સુધારેલા રેગ્યુલેશન સાયન્સ-૧૨ને તાત્કાલિક અમલમાં મૂકવો.

૩૯. ઑર્ડિ. ૧૮૬ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા તથા તેને જૂન ૧૯૬૬થી અમલમાં મૂકવા ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૦/૧૧-૮-૧૯૬૬ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"O. 186 :

The Examination for Part-I may be taken after two terms' attendance at a Training College as required in Ordinance 185 (*i*), candidate will not be permitted to appear for Part-II unless they produce a satisfactory certificate alongwith their application for admission to the examination that they have served subsequent to

their passing the Degree examination as full time teachers for 100 working days on the staff of a school or schools recognised or approved by the Syndicate prior or subsequent to their keeping two terms' attendance in a Training College. In the case of candidates, however, who have served as under-graduate teachers in recognised schools for at least three years preceding their admission to the course, the condition of service after graduation will not apply..

In the case of candidates who do not have the teaching experience as above, ten more lessons shall have to be given by them to appear at the Part-II examination.

In the case also of candidates who have passed the Teachers Diploma Examination of this University or its equivalent examination of any other University, the condition of 100 working days' service will not be necessary."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ભલામણ મુજબ ઑ. ૧૮૬ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવો અને તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

૪૦. સેકન્ડ બી.એસસી. પરીક્ષામાં મુખ્ય વિષયમાં નાપાસ થયા હોય છતાં રેગ્યુ. સાયન્સ-૧૧ અન્વયે જેઓને થર્ડ બી.એસસી. પરીક્ષાનાં સત્રો ભરવાનો લાભ મળ્યો છે તેવા વિદ્યાર્થીઓને માટે નવા નિયમો થાય તે અપેક્ષાએ થર્ડ બી.એસસી.માં તે જ વિષયને મુખ્ય વિષય તરીકે રાખવા દેવા અંગે આચાર્ય ડૉ. ય. ગુ. નાયકની ભલામણ પર વિચારણા કરવા બાબત :

(નોંધ.—હાલના રેગ્યુ. સાયન્સ-૧૧ અનુસાર આવા વિદ્યાર્થીઓ સેકન્ડ બી.એસસી.માં મુખ્ય વિષયમાં નાપાસ હોઈ, તે વિષયને થર્ડ બી.એસસી.માં મુખ્ય વિષય તરીકે રાખી શકે નહિ, પરંતુ જનરલ કોર્સના વર્ગમાં જોડાઈ શકે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત વિતાન વિદ્યાશાખાની વિચારણા માટે મોકલવી.

૪૧. ઑ. ૫૧ (૭) પ્રમાણે બોર્ડ ઑફ સ્ટુડન્ટ્સ વેલ્ફેર ઉપર સભ્ય તરીકે નિયુક્ત થયેલ પ્રિન્સિ. જે. બી. સાવ્હિડલ અને ડૉ. નરેન્દ્ર એચ. દેસાઈ બોર્ડની છેલ્લી ત્રણ સભાઓમાં લાગલાગટ ગેરહાજર રહેલા હોવાથી ઑ. ૬૨-સી (૭) પ્રમાણે સભ્ય તરીકે ન રહી શકતા હોવાથી તેમની જગ્યાએ સભ્યોની નિમણૂક કરવા બાબત :

(નોંધ.—ઉપર દર્શાવેલ સભ્યોના સભ્યપદની મુદત તા. ૭-૧૨-૧૯૬૬ સુધીના સમય માટે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બૉર્ડ ઉપર, તા. ૭-૧૨-૧૯૬૬ સુધીના બાકીના સમય માટે, નીચેના સભ્યોની નિમણૂક કરવી :

૧. આચાર્ય ડૉ. ય. ગુ. નાયક

૨. આચાર્ય એચ. કે. ત્રિવેદી.

૪૨. આર. આર. લાલન કૉલેજ, ભૂજમાં સ્થાપવામાં આવેલ એમ.એ. પદવી અભ્યાસ-અર્થશાસ્ત્ર (જૂથ "એ" અને "સી") વિષયના અનુસ્નાતક કેન્દ્રમાં પ્રોફેસર-ઇન-ચાર્જ શ્રી. એન. બી. નાયકની બદલી થતાં તેમની જગ્યાએ પ્રોફેસર-ઇન-ચાર્જની નિમણૂક કરવા અંગે તે કૉલેજના આચાર્યની વિનંતી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજના જૂથ "એ" અને "સી"ના વિષયના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે પ્રોફેસર આર. કે. ગુપ્તાની નિમણૂક કરવી.

૪૩. સદરહુ બાબતની વિચારણા ઉપર બાબત નં. ૨૪ની સાથે કરવામાં આવેલી હોઈ તે અંગેની નોંધ, તે ક્રમમાં દર્શાવવામાં આવેલી છે.

૪૪. યુનિવર્સિટી ગ્રંથાલયમાં કામ કરતા નીચેના પ્યુન-કમ-એટેન્ડન્ટોનો અજમાયશી સમય તેમનાં નામ સામે બતાવેલ તારીખથી પૂરો થતો હોઈ તેમનાં નામ સામે બતાવેલ તારીખથી તેમને તે જગ્યા પર કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	નામ	હોદ્દો	કયાં કામ કરેલ તે	અજમાયશી સમય પૂરો થવાની તારીખ	કાયમ કરવાની તારીખ
૧.	શ્રી. બી. બી. મકવાણા	પ્યુન-કમ-એટે-ડન્ટ	ગ્રંથાલય	૮-૧૦-૧૯૬૬	૯-૧૦-૧૯૬૬
૨.	શ્રી. એમ. એમ. મકવાણા	,,	,,	૮-૧૦-૧૯૬૬	૯-૧૦-૧૯૬૬
૩.	શ્રી. પી. બી. ચૌહાણ	,,	,,	૮-૧૦-૧૯૬૬	૯-૧૦-૧૯૬૬
૪.	શ્રી. કે. એસ. રાણા	,,	,,	૮-૧૦-૧૯૬૬	૯-૧૦-૧૯૬૬

સદરહુ સભ્યોની કામગીરી અંગેના ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે, સદરહુ સભ્યોને, તેમનાં નામ સામે જણાવેલ જગ્યા પર અને તારીખથી કાયમ કરવા.

૪૫. યુનિવર્સિટી કાર્યાલયમાં કામ કરતા નીચેના સભ્યોનો અજમાયશી સમય તેમનાં નામ સામે બતાવેલ તારીખથી પૂરો થતો હોઈ તેમનાં નામ સામે બતાવેલ તારીખથી તેઓને કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	નામ	હોદ્દો	અજમાયશી સમય પૂરો થવાની તારીખ	કાયમ કરવાની તારીખ
૧.	શ્રી એન. એ. પંચાલ	સી. ઑપરેટર	૨૦-૧૦-૧૯૬૬	૨૧-૧૦-૧૯૬૬
૨.	શ્રી. જે. આર. ક્રિશ્ચિયન	જુ. ક્લાર્ક	૨૭-૧૦-૧૯૬૬	૨૮-૧૦-૧૯૬૬

ક્રમાંક	નામ	હોદ્દો	અજમાયશી સમય પૂરો થવાની તારીખ	કાયમ કરવાની તારીખ
૩.	શ્રી. જયશંકર વરણાસી	સુથાર	૬-૧૦-૧૯૬૬	૭-૧૦-૧૯૬૬
૪.	શ્રી. એન. એલ. વાઘેલા	પ્યુન-કમ-એટેન્ડન્ટ	૪-૧૦-૧૯૬૬	૫-૧૦-૧૯૬૬
૫.	શ્રી. કે. બી. પટેલ	,,	૪-૧૦-૧૯૬૬	૫-૧૦-૧૯૬૬
૬.	શ્રી. પી. ડી. ખત્રી	,,	૪-૧૦-૧૯૬૬	૫-૧૦-૧૯૬૬
૭.	શ્રી. એ. વી. ઝાલા	,,	૮-૧૦-૧૯૬૬	૯-૧૦-૧૯૬૬
૮.	શ્રી. જે. આર. ચાવડા	,,	૪-૧૦-૧૯૬૬	૫-૧૦-૧૯૬૬
૯.	શ્રી. જી. સી. પટેલ	ડુપ્લિકેટિંગ મશીનમૅન	૪-૧૦-૧૯૬૬	૫-૧૦-૧૯૬૬

સદરહુ સભ્યોની કામગીરી અંગેના બાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે, સદરહુ સભ્યોને, તેમનાં નામ સામે જણાવેલ જગ્યા પર અને તારીખથી કાયમ કરવા.

૪૬. નીચેના વિદ્યાર્થીઓના મહાનિબંધો તેમનાં નામ સામે જણાવેલ વિષય અને પદવી માટે સ્વીકાર્યા હોવાથી તેઓને ઉત્તીર્ણ જાહેર કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત :

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિષય	પદવી
૧.	કુ. એસ. એલ. દલાલ	રસાયણવિજ્ઞાન	પીએચ.ડી.
૨.	શ્રી. પી. પી. સિંધ	,,	,,
૩.	શ્રી. આઈ. એમ. ભટ્ટ	,,	,,

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૪૭. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈએ રજૂ કરેલી નીચેની દરખાસ્ત પર વિચારણા કરવા બાબત :

"મારી ભલામણ છે કે, સ્ટાફ વધારવાની આખી બાબત (ડિસેંબર ૧૯૬૫ તેમજ જુલાઈ ૧૯૬૬ની) અત્યારે અમલમાં ન આણવી, તેને સ્થગિત રાખવી; અને આગામી સેનેટ વગેરે મળે, તથા બે યુનિવર્સિટી ત્યાં સુધીમાં જુદી પડે, ત્યાર પછી આ બાબતનો યથાસ્થિત વિચાર કરવાનું ફાવી શકે. આજે કેટલુંક કલ્પના કે માન્યતા પરથી ચાલે છે, તેથી નાહક ખર્ચ વધે એટલું જ નહિ, સ્ટાફમાં ભારે અજંપો ને ઉકળાટ પેદા કરે એમ પણ છે, એ પેલો નનામો પત્રલેખક કહે છે, એમાં તથ્ય છે જ."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૮. ભારત સરકારની પ્રકાશન યોજના હેઠળ આ યુનિવર્સિટીએ તૈયાર કરેલ પ્રકાશનોમાં વપરાયેલ પરિભાષા અંગે ભારત સરકારના શિક્ષામંત્રાલયના જોઇન્ટ એજ્યુકેશનલ એડવાઇઝરના તા. ૨૮-૭-૧૯૬૬ના ડી. ઓ. પત્રાંક એફ-૨૦-૧૯-૬૩ એચ. (વન) ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૯. તા. ૧૭-૬-૧૯૬૬ના રોજ મળેલી સ્થાયી સમિતિની ભલામણો પૈકીની નં. ૧ સિવાયની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની ભલામણ નં. ૧ની વિચારણા મોકૂફ રાખવી.
વધુમાં ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની ભલામણ નં. ૨ થી ૭ મંજૂર કરવી.
(સદરહુ સમિતિની ભલામણોની નકલ પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

૫૦. યુનિવર્સિટી ગ્રંથાલયમાં એક મદદનીશ ગ્રંથપાલની જગ્યા માટે આવેલ અરજીઓ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૧. સ્ટેચ્યૂટ ૨૦૪ મુજબ તા. ૧-૪-૧૯૬૫થી યુનિવર્સિટીનાં અનુસ્નાતક ભવનોના શિક્ષકગણના પગારધોરણમાં સુધારો થતાં તે અંગે થયેલા પગારના ફિક્સેશનમાં સાથેના પત્રકમાં દર્શાવેલ શિક્ષકો પાસેથી કેટલીક રકમ વસૂલ કરવાની રહે છે; તો આવા કેસમાં કેવી રીતે એડજસ્ટમેન્ટ કરવું તે અંગે વિચારણા કરવા બાબત :

સદરહુ બાબત વિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે શ્રી. રજિસ્ટ્રારે, યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૧૭-૮-૧૯૬૬ના પત્રાંક એફ. ૧૫-૧-૬૪ (એસ.એસ.) તરફ સભાગૃહનું ધ્યાન ખેંચ્યું.

(*i*) A candidate who chooses as his Principal subject with which he has already passed the B.A. Degree Examination under the Three-year Degree Course of this University as a subordinate subject will be required to keep two fresh terms for the Third B.A. Examination and also pass the third paper in that subject either previously or in the same examination season at the Second B.A. Examination, for which purpose he shall be required to apply for admission to the examination separately and pay the necessary fees, provided that the result of the B.A. Degree Examination with a new Principal subject shall not be declared until he passes in the paper or papers concerned at the S.Y.B.A. Examination, and provided further that the result of the B.A. Degree Examination so held in abeyance shall be forfeited, if he fails to pass in the paper or papers concerned at the S.Y.B.A. Examination within two years of the declaration of the result so held in abeyance.

(*ii*) A candidate who chooses as his Principal and Subordinate subjects, a set of subjects entirely different from the subjects with which he has passed the B.A. Degree Examination in the Three-year Degree Course of this University previously will be required to keep two fresh terms and pass the Second B.A. Examination, and having passed it or having failed in it, but allowed to keep terms for the T.Y.B.A. Examination as also keep further two terms for the Third B.A. Examination and pass the examination as per provisions under the relevant Regulations, provided further that such a candidate shall be held eligible for a class at the examination at which he appears, but shall not be held eligible for a prize, scholarship or any other award at the examination and provided further that the marks equal to the percentage or marks obtained by him at the First B.A. Examination at which he has passed while passing the previous B.A. Degree Examination shall be credited to him for the purpose of determining his class at the Second or subsequent Third B.A. Examination at which he appears under the provisions of this Ordinance.

They will be allowed to claim exemption in compulsory subject or subjects in which they have already passed and which they repeat at the Second B.A. and/or at the Third B.A. Examination, as the case may be, but if they claim exemptions they will not be entitled to a scholarship or prizes or award.

૨૭. સિન્ડિકેટે તેની તા. ૨૯-૧-૧૯૬૬ની સભાના ઠરાવ મુજબ યુનિવર્સિટીના ઇન્ટર્નલ ઑડિટર્સ મે. લાખિયા, દેસાઈ એન્ડ કંપનીની ગુજરાત યુનિવર્સિટીના તા. ૩૧-૩-૧૯૬૫ સુધીના હિસાબો અંગેની ઑડિટ નોંધના જવાબમાં Shahdara (Delhi) Saharanpur Light Railway Company Ltd., Calcuttaની નાણાકીય સ્થિતિ અંગેની વધુ વિગતો મેળવવા અને ગોવર્ધનરામ ત્રિપાઠી વ્યાખ્યાનમાળાના પ્રણેતા મે. એન. એમ. ત્રિપાઠીને પોતાનાં સૂચનો હોય તો તે જણાવવા લખેલ હોઈ તે અંગે મે. એન. એમ. ત્રિપાઠીની કંપનીના તા. ૨૦-૮-૧૯૬૬ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૨૮. પ્રકાશન યોજનાના કાર્યક્ષમ અમલ માટે જરૂરી સાધનસામગ્રી વસાવી આપી પ્રકાશનો માટે કંપોઝ કામનો અલગ કૉન્ટ્રાક્ટ આપવા શ્રી. પ્રેસ-મૅનેજરના તા. ૫-૯-૧૯૬૬ના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—આ અંગે શરૂઆતમાં સાધનસામગ્રી માટે આશરે રૂા. ૧૯,૦૦૦નું ખર્ચ ચૂકવવાનું અને કૉન્ટ્રાક્ટરને માસિક રૂા. ૬,૦૦૦નું ખર્ચ થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ યોજના મંજૂર કરવી, અને તે માટે ટાઈપ સહિતના અને ટાઈપ વગરના કમ્પોઝ કામના ભાવ મંગાવીને તપાસવાનું રાખવું.

૨૯. યુનિવર્સિટી કાર્યાલયના સફાઈ કામદાર શ્રી. ડાહ્યાભાઈ ગોરીઆનો અજમાયશી સમય તા. ૨૩-૧૧-૧૯૬૬ના રોજ પૂરો થતો હોઈ તેઓને તા. ૨૪-૧૧-૧૯૬૬થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

શ્રી. ડાહ્યાભાઈ ગોરિયાની કામગીરી અંગેનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે, શ્રી. ડાહ્યાભાઈ ગોરિયાને જરૂરી નોટિસ આપીને તા. ૨૪-૧૧-૧૯૬૬થી ફારેગ કરવા.

૩૦. ભાષા-સાહિત્ય ભવનના લેક્ચરર શ્રી. રામસેવકસિંગ યુનિવર્સિટીની સેવામાં જોડાયા બાદ પીએચ.ડી. થયા હોવાથી તેઓને બે કે ત્રણ પગારવધારા આપવા અંગે તેમની તા. ૨૧-૪-૧૯૬૬ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૧. બોર્ડ ઑફ સ્પોર્ટ્સની છાસઠમી બેઠક (તા. ૧૯-૮-૧૯૬૬)ની નીચેની ભલામણો:

"(૭) આથી ઠરાવવામાં આવે છે કે, અમદાવાદ સિવાયના વિભાગના મુસાફરી તથા જમવા અંગેના ખર્ચની જરૂરિયાતોને તથા કૉલેજોની સંખ્યાની પરિસ્થિતિ ધ્યાનમાં લઈને નીચે પ્રમાણેની આંતર-કૉલેજ માટે મંજૂર થયેલ રૂા. ૧૪,૦૦૦ની ગ્રાન્ટની વહેંચણીને મંજૂર કરવા માટે આ બોર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે :

૧. અમદાવાદ વિભાગ	...	રૂા. ૧,૯૦૦
૨. ઉત્તર વિભાગ	...	રૂા. ૪,૩૦૦
૩. દક્ષિણ વિભાગ	...	રૂા. ૩,૫૦૦
૪. પશ્ચિમ વિભાગ	...	રૂા. ૪,૩૦૦
	કુલ	૧૪,૦૦૦

(૧૨) આથી ઠરાવવામાં આવે છે કે, પતિયાળાના નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ સ્પોર્ટ્સના અધ્યક્ષના તા. ૭-૫-૧૯૬૬ના પત્રમાં રમતોનાં ધોરણો સુધારવા માટે તે ઇન્સ્ટિટ્યૂટના રમતના નિષ્ણાતો કે પ્રશિક્ષકો (કોચીઝ) નીમવાનું સૂચન આ યુનિવર્સિટીમાં અપનાવવું જોઈએ અને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન આના ખર્ચ પેટે ૫૦ ટકા ગ્રાન્ટ આપે છે તથા આપણે જેટલા કોચ નીમીએ છીએ તેટલી સંખ્યાના વધુમાં વધુ ચાર કોચ ઇન્સ્ટિટ્યૂટ તરફથી સામેથી તેમના ખર્ચે મળે છે તે જોતાં, તથા ગુજરાતમાં રમતો વધુ લોકપ્રિય કરવાની જરૂરિયાત સૌ સ્વીકારે છે એ ધ્યાનમાં લઈને, યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને પચાસ પચાસ ટકા ગ્રાન્ટ આપવા માટે તેમના

તા. ૧૩-૧૨-૧૯૬૩ના પત્રમાં સૂચવેલ રૂા ૨૫૦-૧૦-૩૫૦-ઈ.બી. ૧૫-૫૦૦ પગારધોરણવાળી પહેલાં બે જ જગ્યા શારીરિક શિક્ષણ વિભાગમાં ઊભી કરવાની તથા જગ્યાઓ ઊભી થતાં કઈ રમતો માટેના કોચીઝની પસંદગી કરવી તથા તેમના કામની વિગતવાર યોજના નક્કી કરવાની સત્તા બોર્ડ ઑફ સ્પોર્ટ્સને આપવાની સિન્ડિકેટને ભલામણ કરવી."

૧. આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બોર્ડની ભલામણ નં. ૭ મંજૂર કરવી.

૨. આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બોર્ડની ભલામણ નં. ૧૨ મંજૂર કરવી, અને તે પ્રમાણે બે કોચીઝની બે વર્ષ માટે નિમણૂક કરવી.

૩૨. બોર્ડ ઑફ સ્પોર્ટ્સની છાસઠમી બેઠક (તા. ૧૯-૮-૧૯૬૬)ની નીચેની ભલામણો :

"(૬) (૮) વધુમાં ઠરાવવામાં આવે છે કે, આંતર-યુનિવર્સિટીની હરીફાઈઓમાં ભાગ લેવા જતા હરીફો માટે યુનિવર્સિટી ફોર્મ, કિટ, રમતનાં સાધનો ખરીદવાં, કોચિંગ વગેરે માટે આંતર-યુનિવર્સિટી માટે મંજૂર કરવામાં આવેલ રકમમાંથી ખર્ચ કરવાની સત્તા બોર્ડ ઑફ સ્પોર્ટ્સના પ્રમુખ અને મંત્રીને આપવા માટે તથા તે બંનેની સહીથી બિલોને મંજૂર થયેલાં ગણવા માટે આ બોર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે.

(૫) (૬) વધુમાં ઠરાવવામાં આવે છે કે, ચાલુ સાલથી ત્રણને બદલે ચાર વિભાગો થતા હોવાથી અને લીગ પદ્ધતિએ રમતો દર વરસની બાદબાકી રમાડવાનું ઠરાવેલું હોવાથી રેફરીઝ વગેરેને આપવાના ખર્ચની રકમ સારી એવી વધારે થશે અને તેથી તે આંતર-વિભાગીય ખેલકૂદ વગેરે માટે રૂા. ૧,૦૦૦ની ગ્રાન્ટ વધુ મંજૂર કરીને કુલ રૂા. ૬,૦૦૦ની ગ્રાન્ટ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બોર્ડની બેઉ ભલામણો મંજૂર કરવી.

૩૩. શ્રી. જવાહરલાલ નહેરુ વિદ્યાભવન આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, રાજકોટમાં નિમાયેલ ઇતિહાસના વ્યાખ્યાતા શ્રી. નવનીતભાઈ શાહનો એક વર્ષનો ખૂટતો અનુભવ ક્ષમ્ય કરવા સદરહુ કોલેજના આચાર્યશ્રી તરફથી આવેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. શાહ, એમ.એ. ત્રીજો વર્ગ અને બી.એ. બીજો વર્ગ ધરાવે છે અને એક વર્ષનો ટ્યૂટરનો અનુભવ ધરાવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કોલેજમાં શ્રી. નવનીતભાઈ શાહને ચાલુ વર્ષ માટે ઇતિહાસના લેક્ચરર તરીકે કામ કરવા માટે પરવાનગી આપવી.

૩૪. આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, ભાદરણમાંથી અંગ્રેજીના શિક્ષક શ્રી. એન. જે. ટીંડવાણી એકાએક છૂટા થયા હોવાથી તેઓના સ્થાને નિમાયેલા અંગ્રેજીના વ્યાખ્યાતા તરીકે શ્રી. એસ. એલ. દવેને કામચલાઉ ધોરણે શિક્ષણકાર્ય કરવાની પરવાનગી આપવા માટેની સદરહુ કોલજના આચાર્યની વિનંતી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. એસ. એલ. દવે, બી.એ. અને એમ.એ.ની પદવી અંગ્રેજી સાથે પાસ વર્ગમાં ધરાવે છે, તથા ત્રણ વર્ષનો શૈક્ષણિક અનુભવ ધરાવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજમાં અંગ્રેજીના લેકચરર તરીકે કામ કરવા માટે શ્રી. એસ. એલ. દવેને ફક્ત ચાલુ વર્ષ માટે પરવાનગી આપવી, અને સદરહુ કૉલેજને જણાવવું કે, જૂન ૧૯૬૭થી યોગ્ય લાયકાત ધરાવતા અંગ્રેજીના લેકચરરની નિમણૂક કરવી આવશ્યક રહેશે.

૩૫. શ્રી. બોટાદ પ્રજા મંડળ, મુંબઈ, તરફથી જૂન ૧૯૬૭થી બોટાદ ખાતે શરૂ કરાનાર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજને પ્રથમ બી.એ. તથા પ્રથમ બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ આપવા માંગતી આવેલ અરજી તથા તે પર સ્થાનિક તપાસ-સમિતિનો અહેવાલ.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી બોટાદ પ્રજા મંડળ, મુંબઈ, તરફથી બોટાદ ખાતે શરૂ કરાનાર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૩-૧૯૬૭ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને પ્રથમ વર્ષ બી.એ. અને પ્રથમ વર્ષ બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૭થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે:

(૧) આચાર્ય

(૨) અંગ્રેજીના એક વ્યાખ્યાતા

(૩) ગુજરાતીના એક વ્યાખ્યાતા

(૪) સંસ્કૃતના એક વ્યાખ્યાતા

(૫) હિંદીના એક વ્યાખ્યાતા

(૬) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા

(૭) રાજ્યશાસ્ત્રના એક વ્યાખ્યાતા

(૮) તર્કશાસ્ત્ર અને માનસશાસ્ત્રના એક વ્યાખ્યાતા

(૯) ઇતિહાસ તથા રાજ્યબંધારણના એક વ્યાખ્યાતા

(૧૦) ગણિતના એક વ્યાખ્યાતા

(૧૧) વાણિજ્યના એક વ્યાખ્યાતા

(૧૨) એકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા

(૧૩) એક વ્યાયામશિક્ષક;

[નોંધ.—(૧) ઉપર જણાવેલ વિષયો સિવાયના વિષયો શીખવવા ઇચ્છા હોય તો તેવા દરેક વિષય દીઠ જરૂરી લાયકાત ધરાવતા શિક્ષકની નિમણૂક કરી યુનિવર્સિટીને જાણ કરવી.

(૨) આચાર્ય જેની લાયકાત ધરાવતા હોય તે વિષયને માટે જુદા શિક્ષકની નિમણૂક કરવાની જરૂર નથી.]

૨. કૉલેજ માટે નીચે પ્રમાણે મકાનની વ્યવસ્થા કરવામાં આવે :
(૧) આચાર્ય માટેનો એક ખંડ
(૨) કાર્યાલય માટેનો એક ખંડ
(૩) શિક્ષકો માટેનો એક ખંડ
(૪) વિદ્યાર્થીઓ માટેનો એક ખંડ
(૫) વિદ્યાર્થિનીઓ માટેનો એક ખંડ
(૬) જરૂરી વર્ગ-ખંડો (જરૂરી ટ્યુટોરિયલ વર્ગો સાથે); અને
(૭) ગ્રંથાલય માટેનો એક ખંડ;

[નોંધ.—વિદ્યાર્થીઓની સંખ્યાના પ્રમાણમાં જરૂરી માપના (વિદ્યાર્થી દીઠ આઠ ચોરસ ફૂટ પ્રમાણે) વર્ગ-ખંડો તથા ટ્યુટોરિયલ ખંડો રાખવા આવશ્યક રહેશે.]

૩. મે, ૧૯૭૦ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે;

૪. ઓછામાં ઓછા ૨૫ (પચીસ) વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે;

૫. ગ્રંથાલય માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ રૂા. ૭,૦૦૦નો ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :

(૧) પુસ્તકો માટે	...	રૂા. ૫,૦૦૦
(૨) સામયિકો માટે	...	રૂા. ૧,૦૦૦
(૩) સંદર્ભગ્રંથો માટે	...	રૂા. ૧,૦૦૦;

૬. કૉલેજ માટે રમતગમતનું મેદાન તૈયાર કરવામાં આવે;

૭. આચાર્ય તથા ગૃહપતિને માટે કૉલેજની નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૮. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૯. કૉલેજના સંચાલનમાં જે ખોટ જાય તે પૂરી કરવાની સંચાલકમંડળ તરફથી બાંયધરી આપવામાં આવે;

૧૦. કૉલેજ અને સ્કૂલના સમય વચ્ચે ઓછામાં ઓછો ૪૫ મિનિટનો ગાળો રાખવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૩૬. અમદાવાદ કેળવણી ટ્રસ્ટ અમદાવાદ, તરફથી જૂન ૧૯૬૭થી અમદાવાદ ખાતે શરૂ કરાનાર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજની પ્રથમ બી.એ. તથા પ્રથમ બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ માંગતી આવેલ અરજી તથા તે પર સ્થાનિક તપાસ-સમિતિનો અહેવાલ.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, અમદાવાદ કેળવણી ટ્રસ્ટ, અમદાવાદ, તરફથી અમદાવાદ ખાતે શરૂ કરાનાર લેડીઝ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૩-૧૯૬૭ સુધીમાં,

સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો, તેને પ્રથમ વર્ષ બી.એ. અને પ્રથમ વર્ષ બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૭થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :
(૧) આચાર્ય
(૨) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
(૩) ગુજરાતીના એક વ્યાખ્યાતા
(૪) સંસ્કૃતના એક વ્યાખ્યાતા
(૫) હિંદીના એક વ્યાખ્યાતા
(૬) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૭) રાજ્યશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૮) તર્કશાસ્ત્ર અને માનસશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૯) ઇતિહાસ તથા રાજ્યબંધારણના એક વ્યાખ્યાતા
(૧૦) ગણિતના એક વ્યાખ્યાતા
(૧૧) વાણિજ્યના એક વ્યાખ્યાતા
(૧૨) એકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા
(૧૩) એક વ્યાયામશિક્ષક;

[**નોંધ.**—(૧) ઉપર જણાવેલ વિષયો સિવાયના વિષયો શીખવવા ઇચ્છા હોય તો તેવા દરેક વિષય દીઠ જરૂરી લાયકાત ધરાવતા શિક્ષકની નિમણૂક કરી યુનિવર્સિટીને જાણ કરવી.
(૨) આચાર્ય જેની લાયકાત ધરાવતા હોય તે વિષયને માટે જુદા શિક્ષકની નિમણૂક કરવાની જરૂર નથી.]

૨. કૉલેજ માટે નીચે પ્રમાણે મકાનની વ્યવસ્થા કરવામાં આવે :
(૧) આચાર્ય માટેનો એક ખંડ
(૨) કાર્યાલય માટેનો એક ખંડ
(૩) શિક્ષકો માટેનો એક ખંડ
(૪) વિદ્યાર્થિનીઓ માટેનો એક ખંડ
(૫) જરૂરી વર્ગ-ખંડો (જરૂરી ટ્યુટોરિયલ વર્ગો સાથે); અને
(૬) ગ્રંથાલય માટેનો એક ખંડ;

[**નોંધ.** – વિદ્યાર્થિનીઓની સંખ્યાના પ્રમાણમાં જરૂરી માપના (વિદ્યાર્થિની દીઠ આઠ ચોરસ ફૂટ પ્રમાણે) વર્ગ-ખંડો તથા ટ્યુટોરિયલ ખંડો રાખવા આવશ્યક રહેશે.]

૩. મે, ૧૯૭૦ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે;

૪. ઓછામાં ઓછી ૨૫ (પચીસ) વિદ્યાર્થિનીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે;

૫. ગ્રંથાલય માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ કુલ રૂા. ૭,૦૦૦નો ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :

(૧) પુસ્તકો માટે ... રૂા. ૫,૦૦૦
(૨) સામયિકો માટે ... રૂા. ૧,૦૦૦
(૩) સંદર્ભ ગ્રંથો માટે ... રૂા. ૧,૦૦૦;

૬. કૉલેજ માટે રમતગમતનું મેદાન તૈયાર કરવામાં આવે;

૭. આચાર્ય તથા ગૃહપતિને માટે કૉલેજની નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૮. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૯. કૉલેજના સંચાલનમાં જે ખોટ જાય તે પૂરી કરવાની સંચાલકમંડળ તરફથી બાંયધરી આપવામાં આવે;

૧૦. કૉલેજ અને સ્કૂલના સમય વચ્ચે ઓછામાં ઓછો ૪૫ મિનિટનો ગાળો રાખવામાં આવે."

આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૩૭. સંઘવી એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ, તરફથી જૂન ૧૯૬૭થી અમદાવાદ ખાતે શરૂ કરાનાર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજને પ્રથમ બી.એ. તથા પ્રથમ બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ માગતી આવેલ અરજી તથા તે પર સ્થાનિક તપાસ-સમિતિનો અહેવાલ.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે, સંઘવી એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ, તરફથી અમદાવાદ ખાતે શરૂ કરાનાર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૩-૧૯૬૭ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને પ્રથમ વર્ષ બી.એ. અને પ્રથમ વર્ષ બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૭થી તા. ૧૪-૭-૧૯૬૮ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :

(૧) આચાર્ય
(૨) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
(૩) ગુજરાતીના એક વ્યાખ્યાતા
(૪) સંસ્કૃતના એક વ્યાખ્યાતા
(૫) હિંદીના એક વ્યાખ્યાતા
(૬) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૭) રાજ્યશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૮) તર્કશાસ્ત્ર અને માનસશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૯) ઇતિહાસ તથા રાજ્યવ્યવસ્થાના એક વ્યાખ્યાતા
(૧૦) ગણિતના એક વ્યાખ્યાતા
(૧૧) વાણિજ્યના એક વ્યાખ્યાતા

(૧૨) એકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા
(૧૩) એક વ્યાયામશિક્ષક;

[નોંધ.—(૧) ઉપર જણાવેલ વિષયો સિવાયના વિષયો શીખવવા ઇચ્છા હોય તો તેવા દરેક વિષય દીઠ જરૂરી લાયકાત ધરાવતા શિક્ષકની નિમણૂક કરી યુનિવર્સિટીને જાણ કરવી.

(૨) આચાર્ય જેની લાયકાત ધરાવતા હોય તે વિષયને માટે જુદા શિક્ષકની નિમણૂક કરવાની જરૂર નથી.]

૨. કૉલેજ માટે નીચે પ્રમાણે મકાનની વ્યવસ્થા કરવામાં આવે :
(૧) આચાર્ય માટેનો એક ખંડ
(૨) કાર્યાલય માટેનો એક ખંડ
(૩) શિક્ષકો માટેનો એક ખંડ
(૪) વિદ્યાર્થીઓ માટેનો એક ખંડ
(૫) વિદ્યાર્થિનીઓ માટેનો એક ખંડ
(૬) જરૂરી વર્ગ-ખંડો (જરૂરી ટ્યુટોરિયલ વર્ગો સાથે); અને
(૭) ગ્રંથાલય માટેનો એક ખંડ;

[નોંધ.—વિદ્યાર્થીઓની સંખ્યાના પ્રમાણમાં જરૂરી માપના (વિદ્યાર્થી દીઠ આઠ ચોરસ ફૂટ પ્રમાણે) વર્ગ-ખંડો તથા ટ્યુટોરિયલ ખંડો રાખવા આવશ્યક રહેશે.]

૩. મે, ૧૯૭૦ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે;

૪. ઓછામાં ઓછા ૨૫ (પચીસ) વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે;

૫. ગ્રંથાલય માટે વિનયન તથા વાણિજ્યની એમ પ્રત્યેક વિદ્યાશાખા દીઠ કુલ રૂા. ૭,૦૦૦નો ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :

(૧) પુસ્તકો માટે	...	રૂા. ૫,૦૦૦
(૨) સામયિકો માટે	...	રૂા. ૧,૦૦૦
(૩) સંદર્ભગ્રંથો માટે	...	રૂા. ૧,૦૦૦;

૬. કૉલેજ માટે રમતગમતનું મેદાન તૈયાર કરવામાં આવે;

૭. આચાર્ય તથા ગૃહપતિને માટે કૉલેજ નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૮. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૯. કૉલેજના સંચાલનમાં જે ખોટ જાય તે પૂરી કરવાની સંચાલકમંડળ તરફથી બાંયધરી આપવામાં આવે;

૧૦. કૉલેજ અને શાળાના સમય વચ્ચે ૪૫ મિનિટનો ગાળો રાખવામાં આવે."

આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૩૮. ધી સુરત એજ્યુકેશન સોસાયટી, સુરત, તરફથી જૂન ૧૯૬૭થી સુરત મુકામે શરૂ કરાનાર આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજને પ્રથમ બી.એ. અને પ્રથમ બી.એસસી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ આપવા આવેલ અરજી તથા તે પર સ્થાનિક તપાસ-સમિતિનો અહેવાલ.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, ધી સુરત એજ્યુકેશન સોસાયટી, સુરત, તરફથી સુરત ખાતે શરૂ કરાનાર આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૩-૧૯૬૭ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને પ્રથમ વર્ષ બી.એ. તથા પ્રથમ વર્ષ બી.એસસી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૭થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :
   (૧) આચાર્ય
   (૨) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
   (૩) ગુજરાતીના એક વ્યાખ્યાતા
   (૪) સંસ્કૃતના એક વ્યાખ્યાતા
   (૫) હિંદીના એક વ્યાખ્યાતા
   (૬) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા
   (૭) તર્કશાસ્ત્ર અને માનસશાસ્ત્રના એક વ્યાખ્યાતા
   (૮) ઇતિહાસ અને રાજ્યબંધારણના એક વ્યાખ્યાતા
   (૯) ગણિતના એક વ્યાખ્યાતા
   (૧૦) રસાયણવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
   (૧૧) જીવવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
   (૧૨) ભૌતિકવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
   (૧૩) ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન અને જીવવિજ્ઞાન —એ પ્રત્યેકને માટે એક એક ડેમોન્સ્ટ્રેટર
   (૧૪) ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન અને જીવવિજ્ઞાન —એ પ્રત્યેકને માટે એક એક લેબોરેટરી આસિસ્ટન્ટ
   (૧૫) એક વ્યાયામશિક્ષક;

   [**નોંધ.**—(૧) ઉપર જણાવેલ વિષયો સિવાયના વિષયો શીખવવા ઇચ્છા હોય તેવા દરેક વિષય માટે જરૂરી લાયકાત ધરાવતા શિક્ષકની નિમણૂક કરી યુનિવર્સિટીને જાણ કરવી.
   (૨) આચાર્ય જે વિષય શીખવવાની લાયકાત ધરાવતા હોય તે વિષય માટે જુદા શિક્ષક નીમવાની જરૂર નથી.]

૨. કૉલેજના મકાનમાં નીચે પ્રમાણે વ્યવસ્થા કરવામાં આવે :
   (૧) આચાર્ય માટેનો એક ખંડ
   (૨) કાર્યાલય માટેનો એક ખંડ

(૩) શિક્ષકો માટેનો એક ખંડ
(૪) વિદ્યાર્થીઓ માટેનો એક ખંડ
(૫) વિદ્યાર્થિનીઓ માટેનો એક ખંડ
(૬) ગ્રંથાલય માટેનો એક ખંડ
(૭) જરૂરી વર્ગ-ખંડો (જરૂરી ટ્યુટોરિયલ વર્ગો સાથે)

[નોંધ.—વિદ્યાર્થીઓની સંખ્યાના પ્રમાણમાં જરૂરી માપના (વિદ્યાર્થી દીઠ આઠ ચોરસ ફૂટ પ્રમાણે) વર્ગ-ખંડો તથા ટ્યુટોરિયલ ખંડો અને પ્રયોગશાળા માટેના ખંડો.]

૩. મે, ૧૯૭૦ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે;

૪. પ્રયોગશાળાઓ સુસજ્જ કરવા માટે રૂા. ૧,૦૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૫. ઓછામાં ઓછા ૨૫ (પચીસ) વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે;

૬. રમતગમત માટે સુયોગ્ય મેદાનની વ્યવસ્થા કરવામાં આવે;

૭. ગ્રંથાલય માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ રૂા. ૭,૦૦૦નો નીચે પ્રમાણે ખર્ચ કરવામાં આવે :

(૧) પુસ્તકો માટે	...	રૂા. ૫,૦૦૦
(૨) સંદર્ભગ્રંથો માટે	...	રૂા. ૧,૦૦૦
(૩) સામયિકો માટે	...	રૂા. ૧,૦૦૦;

૮. આચાર્ય અને ગૃહપતિ માટે કૉલેજની નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૯. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૧૦. કૉલેજના સંચાલનમાં જે ખોટ જાય તે ભરપાઈ કરવાની સંત્ર ૠકમંડળ તરફથી બાંયધરી આપવામાં આવે; અને

૧૧. કૉલેજ અને શાળાના સમય વચ્ચે ઓછામાં ઓછો ૪૫ મિનિટનો ગાળો રાખવામાં આવે."

આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે, ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૩૯. સદ્‌વિદ્યા મંડળ, ભરૂચ, તરફથી જૂન ૧૯૬૭થી ભરૂચ મુકામે શરૂ કરાનાર વાણિજ્યની કૉલેજને પ્રથમ બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ માગતી આવેલ અરજી તથા તે પર નિમાયેલ સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી સદ્‌વિદ્યા મંડળ, ભરૂચ, દ્વારા ભરૂચ ખાતે શરૂ થનાર કૉમર્સ કૉલેજ, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૩-૧૯૬૭ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને પ્રથમ વર્ષ બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૭થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :
(૧) આચાર્ય
(૨) અંગ્રેજીના એક વ્યાખ્યાતા

(૩) ગુજરાતીના એક વ્યાખ્યાતા
(૪) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૫) વાણિજ્યના એક વ્યાખ્યાતા
(૬) એકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા
(૭) એક વ્યાયામશિક્ષક;

[નોંધ. — (૧) ઉપર જણાવેલા વિષયો સિવાયના વિષયો શીખવવા ઇચ્છા હોય તો તેવા દરેક વિષય દીઠ જરૂરી લાયકાત ધરાવતા શિક્ષકની નિમણૂક કરી યુનિવર્સિટીને જાણ કરવી.
(૨) આચાર્ય જેની લાયકાત ધરાવતા હોય તે વિષયને માટે જુદા શિક્ષકની નિમણૂક કરવાની જરૂર નથી.]

૨. કૉલેજ માટે નીચે પ્રમાણે મકાનની વ્યવસ્થા કરવામાં આવે :
(૧) આચાર્ય માટેનો એક ખંડ
(૨) કાર્યાલય માટેનો એક ખંડ
(૩) શિક્ષકો માટેનો એક ખંડ
(૪) વિદ્યાર્થીઓ માટેનો એક ખંડ
(૫) વિદ્યાર્થિનીઓ માટેનો એક ખંડ
(૬) જરૂરી વર્ગ-ખંડો (જરૂરી ટ્યુટોરિયલ વર્ગો સાથે); અને
(૭) ગ્રંથાલય માટેનો એક ખંડ;

[નોંધ.—વિદ્યાર્થીઓની સંખ્યાના પ્રમાણમાં જરૂરી માપના (વિદ્યાર્થી દીઠ આઠ ચોરસ ફૂટ પ્રમાણે) વર્ગ-ખંડો રાખવા આવશ્યક રહેશે.]

૩. મે, ૧૯૭૦ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે;

૪. ઓછામાં ઓછા ૨૫ (પચીસ) વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે;

૫. ગ્રંથાલય માટે કુલ રૂા. ૭,૦૦૦નો ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :

(૧) પુસ્તકો માટે	...	રૂા. ૫,૦૦૦
(૨) સામયિકો માટે	...	રૂા. ૧,૦૦૦
(૩) સંદર્ભગ્રંથો માટે	...	રૂા. ૧,૦૦૦;

૬. કૉલેજ માટે રમતગમતનું મૈદાન તૈયાર કરવામાં આવે;

૭. આચાર્ય તથા ગૃહપતિને માટે કૉલેજની નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૮. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૯. કૉલેજના સંચાલનમાં જે ખોટ જાય તે પૂરી કરવાની સંચાલકમંડળ તરફથી બાંયધરી આપવામાં આવે;

૧૦. કૉલેજ અને હાઈસ્કૂલના સમયમાં ઓછામાં ઓછો ૪૫ મિનિટનો ગાળો રાખવામાં આવે."

આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૪૦. અમરેલી જિલ્લા વિદ્યાસભા, અમરેલી, તરફથી જૂન ૧૯૬૭થી અમરેલી મુકામે શરૂ કરાનાર વાણિજ્યની કૉલેજને પ્રથમ બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ આપવા આવેલ અરજી તથા તે પર નિમાયેલ સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી અમરેલી જિલ્લા વિદ્યાસભા, અમરેલી, દ્વારા અમરેલી ખાતે શરૂ થનાર કૉમર્સ કૉલેજ, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૩-૧૯૬૭ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને પ્રથમ વર્ષ બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૭થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :
   (૧) આચાર્ય
   (૨) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
   (૩) ગુજરાતીના એક વ્યાખ્યાતા
   (૪) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા
   (૫) વાણિજ્યના એક વ્યાખ્યાતા
   (૬) એકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા
   (૭) એક વ્યાયામશિક્ષક;

   [નોંધ.—(૧) ઉપર જણાવેલા વિષયો સિવાયના વિષયો શીખવવા ઇચ્છા હોય તો તેવા દરેક વિષય દીઠ જરૂરી લાયકાત ધરાવતા શિક્ષકની નિમણૂક કરી યુનિવર્સિટીને જાણ કરવી.
   (૨) આચાર્ય જેની લાયકાત ધરાવતા હોય તે વિષયને માટે જુદા શિક્ષકની નિમણૂક કરવાની જરૂર નથી.]

૨. કૉલેજ માટે નીચે પ્રમાણે મકાનની વ્યવસ્થા કરવામાં આવે :
   (૧) આચાર્ય માટેનો એક ખંડ
   (૨) કાર્યાલય માટેનો એક ખંડ
   (૩) શિક્ષકો માટેનો એક ખંડ
   (૪) વિદ્યાર્થીઓ માટેનો એક ખંડ
   (૫) વિદ્યાર્થિનીઓ માટેનો એક ખંડ
   (૬) જરૂરી વર્ગ-ખંડો (જરૂરી ટ્યુટોરિયલ વર્ગો સાથે); અને
   (૭) ગ્રંથાલય માટેનો એક ખંડ;

   [નોંધ.—વિદ્યાર્થીઓની સંખ્યાના પ્રમાણમાં જરૂરી માપના (વિદ્યાર્થી દીઠ આઠ ચોરસ ફૂટ પ્રમાણે) વર્ગ-ખંડો તથા ટ્યુટોરિયલ ખંડો રાખવા આવશ્યક રહેશે.]

૩. મે, ૧૯૭૦ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે;

૪. ઓછામાં ઓછા ૨૫(પચીસ) વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે;

૫. ગ્રંથાલય માટે કુલ રૂા. ૭,૦૦૦નો ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :

(૧) પુસ્તકો માટે ... રૂા. ૫,૦૦૦

(૨) સામયિકો માટે ... રૂા. ૧,૦૦૦

(૩) સંદર્ભગ્રંથો માટે ... રૂા. ૧,૦૦૦;

૬. કૉલેજ માટે રમતગમતનું મેદાન તૈયાર કરવામાં આવે;

૭. આચાર્ય તથા ગૃહપતિને માટે કૉલેજની નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૮. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૯. કૉલેજના સંચાલનમાં જે ખોટ જાય તે પૂરી કરવાની સંચાલકમંડળ તરફની બાંયધરી આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૪૧. શેઠ આર. એ. કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ સાયન્સ, અમદાવાદનું જૂન ૧૯૬૭થી (૧) શેઠ આર. એ. કૉલેજ ઑફ આર્ટ્સ, અમદાવાદ, તથા (૨) શેઠ આર. એ. કૉલેજ ઑફ સાયન્સ, અમદાવાદ, એમ વિભાગીકરણ કરવા; તથા (૧) શેઠ આર. એ. કૉલેજ ઑફ આર્ટ્સ સાથે વાણિજ્યની નવી વિદ્યાશાખા સંયોજિત કરી શેઠ આર. એ. કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ, અમદાવાદને સ્વતંત્ર કૉલેજ તરીકે બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજી, સંસ્કૃત, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ગુજરાતી, ગણિતશાસ્ત્ર અને સમાજશાસ્ત્ર; તથા બી.એ. (સંયો.)માં રાજ્યનીતિશાસ્ત્ર, ઇતિહાસ, હિંદી અને આંકડાશાસ્ત્રનું ચાલુ જોડાણ તથા ફર્સ્ટ યર બી.કૉમ. સુધીના વિષયો શીખવવા માટે, તથા (૨) શેઠ આર. એ. કૉલેજ ઑફ સાયન્સ, અમદાવાદને સ્વતંત્ર કૉલેજ તરીકે બી.એસસી. (રૂપે.)માં ગણિતશાસ્ત્ર અને રસાયણવિજ્ઞાન તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનનું ચાલુ જોડાણ તથા બી.એસસી. (જન.)માં પ્રાણીવિજ્ઞાનનું વધારાનું જોડાણ મેળવવા માટે આવેલ અરજી તથા તે પર સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, શેઠ આર. એ. કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ સાયન્સ, અમદાવાદ, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૩-૧૯૬૭ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો, તેને હાલની શેઠ આર. એ. કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ સાયન્સ, અમદાવાદનું જૂન ૧૯૬૭થી

(અ) ભવન્સ આર. એ. કૉલેજ ઑફ સાયન્સ

તથા

(બ) મજકૂર સંસ્થા તરફથી શરૂ કરાનાર વાણિજ્યની વિદ્યાશાખાને વિનયન વિદ્યાશાખા સાથે સંયોજિત કરી ભવન્સ આર. એ. કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ, એમ વિભાગીકરણ કરવા; તથા

(૧) ભવન્સ આર. એ. કૉલેજ ઑફ સાયન્સ, અમદાવાદને જૂન ૧૯૬૭થી બી.એસસી. (સ્પે.)માં ગણિતશાસ્ત્ર અને રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનનું તા. ૧૫-૬-૧૯૬૭થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એસસી. (સ્પે.)માં પ્રાણીવિજ્ઞાનનું તા. ૧૫-૬-૧૯૬૭થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું વધારાનું જોડાણ આપવા; તથા

(૨) ભવન્સ આર. એ. કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ અમદાવાદને બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજી, સંસ્કૃત, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ગુજરાતી, ગણિતશાસ્ત્ર અને સમાજશાસ્ત્ર; તથા બી.એ. (સમો.)માં રાજ્યનીતિશાસ્ત્ર, ઇતિહાસ, હિંદી અને આંકડાશાસ્ત્રનું તા. ૧૫-૬-૧૯૬૭થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું જોડાણ; તથા એફ.વાય.બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૭થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી.

(અ) ભવન્સ આર. એ. કૉલેજ ઑફ સાયન્સ, અમદાવાદ

૧. નીચે પ્રમાણેની નિમણૂકો કરવામાં આવે :

(૧) આચાર્ય

(૨) ગણિતશાસ્ત્રના એક પ્રાધ્યાપક

(૩) રસાયણવિજ્ઞાનના એક પ્રાધ્યાપક

(૪) ભૌતિકવિજ્ઞાનના એક વ્યાખ્યાતા

(૫) પ્રાણીવિજ્ઞાનના એક પ્રાધ્યાપક

(૬) વનસ્પતિવિજ્ઞાનના એક વ્યાખ્યાતા

(૭) રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન અને જીવવિજ્ઞાન—દરેક વિષય માટેના એક એક ડેમોન્સ્ટ્રેટર

(૮) એક વ્યાયામશિક્ષક;

૨. કૉલેજના મકાનમાં નીચે પ્રમાણે વ્યવસ્થા કરવામાં આવે :

(૧) આચાર્ય માટેનો ખંડ

(૨) કાર્યાલય માટેનો ખંડ

(૩) શિક્ષકો માટેનો ખંડ

(૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ

(૫) વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ

(૬) ગ્રંથાલય માટેનો ખંડ

(૭) જરૂરી વર્ગ-ખંડો (ટ્યુટોરિયલ વર્ગ સહિત);

(૮) પ્રયોગશાળા માટે ખંડો (ડાર્ક રૂમ, બૅલેન્સ રૂમ સહિત);

૩. વનસ્પતિબાગ તૈયાર કરવામાં આવે;

૪. પ્રયોગશાળાઓ સુસજ્જ કરવા માટે નીચે પ્રમાણેનો ખર્ચ કરવામાં આવે :

(૧) રસાયણવિજ્ઞાન	...	રૂા. ૪૦,૦૦૦
(૨) વનસ્પતિવિજ્ઞાન	...	રૂા. ૧૫,૦૦૦
(૩) ભૌતિકવિજ્ઞાન	...	રૂા. ૧૫,૦૦૦
		કુલ રૂા. ૭૦,૦૦૦;

૫. ગ્રંથાલય માટે વધારાના જોડાણના નીચે જણાવેલ પ્રત્યેક મુખ્ય વિષય દીઠ રૂા. ૨,૦૦૦નો તથા પ્રત્યેક ગૌણ વિષય દીઠ રૂા. ૧,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે :

મુખ્ય વિષય	ગૌણ વિષય
(૧) ગણિતશાસ્ત્ર	(૧) ભૌતિકવિજ્ઞાન
(૨) રસાયણવિજ્ઞાન	(૨) રસાયણવિજ્ઞાન;

૬. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે.

(બ) ભવન્સ આર. એ. કૉલેજ ઑફ આર્ટ્સ એન્ડ કૉમર્સ, અમદાવાદ

૧. નીચે પ્રમાણેની નિમણૂકો કરવામાં આવે :

(૧) અલગ આચાર્ય
(૨) વાણિજ્યના એક વ્યાખ્યાતા
(૩) એકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા
(૪) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૫) કૉમર્સના એક વ્યાખ્યાતા
(૬) બૅંકિંગના એક વ્યાખ્યાતા
(૭) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
(૮) ગુજરાતીના એક વ્યાખ્યાતા
(૯) એક વ્યાયામશિક્ષક;

[**નોંધ.**—(૧) વાણિજ્ય વિદ્યાશાખામાં ઉપર જણાવેલ વિષયો સિવાયના વિષયો શીખવવાની ઇચ્છા હોય તેવા દરેક વિષય માટે જરૂરી લાયકાત ધરાવતા શિક્ષકની નિમણૂક કરી યુનિવર્સિટીને જાણ કરવી.

(૨) આચાર્ય જે વિષય શીખવવાની લાયકાત ધરાવતા હોય તે વિષય માટે જુદા શિક્ષક નીમવાની જરૂર નથી.]

૨. કૉલેજમાં નીચે પ્રમાણે અલાયદી વ્યવસ્થા કરવામાં આવે :

(૧) આચાર્ય માટેનો ખંડ
(૨) કાર્યાલય માટેનો ખંડ
(૩) શિક્ષકો માટેનો ખંડ
(૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ
(૫) વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ
(૬) ગ્રંથાલય માટેનો ખંડ
(૭) જરૂરી વર્ગ-ખંડો (જરૂરી ટ્યુટોરિયલ વર્ગો સાથે);

[નોંધ. — વિદ્યાર્થીઓની સંખ્યાના પ્રમાણમાં જરૂરી માપના (વિદ્યાર્થી દીઠ આઠ ચોરસ ફૂટ પ્રમાણે) વર્ગ-ખંડો તથા ટ્યુટોરિયલ ખંડો રાખવા આવશ્યક રહેશે.]

૩. ગ્રંથાલય માટે નીચે મુજબ અનાવર્તક ખર્ચ કરવામાં આવે :

કૉમર્સ માટે રૂા. ૭,૦૦૦ —રૂા. ૫,૦૦૦ પુસ્તકો માટે, રૂા. ૧,૦૦૦ સામયિકો માટે અને રૂા. ૧,૦૦૦ સંદર્ભગ્રંથો માટે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ વિદ્યાશાખા દીઠ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. ઓછામાં ઓછા ૨૫ (પચીસ) વિદ્યાર્થીઓ રહી શકે તેવું છાત્રાલય ન હોય તો તે માટે જોગવાઈ કરવામાં આવે;

૬. મે, ૧૯૭૦ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે;

૭. આચાર્યને સંચાલકસમિતિના હોદ્દાગત સભ્ય બનાવવામાં આવે;

૮. આચાર્યને ભાડામુક્ત યોગ્ય રહેઠાણ આપવામાં આવે;

૯. કૉલેજ માટે યોગ્ય રમતગમતનું મેદાન તૈયાર કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૪૨. કડી હિતવર્ધક મંડળ, કડી તરફથી જૂન, ૧૯૬૭થી કડી, મુકામે શરૂ કરાનાર કાયદાશાસ્ત્રની કૉલેજને દ્વિતીય એલએલ.બી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ માગતી આવેલ અરજી તથા તે પર સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ આવ્યેથી તે જોઈને ઍકેડેમિક કાઉન્સિલ વતી જરૂરી ભલામણ કરવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી."

(નોંધ. — સદરહુ કૉલેજ અંગેનો સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ આવ્યો નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૪૩. પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન, ૧૯૬૭થી વિજ્ઞાનની વિદ્યાશાખાના પ્રથમ બી.એસસી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ આપવા આવેલ અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ આવ્યેથી તે જોઈને ઍકેડેમિક કાઉન્સિલ વતી જરૂરી ભલામણ કરવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી."

(નોંધ.—સદરહુ કૉલેજ અંગેનો સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ આવ્યો નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૪૪. સ્કૉલરશિપ અને રિસર્ચ સ્કૉલરશિપ વગેરે બાબત પર વિચારણા કરીને હેવાલ રજૂ કરવા માટે સિન્ડિકેટે તેની તા. ૮-૧-૧૯૬૬ની સભામાં નીમેલી સમિતિની તા. ૨૫-૮-૧૯૬૬ના રોજ મળેલી બેઠકના કામકાજની નોંધ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની તા. ૨૫-૮-૧૯૬૬ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની ભલામણોની નકલ પરિશિષ્ટ "અ" તરીકે સામેલ છે.)

૪૫. શ્રી. રમેશભાઈ ભટ્ટ તરફથી સેનેટની આગામી સભા સમક્ષ રજૂ થનાર નીચેના પ્રસ્તાવો ઉપર અભિપ્રાય આપવા બાબત.

ઠરાવ ૧ :

"સંલગ્ન કૉલેજોમાં વર્તાતી અધ્યાપકોની તંગી તેમ જ અધ્યાપકોની કાર્યક્ષમતા વધે અને સુધરે તે હેતુને ધ્યાનમાં લઈને તેમ જ ગુજરાત યુનિવર્સિટીએ પોતે તેમ જ સમાજની તમામ જાહેર સંસ્થાઓએ એ સિદ્ધાંત સ્વીકાર્યો હોઈને ગુજરાત યુનિવર્સિટીના પોતાના કર્મચારીઓ માટે લાગુ પાડવામાં આવી છે તેવી ગ્રેચ્યુઇટીની યોજના ગુજરાત યુનિવર્સિટી ઍક્ટના સેક્શન ૨૦ (*XV*) અન્વયે ૧૯૬૭ના જૂનથી તમામ સંલગ્ન કૉલેજો તેમ જ માન્ય સંસ્થાઓમાં લાગુ પાડવા માટે ઘટતાં પગલાં ભરવાની લાગતાંવળગતાં સત્તામંડળોને આગ્રહભરી વિનંતી કરે છે."

ઠરાવ ૨ :

"ઉચ્ચ શિક્ષણના ઝડપી વિસ્તારને કારણે અને તેને પરિણામે અધ્યાપકોની સંખ્યામાં ઘણો જ મોટો વધારો થયો છે. આ વધારાને કારણે યુનિવર્સિટીએ પોતે ઘડેલા તેમ જ માન્ય અને સંલગ્ન સંસ્થાઓના નીતિ-નિયમો અને ધારાધોરણોનાં પાલન, અમલ અને અર્થઘટન અંગે ઘણી વાર પ્રશ્નો ઊભા થાય છે. યુનિવર્સિટી પોતે એક સ્વાયત્ત સંસ્થા હોઈ આવા પ્રશ્નોના વિધાકીય દૃષ્ટિથી સુખદ નિરાકરણ અને નિવારણ થાય તે દૃષ્ટિથી યુનિવર્સિટીને પોતાની મળેલી યુનિવર્સિટી ઍક્ટના સેક્શન ૨૦ (*XV*), (*XXVI*) અને (*XXVII*) અન્વયે કોઈ યોગ્ય તંત્ર રચવાની જોગવાઈ કરવા સેનેટની આ સભા લાગતાંવળગતાં સત્તામંડળોને વિનંતી કરે છે."

ઠરાવ ૩ :

"ગુજરાત યુનિવર્સિટીની સ્થાપના થયે દોઢ દાયકા જેટલો લાંબો સમય વીત્યો છે. દરમિયાનમાં ઉચ્ચ શિક્ષણનો વિસ્તાર અને વ્યાપ થયો છે. ઉચ્ચ શિક્ષણ પાસેથી રાષ્ટ્રીય અને પ્રજાકીય અપેક્ષાઓમાં પણ ફેરફાર થતા આવ્યા છે. આ સમગ્ર પરિસ્થિતિને ધ્યાનમાં લેતાં તેમ જ યુનિવર્સિટી પોતાનાં ધ્યેયો અને અપેક્ષિત જવાબદારીઓને શીઘ્રતાથી અને કાર્યક્ષમતાથી પાર પાડી શકે તે માટે ગુજરાત યુનિવર્સિટીના ઍક્ટમાં જાહેર મત તેમ જ વિધાકીય વિચારણાઓને જાણી અને ધ્યાનમાં લઈને જરૂરી ફેરફારો કરવા માટે ગુજરાત સરકારે સંચારિત કરવાને માટે ઘટતાં પગલાં ભરવા યુનિવર્સિટીનાં લાગતાંવળગતાં સત્તામંડળોને આ સભા આગ્રહભરી વિનંતી કરે છે."

ઠરાવ ૪:

"સેનેટની આ સભા ઠરાવે છે કે, નીચે દર્શાવેલા હેતુઓ પાર પડે તે માટે જરૂરી નિયમો ઘડવા માટે જરૂરી કારવાઈ કરવામાં આવે અને તે નિયમોનો ૧૯૬૭ના જૂનથી અમલ કરવા માટે ઘટતાં પગલાં લાગતાંવળગતાં મંડળો તરફથી સત્વરે ભરવામાં આવે. એ નિયમો ઘડવામાં આ હેતુઓ ધ્યાનમાં રખાય :

(૧) કોઈ પણ અધ્યાપકને એક વાર કાયમ કર્યા બાદ બિનકાર્યક્ષમતાના કે અસંતોષકારક કામગીરીના બહાના હેઠળ છૂટા કરવામાં આવે; અને

(૨) આવો બનાવ બન્યે તેની યોગ્ય તપાસ કરી લાગતીવળગતી સંસ્થાઓને જરૂરી સૂચનાઓ અને આદેશો આપવા માટે યુનિવર્સિટી તરફથી એક સ્થાયી સમિતિ નીમવામાં આવે."

ઠરાવ ૧ : આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં છે, એમ સેનેટને અભિપ્રાય આપવો.

ઠરાવ ૨ : આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને અભિપ્રાય આપવો.

ઠરાવ ૩ : આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને અભિપ્રાય આપવો.

ઠરાવ ૪ : આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને અભિપ્રાય આપવો.

૪૬. ડૉ. ડી. એચ. સુતરિયા તરફથી સેનેટની આગામી સભા સમક્ષ રજૂ થનાર નીચેના પ્રસ્તાવો પર અભિપ્રાય આપવા બાબત:

પ્રસ્તાવ ૧ :

"St. 193-A(1):

The employees of the University, both teaching and non-teaching, shall be insured with benefit maturing at the age of retirement, i.e., 60 years, by the University at its own cost as under :

1. Employees drawing basic pay of Rs. 150 or less ... Rs. 1,500/-
2. Employees drawing basic pay from Rs. 151 to 300 ... Rs. 2,500/-
3. Employees drawing basic pay from Rs 301 to Rs. 500/- ... Rs. 4,000/-
4. The policies shall be endowment Master Policy.

On any employee ceasing to be in employment of the University, the University shall cease to pay any further premiums in respect of his policy, but the employee shall have an option to continue the policy as his own endowment policy."

પ્રસ્તાવ ૨ :

"કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર, અન્ય સરકારી, અર્ધસરકારી, કૉર્પોરેટ, ખાનગી તેમ જ જાહેર સંસ્થાઓમાં મળે છે તેવી, યુનિવર્સિટીના તમામ શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક કર્મચારીવર્ગને તથા તેમના કુટુંબના સભ્યોને તમામ પ્રકારની તબીબી સારવાર વિનામૂલ્યે આપવામાં આવે તેવી જોગવાઈ કરવા સેનેટની આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે."

પ્રસ્તાવ ૧ : આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને અભિપ્રાય આપવો.

પ્રસ્તાવ ૨ : આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને અભિપ્રાય આપવો.

૪૭. શ્રી. એસ. એમ. ઠક્કર તરફથી સેનેટની આગામી સભા સમક્ષ રજૂ થનાર નીચેના પ્રસ્તાવો પર અભિપ્રાય આપવા બાબત :

પ્રસ્તાવ ૧ :

"ગુજરાત યુનિવર્સિટીની વિનયન વિદ્યાશાખામાં સ્નાતક કક્ષા સુધી એક્સ્ટર્નલ પરીક્ષા આપવાની જોગવાઈ છે. આ પ્રકારની જોગવાઈ ગુજરાત રાજ્યની માધ્યમિક શાળાઓમાં સતત બે વર્ષથી શિક્ષણકાર્ય કરતા સ્નાતક શિક્ષકો માટે અનુસ્નાતક કક્ષા સુધી આગળ વધારવા સેનેટની આ સભા જરૂરી કાર્યવાહી કરવા માટે ગુજરાત યુનિવર્સિટીની લાગતીવળગતી અધિકારી સત્તાઓને ભલામણ કરે છે."

પ્રસ્તાવ ૨ :

"ગુજરાતની માધ્યમિક શાળાઓમાં શિક્ષણકાર્ય કરતા શિક્ષકો માટે એસ.ટી.સી.ની પરીક્ષા દ્વારા 'ઇન-સર્વિસ ટ્રેનિંગ'ની જે જોગવાઈ હતી તે ગુજરાત સરકારના કેળવણીખાતાએ બંધ કરી છે. આથી ગુજરાત યુનિવર્સિટીની સેનેટની આ સભા ગુજરાતની માધ્યમિક શાળાઓમાં નોકરી કરતા શિક્ષકો નોકરી દરમિયાન જરૂરી વ્યાવસાયિક તાલીમ (In-service Training) મેળવી શકે તેવા કોઈ અભ્યાસક્રમની જોગવાઈ કરવા ગુજરાત યુનિવર્સિટીની લાગતીવળગતી અધિકારી સત્તાઓને ભલામણ કરે છે."

પ્રસ્તાવ ૧ : આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને અભિપ્રાય આપવો.

પ્રસ્તાવ ૨ : આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને અભિપ્રાય આપવો.

૪૮. આચાર્ય સી. કે. ભટ્ટ તરફથી સેનેટની આગામી સભા સમક્ષ રજૂ થનાર નીચેના પ્રસ્તાવો પર અભિપ્રાય આપવા બાબત :

પ્રસ્તાવ ૧ :

"સેનેટની આ સભા ઠરાવે છે કે, સેનેટની સભા સમક્ષનો સમગ્ર એજન્ડા પૂરો ન થાય ત્યાં સુધી તેની કાર્યવાહી લંબાવવામાં આવે અને સેનેટ સમક્ષનું સમગ્ર કામકાજ નિર્ણયાત્મક તબક્કામાં પહોંચાડવામાં આવે."

પ્રસ્તાવ ૨ :

"સેનેટની આ સભા ઠરાવે છે કે, પ્રી-યુનિ. આર્ટ્સ, કૉમર્સ અને સાયન્સ એમ ત્રણે વિદ્યાશાખામાં પ્રથમ વર્ષનાં ઉત્તીર્ણ થયા પછી વિદ્યાર્થી વિદ્યાશાખા બદલીને તેને અનુકૂળ તેવી વિદ્યાશાખામાં ફર્સ્ટ યર બી.એ., બી.કૉમ. કે બી.એસસી.માં દાખલ થઈ શકે છે."

(જે તે વિદ્યાશાખા નક્કી કરે તેવા પ્રી-યુનિ.ના નિયત કરેલા એક પેપરમાં વિદ્યાર્થીએ પરીક્ષા આપવાની પૂર્વશરત રહેશે.)

પ્રસ્તાવ ૧ : આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવમાં રહેલી ભાવનાની તરફેણમાં છે, એમ સેનેટને અભિપ્રાય આપવો.

પ્રસ્તાવ ૨ : આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને અભિપ્રાય આપવો.

૪૯. શ્રી. વી. પી. મહેતા તરફથી સેનેટની આગામી સભા સમક્ષ રજૂ થનાર નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન થયેલી દરેક વિદ્યાસંસ્થાનું શૈક્ષણિક કામકાજ પ્રાર્થનાથી શરૂ થવું જોઈએ. જે વિદ્યાસંસ્થાઓમાં આ નિયમ પળાય છે તે અભિનંદનને પાત્ર છે. જે વિદ્યાસંસ્થાઓમાં આ નિયમનું પાલન ન થતું હોય ત્યાં તે નિયમ પળાય તે માટે વ્યવસ્થા કરવી જોઈએ."

આથી ઠરાવવામાં આવે છે કે, સંસ્થાઓનું કામકાજ પ્રાર્થનાથી શરૂ કરવાની બાબતમાં નિયમ કરી શકાય નહિ, એમ સેનેટને અભિપ્રાય આપવો.

૫૦. આચાર્ય ડી. એસ. જોષી તરફથી સેનેટની આગામી સભા સમક્ષ રજૂ થનાર નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

ઠરાવ :

"આથી સેનેટની આ સભા યુનિવર્સિટીનાં અધિકૃત મંડળોને ભલામણ કરે છે કે અનુક્રમે (Reg. Pre-Arts–1) અને (Reg. Arts–1) નીચે મુજબ વંચાય એ રીતે સુધારવામાં આવે અને તે રીતે સુધારેલા બંને 'Regulations'નો અમલ અનુક્રમે ૧૯૬૭ અને ૧૯૬૮નાં શૈક્ષણિક વર્ષોથી કરવામાં આવે :

Regulation Pre-Arts -1 :

The following are the subjects prescribed for study for the two terms of Pre-University Arts Examination :

No.	*Subject*
(1)	English
(2 & 3)	Any two papers from the following :
	(*i*) Economics
	(*ii*) Logic

No.	*Subject*
	(*iii*) Principal Religions of the World
	(*iv*) Mathematics (two papers)
(4)	Classical Language or Modern European Language other than English or Modern Indian Language other than Gujarati.
(5)	Gujarati or Addl. Hindi or Addl. English
(6 & 7)	Any two papers from the following :
	(*i*) Civics–Administration
	(*ii*) World History
	(*iii*) Geography
	(*iv*) Statistics & Statistical Methods.

Regulation Arts-1 :

The following are the subjects prescribed for study for the two terms of the First B.A. Examination :

Compulsory subjects

(1)	English
(2)	General Education
(3)	A Classical Language or Modern European Language other than English or Modern Indian Language other than Gujarati.

Optional subjects

(4 & 5)	Two papers (i.e., Papers I and II) in any one subject from the following taken as a Principal subject and two papers (i.e., Papers I & II) in any other subject taken as a Subordinate subject.
(1) to (27)	As they are.

સદરહુ પ્રસ્તાવ આચાર્ય ડી. એસ. જોષીએ પાછો ખેંચી લીધેલો હોઈ તે અંગે વિચારણા કરવાની જરૂર રહી નહિ.

૫૧. રેગ્યુ. ૧૬૭, રેગ્યુ. ૧૭૫ તથા રેગ્યુ. ૧૭૯ નીચે જણાવ્યા પ્રમાણે વંચાય તે રીતે સુધારવા એકેડેમિક કાઉન્સિલની તા. ૧૦/૧૧-૮-૧૯૬૬ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"R. 167 :

To pass the First M.B.,B.S. Examination a student must obtain at least 50% of the full marks separately in (*i*) Theory Papers

including the College tests, and (*ii*) Practical and Oral including the College tests in each subject of the Examination.

Provided that provisions of this regulation will not apply to students joining the First M.B.,B.S. Course before 15th June 1965."

"R. 175 :

To pass the Second M.B.,B.S. Examination, a student must obtain at least 50% of the full marks separately in (*i*) Theory Papers including the College tests, and (*ii*) Practical and Oral including the College tests in each subject of the Examination."

"R. 179 :

To pass the Third M.B.,B.S. Examination, a student must obtain at least 50% of the full marks separately in (*i*) Theory Papers including the College tests, and (*ii*) Practical and Oral including the College Tests in each subject of the Examination."

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપર મુજબ સુધારેલા રેગ્યુલેશન ૧૬૭, ૧૭૫ અને ૧૭૯ મંજૂર કરવા, તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા.

૫૨. ટી.વાય.બી.એસસી.ના નવા સુધારેલા અભ્યાસક્રમમાં ભૌતિકવિજ્ઞાનના વિષય માટે, એક પરિસંવાદ આગામી રજાઓ દરમિયાન ત્રણ દિવસ માટે યોજવા, આચાર્ય ય. ગુ. નાયક તરફથી આવેલ સૂચન પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) આ પરિસંવાદ માટે અંદાજે રૂા. ૨,૫૦૦નું ખર્ચ આવશે.

(૨) પ્રો. પી. ડી. પાઠકને આ પરિસંવાદનું અધ્યક્ષપદ આપવા પણ આચાર્યશ્રીએ સૂચવ્યું છે.]

આથી ઠરાવવામાં આવે છે કે, પરિસંવાદ અંગેનો સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવો, તથા તે માટે રૂા. ૨,૫૦૦નો ખર્ચ મંજૂર કરવો.

(નોંધ.—સદરહુ પરિસંવાદના ખર્ચ પેટે આર્થિક સહાય કરવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને પ્રસ્તાવ મોકલી આપવાનું સૂચવાયું હતું.)

૫૩. આ યુનિવર્સિટીની માર્ચ-એપ્રિલમાં લેવાયેલ બી.કોમ.ની પરીક્ષામાં બેંકિંગનો મુખ્ય વિષય લઈ પ્રથમ પ્રયત્ને સૌથી વધારે ગુણાંક મેળવી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને દર વર્ષે એક પારિતોષિક એનાયત કરવા અંગે રૂા. ૮,૫૦૦ની કિંમતની ૩ ટકાની લિંક્ડ સરકારની જામીનગીરીઓના સ્વરૂપમાં ભેટ આપવા અંગેની વિનંતી કરતા ધી બેંક ઑફ ઇન્ડિયા લિ. તરફથી તા. ૨-૯-૧૯૬૬ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ દાનનો સાભાર સ્વીકાર કરવો, અને તે અંગેના નિયમો ઘડીને આ સભાગૃહ સમક્ષ રજૂ કરવાનું રાખ્યું.

૫૪. પ્રકાશન વહીવટી સમિતિની તા. ૨૬-૮-૧૯૬૬ની સભાએ કરેલી નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત:

"વધુમાં ઠરાવવામાં આવે છે કે, હવેથી પ્રકાશિત થનારાં પુસ્તકોની ઓછામાં ઓછી ૧૧૦૦ નકલ છપાવવાનું રાખવું એમ સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૫૫. સેનેટની આગામી સભા સમક્ષ રજૂ થનાર ડૉ. સી. આર. નાયકના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત:

"આથી સેનેટની આ સભા ઠરાવે છે કે, ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૫ નીચે જણાવ્યા પ્રમાણે વંચાય તે રીતે સુધારવા રાજ્ય સરકારને ભલામણ કરવામાં આવે :

"Section 25 :

(1) There shall be a Board of Studies for every subject or group of subjects as may be prescribed by the statutes.

(2) Each Board shall consist of the following members :

I. Ex-Officio Members

(*i*) Such members of the Faculty under which the Board is constituted as may be assigned to by the Syndicate after ascertaining the wishes of the members concerned—

(*a*) no member of the Faculty shall be assigned to more than two Boards under the Faculty, and

(*b*) no assignment of a member so made shall be changed during the term of his office except when any of the Boards are re-constituted, in which case he shall have the option to choose one of the Boards so re-constituted and be assigned to accordingly.

(*ii*) Such teachers in the University Departments as hold the post of a Professor in the subject or the Senior-most Reader in the subject, if no Professor is appointed in that subject.

II. Co-opted Members

(1) Three persons to be co-opted by the Board from amongst recognised post-graduate teachers of the subject or group of subjects for which the Board is constituted.

(2) Provided that in the event of there being no recognised post-graduate teacher in the University area, it shall be competent

for the Board to co-opt such teacher or teachers in the affiliated colleges as hold the status of at least Professor of any subject for which the Board is constituted.

(3) The Chairman shall be elected by the members of the Board from amongst themselves.

(4) The term of office of all members shall be co-terminus with the term of office of the elected members on the Senate.

(5) The other powers and duties of the Boards of Studies shall be as prescribed by the Statute."

આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ હાલના તબક્કે સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવાની તરફેણમાં નથી, એમ સેનેટને અભિપ્રાય આપવો.

૫૬. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૩ સાથે કરવામાં આવેલી હોઈ તે અંગેનો ઠરાવ તે ક્રમમાં દર્શાવવામાં આવ્યો છે.

૫૭. ઑર્ડિ. ૧૨૦ પ્રમાણે નીચે જણાવેલ સંલગ્ન કૉલેજોની જોડાણ અંગેની અરજીઓ મોડી આવેલ હોઈ તેની જોડાણઅરજી પરત્વે વિચારણા કરવા બાબત:

ક્રમાંક	કૉલેજનું નામ	અરજી આવ્યાની તારીખ	જોડાણ
૧.	આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, મહુવા	૧૮-૮-૧૯૬૬	(૧) ચાલુ જોડાણ (૨) વધારાનું જોડાણ
૨.	આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, કપડવંજ	૧૮-૮-૧૯૬૬	ચાલુ જોડાણ
૩.	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ભિયગામ-કરજણ	૧૯-૮-૧૯૬૬	(૧) ચાલુ જોડાણ (૨) વધારાનું જોડાણ
૪.	ગવર્નમેન્ટ મેડિકલ કૉલેજ, સુરત	૨૫-૮-૧૯૬૬	ચાલુ જોડાણ
૫.	ગવર્નમેન્ટ આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, દમણ	૨૬-૮-૧૯૬૬	ચાલુ જોડાણ
૬.	શેઠ શૂરજી વલ્લભદાસ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, માંડવી	૨૬-૮-૧૯૬૬	ચાલુ જોડાણ
૭.	એમ. પી. શાહ આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, સુરેન્દ્રનગર	૩૧-૮-૧૯૬૬	વધારાનું જોડાણ
૮.	વિદ્યામંદિર કૉલેજ ફૉર વિમેન, સુરત	૨-૯-૧૯૬૬	વધારાનું જોડાણ
૯.	મહિલા આર્ટ્સ કૉલેજ, નડિયાદ	૧૫-૯-૧૯૬૬	ચાલુ જોડાણ

(નોંધ.—અરજી સ્વીકારવાની છેલ્લી તા. ૧૬-૮-૧૯૬૬ હતી.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કેસોમાં જોડાણ માટે આવેલી અરજીઓ મોડી પડી તે અપવાદ તરીકે સ્વીકારવી, અને તે અંગે સ્થાનિક તપાસસમિતિઓ નીમવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, જોડાણ માટેની અરજીઓ કરવામાં ભવિષ્યમાં વિલંબ ન થાય તે માટે સદરહુ કૉલેજોના આચાર્યોને ઘટતી ચેતવણી આપવી.

૫૮. ગ્રંથાલય સમિતિની તા. ૨૩-૮-૧૯૬૬ની સભાના નીચેના ઠરાવની જાણ લેવા બાબત :

"યુનિવર્સિટીની જરૂરિયાતો ધ્યાનમાં લઈને ૧૯૬૬-૬૭ના વર્ષ દરમિયાન નીચે જણાવેલ પુસ્તકવિક્રેતાઓ પાસેથી તેમણે આપેલી તેમ જ માન્ય રાખેલી શરતોએ અમેરિકન પ્રકાશનોમાં ૧ ડૉલરના રૂા. ૬·૭૫ના ભાવે, બ્રિટિશ પબ્લિકેશનમાં ૧ શિ.ના ૦·૯૫ના અને તેથી ઓછા દરે, તથા ભારતીય અંગ્રેજી પ્રકાશનોમાં ૧૦થી ૧૫ ટકા, ગુજરાતી, હિંદી, ઉર્દુ, પર્શિયન તથા સંસ્કૃતમાં ૧૦થી વધુ ટકા વળતર આપનાર પાસેથી લેવાનું ઠરાવવામાં આવે છે:

૧. બાલગોવિંદ બુકસેલર્સ, અમદાવાદ
૨. બૉમ્બે બુક હાઉસ, મુંબઈ
૩. બુક સેન્ટર પ્રા. લિ., મુંબઈ
૪. કરન્ટ ટેકનિકલ લિટરેચર, મુંબઈ
૫. જનરલ બુક ડીપો, દિલ્હી
૬. ગુડ કમ્પેનિયન, બરોડા
૭. ઇન્ટરનેશનલ બુક હાઉસ, મુંબઈ
૮. મેસર્સ કે. કે. રોય, કલકત્તા
૯. મેસર્સ મેકમિલન ઍન્ડ કંપની (તેમનાં પોતાનાં પ્રકાશનો માટે)
૧૦. આત્મારામ ઍન્ડ સન્સ, દિલ્હી
૧૧. ચોખંબા સંસ્કૃત સિરીઝ, વારાણસી
૧૨. કાદરી બુક એજન્સી, અમદાવાદ
૧૩. મુકતબા જામિયા, મુંબઈ
૧૪. મુનશીરામ મનોહરલાલ, દિલ્હી
૧૫. ન્યૂ ઑર્ડર બુક કંપની, અમદાવાદ
૧૬. આર. આર. શેઠની કં., અમદાવાદ
૧૭. ઓરિયેન્ટલ બુક સેન્ટર, અમદાવાદ
૧૮. સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ
૧૯. યુનિવર્સલ બુક ઍન્ડ સ્ટેશનરી કંપની, મુંબઈ
૨૦. રાઇટર્સ એમ્પોરિયમ, મુંબઈ.

પરંતુ અમદાવાદના પ્રકાશકોનાં પ્રકાશનો જો પ્રકાશકોની પોતાની પાસેથી ખરીદવામાં ઉપરના કરતાં સસ્તાં પડે તો તે પુસ્તકો તેના પ્રકાશકો પાસેથી ખરીદવાં.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૫૯. માર્ચ-એપ્રિલ ૧૯૬૬માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન પ્રાશ્નિક-પરીક્ષકોના તથા કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલ ભૂલો અંગેના તેમ જ વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરરીતિ અંગેના કેસો પર વિચારણા કરવા તા. ૨૯-૮-૧૯૬૬ના તથા તા. ૧૪-૯-૧૯૬૬ના રોજ મળેલ પરીક્ષાશુદ્ધિ સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની તા. ૨૯-૮-૧૯૬૬ અને તા. ૧૪-૯-૧૯૬૬ની સભાઓની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી ભલામણોની નકલ પરિશિષ્ટ તરીકે સામેલ કરવામાં આવી નથી.)

૬૦. સદરહુ બાબતની વિચારણા બાબત નં. ૨૧ પછી કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવેલી છે.

૬૧. વિજ્ઞાન વિદ્યાભવનમાં પી.એલ.-૪૮૦ હેઠળ મંજૂર થયેલ સંશોધન યોજનાઓ અંગે નિયુક્ત કરેલ કર્મચારીઓને વધારાનું વેતન આપવા બાબત સદરહુ ભવનના અધ્યક્ષશ્રી તરફથી તા. ૨૭-૮-૧૯૬૬ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૨. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી તેમના તા. ૨૧-૬-૧૯૬૬ના પત્રાંક એફ. ૯-૧-૬૬ (સી.ડી.એન.)થી **un-assigned grant for the Fourth Five-year plan period** અંગેની યોજનાઓ માટે સને ૧૯૬૬-૬૭ના વર્ષ માટે રૂા. ૩૦,૦૦૦ની મંજૂર કરેલી ગ્રાન્ટની ફાળવણી નીચે પ્રમાણે કરવા બાબત :

Scheme	*Amount*
1. Travel grant to teachers in Universities for attending international conferences abroad	Nil
2. (*a*) Travel grant to Scholars and Teachers for Visiting Centres of Research, Academic Conferences, etc.	Rs. 3,000
(*b*) T.A. and D.A. Payable for attending conferences/seminars arranged by other Universities and Non-University organisation.	Rs. 11,000
3. Exchange of Teachers	Rs. 3,000
4. U.G.C. Unit	Rs. 6,000
5. Publication of Research Work	Rs. 4,000
6. Extension work by University Teachers	Rs. 3,000
7. Employment of N.I.S. Patiala Trained Coaches in Athletics	Nil
Total	Rs. 30,000

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ગ્રાન્ટની ફાળવણી ઉપર મુજબ મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, જરૂર જણાય તો સદરહુ ફાળવણીમાં યોગ્ય ફેરફાર (reappropriation) કરવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૬૩. નીચેના વિદ્યાર્થીના મહાનિબંધ તેમના નામ સામે જણાવેલ વિષય અને પદવી માટે સ્વીકાર્યા હોવાથી તેઓને ઉત્તીર્ણ જાહેર કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત :

વિદ્યાર્થીનું નામ	વિષય	પદવી
શ્રી. જી. સુબ્રમનિયમ	ભૌતિકવિજ્ઞાન	પીએચ.ડી.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૬૪. આચાર્ય કે. વી. દેસાઈ તરફથી સેનેટની આગામી સભા સમક્ષ રજૂ થનાર નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"યુનિવર્સિટીના વિદ્યાર્થીઓની ઑર્ડિ. ૧૩૫-એ પ્રમાણેની એન.સી.સી.ની તાલીમ સુવ્યવસ્થિત બનાવવાને માટે સેનેટની આ સભા ઠરાવે છે કે—

(૧) એન.સી.સી.ની તાલીમ વૅકેશનના સમય દરમિયાન અપાવી જોઈએ.

(૨) વિદ્યાર્થીઓ ત્રણ મહિનાના સમયના ગાળાની એન.સી.સી.ની તાલીમ બે કે ત્રણ હપતામાં પૂરી કરે.

(૩) જે વિદ્યાર્થીઓ એન.સી.સી. તાલીમ ઉપર (૨)માં જણાવ્યા પ્રમાણે પૂરી કરે તેને જ યુનિવર્સિટીની પ્રથમ ડિગ્રીની પરીક્ષામાં બેસવા દેવાને યોગ્ય ગણવા જોઈએ.

આ સેનેટ વધુમાં ઠરાવ કરે છે કે, ઉપકુલપતિશ્રી એવાં પગલાં લે કે જેથી એન.સી.સી.ના લાગતાવળગતા અધિકારીઓ આ દરખાસ્ત બાબતે સંમત થાય અને જરૂરી વ્યવસ્થા કરે, જેથી આ દરખાસ્તનો યુનિવર્સિટી ઝડપથી અમલ કરી શકે."

આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને અભિપ્રાય આપવો.

૬૫. અંગ્રેજી શિક્ષકોની અખિલ ભારતીય પરિષદ, હૈદરાબાદ મુકામે તા. ૨૮થી ૩૦ ડિસેંબર ૧૯૬૬ દરમિયાન મળનાર હોઈ તેમાં હાજરી આપવા આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે કોઈ સભ્યની નિમણૂક કરવા સદરહુ મંડળના સ્થાનિક મંત્રીશ્રીના તા. ૨૬-૮-૧૯૬૬ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિષદના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે પ્રોફેસર એસ. આર. ભટ્ટ અને પ્રોફેસર કે. આર. ચન્દ્રશેખરનને મોકલવા.

૬૬. ભારતીય ઇતિહાસ પરિષદનું ૨૮મું અધિવેશન મૈસૂર મુકામે તા. ૨૯થી ૩૧ ડિસેંબર ૧૯૬૬ દરમિયાન મળનાર હોઈ તેમાં હાજરી આપવા આ યુનિવર્સિટીના પ્રતિનિધિ

તરીકે કોઈ સભ્યની નિમણૂક કરવા સદરહુ પરિષદના મંત્રીશ્રી તરફથી આવેલ તા. ૫-૯-૧૯૬૬ના પત્ર પર વિચારણા કરવા બાબત

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિષદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે શ્રી. આર. કે. ધારૈયાને મોકલવા.

૬૭. આચાર્ય એ. ડી. મણિયારને કોઈ બે વિષયોની અભ્યાસસમિતિઓનું સભ્યપદ આપવા બાબત :

[નોંધ.—(૧) તેમણે શિક્ષણસહિતની વિનયન વિદ્યાશાખા હેઠળની (અ) ગણિતશાસ્ત્ર, તથા (બ) આંકડાશાસ્ત્રના વિષયોની અભ્યાસસમિતિઓ પર કામ કરવા ઇચ્છા દર્શાવી છે.

(૨) અનુસ્નાતક પદવી પરીક્ષામાં તેમનો આંકડાશાસ્ત્ર મુખ્ય વિષય હતો.]

આથી ઠરાવવામાં આવે છે કે, આચાર્ય એ. ડી. મણિયારને (૧) ગણિતશાસ્ત્ર, અને (૨) આંકડાશાસ્ત્રની અભ્યાસસમિતિઓનું સભ્યપદ આપવું.

૬૮. સિન્ડિકેટની તા. ૨૭-૮-૧૯૬૬ની સભામાં શિક્ષકોનાં પગારધોરણો અંગે થયેલી ભલામણના નીચેના પેરા (૨) અંગે વિચારણા કરવા બાબત :

ભલામણોનો પેરા (૨) નીચે પ્રમાણે છે :

"યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના સ્કેલમાં ૨૦૦થી શરૂ કરાતી બાબત તેમ જ તે અંગેની બીજી હકીકતો વિષે માહિતી મેળવી આ વિષે વિચાર કરવાનું આવતી બેઠકમાં મૂકવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૯. તાજેતરમાં ગંગોત્રી ગિરિમાળાના શિખર પર રાજ્ય સરકારના આશ્રયે ગયેલ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓની ટુકડીના નેતા શ્રી. ભરત શુક્લની તેમની ટુકડીના સભ્યો[redacted] બ્લેઝર આપવા બાબત તેમની તા. ૪-૯-૧૯૬૬ની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭૦. મનોવિજ્ઞાન વિદ્યાભવનમાં બીજી પંચવર્ષીય યોજના હેઠળ મંજૂર થયેલ રિસર્ચ સ્કૉલરની બે જગાઓની રૂા. ૧૦૦ની સ્કૉલરશિપની રકમ વધારીને રૂા. ૨૦૦ સુધી રાખવા અધ્યક્ષશ્રીના તા. ૨૬-૮-૧૯૬૬ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭૧. સને ૧૯૬૬ના ઓક્ટોબર માસમાં લેવાનાર જુદી જુદી પરીક્ષાઓમાં જુદાં જુદાં કેન્દ્રો પર મુખ્ય નિરીક્ષકોની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરીક્ષાઓ માટે સીનિયર સુપરવાઇઝરો નીમવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૭૨. ઑક્ટોબર ૧૯૬૬ની તબીબી વિદ્યાશાખાની લેખિત પરીક્ષાઓ તા. ૨૮-૧૦-૧૯૬૬ સુધી અને ત્યાર બાદ પ્રાયોગિક પરીક્ષાઓ શરૂ થવાની હોવાથી, અર્ધવાર્ષિક વેકેશન તબીબી કૉલેજોમાં એક અઠવાડિયું મોડું શરૂ કરવાની માગણી કરતા બન્ને સ્થાનિક તબીબી કૉલેજોના ડીન તરફથી આવેલ તા. ૧૫-૯-૧૯૬૬ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—વેકેશન તા. ૨૦-૧૦-૧૯૬૬થી શરૂ થાય છે. તા. ૪/૫-૬-૧૯૬૬ની સિન્ડિકેટે ચાલુ વર્ષે સત્રોની તારીખોમાં ફેરફાર કરવો નહિ તેમ જણાવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, ચાલુ વર્ષે સત્રોની તારીખમાં કશો ફેરફાર કરવો નહિ.

૭૩. ધ્રજનેરી વિદ્યાશાખાના વિદ્યાર્થીઓને બીજી વિદ્યાશાખાના વિદ્યાર્થીઓની સરખામણીમાં ત્રણને બદલે ચાર એટલે એક વધુ વર્ષ એન.સી.સી. તાલીમ ટેકનિકલ યુનિટો નામનાં જ હોવા છતાં કરવાનું થતું હોઈ તેમને માટે પણ ત્રણ જ વર્ષની તાલીમ ફરજિયાત કરવા ત્રણે ધ્રજનેરી કૉલેજોના આચાર્યશ્રી તરફથી આવેલ ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ધ્રજનેરી વિદ્યાશાખાના ચાલુ વર્ષના જે વિદ્યાર્થીઓએ ગયા વર્ષે એન.સી.સી.ની તાલીમ તેમના એફ.ઈ.ના વર્ષમાં લીધી હોય, તે તાલીમને નોન-ટેકનિકલ યુનિટમાં લીધેલી તાલીમ ગણવી. અને તે પ્રમાણે ગણતાં, જેમણે એન.સી.સી. તાલીમનાં કુલ ત્રણ વર્ષ પૂરાં કર્યાં હોય તેમને માટે વધુ તાલીમ ફરજિયાત ગણવી નહિ.

૭૪. એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગરને જૂન ૧૯૬૬થી જોડાણ આપવા માટે સેનેટે મૂકેલી શરતોના પરિપાલનના આવેલ અહેવાલ પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—શરતો :

૧. નીચે પ્રમાણેની નિમણૂકો કરવામાં આવેલી નથી :
   (૧) ઍનેટોમીના એક પ્રાધ્યાપક
   (૨) પેથોલોજીના એક પ્રાધ્યાપક
   (૩) રેડિયોલોજીના એક પ્રાધ્યાપક
   (૪) ઑર્થોપેડિક્સના એક પ્રાધ્યાપક
   (૫) ધ્રન્ફેક્શિયસ ડિસીઝના એક વ્યાખ્યાતા
   (૬) રેડિયોલોજીના બે વ્યાખ્યાતા
   (૭) ડેન્ટિસ્ટ્રીના એક વ્યાખ્યાતા
   (૮) ઍનેસ્થેસિયોલોજીના એક વ્યાખ્યાતા;
૨. નીચે જણાવેલ નિમણૂકો કરી છે, પરંતુ પ્રત્યેક શિક્ષક હાજર થયા નથી તથા શિક્ષક અંગે કોઈ માહિતી નથી :
   (૧) ઑપ્થેલ્મોલોજીના એક પ્રાધ્યાપક
   (૨) મેડિસિનના એક પ્રાધ્યાપક
   (૩) પ્રિવેન્ટિવ ઍન્ડ સોશિયલ મેડિસિનના એક પ્રાધ્યાપક;

૩. નિમાયેલ અને હાજર થયેલ મેડિસિનના ચાર વ્યાખ્યાતાઓ પૈકી ત્રણ વ્યાખ્યાતાઓ શ્રી. સુતરિયા, શ્રી. કચ્છાવાલા, અને શ્રી. યાજ્ઞિક લાયકાત ધરાવતા નથી.

૪. શરત ૨ ના પાલન અંગે : મકાનના વધારાનું કામકાજ એકાદ માસમાં શરૂ થશે. ત્યાર બાદ પથારીઓ વધારીને ૭૦૦ કરવામાં આવશે.]

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

તે પછી, સભાગૃહની સંમતિથી નીચેની બાબતો વિચારણા માટે રજૂ કરવામાં આવી :

૭૫. ઉપકુલપતિ શ્રી. લાલભાઈ ૨. દેસાઈની તા. ૮-૮-૧૯૬૬થી તા. ૩૦-૮-૧૯૬૬ સુધીની રજાઓ દરમિયાન રૂ. ૧૩૦-એ પ્રમાણે અપાતાં, તે સમય માટેના માનદ વેતન અંગે વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિ શ્રી. લાલભાઈ ૨. દેસાઈ, તેમની રજાઓ દરમિયાન ઉપકુલપતિના હોદા પર તેઓ ચાલુ હોઈ, સપ્ટેંબર ૧૯૬૬ના માસનું રૂા. ૫૦૦નું માનદ વેતન તેમને આપવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિ શ્રી. લાલભાઈ ૨. દેસાઈની તા. ૮-૮-૧૯૬૬થી તા. ૩૦-૮-૧૯૬૬ની રજાઓ દરમિયાન શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈએ ઉપકુલપતિની ફરજો બજાવેલી હોઈ, તેમને તે સમય માટે, માસિક રૂા. ૫૦૦ના દરે જે રકમ થાય તે રકમ, માનદ વેતન તરીકે આપવી.

૭૬. ભારતીય તબીબી સંસ્થા તરફથી દિલ્હી મુકામે તા. ૨૦થી ૨૫ નવેંબર ૧૯૬૬ સુધી મળનાર ત્રીજી વિશ્વ પરિષદમાં રાજ્ય સરકારે પોતાના પ્રતિનિધિ તરીકે નીમેલા ડૉ. ઓ. પી. ગુપ્તાની, પોતાને સભ્ય-ફી આપવા માટેની અરજી પર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે, ડૉ. ગુપ્તાની વિનંતી મંજૂર કરવી નહિ.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિં./૦૨૩૦૬૨/૧૯૬૬.

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
નવરંગપુરા, અમદાવાદ-૯.

ઑક્ટોબર ૫, ૧૯૬૬.
આશ્વિન ૧૩, ૧૮૮૮ (શક).

કે. ચં. પરીખ
રજિસ્ટ્રાર.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૨૦

યુવક કલ્યાણ સમિતિ તરફથી યોજાતા યુવક મહોત્સવ અંગેના ખર્ચની વિગતો

૧.	એકાંકી, સમૂહનૃત્ય, સમૂહગાન તથા બીજી વૈયક્તિક હરીફાઈઓ માટેના ભાગ લેનાર તથા સાગરીતો (સાથ આપનાર) મળીને ૭ વિભાગોમાંથી આશરે ૩૦૦ હરીફો ગણતાં રોજના રૂા. ૩-૫૦ લેખે દૈનિક ભથ્થાં ગણતાં ત્રણ દિવસના આશરે	... રૂા. ૩,૦૦૦-૦૦
૨.	કલાકારો તથા સાથે આવનાર અધ્યાપકોનાં રેલવે-ભાડાં આશરે	... રૂા. ૨,૪૦૦-૦૦
૩.	આર્ટ્સ, ક્રેફ્ટ્સ વગેરેના પ્રદર્શન અંગે	... રૂા. ૧૦૦-૦૦
૪.	એકાંકી, સમૂહનૃત્ય તથા સમૂહગાન તથા અન્ય વૈયક્તિક હરીફાઈઓ માટે સ્ટેજ તથા અન્ય સાધનો માટે થતો ખર્ચ આશરે	... રૂા. ૧,૦૦૦-૦૦
૫.	બીજી વ્યવસ્થા અંગેનો ખર્ચ :	
	નિર્ણાયકોને માટે વાહન-ખર્ચ તથા ચાપાણીનો ખર્ચ; હરીફો, સ્વયંસેવકોને ચાપાણી તથા બીજો પરચૂરણ ખર્ચ; વાહન-ખર્ચ મજૂરી વગેરે.	... રૂા. ૧,૦૦૦-૦૦
		કુલ ખર્ચ રૂા. ૭,૫૦૦-૦૦

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૪૪

સ્કૉલરશિપ અને રિસર્ચ સ્કૉલરશિપ વગેરે બાબતો પર વિચારણા કરી હેવાલ રજૂ કરવા માટે સિન્ડિકેટે તેની તા. ૮-૧-૧૯૬૬ની સભામાં નીમેલી સમિતિની એક બેઠક, ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં ગુરુવાર, તા. ૨૫-૮-૧૯૬૬ના રોજ સાંજના ૪-૦૦ કલાકે મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી :

આ સભાનું પ્રમુખસ્થાન કાર્યકારી ઉપકુલપતિ શ્રી. મનુભાઈ પ્ર. દેસાઈએ સંભાળ્યું હતું.

૧. શ્રી. મનુભાઈ પ્ર. દેસાઈ, કાર્યકારી ઉપકુલપતિ	હાજર
૨. પ્રો. બી. આર. શિનોય	હાજર
૩. પ્રો. જે. જે. ઝિનોય	હાજર
૪. પ્રો. પી. એચ. પ્રભુ	હાજર
૫. પ્રિ. વાય. જી. નાયક	હાજર
૬. પ્રિ. સી. જે. પટેલ	ગેરહાજર
૭. પ્રિ. એચ. ડી. નોરોન્હા	ગેરહાજર
૮. પ્રિ. એચ. કે. બુખારી	ગેરહાજર
૯. પ્રો. ઉમાશંકર જોશી	ગેરહાજર.

૧. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી વર્ષ ૧૯૬૬-૬૭ માટે આ યુનિવર્સિટીને આપવામાં આવેલ માસિક રૂા. ૨૫૦ની એક એવી બે શિષ્યવૃત્તિઓ કોને આપવી તે નક્કી કરવા બાબત.

યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની વર્ષ ૧૯૬૬-૬૭ માટેની માસિક રૂા. ૨૫૦ની એક એવી બે શિષ્યવૃત્તિઓ તેઓ નોકરી કે અન્ય વ્યવસાય કરશે નહિ તે શરતે નીચેના વિદ્યાર્થીઓને આપવા સિન્ડિકેટને ભલામણ કરવી એમ ઠરાવવામાં આવ્યું :

(૧) શ્રીમતી આશા સિદ્ધરાજ સોલંકી,
સમાજવિદ્યા ભવન, ગુજરાત યુનિવર્સિટી,
અમદાવાદ-૯.

(૨) શ્રી. હિમાંશુ દામોદર ભટ્ટ,
ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ એન્ડ એ. એમ. પી. લો. કૉલેજ,
રાજકોટ.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, ૧૯૬૫-૬૬માં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી આપવામાં આવેલી માસિક રૂા. ૨૦૦ની (યુ. ગ્રા. કમિશને આ શિષ્યવૃત્તિની રકમ તા. ૧-૭-૧૯૬૬થી રૂા. ૨૦૦ને બદલે

રૂા. ૨૫૦ કરી છે.) બે શિષ્યવૃત્તિઓ પૈકી એક શ્રી. કિશોરકુમાર કાંતીભાઈ મોદી, બી. સી. જે. સાયન્સ કૉલેજ, ખંભાતને બીજા વર્ષ માટે ચાલુ રાખવા તથા બીજી શિષ્યવૃત્તિ જે શ્રીમતી કૈલાસ શાહને આપવામાં આવેલી પરંતુ તેઓએ તે સ્વીકારી ન હતી તેથી શ્રી. વાય. બી. દેસાઈને આપવામાં આવેલી, પરંતુ તેઓએ પણ તે સ્વીકારી ન હોઈ તે ખાલી પડેલ શિષ્યવૃત્તિ ૧૯૬૬-૬૭ના વર્ષે કુ. શોભના વાડીલાલ અમીનને આપવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને ભલામણ કરવા સિન્ડિકેટને ભલામણ કરવી એમ ઠરાવવામાં આવ્યું.

૨. ૧૯૬૬-૬૭ના વર્ષ માટે યુનિવર્સિટીની માસિક રૂા. ૨૦૦ની એક એવી ૨૦ રિસર્ચ સ્કૉલરશિપ કોને કોને આપવી તે નક્કી કરવા બાબત.

(અ) નીચે દર્શાવેલ વિદ્યાર્થીઓને વર્ષ ૧૯૬૫-૬૬માં આપવામાં આવેલ માસિક રૂા. ૨૦૦ની શિષ્યવૃત્તિ બીજા વર્ષ માટે (૧૯૬૬-૬૭ માટે), તેઓ નોકરી કે અન્ય વ્યવસાય નહિ કરે તે શરતે, ચાલુ રાખવા સિન્ડિકેટને ભલામણ કરવી એમ ઠરાવવામાં આવ્યું :

(૧) કુ. વિમળા દુર્લભજી જીવાણી,
શ્રી. દ્વારકાધીશ સંસ્કૃત એકેડેમી એન્ડ ઇન્ડોલોજિકલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ,
દ્વારકા.

(૨) કુ. દક્ષા વિજયશંકર પટણી,
સામળદાસ આર્ટ્સ કૉલેજ,
ભાવનગર.

(૩) શ્રી. જયંતકુમાર અંબાશંકર વ્યાસ,
સામળદાસ આર્ટ્સ કૉલેજ,
ભાવનગર.

(બ) નીચે દર્શાવેલ વિદ્યાર્થીઓને વર્ષ ૧૯૬૬-૬૭ માટે માસિક રૂા. ૨૦૦ની શિષ્યવૃત્તિઓ, તેઓ નોકરી કે અન્ય વ્યવસાય નહિ કરે તે શરતે, આપવા સિન્ડિકેટને ભલામણ કરવી એમ ઠરાવવામાં આવ્યું :

(૧) શ્રીમતી કોકિલા કનુ ચોકસી,
સામળદાસ આર્ટ્સ કૉલેજ,
ભાવનગર.

(૨) શ્રી. રમણીક મોહનલાલ ભટ્ટી,
સમાજવિદ્યા ભવન, ગુજરાત યુનિવર્સિટી,
અમદાવાદ-૯.

(૩) શ્રી. શંકરભાઈ મથુરભાઈ પટેલ,
લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, નવરંગપુરા,
અમદાવાદ-૯.

(ક) નીચે દર્શાવેલ વિદ્યાર્થીઓને ૧૯૬૬-૬૭ માટે માસિક રૂા. ૨૦૦ની શિષ્યવૃત્તિ, વિજ્ઞાન વિદ્યા-ભવનની ૧૨ શિષ્યવૃત્તિઓ પૈકી, તેઓ નોકરી કે અન્ય વ્યવસાય નહિ કરે તે શરતે, આપવા સિન્ડિકેટને

ભલામણ કરવી એમ ઠરાવવામાં આવ્યું :

કેમિસ્ટ્રી

(૧) શ્રી. અશ્વિનભાઈ પ્રેમભાઈ દેસાઈ,
વિજ્ઞાન વિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી,
અમદાવાદ-૯.

(૨) શ્રી. હિંમતસિંહ રામસિંહ પરમાર,
વિજ્ઞાન વિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી,
અમદાવાદ-૯

(૩) શ્રી. નગીનભાઈ નાથુભાઈ મિસ્ત્રી,
વિજ્ઞાન વિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી,
અમદાવાદ-૯.

મૅથેમૅટિક્સ — સ્ટૅટિસ્ટિક્સ સહિત

શ્રી. નટવરલાલ લાલજીભાઈ કલથિયા,
વિજ્ઞાન વિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી,
અમદાવાદ-૯.

વધુમાં નીચેના વિદ્યાર્થીઓને ઉપરોક્ત શિષ્યવૃત્તિઓમાં જગ્યા ખાલી થાય તો નીચેના ક્રમ પ્રમાણે આપવા રાખવાનું પણ ઠરાવવામાં આવ્યું :

(૧) શ્રી. નવનીતભાઈ ખેતાભાઈ પટેલ,
વિજ્ઞાન વિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી,
અમદાવાદ-૯.

(૨) કુ. શ્રેયા જિતેન્દ્ર મહેતા,
ગુજરાત કૉલેજ,
અમદાવાદ-૬.

(૩) શ્રી. જયંતિલાલ મોહનલાલ પટેલ,
એમ. એન. કૉલેજ,
વીસનગર (ઉ.ગુ.).

[નોંધ.— વિજ્ઞાન વિદ્યાભવન માટે યુનિવર્સિટીની ૧૨ શિષ્યવૃત્તિઓ પૈકી નીચેની શિષ્યવૃત્તિઓ હાલ ખાલી રહેવા પામી :

ભૌતિકવિજ્ઞાન	૨
વનસ્પતિવિજ્ઞાન	૨
પ્રાણીવિજ્ઞાન	૨
મૅથેમેટિક્સ (સ્ટેટિસ્ટિક્સ સહિત)	૨
	૮]

(ખ) આવેલ અરજીઓ પૈકી ભારત સરકાર તરફથી આ યુનિવર્સિટીને વિજ્ઞાનના વિષયો માટે આપવામાં આવેલ ૧૨ રિસર્ચ ટ્રેનિંગ સ્કૉલરશિપ માટે નીચેના વિદ્યાર્થીઓનાં નામની ભલામણ કરવી એમ પણ ઠરાવવામાં આવ્યું :

(૧) શ્રી. પી. કે. જ્યાન,
વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ-૯.

(૨) શ્રી. એન. નીલકન્દન,
વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ-૯.

(૩) શ્રી. ભીખાલાલ મોહનલાલ પટેલ,
વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ-૯.

(૪) શ્રી. રમેશચન્દ્ર ઠાકરશીભાઈ રાતાની,
વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ-૯.

(૫) કુ. મશોધરા પોપટલાલ શાહ,
વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ-૯.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ગુ. અં. દેસાઈ,
રજિસ્ટ્રાર વતી.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ–૯.

G.U.P. 739-375-10-66

બાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની ૧૯૬૬ના ઑક્ટોબર માસની સભા, શનિવાર, તા. ૮-૧૦-૧૯૬૬ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે, ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન ઉપકુલપતિ શ્રી. લાલભાઈ ૨. દેસાઈએ લીધું હતું. સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૮-૧૦-૧૯૬૬
૧.	શ્રી. લાલભાઈ ૨. દેસાઈ, ઉપકુલપતિ	હાજર
૨.	શ્રી. હે. અં. મિસ્ત્રી (નાયબ શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય)	હાજર
૩.	શ્રી. ભગનભાઈ પ્ર. દેસાઈ	ગેરહાજર
૪.	શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ	હાજર
૫.	શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી	હાજર
૬.	ઇન્દ્રવદન એમ. નાણાવટી	ગેરહાજર
૭.	ડૉ. વાસુદેવ નટવરલાલ ત્રિપાઠી	ગેરહાજર
૮.	ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ	હાજર
૯.	શ્રી. ઘનશ્યામલાલ છોટાલાલ ઓઝા	ગેરહાજર
૧૦.	શ્રી. ઠાકોરભાઈ મણિભાઈ દેસાઈ	ગેરહાજર
૧૧.	શ્રી. બટુભાઈ હરિભાઈ દેસાઈ	હાજર
૧૨.	ડૉ. અશ્વિનકુમાર ભાષ્યવલાલ ત્રિવેદી	હાજર
૧૩.	શ્રી. મણિશંકર પ્રભાશંકર પંડ્યા	હાજર
૧૪.	પ્રો. બી. આર. શેનોય	હાજર
૧૫.	આચાર્ય ચિમનભાઈ જે. પટેલ	ગેરહાજર
૧૬.	આચાર્ય મુકુન્દલાલ છોટાલાલ દેસાઈ	હાજર
૧૭.	આચાર્ય યશવંતરાય ગુલાબભાઈ નાયક	હાજર
૧૮.	આચાર્ય વિશ્વનાથ રામચંદ્ર રણદીવે	હાજર.

૧. તા. ૧૭-૯-૧૯૬૬ના રોજ મળેલ સિન્ડિકેટની સભાના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

સિન્ડિકેટની તા. ૧૭-૯-૧૯૬૬ના રોજ મળેલી સભાના કામકાજની નોંધ નીચેના ત્રણ સુધારા સાથે મંજૂર કરવામાં આવી :

(૧) બાબત નં. ૪ના ઠરાવના બીજા પેરામાં જુનિયર ક્લાર્કની ૪૦ જગ્યાઓ બતાવી છે તેને બદલે ૩૧ જગ્યાઓ વંચાય તેમ સુધારો કરવો.

(૨) બાબત નં. ૬ના ઠરાવમાં "દ્વિતીય વર્ગમાં માસ્ટર ડિગ્રી" એ શબ્દોને બદલે "માસ્ટર ડિગ્રી" શબ્દો વંચાય તેમ સુધારો કરવો.

(૩) બાબત નં. ૭૫ના ઠરાવમાં "સપ્ટેંબર, ૧૯૬૬ના માસનું" એ શબ્દોને બદલે "ઑગસ્ટ, ૧૯૬૬ના માસનું" એમ વંચાય તે પ્રમાણે સુધારો કરવો.

૨. ચાલુ સાલ દિવાળીની રજાઓ તા. ૧૧થી ૧૪ નવેંબર દરમિયાન આવતી હોઈ ઑર્ડિનન્સ ૭૫ હેઠળ કરાયેલી સત્રોની ગોઠવણીમાં ફેરફાર કરવા કેટલીક કૉલેજોએ અનુરોધ કરતાં તે અંગે પુનર્વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ચાલુ વર્ષે તા. પાંચમી નવેંબર અને દિવાળીના તહેવારોની વચ્ચેનો ગાળો, કૉલેજોના આચાર્યો તથા માન્ય સંસ્થાઓ અને વિદ્યાભવનોના અધ્યક્ષોને યોગ્ય લાગે તો, ઑર્ડિનન્સ ૭૫(૨) હેઠળ રજાઓ તરીકે જાહેર કરીને જરૂરી ગોઠવણ કરવા માટે તેમને પરવાનગી આપવી.

૩. શેઠ પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરામાં ગણિતશાસ્ત્રના વ્યાખ્યાતા તરીકે શિક્ષણકાર્ય કરતા શ્રી. એસ. સી. શાહને એક વર્ષના ખૂટતા શૈક્ષણિક અનુભવની ઊણપ ક્ષમ્ય ગણીને વ્યાખ્યાતા તરીકે ચાલુ વર્ષ પૂરતા કાર્ય કરવા દેવાની પરવાનગી આપવા અંગે સદરહુ કૉલેજના આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—શ્રી. શાહે સ્નાતક અને અનુસ્નાતકની પદવી ગણિતશાસ્ત્રના વિષય સાથે પાસ વર્ગમાં મેળવેલ છે તથા તેઓ ગણિતશાસ્ત્રના ટ્યૂટર તરીકેનો ચાર વર્ષનો અનુભવ ધરાવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. એસ. સી. શાહને સદરહુ કૉલેજમાં ગણિતશાસ્ત્રના લેક્ચરર તરીકે કામ કરવા માટે ફક્ત ચાલુ વર્ષ પૂરતી પરવાનગી આપવી.

૪. શ્રી. એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદમાં અંગ્રેજીના વિષયનું શિક્ષણકાર્ય કરતા શ્રી. એસ. કે. શુક્લને ખૂટતા એક વર્ષના શૈક્ષણિક અનુભવની ઊણપ ક્ષમ્ય ગણીને વ્યાખ્યાતા તરીકે શિક્ષણકાર્ય કરવાની પરવાનગી આપવા બાબત.

(**નોંધ.**—શ્રી. એસ. કે. શુક્લ બી.એ. અને એમ.એ.ની પદવી અંગ્રેજીના વિષય સાથે પાસ વર્ગ ધરાવે છે તથા તેમને ચાર વર્ષનો શૈક્ષણિક અનુભવ છે.

શ્રી. શુક્લને ગયા વર્ષે અંગ્રેજીના વ્યાખ્યાતા તરીકે કૉન્ડોન કરવામાં આવ્યા હતા.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. એસ. કે. શુક્લને સદરહુ કૉલેજમાં અંગ્રેજીના લેક્ચરર તરીકે કામ કરવા માટે ફક્ત ચાલુ વર્ષ પૂરતી પરવાનગી આપવી.

૫. ગવર્નમેન્ટ મેડિકલ કૉલેજ, સુરતને જૂન ૧૯૬૬થી જોડાણ આપવા માટે મૂકેલ શરતોના પરિપાલન અંગેના સદરહુ કૉલેજના આવેલ અહેવાલ અંગે વિચારણા કરવા બાબત :

[**નોંધ.**—(૧) નીચે જણાવેલ નિમણૂકો નવી કરવી જોઈએ તેના બદલે જૂની નિમણૂકો દર્શાવી છે :

૧. ફિઝિયોલોજીના પૂર્ણ સમયના પ્રાધ્યાપક

૨. એનેટોમીના એક વ્યાખ્યાતા.

(૨) ફિઝિયોલોજીના પૂર્ણ સમયના વ્યાખ્યાતાને બદલે ખંડ સમયના વ્યાખ્યાતા નીમ્યા છે.

(૩) ફાર્મેકોલોજીના વ્યાખ્યાતાની નિમણૂક થઈ છે. હાજર થયા નથી. અન્ય કોઈ માહિતી નથી.]

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત અંગે રાજ્ય સરકારનું ધ્યાન ખેંચીને જરૂરી નિમણૂકો કરવા માટે ત્વરિત પગલાં લેવા માટે ઘટતો પત્ર લખવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજમાં જગ્યા, સ્ટાફ, સાધનો તથા પથારીઓની પૂરતી સગવડ છે કે કેમ તે જોઈ-તપાસીને રિપોર્ટ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સ્થાનિક તપાસ-સમિતિ નીમવી :

(૧) ડૉ. જયંત બી. હરિભક્તિ

(૨) ડૉ. વાસુદેવ એન. ત્રિપાઠી.

૬. ઇન્ડિયન ફિલોસોફિકલ એસોસિયેશન તરફથી તા. ૩થી ૫ નવેંબર દરમિયાન મુંબઈ ખાતે મળનાર ૧૬મા વાર્ષિક અધિવેશનમાં પ્રતિનિધિ મોકલવા સદરહુ એસોસિયેશનના ઉપપ્રમુખના આવેલા પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ એસોસિયેશનના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિ મોકલવા નહિ.

૭. કૃષિ વિદ્યાશાખાના શિક્ષક મતદાર વિભાગમાંથી ચૂંટાયેલ ડૉ. એન. એન. પટેલને અભ્યાસસમિતિનું સભ્યપદ આપવા બાબત.

(**નોંધ.**—કૃષિ વિદ્યાશાખા હેઠળ કેવળ કૃષિ વિષયની જ અભ્યાસસમિતિ આવતી હોઈ ડૉ. પટેલે તે પર કામ કરવા ઇચ્છા દર્શાવી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, ડૉ. એન. એન. પટેલને કૃષિ વિદ્યાશાખાની અભ્યાસસમિતિનું સભ્યપદ આપવું.

૮. પ્રથમ એમ.બી.,બી.એસ.ના વિદ્યાર્થીઓ નાપાસ થવાના એક કારણરૂપ અંગ્રેજીની કચાશ દૂર કરવા પ્રથમ બી.એસસી.ના તથા પ્રથમ એમ.બી.,બી.એસ.ના વિદ્યાર્થીઓને બે તબક્કે અંગ્રેજીનું શિક્ષણ આપવાની વ્યવસ્થા કરવાના ડૉ. જે. બી. હરિભક્તિના સૂચન પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સૂચન તબીબી વિદ્યાશાખાની વિચારણા માટે મોકલવું.

૯. ફાર્મસી વિદ્યાશાખાની અનુસ્નાતક પરીક્ષાઓમાં પ્રાશ્નિક-પરીક્ષકોની નિમણૂક કરતી વખતે જે તે શાખા-પ્રશાખા (Speciality)ના તે તે વિષયના નિષ્ણાત પરીક્ષકોની નિમણૂક કરવા અંગે ડૉ. જે. બી. હરિભક્તિના સૂચન પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સૂચન સ્વીકારવું, અને તેને અનુસરીને પરીક્ષકોની નિમણૂક અંગેનાં ધારાધોરણો (conventions)માં ઘટતો સુધારો કરવો.

૧૦. યુનિવર્સિટી સમાજવિદ્યા ભવનમાં લેક્ચરર તરીકે કામ કરતા શ્રી. જે. આઈ. લાલીવાલાનો અજમાયશી સમય તા. ૭-૧૧-૧૯૬૬ના રોજ પૂરો થતો હોઈ તેઓને તા. ૮-૧૧-૧૯૬૬થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત વિચારણા માટે આવી ત્યારે સમાજવિદ્યા ભવનના અધ્યક્ષ પ્રોફેસર બી. આર. શેનોયે સભાગૃહમાં કેટલીક રજૂઆત કરી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે, શ્રી. જે. આઈ. લાલીવાલાની અજમાયશી નિમણૂકનો સમય તા. ૧૪મી જૂન ૧૯૬૭ સુધી લંબાવવો, અને ફેબ્રુઆરી ૧૯૬૭ સુધીમાં તેમની કામગીરી અંગેનો ખાનગી હેવાલ સમાજવિદ્યા ભવનના અધ્યક્ષ પાસેથી મેળવીને આ સભાગૃહ સમક્ષ રજૂ કરવાનું રાખવું.

૧૧. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનમાં સફાઈ કામદાર તરીકે કામ કરતા શ્રી. એ. એમ. મકવાણાનો અજમાયશી સમય તા. ૫-૧૧-૧૯૬૬ના રોજ પૂરો થતો હોઈ તેઓને તા. ૬-૧૧-૧૯૬૬થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ સભ્યની કામગીરી અંગેનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે, શ્રી. એ. એમ. મકવાણાને તેમની જગ્યા પર તા. ૬-૧૧-૧૯૬૬થી કાયમ કરવા.

૧૨. યુનિવર્સિટી ગ્રંથાલયમાં જુનિયર ક્લાર્કની જગ્યા પર કામ કરતા શ્રી. જી. એચ. રાવલનો અજમાયશી સમય તા. ૮-૧૧-૧૯૬૬ના રોજ પૂરો થતો હોઈ તેમને તા. ૯-૧૧-૧૯૬૬થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ સભ્યની કામગીરી અંગેનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે, શ્રી. જી. એચ. રાવલને તેમની જગ્યા પર તા. ૯-૧૧-૧૯૬૬થી કાયમ કરવા.

૧૩. ગુજરાત યુનિવર્સિટી ભાષા-સાહિત્ય ભવનમાં નીચેના કર્મચારીઓનો અજમાયશી સમય તેમનાં નામ સામે બતાવેલ તારીખથી પૂરો થતો હોઈ તેઓને કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	નામ	હોદ્દો	અજમાયશી સમય પૂરો થવાની તારીખ	કાયમ કરવાની તારીખ
૧.	શ્રી. સી. જી. પરમાર	પટાવાળા	૫-૧૧-૧૯૬૬	૬-૧૧-૧૯૬૬
૨.	શ્રી. સી. પી. ચૌહાણ	,,	૫-૧૧-૧૯૬૬	૬-૧૧-૧૯૬૬

સદરહુ સભ્યોની કામગીરી અંગેના ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે, સદરહુ સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ જગ્યા પર અને તારીખથી કાયમ કરવા.

૧૪. યુનિવર્સિટી આરોગ્ય કેન્દ્રમાં વૉર્ડબૉયની જગ્યા પર કામ કરતા શ્રી. બી. એમ. વૈશ્યનો અજમાયશી સમય તા.૯-૧૧-૧૯૬૬ના રોજ પૂરો થતો હોઈ તેમને તા.૧૦-૧૧-૧૯૬૬ના રોજથી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ સભ્યની કામગીરી અંગેનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે, શ્રી. બી. એમ. વૈશ્યને તેમની જગ્યા પર તા. ૧૦-૧૧-૧૯૬૬થી કાયમ કરવા.

૧૫. પરીક્ષા વિભાગમાં જુનિયર ક્લાર્કની જગ્યા પર કામ કરતા શ્રી. એમ. એ. ત્રિવેદી રાજીનામું આપી છૂટા થયા હોવાથી તેમના ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડની રકમ પરત આપવા અંગે તથા રૂલે. ૧૯૩-અ પ્રમાણે નીકળતી ગ્રેચ્યુઇટીની રકમ આપવા અંગે તેમની તા. ૧૭-૯-૧૯૬૬ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. ત્રિવેદી તા. ૫-૧૧-૧૯૫૭ના રોજ જોડાયા હતા અને તા. ૧૯-૯-૧૯૬૬ના રોજથી રાજીનામું આપી છૂટા થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. એમ. એ. ત્રિવેદીને તેમના ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડ અને ગ્રેચ્યુઇટીની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર ચૂકવી આપવી.

૧૬. ભાષા-સાહિત્ય ભવનના જુનિયર ક્લાર્ક શ્રી. કે. બી. પટેલ રાજીનામું આપી તા. ૨૦-૪-૧૯૬૬થી ફ્રૂરિંગ થયા હોવાથી તેમના ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડની રકમ પરત આપવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. પટેલ તા. ૫-૧૧-૧૯૬૫થી જોડાયા હતા અને તા. ૨૦-૪-૧૯૬૬થી છૂટા થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. કે. બી. પટેલને તેમના ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર પરત કરવી.

૧૭. મનોવિજ્ઞાન વિદ્યાભવનમાં બીજી પંચવર્ષીય યોજના હેઠળ મંજૂર થયેલ રિસર્ચ સ્કૉલરની બે જગ્યાઓની રૂ. ૧૦૦ની સ્કૉલરશિપની રકમ વધારીને રૂ. ૨૦૦ સુધી રાખવાના અધ્યક્ષશ્રીના તા. ૨૬-૮-૧૯૬૬ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, રૂ. ૨૫૦ની એક એવી કુલ વીસ શિષ્યવૃત્તિઓ સ્થાપવા અંગેની ભલામણ સેનેટ સમક્ષ રજૂ કરવામાં આવી છે તે લક્ષમાં લેતાં, મનોવિજ્ઞાન ભવનમાં બીજી પંચવર્ષીય યોજના હેઠળ મંજૂર થયેલ રિસર્ચ સ્કૉલરની રૂપિયા સો-સોની બે જગ્યાઓ હવે પછી પૂરવી નહિ.

૧૮. ભાષા-સાહિત્ય ભવનના લેક્ચરર શ્રી. રામસેવક સિંગ યુનિવર્સિટીની સેવામાં જોડાયા બાદ પીએચ.ડી. થયા હોવાથી તેઓને બે કે ત્રણ પગારવધારા આપવા અંગે તેમની તા. ૨૧-૪-૧૯૬૬ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. રામસેવક સિંગની સદરહુ વિનંતી મંજૂર કરવી નહિ.

૧૯. શ્રી. જે. એમ. મહેતા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પ્રથમ રજિસ્ટ્રાર તરીકે લૉન સર્વિસ પર તા. ૬-૯-૧૯૬૬થી ગયેલ હોઈ બોર્ડ ઑફ એક્સ્ટ્રામ્યુરલ સ્ટડીઝના સેક્રેટરી તરીકેની ફરજો તેઓ બજાવતા હતા તે બીજા કોઈને સોંપવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.— અત્યાર સુધી બોર્ડના સેક્રેટરી તરીકે શ્રી. મહેતા હતા, જે માટે તેમને માસિક રૂા. ૧૦૦નું ભથ્થું આપવામાં આવતું હતું. તે કામમાં સહાયક તરીકે શ્રી. જી. એ. દેસાઈ કામ કરે છે, જે માટે તેમને માસિક રૂા. ૨૫નું ભથ્થું આપવામાં આવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટની તા. ૨૭-૮-૧૯૬૬ની સભાના ઠરાવ અન્વયે મંજૂર કરવામાં આવેલ ડેપ્યુટી રજિસ્ટ્રાર શ્રી. જે. એમ. મહેતાની લૉન સર્વિસના સમય દરમિયાન બોર્ડ ઑફ એક્સ્ટ્રામ્યુરલ સ્ટડીઝનું કામકાજ સંભાળવા માટે નીચે મુજબ વ્યવસ્થા કરવી :

(૧) કાર્યકારી ડેપ્યુટી રજિસ્ટ્રાર શ્રી. એસ. પી. મેઢને સદરહુ બોર્ડના મંત્રી (Secretary) તરીકે નીમવા, અને તે માટે તેમને માસિક રૂા. ૬૫નું ભથ્થું પર્સનલ ઍલાવન્સ તરીકે આપવું;

(૨) કાર્યકારી ઑસિસ્ટન્ટ રજિસ્ટ્રાર શ્રી. જી. એ. દેસાઈને સદરહુ બોર્ડના સહમંત્રી (Joint Secretary) તરીકે નીમવા, અને તે માટે તેમને હાલ જે માસિક રૂા. ૨૫નું ભથ્થું મળે છે તેને બદલે, માસિક રૂા. ૬૦નું ભથ્થું પર્સનલ ઍલાવન્સ તરીકે આપવું.

૨૦. વિજ્ઞાન વિદ્યાભવનમાં પી.એલ. ૪૮૦ હેઠળ મંજૂર થયેલ સંશોધન યોજનાઓ અંગે નિયુક્ત કરેલ કર્મચારીઓને વધારાનું વેતન આપવા બાબતમાં સદરહુ ભવનના અધ્યક્ષશ્રી તરફથી તા. ૨૭-૮-૧૯૬૬ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવો નહિ.

૨૧. સર્વશ્રી જે. આર. દેસાઈ તથા જે. પી. ત્રિવેદી જેમણે સ્નાતક પદવી પરીક્ષા પાસ વર્ગમાં કેમિસ્ટ્રી (મુખ્ય) તથા ઝૂલૉજી (ગૌણ) વિષય સાથે પસાર કરી છે તેમને યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનમાં પ્રાણીશાસ્ત્ર વિષય સાથે પ્રવેશ આપ્યો હોવાથી તે વિદ્યાર્થીઓ અંગે એકેડેમિક કાઉન્સિલની તા. ૧૦/૧૧-૮-૧૯૬૬ની સભામાં થયેલી ભલામણ અનુસાર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સર્વશ્રી જે. આર. દેસાઈ તથા જે. પી. ત્રિવેદીને ચાલુ વર્ષે પ્રાણીશાસ્ત્રના વિષય સાથે એમ.એસસી.માં પ્રવેશ આપવામાં આવ્યો છે તે અપવાદ તરીકે ચાલુ રાખવો, તથા વિદ્યાભવનોમાં અને અનુસ્નાતક કેન્દ્રોમાં ચાલુ વર્ષે આ પ્રકારના બીજા જે કોઈ કેસો બન્યા હોય તેમાં ઘટતું કરવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, જે વિદ્યાભવનો અને અનુસ્નાતક કેન્દ્રોમાં વિદ્યાર્થીઓને ખોટા વિષયમાં પ્રવેશ આપવામાં આવ્યો હોય તે વિદ્યાભવનોના અધ્યક્ષો અને કેન્દ્રોના પ્રોફેસર-ઇન-ચાર્જને ઘટતો પત્ર લખીને ભવિષ્યમાં આવું ન થાય તે માટે ઘટતી તકેદારી રાખવા જણાવવું.

૨૨. એમ. એન. કૉલેજ, વીસનગરના આચાર્યશ્રી તરફથી તેમની કૉલેજમાં હિન્દી વિષયનું અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટે આવેલ અરજી પરત્વે સ્થાનિક તપાસસમિતિ નીમવા વિચારણા કરવા બાબત.

(નોંધ.—નિયમ મુજબ તે વિષય માટે જરૂરી સ્થાનિક શિક્ષકગણ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી :

(૧) ડૉ. આંબાશંકર નાગર
(૨) પ્રોફેસર રણધીર ઉપાધ્યાય.

૨૩. યુનિવર્સિટીના શિક્ષકોની પારસ્પરિક સેવાઓ લેવા-આપવા અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને ઘડેલા બધી જ યુનિવર્સિટીઓ માટે એક જ ધોરણસરના નિયમો અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને ઘડેલા નિયમો મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલા નિયમોની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૨૪. સિન્ડિકેટની તા. ૨૭-૮-૧૯૬૬ની સભામાં શિક્ષકોનાં પગારધોરણો અંગે થયેલી ભલામણના નીચેના પેરા ૨ અંગે વિચારણા કરવા બાબત:

ભલામણનો પેરા ૨ નીચે પ્રમાણે છે:

"યુ. જી. સી.ના સ્કેલમાં ૨૦૦થી શરૂ કરાતી બાબત તેમ જ તે અંગેની બીજી હકીકતો વિષે માહિતી મેળવી આ વિષે વિચાર કરવાનું આવતી બેઠકમાં મૂકવામાં આવે."

૧. સદરહુ બાબતના સંદર્ભમાં કૉલેજોના શિક્ષકોના મોંઘવારી ભથ્થા અંગેનો પ્રશ્ન પણ ચર્ચવામાં આવ્યો, અને તે પછી ઠરાવવામાં આવ્યું કે, મોંઘવારી ભથ્થાના પ્રશ્ન અંગે સિન્ડિકેટે તેની તા. ૨૭-૮-૧૯૬૬ની સભામાં નીમેલી સમિતિનો રિપોર્ટ નવેંબર માસમાં મળનાર સિન્ડિકેટની સભા સમક્ષ રજૂ થઈ શકે તે ધ્યાનમાં રાખીને પોતાનો રિપોર્ટ રજૂ કરવા માટે તે સમિતિના અધ્યક્ષશ્રીને ઘટતો પત્ર લખવા ઉપકુલપતિશ્રીને વિનંતી કરવી.

૨. વધુમાં ઠરાવવામાં આવ્યું કે, જે કૉલેજો તેના લેકચરરોને રૂા. ૨૫૦નો ઓછામાં ઓછો મૂળ માસિક પગાર આપતી ન હોય તે કૉલેજોનાં નામ સાથે સદરહુ બાબત, ઉપર ઠરાવ ૧માં જણાવેલી સમિતિ સમક્ષ રજૂ કરવાનું રાખવું.

૨૫. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૧૯-૯-૧૯૬૬ના રોજ મળેલી ૪૩મી સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બોર્ડની તા. ૧૯-૯-૧૯૬૬ના રોજ મળેલી સભાની ભલામણો પૈકી બાબત નં. ૧૨ (૨) અને (૩)ની ભલામણો સિવાયની બાકીની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ બોર્ડની તા. ૧૯-૯-૧૯૬૬ની સભાની નોંધ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૨૬. ગુજરાત યુનિવર્સિટીની ગ્રાન્ટ્સ યુટિલાઇઝેશન કમિટીની તા. ૧૩-૯-૧૯૬૬ના રોજ મળેલી ૨૬મી સભાના કામકાજની નોંધ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની તા. ૧૩-૯-૧૯૬૬ના રોજ મળેલી સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૩-૯-૧૯૬૬ની સભાની નોંધ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૨૭. ઑર્ડિનન્સ ૩૭ અનુસાર ગ્રાન્ટ્સ યુટિલાઇઝેશન કમિટી પર નીચેના સભ્યોની મુદત તા. ૧૬-૧૧-૧૯૬૬ના રોજ પૂરી થતી હોવાથી તેમની જગ્યાએ છ સભ્યોની નિમણૂક કરવા બાબત :

(૧) શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ
(૨) આચાર્ય કે. જી. નાયક
(૩) આચાર્ય વાય. જી. નાયક
(૪) આચાર્ય એસ. વી. દેસાઈ
(૫) આચાર્ય જે. બી. સાણ્ડિલ
(૬) ડૉ. જયંત બી. હરિભક્તિ.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિ પર નીચેના સભ્યોને તા. ૧૭-૧૧-૧૯૬૬થી ત્રણ વર્ષ માટે નીમવા :

(૧) શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ
(૨) આચાર્ય ડૉ. કે. જી. નાયક
(૩) આચાર્ય ડૉ. વાય. જી. નાયક
(૪) આચાર્ય એસ. વી. દેસાઈ
(૫) આચાર્ય જે. બી. સાણ્ડિલ
(૬) ડૉ. જયંત બી. હરિભક્તિ.

૨૮. મધ્યસ્થ શિક્ષણ સલાહકાર સમિતિએ ચંદીગઢ મુકામે તેની ૩૨મી સભામાં કરેલી ભલામણો જે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૨૦-૮-૧૯૬૬ના પત્રાંક એફ. ૩૩-૬૩. ૬૫(સી. ડી. એન.)થી મોકલવામાં આવેલ છે તે પૈકી Rush of Admission અંગેની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :

(1) Universities and colleges should impose restrictions on admissions so that only students of calibre join the colleges.

(2) Aptitude tests may be introduced for selecting students to various courses of under-graduate studies.

(3) All the students who confirm to the specific admission requirements should be provided with necessary educational facilities by expansion where essential but more by fuller utilisation of the existing colleges.

(4) Efforts should be made to lay down restrictions on the number of students to be admitted to each college and also standards regarding the teacher-pupil ratio so as to provide better education for deserving students.

(5) Students excluded from admission with regular students may be provided with some other educational opportunities such as correspondence courses.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ભલામણોની નોંધ લેવી.

૨૯. તાજેતરમાં ગંગોત્રી ગિરિમાળાના શિખર પર રાજ્ય સરકારના આશ્રયે ગયેલ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓની ટુકડીના નેતા શ્રી. ભરત શુક્લની તેમની ટુકડીના સભ્યોને ...લેઝર આપવા બાબત તેમની તા. ૪-૯-૧૯૬૬ની અરજી પર વિચારણા કરવા બાબત.

...આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વિનંતી મંજૂર કરવી નહિ.

...તા. ૩-૯-૧૯૬૬ના રોજ મળેલી આરોગ્ય કેન્દ્રની સ્થાયી સમિતિની નીચેની ... કરવા બાબત:

...પસનો વિસ્તાર તથા જુદા જુદા નિવાસોનું અંતર જોતાં આર.એમ.ઓ.ને વાહનની ...અનિવાર્ય હોવાથી સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું કે ડૉક્ટર સ્કૂટર રાખે તો સરકાર ...મ. કૉર્પોરેશનનાં ધારાધોરણ મુજબ સ્કૂટર ઍલાવન્સ ડૉક્ટરને આપવા સિન્ડિકેટને ..."

...નુમતે ઠરાવવામાં આવ્યું કે, આવી સગવડ આપવી, પણ તે માટે દવાખાનાના ટાઇમની ...અને આ માટેની ફી પચાસ પૈસા રાખી તે ડ્રેસરને મળે એવું મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી. વધુમાં ઠરાવવામાં આવ્યું કે ખર્ચાળ ડ્રેસિંગના કેસોમાં (દા.ત., દાઝયાના કેસમાં) વધારે ફી — પણ કોઈ પણ સંજોગોમાં બે રૂપિયાથી વધારે નહિ — લેવાની સત્તા આર.એમ.ઓ.ને આપવી તથા આ રીતે આવેલી વધારાની રકમ યુનિવર્સિટીમાં જમા કરાવવાનો આદેશ આપવા સિન્ડિકેટને ભલામણ કરવી."

(નોંધ.—અત્યારે જે દવાખાને આવે તેમને બધાને મફત પાટાપિંડી કરવામાં આવે છે, પરંતુ દવાખાને ન આવી શકે તેવા દરદી માટે કંઈ જોગવાઈ નથી તેથી આ ભલામણ કરવામાં આવી છે.)

૩. "સમિતિને જાણવા મળ્યું કે, આરોગ્ય કેન્દ્રની નજીકમાં જ ત્રણ 'ડી' ટાઇપના નિવાસ આંચવાનું સિન્ડિકેટે મંજૂર કર્યું છે અને હાલના કમ્પાઉન્ડરને 'સી' ટાઇપનો નિવાસ સ્ટાફ ક્વાર્ટર્સમાં આપેલો છે. આના સંદર્ભમાં ઠરાવવામાં આવ્યું કે 'ડી' ટાઇપના ત્રણ નિવાસને બદલે બે 'ડી' ટાઇપના અને એક 'સી' ટાઇપનો નિવાસ બંધાવી તેમાં કમ્પાઉન્ડર, વૉર્ડબૉય અને સફાઈ કામદારને વસાવી શકાય એવી જોગવાઈ વહેલી તકે કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

૪. "વધુમાં ઠરાવવામાં આવ્યું કે, કમ્પાઉન્ડરને અને સફાઈ કામદારને જેમ ભાડામુક્ત રહેઠાણ આપવા સિન્ડિકેટે ઠરાવેલું છે તેવી રીતે વૉર્ડબૉય માટેના ઠરાવની ભલામણ કરવી."

(નોંધ.—દવાખાનામાં ઇમર્જન્સી કેસ ગમે તે વખતે આવતા હોવાથી આર એમ ઓ. ઉપરાંત સ્ટાફના બીજા સભ્યો પણ સ્થળ પર રહેતા હોય તે આવશ્યક અને ઇષ્ટ છે તેથી આ ભલામણ કરવામાં આવી છે.)

૧. સદરહુ સમિતિની ભલામણ નં. (૧) અંગે ઠરાવવામાં આવ્યું કે, રેસિડન્ટ મેડિકલ ઑફિસર ડૉ. ત્રિવેદીને, અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનમાં તેના ડૉક્ટરોને જે ધોરણે આપવામાં આવે છે તે ધોરણે રૂકટર ઍલાવન્સ આપવું.

૨. આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની ભલામણ નં. (૨) મંજૂર કરવી.

૩. આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની ભલામણ નં. (૩) મંજૂર કરવી ન

૪. આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની ભલામણ નં. (૪) મંજૂર કરવી.

૩૧. ઑર્ડિનન્સ ૧(૪) અનુસાર પબ્લિકેશન બોર્ડના નીચે જણાવેલા સ સભ્યપદની મુદત તા. ૧૭-૧૧-૧૯૬૬ના રોજ પૂરી થતી હોવાથી તેમની જ્ય સભ્યોની ત્રણ વર્ષ માટે નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત:

૧. પ્રિ. કે. જી. નાયક
૨. ડૉ. જે. જે. ચિનોય
૩. ડૉ. એમ. ડી. દેસાઈ
૪. પ્રો. ઉમાશંકર જોશી
૫. પ્રિ. ચિમનભાઈ પટેલ
૬. પ્રિ. એમ. સી. દેસાઈ
૭. પ્રિ. ટી. એમ. પરીખ

[નોંધ.—ઑર્ડિનન્સ ૧ના સંબંધકર્તા પાઠનો ભાગ નીચે પ્રમાણે છે:

(*i*) The Vice-Chancellor
(*ii*) The Rector, if any
(*iii*) The Deans of Faculties
(*iv*) Seven persons appointed by the Syndicate, five of whom shall be from amongst the Heads of University Departments, Heads of Recognised Institutions and Members of the Board of University Teaching.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૨. એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, અમદાવાદમાં મશીન ડિઝાઇન અને થિયરી ઑફ મશીનના વિષયમાં શ્રી. કેલોગ સોહન પ્રકાશને લેક્ચરર થવા માટે ખૂટતા શૈક્ષણિક અનુભવની ઊણપ ચલાવી લેવા માટે સદરહુ કૉલેજના આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—તેઓ બી.ઈ. મિકેનિકલની પદવી દ્વિતીય વર્ગમાં ધરાવે છે તથા એમ.ટેક. (મિકેનિકલ) આઈ. આઈ. ટી., મદ્રાસની પદવી પણ ધરાવે છે, અને મ. સ. યુનિવર્સિટીમાં ૧ વર્ષ અને ૨ માસનો ડેમોન્સ્ટ્રેટર તરીકેનો તથા પાંચ માસનો મિકેનિકલ ઓવરશિયર તરીકેનો, પી.ડબલ્યુ.ડી. ઇરિગેશનનો અનુભવ ધરાવે છે, જ્યારે યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ તેમને ત્રણ વર્ષનો શૈક્ષણિક અનુભવ હોવો જરૂરી છે.]

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. કેલોગ સોહન પ્રકાશની, સદરહુ કૉલેજમાં મશીન ડિઝાઈન અને થિયરી ઑફ મશીનના વિષયના લેક્ચરર તરીકે નિમણૂક ચાલુ વર્ષ પૂરતી માન્ય કરવી, અને સદરહુ કૉલેજના આચાર્યને જણાવવું કે, જૂન ૧૯૬૭થી યોગ્ય લાયકાત ધરાવતા લેક્ચરરની નિમણૂક કરવી આવશ્યક રહેશે.

૩૩. માર્ચ-એપ્રિલ ૧૯૬૬માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન પ્રાયોગિક-પરીક્ષકોના તથા કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો ઉપર વિચારણા કરવા તથા વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરરીતિઓ અંગેના કેસો ઉપર વિચારણા કરવા તા. ૪-૧૦-૧૯૬૬ના રોજ મળેલી પરીક્ષા શુદ્ધિસમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની તા. ૪-૧૦-૧૯૬૬ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સભાની નોંધ પરિશિષ્ટ તરીકે સામેલ કરવામાં આવી નથી.)

૩૪. પબ્લિકેશન બોર્ડની તા. ૨૩-૯-૧૯૬૬ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બોર્ડની તા. ૨૩-૯-૧૯૬૬ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ બોર્ડની તા. ૨૩-૯-૧૯૬૬ની સભાની નોંધ પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.)

૩૫. તા. ૩૦-૯-૧૯૬૬ના રોજ મળેલ સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

સદરહુ સમિતિની ભલામણો પૈકી ભલામણ નં. ૫ અંગે ઠરાવવામાં આવ્યું કે, ગુજરાત યુનિવર્સિટીના કર્મચારીઓને મળતા મોંઘવારી ભથ્થાનો અમુક ભાગ ગુજરાત રાજ્ય સરકારના કર્મચારીઓને મળતા મોંઘવારી ભથ્થાના ધોરણે મૂળ પગારમાં બેળવવામાં આવે તો યુનિવર્સિટીનો આર્થિક બોજો કેટલો વધે તે અંગેનો અંદાજ હિસાબ વિભાગ પાસે કઢાવીને સદરહુ બાબત સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, ભલામણ નં. ૫ સિવાયની સદરહુ સમિતિની બાકીની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૩૦-૯-૧૯૬૬ની સભાની નોંધ પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

૩૬. ફાઇનાન્સ સમિતિની તા. ૨૯-૯-૧૯૬૬ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની તા. ૨૯-૯-૧૯૬૬ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૯-૯-૧૯૬૬ની સભાની નોંધ પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

૩૭. સેનેટે તેની ૧૫-૧૦-૧૯૬૬ની સભામાં મંજૂર કરેલા સ્ટે. ૧૯૩-એ ને કુલપતિશ્રીની અનુમતિ માટે મોકલતાં તે અંગે તેઓશ્રીના સચિવના તા. ૩૦-૯-૧૯૬૬ના આવેલા પત્રાંક જી. એસ. ૨૨૬૮ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૮. શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન ઍન્ડ રિસર્ચ, અમદાવાદમાં એમ.એસ. પદવી ઑર્થોપેડિક્સનું અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટેની અરજી તે સંસ્થાના અધ્યક્ષે પાછી ખેંચી લીધી તે અંગેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૩૯. ગુજરાત યુનિવર્સિટી બોર્ડ ઑફ સ્પોર્ટ્સના પ્રમુખશ્રીએ ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળ સાથે ગુજરાત યુનિવર્સિટી બોર્ડ ઑફ સ્પોર્ટ્સનું જોડાણ કરવાનું મંજૂર કર્યાના પગલાને ઉપકુલપતિશ્રીએ બહાલી આપ્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૪૦. ઉપકુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત:

(૧) યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના ત્રણ વર્ષના પદવી અભ્યાસક્રમ અંગેની આર્થિક સહાયની યોજના હેઠળ આ સાથેના પરિશિષ્ટ "જ"માં જણાવેલી કૉલેજોને અનાવર્તક ગ્રાન્ટ તેમ જ ૧૯૬૩-૬૪, ૧૯૬૪-૬૫ અને ૧૯૬૫-૬૬નાં વર્ષ માટે, આ અભ્યાસક્રમને અનુલક્ષીને નીમવામાં આવેલા વધારાના શિક્ષકગણ પેટે થતા વધારાના ખર્ચ પેટે જે તે વર્ષ માટે આવર્તક ગ્રાન્ટ મંજૂર કર્યાના.

(૨) ભાષા-સાહિત્ય ભવનના અધ્યક્ષશ્રીના તા. ૫-૯-૧૯૬૬ના પત્રના સંદર્ભમાં નીચેના અધ્યાપકોને અલીગઢ મુકામે મળતી આગામી ઑલ-ઇન્ડિયા ઓરિયેન્ટલ કૉન્ફરન્સમાં હાજરી આપવા માટે મંજૂરી આપ્યાના:

૧. ડૉ. છોટુભાઈ નાયક (રીડર)
૨. શ્રી. એચ. સી. ભાયાણી (પ્રોફેસર)
૩. કુ. એસ્તર સોલોમન (રીડર).

(૩) સિન્ડિકેટની તા. ૩/૪-૭-૧૯૬૬ની સભાએ આંતરિક ગુણાંકનની અસર તપાસી હેવાલ રજૂ કરવા માટે આંકડાશાસ્ત્રીય અભ્યાસ કરવા નીમેલી સમિતિમાં આવાહક તરીકે નિમાયેલ ડે. રજિસ્ટ્રાર શ્રી. જે. એમ. મહેતા, તેઓ હવે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં રજિસ્ટ્રાર તરીકે ગયેલા હોઈ, તેમની જગાએ નિમાયેલ ડે. રજિસ્ટ્રાર શ્રી. એસ. પી. મેઢની નિમણૂક કર્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૪૧. તા. ૭-૧૦-૧૯૬૬ના રોજ મળેલી સ્થાયી સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત પરત્વે સ્પષ્ટતા કરવામાં આવી કે, તા. ૭-૧૦-૧૯૬૬ના રોજ મળેલ સ્થાયી સમિતિએ કશી ભલામણો રજૂ કરી નથી, તેથી તે અંગે વિશેષ વિચારવાપણું રહ્યું નહિ.

૪૨. અનુસ્નાતક પરીક્ષામાં પ્રશ્નદીઠ વૈકલ્પિક પૂછવા અંગે કેટલાક અનુસ્નાતક વિદ્યાર્થીઓની અરજી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—પ્રશ્નદીઠ વૈકલ્પિક પૂછવા બાબતમાં તા. ૧-૫-૧૯૬૬ની સિન્ડિકેટે બાબત ક્રમાંક ૩૯થી ઠરાવેલું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવી.

૪૩. ભારત સરકારના શિક્ષણપંચે વિદ્યાર્થી-સેવા અને શિસ્ત, વિદ્યાર્થી-કલ્યાણ તથા શિક્ષક અને વિદ્યાર્થીની સંયુક્ત સમિતિ અંગે કરેલી ભલામણો ઉપર વિચારણા કરવા માટે વિશ્વવિદ્યાલય અનુદાન આયોગ, ન્યૂ દિલ્હીના અધ્યક્ષ ડૉ. ડી. એસ. કોઠારી તરફથી આવેલા તા. ૨૮-૯-૧૯૬૬ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૪. બાંધકામ સમિતિની તા. ૨૬-૯-૧૯૬૬ના રોજ મળેલી સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની તા. ૨૬-૯-૧૯૬૬ના રોજ મળેલી સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૬-૯-૧૯૬૬ના રોજ મળેલી સભાની નોંધ પરિશિષ્ટ "ઝ" તરીકે સામેલ છે.)

૪૫. પરીક્ષાના વધેલા કામકાજને પહોંચી વળવા માટે નીચે પ્રમાણેનાં મશીનો આઈ. સી. ટી. કંપની પાસેથી લેવા અંગે વિચારણા કરવા બાબત:

(૧) હાલનું સીનિયર ટેબ્યુલેટર નં. ૮૫૩ જૂનું થયું હોવાથી તે બદલીને નવું સીનિયર ટેબ્યુલેટર લેવા અંગે.

(૨) વધારાનું એક સીનિયર ટેબ્યુલેટર નં. ૮૫૩ ભાડે લેવા અંગે.

આથી દરેકનું માસિક ભાડું રૂા. ૨,૮૪૫ થશે.

અથવા

આ મશીનોને બદલે ટેબ્યુલેટર નં. ૯૦૩નાં બે મશીનો નવાં ભાડે લેવા બાબત.
એક મશીનનું માસિક ભાડું રૂા. ૨,૮૪૦ થશે.

(૩) હાલનું રિપ્રોડ્યુસર મશીન જૂનું થઈ ગયેલું હોવાથી તેને બદલે એક નવું મશીન ભાડે લેવા કે ખરીદવા બાબત.

વાર્ષિક ભાડું રૂા. ૧,૪૨૦ છે. ખરીદ કિંમત રૂા. ૩૪,૦૮૫ છે.

આથી ઠરાવવામાં આવે છે કે, હાલના સીનિયર ટેમ્પ્યુલેટર નં. ૮૫૩ને બદલે ટેમ્પ્યુલેટર નં. ૯૦૩નાં બે મશીનો, પ્રત્યેક મશીન દીઠ માસિક રૂા. ૨,૮૪૦ના ભાડાના દરે, ફેબ્રુઆરી ૧૯૬૭થી ભાડે લેવાનું રાખવું.

૪૬. ઇન્ટર-યુનિવર્સિટી બોર્ડ ઑફ ઇન્ડિયા ઍન્ડ સિલોનની સ્ટેન્ડિંગ કમિટીની તા. ૫ અને ૬ ઑગસ્ટ ૧૯૬૬ની સભાની નોંધના નીચેના ઠરાવ પર વિચારણા કરવા બાબત:

To consider a note received from the Gujarat University, Ahmedabad, on the working of N.C.C. on a compulsory basis :

"The discussion was initiated by Shri L. R. Desai, Vice-Chancellor, Gujarat University, several other members participated in the discussion and the attention of Major General Premchand, Director-General of N.C.C., who had been specially invited to attend the meeting, was drawn to some of the features with which members had expressed dissatisfaction. After a good deal of discussion the Standing Committee decided to ask all member-Universities to conduct a scientific fact-finding survey about the working of the N.C.C. in their own Universities. The results of these surveys should be communicated to the Inter-University Board for further consideration and discussion with the N.C.C. authorities."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત અંગે વિચારણા કરીને પોતાનો રિપોર્ટ રજૂ કરવા માટે નીચેના ૭ જણની બનેલી સમિતિ નીમવી :

(૧) આચાર્ય ડૉ. વાય. જી. નાયક
(૨) આચાર્ય એમ. સી. દેસાઈ
(૩) આચાર્ય પી. એમ. જાની
(૪) આચાર્ય વી. જે. જાની
(૫) આચાર્ય એન. એન. ઉદવાડિયા
(૬) પ્રોફેસર એમ. પી. પંડ્યા
(૭) પ્રોફેસર કે. સી. ક્ષત્રિય.

૪૭. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ગુજરાત યુનિવર્સિટી, રાજ્ય તથા કેન્દ્ર સરકારો અને ટ્રસ્ટો વગેરેની નાણાકીય સહાય વડે વિદ્યાર્થીઓને સહાયરૂપ થાય તેવું અને સ્વાયત્તપણે કાર્ય કરે તેવું ગ્રંથ કેન્દ્ર શરૂ કરવા અંગેના ડૉ. જે. બી. હરિભક્તિના સૂચન પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સૂચન પર હાલ વિચારણા કરવાની જરૂર જણાતી નથી.

૪૮. શ્રી. સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદમાં અર્થશાસ્ત્રના શિક્ષણકાર્ય માટે નિયુક્ત કરવામાં આવેલા શ્રી. કે. આઈ. પટેલને ખૂટતા અનુભવની ઊણપ ક્ષમ્ય

ગણીને વ્યાખ્યાતા તરીકે શિક્ષણકાર્ય કરવાની પરવાનગી આપવા અંગે આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત :

[નોંધ.—૧. શ્રી. પટેલ બી.એ.ની પદવી અર્થશાસ્ત્ર (મુખ્ય) અને આંકડાશાસ્ત્ર (ગૌણ) વિષય સાથે બીજા વર્ગમાં ધરાવે છે અને એમ.એ.ની પદવી સંપૂર્ણ અર્થશાસ્ત્ર સાથે પાસ વર્ગમાં ધરાવે છે.

૨. શ્રી. પટેલ ટ્યૂટર તરીકેનો ૧ વરસ અને ૮ માસનો અનુભવ ધરાવે છે, જ્યારે નિયમ પ્રમાણે બે વર્ષનો શૈક્ષણિક અનુભવ જોઈએ.]

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. કે. આઈ. પટેલને સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદમાં અર્થશાસ્ત્રના લેક્ચરર તરીકે કામ કરવા માટે ચાલુ વર્ષ પૂરતી પરવાનગી આપવી.

૪૯. જયેન્દ્રપુરી આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, ભરૂચમાં ફારસીના શિક્ષણકાર્ય માટે વ્યાખ્યાતા તરીકે નિયુક્ત થયેલા શ્રી. એમ. આઈ. દરગાહીને શિક્ષણકાર્ય કરવા માટે પરવાનગી આપવા અંગે સદરહુ કૉલેજના આચાર્યશ્રીના પત્ર પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—૧. શ્રી. દરગાહી અલીગઢ યુનિવર્સિટીની બી.એ.ની પદવી પ્રથમ વર્ગમાં ધરાવે છે.

૨. શ્રી. દરગાહીના પદવી પરીક્ષાના વિષયોમાં ફારસી, ઉર્દૂ અને ફિલોસોફી છે.]

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. એમ. આઈ. દરગાહીને સદરહુ કૉલેજમાં ફારસીના લેક્ચરર તરીકે કામ કરવા માટે ચાલુ વર્ષ પૂરતી પરવાનગી આપવી.

૫૦. ઑર્ડિ. ૧૨૦ પ્રમાણે નીચે જણાવેલ સંલગ્ન કૉલેજોની જોડાણ અંગેની અરજીઓ મોડી આવેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કૉલેજનું નામ	અરજી આપ્યા તારીખ	જોડાણ
(૧)	કમાણી સાયન્સ એન્ડ પ્રતાપરાય આર્ટ્સ કૉલેજ, અમરેલી	૨૬-૯-૧૯૬૬	કાયમી જોડાણ
(૨)	સી. યુ. શાહ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ	૧૬-૯-૧૯૬૬	ચાલુ તેમજ વધારાનું જોડાણ
(૩)	ધી બનાસકાંઠા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાલણપુર	૧૬-૮-૧૯૬૬	વધારાનું જોડાણ
(૪)	સામળદાસ કૉલેજ, ભાવનગર	૧૨-૮-૧૯૬૬	વધારાનું જોડાણ

[નોંધ.— ક્રમાંક ૩ અને ૪માં દર્શાવેલી કૉલેજોની ફક્ત અરજીઓ સમયસર આવેલી છે; પરંતુ હજુ સુધી રૂા. ૨૦૦ની અનામત આવેલી નથી.]

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજોની જોડાણ-અરજીઓ અપવાદ તરીકે સ્વીકારવી, અને જે તે કૉલેજના આચાર્યને જોડાણ-અરજીની બાબતમાં નિયમિતતા જાળવવા અંગે પત્ર લખીને જરૂરી ચેતવણી આપવી.

૫૧. ૬૨ વર્ષે યુનિવર્સિટી તરફથી લેવાયેલ બી.એસસી.ની પરીક્ષામાં વનસ્પતિ-વિજ્ઞાનનો મુખ્ય વિષય લઈ બેઠેલ વિદ્યાર્થીઓમાં સૌથી વધારે ગુણાંક મેળવી પ્રથમ પ્રયત્ને ઉત્તીર્ણ થાય તેને "ડૉ. એન. કે. પટેલ સુવર્ણચંદ્રક" એનાયત કરવા માટે એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટના આચાર્ય ડૉ. આર. ડી. દેસાઈ તરફથી રૂા. ૫,૦૦૦ તથા ચાલુ સાલ ૧૯૬૬-૬૭ના વર્ષ માટે સદરહુ ચંદ્રક આપવા માટે વધારાના રૂા. ૨૦૦નું પ્રદાન સ્વીકારવા અંગેના તા. ૩-૧૦-૧૯૬૬ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ દાનનો સાભાર સ્વીકાર કરવો, અને તે અંગેની શરતો ઘડીને આ સભાગૃહ સમક્ષ રજૂ કરવાનું રાખવું.

તે પછી પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબતો રજૂ કરવામાં આવી:

૫૨. મેડિકલ ફેકલ્ટીના વિદ્યાર્થીઓની, એન.સી.સી.ની તાલીમ અંગે પોતાને ચાર વર્ષની તાલીમ લેવી પડતી હોવાની ફરિયાદ અંગે વિચારણા કરવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે, તબીબી વિદ્યાશાખાના ચાલુ વર્ષના જે વિદ્યાર્થીઓએ તબીબી વિદ્યાશાખામાં જોડાતાં પહેલાં તેમની વિજ્ઞાનની શાખામાં એન.સી.સી. તાલીમનાં કુલ બે વર્ષ પૂરાં કર્યાં હોય અને તબીબી વિદ્યાશાખામાં જોડાયા બાદ એક વર્ષ એન.સી.સી. તાલીમ લીધી હોય અને તે પ્રમાણે ગણતાં જેમણે એન.સી.સી. તાલીમનાં કુલ ત્રણ વર્ષ પૂરાં કર્યાં હોય, તેમને માટે વધુ તાલીમ ફરજિયાત ગણવી નહિ.

૫૩. નીચેની કૉલેજોએ સિન્ડિકેટની તા. ૨/૩-૭-૧૯૬૬ની સભાના ઠરાવ અન્વયે તેમના શિક્ષકોને મોંઘવારી ભથ્થું ચૂકવ્યું નથી તે અંગેનો યુનિવર્સિટી કાર્યાલયનો રિપોર્ટ:

૧. એલ. એચ. સાયન્સ એન્ડ એસ. ડી. આર્ટ્સ કૉલેજ, માણસા
૨. વી. એસ. પટેલ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, બીલીમોરા
૩. બનાસકાંઠા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાલનપુર
૪. એસ. બી. ગાર્ડા આર્ટ્સ એન્ડ પી. કે. પટેલ કૉમર્સ કૉલેજ, નવસારી
૫. રજની પારેખ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ખંભાત
૬. સૈફી જ્યુબિલી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, સિદ્ધપુર
૭. બી. પી. બારિયા સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, નવસારી
૮. બી. સી. જલુંધવાળા સાયન્સ કૉલેજ, ખંભાત
૯. એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૧૦ સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૧૧. નવગુજરાત આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૧૨. શેઠ એમ. એન સાયન્સ એન્ડ શ્રી. એન્ડ શ્રીમતી પી. કે. કોટવાળ આર્ટ્સ કૉલેજ, પાટણ
૧૩. ભવન્સ કૉલેજ, ડાકોર
૧૪. અમદાવાદ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૧૫. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ખેડા
૧૬. સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, અમદાવાદ

૧૭. અમદાવાદ સાયન્સ કૉલેજ, અમદાવાદ
૧૮. સરદાર વલ્લભભાઈ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૧૯. નવગુજરાત કૉમર્સ ઍન્ડ લૉ કૉલેજ, અમદાવાદ
૨૦. મોતીલાલ નહેરુ લૉ કૉલેજ, અમદાવાદ
૨૧. સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૨૨. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ડભોઈ
૨૩. યુ. પી. આર્ટ્સ ઍન્ડ સર્વોદય સાયન્સ કૉલેજ, પિલવાઈ
૨૪. સોમનાથ કૉલેજ, વેરાવળ
૨૫. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ધોળકા
૨૬. ભક્ત વલ્લભ ધોળા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૨૭. જે. એચ. શાહ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, જંબુસર
૨૮. સ્વામિનારાયણ સાયન્સ કૉલેજ, અમદાવાદ
૨૯. સરસપુર આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૩૦. આર્ટ્સ કૉલેજ, સંખેડા
૩૧. સર પી. ટી. સાયન્સ કૉલેજ અને શ્રી. એસ. કે. શાહ અને શ્રીકૃષ્ણ ઓ. એમ. આર્ટ્સ કૉલેજ, મોડાસા
૩૨. સર પી. ટી. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા
૩૩. શાહ એસ. પી. જૈન આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, પ્રાંગધ્રા
૩૪. એસ. એન. મહેતા આર્ટ્સ ઍન્ડ શ્રી હિંમતનગર કૉમર્સ કૉલેજ, હિંમતનગર
૩૫. જવાહર નહેરુ વિદ્યાલય આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, રાજકોટ.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજોના આચાર્યોને ઘટતો પત્ર લખીને જણાવવું કે, ચાલુ વર્ષે બીજું સત્ર શરૂ થાય તે પહેલાં પોતાના શિક્ષકોને સિન્ડિકેટના તા. ૨/૩-૭-૧૯૬૬ના ઠરાવ અનુસાર મોંઘવારી ભથ્થું ચૂકવી આપીને યુનિવર્સિટી કાર્યાલયને તેની જાણ કરવી.

૫૪. બી.એસસી.ના ચાલુ અભ્યાસક્રમ મુજબની પરીક્ષા વધુ એક વખત લેવા અંગે સિન્ડિકેટના કેટલાક સભ્યોના સૂચન ઉપર વિચારણા કરવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે, જૂના અભ્યાસક્રમ મુજબની બી.એસસી.ની પરીક્ષા વધુ એક વાર માર્ચ-એપ્રિલ ૧૯૬૭માં લેવાનું રાખવું.

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિન્ડિ./૦૨૮૬૪૦/૧૯૬૬.

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯.

ઓક્ટોબર ૨૨, ૧૯૬૬.
આશ્વિન ૩૦, ૧૮૮૮ (શક).

કં. ચં. પરીખ
રજિસ્ટ્રાર.

પરિશિષ્ટ "ક"
ઠરાવઠાજ ક્રમાંક ૨૩

Rules of the Scheme of Exchange of Teachers/Experts between State Universities

1. Purpose of the Scheme :

The broad objectives of the Scheme are :

(*i*) to enable Universities to invite distinguished teachers/experts in various fields of academic work from other universities or institutions of higher learning;

(*ii*) to utilise as widely as possible the services of talented personnel in our Universities and other centres of learning;

(*iii*) to provide opportunities for the staff and students engaged in advanced studies to come into close and fruitful contacts with distinguished persons in various fields of knowledge, and to make expert advice and guidance available to research workers.

The teachers/experts invited under the Scheme may deliver a course of lectures, conduct seminars, and participate in discussions.

2. Selection of Personnel

The personnel to be invited under the scheme may be selected by the universities. After the negotiations are finalised, the Universities may send the relevant details for the information of the Commission.

3. Grants to Universities :

The expenditure on the exchange of teachers/experts has to be met out of the unassigned grants placed at the disposal of each

University. An appropriate amount may be spent for this purpose, keeping in view the limited funds and the other schemes covered by the unassigned grants.

4. Duration of visit :

The duration of the visit of a teacher/expert will depend on the nature of the assignment and the time for which the visiting teacher/expert can be spared by the parent institution. He will carry his own substantive designation with him to the visiting institution. The duration of the assignment may not exceed three months.

5. Facilities and remuneration to be offered to visiting teachers :

(*i*) Accommodation : Free accommodation will be provided by the host University to the University teacher/expert and the expenditure in this regard is to be met exclusively by the host University, from its own funds.

(*ii*) T.A. : First class railway fare both ways (by the shortest route) from the place of the parent University to the host University. In case travel by air is necessary, the specific approval of the Vice-Chancellor should be obtained. Daily allowance may be paid for the period spent in travel to cover incidental charges.

(*iii*) D.A. Daily allowance may be paid at the rate payable to the University staff of the same status.

(*iv*) Honorarium : The visiting teacher / expert may be paid upto Rs. 50/- per lecture or Rs. 200/- for conducting a seminar lasting 3 days or more. The maximum honorarium for an assignment of not less than 4 weeks' duration payable to any teacher/expert under this Scheme may be limited to Rs. 500/-.

(*v*) Audit Certificate : The University will send at the end of the financial year the usual audit certificate to the effect that the grant paid by the Commission has been spent for the purpose for which it was given and in accordance with the conditions laid down by the Commission.

(*vi*) Statement of Accounts : A statement of accounts of the Commission's unassigned grants showing the expenditure incurred on the Scheme of Exchange of Teachers as implemented by the Universities may be sent to the Commission in the prescribed proforma at the end of each academic year (i.e. from 1st August to 31st July).

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૨૫

ગુજરાત યુનિવર્સિટીની બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની ૪૩મી બેઠક ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં તા. ૧૯-૯-૧૯૬૬ ને સોમવારના રોજ બપોરના ૧૨-૩૦ કલાકે ઉપકુલપતિ શ્રી. લાલભાઈ ૨. દેસાઈના પ્રમુખપદે મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી :

૧ શ્રી. લાલભાઈ ૨. દેસાઈ, ઉપકુલપતિશ્રી	હાજર
૨. શ્રી. મગનભાઈ પ્ર દેસાઈ	હાજર
૩. શ્રી. એચ. ડી. નોરોન્હા	હાજર
૪. શ્રી. ટી. એમ. પરીખ	હાજર
૫. શ્રી. એચ. જી. પંડ્યા	હાજર
૬. શ્રી. એમ. ડી. માણેક	હાજર
૭. શ્રી. ટી. બી. પટેલ	ગેરહાજર
૮. શ્રી. એચ. કે. બુખારી	ગેરહાજર
૯. શ્રી. વી. આર. દ્વિવેદી	હાજર
૧૦. શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ	હાજર
૧૧. શ્રી. એમ. સી. દેસાઈ	હાજર
૧૨. શ્રી. બી. આર. શેનોય	ગેરહાજર
૧૩. શ્રી. ઉમાશંકર જોશી	હાજર
૧૪. શ્રી. પી. એચ. પ્રભુ	હાજર
૧૫. શ્રી. જે. જે. ચિનોય	હાજર
૧૬. શ્રી. વાય. પી. શુક્લ	હાજર
૧૭. શ્રી. આર. ડી. દેસાઈ	હાજર
૧૮. શ્રી. એમ. એસ. પંડિત	હાજર
૧૯. શ્રી. એમ. ડી. દેસાઈ	હાજર
૨૦. શ્રી. એ. આર. દેસાઈ	હાજર.

૧. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૨૫-૪-૧૯૬૬ના રોજ મળેલી બેતાલીસમી બેઠકની નોંધને મંજૂર કરવા બાબત.

બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૨૫-૪-૧૯૬૬ના રોજ મળેલી સભાની નોંધને મંજૂર રાખવામાં આવી અને તે પર ઉપકુલપતિશ્રીએ સહી કરી.

૨. અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય થવા માટે જુદી જુદી કૉલેજો અને માન્ય સંસ્થાઓના અધ્યાપકો તરફથી આવેલ અરજીઓ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે—

(ક) આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજો તથા માન્ય સંસ્થાઓ અને યુનિવર્સિટીનાં વિદ્યા-ભવનોના શિક્ષકો તરફથી જુદા જુદા વિષયોમાં અનુસ્નાતક શિક્ષણ માટે માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા મેળવવાની જે અરજીઓ આવે તે પરથી જોઈ તપાસીને જે શિક્ષકો નિયમાનુસાર માન્યતા મેળવવાને પાત્ર હોય તેવા શિક્ષકોને માન્યતા આપવાની સત્તા ઉપકુલપતિશ્રીને આપવી અને જે શિક્ષકોને માન્યતા આપવામાં આવે તે તથા અમાન્ય કરવામાં આવે તેવા શિક્ષકોની યાદી આ સભા સમક્ષ જાણ માટે રજૂ કરવાનું રાખવું.

(ખ) જે શિક્ષકોની બાબતમાં ખાસ વિચારણા કરવા જેવું લાગે તેવા તથા પીએચ.ડી. પદવી માટે જે તે વિષયમાં માન્યતા મેળવવા માટે શિક્ષકો તરફથી અરજીઓ આવે તો તેવી અરજીઓ આ સભા સમક્ષ વિચારણા માટે મૂકવી.

(ગ) આ સાથે **પરિશિષ્ટ "ક"** માં જણાવેલા શિક્ષકોને તેમનાં નામ સામે જણાવેલા વિષયોના અનુસ્નાતક શિક્ષણ માટે અનુસ્નાતક શિક્ષક તરીકે તા. ૧૪ જૂન ૧૯૬૭ સુધી માન્ય કરવા.

(ઘ) અનુસ્નાતક શિક્ષકની માન્યતા માટે યુનિવર્સિટીનાં ધારાધોરણ જોતાં આ સાથેના **પરિશિષ્ટ "ખ"** માં જણાવેલા શિક્ષકોને અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા આપવી નહિ.

(ચ) નીચેના શિક્ષકોને તેમનાં નામ સામે જણાવેલ વિષય અને પદવી માટે માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા આપવી નહિ, પરંતુ તા. ૧૪ જૂન ૧૯૬૭ સુધી તે વિષયમાં અનુસ્નાતક શિક્ષણ માટે મદદનીશ શિક્ષકો તરીકેની માન્યતા આપવી:

ક્રમાંક	શિક્ષકનું નામ	વિષય	પદવી
૧.	શ્રી. ગજ્જર પ્રકાશભાઈ સોમનાથ, એચ. કે. આર્ટ્સ કૉલેજ, ૨. છો. માર્ગ, અમદાવાદ	સોશિયોલોજી	એમ.એ.
૨.	શ્રી. દૂધારા બંસીલાલ આર., સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ	અર્થશાસ્ત્ર	એમ.એ.

(છ) નીચે જણાવેલા શિક્ષક તરફથી માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા આવેલી અરજીની વિચારણા મોકૂફ રાખવી:

શિક્ષક તથા કૉલેજનું નામ	વિષય	પદવી
શ્રી. શાહ જગદીશ રમણલાલ, એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદ	૧. ઇન્ડસ્ટ્રિયલ મૅનેજમેન્ટ ૨. ઑર્ગેનિઝેશન ઑફ઼ ઇન્ડસ્ટ્રીઝ ૩. કૉર્પોરેશન ફિનાન્સ ૪. ઇન્ટરનેશનલ ફિનાન્સ	એમ.કૉમ.

(જ) નીચે જણાવેલા શિક્ષકોની બાબતમાં તેમનાં નામ સામે જણાવ્યા મુજબનાં પગલાં લેવાં :

ક્રમાંક	શિક્ષકનું નામ	વિષય અને પદવી	નોંધ
૧.	શ્રી. જયંત શામજી જોષી, એસ. બી. ગાર્ડા કૉલેજ ઍન્ડ પી. કે પટેલ કૉલેજ ઑફ કૉમર્સ, નવસારી	ગુજરાતી પીએચ.ડી.	તેમના સંશોધન પેપરો શ્રી. અનંતરાય રાવળને મોકલી તે રેકગ્નાઇઝ્ડ મેરિટ્સના છે કે કેમ તથા તેને આધારે શ્રી. જોષીને માગેલ વિષય અને પદવીમાં માન્યતા આપી શકાય કે કેમ તે અંગે અભિપ્રાય મગાવવો અને તે આવ્યેથી યોગ્ય કરવા ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.
૨.	શ્રી. માસ્તર ધર્મેન્દ્ર મદનલાલ સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદ	ગુજરાતી પીએચ.ડી.	તેમના સંશોધન પેપરો શ્રી. અનંતરાય રાવળને મોકલી તે રેકગ્નાઇઝ્ડ મેરિટ્સના છે કે કેમ તથા તેને આધારે શ્રી. માસ્તરે માગેલ વિષય અને પદવીમાં માન્યતા આપી શકાય કે કેમ તે અંગે અભિપ્રાય મગાવવો અને તે આવ્યેથી યોગ્ય કરવા ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.
૩.	શ્રી. શર્મા પ્રભાસચંદ્ર, એમ. એન. કૉલેજ, વીસનગર	હિંદી પીએચ.ડી.	તેમના સંશોધન પેપરો શ્રી. શિવમંગલસિંગ (સુમન), વિક્રમ યુનિવર્સિટી, ઉજ્જૈનને મોકલી તે રેકગ્નાઇઝ્ડ મેરિટ્સના છે કે કેમ તથા તેને આધારે શ્રી. શર્માને માગેલ વિષયો અને પદવીમાં માન્યતા આપી શકાય કે કેમ તે અંગે અભિપ્રાય મગાવવો અને તે આવ્યેથી યોગ્ય કરવા ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.
૪.	શ્રી. મજીઠિયા સુદર્શનસિંગ, ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ ઍન્ડ એ. એમ. પી. લૉ કૉલેજ રાજકોટ	હિંદી પીએચ.ડી.	તેમના સંશોધન પેપરો શ્રી. શિવમંગલસિંગ (સુમન), વિક્રમ યુનિવર્સિટી, ઉજ્જૈનને મોકલી તે રેકગ્નાઇઝ્ડ મેરિટ્સના છે કે કેમ તે તથા તેને આધારે શ્રી મજીઠિયાને માગેલ વિષય અને પદવીમાં માન્યતા આપી શકાય કે કેમ તે અંગે અભિપ્રાય મગાવવો અને તે આવ્યેથી યોગ્ય કરવા ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

ક્રમાંક	શિક્ષકનું નામ	વિષય અને પદવી	નોંધ
૫.	શ્રી. શુક્લ જયદેવ મોહનલાલ, એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ-૯	સંસ્કૃત વ્યાકરણ-શાસ્ત્ર પીએચ.ડી.	તેમના સંશોધન પેપરો શ્રી. અભ્યંકર કે. પી., પૂનાને મોકલી તે રેકગ્નાઇઝ્ડ મેરિટ્સના છે કે કેમ તથા તેને આધારે શ્રી. શુક્લને માગેલ વિષય અને પદવીમાં માન્યતા આપી શકાય કે કેમ તે અંગે અભિપ્રાય મગાવવો અને તે આવ્યેથી યોગ્ય કરવા ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.
૬.	શ્રી. રાવ ઉદિપી રામચંદ્ર, ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી, અમદાવાદ-૯	ફિઝિક્સ પીએચ.ડી.	તેમના સંશોધન પેપરો શ્રી. એ. આર. પટેલ, વિદ્યાનગરને મોકલી તે રેકગ્નાઇઝ્ડ મેરિટ્સના છે કે કેમ તથા તેને આધારે શ્રી. રાવને માગેલ વિષય અને પદવીમાં માન્યતા આપી શકાય કે કેમ તે અંગે અભિપ્રાય મગાવવો અને તે આવ્યેથી યોગ્ય કરવા ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.
૭.	શ્રી. સત્યપ્રકાશ, ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી, અમદાવાદ	ફિઝિક્સ પીએચ.ડી.	તેમના સંશોધન પેપરો ડૉ. વાય. જી. નાયક, અમદાવાદને મોકલી તે રેકગ્નાઇઝ્ડ મેરિટ્સના છે કે કેમ તથા તેને આધારે શ્રી. સત્યપ્રકાશને માગેલ વિષય અને પદવીમાં માન્યતા આપી શકાય કે કેમ તે અંગે અભિપ્રાય મગાવવો અને તે આવ્યેથી યોગ્ય કરવા ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.
૮.	શ્રી. દેગાઉનકર શ્રીનિવાસ સદાશિવ, ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી, અમદાવાદ	ફિઝિક્સ પીએચ.ડી.	તેમના સંશોધન પેપરો શ્રી. એન. એસ. પંડ્યા, એમ. એસ યુનિવર્સિટી ઑફ બરોડાને મોકલી તે રેકગ્નાઇઝ્ડ મેરિટ્સના છે કે કેમ તે તથા તેને આધારે શ્રી. દેગાઉનકરને માગેલ વિષય અને પદવીમાં માન્યતા આપી શકાય કે કેમ તે અંગે અભિપ્રાય મગાવવો અને તે આવ્યેથી યોગ્ય કરવા ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

ક્રમાંક	શિક્ષકનું નામ	વિષય અને પદવી	નોંધ
૯.	શ્રી. દેસાઈ ભગનલાલ નારણભાઈ, એચ. એન્ડ એચ. બી. કોટક ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ, રાજકોટ	ઑર્ગેનિક કેમિસ્ટ્રી પીએચ.ડી.	તેમના સંશોધન પેપરો ડૉ. આર. ડી. દેસાઈ, અમદાવાદને મોકલી તે રેકગ્નાઇઝ્ડ મેરિટ્સના છે કે કેમ તે તથા તેને આધારે શ્રી. દેસાઈને માગેલ વિષય અને પદવીમાં માન્યતા આપી શકાય કે કેમ તે અંગે અભિપ્રાય મગાવવો અને તે આવ્યેથી યોગ્ય કરવા ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.
૧૦.	શ્રી. ભુચ હસિતકાન્ત હરિરાય, ગુજરાત કૉલેજ, અમદાવાદ-૬	ગુજરાતી પીએચ.ડી.	તેમના સંશોધન પેપરો શ્રી. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, સુરતને મોકલી તે રેકગ્નાઇઝ્ડ મેરિટ્સના છે કે કેમ તથા તેને આધારે શ્રી. ભુચને માગેલ વિષય અને પદવીમાં માન્યતા આપી શકાય કે કેમ તે અંગે અભિપ્રાય મગાવવો અને તે આવ્યેથી યોગ્ય કરવા ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.
૧૧.	શ્રી. જોશી રમણલાલ જેઠાલાલ, ભાષા-સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯	ગુજરાતી પીએચ.ડી.	તેમના સંશોધન પેપરો શ્રી. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, સુરતને મોકલી તે રેકગ્નાઇઝ્ડ મેરિટ્સના છે કે કેમ તથા તેને આધારે શ્રી. જોશીને માગેલ વિષય અને પદવીમાં માન્યતા આપી શકાય કે કેમ તે અંગે અભિપ્રાય મગાવવો અને તે આવેથી યોગ્ય કરવા ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.
૧૨.	શ્રી. જાની અરવિન્દા જયપ્રસાદ, બી. ડી. કૉલેજ, અમદાવાદ	સાયકૉલૉજી એમ.એ.	શ્રી. જાની પાસેથી માહિતી મગાવવી કે તેમની પરદેશની એમ.એ. પદવી સાયકૉલૉજી-ફિલોસોફી વિષય સાથે છે તો તેમાં તેમના મેજર અને માઇનોર કયા વિષય હતા. તે માહિતી આવ્યેથી યોગ્ય કરવા ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.
૧૩.	શ્રી. ઓઝા કાંતિલાલ દામોદરદાસ, એસ. વી. રીજિયોનલ કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, સુરત	એમ.ઈ. એન્ડ મિકે. એન્જિ-નિયરિંગ	શ્રી. ઓઝા પાસેથી તેમના સંશોધન પેપરો મગાવીને શ્રી. કે. જે. ભટ્ટ, એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, અમદાવાદને મોકલી તે રેકગ્નાઇઝ્ડ મેરિટ્સના છે કે કેમ તથા તેને આધારે

ક્રમાંક	શિક્ષકનું નામ	વિષય અને પદવી	નોંધ
			શ્રી. ઓઝાને માગેલ વિષય અને પદવીમાં માન્યતા આપી શકાય કે કેમ તે અંગે અભિપ્રાય મગાવવો અને તે આવ્યેથી યોગ્ય કરવા ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.
૧૪.	શ્રી. જી. પી. ભટ્ટ, આચાર્ય, દરબાર ગોપાળદાસ મહાવિદ્યાલય, અલિયાબાડા	એજ્યુકેશન પીએચ.ડી.	તેમના સંશોધન પેપરો ડૉ. મધુરીબહેન શાહ, મુંબઈને મોકલી તે રેકગ્નાઇઝ્ડ મેરિટ્સના છે કે કેમ તથા તેના આધારે શ્રી. ભટ્ટને માગેલ વિષય અને પદવીમાં માન્યતા આપી શકાય કે કેમ તે અંગે અભિપ્રાય મગાવવો અને તે આવ્યેથી યોગ્ય કરવા ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.
૧૫.	શ્રી. નાદીરશાહ એન. ભરૂચા, આચાર્ય, એસ.બી. ગાર્ડા કૉલેજ ઑફ કૉમર્સ, નવસારી	અંગ્રેજી પીએચ.ડી.	તેમના સંશોધન પેપરો પ્રોફેસર કંટક, વડોદરાને મોકલી તે રેકગ્નાઇઝ્ડ મેરિટ્સના છે કે કેમ તે તથા તેના આધારે શ્રી. ભરૂચાને માગેલ વિષય અને પદવીમાં માન્યતા આપી શકાય કે કેમ તે અંગે અભિપ્રાય મગાવવો અને તે આવ્યેથી યોગ્ય કરવા ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૩. યુનિવર્સિટી સાથે જોડાયેલ કૉલેજોમાં કામ કરતા શિક્ષકો તરફથી આવેલ અરજીઓ ઉપરથી ઉપકુલપતિશ્રીએ તેમને તેમનાં નામ સામે જણાવેલ વિષય તથા પદવીના અભ્યાસ-ક્રમના શિક્ષણ માટે માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકે માન્યતા આપી તેની નોંધ લેવા સારુ.

આથી ઠરાવવામાં આવે છે કે, માન્ય અનુસ્નાતક શિક્ષકોના મદદનીશ શિક્ષકો તરીકે માન્યતા આપ્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

(માન્ય કરવામાં આવેલા અનુસ્નાતક શિક્ષકોના મદદનીશ શિક્ષકોની યાદી **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

૪. શ્રી. શુકલ હરિહર મોહનલાલ, આચાર્ય, આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મહેસાણા તરફથી તેમને એમ.એ. પદવી હિંદી વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા આપવાના પ્રશ્ન અંગે ફેરવિચારણા કરવા માટે આવેલી તેમની વિનંતી પર વિચારણા કરવા બાબત.

શૈક્ષણિક લાયકાત	શૈક્ષણિક અનુભવ	કૉલેજ/સંસ્થા
બી.એ. (મુંબઈ), બીજો વર્ગ, ગુજરાતી-સંસ્કૃત (૧૯૫૨) એમ.એ. (મુંબઈ), બીજો વર્ગ, હિન્દી-સંસ્કૃત (૧૯૫૪)	ડિગ્રી કક્ષાએ ૧૦ વર્ષ, ઉપરાંત મદદનીશ અનુસ્નાતક શિક્ષક તરીકે ૪ વર્ષ	એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ (૧ વર્ષ), (૧૯૫૫-૫૬); સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ (૪ વર્ષ), (૧૯૫૬-૬૦). એસ. વી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ (૪ વર્ષ), (૧૯૬૦-૬૪); ૧૯૬૪થી આજ સુધી, આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મહેસાણા (૨ વર્ષ ઉપરાંત).

આથી ઠરાવવામાં આવે છે કે, આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મહેસાણાના આચાર્ય શ્રી. શુકલ હરિહર મોહનલાલને હિંદી વિષયમાં એમ.એ.ના શિક્ષણ માટે માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા જૂન ૧૯૬૭ સુધી આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૫. એગ્રિકલ્ચર કૉલેજ, જૂનાગઢના શ્રી. આર. એમ. પટેલ, એમ.એસસી. (એગ્રિ.) પદવી એગ્રિકલ્ચરલ એન્ટોમોલોજી વિષયમાં માન્યતા ધરાવે છે તે ઉપરાંત તેમને તે પદવીના પ્લાન્ટ પેથોલોજી વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા માટેની તેમની અરજી પર વિચારણા કરવા બાબત.

શૈક્ષણિક લાયકાત	શૈક્ષણિક અનુભવ
બી.એસસી. (એગ્રિ.), મુંબઈ, ૧૯૩૭ એમ.એસસી. (એગ્રિ.) સંશોધનથી (બીજો વર્ગ) એગ્રિ. એન્ટોમોલોજી, પીએચ.ડી. (કેમ્બ્રિજ) સંશોધનથી એગ્રિ. એન્ટોમોલોજી	એફ.વાય. સાયન્સ (એગ્રિ.) ઝૂલોજી, એગ્રિ. કૉલેજ, પૂના (૧૯૫૩-૫૪) પ્રી-યુનિ.થી બી.એસસી. (એગ્રિ.), કૉલેજ ઑફ એગ્રિકલ્ચર, જૂનાગઢ (૧૯૬૦-૬૬) એગ્રિ. એન્ટોમોલોજી એન્ડ પ્લાન્ટ પ્રોટેક્શન (પ્લાન્ટ પેથોલોજી સહિત).

આથી ઠરાવવામાં આવે છે કે, એગ્રિકલ્ચર કૉલેજ, જૂનાગઢના શ્રી. આર. એમ. પટેલને એગ્રિકલ્ચરલ એન્ટોમોલોજી વિષય ઉપરાંત તે પદવીના પ્લાન્ટ પેથોલોજી વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકે માન્યતા આપવાની તેમની વિનંતી સ્વીકારવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૬. એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસીના ડૉ. દેવાણી મૂળજીભાઈ ભીમજીભાઈની એમ.ફાર્મ. પદવી ફાર્માસ્યુટિકલ કેમિસ્ટ્રી વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા તે કૉલેજના આચાર્ય તરફથી આવેલી અરજી પર વિચારણા કરવા બાબત.

શૈક્ષણિક લાયકાત	શૈક્ષણિક અનુભવ	કાર્યાલયની નોંધ
બી.ફાર્મ. (ગુજરાત), બીજો વર્ગ (૧૯૫૧) એમ.ફાર્મ. (ગુજરાત), પ્રથમ વર્ગ (૧૯૫૮) ફાર્માસ્યુટિકલ કેમિસ્ટ્રી (મેજર), ફાર્માકોગ્નોસી (માઇનોર), ડી.એસસી. (મ્યુનિચ)	૩ વર્ષ	તબીબી વિદ્યાશાખાના શિક્ષકોને માન્યતા આપવાના ઑર્ડિ. ૬૫(ક) અનુસાર ફાર્મસીના શિક્ષકોને માન્યતા આપવાનું નક્કી થાય તો ડૉ. દેવાણી ઑર્ડિ. ૬૫(ક)(એ)(૨)(iii) અનુસાર માન્યતાને પાત્ર છે એમ ગણી શકાય.

આથી ઠરાવવામાં આવે છે કે, એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદના ડૉ. દેવાણી મૂળજીભાઈ ભીમજીભાઈને તબીબી વિદ્યાશાખાના શિક્ષકોને જેમ ઑર્ડિ. ૬૫(ક) અનુસાર માન્યતા આપવામાં આવે છે તે મુજબ તે ઑર્ડિનન્સ અન્વયે એમ.ફાર્મ. પદવીના ફાર્માસ્યુટિકલ કેમિસ્ટ્રી વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા આપવાની તેમની વિનંતી સ્વીકારવી નહિ, એમ સિન્ડિકેટને ભલામણ કરવી.

૭. બી. ડી. કૉલેજ, અમદાવાદના શ્રી. ચૌધરી રઘુવીર દાલસિંગને એમ.એ. પદવી હિંદી વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા માટેની અરજી પર વિચારણા કરવા બાબત.

શૈક્ષણિક લાયકાત	શૈક્ષણિક અનુભવ
બી.એ. (ગુજરાત), પ્રથમ વર્ગ, હિન્દી-સંસ્કૃત (૧૯૬૦) એમ.એ. (ગુજરાત), બીજો વર્ગ, હિન્દી-સંસ્કૃત (૧૯૬૨)	લેક્ચરર તરીકે પ્રી-યુનિ. આર્ટ્સથી બી.એ. (૧૯૬૦-૬૨) (બે વર્ષ), સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ બી.એ. સુધી, (૧૯૬૨થી ૧૯૬૬) ગુજરાત વિદ્યાપીઠ (૪ વર્ષ) (કુલ્લે ૬ વર્ષ).

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. ચૌધરીને આ સભામાં હિંદી વિષયમાં એમ.એ.ના શિક્ષણ માટે માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા મળેલી હોવાથી આ બાબત અંગે વિચારણા કરવાની જરૂર નથી.

૮. આચાર્ય, સરદાર વલ્લભભાઈ કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરફથી નીચેના ત્રણ શિક્ષકો જેઓ એમ.એ. પદવી અર્થશાસ્ત્ર વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકે માન્યતા ધરાવે છે તેમને એમ.કૉમ. પદવીના વિષયોમાં માન્યતા આપવી કે કેમ

તે અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	શિક્ષકનું નામ	એમ.કૉમ. પદવીના કયા વિષયોમાં માન્યતા માગે છે ?	
૧.	આચાર્ય ચિમનભાઈ જે. પટેલ	પબ્લિક ઇકોનોમિક્સ	તેમના એમ.એ.ના વિષયોની માન્યતા ઉપરાંત
૨.	શ્રી. આર. સી. પટેલ	(૧) પબ્લિક ઇકોનોમિક્સ (૨) કૉર્પો. ફિનાન્સ	
૩.	શ્રી. સી. આર. શાહ	ઇન્ટરનેશનલ બૅંકિંગ	
૪.	શ્રી. એમ. પી. પંડ્યા	(૧) પબ્લિક ઇકોનોમિક્સ (૨) ઑર્ગેનાઇઝ્ડ માર્કેટ્સ (૩) કૉપેરિશન ફિનાન્સ (૪) ઑર્ગેનિઝેશન ઑફ ટ્રેડ ઍન્ડ ટ્રાન્સપોર્ટ.	

આથી ઠરાવવામાં આવે છે કે, એમ.એ. તથા એમ.કૉમ.ના કયા વિષયો એકબીજાથી સરખા (allied and substantially allied) ગણવા તે અંગે વિનયન વિદ્યાશાખાએ એક સમિતિ નીમી છે તેનો અહેવાલ આવ્યેથી આ બાબત પર વિચારણા કરવાનું રાખવું.

૯. ખેતીવાડી ક્ષેત્રમાં માન્ય અનુસ્નાતક શિક્ષકના બદલનીશ શિક્ષક તરીકે માન્યતા આપવા અંગેના ખેતીવાડીની અભ્યાસસમિતિના તા. ૪-૯-૧૯૬૫ની સભાના સૂચન પર બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગે તેની તા. ૨૫-૪-૧૯૬૬ની સભામાં નીચેની ભલામણ કરી હતી તે પર સિન્ડિકેટે તેની તા. ૨/૩-૭-૧૯૬૬ની સભામાં કરેલો નીચેનો ઠરાવ:

બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૨૫-૪-૧૯૬૬ની સભાની ભલામણ

"ઇન્ડિયન એગ્રિકલ્ચરલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ (પોસ્ટ-ગ્રેજ્યુએટ સ્કૂલ), ન્યૂ દિલ્હીની એમ.એસસી. પદવી ધરાવનાર ૨૦૦ કરતાં વધારે ગ્રેડ પોઇન્ટ મેળવ્યા હોય તો તેમને પ્રથમ વર્ગમાં પદવી મેળવી છે એમ ગણીને બદલનીશ શિક્ષક તરીકેની માન્યતા આપવા માટે ઑર્ડિ. ૬૫-એમ(૧)એ માં સુધારો કરવા અંગેની ખેતીવાડીની અભ્યાસસમિતિની ભલામણ સ્વીકારવી નહિ, એમ સિન્ડિકેટને ભલામણ કરવી."

સિન્ડિકેટની તા. ૨/૩-૭-૧૯૬૬ની સભાનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે, અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી અને બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગને સૂચવવું કે કૃષિ વિદ્યાશાખાના અનુસ્નાતક શિક્ષણનું કાર્ય અટકતું હોય તેવા કેસોમાં અપવાદ કરી વ્યક્તિગત કેસમાં માન્યતા આપવાનું વિચારવાનું રાખવું."

આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટના તા. ૨/૩-૭-૧૯૬૬ની સભાના ઉપરના ઠરાવની નોંધ લેવી.

૧૦. ખેતીવાડી ક્ષેત્રમાં માન્ય અનુસ્નાતક શિક્ષકના બદલનીશ શિક્ષક તરીકે માન્યતા આપવા અંગેના નીચેના સૂચન ઉપર વિચારણા કરી ઑ. ૬૫-એમ માં સુધારો કરવા અંગેની

ખેતીવાડીની અભ્યાસસમિતિની તા. ૪-૯-૧૯૬૫ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"જે તે વિષયોના શિક્ષકને માસ્ટર્સ ડિગ્રીની માન્યતા મેળવેલ શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકે જે તે વિષયમાં કામ કરવાની માન્યતા મેળવવા માટે ગુજરાત યુનિવર્સિટીના ધારા ઑ. ૬૫–એમ મુજબ લાયકાત ધરાવતા હોય તે મુજબ માન્યતા અપાય છે. પરંતુ ખેતીવાડી કૉલેજના શિક્ષણ વિભાગ તથા સંશોધન વિભાગ ભેગા હોવાથી માન્યતા મેળવેલ અનુસ્નાતક શિક્ષકના હાથ નીચે સંશોધનક્ષેત્રમાં લાયકાત ધરાવતા કર્મચારીઓ સંશોધનનું કામ કરતા હોય છે તો તેવા કર્મચારીઓ જે શિક્ષણક્ષેત્રમાં કામ કરતા કર્મચારી જેવી લાયકાત ધરાવતા હોય તથા તે વિષયના સંશોધનક્ષેત્રમાં કામ કરતા હોય તો તેઓને પણ શિક્ષણક્ષેત્રના કર્મચારીને જેવી રીતે ગુજરાત યુનિવર્સિટી ધારા ઑ. ૬૫–એમ મુજબ તથા કલમ ૨ની પેટાકલમ ૧૨માં જણાવ્યા મુજબ માન્યતા મળે છે તેવી રીતે માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા આપવી જોઈએ."

અભ્યાસસમિતિની ભલામણ

"ડૉ. આર. એમ. પટેલના ઉપરના સૂચન ઉપર વિચારણા કરી આ સભા બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગને ભલામણ કરે છે કે ઉપરનું સૂચન સ્વીકારવું."

આથી ઠરાવવામાં આવે છે કે, ખેતીવાડીમાં સંશોધનક્ષેત્રે કામ કરતા હોય તેવા કર્મચારીને પણ શિક્ષણક્ષેત્રે કામ કરતા શિક્ષકને જરૂરી લાયકાત ધરાવતા હોય તો જેમ માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકે માન્યતા આપવામાં આવે છે તેમ માન્યતા આપવાની ખેતીવાડીની અભ્યાસસમિતિની ભલામણ ન સ્વીકારવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૬૧. ખેતીવાડી ક્ષેત્રમાં માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકે માન્યતા આપવા અંગેના નીચેના સૂચન ઉપર વિચારણા કરી ખેતીવાડીની અભ્યાસસમિતિની તા. ૪-૯-૧૯૬૫ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"ગુજરાત યુનિવર્સિટીમાં ખેતીવાડી ફૅકલ્ટીમાં આવેલી ખેતીવાડી કૉલેજમાં અનુસ્નાતક કક્ષાના વિષયો માટે ખાસ શિક્ષકગણ નીમવામાં આવેલ નથી તેથી લાયકાત ધરાવતા કર્મચારીઓ શિક્ષણનું કાર્ય કરતા કર્મચારીઓની નામાવલિમાં નથી હોતા, પરંતુ આવી લાયકાત ધરાવનાર કર્મચારીઓ સંશોધનના કામમાં રોકાયેલા હોય છે અને અનુસ્નાતક તાલીમ તાજેતરમાં શરૂ કરવાનું લક્ષમાં લઈને સંશોધન કાર્યમાં રોકાયેલા તથા અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક થવાની લાયકાત ધરાવનારા કર્મચારીઓને માન્યતા આપવા માટે સંશોધન તથા શિક્ષણનો અનુભવ (એટલે કે દર સંશોધનનું એક વર્ષ શિક્ષણના એક વર્ષના હિસાબે। સરખો જ ગણીને યુનિવર્સિટી ધારા ઑ. ૬૫–એમમાં યોગ્ય સુધારો કરવાની જરૂર છે."

અભ્યાસસમિતિની ભલામણ

"ડૉ. આર. એમ. પટેલના સૂચન ઉપર વિચારણા કરી આ સભા બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગને નીચે મુજબ ભલામણ કરે છે :

"As there is a paucity of qualified post-graduate teachers in the Faculty of Agriculture it is recommended that number of

year of research experience should be considered equivalent to the number of year of teaching experience for giving recognition to a post-graduate teacher under O. 65–M."

આથી ઠરાવવામાં આવે છે કે, ખેતીવાડી ક્ષેત્રમાં સંશોધન કાર્યમાં રોકાયેલા કર્મચારીઓને તેમના સંશોધનના એક વર્ષ બરાબર શિક્ષણના એક વર્ષ બરાબર ગણવા અને તે મુજબ ઑર્ડિ. ૬૫–એમમાં સુધારો કરી તેવા કર્મચારીઓને માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા આપવાની ખેતીવાડી અભ્યાસસમિતિની ભલામણ સ્વીકારી શકાય નહિ એમ સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૨. ઑર્ડિ. ૬૫–એફ માં અનુસ્નાતક કે સ્નાતક પદવી પાસ વર્ગમાં ધરાવનારને માન્યતા આપવાનો હાલમાં પ્રબંધ નથી. તો તેવો પ્રબંધ કરવો કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

અને

૧૪. સ્નાતક કક્ષાએ બીજો વર્ગ ધરાવતા અનુસ્નાતક કક્ષાએ પાસ વર્ગ ધરાવતા હોય તેવા સંલગ્ન કૉલેજોમાં કામ કરતા શિક્ષકો જેમનો ઓછામાં ઓછો પાંચ વર્ષનો સ્નાતક કક્ષાએ શૈક્ષણિક અનુભવ હોય તેમને માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા આપવાના એમ.પી. શાહ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, સુરેન્દ્રનગરના આચાર્યની વિનંતી પરત્વે વિચારણા કરવા બાબત.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે, વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓમાં શિક્ષકોને હાલમાં જે નિયમો પ્રમાણે માન્ય અનુસ્નાતક શિક્ષક અગર મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા આપવામાં આવે છે તે નિયમોમાં વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યના નવા અભ્યાસક્રમને અનુલક્ષીને લાયકાતનાં ધોરણોમાં ફેરફાર સૂચવવા અંગે નીચેના સભ્યોની એક સમિતિ નીમવા સિન્ડિકેટને ભલામણ કરવી:

૧. શ્રી. ય. પ્રા. શુક્લ
૨. શ્રી. એચ. ડી. નોરોન્હા
૩. શ્રી. આર. ડી. દેસાઈ
૪. શ્રી. પી. એચ. પ્રભુ
૫. શ્રી. એ. આર. દેસાઈ.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે, સદરહુ બેઉ બાબતો પણ, ઉપર (૧)માં જણાવેલ સમિતિની ભલામણ માટે રજૂ કરવી.

૧૩. ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટના ભૂગોળના વિષયના સીનિયર લેક્ચરર શ્રી. આઈ. યુ. દવેને એમ.એ. પદવી ભૂગોળના વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા આપવાના પ્રશ્ન પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપર બાબત નં. ૧૨ અને ૧૪માં નીમેલી સમિતિનો અહેવાલ

સ્વીકારાયેથી શ્રી. આઈ. યુ. દવેને એમ.એ. પદવી ભૂગોળના વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા આપવાનો પ્રશ્ન વિચારવો, એમ સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૫. તબીબી વિદ્યાશાખાની કૉલેજ/સંસ્થા જ્યાં ખંડ સમયના કે ઑનરરી શિક્ષક તરીકે કામ કરતા હોય તેવા શિક્ષકો માન્ય અનુસ્નાતક શિક્ષક કે મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા મેળવવા અરજી કરે તો તેવા શિક્ષકોને માન્યતા આપવાના પ્રશ્ન પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, તબીબી વિદ્યાશાખામાં ખંડ સમયના કે ઑનરરી શિક્ષકને માન્ય અનુસ્નાતક શિક્ષક કે મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા આપવામાં આવે છે તે પ્રથામાં ફેરફાર કરવાની જરૂર નથી, એમ સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૬. તબીબી વિદ્યાશાખાનાં અનુસ્નાતક કેન્દ્રો અંગે નીચેની બાબતો પરત્વે વિચારણા કરવા બાબત:

(૧) બીજી વિદ્યાશાખાના વિષયોમાં અનુસ્નાતક કેન્દ્ર સ્થાપતી વખતે ઑર્ડિ. ૬૫-પી (૪) (૨) અનુસાર તે વિષય અને પદવીમાં માન્યતા ધરાવતા હોય તેવા પૂરા સમયના શિક્ષકો તે કૉલેજ/સંસ્થાના સ્ટાફ પર સ્થાનિક શિક્ષકગણ તરીકે હોવા આવશ્યક ગણવામાં આવ્યા છે, તેમ આ વિદ્યાશાખામાંના જે તે પદવી અને ડિપ્લોમાના વિષયોનાં અનુસ્નાતક કેન્દ્રોને માટે આવશ્યક ગણવા કે કેમ?

(૨) પ્રત્યેક વિષયના અનુસ્નાતક અને મદદનીશ અનુસ્નાતક શિક્ષકોને માન્યતા આપવા અંગે કોઈ મર્યાદા રાખવી કે કેમ?

(૩) પૂર્વસ્નાતક શિક્ષણકાર્ય કરતા ન હોય તેવા શિક્ષકોને પણ માન્યતા આપવી કે કેમ?

આથી ઠરાવવામાં આવે છે કે, તબીબી વિદ્યાશાખાના વિષયોમાં જે તે વિષય અને પદવી કે ડિપ્લોમાના અભ્યાસક્રમ માટે અનુસ્નાતક કેન્દ્ર સ્થાપતી વખતે સ્થાનિક શિક્ષકગણ જે રીતે હાલમાં ગણવામાં આવે છે તે રીતે ગણવો અને તેમાં ફેરફાર કરવાની જરૂર જણાતી નથી, એમ સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૭. એમ.એસસી. પદવીના નવા અભ્યાસક્રમને અનુલક્ષીને તા. ૨૩, ૨૪ અને ૨૫ જુલાઈ ૧૯૬૬ના રોજ યોજવામાં આવેલા રસાયણવિજ્ઞાન વિષયના પરિસંવાદમાં થયેલી નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત:

(1) A post-graduate teacher (including Assistants) in Inorganic or Physical Chemistry be permitted to teach in the other branch (Physical or Inorganic).

(2) A post-graduate teacher (including Assistants) who is recognised for a branch other than his special branch may be additionally allowed to teach his special branch also. For example, a

teacher *A*, who has taken his M.Sc. or Ph.D. Degree in Organic Chemistry and has been recognised as a post-graduate teacher in Inorganic Chemistry (there are a number of such cases) may now be permitted to teach additionally Organic Chemistry at M.Sc. (Previous).

(3) A post-graduate teacher or the assistant be permitted to visit any centre for teaching at M.Sc. (Previous). The rule regarding present zonal system may be deleted for teaching at M.Sc. (Previous).

આથી ઠરાવવામાં આવે છે કે, એમ.એસસી. પદવી રસાયણવિજ્ઞાનના પરિસંવાદમાં થયેલી ભલામણોમાંથી નીચેની ભલામણ નં. ૧ મંજૂર કરવા અને બાકીની ભલામણ નં. ૨ અને ૩ નામંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(1) A post-graduate teacher (including Assistants) in Inorganic or Physical Chemistry be permitted to teach in the other branch (Physical or Inorganic).

(2) A post-graduate teacher (including Assistants) who is recognised for a branch other than his special branch may be additionally allowed to teach his special branch also. For example, a teacher *A*, who has taken his M.Sc. or Ph.D. degree in Organic Chemistry and has been recognised as a post-graduate teacher in Inorganic Chemistry (there are a number of such cases) may now be permitted to teach additionally Organic Chemistry at M.Sc. (Previous).

(3) A post-graduate teacher or the assistant be permitted to visit any centre for teaching at M.Sc. (Previous). The rule regarding present zonal system may be deleted for teaching at M.Sc. (Previous).

ઉપરની ભલામણ નં. ૧ના સંદર્ભમાં ઑર્ડિ. ૬૫-એફ (શિક્ષક માટે) તથા ઑર્ડિ. ૬૫-એમ (અધ્યાપન માટે) હેઠળ, નીચે મુજબની નોંધ ઉમેરવી :

ઑ. ૬૫-એફની નીચે નોંધ :

Notwithstanding anything contained in the above rules, a teacher who has been recognised as a post-graduate teacher either in Inorganic Chemistry or Physical Chemistry will also be recognised as a post-graduate teacher in the branches of Physical Chemistry and Inorganic Chemistry respectively.

ઑ. ૬૫-એમની નીચે નોંધ :

Notwithstanding anything contained in the above rules, a teacher who has been recognised as an Assistant to a post-graduate teacher either in Inorganic or Physical Chemistry will also be recognised as an Assistant to a post-graduate teacher in the branches of Physical Chemistry and Inorganic Chemistry respectively.

૧૮. સેનેટની તા. ૧૦/૧૧/૧૨-૩-૧૯૬૫ના રોજ મળેલ વાર્ષિક સભામાં થયેલ કેટલાંક સૂચનો પરત્વે વિચારણા કરી હેવાલ રજૂ કરવા માટે સિન્ડિકેટે તેની તા. ૩/૪-૭-૧૯૬૫ની સભામાં નીમેલી સમિતિએ તૈયાર કરેલ હેવાલ સિન્ડિકેટે તેની તા. ૧૮/૧૯-૧૨-૧૯૬૫ની સભાના ઠરાવથી મજકૂર બોર્ડની વિચારણા માટે મોકલેલો હોઈ તે તથા સિન્ડિકેટની તા. ૩-૪-૧૯૬૫ની સભાના નીચેના ઠરાવ પરત્વે વિચારણા કરવા બાબત.

"અમદાવાદમાં વિદ્યાભવનો ઉપરાંત બીજી કોઈ કૉલેજ કે સંસ્થામાં અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવાનો પ્રશ્ન બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગને અભિપ્રાય માટે મોકલી આપવો."

આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટે તેની તા. ૩/૪-૭-૧૯૬૫ની સભામાં નીમેલી સમિતિએ તૈયાર કરેલા અહેવાલમાં જણાવેલી ભલામણો સાથે આ બોર્ડ સામાન્ય રીતે સહમત છે એમ સિન્ડિકેટને જણાવવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિએ કરેલી ભલામણો ઉપરથી જ્યાં જરૂર જણાય ત્યાં દા.ત., એપ્રુવ્ડ ઇન્સ્ટિટ્યૂશન અનુસ્નાતક કક્ષાએ વિદ્યાર્થીઓના પ્રવેશ અંગે તેમ જ લેબોરેટરી સુપરવિઝન વગેરે અંગે જરૂરી ધારાધોરણ ઘડવા માટે નીચેના સભ્યોની એક સમિતિ નીમવા સિન્ડિકેટને ભલામણ કરવી :

સભ્યોનાં નામ :

(૧) શ્રી. પી. એચ પ્રભુ
(૨) શ્રી. એસ. આર. ભટ્ટ
(૩) શ્રી. ડી. એન. પાઠક
(૪) શ્રી. જે. જે. ચિનોય
(૫) શ્રી. એચ. ડી. નોરોન્હા
(૬) શ્રી. આર. ડી. દેસાઈ
(૭) શ્રી. એમ. સી. દેસાઈ
(૮) શ્રી. એ. આર. દેસાઈ.

૧૯. એક ઝોનમાં વધુમાં વધુ ત્રણ અનુસ્નાતક કેન્દ્રો સ્થાપી શકાય તેવી જોગવાઈ ઑર્ડિ. ૬૫-એસમાં છેલ્લી લીટીથી કરવામાં આવી છે તે રદ કરવા માટે વી. એસ. પટેલ કૉલેજ ઑફ આર્ટ્સ એન્ડ સાયન્સ, બીલીમોરાના આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબતની વિચારણા મુલતવી રાખવી.

૨૦. એમ.કૉમ. પદવીના નવા અભ્યાસક્રમમાં કેટલાક નવા વિષયો દાખલ કરવામાં આવ્યા હોવાથી તે વિષયોનું શિક્ષણ જૂના નિયમો મુજબ તે તે વિષયોમાં માન્યતા ધરાવતા શિક્ષકો દ્વારા કેવી રીતે આપવાનો પ્રબંધ કરવો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, એમ.કૉમ. પદવીના નવા અભ્યાસક્રમના વિષયોનું શિક્ષણ જૂના નિયમો મુજબ તે તે વિષયોમાં માન્યતા ધરાવતા શિક્ષકો દ્વારા કેવી રીતે કરવું તે અંગે વાણિજ્યની વિદ્યાશાખાના ડીનનું સૂચન સ્વીકારવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(ડીનના સૂચન મુજબ જૂના વિષયોને આધારે શિક્ષક નવા અભ્યાસક્રમ મુજબ જે વિષયો શીખવી શકશે તેનું તારણ આ સાથે **પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે.)

૨૧. એમ.એ., એમ.એસસી. તથા એમ.કૉમ. પદવીનો અભ્યાસ કરતા વિદ્યાર્થી જે તે પદવી માટે નામ રજિસ્ટર કરાવ્યા બાદ ચાર વર્ષની મુદતમાં પદવી પરીક્ષા પસાર ન કરે તો તેવા વિદ્યાર્થીઓએ તેમનું નામ નવેસરથી અરજી કરીને રજિસ્ટ્રેશન ફી આપી ફરીથી રજિસ્ટર કરવાના કાર્યાલયના સૂચન અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબતની વિચારણા મુલતવી રાખવી.

૨૨. જે અનુસ્નાતક અભ્યાસક્રમોમાં ડિઝર્ટેશન તૈયાર કરવાનાં હોય ત્યાં તે તૈયાર કરાવનાર શિક્ષકને તેમનાં વ્યાખ્યાનો માટે મળતા મહેનતાણા ઉપરાંત પ્રત્યેક ડિઝર્ટેશન દીઠ રૂા. ૧૦૦ અને વધુમાં વધુ રૂા. ૩૦૦ પ્રત્યેક વર્ષે આપવા એ મુજબની બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની ભલામણ સિન્ડિકેટે મંજૂર રાખી હોવાથી એમ.એ., એમ.એસસી. તથા તબીબી વિદ્યાશાખાની પદવીના કેટલાક વિષયોમાં એસે-ડિઝર્ટેશન વિદ્યાર્થીએ રજૂ કરવાની જોગવાઈ હોવાથી તે અંગેના તે તે પદવીમાં નવા રેગ્યુલેશનો ઉમેરવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબતની વિચારણા મુલતવી રાખવી.

૨૩. સેનેટની તા. ૧૫/૧૬-૧૦-૧૯૬૫ની સભામાં સ્ટે. ૧૨૧-આઈ ૨૬ કરવા અંગેની બાબત પર શ્રી. એ. આર. દેસાઈનો નીચેનો સુધારો વધુમતે પસાર થયો હોવાથી તે અંગે આ સભાએ અભિપ્રાય આપવા બાબત :

"શ્રી. મગનભાઈના ઠરાવમાં નીચે પ્રમાણે સુધારા સૂચવું છું :

નીચેના શબ્દો કાઢી નાખો :

"મંજૂર કરવામાં આવે" અને તેને બદલે નીચેના શબ્દો ઠરાવમાં ઉમેરો :

"પરત્વે બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ અને ઍકેડેમિક કાઉન્સિલ બન્નેના અભિપ્રાયો મેળવવા આ સેનેટ ઠરાવે છે."

આમ થતાં ઠરાવ નીચે પ્રમાણે વંચાશે :

"ઉપર જણાવેલ સ્ટે. ૧૨૧-આઈ ૨૬ કરવાની સિન્ડિકેટની ભલામણ પરત્વે બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ અને ઍકેડેમિક કાઉન્સિલ બન્નેના અભિપ્રાયો મેળવવા આ સેનેટ ઠરાવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબતની વિચારણા મુલતવી રાખવી.

૨૪. યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજોમાં કામ કરતા શિક્ષકોને તેમના પીએચ.ડી. પદવીના સંશોધન કાર્યમાં જો પ્રાયોગિક કામ આવતું હોય તો સુધારેલા ઑર્ડિ. ૩૧૪ અનુસાર તેમના માર્ગદર્શક જ્યાં રહેતા હોય ત્યાં રહ્યા વગર કામ કરવામાંથી કોઈ પણ પ્રકારની છૂટછાટ આપવામાં આવી ન હોવાથી અગાઉ શિક્ષકોને માટે ઘડવામાં આવેલા ઑર્ડિ. ૩૨૪-એ રદ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબતની વિચારણા મુલતવી રાખવી.

૨૫. એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદમાં સ્થાપવામાં આવેલ એમ.કૉમ. પદવીના અનુસ્નાતક કેન્દ્રની વર્ષ ૧૯૬૫-૬૬ની કુલ બચત રૂા. ૨૦,૩૧૮માંથી રૂા. ૬,૦૦૦ની કિંમતનાં પુસ્તકો ખરીદવાની તે કૉલેજના આચાર્યની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબતની વિચારણા મુલતવી રાખવી.

૨૬. સાર્વજનિક કૉલેજ ઑફ સાયન્સ, સુરતમાં સ્થાપવામાં આવેલા એમ.એસસી. પદવીનાં અનુસ્નાતક કેન્દ્રોની બચતમાંથી અત્યાર સુધીમાં કૉલેજે યુનિવર્સિટીમાં જમા કરાવેલ રકમ રૂા. ૧૯,૦૦૦માંથી રૂા. ૧૨,૫૦૦ની કિંમતનાં વૈજ્ઞાનિક સાધનો ખરીદવાની તે કૉલેજના આચાર્યશ્રીની વિનંતી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબતની વિચારણા મુલતવી રાખવી.

૨૭. બહાઉદ્દીન કૉલેજ, જૂનાગઢમાં સ્થાપવામાં આવેલ એમ.એ. પદવીના અનુસ્નાતક કેન્દ્રની વર્ષ ૧૯૬૪-૬૫ની બચત રૂા. ૫,૦૦૦માંથી તેટલી જ રકમનાં નીચે જણાવ્યા પ્રમાણે પુસ્તકો ખરીદવાની તે કૉલેજના આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત:

૧.	ઇતિહાસ જૂથ	રૂા. ૨,૦૦૦
૨.	સંસ્કૃત	રૂા. ૧,૦૦૦
૩.	હિંદી	રૂા. ૨,૦૦૦
		કુલ રૂા. ૫,૦૦૦

આથી ઠરાવવામાં આવે છે કે, બહાઉદ્દીન કૉલેજ, જૂનાગઢમાં સ્થાપવામાં આવેલા એમ.એ. પદવીના વિષયોનાં અનુસ્નાતક કેન્દ્રોની વર્ષ ૧૯૬૪-૬૫ની બચત રૂા. ૫,૦૦૦માંથી નીચે જણાવ્યા મુજબનાં ફોડવાર પુસ્તકો ખરીદવાની તે કૉલેજના આચાર્યશ્રીની વિનંતી સ્વીકારવા સિન્ડિકેટને ભલામણ કરવી:

૧.	ઇતિહાસ જૂથ	રૂા. ૨,૦૦૦
૨.	સંસ્કૃત	રૂા. ૧,૦૦૦
૩.	હિંદી	રૂા. ૨,૦૦૦
		કુલ રૂા. ૫,૦૦૦

૨૮. શેઠ. બી. જે. ઇન્સ્ટિટ્યૂટ ઑફ લર્નિંગ ઍન્ડ રિસર્ચ, અમદાવાદ-૯માં સ્થાપવામાં આવેલ અનુસ્નાતક કેન્દ્રમાં ૧૯૬૫-૬૬ના વર્ષમાં આવેલ રૂા. ૨૨૫-૫૦ પૈસાની ખાધ ભરપાઈ કરી આપવા અંગે વિચારણા કરવા બાબત.

અનુ. કેન્દ્રની કુલ આવક	અનુ. કેન્દ્રની કુલ જાવક	ખાધ
રૂા. ૧,૨૩૭-૫૦	રૂા ૧,૪૬૩-૦૦	રૂા. ૨૨૫-૫૦.

આથી ઠરાવવામાં આવે છે કે, શેઠ બી. જે. ઇન્સ્ટિટ્યૂટ ઑફ લર્નિંગ ઍન્ડ રિસર્ચ, અમદાવાદમાં સ્થાપવામાં આવેલા અનુસ્નાતક કેન્દ્રમાં ૧૯૬૫-૬૬ના વર્ષ દરમિયાન આવેલી રૂા. ૨૨૫-૫૦ પૈસાની ખોટ ભરપાઈ કરી આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૨૯. અટિરા, અમદાવાદમાંથી પીએચ.ડી. પદવી માટે નોંધાયેલ વિદ્યાર્થીઓ સર્વશ્રી એલ. એસ. રાવ તથા આર. જયરામને તેમના માર્ગદર્શક શિક્ષક ડૉ. એસ. આર. એસ. આયર જેઓ હાલમાં મુંબઈ યુનિવર્સિટીમાં જોડાયા હોઈ, તેમનું માર્ગદર્શન ચાલુ રાખવા માટેની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, અટિરા, અમદાવાદમાંથી પીએચ.ડી. પદવી રસાયણશાસ્ત્ર વિષયમાં નોંધાયેલા શ્રી. એલ. એસ. રાવ તથા શ્રી. આર. જયરામને તેમના માર્ગદર્શક શિક્ષક ડૉ. એસ. આર. એલ. આયર જેઓ મુંબઈ યુનિવર્સિટીમાં જોડાયા છે તેમના માર્ગદર્શન હેઠળ તેમનું સંશોધન કાર્ય પૂરું કરવા દેવાની તેમની વિનંતી સ્વીકારવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૩૦. સિન્ડિકેટની તા. ૪/૫-૬-૧૯૬૬ની સભાના ઠરાવ અનુસાર મનોવિજ્ઞાન વિદ્યાભવનના ત્રિવાર્ષિક તપાસસમિતિના તા. ૨૨-૪-૧૯૬૬ના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબતની વિચારણા મુલતવી રાખવી.

૩૧. સિન્ડિકેટની તા. ૪/૫-૬-૧૯૬૬ની સભાના ઠરાવ અનુસાર સમાજ વિદ્યાભવનના ત્રિવાર્ષિક તપાસસમિતિના તા. ૧૮-૪-૧૯૬૬ના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબતની વિચારણા મુલતવી રાખવી.

૩૨. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૨૫-૪-૧૯૬૬ની સભાના ઠરાવથી ઉપકુલપતિશ્રીને આપેલ સત્તા અનુસાર નીચે જણાવેલ કૉલેજ/સંસ્થામાં તેનાં નામ સામે જણાવેલ પદવી અને વિષયમાં અનુસ્નાતક કેન્દ્રો આખ્યાન. ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત :

ક્રમાંક	કૉલેજ/સંસ્થાનું નામ	પદવી	વિષય
૧.	બહાઉદ્દીન કૉલેજ, જૂનાગઢ	એમ.એ.	હિન્દી
૨.	ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ ઍન્ડ એ. એમ. પી. લૉ કૉલેજ, રાજકોટ	એમ.એ.	અર્થશાસ્ત્ર-સમાજશાસ્ત્ર (જૂથ "સી"-"ડી")

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબતની વિચારણા મુલતવી રાખવી.

૩૩. બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદમાં સ્થાપવામાં આવેલ ડી. વી. ઍન્ડ ડી. વિષયના અનુસ્નાતક કેન્દ્રમાં નિયમ પ્રમાણે પૂરતો સ્થાનિક શિક્ષકગણ ન હોવાને લીધે તે કેન્દ્ર બંધ કરવામાં આવ્યું છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબતની વિચારણા મુલતવી રાખવી.

૩૪. સાથેની યાદીમાં દર્શાવેલ શિક્ષકોની તેમનાં નામ સામે જણાવેલ વિષય અને પદવી માટેના માન્ય અનુસ્નાતક શિક્ષક-મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા તેમનાં નામ સામે જણાવેલ કૉલેજ/સંસ્થામાં બદલી આપ્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબતની વિચારણા મુલતવી રાખવી.

૩૫. આર. જી. ટીચર્સ કૉલેજ, પોરબંદરના પ્રાધ્યાપક શ્રી. એમ. ડી. વૈષ્ણવની એમ.એડ. પદવી એજ્યુકેશન વિષયની માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા ફરીથી ચાલુ કરી આપ્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબતની વિચારણા મુલતવી રાખવી.

૩૬. એમ.એસસી. પદવી-પાર્ટ ૨ના નવા અભ્યાસક્રમ મુજબ રસાયણશાસ્ત્ર વિષયમાં (૧) ઑર્ગેનિક કેમિસ્ટ્રી, (૨) ઇનઑર્ગેનિક કેમિસ્ટ્રી, તથા (૩) ફિઝિકલ કેમિસ્ટ્રી—એમ ત્રણ પેપરો શીખવવાના થતા હોવાથી સદરહુ વિષયના અનુસ્નાતક કેન્દ્રને માટે જરૂરી સ્થાનિક સ્ટાફ માટે જે ધોરણ ઑર્ડિ. ૬૫-બી-૪-૨ મુજબ નક્કી કર્યું છે તેમાં ફેરફાર કરવા અંગે બી. બી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સના પ્રો. ડી. એમ. દેસાઈ તરફથી આવેલા પત્રો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબતની વિચારણા મુલતવી રાખવી.

૩૭. વિજ્ઞાન વિદ્યાભવનનાં વિદ્યાર્થિની શ્રીમતી એસ. એસ. દેરાસરી જેઓ કેમિસ્ટ્રી વિષયમાં ડૉ. કે. એ. ઠાકરના હાથ નીચે પીએચ.ડી. પદવી માટે રજિસ્ટર થયાં હતાં તેમને પ્રિ. જે. જે. ત્રિવેદી, બી. સી. જલુંધવાળા સાયન્સ કૉલેજ, ખંભાતના હાથ નીચે રજિસ્ટ્રેશન બદલી આપવા તથા બાકીનું તેમનું સંશોધન કાર્ય યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનમાં ચાલુ રાખવાની તેમની વિનંતી અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણશાસ્ત્રના રીડર ડૉ. કે. એ. ઠાકરના હાથ હેઠળ પીએચ.ડી. પદવી માટે નોંધાયેલાં શ્રીમતી એસ. એસ. દેરાસરીને ખંભાતની બી. સી. જલુંધવાળા સાયન્સ કૉલેજના આચાર્ય ડૉ. જે. જે. ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ તેમનું રજિસ્ટ્રેશન બદલી આપવાની વિનંતી સ્વીકારવી નહિ, અને તેમને જણાવવું કે તેઓ તેમના વિષયમાં માન્યતા ધરાવતા હોય એવા સ્થાનિક શિક્ષકના માર્ગદર્શન હેઠળ કામ કરી શકે છે. એમ હોય તો તેમને તેમ કરવા પરવાનગી આપવી.

૩૮. એમ. એન. કૉલેજ, વીસનગરના આચાર્યશ્રી તરફથી તેમને ત્યાં સ્થાપવામાં આવેલાં અનુસ્નાતક કેન્દ્રોની રૂા. ૨૦,૦૦૦ની બચત જે યુનિવર્સિટીમાં જમા કરાવી છે તેમાંથી

રૂા. ૧૫,૦૦૦ની કિંમતનાં રસાયણશાસ્ત્રનાં સાધનો ખરીદવા માટે આવેલ માગણી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબતની વિચારણા મુલતવી રાખવી.

૩૯. શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન એન્ડ રિસર્ચ, અમદાવાદમાં ડિપ્લોમા ઇન પેડિયાટ્રિક્સ (ડી.પેડ.) વિષયમાં અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા બાબતમાં સિન્ડિકેટે નીમેલી સ્થાનિક તપાસસમિતિના અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન એન્ડ રિસર્ચ, અમદાવાદમાં ડિપ્લોમા ઇન પેડિયાટ્રિક્સ (ડી.પેડ.) વિષયનું અનુસ્નાતક કેન્દ્ર નવેંબર ૧૯૬૬થી સ્થાપવાની પરવાનગી આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૪૦. માસ્ટર ઑફ ડેન્ટલ સર્જરીના શિક્ષણ માટે નીચેની બાબત પરત્વે વિચારણા કરવા બાબત :

એમ.ડી.એસ.ના વિષયમાં શિક્ષકોને માન્યતા માટે લાયકાતનાં ધોરણો નિયત કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે માસ્ટર ઑફ ડેન્ટલ સર્જરી (એમ.ડી.એસ.)ના વિષયોમાં શિક્ષકોને માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા આપવા નીચે મુજબનો નિયમ રાખવા તથા તેને ઑર્ડિ. ૬૫-કે તરીકે રાખવા સિન્ડિકેટને ભલામણ કરવી.

O. 65-K (b) :

Teachers to be recognised for the M D.S. Degree must have a post-graduate qualification and three years' experience of teaching to undergraduate classes as a Professor, Assistant Professor or Senior Lecturer in a recognised Dental College and/or published research work in a recognised Journal.

૪૧. (૧) જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદમાં સ્થાપવામાં આવેલ અનુસ્નાતક કેન્દ્ર ગણિત વિષયના વર્ષ ૧૯૬૬-૬૭ની અંદાજી બચત રૂા. ૫,૭૫૦માંથી રૂા. ૨,૮૦૦ની કિંમતનાં પુસ્તકો ખરીદવાની પરવાનગી આપ્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી તથા

(૨) એમ.એસસી. પદવી રસાયણશાસ્ત્ર અને ભૌતિકશાસ્ત્રનાં અનુસ્નાતક કેન્દ્રો માટે અનુક્રમે રૂા. ૭,૭૮૫ અને રૂા. ૫,૦૨૦નાં પુસ્તકો વર્ષ ૧૯૬૫-૬૬ અને ૧૯૬૬-૬૭ની અંદાજી બચતમાંથી ખરીદ કરવાની આચાર્યશ્રીની માગણી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબતની વિચારણા મુલતવી રાખવી.

૪૨. ગુજરાત યુનિવર્સિટી ભાષા-સાહિત્ય ભવનના ત્રિવાર્ષિક તપાસ અંગેના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

સિન્ડિકેટની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ અહેવાલ ઍકેડેમિક કાઉન્સિલની તથા બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની વિચારણા માટે મોકલવો."

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબતની વિચારણા મુલતવી રાખવી.

૪૩. શ્રી. નર્મદભાઈ જે. ત્રિવેદી, અંગ્રેજી વિષયના સીનિયર લેક્ચરર, એમ. જે. કૉલેજ ઑફ કૉમર્સ, ભાવનગર તરફથી તેમને એમ.એ. પદવી અંગ્રેજી વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા આપવા માટે આવેલી અરજી પર વિચારણા કરવા બાબત.

શૈક્ષણિક લાયકાત	શૈક્ષણિક અનુભવ	કૉલેજનું નામ
બી.એ. (મુંબઈ), પાસ વર્ગ, અંગ્રેજી, ગુજરાતી, ૧૯૩૬ એમ.એ. (મુંબઈ), પાસ વર્ગ, અંગ્રેજી, ગુજરાતી, ૧૯૩૮	૧૭ વર્ષ જેટલો	સામળદાસ કૉલેજ, ભાવનગર, અને એમ. જે. કૉલેજ ઑફ કૉમર્સ, ભાવનગર

(નોંધ.—શ્રી. ત્રિવેદી બી.એ. પદવી પાસ વર્ગમાં તથા એમ.એ. પદવી પાસ વર્ગમાં ધરાવે છે. શૈક્ષણિક અનુભવ ૧૭ વર્ષનો ધરાવે છે. કેટલુંક પ્રકાશનકાર્ય પણ તેમણે કર્યું છે. ઑર્ડિ. ૬૫-એમ-૧(સી) અનુસાર સ્નાતક પદવી બીજા વર્ગમાં ધરાવતા નથી, પરંતુ તેમનું પ્રકાશનકાર્ય રેકગ્નાઇઝ્ડ મેરિટ્સનું ગણવામાં આવે તો/અને લાંબો અનુભવ ધ્યાનમાં લેવામાં આવે તો માન્યતાને પાત્ર બની શકે.)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબતની વિચારણા મુલતવી રાખવી.

૪૪. શ્રી. બી. જે. પંડ્યા, અંગ્રેજી વિભાગના વડા અને પ્રોફેસર, સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદ તરફથી તેમને એમ.એ. પદવી અંગ્રેજી વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા આપવા માટે આવેલી અરજી પરત્વે વિચારણા કરવા બાબત.

શૈક્ષણિક લાયકાત	શૈક્ષણિક અનુભવ	કૉલેજનું નામ
બી.એ. (મુંબઈ), બીજો વર્ગ, અંગ્રેજી, ગુજરાતી, ૧૯૪૯ એમ.એ. (ગુજરાત), પાસ વર્ગ, અંગ્રેજી, ગુજરાતી, ૧૯૫૩	૧૦ વર્ષ	જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ એન્ડ સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદ

(નોંધ.—શ્રી. બી. જે. પંડ્યા બી.એ. પદવી બીજા વર્ગમાં તથા એમ.એ. પદવી પાસ વર્ગમાં ધરાવે છે. શૈક્ષણિક અનુભવ ૧૦ વર્ષનો ધરાવે છે. એક પુસ્તક "સામાન્ય જ્ઞાન પરિચય" (એ ટેક્સ્ટ બુક ઑફ જનરલ એજ્યુકેશન)નું પ્રકાશન કાર્ય કરેલ છે. સ્વીકૃત ગુણવત્તાના ધોરણવાળું પ્રકાશન હોય તો ઑર્ડિ. ૬૫-એમ(સી) અનુસાર માન્યતાને પાત્ર ગણી શકાય.)

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબતની વિચારણા મુલતવી રાખવી.

૪૫. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની ભલામણ અનુસાર સિન્ડિકેટે આપેલી સત્તા અનુસાર નીચેના શિક્ષકને તેમના નામ સામે જણાવેલ વિષય અને પદવી માટે માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા આપ્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત:

શિક્ષકનું નામ	કૉલેજ/સંસ્થા	વિષય	પદવી
ડૉ. એન. કિશનસ્વામી	સેન્ટ્રલ સૉલ્ટ એન્ડ મરીન કેમિકલ્સ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, ભાવનગર	ફિઝિકલ કેમિસ્ટ્રી	પીએચ.ડી.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબતની વિચારણા મુલતવી રાખવી.

૪૬. સેન્ટ્રલ સૉલ્ટ એન્ડ મરીન કેમિકલ્સ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, ભાવનગરના અધ્યક્ષશ્રી તા. ડી. એસ. દ્વારા જેમને બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૭-૨-૧૯૬૪ની ભલામણ અનુસાર ફિઝિકલ અને ફિઝિકલ કેમિસ્ટ્રી વિષયમાં પીએચ.ડી. પદવી માટે માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા આપવામાં આવેલી છે, તેમને રસાયણવિજ્ઞાનના વિષયના મથાળા હેઠળ માન્યતા આપવા માટે તેમની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબતની વિચારણા મુલતવી રાખવી.

૪૭. આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજો/સંસ્થાઓમાં કામ કરતા શિક્ષકોને જુદા જુદા વિષયોમાં માન્ય અનુસ્નાતક શિક્ષકો–મદદનીશ અનુસ્નાતક શિક્ષકો તરીકેની આપેલી માન્યતાની મુદત તા. ૧૪-૬-૧૯૬૭ના રોજ પૂરી થતી હોવાથી તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબતની વિચારણા મુલતવી રાખવી.

ક. ચ. પરીખ
રજિસ્ટ્રાર.

परिशिष्ट "क"

માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકે જૂન ૧૯૬૭ સુધી માન્ય કરવામાં આવેલા શિક્ષકોની યાદી

ક્રમાંક	શિક્ષકનું નામ	કૉલેજ/સંસ્થા	વિષય	પદવી	શિક્ષણ કે સંશોધન
૧.	શ્રી. પારેખ મધુસૂદન હીરાલાલ (એમ.એ., પીએચ.ડી.)	શ્રી. એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	ગુજરાતી	એમ.એ.	શિક્ષણ
૨.	શ્રી. પટેલ જયંતકુમાર પુરુષોત્તમ (એમ.એ., પીએચ.ડી.)	ચૂનીલાલ ગાંધી વિદ્યાભવન, સુરત	,,	,,	,,
૩.	શ્રી. મિસ્ત્રી નવનીતલાલ મકનજી (એમ.એ., બી.ટી.)	એમ. આર. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, રાજપીપળા	,,	,,	,,
૪.	શ્રી. મહેતા રસિકલાલ લાલચંદ (એમ.એ.)	આર. આર. લાલન કૉલેજ, ભૂજ	,,	,,	,,
૫.	શ્રી. મંગળવેઢેકર પ્રભાકર વિનાયક (એમ.એ.)	એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદ	હિંદી	,,	,,
૬.	શ્રી. શુક્લ રામલખન વશિષ્ઠનારાયણ (એમ.એ., પીએચ.ડી.)	ગુજરાત કૉલેજ, અમદાવાદ	,,	,,	,,
૭.	શ્રી. જોષી અરવિંદ ત્રિકમભાઈ (એમ.એ.)	એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	,,	,,	,,
૮.	શ્રી. પટેલ ગૌતમ વાડીલાલ (એમ.એ.)	સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ	સંસ્કૃત	,,	,,
૯.	શ્રી. અગ્નિહોત્રી ઋષિરાજ ચૂનીલાલ (એમ.એ.)	બી. ડી. કૉલેજ, અમદાવાદ	,,	,,	,,
૧૦.	શ્રી. શાસ્ત્રી નરોત્તમ પારેશ્વર (એમ.એ.)	સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	,,	,,	,,
૧૧.	શ્રી. વ્યાસ રામકિશ્ન તુલજારામ (એમ.એ.)	ભવન્સ કૉલેજ, ડાકોર	,,	,,	,,

ક્રમાંક	શિક્ષકનું નામ	કૉલેજ/સંસ્થા	વિષય	પદવી	શિક્ષણ કે સંશોધન
૧૨.	શ્રી. ભટ્ટ બંસીધર પુરુષોત્તમરાય (એમ.એ.)	એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	સંસ્કૃત	એમ.એ.	શિક્ષણ
૧૩.	શ્રી. દવે પરમાનંદ છેલશંકર (એમ.એ., બી.એડ.)	એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	,,	,,	,,
૧૪.	શ્રી. રાવળ રતિલાલ લક્ષ્મીશંકર (એમ.એ., એલએલ.બી.)	સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	ઇતિહાસ જૂથ "એ" અને "બી"	,,	,,
૧૫.	શ્રી. શાહ રજનીકાન્ત કે. (એમ.એ.)	ડી. કે. વી. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, જામનગર	,,	,,	,,
૧૬.	શ્રી. પટેલ બબાભાઈ સોમાભાઈ (એમ.એ.)	સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ	ઇતિહાસ-અર્થશાસ્ત્ર જૂથ "સી" અને "ડી"	,,	,,
૧૭.	શ્રી. પટેલ રામભાઈ છગનલાલ (એમ.એ.)	એસ. વી. કૉમર્સ કૉલેજ, અમદાવાદ	અર્થશાસ્ત્ર જૂથ "સી" અને "ડી"	,,	,,
૧૮.	શ્રી. જોષી વિષ્ણુકુમાર હરગોવિંદ (એમ.એ., પીએચ.ડી.)	વી. એમ. પારેખ કૉમર્સ કૉલેજ, કપડવંજ	અર્થશાસ્ત્ર જૂથ "સી" અને "ડી"	,,	,,
૧૯.	શ્રી. શાહ ચંદ્રકાન્ત રતિલાલ (એમ.એ.)	સરદાર વલ્લભભાઈ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	,,	,,	,,
૨૦.	શ્રી. શેઠ પ્રવીણકુમાર નટવરલાલ (એમ.એ., એલએલ.બી.)	સમાજવિદ્યા ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ	પોલિટિકલ સાયન્સ	,,	,,
૨૧.	શ્રી. ત્રિવેદી નરેન્દ્રપ્રસાદ રતિલાલ (એમ.એડ.)	પ્રકાશ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ	એજ્યુકેશન	એમ.એડ.	,,
૨૨.	શ્રી. ભગતવાલા જમનાદાસ અમૃતલાલ (એમ.એ., પીએચ.ડી.)	સાર્વજનિક કૉલેજ ઑફ એજ્યુકેશન, સુરત	,,	,,	,,
૨૩.	શ્રી. ત્રિવેદી નિરંજનભાઈ ઉપેન્દ્ર શર્મા (એમ.એ., એલએલ.બી., એમ.એડ.)	પ્રકાશ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ	,,	,,	,,

ક્રમાંક	શિક્ષકનું નામ	કૉલેજ/સંસ્થા	વિષય	પદવી	શિક્ષણ કે સંશોધન
૨૪.	શ્રી. પટેલ બાલુભાઈ નરોત્તમભાઈ (એમ.એસસી.)	આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, બારડોલી	ઑર્ગેનિક કેમિસ્ટ્રી	એમ.એસસી.	શિક્ષણ
૨૫.	શ્રી. દેસાઈ ભાસ્કર મણિભાઈ (એમ.એસસી.)	એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ	,,	,,	,,
૨૬.	શ્રી. દેસાઈ મગનલાલ નાગરજી (એમ.એસસી.)	એચ. ઍન્ડ એચ. બી. કોટક ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ, રાજકોટ	ફિઝિકલ કેમિસ્ટ્રી	,,	,,
૨૭.	શ્રી. ઓઝા વસંતરાય ત્र्यંબકરાય (એમ.એસસી., પીએચ.ડી.)	એમ. એન. કૉલેજ, વીસનગર	,,	,,	,,
૨૮.	શ્રી. અડવાણી રામચંદ દીવાલમલ (એમ.એસસી.)	બી. પી. બારિયા સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, નવસારી	,,	,,	,,
૨૯.	શ્રી. ઉદવાડિયા નગીનદાસ નરોત્તમદાસ (એમ.એસસી.)	સાયન્સ કૉલેજ, કડી	બોટાની	,,	,,
૩૦.	કુ. ઝવેરી કૌશિકા ભરતકુમાર (એમ.એ.)	સાર્વજનિક કૉલેજ ઑફ સાયન્સ, સુરત	ગણિતશાસ્ત્ર જૂથ "એ"	એમ.એ. એમ.એસસી.	,,
૩૧.	શ્રી. વોલેસ ચાર્લ્સ ગોન્સાલ્વેઝ (એમ.એ.)	સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ	,,	,,	,,
૩૨.	શ્રી. ત્રિવેદી મહેન્દ્ર ઉમિયાશંકર (એમ.એ.)	સાર્વજનિક કૉલેજ ઑફ સાયન્સ, સુરત	,,	,,	,,
૩૩.	શ્રી. શાહ બંસીલાલ મણિલાલ (એમ.એસસી.)	એમ. એન. કૉલેજ, વીસનગર	ગણિતશાસ્ત્ર જૂથ "બી"	,,	,,
૩૪.	શ્રી. પટેલ ગોરધનભાઈ છગનભાઈ (એમ.એસસી.)	વી. એસ. પટેલ કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ સાયન્સ, બીલીમોરા	સ્ટેટિસ્ટિક્સ	એમ.એ. એમ.એસસી. એમ.કૉમ.	,,
૩૫.	શ્રી. પરીખ અમરીશ જગમોહન (એમ.બી., બી.એસ., એફ.આર.સી.એસ.)	શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન ઍન્ડ રિસર્ચ, અમદાવાદ	જનરલ સર્જરી	એમ.એસ., વા. ૧	,,
૩૬.	શ્રી. પટેલ પુરુષોત્તમ ફૂલાભાઈ (એમ.એસસી.)	શેઠ આર. એ. કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ સાયન્સ, અમદાવાદ	ફિઝિક્સ	એમ.એસસી.	,,
૩૭.	શ્રી. રાલી સુરેશ ગોરધનદાસ (એમ.એ.)	અમદાવાદ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	ગુજરાતી	એમ.એ.	,,

ક્રમાંક	શિક્ષકનું નામ	કૉલેજ/સંસ્થા	વિષય	પદવી	શિક્ષણ કે સંશોધન
૩૮.	શ્રી. રાવલ રજનીકાન્ત પ્રાણુલાલ (એમ.એ.)	એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	હિંદી	એમ.એ.	શિક્ષણ
૩૯.	શ્રી. જૈન મોહનલાલ ભાલચંદ [એમ.ઈ. (મિકે.)]	એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, અમદાવાદ	મિકે.એન્જિ. -ના વિષયો	એમ.ઈ. (મિકે.)	,,
૪૦.	શ્રી. શાહ રાજેન્દ્ર ડાહ્યાભાઈ (બી.કૉમ., એફ.સી.એ.)	શ્રીમતી જી. જે. શેઠ કૉમર્સ કૉલેજ, મોરબી	એકા. ઍન્ડ કૉસ્ટિંગ	એમ.કૉમ.	,,
૪૧.	શ્રી. સુખડિયા ચંપકલાલ ચૂનીલાલ (બી.કૉમ., એફ.સી.એ.)	સર કે. પી. કૉલેજ ઑફ કૉમર્સ, સુરત	એડ. એકા. ઍન્ડ કૉસ્ટ એકા. (૪ પેપર)	,,	,,
૪૨.	શ્રી. ત્રિવેદી વાસુદેવ હરગોવિંદ (એમ.એ., સાહિત્યરત્ન)	સિટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	સંસ્કૃત	,,	,,
૪૩.	શ્રી. દવે વ્રજલાલ નાનજી (એમ.એ.)	સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	ગુજરાતી	,,	,,
૪૪.	શ્રી. બાલકિશ્ન વી. કે. (એમ.એ., એમ.એસ., યુ.એસ.એ.)	એસ. વી. રીજિયોનલ કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, સુરત	ગણિતશાસ્ત્ર જૂથ "એ" અને "બી"	એમ.એ. એમ.એસસી.	,,
૪૫.	શ્રી. ત્રિવેદી પ્રભાશંકર કેશવજી (એમ.એડ.)	આર. જી. ટીચર્સ કૉલેજ, પોરબંદર	એજ્યુકેશન	એમ.એડ.	,,
૪૬.	ડૉ. ચાવડા દલપતસિંહ હમીરસિંહ (એમ.એસ., પીએચ.ડી., યુ.એસ.એ.)	એન. એમ. કૉલેજ ઑફ એગ્રિકલ્ચર, નવસારી	એગ્રોનોમી	એમ.એસસી. (એગ્રિ.)	,,
૪૭.	શ્રી. શાહ ચંદ્રકાન્ત રતિલાલ (એમ.એ.)	એસ. વી. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ	૧. ઇન્ડસ્ટ્રી-ના બે પેપર ૨. ઇન્ડસ્ટ્રી ઍન્ડ લેબર ૩. ટ્રેડ ઍન્ડ ટ્રાન્સપોર્ટ ૪. મોડર્ન ફિનાન્સના	એમ.કૉમ.	,,

ક્રમાંક	શિક્ષકનું નામ	કૉલેજ/સંસ્થા	વિષય	પદવી	શિક્ષણ કે સંશોધન
			બે પેપર (૧) બૅન્કિંગ (૨) ઇન્ટર-નેશનલ ફિનાન્સ		
૪૮.	ડૉ. જસાણી તુલસીદાસ એન. (એમ.ડી., ડી.એસ.,આર.ડી.)	શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન ઍન્ડ રિસર્ચ, અમદાવાદ	રેડિયોલોજી	ડી.એમ.આર.ઈ.	શિક્ષણ
૪૯.	શ્રી. ઝાલા પ્રફુલ્લચંદ્ર ભગવાનદાસ (એમ.એ.)	સામળદાસ આર્ટ્સ કૉલેજ, ભાવનગર	ઇતિહાસ જૂથ "એ"	એમ.એ.	,,
૫૦.	શ્રી. પટેલ રજનીકાન્ત લક્ષ્મણલાલ (એમ.એ.)	સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ	મનોવિજ્ઞાન		,,
૫૧.	શ્રી. કોઠારી ઝવેરીલાલ વિઠ્ઠલરાય (એમ.એ.)	એમ. એન. કૉલેજ, વીસનગર (તેમની તત્ત્વજ્ઞાન વિષયની માન્યતા રદ કરી મનોવિજ્ઞાન વિષયમાં માન્યતા આપવામાં આવી છે.)	,,	,,	,,
૫૨.	ડૉ. પટેલ નવનીતલાલ મનસુખલાલ (એમ.એસ., પીએચ.ડી., યુ.એસ.એ.)	એન. એમ. કૉલેજ ઑફ એગ્રિકલ્ચર, નવસારી	એગ્રોનોમી	એમ.એસસી. (એગ્રિ.)	,,
૫૩.	ડૉ. કામદાર વજલાલ લાલચંદ (ડી.એ.)	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ	એનેસ્થેસિયા	એમ.ડી. (ક્રમ. ૭)	,,
૫૪.	શ્રી. મજીઠિયા સુદર્શનસિંગ (એમ.એ.,પીએચ.ડી.)	ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ ઍન્ડ એ. એમ. પી. લૉ કૉલેજ, રાજકોટ	હિન્દી	એમ.એ.	,,
૫૫.	ડૉ. મહાજન બાલકિશ	એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગર	પ્રિવેન્ટિવ ઍન્ડ સોશિયલ મેડિસિન	એમ.એ. (ક્રમ. ૮)	,,
૫૬.	શ્રી. ચૌધરી રઘુવીર દાલસિંહ (એમ.એ.)	બી. ડી. કૉલેજ, અમદાવાદ	હિંદી	એમ.એ.	,,
૫૭.	ડૉ. શાહ મનુભાઈ પ્રેમચંદ (બી.એસસી., પીએચ.ડી.)	એગ્રિકલ્ચર કૉલેજ, નાગઢજૂ	એગ્રોનોમી	એમ.એસસી. (એગ્રિ.)	,,

ક્રમાંક	શિક્ષકનું નામ	કૉલેજ/સંસ્થા	વિષય	પદવી	શિક્ષણ કે સંશોધન
૫૮.	શ્રી. મહેતા પ્રવીણચંદ્ર માધવલાલ (બી.એસસી., પીએચ.ડી.)	એન. એમ. કૉલેજ ઑફ એગ્રિકલ્ચર, નવસારી	એગ્રિકલ્ચર કેમિસ્ટ્રી	એમ.એસસી. (એગ્રિ.)	શિક્ષણ
૫૯.	શ્રી. ટિપનિસ રવીન્દ્ર ભાલચંદ્ર (એમ.બી.,બી.એસ., એમ.એસ.)	એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગર	ટયુબર-કયુલોસિસ	એમ.એસ.	,,
૬૦.	શ્રી. નાયક પરાગજી હરિભાઈ (એમ.એસસી.)	બી. પી. બારિયા સાયન્સ ઇન્સ્ટિટયૂટ, નવસારી (તેમની ઇનઑર્ગેનિક કેમિસ્ટ્રી વિષયની માન્યતા રદ કરી ઑર્ગેનિક કેમિસ્ટ્રી વિષયમાં માન્યતા આપવામાં આવી.)	ઑર્ગેનિક કેમિસ્ટ્રી	એમ.એસસી.	,,
૬૧.	શ્રી. પાંડે જગન્નાથ રામનારાયણ (એમ.એ., સાહિત્યરત્ન)	એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	હિંદી	એમ.એ.	,,
૬૨.	શ્રી. પંડ્યા દર્પેન્દ્ર જનાર્દન (એમ.એ.)	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, બારડોલી	ઇતિહાસ-અર્થશાસ્ત્ર જૂથ "સી" અને "ડી"	,,	,,

પરિશિષ્ટ "ખ"

અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા આપવા અંગે આવેલ અરજીઓ માન્ય કરવામાં આવી નથી તેવા શિક્ષકોની યાદી

ક્રમાંક	શિક્ષકનું નામ	કૉલેજ/સંસ્થા	વિષય	પદવી
૧.	શ્રી. દવે સુભાષચંદ્ર મણિલાલ, એમ.એ., પીએચ.ડી.	શેઠ પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા	ગુજરાતી	એમ.એ.
૨.	શ્રી. શાહ પીયૂષચંદ્ર રતિલાલ, એમ.એસસી., પીએચ.ડી.	સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ	ઑર્ગેનિક કેમિસ્ટ્રી	એમ.એસસી.
૩.	શ્રી. શાહ ધીરુભાઈ કેશવલાલ, એમ.એસસી.	જે. એમ. શાહ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, જંબુસર	સ્ટેટિસ્ટિક્સ	,,
૪.	શ્રી. નાયક હરગોવિંદ ચંદુલાલ, એમ.એ.	એમ. એન. કૉલેજ, વીસનગર	હિંદી	એમ.એ.
૫.	શ્રી. વકીલ ટુસ રુસ્તમ, એમ.એ.	સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ	અંગ્રેજી	,,
૬.	શ્રી. ભીંડે રત્નસિંહ દયાળજી, એમ.એ.	આર. આર. લાલન કૉલેજ, ભૂજ	ઇતિહાસ જૂથ "એ" અને "સી"	,,
૭.	શ્રી. જોષી સનતકુમાર ત્રિકમજી, એમ.એ.	બી. ડી. કૉલેજ, અમદાવાદ	સોશિયોલોજી	,,
૮.	શ્રી. ભટ્ટ મહેન્દ્રરાય પ્રમોદરાય, એમ.એસસી.	સાર્વજનિક કૉલેજ ઑફ સાયન્સ, સુરત	ફિઝિક્સ	એમ.એસસી.
૯.	શ્રી. દેસાઈ કનુભાઈ ચૂનીભાઈ, એમ.એસસી.	કમાણી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમરેલી	ઇનઑર્ગેનિક કેમિસ્ટ્રી	,,
૧૦.	શ્રી. શાહ ગમનલાલ ત્રિભોવનદાસ, એમ.એ.	સાર્વજનિક કૉલેજ ઑફ સાયન્સ, સુરત	ગણિતશાસ્ત્ર જૂથ "એ"	એમ.એ. એમ.એસસી.
૧૧.	ડૉ. મુનશી અબ્દુલરહેમાન અબ્દુલગની, બી.એસસી., પીએચ.ડી.	સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ	ઑર્ગેનિક કેમિસ્ટ્રી	એમ.એસસી.
૧૨.	શ્રી. શાહ મહેન્દ્ર પરમાનંદદાસ, એમ.એસસી.(એન્ટો.)	એગ્રિકલ્ચર કૉલેજ, જૂનાગઢ	એગ્રિ. એન્ટોમોલોજી	એમ.એસસી. (એગ્રિ.)
૧૩.	શ્રી. નાયક ચીનુભાઈ જગન્નાથ, એમ.એ.	એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	એનિશન્ટ ઇન્ડિયન કલ્ચર	એમ.એ.
૧૪.	શ્રી. દેસાઈ દિલીપકુમાર હકૂમતરાય	જયેન્દ્રપુરી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભરૂચ	મનોવિજ્ઞાન	,,

પરિશિષ્ટ "ગ"

માન્ય અનુસ્નાતક શિક્ષકોના મહદનીશ શિક્ષકોની યાદી

ક્રમાંક	નામ	પદવી	વિષય	કૉલેજ/સંસ્થાનું નામ
૧.	શ્રી. દેસાઈ ડી. સી., એમ.એ.	એમ.એ.	ગુજરાતી	એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ
૨.	શ્રી. પટેલ એસ. વી., એમ.એ.	,,	,,	એસ. વી. કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૩.	શ્રી. પટેલ એન. આર., એમ.એ.	,,	,,	એસ. વી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૪.	શ્રી. પંડ્યા બી. એમ., એમ.એ.	,,	,,	કમાણી સાયન્સ એન્ડ પ્રતાપરાય આર્ટ્સ કૉલેજ, અમરેલી
૫.	શ્રીમતી પટેલ સી. એ., એમ.એ.	,,	,,	એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ
૬.	શ્રી. પરમાર જે. એન., એમ.એ.	,,	,,	ભવન્સ કૉલેજ, ડાકોર
૭.	શ્રી. બારોટ આર. એચ., એમ.એ.	,,	,,	બહાઉદ્દીન કૉલેજ, જૂનાગઢ
૮.	શ્રી. ભટ્ટ આર. એમ., એમ.એ.	,,	,,	એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૯.	શ્રી. પંડ્યા વી. એ., એમ.એ.	,,	,,	એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૧૦.	શ્રી. પટેલ એમ. એચ., એમ.એ.	,,	,,	એસ. જે. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, સિદ્ધપુર
૧૧.	શ્રી. જોષી વી. વી., એમ.એ.	,,	હિન્દી	એમ. એન. કૉલેજ, વીસનગર
૧૨.	શ્રી. પટેલ સી. એફ., એમ.એ.	,,	,,	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ધોળકા
૧૩.	શ્રી. રાવત એસ. એસ., એમ.એ.	,,	,,	સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ
૧૪.	શ્રી. વકીલ એસ. આર., એમ.એ.	,,	,,	સાર્વજનિક કૉલેજ ઑફ સાયન્સ, સુરત

ક્રમાંક	નામ	પદવી	વિષય	કૉલેજ/સંસ્થાનું નામ
૧૫.	શ્રી. પાઠક આર. ડી., એમ.એ.	એમ.એ.	હિન્દી	આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ડભોઈ
૧૬.	શ્રી. જોષી બી. એમ., એમ.એ.	,,	,,	સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૧૭.	શ્રી. દવે એન. પી., એમ.એ.	,,	,,	શારદાપીઠ આર્ટ્સ કૉલેજ, દ્વારકા
૧૮.	શ્રી. સોલંકી જે. સી., એમ.એ.	,,	,,	આઈ. વી. પી. કૉલેજ ઑફ કૉમર્સ, નડિયાદ
૧૯.	શ્રી. ડાયરસા એફ. કે., એમ.એ.	,,	અંગ્રેજી	એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૨૦.	શ્રી. જોષી જે. આર., એમ.એ.	,,	,,	બી. વી. ડી. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૨૧.	શ્રીમતી પંડ્યા કે. એસ., એમ.એ.	,,	,,	એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારી
૨૨.	શ્રી. વૈશ્નવ પી. ડી., એમ.એ.	,,	,,	એમ. વી. મહિલા કૉલેજ, રાજકોટ
૨૩.	શ્રી. દવે આર. સી., એમ.એ.	,,	સંસ્કૃત	વિનયન અને વાણિજ્ય વિદ્યા-નિકેતન, રાજકોટ
૨૪.	શ્રી. શેલત જે. એન., એમ.એ.	,,	,,	સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૨૫.	શ્રી. જોષી એલ. વી., એમ.એ.	,,	,,	પેટલાદ કૉલેજ, પેટલાદ
૨૬.	શ્રી. કાપડિયા એસ. પી., એમ.એ.	,,	,,	એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૨૭.	શ્રી. કીકાણી આઈ. એમ., એમ.એ.	,,	,,	એમ. એન. કૉલેજ, વીસનગર
૨૮.	શ્રી. પરીખ વી. જી., એમ.એ.	,,	,,	કમાણી સાયન્સ ઍન્ડ પ્રતાપરાય આર્ટ્સ કૉલેજ, અમરેલી
૨૯.	શ્રી. ત્રિવેદી એન. બી., એમ.એ.	,,	,,	એમ. બી. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ગોંડલ
૩૦.	શ્રી. પાઠક બી. સી., એમ.એ.	,,	,,	આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ખોલવડ (જિ. સુરત)
૩૧.	શ્રી. મહેતા એ. પી., એમ.એ.	,,	,,	એન. એચ. કૉમર્સ ઍન્ડ એન. કે. એમ. આર્ટ્સ કૉલેજ, વલસાડ

ક્રમાંક	નામ	પદવી	વિષય	કૉલેજ/સંસ્થાનું નામ
૩૨.	શ્રી. પટેલ આર. એન., એમ.એ.	એમ.એ.	સંસ્કૃત	ડી. કે. વી. કૉલેજ, જામનગર
૩૩.	શ્રી. પરીખ આર. એન., એમ.એ.	,,	,,	સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૩૪.	શ્રી. મહેતા વી. આર., એમ.એ.	,,	ઇતિહાસ જૂથ "એ" અને "બી"	સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ
૩૫.	શ્રી. ગાંધી આઈ. એચ., એમ.એ.	,,	,,	એલ. એચ. સાયન્સ ઍન્ડ એસ. ડી. આર્ટ્સ કૉલેજ, માણસા
૩૬.	શ્રી. શેઠ એસ. સી., એમ.એ.	,,	,,	એમ. ડી. બી. આર્ટ્સ કૉલેજ, સુરત
૩૭.	શ્રી. દેસાઈ કે. સી., એમ.એ.	,,	ઇતિહાસ જૂથ "એ"	આર્ટ્સ કૉલેજ, સંખેડા
૩૮.	શ્રી. શુક્લ આર. એસ., એમ.એ.	,,	અર્થશાસ્ત્ર જૂથ "સી" અને "ડી"	સરસપુર આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૩૯.	શ્રી. વાઘેલા જે. ડી., એમ.એ.	,,	,,	શેઠ આર. એ. કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ સાયન્સ, અમદાવાદ
૪૦.	શ્રી. ચાહવાળા બી. એચ., એમ.એ.	,,	,,	ડી. ઇ. એસ. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ધોળકા
૪૧.	શ્રી. જેરાજાણી સી. પી., એમ.એ., એલએલ.બી.	,,	,,	પ્રભુદાસ ઠક્કર કૉલેજ, પાલડી, અમદાવાદ
૪૨.	શ્રી. દવે એન. આર., એમ.એ.	,,	,,	એલ. એચ. સાયન્સ ઍન્ડ એસ. ડી. આર્ટ્સ કૉલેજ, માણસા
૪૩.	શ્રી. પટેલ કે એચ., એમ એ.	,,	,,	જયેન્દ્રપુરી આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ભરૂચ
૪૪.	શ્રી. દવે એ. કે., એમ.એ.	,,	,,	સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૪૫.	શ્રી. મહેતા ઓ. એન., એમ.એ.	,,	,,	ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ ઍન્ડ એ. એમ. પી. લૉ કૉલેજ, રાજકોટ
૪૬.	શ્રી. દોશી એચ. એસ., એમ.એ.	,,	સોશિયોલોજી જૂથ "ઈ" અને "એફ"	ગુજરાત કૉલેજ, અમદાવાદ
૪૭.	શ્રી. શાહ એ. આર., એમ.એ.	,,	,,	એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ

ક્રમાંક	નામ	પદવી	વિષય	કૉલેજ/સંસ્થાનું નામ
૪૮.	કુ. કવિ જે. સી., એમ.એ., એલએલ.બી.	એમ.એ.	પૉલિટિકલ સાયન્સ જૂથ "જી" અને "એચ"	પ્રભુદાસ ઠક્કર કૉલેજ, અમદાવાદ
૪૯.	શ્રી. પટેલ જે. કે., એમ.એ.	,,	,,	બી. ડી. કૉલેજ, અમદાવાદ
૫૦.	શ્રી. દવે એન. વી., એમ.એ.	,,	,,	એસ. વી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૫૧.	શ્રી. શાહ વી. કે., એમ.એ.	,,	ફિલોસૉફી	પી. બી. સાયન્સ એન્ડ એસ.કે. એસ. આર્ટ્સ કૉલેજ, કપડવંજ
૫૨.	શ્રીમતી દલાલ બી. આર., એમ.એ.	,,	સાયકૉલોજી	એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૫૩.	શ્રી. દેસાઈ એન. ડી., એમ.એ.	,,	,,	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ખોલવડ (જિ. સુરત)
૫૪.	શ્રી. વસાવડા જી. સી., એમ.એ.	,,	સાયકૉલોજી	સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૫૫.	શ્રી. આચાર્ય એન. એ., એમ.એ.	,,	ભારતીય સંસ્કૃતિ	એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૫૬.	શ્રી. પટેલ જે. વી., એમ.એ.	એમ.એસસી.	ફિઝિકસ	જયેન્દ્રપુરી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભરૂચ
૫૭.	શ્રી. શાહ ડી. એમ., એમ.એસસી.	એમ.એસસી.	ફિઝિકસ	સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ
૫૮.	શ્રી. ભટ્ટ વી. એલ., એમ.એસસી.	,,	,,	એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ
૫૯.	શ્રી. ઉપાધ્યાય આર. આર., એમ.એસસી.	,,	,,	ડી. કે. વી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, જામનગર
૬૦.	શ્રી. શાહ એચ. એસ., એમ.એસસી.	,,	,,	એસ. વી. રીજિયોનલ કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, સુરત
૬૧.	શ્રી. રાવ આર. ડી., એમ.એસસી.	,,	,,	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ખોલવડ (જિ. સુરત)
૬૨.	શ્રી. શાહ આઈ. ડી., એમ.એસસી., પીએચ.ડી.	,,	ઑર્ગેનિક કેમિસ્ટ્રી	સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ
૬૩.	શ્રી. શાહ એમ. સી., એમ.એસસી.	,,	ફિઝિકલ કેમિસ્ટ્રી	બી. ડી. કૉલેજ, અમદાવાદ

ક્રમાંક	નામ	પદવી	વિષય	કૉલેજ/સંસ્થાનું નામ
૬૪.	શ્રી. શાહ આર. વી., એમ.એસસી.	એમ.એ.	ઑર્ગેનિક કેમિસ્ટ્રી	એમ. એન. કૉલેજ, વીસનગર
૬૫.	શ્રી. પટેલ એલ. બી., એમ.એસસી.	,,	,,	એલ. એચ. સાયન્સ ઍન્ડ એસ. ડી. આર્ટ્સ કૉલેજ, માણસા
૬૬.	શ્રી. જોષી વાય. કે., એમ.એસસી.	,,	ઇનઑર્ગેનિક કેમિસ્ટ્રી	પેટલાદ કૉલેજ, પેટલાદ
૬૭.	શ્રી. પટેલ બી. પી., એમ.એસસી.	,,	ઑર્ગેનિક કેમિસ્ટ્રી	યુ. પી. આર્ટ્સ ઍન્ડ સર્વોદય સાયન્સ કૉલેજ, પિલવાઈ
૬૮.	શ્રી. ગાંધી જી. એ., એમ.એસસી.	,,	,,	ભવન્સ કૉલેજ, ડાકોર
૬૯.	શ્રી. મેક રાણે નેઈલ, એમ.એસસી.	,,	બોટાની	આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, બારડોલી
૭૦.	શ્રી. પટેલ એ. બી., એમ.એસસી.	એમ.એ. એમ.એસસી.	ગણિતશાસ્ત્ર જૂથ "એ"	પી. ટી. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા
૭૧.	શ્રી. પટેલ ડી. એચ., એમ.એસસી.	,,	,,	વી. એસ. પટેલ કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ સાયન્સ, બીલીમોરા
૭૨.	શ્રી. દવે જી. આર., એમ.એસસી.	,,	,,	એચ. ઍન્ડ એચ. બી. કોટક ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ, રાજકોટ
૭૩.	શ્રી. જાની બી. બી., એમ.એસસી.	,,	સ્ટેટિસ્ટિક્સ	એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૭૪.	શ્રી. શાહ ડી. એસ., એમ.એસસી.	એમ.ડી. એમ.એસસી. (મેડ.)	ફાર્માકોલોજી	શ્રીમતી એન. એચ. એલ. મ્યુનિ. મેડિકલ કૉલેજ, અમદાવાદ
૭૫.	શ્રી. પટેલ ડી. ડી., એમ.બી.,બી.એસ.,એમ.ડી.	એમ.ડી. (ક્રા. ૧)	જનરલ મેડિસિન	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ
૭૬.	શ્રી. ત્રિવેદી સી. કે., એમ.બી.,બી.એસ.,એમ.ડી.	,,	,,	,, ,,
૭૭.	શ્રી. ચંદનાની પી. સી., એમ.બી.,બી.એસ., એમ.એસ.	એમ.એસ. (ક્રા. ૧)	જનરલ સર્જરી	શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન ઍન્ડ રિસર્ચ, અમદાવાદ
૭૮.	શ્રી. હેમાણી એસ. ટી., એમ.બી.,બી.એસ., એમ.એસ.	,,	,,	,, ,,
૭૯.	શ્રીમતી શાહ મીના બિપિન, એમ.બી.,બી.એસ.,ડી.એ.	ડી.એ.	એનેસ્થેસિયા	,, ,,

ક્રમાંક	નામ	પદવી	વિષય	કૉલેજ/સંસ્થાનું નામ
૮૦.	શ્રી. સુતરિયા વી. એમ., એમ.બી.,બી.એસ.,એમ.ડી.	એમ.ડી. (ભા. ૧)	જનરલ મેડિસિન	એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગર
૮૧.	શ્રી. ટોપરાની એચ. ટી., એમ.બી.,બી.એસ.,એમ.ડી.	એમ.ડી. (ભા. ૨)	પેથોલોજી એન્ડ બેક્ટીરિયોલોજી	,, ,,
૮૨.	શ્રી. વચ્છરાજાની એચ. આર., એમ.બી.,બી.એસ.,એમ.ડી.	,,	,,	,, ,,
૮૩.	શ્રી. વૈદ્ય સી. એચ., એમ.ડી.	એમ.ડી. (ભા. ૧)	જનરલ મેડિસિન	એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગર
૮૪.	ડૉ. મહેતા એ. એ, એમ.બી.,બી.એસ., એમ.એસ.	એમ.એસ. (ભા. ૩)	ઑર્થોપેડિક સર્જરી	શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન એન્ડ રિસર્ચ, અમદાવાદ
૮૫.	શ્રી. પટેલ એસ. પી., એમ.બી.,બી.એસ., ડી.ઓ.એમ.એસ., એમ.એસ. (ઑપ્થ.)	એમ.એસ. (ભા. ૪)	ઑપ્થેલ્મોલોજી	,, ,,
૮૬.	શ્રી. મહેતા કે. કે., બી.કૉમ.,સી.એ.	એમ.કૉમ.	એડવાન્સ્ડ એકાઉન્ટિંગ, કૉસ્ટિંગ એન્ડ ઇન્ડસ્ટ્રિયલ એડમિનિસ્ટ્રેશનના ૪ પેપરો	સોમનાથ કૉલેજ, વેરાવળ
૮૭.	શ્રી. પૂજારા વી. એસ., એમ.કૉમ	,,	,,	એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ-૬
૮૮.	શ્રી. શાહ પી. સી., એમ.કૉમ.	એમ.કૉમ.	એકાઉન્ટન્સી, પેપર ૧થી ૪	એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ
૮૯.	શ્રી. જોશી બી. એસ., એમ.કૉમ.,એલએલ.બી.	,,	એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એ·ડ કૉસ્ટિંગ	,, ,,
૯૦.	શ્રી. ઠક્કર પી. સી., એમ.કૉમ.	,,	સ્ટેટિસ્ટિક્સ	એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ-૯
૯૧.	શ્રી. પટેલ આઈ. એન., એમ.કૉમ.	,,	૧. ઑર્ગેનાઇઝ્ડ માર્કેટ્સ ૨. કૉર્પોરેશન ફિનાન્સ	સિટી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ

ક્રમાંક	નામ	પદવી	વિષય	કૉલેજ/સંસ્થાનું નામ
			૩. ઑર્ગેનિઝેશન ઑફ ટ્રેડ ઍન્ડ ટ્રાન્સપોર્ટ	
૯૨.	શ્રી. વ્યાસ એચ. એમ., એમ.એ.	એમ.એ.	હિન્દી	પી. બી. સાયન્સ ઍન્ડ એસ. કે. એસ. કૉલેજ, કપડવંજ
૯૩.	શ્રી. ઠક્કર એ. ડી., એમ.એ.	,,	સંસ્કૃત	પી. ટી. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા
૯૪.	શ્રી જોષી એલ. એન., એમ.એસસી.	એમ.એ. એમ.એસસી.	સ્ટેટિસ્ટિક્સ	ડી. કે. વી. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, જામનગર
૯૫.	શ્રી. ભણુશાલી એસ. કે., એમ.એસ.,ઈ.એન.ટી.	એમ.એસ.	ઈ.એન.ટી.	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ
૯૬.	ડૉ. વી. એલ. કામદાર., ડી.એ.	એમ.ડી.	એનેસ્થેસિયા	,,
૯૭.	શ્રી. વ્યાસ વાય. ડી., એમ.એ.	એમ.એ.	ગુજરાતી	સરસપુર આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૯૮.	શ્રી. પંડ્યા બી. એસ., એમ.એ.	એમ.એ.	હિન્દી	આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, મહુવા
૯૯.	શ્રી. શેઠ બી. એમ., એમ.એ.	એમ.એ.	સાયકૉલોજી	એસ. વી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૧૦૦.	શ્રી. આચાર્ય પી. ડી., એમ.એસસી.	એમ.એ. એમ.એસસી	ગણિતશાસ્ત્ર જૂથ "એ"	સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૧૦૧.	શ્રી. પંચોલી એમ. ડી., એમ.કૉમ.,એલએલ.એમ.	એલએલ.એમ.	ધા. ૪ના વિષયો	સિટી લૉ કૉલેજ, અમદાવાદ
૧૦૨.	શ્રી. મહેતા આર. ટી., એમ.એસ.	એમ.એસ.	જનરલ સર્જરી	એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગર
૧૦૩	શ્રી પંડિત ચંદ્રિકા એમ., ડી.એ.	ડી.એ.	એનેસ્થેસિયા	શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન ઍન્ડ રિસર્ચ, અમદાવાદ
૧૦૪.	પ્રો. આર. એ. ત્રિવેદી, એમ.કૉમ	એમ.કૉમ.	*	નવગુજરાત કૉમર્સ ઍન્ડ લૉ કૉલેજ, અમદાવાદ

* એમ.કૉમ. પદવીના બે પેપરો (૧) ઇન્ટરનેશનલ બૅન્કિંગ, અને (૨) ફૉરેન એક્સચેઇન્જ વિષયની માન્યતા રદ કરી નીચેના ચાર પેપરોની માન્યતા ચાલુ રાખવામાં આવી :

(૧) પબ્લિક ઇકોનોમિક્સ, (૨) ઑર્ગેનિઝેશન ઑફ ટ્રેડ ઍન્ડ ટ્રાન્સપોર્ટ, (૩) એગ્રિકલ્ચર કો-ઑપરેશન, અને (૪) કો-ઑપરેટિવ ફિનાન્સ ઍન્ડ માર્કેટિંગ.

ક્રમાંક	નામ	પદવી	વિષય	કૉલેજ/સંસ્થાનું નામ
૧૦૫.	શ્રીમતી દમયંતી જે. મોદી, એમ.એ.	એમ.એડ.	એજ્યુકેશન	માધ્યમિક શિક્ષણ મહાવિદ્યાલય, ભાવનગર
૧૦૬.	શ્રી. એન. બી. જોશી, એમ.એ.	એમ.એ.	અર્થશાસ્ત્ર જૂથ "સી" અને "ડી"	પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, મોડાસા
૧૦૭.	શ્રી. પરીખ એમ. એ., એમ.એ.	,,	સાયકોલોજી	બી. ડી કૉલેજ, અમદાવાદ
૧૦૮.	શ્રી. એસ. એસ. દત્ત, એમ.એસ. (ઇ.એન.ટી.)	એમ.એસ. (ઓ. ૨) ડી.એલ.ઓ.	Otorhino laryngology	શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન એન્ડ રિચર્સ, અમદાવાદ

परिशिष्ट "घ"

M.Com.

Old Subjects	New Subjects
Compulsory :	
(1) Public Economics	(1) Economic Policy & Planning
(2) Organised Markets	(2) Organised Markets–II
(3) Corporation Finance	(3) Corporation Finance–I
(4) Organisation of Trade & Transport	(4) Business Management–Part II
Optional :	
(1) Statistics	(1) Advanced Statistics
(2) Actuarial Science	(2) Actuarial Science
(3) Advanced Accounting, Costing and Industrial Administration	(3) Cost Accounting & Advanced Accounting.
(4) (*i*) Agriculture Co-operation (*ii*) Co-op. Finance & Marketing	(4) Agriculture–I, II
(5) (*i*) Organization of Industries (*ii*) Labour Administration	(5) Industry–I, II
(6) (*i*) Foreign Exchange (*ii*) International Banking	(6) Modern Finance–I, II

Modern Business—Papers I, II માટે શિક્ષકો તરફથી અરજી આવ્યેથી વિચારવું. આ માટે M.A. with Economic Development & Fluctuations સાથે હોય તો તેમને માન્યતા આપવાનું સામાન્ય રીતે વિચારવું.

પરિશિષ્ટ "ગ"
કામકાજ ક્રમાંક ૨૬

આર્ટ્સ યુટિલાઇઝેશન કમિટીની છવ્વીસમી બેઠક, ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં, મંગળવાર, તા. ૧૩-૯-૧૯૬૬ના રોજ સાંજના ૪-૦૦ કલાકે મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી. સભાનું પ્રમુખસ્થાન ઉપકુલપતિ શ્રી. લાલભાઈ ૨. દેસાઈએ સંભાળ્યું હતું :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૩-૯-૧૯૬૬
૧.	શ્રી. લાલભાઈ ૨. દેસાઈ, ઉપકુલપતિ	હાજર
૨.	શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ	હાજર
૩.	શ્રી. કે. જી. નાયક	હાજર
૪.	પ્રિ. વાય. જી. નાયક	હાજર
૫.	ડૉ. જયંત હરિભક્તિ	હાજર
૬.	પ્રિ. એસ. વી. દેસાઈ	ગેરહાજર
૭.	પ્રિ. જે. બી. સાણ્ડિલ	ગેરહાજર.

૧. આર્ટ્સ યુટિલાઇઝેશન કમિટીની તા. ૨૫-૮-૧૯૬૫ના રોજ મળેલી પચ્ચીસમી બેઠકના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

આર્ટ્સ યુટિલાઇઝેશન કમિટીની બુધવાર, તા. ૨૫-૮-૧૯૬૫ના રોજ મળેલી પચ્ચીસમી બેઠકના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી અને તે પર ઉપકુલપતિશ્રીએ સહી કરી.

૨. ગુજરાત યુનિવર્સિટીની વર્ષ ૧૯૬૬-૬૭ની સંશોધન આર્ટ્સ માટે યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજો, માન્ય સંસ્થાઓ અને યુનિવર્સિટી ભવનોના શિક્ષકો તરફથી આવેલી અરજીઓ ઉપર વિચારણા કરવા બાબત.

સને ૧૯૬૬-૬૭ના વર્ષ માટેની સંશોધન ગ્રાન્ટ અંગે ગુજરાત યુનિવર્સિટીની માન્ય કૉલેજો, માન્ય સંસ્થાઓ અને ભવનોના શિક્ષકો તરફથી આવેલ અરજીઓ ઉપર વિચારણા કરી ઠરાવવામાં આવ્યું કે—

(અ) નીચે જણાવેલ શિક્ષકોને તેમનાં નામ સામે જણાવેલ રકમની સંશોધન ગ્રાન્ટ ૧૯૬૬-૬૭ના વર્ષ માટે આ યુનિવર્સિટીની સંશોધન ગ્રાન્ટ અંગેના નિયમોને આધીન રહીને કોઈ સંમાન્ય સામયિકમાં તેમનું સંશોધનકાર્ય પ્રસિદ્ધ કરવાની શરતે આપવા સિન્ડિકેટને ભલામણ કરવી :

ક્રમાંક	નામ	વિષય	રકમ
૧.	પ્રો. જે. કે. ફડકે, એસ. બી. ગાર્ડા આર્ટ્સ કૉલેજ, નવસારી	"Planning Techniques at the Village, Taluka and District level"	રૂા. ૨૦૦ ઍડ-હૉક ધોરણે

ક્રમાંક	નામ	વિષય	રકમ
૨.	પ્રિ. વી. એચ. જોષી, વી. એમ. પારેખ કૉમર્સ કૉલેજ, કપડવંજ	"An inquiry into the working of small scale industries in Kapadwanj"	રૂા. ૨૦૦ ઑડ-હૉક ધોરણે
૩.	શ્રી. એન. એ. આચાર્ય, એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ-૯	"Political and Cultural History of Chavda reign in Gujarat"	રૂા. ૫૦૦ ઑડ-હૉક ધોરણે (ફક્ત ચાર્ટ્સ એન્ડ ફોટોગ્રાફી માટે)
૪.	શ્રી. આઈ. ડી. શાહ, સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ-૯	"Synthesis of thioureas having Nitrogen Mustard Moeity"	રૂા. ૫૦૦ (ફક્ત રાસાયણિક દ્રવ્યો માટે)
૫.	શ્રી. એ. એ. મુનશી, સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ-૯	"Studies in Thiatriazoles and Tetrazoline thiones"	રૂા. ૫૦૦ (ફક્ત રાસાયણિક દ્રવ્યો માટે)
૬.	શ્રી. પી. આર. શાહ, સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ-૯	"Synthesis of 7 Halogenated-6-Hydroxy coumarins and chromones and their methyl ethers"	રૂા. ૫૦૦ (ફક્ત રાસાયણિક દ્રવ્યો માટે)
૭.	શ્રી. એસ. જે. કૉન્ટ્રાક્ટર, સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ-૯	"Synthetic studies in 4-Hydroxy coumarins"	રૂા. ૫૦૦ (ફક્ત રાસાયણિક દ્રવ્યો માટે)
૮.	શ્રીમતી કે. સી. દેસાઈ, સાર્વજનિક કૉલેજ ઑફ સાયન્સ, સુરત	"Synthesis of 4-Hydroxy Quinoline using poly-phosphoric acid"	રૂા. ૨૫૦ (ફક્ત રાસાયણિક દ્રવ્યો માટે)
૯.	પ્રિ. વાય. જી. નાયક, ગુજરાત કૉલેજ, અમદાવાદ-૬	"Solid State Physics particularly the study of vacuum evaporated thin films"	રૂા. ૧,૨૦૦
૧૦.	પ્રિ. જે. જે. ત્રિવેદી, બી. સી. જે. સાયન્સ કૉલેજ, ખંભાત	"Basic-amides as Local anaesthetics"	રૂા. ૧,૦૦૦ (ફક્ત રાસાયણિક દ્રવ્યો માટે)

ક્રમાંક	નામ	વિષય	રકમ
૧૧.	ડૉ. એમ. ટી. ટોપરાની, એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગર	"Serum Lactic dehydrogense activity in hearth & diseases"	રૂા. ૨૫૦ (ફક્ત રાસાયણિક દ્રવ્યો માટે)
૧૨.	ડૉ. કે. એન. મહેતા અને ડૉ. આર. સી. મંકોડી, એન. એચ. એલ. મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ, અમદાવાદ–૬	"Histo-chemical studies in endometrium from cases of primary sterility"	રૂા. ૨૫૦
૧૩.	ડૉ. આર. સી. મંકોડી, એન. એચ. એલ. મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ, અમદાવાદ–૬	"Study of various factors affecting carrier rate of candida albicans"	રૂા. ૨૫૦
૧૪.	ડૉ. એચ. એસ. શાહ, એન. એચ. એલ. મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ, અમદાવાદ–૬	"A hematological study of cases of cirrbosis of liver"	રૂા. ૨૫૦
૧૫.	ડૉ. એ. જે. પરીખ, શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન એન્ડ રિસર્ચ, અમદાવાદ–૬	"Study of post-opadherians"	રૂા. ૨૫૦ (આ રકમ આસિસ્ટન્ટ રેમ્યુનરેશનમાં વાપરી શકાય નહિ તે શરતે)
૧૬.	ડૉ. આઈ. પી. અગ્રવાલ, એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગર	"Galactagogus action of some spices"	રૂા. ૨૫૦ (ફક્ત પ્રાણીઓની ખરીદી માટે વાપરે તે શરતે)

(બ) આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, યુનિવર્સિટીનાં ભવનોમાં કામ કરતા શિક્ષકોની સંશોધન ગ્રાન્ટ માટેની અરજીઓ યુનિવર્સિટી કાર્યાલયમાં મંગાવી તે પરત્વે વિચારણા કરવી નહિ અને આવેલી અરજીઓ જે તે વિદ્યાભવનના અધ્યક્ષને પરત કરી તેમના ભવનના બજેટમાંથી પ્રત્યેક યોજનાના ગુણદોષ વિચારી ઉપકુલપતિશ્રીની મંજૂરી લઈ સંશોધનકાર્ય કરવા જણાવવું અને આમ કરતાં જો ભવનના બજેટમાં આ અંગેની રકમ ઓછી પડે અને વધારાની રકમ જો ભવનને ફાળવવાની થાય તો તે અંગે જે તે ભવનના અધ્યક્ષના પ્રસ્તાવો પર જ ગ્રાન્ટ્સ યુટિલાઇઝેશન કમિટી તથા સિન્ડિકેટે વિચારવાનું રાખવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, હવેથી સંશોધન ગ્રાન્ટ માટેની અરજીઓ યુનિવર્સિટીનાં અનુસ્નાતક વિદ્યાભવનોના શિક્ષકો પાસેથી મગાવીને આ સમિતિ સમક્ષ મૂકવાનું ન રાખતાં જે તે ભવનોના

અંદાજપત્રમાં સંશોધન માટે કરવામાં આવેલી નાણાકીય જોગવાઈને અનુલક્ષીને, તે યુનિવર્સિટીનાં ધારાધોરણ હેઠળ તપાસીને ઘટતું કરવું યોગ્ય થશે.

ઉપરના ઠરાવને અનુલક્ષીને એમ નક્કી કરવામાં આવ્યું કે, ભવનોના શિક્ષકોની ગ્રાન્ટ માટેની અરજીઓ જે તે ભવનને પાછી મોકલી આપવામાં આવે. જે અરજીઓ પાછી મોકલી આપવાનું ઠરાવવામાં આવ્યું તેની વિગતો નીચે મુજબ છે:

ક્રમાંક	નામ	વિષય	રકમ
૧.	પ્રો. આર. કે. ધારૈયા, સમાજવિદ્યા ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯	"Traces of the upheaval of 1857 in Gujarat"	રૂા. ૬૦૦
૨.	પ્રો. સી. ટી. ભોપટકર, મનોવિજ્ઞાન વિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯	"Group structure and Leadership patterns in High School Student community"	રૂા. ૩,૦૦૦
૩.	કુ. સી. એલ. ભટ્ટ, મનોવિજ્ઞાન વિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯	"Developing Norms for Desai-Bhatt group test of intelligence for semi-urban areas test standardization"	રૂા. ૨,૦૦૦
૪.	શ્રી. એચ. ડી. બદામી, મનોવિજ્ઞાન વિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯	"Mentally retarded children and his family"	રૂા. ૧,૮૫૦
૫.	શ્રી. ડી. આર્ય. વ્યાસ, મનોવિજ્ઞાન વિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯	"A comparative study of the contributions of the school and the college in the training of leadership"	રૂા. ૧,૫૦૦
૬.	ડૉ. કે. એ. ઠાકર, વિજ્ઞાન વિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯	"Studies on optical activity and reaction mechanism of optically active compounds"	રૂા. ૨,૫૦૦

(૬) નીચે જણાવેલ શિક્ષકોની સંશોધન ગ્રાન્ટ માટેની માગણી નામંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી:

ક્રમાંક	નામ	વિષય	રકમ
૧.	શ્રીમતી એસ. એન. મહેતા, જી. એલ. એસ. આર્ટ્સ કૉલેજ ફૉર ગર્લ્સ, અમદાવાદ	"Educational policy and educational change in Gujarat during the first half of the 19th century"	રૂા. ૩૦૦
૨.	શ્રી. એસ. સી. રાવલ, સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદ	"A comparative study of Hindi and Gujarati Grammar"	રૂા. ૬૦૦ (તેઓએ જરૂરી પુસ્તકો પોસ્ટ-ગ્રેજ્યુએટ સેન્ટરમાં વસાવવાં અને તેનો ઉપયોગ કરવો.)
૩.	પ્રો. પી. પી. ચંદરવાકર, આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ધ્રાંગધ્રા	Folk-tales and Folk-songs of Kutch and Bordering area of Zalawad"	રૂા. ૨,૦૦૦
૪.	પ્રો. આર. સી. શુક્લ, એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારી	"An inquiry into the diamond polishing industry as a small-scale industry in Navsari"	રૂા. ૫૦૦
૫.	પ્રિ. કે. જી. દેસાઈ, એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ-૯	"Standardization of achievement tests in Gujarati and Arithmetic for Std. IV"	રૂા. ૧,૦૦૦
૬.	પ્રિ. એન. બી. જોષી, આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, કડી	"Success of co-operative movements in Kadi Taluka"	રૂા. ૭૫૦ (ગયા વર્ષે જે વિષય પર સંશોધન કરવા માટે ગ્રાન્ટ આપી છે તે કાર્ય પૂરું થાય ત્યાર બાદ વિચારણા કરવી.)
૭.	શ્રી. એમ. વી. જોષી, મહાબુદ્દીન કૉલેજ, જૂનાગઢ	"An interpretation of the Uttarmimansa Sutras in the light of the Purvamimansa"	રૂા. ૨,૫૦૦ (તેઓએ ટ્રાવેલ ગ્રાન્ટ માટે અરજી કરવી એમ સૂચવવામાં આવે છે.)

ક્રમાંક	નામ	વિષય	રકમ
૮.	શ્રી. એમ. જે. મહેતા, આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, બોરસદ	"A study of the practice of infanticide among the Kanbis of Gujarat in the 19th century"	રૂ. ૬૦૦
૯.	શ્રી. એચ. એસ. શાહ, એસ. વી. રીજિયોનલ કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, સુરત	"Electromagnetic scattering"	રૂ. ૪,૦૦૦
૧૦.	પ્રો. વી એમ. સુકાવાલા, શેઠ આર એ. કૉલેજ ઑફ આર્ટ્સ એન્ડ સાયન્સ, અમદાવાદ–૧.	"Abnormal secondary growth in the family Ficoidal"	રૂ. ૬,૭૦૦ (યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનના સહકારથી પોતાનું સંશોધનકાર્ય કરે એવું સૂચન છે.)
૧૧.	પ્રો. કે. સી. દેસાઈ, આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમરેલી	"Vic. Dioximes have been used as qualitative reagents for Nickel"	રૂ. ૫૦૦
૧૨.	ડૉ. બી. પી. ઉદવાડિયા, એમ. પી. શાહ કૉલેજ, જામનગર	"The histaminolytic activity of brain and the effect of Reserfine"	રૂ. ૧,૧૦૦
૧૩.	ડૉ. કે. એન. ચેટરજી, શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન એન્ડ રિચર્સ, અમદાવાદ–૬	"Significance of intra-osseous azygography to asses the operability of intrathoracis lesions"	રૂ. ૧,૫૦૦
૧૪.	ડૉ. એન. પી. ભટનાગર, બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ–૧૬	"Problems in Medical Education—A survey among the Gujarati students"	રૂ. ૬૦૦

(૬) ડૉ. શ્રીમતી એ. બી. દેસાઈ તથા ડૉ. કુ. યુ. જે. મોદીની "Growth and Health of Normal Children" વિષય પરની સંશોધન દરખાસ્ત અંગે તેમને સંસ્થા મારફત જણાવવું કે આ યોજના નીચે ઇક્વિપમેન્ટ માટે કોઈ ગ્રાન્ટ આપી શકાશે નહિ; તે સંસ્થાએ વસાવવાં જોઈએ. પરંતુ કોઈ રિકરિંગ ખર્ચની જરૂર હોય તો તેની વિગતો આવ્યેથી વિચારવાનું રાખવું.

૩. નીચે દર્શાવેલ શિક્ષકોને વર્ષ ૧૯૬૫-૬૬ દરમિયાન તેમનાં નામ સામે જણાવ્યા પ્રમાણેની સંશોધન ગ્રાન્ટ મંજૂર કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત:

ક્રમાંક	નામ	સંશોધનનો વિષય	રકમ
૧.	ડૉ. એમ. એન. ઝિન્દાલ, બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ-૧૬	"Pharmacological screening of antiasthmatic drugs in the indigenous system of medicine"	રૂ. ૫૦૦
૨.	પ્રિ. આર. એસ. બેટાઈ, શારદાપીઠ આર્ટ્સ કૉલેજ, દ્વારકા	"Evolution of the law of crimes in Ancient India and its influence on the Indian Penal Code"	રૂ. ૮૦૦
૩.	ડૉ. ડી. એસ. શાહ, મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ, એલિસબ્રિજ, અમદાવાદ-૬	"Investigations of active component from the heart wood of Pherocarpus marsupium responsible for blood sugar lowering"	રૂ. ૫૦૦
૪.	પ્રો. આર. એચ. ગાંધી, સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદ	"Archaeological data of the District of Panchmahals"	રૂ. ૫૦૦
૫.	શ્રી. એચ. કે. સુથાર, સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ-૯	"Histochemical study during the reproductive and vegetative-phases of some flowering plants"	રૂ. ૫૦૦

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપર દર્શાવેલ શિક્ષકોને વર્ષ ૧૯૬૫-૬૬ દરમિયાન તેમનાં નામ સામે જણાવ્યા પ્રમાણેની સંશોધન ગ્રાન્ટ મંજૂર કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૪. આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજો/સંસ્થાઓમાં કામ કરતા શિક્ષકો કે જેમને આ યુનિવર્સિટી દ્વારા તેમના વિશિષ્ટ વિષયોમાં સંશોધનકાર્ય કરવા માટે જો સંશોધન ગ્રાન્ટ આપવામાં આવે તો જે તે કૉલેજ કે સંસ્થાના આચાર્ય/અધ્યક્ષ પાસેથી તે અંગે મેળવવાના પ્રમાણપત્રના મુસદ્દા અંગે વિચારણા કરવા બાબત

(પ્રમાણપત્રનો મુસદ્દો **પરિશિષ્ટ "અ"** તરીકે આ સાથે સામેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, જે જે શિક્ષકોને તેમના વિશિષ્ટ વિષયમાં સંશોધન કાર્ય કરવા માટે યુનિવર્સિટી દ્વારા સંશોધન ગ્રાન્ટ આપવામાં આવી હોય તે કૉલેજ/સંસ્થાના વડાએ આપવાના પ્રમાણપત્રનો મુસદ્દો મંજૂર કરવો.

૫. નીચેના શિક્ષકોને તેમનું સંશોધનકાર્ય પૂરું કરવા માટે તેમનાં નામ સામે જણાવ્યા મુજબની મુદત વધારી આપવાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત:

ક્રમાંક	નામ	મુદત
૧.	પ્રિ. એ. જી. મુનશી, આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, લુણાવાડા	૭ માસ (તા. ૨૮-૮-૧૯૬૬ સુધી)
૨.	ડૉ. એમ. ડી. દેસાઈ, ડીન, મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ, અમદાવાદ-૬	એક વર્ષ (તા. ૧૨-૧૧-૧૯૬૬ સુધી)
૩.	પ્રો. એમ. એમ. પાઠક, પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા	એક વર્ષ (તા. ૫-૧૧-૧૯૬૬ સુધી)

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના ઉપરના કાર્યની નોંધ લેવી.

૬. ગવર્નમેન્ટ ડેન્ટલ કૉલેજ એન્ડ હૉસ્પિટલ, અમદાવાદના ડૉ. એન. ટી. દેસાઈને વર્ષ ૧૯૬૨-૬૩માં રૂા. ૩૦૦ની સંશોધન ગ્રાન્ટ આપવામાં આવી હતી. સંજોગોવશાત્ તેઓ પોતાનું સંશોધનકાર્ય શરૂ કરી શકયા ન હોવાથી પ્રથમ હપતાની લીધેલી રકમ રૂા. ૧૫૦ નિયમ મુજબ તેઓએ યુનિવર્સિટીને પરત કરવી જોઈએ, પરંતુ તેઓએ પ્રથમ હપતાની રકમમાંથી રૂા. ૧૧૯ પરત કર્યા છે જ્યારે રૂા. ૩૧ પરત કર્યા નથી તે બાબત પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ડૉ. એન. ટી. દેસાઈ પાસેથી રૂા ૩૧ પરત લેવાની રકમ માંડવાળ કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૭. નીચે જણાવેલ શિક્ષકો તરફથી તેમના સંશોધન કાર્ય અંગેના વચગાળાના છ-માસિક પ્રોગ્રેસ રિપોર્ટ આવ્યા છે જે જાણ સારુ:

ક્રમાંક	નામ	વિષય	વર્ષ	આપેલ રકમ
૧.	પ્રો. એ. સી. ચાવડા, મહેન્દ્રસિંહજી સાયન્સ કૉલેજ, મોરબી	"Synthesis of Optically active Ketonic acids and methods of resolving the same"	૧૯૬૪-૬૫	રૂા. ૫૦૦

ક્રમાંક	નામ	વિષય	વર્ષ	આપેલ રકમ
૨.	પ્રિ. એન. બી. જોષી, આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, કડી (ઉ. ગુ.)	"Impact of the regulated markets on farmer's income in Kadi Taluka"	૧૯૬૫-૬૬	રૂા. ૨૫૦
૩.	પ્રિ. જે. જે. ત્રિવેદી, શ્રીમતી બી. સી. જે. સાયન્સ કૉલેજ, ખંભાત	"Hypoglycemic Agent"	૧૯૬૫-૬૬	રૂા. ૧,૦૦૦
૪.	ડૉ. એમ. એન. જિન્દાલ, બી જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ-૧૬	"Pharmacological screening of anti-asthmatic drugs in the indigenous system of medicine"	૧૯૬૫-૬૬	રૂા. ૫૦૦
૫.	પ્રિ. જે. ડી. તલાટી, આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, પિલવાઈ (ઉ. ગુ.)	"Corrosion of Aluminium"	૧૯૬૫-૬૬	રૂા. ૧,૦૦૦
૬.	ડૉ. ડી. એસ. શાહ, એન. એચ. એલ. મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ, અમદાવાદ-૬	"Investigations of active component from the heart wood of pherocarpus marsupium responsible for blood sugar lowering"	૧૯૬૫-૬૬	રૂા. ૫૦૦

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપર જણાવેલ શિક્ષકો તરફથી તેમને અગાઉ આપવામાં આવેલ સંશોધન ગ્રાન્ટ અંગે આવેલા વચગાળાના છમાસિક પ્રગતિ-અહેવાલોની નોંધ લેવી.

ત્યાર બાદ આ સભાનું કામકાજ પૂરું થયું હતું.

નં. જન. રિસર્ચ / ૩૪૭૩૦ / ૧૯૬૬
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯.
તા. ૨૮-૬-૧૯૬૬.

ગુ. અં. દેસાઈ,
રજિસ્ટ્રાર વતી.

પરિશિષ્ટ "અ"

સંશોધન ગ્રાન્ટ

કૉલેજ/સંસ્થાએ આપવાનું પ્રમાણપત્ર

૧. શ્રી. ને વર્ષ ૧૯૬ –૬ ના વર્ષ માટે યુનિવર્સિટી દ્વારા
૩. ની સંશોધન ગ્રાન્ટ આપવામાં આવી છે, તેની નોંધ લીધી છે.

૨. સંશોધન ગ્રાન્ટમાંથી તેઓએ પુસ્તકો, સાધનો અને રસાયણો વગેરે જે કંઈ ખરીદ કર્યાં હશે, તેની કિંમત સાથેની નોંધ એક જુદા રજિસ્ટરમાં અત્રે રાખવામાં આવશે અને સંશોધનકાર્ય પૂરું થયે તે બધું જ યુનિવર્સિટીને પરત કરવામાં આવશે.

૩. સંશોધનકાર્યમાં જરૂરી પુસ્તકો, સાધનો અને રસાયણો કે જે કૉલેજમાં ઉપલબ્ધ હશે તે વિનામૂલ્યે તેઓને પૂરાં પાડવામાં આવશે, અને જરૂરી બધો જ સહકાર આપી તેમના સંશોધનકાર્યને પ્રોત્સાહન આપવામાં આવશે.

૪. તેઓ આ સંસ્થામાંથી બદલાઈને અથવા તો નોકરી છોડી દઈ બીજી સંસ્થામાં જોડાશે તો તેની જાણ યુનિવર્સિટીને કરવામાં આવશે અને યુનિવર્સિટીની પરવાનગી મળ્યેથી સંશોધન ગ્રાન્ટમાંથી તેઓની વધેલી રકમ, ખરીદ કરેલાં સાધનો, રસાયણો અને પુસ્તકો વગેરે તેઓને જો જરૂર પડે તો બીજે સ્થળે લઈ જવા દેવામાં આવશે અથવા તો તે બધું જ યુનિવર્સિટીને પરત કરવામાં આવશે.

૫. સંશોધનકાર્ય અધૂરું છોડવામાં આવશે તો ગ્રાન્ટની રકમ યુનિવર્સિટીને પરત થાય તે માટે યોગ્ય પગલાં લેવામાં આવશે.

તા.

આચાર્ય / અધ્યક્ષ

કૉલેજ / સંસ્થા _____ .

પરિશિષ્ટ "ચ"
કામકાજ ક્રમાંક ૩૪

પબ્લિકેશન બોર્ડની ઓગણીસમી સભા તા. ૨૩-૯-૧૯૬૬ના રોજ ૪-૦૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી:

૧. શ્રી. લાલભાઈ ૨. દેસાઈ, ઉપકુલપતિ	હાજર
૨. શ્રી. ભગનભાઈ પ્ર. દેસાઈ	ગેરહાજર
૩. આચાર્ય ડૉ. એચ. ડી. નોરોન્હા	હાજર
૪. આચાર્ય એચ. કે. બુખારી	હાજર
૫. આચાર્ય એમ. ડી. માણેક	ગેરહાજર
૬. ડૉ. ટી. બી. નાયક	ગેરહાજર
૭. આચાર્ય વી. આર. દ્વિવેદી	ગેરહાજર
૮. આચાર્ય ટી. એમ. પરીખ	હાજર
૯. આચાર્ય કે. જી. નાયક	ગેરહાજર
૧૦. આચાર્ય ડૉ. એચ. જી. પંડ્યા	હાજર
૧૧. ડૉ. જે. જે. ચિનોય	હાજર
૧૨. ડૉ. એમ. ડી. દેસાઈ	ગેરહાજર
૧૩. શ્રી. ઉમાશંકર જોષી	ગેરહાજર
૧૪. આચાર્ય ચિમનભાઈ પટેલ	ગેરહાજર
૧૫. આચાર્ય એમ. સી. દેસાઈ	ગેરહાજર
૧૬. આચાર્ય વી. જે. જાની	હાજર

સભાનું પ્રમુખસ્થાન ઉપકુલપતિ શ્રી. લાલભાઈ ૨. દેસાઈએ લીધું હતું.

૧. તા. ૩૦-૬-૧૯૬૫ના રોજ મળેલ પબ્લિકેશન બોર્ડની અઢારમી સભાના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૩૦-૬-૧૯૬૫ના રોજ મળેલ પબ્લિકેશન બોર્ડની અઢારમી સભાની કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી અને તે ઉપર ઉપકુલપતિશ્રીએ સહી કરી.

૨. ગુજરાતી ભાષામાં લોકભોગ્ય પુસ્તિકાઓ તૈયાર કરવાની આપણી યોજના હેઠળ "પોષણ"ના વિષય પર એક પુસ્તિકા તૈયાર કરવા અંગે ડૉ. શિવપ્રસાદ કે. ત્રિવેદીની વિનંતી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે કે, લોકભોગ્ય પુસ્તિકાઓની શ્રેણી હેઠળ "પોષણ"ના વિષય પર એક પુસ્તિકા લખવા અંગેની ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીની વિનંતી મંજૂર કરવી તથા તે કામ માટે તે શ્રેણી હેઠળ અન્ય પુસ્તિકાઓ તૈયાર કરાવવા અગાઉ થયેલ સિન્ડિકેટના ઠરાવ

મુજબ ડૉ. ત્રિવેદી સાથે મંજૂર થયેલા મુસદ્દા મુજબ કરારનામું કરવું. આ હસ્તપ્રત જોઈ-તપાસી લેવાનું રાખવું અને તે સ્વીકારાયેથી તે માટે રૂા. ૭૫૦ (અંકે રૂપિયા સાતસો પચાસ)નું વેતન, ઉપર જણાવેલ કરારની શરતોને આધીન, આપવું.

૩. ૧૯૬૫-૬૬ના વર્ષમાં શ્રી. ત્રિ. ક. ગજ્જર વ્યાખ્યાનમાળાની યોજના હેઠળ પ્રો. વી. વી. નારલીકરે આપેલાં વ્યાખ્યાનોને પુસ્તિકારૂપે પ્રકાશિત કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ. — ત્રણ વ્યાખ્યાનો પુસ્તિકારૂપે છાપવાનો અંદાજી ખર્ચ નીચે મુજબ થાય તેમ છે:

પાનાં આશરે ૮૮; નકલ ૧૦૦૦.

છપાઈ ખર્ચ	...	રૂા.	૩૦૮-૦૦
બ્લૉક ખર્ચ	...	રૂા.	૫-૦૦
બાઇન્ડિંગ ખર્ચ	...	રૂા.	૫૦-૦૦
કાગળ અને ટાઈટલ ખર્ચ	...	રૂા.	૧૮૨-૧૭
કુલ ખર્ચ	...	રૂા.	૫૪૫-૧૭ પૈસા.)

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, "શ્રી. ત્રિ. ક. ગજ્જર વ્યાખ્યાનમાળા"ની યોજના હેઠળ ૧૯૬૫-૬૬માં અપાયેલ પ્રો. વી. વી. નારલીકરનાં વ્યાખ્યાનોને પુસ્તિકારૂપે છપાવવા તથા તે માટે રૂા. ૫૫૦/-નો અંદાજી ખર્ચ મંજૂર કરવો.

૪. "સાહિત્યનો વિશ્વકોષ — સાહિત્યપ્રિયનો સાથી"ના પ્રકાશન માટે આર્થિક સહાય આપવાની શ્રી. વિજયરાય કલ્યાણરાય વૈદ્યની વિનંતી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.— પ્રસ્તુત પ્રકાશન તેઓ પાંચ અથવા વધારે ભાગમાં પ્રસિદ્ધ કરવા માગે છે. એક ભાગનો ૭૫૦ નકલનો અંદાજી પ્રકાશન ખર્ચ રૂા. ૨,૨૦૦/- અને લેખકનો પુરસ્કાર વગેરેના રૂા. ૧,૮૦૦/- મળી કુલ રૂા. ૪,૦૦૦ અંદાજવામાં આવ્યો છે અને યુનિવર્સિટી પાસે તેમણે રૂા. ૪,૦૦૦/- ની સહાય માટે માગણી કરી છે.)

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, "સાહિત્યનો વિશ્વકોષ—સાહિત્યપ્રિયનો સાથી"ના પ્રથમ ભાગના પ્રકાશન માટે શ્રી. વિજયરાય વૈદ્યને ઉપર દર્શાવેલ પ્રકાશન બહાર પડયેથી નીચેની શરતોએ રૂા. ૧,૦૦૦/- (એક હજાર)ની સહાય આપવી:

(૧) પ્રસ્તુત સહાયનો પ્રસ્તાવનામાં ઉલ્લેખ કરવો;

(૨) મુખપૃષ્ઠ પર "ગુજરાત યુનિવર્સિટીની સહાયથી પ્રકાશિત" એમ છાપવું;

(૩) પ્રકાશનની ૧૦ નકલ વિનામૂલ્યે યુનિવર્સિટીને આપવી;

(૪) પ્રકાશનની વેચાણ-કિંમત યુનિવર્સિટીની મંજૂરી મેળવીને નક્કી કરવી.

૫. શેકસ્પિયર જન્મશતાબ્દી નિમિત્તે "સંસ્કૃતિ" સામયિકમાં પ્રગટ થયેલ આચાર્યશ્રી એસ. આર. ભટ્ટ લિખિત શેકસ્પિયરવિષયક લેખમાળાને મૌલિક ગ્રંથરૂપે પ્રકાશિત કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—સદરહુ પ્રકાશન માટે નીચે પ્રમાણે અંદાજી ખર્ચ થશે:

૧૦૦૦ નકલ, ડેમી કદનાં આશરે ૪૦૦ પાનાં—૫૦ ફરમા.

છપાઈના	...	રૂા. ૨,૦૦૦-૦૦
કાગળ, જૅકેટ વગેરેના	...	રૂા. ૧,૭૫૦-૦૦
બંધામણી	...	રૂા. ૭૫૦-૦૦
કુલ...		રૂા. ૪,૫૦૦-૦૦

આ ખર્ચ ઉપરાંત લેખકને મહેનતાણા અંગે આપવામાં આવનાર ખર્ચ.)

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, શેકસ્પિયર જન્મશતાબ્દી નિમિત્તે "સંસ્કૃતિ" સામયિકમાં પ્રગટ થયેલા આચાર્ય શ્રી. એસ. આર. ભટ્ટ લિખિત શેકસ્પિયરવિષયક લેખમાળાને શ્રી. ભટ્ટ પાસે યોગ્ય રીતે મઠારાવી પુસ્તકરૂપે યુનિવર્સિટીએ પોતે પ્રસિદ્ધ કરવાનું રાખવું. સદરહુ કામ માટે સંપૂર્ણ કોપીરાઈટ હક માટે આચાર્ય શ્રી. એસ. આર. ભટ્ટને પુરસ્કારરૂપે રૂા. ૨,૦૦૦ની રકમ આપવી અને તેમની સાથે મંજૂર થયેલા મુસદ્દા મુજબનું કરારનામું કરવાનું રાખવું.

૬. "ગુજરાતમાં સામાજિક પરિવર્તન" એ વિષય પર, લોકભોગ્ય પુસ્તિકા પ્રકાશન શ્રેણીમાં, એક પુસ્તિકા લખવાનું કામ ડૉ. આર. ડી. પરીખને સોંપવાનું ઠરાવવામાં આવેલ, પરંતુ તેઓ જૂન, ૧૯૬૭ સુધી અન્ય કામોમાં રોકાયેલા હોઈ, સદરહુ પુસ્તિકા લખી શકે તેમ નથી, તો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે કે, "ગુજરાતમાં સામાજિક પરિવર્તન"ના વિષય પર એક લોકભોગ્ય પુસ્તિકા તૈયાર કરવાનું કામ શ્રીમતી સુધાબહેન રમણલાલ દેસાઈને સોંપવું અને તેમને લોકભોગ્ય પુસ્તિકા શ્રેણી હેઠળ અન્ય પુસ્તિકાઓ તૈયાર કરાવવા અગાઉ થયેલ સિન્ડિકેટના ઠરાવ મુજબ શ્રીમતી સુધાબહેન દેસાઈ સાથે મંજૂર થયેલા મુસદ્દા પ્રમાણે કરારનામું કરવું. આ હસ્તપ્રત સ્વીકારાયેથી કરારનામાની શરતોને આધીન રૂા. ૭૫૦(રૂપિયા સાતસો પચાસ)નું વેતન આપવું.

૭. પ્રો. આર. આર. શર્માના પીએચ.ડી. પદવી માટે સ્વીકારાયેલા મહાનિબંધ "છાયાવદોત્તર હિન્દી કવિતા—સને ૧૯૫૫ તક"ના પ્રકાશન અંગે તેમના તરફથી આવેલ આર્થિક સહાયની માગણી પરત્વે વિચારણા કરવા બાબત.

(નોંધ.—૧૦૦૦ નકલનું અંદાજી ખર્ચ રૂા. ૪,૦૦૦ થશે તેમ શ્રી. શર્માએ જણાવેલ છે.)

આથી આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે કે, પ્રો. આર. આર. શર્માના મહાનિબંધ "છાયાવદોત્તર હિન્દી કવિતા—સને ૧૯૫૫ તક"ના પ્રકાશન માટે નીચેની શરતોએ, પ્રકાશન બહાર પડયેથી રૂા. ૫૦૦(પાંચસો)ની આર્થિક સહાય આપવી:

(૧) પ્રસ્તુત સહાયનો પ્રસ્તાવનામાં ઉલ્લેખ કરવામાં આવે;
(૨) મુખપૃષ્ઠ પર "ગુજરાત યુનિવર્સિટીની સહાયથી પ્રકાશિત" એમ છપાવવામાં આવે;
(૩) પ્રકાશનની ૧૦ નકલ યુનિવર્સિટીને આપવામાં આવે; અને
(૪) પ્રકાશનની વેચાણકિંમત યુનિવર્સિટીની મંજૂરી મેળવીને નક્કી કરવામાં આવે.

૮. પ્રો. પી. એસ. જેઠવાના પીએચ.ડી. પદવી માટે સ્વીકારાયેલા મહાનિબંધ "રાજકોટની ભીલ કોમ"ના પ્રકાશન અંગે તેમના તરફથી આવેલ આર્થિક સહાયની માગણી પરત્વે વિચારણા કરવા બાબત.

(નોંધ.—૧૦૦૦ નકલનું અંદાજી ખર્ચ રૂા. ૩,૦૦૦ થશે તેમ શ્રી. જેઠવા જણાવે છે.)

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, ડૉ. પી. એસ. જેઠવાના મહાનિબંધ "રાજકોટની ભીલ કોમ"ના પ્રકાશન માટેની આર્થિક સહાય આપવા અંગેની તેમની વિનંતી મંજૂર કરવી નહિ.

૯. ડૉ. એલ. ડી. જોષીના ગુજરાતી વિષયના આ યુનિવર્સિટી દ્વારા પીએચ.ડી. પદવી માટે સ્વીકારાયેલા મહાનિબંધ "वागडी बोली का स्वरूप और उसका तुलनात्मक अध्ययन"ના પ્રકાશન માટે આર્થિક મદદ માટેની તેમની વિનંતી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—(૧) સદરહુ મહાનિબંધનો ૫૦૦ નકલનો અંદાજી પ્રકાશનખર્ચ રૂા. ૧,૫૦૦ થશે.
(૨) સદરહુ મહાનિબંધ છપાવવા તેમના માર્ગદર્શક શ્રી. કે. કા. શાસ્ત્રીએ ભલામણ કરી છે.)

આથી આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે કે, ડૉ. એલ. ડી. જોષીના મહાનિબંધ "वागडी बोली का स्वरूप और उसका तुलनात्मक अध्ययन"ના પ્રકાશન માટે રૂા. ૩૦૦/ (અંકે ત્રણસો રૂપિયા)ની આર્થિક સહાય પ્રકાશન બહાર પડ્યેથી, નીચેની શરતોએ આપવી :

(૧) પ્રસ્તુત સહાયનો પ્રસ્તાવનામાં ઉલ્લેખ કરવામાં આવે;
(૨) મુખપૃષ્ઠ પર "ગુજરાત યુનિવર્સિટીની સહાયથી પ્રકાશિત" એમ છપાવવામાં આવે;
(૩) પ્રકાશનની ૧૦ નકલ યુનિવર્સિટીને આપવામાં આવે; અને
(૪) પ્રકાશનની વેચાણકિંમત યુનિવર્સિટીની મંજૂરી મેળવીને નક્કી કરવામાં આવે.

૧૦. પ્રો. પુષ્કર ચંદરવાકર સંપાદિત—સંગૃહીત "અજરામર વાણી"ના પ્રકાશન માટે તેમની આર્થિક સહાય અંગે કરેલ વિનંતી પરત્વે વિચારણા કરવા બાબત.

(નોંધ.—હસ્તપ્રત જોઈતપાસી જનાર વિશારદે નીચે પ્રમાણે અભિપ્રાય આપેલ છે :
(૧) સંગ્રહના પ્રકાશન માટે આર્થિક સહાય આપવા ભલામણ કરેલ છે.
(૨) સંગ્રહના સંપાદકે આપેલું નામ "અજરામર-વાણી" બદલવા તથા તેમાંનું એક ગીત "મોજ મુંબઈની" સંગ્રહમાંથી બાદ કરવા સૂચવેલું છે.

સદરહુ પ્રકાશન માટે ૧૦૦૦ નકલનો મુદ્રણ ખર્ચ રૂા. ૩,૦૦૦ અંદાજે થશે.)

આથી આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે કે, પ્રો. પુષ્કર ચંદરવાકર સંપાદિત ઉપરોક્ત પ્રકાશન માટે તેમને નીચેની શરતોએ રૂા. ૪૦૦ની આર્થિક સહાય પ્રકાશન બહાર પડ્યેથી આપવી :

(૧) સંગ્રહનું શીર્ષક "અજરામર વાણી" ન રાખતાં અન્ય યોગ્ય શીર્ષક રાખવામાં આવે;
(૨) સંગ્રહમાંથી "મોજ મુંબઈની"એ ગીત કમી કરવામાં આવે;
(૩) પ્રસ્તુત સહાયનો પ્રસ્તાવનામાં ઉલ્લેખ કરવામાં આવે;

(૪) મુખપૃષ્ઠ પર "ગુજરાત યુનિવર્સિટીની સહાયથી પ્રકાશિત" એમ છપાવવામાં આવે;

(૫) પ્રકાશનની ૧૦ નકલ યુનિવર્સિટીને આપવામાં આવે; અને

(૬) પ્રકાશનની વેચાણકિંમત યુનિવર્સિટીની મંજૂરી મેળવીને નક્કી કરવામાં આવે.

૧૧. શ્રીમતી ઇલા વિજ્યકરે તૈયાર કરેલ "મિસર અને પશ્ચિમ એશિયાની પ્રાચીન સંસ્કૃતિઓ"ના વિષયની હસ્તપ્રતનું પ્રકાશન યુનિવર્સિટી હાથ ધરે તે માટે તેમણે કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—(૧) સદરહુ પ્રકાશન યુનિવર્સિટી હાથ ધરે તે માટે ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીએ અભિપ્રાય આપેલો છે.

(૨) તેનું મુદ્રણ અંગેનું અંદાજી ખર્ચ રૂા. ૩,૦૦૦ થાય તેમ છે. લેખિકાને આપવાના મહેનતાણા સાથે અંદાજી ખર્ચ કુલ રૂા. ૫,૮૦૦ થાય તેમ છે.)

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, શ્રીમતી ઇલા વિજ્યકરના લખાણ "મિસર અને પશ્ચિમ એશિયાની પ્રાચીન સંસ્કૃતિઓ"નું પ્રકાશન યુનિવર્સિટીએ હાથ પર લેવું નહીં.

વધુમાં સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, જો તેમને સદરહુ પ્રકાશન માટે યુનિવર્સિટી સહાય સ્વીકાર્ય હોય તો તેમની અનુમતિ આવ્યેથી રૂા. ૫૦૦ (અંકે રૂપિયા પાંચસો)ની આર્થિક સહાય, પ્રકાશન બહાર પડયેથી, નીચેની શરતોએ આપવી:

(૧) પ્રસ્તુત સહાયનો પ્રસ્તાવનામાં ઉલ્લેખ કરવામાં આવે;

(૨) મુખપૃષ્ઠ પર "ગુજરાત યુનિવર્સિટીની સહાયથી પ્રકાશિત" એમ છપાવવામાં આવે;

(૩) પ્રકાશનની ૧૦ નકલ યુનિવર્સિટીને આપવામાં આવે; અને

(૪) પ્રકાશનની વેચાણકિંમત યુનિવર્સિટીની મંજૂરી મેળવીને નક્કી કરવામાં આવે.

૧૨. "વસંતવિલાસ" પુસ્તકના પુનર્મુદ્રણ માટે આર્થિક સહાય આપવા માટે તેના લેખક શ્રી. કાંતિલાલ બી. વ્યાસની વિનંતી પરત્વે વિચારણા કરવા બાબત.

(નોંધ.—(૧) સદરહુ પ્રકાશનનું મુદ્રણ ખર્ચ રૂા. ૪,૫૦૦ જણાવેલ છે, જે પૈકી ૧/૩ જેટલી સહાય માટે શ્રી. વ્યાસે વિનંતી કરેલ છે.

(૨) ભાષા-સાહિત્ય ભવનના અધ્યક્ષશ્રીનો અભિપ્રાય નીચે મુજબ છે:

"વસંતવિલાસ"નું પ્રો. કાંતિલાલ વ્યાસનું સંપાદન એ ઊંચા વિદ્યાકીય ધોરણોએ કરેલું સંપાદન છે. યુનિવર્સિટી જેવી સંસ્થાની આર્થિક સહાયને એ પાત્ર છે.

માત્ર પુનર્મુદ્રણ માટે સહાય પ્રાપ્ત થઈ શકે કે કેમ તે યુનિવર્સિટીએ જોવાનું છે.)

આથી આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે કે, "વસંતવિલાસ"ના પુનર્મુદ્રણ માટે ડૉ. કે. બી. વ્યાસની આર્થિક સહાય આપવા અંગેની વિનંતી સ્વીકારવી નહિ.

૧૩. પ્રા. બિપિન ઝવેરી કૃત "સપ્ત સમીક્ષા"ના પ્રકાશન અર્થે સહાય આપવા માટે તેમણે કરેલી વિનંતી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—સદરહુ વિવેચનલેખોને ન્યાયતપાસી જનાર નિષ્ણાતે નીચે પ્રમાણે અભિપ્રાય આપેલો છે:

"આ પુસ્તકમાં સામાન્ય અને પ્રાથમિક જેવાં ગણી શકાય તેવાં લખાણો સમાવિષ્ટ છે. યુનિવર્સિટી જેવી સંસ્થાએ આવા પુસ્તક અંગે કંઈ કરવાપણું હોય નહિ એવું મારું માનવું છે.)

આથી આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે કે, પ્રા. બિપિન ઝવેરીની "સપ્ત સમીક્ષા"ના પ્રકાશન માટે આર્થિક સહાય આપવા અંગેની વિનંતી સ્વીકારવી નહિ અને તેમને હસ્તપ્રત પરત કરવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

તા. ૫-૧૦-૧૯૬૬

ફૂ. ઉ. પંડ્યા
રજિસ્ટ્રાર વતી.

પરિશિષ્ટ "ચ"
કામકાજ ક્રમાંક ૩૫

સ્ટાફના વહીવટી પ્રશ્નો ઉપર વિચારણા કરવા અંગે સિન્ડિકેટે નીમેલી સ્થાયી સમિતિની એક સભા યુનિવર્સિટી કાર્યાલયમાં તા. ૩૦-૯-૧૯૬૬ના રોજ ૧૨-૦૦ વાગ્યે મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી :

૧. શ્રી. લાલભાઈ ૨. દેસાઈ, ઉપકુલપતિશ્રી	હાજર
૨. ડિરેક્ટર ઑફ એજ્યુકેશન	ગેરહાજર
૩. આચાર્ય રૉ. વાય. જી. નાયક	હાજર
૪. શ્રી. રણજિતરામ ગં. શાસ્ત્રી	હાજર
૫. આચાર્ય એમ. સી. દેસાઈ	ગેરહાજર
૬. રૉ. વાસુદેવ એન. ત્રિપાઠી	હાજર
૭. શ્રી. કં. ચં. પરીખ, રજિસ્ટ્રાર	હાજર.

૧. યુનિવર્સિટી પ્રેસમાં વિભાગીય વડાની જવાબદારી અને કામગીરી સોંપવા અંગે યુનિવર્સિટી પ્રેસના વ્યવસ્થાપકના તા. ૨૦-૫-૧૯૬૬ના પત્રાંક ૨૮૦ તથા યુનિવર્સિટી પ્રેસમાં વધુ એક મદદનીશ પ્રેસ-મૅનેજર, હેડ પ્રૂફરીડર, ફોરમેન-કમ-મિકેનિક, હેલ્પર-કમ-ઑફિસબોય તથા ત્રણ હેલ્પરોની જગ્યાઓ ઊભી કરવા અંગે તેઓના તા. ૧૯-૫-૧૯૬૬ના પત્રાંક ૨૭૧ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, પ્રેસના કામકાજ અંગે રિપોર્ટ કરવા સિન્ડિકેટે તેની તા. ૧૭-૯-૧૯૬૬ની સભામાં કાર્યાલયને જણાવ્યું છે તેના સંદર્ભમાં સદરહુ બાબત તપાસીને તે અંગેનો રિપોર્ટ પણ સંકલિત રીતે રજૂ કરવા માટે કાર્યાલયને જણાવવું.

૨. યુનિવર્સિટી વિજ્ઞાન ભવનના રસાયણ વિભાગ માટે બે લેબોરેટરી આસિ. અને લેબોરેટરી હમાલની નવી જગ્યાઓ ઊભી કરવા અંગે વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષના તા. ૧૩-૬-૧૯૬૬ના પત્રાંક જી.યુ.પી.પી.સી.એચ. ૨૧૩-૧૪૦ ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણ વિભાગ માટે એક લેબોરેટરી આસિસ્ટન્ટ અને એક પટાવાળાની કાયમી જગ્યાઓ અનુક્રમે રૂા. ૭૫-૫-૧૦૦-૮-૧૮૦ ઇ.બી. ૧૦-૨૫૦ તથા રૂા. ૪૦-૨-૬૦ના પગારધોરણમાં ઊભી કરવી.

૩. યુનિવર્સિટી કાર્યાલયના ડેપ્યુટી એકાઉન્ટન્ટ(ઑડિટ)ની જગ્યા માટે સ્થાયી સમિતિની તા. ૨૭-૭-૧૯૬૬ની સભામાં આ જગ્યાની લાયકાતનું ધોરણ નીચે પ્રમાણે [illegible] ઠરાવ્યું હતું. પરંતુ સિન્ડિકેટે તેની તા. ૧૩-૮-૧૯૬૬ની સભામાં આ બાબત ફેરવિચારણા [illegible]લી હોવાથી તે અંગે વિચારણા કરવા બાબત.

લાયકાતના ધોરણ માટે નીચે પ્રમાણે ભલામણ કરવામાં આવી હતી :

Master's degree in Commerce with at least 7 years' experience of office work.

or

Bachelor's degree of Commerce in Second Class with at least 7 years' experience of office work.

or

Bachelor's degree in Commerce with 10 years' experience of office work.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, હિસાબ વિભાગના ડેપ્યુટી એકાઉન્ટન્ટ તથા ડેપ્યુટી એકાઉન્ટન્ટ(ઑડિટ)ની જગ્યાનું લાયકાતનું ધોરણ નીચે પ્રમાણે રાખવું :

A Chartered Accountant

or

A Master's degree in Commerce preferably with Accountancy and at least 7 years' experience of office work.

or

Bachelor's degree in Commerce in Second Class preferably with Accountancy and at least 7 years' experience of office work.

or

Bachelor's degree in Commerce, preferably with Accountancy and at least 10 years' experience of office work.

૪. સિન્ડિકેટે તેની તા. ૨/૩-૭-૧૯૬૬ની સભાના ઠરાવ નં. ૩૬થી નીચેની બાબત આ સમિતિની વિચારણા માટે મોકલી હોવાથી તે અંગે વિચારણા કરવા બાબત :

"કન્ટ્રોલર ઑફ એક્ઝામિનેશન" અને "ડેપ્યુટી રજિસ્ટ્રાર (ફાઈનાન્સ અને એકાઉન્ટ્સ)" એ બે નવી જગ્યાઓ યુનિવર્સિટી કાર્યાલયમાં ઊભી કરવા અને તે જગ્યા માટેનાં લાયકાત અને પગારધોરણ નક્કી કરવા માટે સ્થાયી સમિતિને જણાવવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, રજિસ્ટ્રાર, ડેપ્યુટી રજિસ્ટ્રાર, ડિરેક્ટર ઑફ ફિઝિકલ એજ્યુકેશન અને ગ્રંથપાલની જગ્યાઓ માટેનાં પગારધોરણો અંગે વિચારણા કરીને ઘટતી ભલામણ કરવા માટે સ્ટાફ અંગેની સ્થાયી સમિતિને જણાવવું.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત વધુ વિચારણા માટે તા. ૭-૧૦-૧૯૬૬ના રોજ આ સમિતિની સભા ફરીથી બોલાવવી.

૫. યુનિવર્સિટીના કેટલાક ત્રીજા અને ચોથા વર્ગના કર્મચારીઓની પગારધોરણ સુધારવા, રહેઠાણની સવલત આપવા અંગે તા. ૨૫-૭-૧૯૬૬ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, યુનિવર્સિટીના કેટલાક ત્રીજા અને ચોથા વર્ગના કર્મચારીઓનાં પગારધોરણ સુધારવા તથા રહેઠાણની સવલતો આપવા અંગેની તા. ૨૫-૭-૧૯૬૬ની અરજી નામંજૂર કરવી.

૬. યુનિવર્સિટી તરફથી જે કર્મચારીઓને રેન્ટ-ફ્રી ક્વાર્ટર્સ આપવામાં આવેલાં છે તેઓની પાસેથી સર્વિસ ચાર્જ વસૂલ કરવામાં આવે છે તેવા કર્મચારીઓને સર્વિસ ચાર્જમાંથી મુક્તિ આપવા અંગે એસ્ટેટ સુપરિન્ટેન્ડન્ટની તા. ૧૭-૬-૧૯૬૬ની નોંધ ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, જે કર્મચારીઓને રેન્ટ-ફ્રી ક્વાર્ટર્સ આપવામાં આવ્યાં છે તેઓની પાસેથી યુનિવર્સિટીનાં ધારાધોરણ પ્રમાણે સર્વિસ ચાર્જીઝ વસૂલ લેવામાં આવે.

૭. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનમાં વર્કશોપ માટે એક રેફ્રિગેરેશન મિકેનિકની કાયમી જગ્યા રૂા. ૧૫૦-૨૦-૨૫૦ના પગારધોરણમાં ઊભી કરવા અંગે વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષના તા. ૨૭-૪-૧૯૬૬ના પત્રાંક જી.યુ. બોટાની ૨૦-૧૨૮-૧૯૬૬ ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનમાં રેફ્રિગેરેશન મિકેનિકની જગ્યા ઊભી કરવાનું અધ્યક્ષનું સૂચન નામંજૂર કરવું, પરંતુ યુનિવર્સિટી કાર્યાલય તથા બીજાં ભવનોમાં વૉટર-કૂલર, એરકન્ડિશન મશીનો તથા રેફ્રિગેરેશન પ્લાન્ટ માટે વાર્ષિક કૉન્ટ્રાક્ટ માટે ટેન્ડરો મગાવવાનું રાખવું.

૮. વિજ્ઞાન વિદ્યાભવનમાં એક ઑફિસ સુપરિન્ટેન્ડન્ટ અને એક જુનિયર ક્લાર્કની જગ્યાને સીનિયર ક્લાર્કની જગ્યામાં ફેરવવા તથા એક ગુજરાતી ટાઇપિસ્ટની જગ્યા ઊભી કરવા અધ્યક્ષના તા. ૩-૯-૧૯૬૬ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, વિજ્ઞાન વિદ્યાભવન માટે ઑફિસ સુપરિન્ટેન્ડન્ટ, એક જુનિયર ક્લાર્કની જગ્યા સીનિયર ક્લાર્કની જગ્યામાં ફેરવવા અંગે તથા એક ટાઇપિસ્ટની જગ્યા ઊભી કરવાનું સૂચન નામંજૂર કરવું, પરંતુ અધ્યક્ષને જણાવવું કે, હાલ જે સ્ટાફ છે તેમાંથી એક ક્લાર્ક-ટાઇપિસ્ટ રસાયણ વિભાગમાં, તથા એક ક્લાર્ક-ટાઇપિસ્ટ ભૌતિક ભવનમાં ફેરવવામાં આવે.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે, યુનિવર્સિટી તરફથી સંશોધન અંગેની જે યોજનાઓ વિભાગો તરફથી લેવામાં આવે તે અંગેના સ્ટાફનું ખર્ચ જે તે યોજના ખાતે પાડવાનું રાખવું.

૯. યુનિવર્સિટીના રહેઠાણમાં રહેતા ચોથા વર્ગના કર્મચારીઓ પાસેથી સર્વિસ ટેક્ષ માફ કરવા બાબતની તેમની તા. ૧૦-૩-૧૯૬૬ની સંયુક્ત અરજી પર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, ચોથા વર્ગના કર્મચારીઓ પાસેથી યુનિવર્સિટીનાં ધારાધોરણ પ્રમાણે સર્વિસ ચાર્જીઝ માફ કરવા અંગેની કર્મચારીઓની તા. ૧૦-૩-૧૯૬૬ની અરજી નામંજૂર કરવી.

૧૦. પ્રકાશન વિભાગમાં જુનિયર ક્લાર્કની જગ્યા પર કામ કરતા શ્રી. અનિલ કે. શાહ તથા શ્રી. જે. એન. ભટ્ટની ઓવરટાઇમ કામ આપવા અંગેની તા. ૨૫-૭-૧૯૬૬ની અરજીના સંદર્ભમાં વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, પ્રકાશન વિભાગમાં જુનિયર ક્લાર્કની જગ્યા પર કામ કરતા શ્રી. અનિલ કે. શાહ તથા શ્રી. જે. એન. ભટ્ટની તા. ૨૫-૭-૧૯૬૬ની અરજી નામંજૂર કરવી.

૧૧. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનમાં ભૌતિક વિભાગમાં એક ટેકનિકલ આસિસ્ટન્ટની જગ્યા રૂા. ૨૫૦-૧૫-૪૦૦ના પગારધોરણમાં ઊભી કરવા અંગે વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષના પત્રાંક ફિઝિક્સ-યુ. ૪-૬૬-૬૭-૨૧-૮૫, તા. ૫-૭-૧૯૬૬ અને તા. ૫-૯-૧૯૬૬ના પત્રો ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનના ભૌતિક વિભાગ માટે ટેકનિકલ આસિસ્ટન્ટની રૂા. ૨૫૦-૧૫-૪૦૦ના પગારધોરણમાં જગ્યા ઊભી કરવા અંગે અધ્યક્ષનું તા. ૫-૭-૧૯૬૬ તથા તા. ૫-૯-૧૯૬૬નું સૂચન નામંજૂર કરવું.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ભૂ. મ. પટેલ
રજિસ્ટ્રાર વતી.

પરિશિષ્ટ "છ"
કામકાજ ક્રમાંક ૪૬

ફાઇનાન્સ સમિતિની સભા તા. ૨૯-૯-૧૯૬૬ના રોજ સાંજના ૪-૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભ્યોની હાજરી નીચે મુજબ હતી :

૧. ઉપકુલપતિશ્રી	હાજર
૨. ડૉ. એ. એમ. ત્રિવેદી	હાજર
૩. શ્રી. એમ. પી. પંડ્યા	ગેરહાજર
૪. શ્રી. એમ. સી. દેસાઈ	ગેરહાજર.

૧. આ સમિતિની તા. ૨૪-૮-૧૯૬૬ની નોંધ મંજૂર કરવા બાબત.

આ સમિતિની નોંધને બહાલી આપવામાં આવી અને તે પર ઉપકુલપતિશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટી તથા બીજા વિભાગો માટે મંગાવવામાં આવતાં ટેન્ડરો સામે લેવામાં આવતી ડિપૉઝિટ કયા ધોરણે રાખવી તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ટેન્ડરો સામે લેવામાં આવતી ડિપૉઝિટની હાલની પ્રથા ચાલુ રાખવી. આ અંગે કોઈ નિયમો કરવાની જરૂર જણાતી નથી.

૩. યુનિવર્સિટી કાર્યાલયની લિફ્ટનો વાર્ષિક સર્વિસ કૉન્ટ્રાક્ટ કરવા અંગેની વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કાર્યાલયની લિફ્ટનો વાર્ષિક સર્વિસ કૉન્ટ્રાક્ટ ઓટિસ એલેવેટર કંપનીને માસિક રૂા. ૯૫ પ્રમાણે આપવો.

૪. ભવન માટે જરૂરી સાધનો તથા કેમિકલ્સ માન્ય વેપારીઓ પાસેથી જ ભાવ મંગાવી ખરીદવા અંગેના વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષના તા. ૯-૯-૧૯૬૬ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષશ્રીએ ભવન માટે જરૂરી સાધનો તથા કેમિકલ્સ માન્ય વેપારી પાસે ભાવ મંગાવી ખરીદવા અંગે કરેલી ભલામણો નામંજૂર કરવી. પરંતુ હવેથી રૂા. ૫,૦૦૦ સુધીની ખરીદી માટે ટેન્ડરો ન મગાવતાં પત્રવ્યવહારથી ભાવ મંગાવી ખરીદ કરવું તેથી વધુ રકમ માટે છાપામાં જાહેરાત આપી ટેન્ડર મગાવવા. ઉપરાંત ભવનના બધા જ વિભાગ માટે જરૂરી સાધનસામગ્રી ખરીદવા સહુની માગણીઓ સંકલિત કરી એક સામૂહિક ટેન્ડર તૈયાર કરીને જાહેર-ખબર આપવાનું રાખવું.

૫. યુનિવર્સિટી ગ્રંથાલયનાં સામયિકો તથા પુસ્તકો બાંધવા માટે મંગાવેલા ભાવો તપાસી નિકાલ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રંથાલયનાં સામયિકો તથા પુસ્તકો બાંધવા નીચેના વેપારીઓનાં ટેન્ડરો મંજૂર કરવાં :

૧. યુનાઇટેડ બુક બાઇન્ડિંગ વર્ક્સ, અમદાવાદ.	પાકા પૂંઠામાં પીઠ તથા ખૂણા ચામડાના અને બાકીના ભાગમાં છીંટ તથા સોનેરી લેટરિંગ સાથે રૂા. ૧૦-૫૦ નંગના (અંગ્રેજી લેધર)	સળંગ કાપડમાં સોનેરી લેટરિંગ સાથે રૂા. ૬-૦૦ નંગના (પહેલી જાતના)
૨. હરિ પ્રિન્ટરી, અમદાવાદ.	સળંગ છીંટમાં જૂનાં પુસ્તકો (રૂા. ૧/- નંગના)	
૩. શમ્મીર બુક બાઇન્ડિંગ વર્ક્સ, અમદાવાદ	સળંગ છીંટમાં યુનિવર્સિટી પ્રશ્નપત્રો (રૂા. ૧-૩૧ નંગના)	

૬. વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણવિજ્ઞાન વિભાગ માટે વૈજ્ઞાનિક સાધનો અને ગ્લાસવેર ખરીદવા માટે મંગાવેલા ભાવો તપાસી નિકાલ કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણવિજ્ઞાન વિભાગ માટે વૈજ્ઞાનિક સાધનો અને ગ્લાસવેર સાથેના પરિશિષ્ટમાં* બતાવ્યા પ્રમાણે ખરીદવાં.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ભૂ. મ. પટેલ
રજિસ્ટ્રાર વતી.

---

* પરિશિષ્ટ સામેલ નથી.

પરિશિષ્ટ "બ":
કાર્યક્રમ ક્રમાંક ૪૦(૧)

ક્રમાંક	કૉલેજનું નામ	આવર્તક ગ્રાન્ટની રકમ રૂા.	૧૯૧૩-૧૪ના વર્ષ માટેની આવર્તક ગ્રાન્ટની રકમ રૂા.	૧૯૧૪-૧૫ના વર્ષ માટેની આવર્તક ગ્રાન્ટની રકમ રૂા.	૧૯૧૫-૧૬ના વર્ષ માટેની આવર્તક ગ્રાન્ટની રકમ રૂા.
૧	૨	૩	૪	૫	૬
૧.	કે. એચ. ભાખવાણી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, પોરબંદર	૪,૮૭૧-૦૦	—	—	૧૦,૬૩૨-૦૦
૨.	એચ. એન્ડ એચ. બી. કોટક સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, રાજકોટ	૧૨,૫૦૦-૦૦	૫,૧૬૨-૦૦	—	—
૩.	ગુજરાત કૉલેજ, અમદાવાદ	—	૩,૭૭૨-૦૦	—	—
૪.	સિટી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	—	—	૧૦,૬૦૦-૦૦	—
૫.	એમ. પી. શાહ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, સુરેન્દ્રનગર	—	૫,૯૭૦-૦૦	—	—
૬.	ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ એન્ડ એ. એમ. પી. લૉ કૉલેજ, રાજકોટ	—	૭,૨૩૬-૦૦	—	—
૭.	મહાબુદ્દીન કૉલેજ, જૂનાગઢ	—	૪,૦૨૬-૦૦	૧૩,૨૨૩-૦૦	—
૮.	ડી. કે. વી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, જામનગર	—	૨,૧૬૫-૦૦	—	—

૧	૨	૩	૪	૫	૬
૯.	કમાણી સાયન્સ કૉલેજ અને પ્રતાપરાય આર્ટ્સ કૉલેજ, અમરેલી	—	—	—	૧૫,૦૦૦-૦૦
૧૦.	મહારાજા શ્રી. મહેન્દ્રસિંહજી સાયન્સ અને યુ. એન. મહેતા આર્ટ્સ કૉલેજ, મોરબી	—	—	—	૧૫,૦૦૦-૦૦
૧૧.	શ્રી. એમ. પી. શાહ મ્યુનિ. કૉમર્સ એન્ડ લૉ કૉલેજ, જામનગર	—	—	—	૫,૬૦૫-૦૦
૧૨.	એમ. જે. કૉમર્સ કૉલેજ, ભાવનગર	—	૧,૪૨૨-૦૦	—	—
૧૩.	એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજ, સુરત	—	—	—	૧૨,૫૦૦-૦૦
૧૪.	શ્રી. જયેન્દ્રપુરી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભરૂચ	—	—	—	૧૧,૪૨૩-૦૦
૧૫.	એસ. બી. ગાર્ડા કૉલેજ, અને બી. પી. બારિયા સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, નવસારી	—	—	—	૧૫,૦૦૦-૦૦
૧૬.	શ્રી. રજની પારેખ આર્ટ્સ અને શ્રી. કે. બી. કૉમર્સ કૉલેજ, ખંભાત	—	—	—	૧૨,૫૦૦-૦૦
૧૭.	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ડભોઈ	—	—	—	૧૫,૦૦૦-૦૦
૧૮.	શેઠ પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા	—	—	—	૧૫,૦૦૦-૦૦
૧૯.	પેટલાદ કૉલેજ, પેટલાદ	—	—	—	૯,૮૩૦-૦૦
૨૦.	જે. એન્ડ જે. સાયન્સ કૉલેજ અને સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદ	—	—	—	૧૩,૯૮૩-૦૦

૧	૨	૩	૪	૫	૬
૨૧.	આઈ. વી. પટેલ કૉમર્સ કૉલેજ, નડિયાદ	—	—	—	૩,૭૩૯-૦૦
૨૨.	કલોલ મ્યુનિ. આર્ટ્સ કૉલેજ, કલોલ (ઉ. ગુ.)	—	—	—	૪,૭૦૭-૦૦
૨૩.	પારેખ બ્રધર્સ સાયન્સ અને શાહ કે. એસ. આર્ટ્સ કૉલેજ, કપડવંજ	—	—	—	૧૫,૦૦૦-૦૦
૨૪.	એલ. એચ. સાયન્સ અને એસ. ડી. આર્ટ્સ કૉલેજ, માણસા	—	—	—	૧૪,૪૮૧-૦૦
૨૫.	ઉમેદરાય પંચાલ આર્ટ્સ અને સર્વોદય સાયન્સ કૉલેજ, પિલવાઈ	—	—	—	૧૫,૦૦૦-૦૦
૨૬.	શેઠ એમ. એન. સાયન્સ કૉલેજ, એન્ડ શ્રી. અને શ્રીમતી પી. કે. કોટાવાલા આર્ટ્સ કૉલેજ, પાટણ (ઉ.ગુ.)	—	—	—	૧૫,૦૦૦-૦૦
૨૭.	શેઠ એચ. પી. આર્ટ્સ અને એસ. એમ પંચાલ સાયન્સ કૉલેજ, તલોદ	—	—	—	૧૫,૦૦૦-૦૦
૨૮.	સર પી. ટી. સાયન્સ અને શ્રી. એસ. કે. અને શ્રીકૃષ્ણ એ. એમ. આર્ટ્સ કૉલેજ, મોડાસા	—	—	—	૧૫,૦૦૦-૦૦
૨૯.	એમ. એન. કૉલેજ, વીસનગર (ઉ.ગુ.)	૫,૫૫૪-૦૦	—	—	—
૩૦.	સર પી. પી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, ભાવનગર	—	૫૮૫-૦૦	૫,૭૩૨-૦૦	—

પરિશિષ્ટ "ઝ"
કામકાજ ક્રમાંક ૪૪

બાંધકામ સમિતિની એક સભા તા. ૨૬-૯-૧૯૬૬ને સોમવારના રોજ સાંજના ૪-૦૦ વાગ્યે ઉપકુલપતિશ્રીના પ્રમુખપદે મળી હતી. સદરહુ સભાએ નીચે પ્રમાણે ભલામણો કરેલ છે :

૧. આથી ઠરાવવામાં આવે છે કે, હેલ્થ સેન્ટરના મકાનની આસપાસ તારની વાડ કરવાનું કામ મે. ઓલ્વિન કોંક્રીટ બ્લોક્સ એન્ડ ટાઇલ્સ મેન્યુ. કંપનીને તેમના, યુનિવર્સિટી કાર્યાલયની આજુબાજુ ફેન્સિંગ કરવાના ભાવથી આપવાનું ઉપકુલપતિશ્રીએ મંજૂર કર્યું તે કાર્યની નોંધ લેવી.

૨. આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી ગ્રંથાલયના મકાનની અગાશી ઉપર જો જરૂર જણાય તો જ વૉટરપ્રૂફિંગના કંટ્રાક્ટીને પૂછીને સરેરાશ ૩" જાડો રોડા કોંક્રેટ કરવાનો પ્રસ્તાવ મંજૂર કરવો. વધુમાં ઠરાવવામાં આવે છે કે, આ માટેની જરૂરિયાત તપાસી શ્રી. ગિરીશચન્દ્ર દેસાઈને આ અંગે યોગ્ય કરવાની સત્તા આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૩. આથી ઠરાવવામાં આવે છે કે, રટાફ ક્વાર્ટર્સના કંટ્રાક્ટી મે. કે. બી. મહેતાના બિલમાંથી સિમેન્ટની ખાલી થેલી અંગેના પ્રશ્ન બાબતમાં કરારનામાની કલમના અન્વયે આ અંગે લવાદ તરીકે સ્થપતિ શ્રી. એલ. કે. નંદવાણા અથવા શ્રી. એલ. ડી. આશરપોટા, એ બેમાંથી પસંદગી માટે કંટ્રાક્ટીને પૂછી ગમે તે એકની નિમણૂક કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૪. આથી ઠરાવવામાં આવે છે કે, ટીચર્સ હૉસ્ટેલના સ્થપતિ શ્રી. હસમુખ સી. પટેલને મહેનતાણા પેટે પ્રથમ ચાર બ્લૉક્સની કિંમત ઉપર ત્રણ ટકા તથા બાકીના તેવા જ બાંધકામની (રિપીટેશન) કિંમત ઉપર ૧½ ટકા લેખે ગણીને મહેનતાણું આપવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૫. આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી ગ્રંથાલયની અગાશી ઉપર વૉટરપ્રૂફિંગના માટે મે. ગ્લેસ્ટન વાયર એન્ડ કંપની તથા શાલિમાર ટાર પ્રોડક્ટ્સને વૉટરપ્રૂફિંગ નીચે રોડા કોંક્રેટ કરવો કે નહિ તે વિષે લખી પુછાવવું અને તે બન્નેને તેની જરૂર જણાય તો સૌથી ઓછા ભાવ ટાંકનાર પેઢી મે. શાલિમાર ટાર પ્રોડક્ટ્સનો રૂા. ૪૯-૫૦ દર ૧૦૦ ચો. ફૂ. દીઠનો ટેન્ડરભાવ મંજૂર કરવા તથા તેઓનું રૂા. ૫,૬૪૦નું ટેન્ડર મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૬. આથી ઠરાવવામાં આવે છે કે, રેસિડન્ટ પ્રોફેસરના બાંધકામના કંટ્રાક્ટીની કુલ સિકયુરિટી ડિપૉઝિટ ૧૦ ટકાથી વધે નહિ તે રીતે બિલમાંથી રકમ કાપવી. વધુમાં ઠરાવવામાં આવ્યું કે, ટેન્ડરની શરત મુજબ શરૂઆતમાં રૂા. ૨,૦૦૦ રોકડા તથા એકંદરે ટેન્ડરની રકમના ૧૦ ટકા ડિપૉઝિટ થાય ત્યાં સુધી પ્રત્યેક રનિંગ બિલમાંથી ૭½ ટકા પ્રમાણે રકમ કાપવાનું રાખવું.

૭. આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કાર્યાલયના મકાનની બારીઓમાં વાયર ગ્લાસ ફિટ કરાવવાના કામમાં મંજૂર થયેલ ટેન્ડરની રકમ કરતાં રૂા. ૭૮૦નો વધુ ખર્ચ થયો છે તે મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૮. આથી ઠરાવવામાં આવે છે કે, ગ્રંથાલયના બાંધકામના કંટ્રાક્ટી મે. વેસ્ટર્ન ઇન્ડિયાના એન્જિનિયરિંગ કંપનીના બિલમાંથી સિમેન્ટની ખાલી થેલીની રકમ કાપવા તેઓ નાકબૂલ થાય છે અને તેથી આ બાબતનો નિકાલ લાવવા સ્થપતિ શ્રી. એલ. ડી આશરપોટા અથવા શ્રી. નંદવાણા — એ બેમાંથી પસંદગી માટે સદરહુ કંટ્રાક્ટીને પૂછીને તેમની માગણી અનુસાર ગમે તે એકની નિમણૂક કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

પી. ડી. મિશ્રી
રજિસ્ટ્રાર વતી.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ–૯

G.U.P. 892-375-11-66

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની નવેંબર ૧૯૬૬ની સભા, શનિવાર, તા. ૨૬-૧૧-૧૯૬૬ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે, ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન, ઉપકુલપતિ શ્રી. લાલભાઈ ૨. દેસાઈએ લીધું હતું. સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૬-૧૧-૧૯૬૬
૧.	શ્રી. લાલભાઈ રતનજી દેસાઈ, ઉપકુલપતિ	હાજર
૨.	શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૩.	શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	હાજર
૪.	શ્રી. રણજિતરામ ગંગાશંકર શાસ્ત્રી	હાજર
૫.	શ્રી. ધનવદન માણેકલાલ નાણાવટી	હાજર
૬.	ડૉ. વાસુદેવ નટવરલાલ ત્રિપાઠી	હાજર
૭.	ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ	હાજર
૮.	શ્રી. ઘનશ્યામલાલ છોટાલાલ ઓઝા	ગેરહાજર
૯.	શ્રી. ઠાકોરભાઈ મણિભાઈ દેસાઈ	હાજર
૧૦.	શ્રી. બટુભાઈ હરિભાઈ દેસાઈ	હાજર
૧૧.	ડૉ. અશ્વિનકુમાર માધવલાલ ત્રિવેદી	હાજર
૧૨.	શ્રી. મણિશંકર પ્રભાશંકર પંડ્યા	હાજર
૧૩.	પ્રો. બી. આર. શિનોય	હાજર
૧૪.	આચાર્ય ચિમનભાઈ જે. પટેલ	હાજર
૧૫.	આચાર્ય મુકુન્દલાલ છોટાલાલ દેસાઈ	હાજર
૧૬.	આચાર્ય યશવંતરાય ગુલાબભાઈ નાયક	હાજર
૧૭.	આચાર્ય વિશ્વનાથ રામચંદ્ર રણદીવે	હાજર

૧. તા. ૮-૧૦-૧૯૬૬ના રોજ મળેલ સિન્ડિકેટની સભાના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૮-૧૦-૧૯૬૬ના રોજ મળેલી સિન્ડિકેટની ૧૯૬૬ના ઑકટોબર માસની સભાના કામકાજની નોંધ, નીચેના સુધારા સાથે મંજૂર કરવામાં આવી, તથા તે પર પ્રમુખશ્રીએ સહી કરી :

તા. ૮-૧૦-૧૯૬૬ના રોજ મળેલી સિન્ડિકેટની સભાના કામકાજની નોંધમાં, બાબત નં. ૩૫ અંગેના પરિશિષ્ટમાં, ભલામણ નં. ૫માં નીચે મુજબ ઉમેરો કરવો :

"વધુમાં ઠરાવવામાં આવ્યું કે, મોંઘવારી ભથ્થાને પગારધોરણમાં ભેળવી દેવું એ નીતિવિષયક પ્રશ્ન હોઈ આ અંગે સિન્ડિકેટ નિર્ણય લે તે માટે આ સમિતિ ભલામણ કરે છે."

૨. પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ કૉલેજ, અમદાવાદ, તરફથી જૂન ૧૯૬૭થી વિજ્ઞાનની વિદ્યાશાખાના પ્રથમ વર્ષ બી.એસસી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ આપવા આવેલ અરજી પર રજૂ થયેલ ઠરાવ સેનેટની તા. ૧૫/૧૬-૧૦-૧૯૬૬ની સભાએ સિન્ડિકેટની પુનર્વિચારણા માટે મોકલેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩. સર પી. ટી. સાયન્સ એન્ડ શ્રી. એસ. કે. શાહ એન્ડ શ્રીકૃષ્ણ એ. એમ. આર્ટ્સ કૉલેજ, મોડાસામાં અંગ્રેજીનો જુનિયર સર્ટિફિકેટ કોર્સ શરૂ કરવા અંગે આવેલ અરજી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—આ અભ્યાસક્રમના શિક્ષણ માટે નીચે જણાવેલ માન્ય શિક્ષકો તે કૉલેજના શિક્ષકગણમાં છે :

ક્રમાંક	શિક્ષકનું નામ	તે શિક્ષકની પદવી, વિષય અને વર્ષ	પદ
૧.	શ્રી. પી. જે. સોની	એમ.એ., બીજો વર્ગ અંગ્રેજી	અધ્યાપક
૨.	શ્રી. એમ. કે. પટેલ	એમ.એ., પાસ વર્ગ	અધ્યાપક
૩.	શ્રી. રામબિલાસ સિંહ	એમ.એ. પાસ વર્ગ	ટ્યૂટર.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજને અંગ્રેજીનો જુનિયર સર્ટિફિકેટ કોર્સ શરૂ કરવા માટે પરવાનગી આપવી.

૪. શ્રી. મહારાજા રાજેન્દ્રસિંહજી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, રાજપીપળાને યોગ્ય લાયકાત ધરાવતા સંસ્કૃતના ટ્યૂટર મળતા નહિ હોવાથી શ્રી. વી. એમ. પુરોહિતની ખંડ સમયના સંસ્કૃતના ટ્યૂટર તરીકેની કરેલ નિમણૂકને માન્ય કરવા અંગેની સદરહુ કૉલેજના આચાર્યશ્રી તરફથી આવેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. પુરોહિત નીચે પ્રમાણેની શૈક્ષણિક લાયકાત ધરાવે છે :

પદવી : અલંકાર
વર્ગ : બીજો
વિષય : વ્યાકરણશાસ્ત્ર

પદવી મેળવ્યાનું વર્ષ : શક ૧૮૬૮

યુનિવર્સિટી : શ્રીમાન સયાજીરાવ મહારાજા સંસ્થાપિત શ્રી રાજકીય સંસ્કૃત મહાવિદ્યાલય, વડોદરા

(એમ. એસ. યુનિ., વડોદરા)

શૈક્ષણિક અનુભવ નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત અંગે યુનિવર્સિટીના ભાષા-સાહિત્ય ભવનના સંસ્કૃત વિભાગનો અભિપ્રાય મેળવીને તે અંગે ઘટતો નિર્ણય કરવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૫. શ્રી. ગજાનન શાસ્ત્રીને સંસ્કૃતના ટ્યૂટર તરીકે માન્ય કરવા અંગેની તેમની વિનંતી પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—(ક) તેઓની શૈક્ષણિક પાત્રતા નીચે પ્રમાણે છે :

(૧) સાહિત્યાચાર્ય : કિલ્લા પારડી, સ્વાધ્યાય મંડળ, શ્રેણી ૧.

(૨) કાવ્યતીર્થ : બંગાળ એસોસિયેશન, કલકત્તા, શ્રેણી ૨.

(૩) સાહિત્યશાસ્ત્રી : બનારસ

(૪) ધર્મશાસ્ત્રી-વિશારદ

(૫) એસ. ટી. સી., સંસ્કૃત-હિંદી : ગુ. યુ.

વળી, ૩૦ વર્ષથી સંસ્કૃત શીખવી રહ્યા છે.

(ખ) આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, વલસાડના આચાર્યશ્રી તરફથી આ અંગે આવેલ અરજી પરત્વે વિદ્યાશાખાના ડીન અને સંસ્કૃતની અભ્યાસસમિતિના અધ્યક્ષના અભિપ્રાયને અનુલક્ષીને આ નિમણૂક માન્ય રાખી ન હતી.]

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વિનંતી મંજૂર કરવી નહિ.

૬. ઑર્ડિ. ૨૭૨ અને ૨૭૨-એ અનુસાર ભારતીય આરોગ્ય નિધિ ગ્રુપ ઑફ હૉસ્પિટલ્સ, પાટણને ફરજિયાત રેટેટિંગ હાઉસમેનશિપ માટે માન્યતા આપવા અંગે અમદાવાદની બી. જે. મેડિકલ કૉલેજના ડીનના પત્રાંક ૨-આર. સી.-૧૫૫૩૦થી આવેલા સૂચન ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત અંગે સ્થાનિક તપાસ કરીને રિપોર્ટ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની બનેલી તપાસસમિતિ નીમવી :

(૧) ડૉ. જયંત બી. હરિભક્તિ

(૨) ડૉ. કે. આર. શ્રોફ.

૭. સિવિલ હૉસ્પિટલ, અમરેલીને રેટેટિંગ હાઉસમેનશિપ માટે માન્યતા આપવા અંગે એમ. પી. શાહ મેડિકલ કૉલેજના ડીને તેમના તા. ૧૮-૧૦-૧૯૬૬ના પત્રાંક ૧૨૦૪૨થી જણાવ્યું હોઈ તે અંગે તપાસ કરી રિપોર્ટ કરવા સારુ સ્થાનિક તપાસસમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત અંગે સ્થાનિક તપાસ કરીને રિપોર્ટ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની બનેલી તપાસસમિતિ નીમવી :

(૧) ડૉ. એસ. એમ. સેન

(૨) ડૉ. પી. એલ. શાહ.

૮. ૧૯૬૫-૬૬ના વર્ષનો ૧૬મો વાર્ષિક અહેવાલ તૈયાર કરવા માટે સમિતિની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત અંગે નીચેના સભ્યોની બનેલી સમિતિ રચવી :

(૧) ઉપકુલપતિશ્રી
(૨) શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ
(૩) આચાર્ય ડૉ. ય. ગુ. નાયક
(૪) શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી
(૫) આચાર્ય એમ. સી. દેસાઈ.

૯. કલકત્તા યુનિવર્સિટીના ઉપક્રમે ડિસેંબર ૧૯૬૬ના છેલ્લા સપ્તાહ દરમિયાન કલકત્તા મુકામે મળનાર ૧૦મી અખિલ ભારતીય શ્રમ-અર્થશાસ્ત્રની પરિષદમાં એક પ્રતિનિધિ મોકલવા વિચારણા કરવા બાબત

અને

૫૫. Indian Economic Associationની ૪૯મી વાર્ષિક પરિષદ, કલકત્તા યુનિવર્સિટીના ઉપક્રમે, કલકત્તા મુકામે તા. ૨૬થી ૨૮ ડિસેંબર ૧૯૬૬ દરમિયાન ભરાનાર હોઈ તેમાં હાજરી આપવા માટે આ યુનિવર્સિટીના પ્રતિનિધિની નિમણૂક કરવા સદરહુ સંસ્થાના માનદ મંત્રીશ્રીના તા. ૧ નવેંબર, ૧૯૬૬ના પત્ર પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત(નં. ૯)ની સાથે બાબત નં. ૫૫ની પણ વિચારણા કરવામાં આવી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે, સદરહુ બેઉ પરિષદોમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે, આચાર્ય એમ. સી. દેસાઈને નીમવા.

૧૦. ઇન્ટરનેશનલ કવાયેટ સન ઇયર અંગેની ભારતીય રાષ્ટ્રીય સમિતિ તરફથી નવી દિલ્હી ખાતે રાષ્ટ્રીય ભૌતિકવિજ્ઞાન પ્રયોગશાળામાં તા. ૧૫થી ૧૭ ડિસેંબર ૧૯૬૬ દરમિયાન એક પરિસંવાદ યોજનાર હોઈ તેમાં ભાગ લેવા કોઈ પ્રતિનિધિ મોકલવા કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિ મોકલવા નહિ.

૧૧. ઇન્ડિયન એકેડમી ઑફ પેડિયાટ્રિક્સ તરફથી મદ્રાસ મુકામે તા. ૫થી ૭ જાન્યુઆરી ૧૯૬૭ દરમિયાન ૪થી રાષ્ટ્રીય પરિષદ યોજનાર હોઈ તેમાં યુનિવર્સિટી તરફથી ભાગ લેવા પ્રતિનિધિઓ મોકલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિષદમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિ મોકલવા નહિ.

૧૨. તા. ૧૧-૪-૧૯૬૬ના રોજ અમદાવાદ કેન્દ્ર પર લેવાયેલ એમ.એ., એમ.એસસી.ની પરીક્ષાઓના બપોરના ૩થી ૬ના સમય દરમિયાનના પ્રશ્નપત્રો સમયસર છપાઈને પ્રેસમાંથી ન મળવાને કારણે સદરહુ પ્રશ્નપત્રોની પરીક્ષા મુલતવી રાખવી પડેલી તે અંગે તપાસ કરવા ઉપકુલપતિશ્રીએ નીમેલી તપાસસમિતિના અહેવાલના સંબંધકર્તા ભાગ અંગે પ્રેસ-મેનેજર શ્રી. ડાહ્યાભાઈ પટેલના નિવેદન પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, પ્રેસ-મૅનેજર શ્રી. ડાહ્યાભાઈ હ. પટેલના તા. ૨૦-૫-૧૯૬૬, તા. ૧૧-૧૦-૧૯૬૬ અને તા. ૧૬-૧૧-૧૯૬૬નાં નિવેદનોમાં, યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓ સામે આક્ષેપો કરવામાં આવ્યા છે તે અંગે જે તે કર્મચારીઓના ખુલાસા મંગાવવા, અને તે ખુલાસા આવ્યેથી, તે તપાસીને આ બાબત અંગે સમગ્રપણે પોતાનો રિપોર્ટ તથા ભલામણો રજૂ કરવા માટે ઉપકુલપતિશ્રીએ નીમેલી સમિતિને જણાવવું અને તે સમિતિ પર વધારાના સભ્ય તરીકે આચાર્ય એમ. સી. દેસાઈને નીમવા.

૧૩. માર્ચ-એપ્રિલ ૧૯૬૬માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન પ્રાધ્યિક/પરીક્ષકોના, નિરીક્ષકોના તથા કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો પર વિચારણા કરવા તા. ૨૫-૧૦-૧૯૬૬ના રોજ બપોરના ૩-૩૦ વાગ્યે મળેલી પરીક્ષાશુદ્ધિ સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની તા. ૨૫-૧૦-૧૯૬૬ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની મંજૂર કરવામાં આવેલી ભલામણોની નકલ પરિશિષ્ટ તરીકે સામેલ કરવામાં આવેલી નથી.)

૧૪. જામનગરની એમ. પી. શાહ કૉમર્સ કૉલેજમાં ભણતા વિદ્યાર્થી શ્રી. ભીખુભાઈ પ્રેમજી ભેંસાણિયા ઑક્ટોબર ૧૯૬૫માં તેમના ભાઈ વતી એસ.એસ.સી. બોર્ડની પરીક્ષામાં બેઠા હતા તે અંગે એસ.એસ.સી. બોર્ડના સેક્રેટરી તરફથી આવેલ તા. ૫-૯-૧૯૬૬ના પત્ર અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત અંગે એસ.એસ.સી. બોર્ડના મંત્રીને લખી જણાવવું કે, તે અંગે એસ.એસ.સી. બોર્ડ, પોતાને યોગ્ય લાગે તેવાં પગલાં લઈ શકે છે.

૧૫. રાષ્ટ્રીય કટોકટીને અનુલક્ષીને ત્રીજી એમ.બી.,બી.એસ.ની વધારાની પરીક્ષા જે જુલાઈ અને ડિસેંબર માસમાં લેવાય છે તે હવે આજની પરિસ્થિતિમાં ચાલુ રાખવી કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ત્રીજી એમ.બી.,બી.એસ.ની વધારાની જે બે પરીક્ષાઓ ડિસેંબર-જાન્યુઆરી અને જુલાઈ-ઑગસ્ટમાં લેવામાં આવે છે તે ઑગસ્ટ ૧૯૬૭ પછી લેવાનું બંધ કરવું. આમ થતાં આ વધારાની છેલ્લી પરીક્ષા, જુલાઈ-ઑગસ્ટ ૧૯૬૭માં લેવાશે.

૧૬. એપ્રિલ ૧૯૬૬ અને જુલાઈ ૧૯૬૬માં લેવાયેલ ત્રીજી એમ.બી.,બી.એસ.ની મેડિસિન વિષયની પ્રાયોગિક પરીક્ષાના પરીક્ષકો તરફથી તેમને આપવામાં આવતુ પરીક્ષા અંગેનું મહેનતાણું વિદ્યાર્થી દીઠ રૂપિયા ત્રણ મળે છે તે વધારીને રૂપિયા પાંચ કરવા બાબત તેમના તા. ૯-૮-૧૯૬૬ના પત્રમાં કરેલા સૂચન પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—તબીબી વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય નીચે મુજબ છે :

"I do not see why there should be a separate scale of remuneration for these two subjects and I feel that if Surgery and Medicine have been paid as indicated, Medicine Examination should be paid accordingly.)"

આથી ઠરાવવામાં આવે છે કે, ત્રીજી એમ.બી.,બી.એસ.ના મેડિસિન વિષયની પ્રાયોગિક પરીક્ષા અંગેનું મહેનતાણું વિદ્યાર્થી દીઠ રૂા. ૩ ને બદલે રૂા. ૪ હવે પછી રાખવું.

૧૭. લશ્કરમાં જોડાનાર તબીબી વિદ્યાશાખાની વ્યક્તિઓને રાહત આપવા અંગે ઇન્ડિયન મેડિકલ કાઉન્સિલની કારોબારી સભાએ તા. ૨૦, ૨૧ અને ૨૨ ઓગસ્ટ ૧૯૬૬ના રોજ કરેલ ઠરાવની નકલ સદરહુ કાઉન્સિલના ડેપ્યુટી સેક્રેટરીના તા. ૧૬-૯-૧૯૬૬ના પત્રાંક MCI-13 (3)/66-Med /6380 પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પત્રની નોંધ લેવી.

૧૮. ચાલુ વર્ષે ફાઇનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ કઢાવી લેવાની મુદત તા. ૨૦-૧૦-૧૯૬૬ના રોજ પૂરી થતાં તે તા. ૩૧-૧૨-૧૯૬૬ સુધી લંબાવવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ચાલુ વર્ષે, ફાઇનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ કઢાવી લેવાની મુદત તા. ૩૧-૧૨-૧૯૬૬ સુધી લંબાવવી.

૧૯. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી આવેલ "ઉચ્ચ શિક્ષણના મૂલ્યાંકન" અંગેના રિપોર્ટ પર અભિપ્રાય આપવા માટે ઉપકુલપતિશ્રીએ નીમેલી સમિતિના રિપોર્ટ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૦. ધારાશાસ્ત્રનું અનુસ્નાતક વિદ્યાભવન સ્થાપવા અંગે સિન્ડિકેટના તા. ૫/૬-૩-૧૯૬૬ના ઠરાવ (બાબત ક્રમાંક ૨) અન્વયે ભારતની બીજી યુનિવર્સિટીઓમાંથી મેળવેલી માહિતીને અનુલક્ષીને તે બાબત પરત્વે આગળ વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૧. "Studies on H[illegible]isto-chemical and bio-chemical changes in the shoot apex of [illegible] sesamum during growth and differentiation" એ યોજના હેઠળ ધ[illegible]ન્ડિયન કાઉન્સિલ ઑફ એગ્રિકલ્ચરલ રિસર્ચે નિયત કરેલી શરતોએ ગ્રાન્ટ સ્વીકારવા[illegible] સિન્ડિકેટની મંજૂરીની અપેક્ષાએ સદરહુ યોજના અંગેની સ્કીમ મોકલી આ[illegible]વાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત તથા ગ્રાન્ટ સ્વીકારવા અંગે [illegible]ા કરવા બાબત.

[illegible]રાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

[illegible]ના જુદા જુદા વિષયોમાં આ યુનિવર્સિટીને ભારત સરકાર તરફથી [illegible]૨ રિસર્ચ ટ્રેઇનિંગ સ્કૉલરશિપો પૈકી ભૌતિક વિજ્ઞાનના વિષયમાં [illegible]આપવામાં આવેલી સ્કૉલરશિપ, તેમને સી.એસ.આઈ.આર.ની

સ્કૉલરશિપ મળતાં, સ્વીકારેલી નહિ હોવાથી શ્રી. પટેલને બદલે શ્રી. જોસ જોસેફને આપવા ઉપકુલપતિશ્રીએ કરેલી ભલામણની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૨૩. સને ૧૯૬૭-૬૮નું ગુજરાત યુનિવર્સિટીનું અંદાજપત્ર તૈયાર કરવા માટે સમિતિની નિમણૂક કરવા બાબત.

[નોંધ.—ગયા વર્ષે નીચેના સભ્યો હતા :

(૧) ઉપકુલપતિશ્રી
(૨) આચાર્ય એમ. સી. દેસાઈ
(૩) શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી
(૪) ડૉ. એ. એમ. ત્રિવેદી
(૫) શ્રી. મણિશંકર પ્ર. પંડ્યા.]

આથી ઠરાવવામાં આવે છે કે, ૧૯૬૭-૬૮ના વર્ષનું ગુજરાત યુનિવર્સિટીનું વાર્ષિક અંદાજપત્ર તૈયાર કરવા માટે, નીચે જણાવેલા સભ્યોની બનેલી સમિતિ રચવી :

(૧) ઉપકુલપતિશ્રી
(૨) આચાર્ય એમ. સી. દેસાઈ
(૩) શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી
(૪) ડૉ. એ. એમ. ત્રિવેદી
(૫) શ્રી. મણિશંકર પ્ર. પંડ્યા.

૨૪. રાજ્ય સરકારના નાણાખાતાના તા. ૧૨-૧૦-૧૯૬૬ના ઠરાવ નં. વી. એલ. બી. ૧૧૬૬-૪૩૬૬-જે, સરકારી કર્મચારીઓને તા. ૧-૧૦-૧૯૬૬થી મોંઘવારી ભથ્થામાં કરવામાં આવેલો વધારો યુનિવર્સિટી કર્મચારીઓને આપવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—યુનિવર્સિટીના કર્મચારીઓને મોંઘવારી તથા બીજાં ભથ્થાં રાજ્ય સરકારના ધોરણે આપવામાં આવે છે. આ વધારાથી ખર્ચમાં અંદાજે વાર્ષિક રૂા. ૫૦,૦૦૦ જેટલો વધારો થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાત યુનિવર્સિટીના બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને, તા. ૧-૧૦-૧૯૬૬થી, નીચેના દરે મોંઘવારી ભથ્થું આપવાનું મંજૂર કરવું :

મૂળ પગાર	મોંઘવારી ભથ્થાની રકમ
રૂા. ૫૦ સુધી	રૂા. ૭૩
રૂા. ૫૧થી રૂા. ૬૪	રૂા. ૮૩
રૂા. ૬૫થી રૂા. ૧૦૦	રૂા. ૯૫
રૂા. ૧૦૧થી રૂા. ૧૦૪	રૂા. ૧૦૦
રૂા. ૧૦૫થી રૂા. ૧૫૦	રૂા. ૧૦૫
રૂા. ૧૫૧થી રૂા. ૧૬૪	રૂા. ૧૧૦
રૂા. ૧૬૫થી રૂા. ૨૫૫	રૂા. ૧૨૦

રૂા. ૨૫૧થી રૂા. ૩૨૯	રૂા. ૧૪૫
રૂા. ૩૩૦થી રૂા. ૫૦૦	રૂા. ૧૫૦
રૂા. ૫૦૧થી રૂા. ૭૫૦	રૂા. ૧૬૫
રૂા. ૭૫૧થી રૂા. ૧,૦૦૦	રૂા. ૧૮૦
રૂા. ૧,૦૦૧થી રૂા. ૧,૦૯૯	મૂળ પગાર અને રૂા. ૧૧૮૦ની વચ્ચેના તફાવત જેટલી રકમ
રૂા. ૧,૧૦૦થી રૂા. ૨,૨૫૦	રૂા. ૮૦

૨૫. સેનેટે તેની તા. ૧૫-૧૦-૧૯૬૫ની સભામાં મંજૂર કરેલા સ્ટે. ૧૯૩-એ ને કુલપતિશ્રીની અનુમતિ માટે મોકલતાં તે અંગે તેઓશ્રીના સચિવના તા. ૩૦-૯-૧૯૬૬ના આવેલા પત્રાંક જીએસ.-૨૨૬૮ પર વિચારણા કરવા બાબત.

સેનેટે તેની તા. ૧૫-૧૦-૧૯૬૫ની સભામાં મંજૂર કરેલ સ્ટે. ૧૯૩-એનો પાઠ નીચે મુજબ છે :

St. 193-A :

"The employees of the University, both teaching and non-teaching be paid gratuity under the following rules :

1. No gratuity shall be payable to an employee dismissed from service for misconduct.
2. Gratuity shall be paid on the death, retirement, resignation or termination of service, at the rate of ½ month's basic salary (excluding all allowances) for each completed year of service on completion of 7 years' service; the gratuity shall, on completion of fifteen years of service, be raised to one month's basic salary (excluding all allowances) for each completed year of service. The total amount of the gratuity shall be a maximum of 15 months' salary or Rs. 15,000/–, whichever is less. Notwithstanding anything contained above, in the event of the death of an employee, during the course of his employment, gratuity shall be paid at the rate of one month's basic salary for each completed year of service subject to a maximum of 15 months' salary or Rs. 15,000/–, whichever is less.
3. Salary for the purpose of gratuity under (2) above shall mean the average basic salary (excluding all allowances) drawn by the employee during the twelve months' period of active service immediately preceding death, retirement, resignation or termination of service, as the case may be.

4. The University shall establish a fund known as Gratuity Fund for the purpose by contributing a suitable amount from the recurring expenditure of the University during every accounting year. The fund shall be regulated by the Syndicate in its discretion as may be deemed fit by investing the amount of the fund in Government or other securities or by taking out a group-gratuity insurance policy with the Life Insurance Corporation with a view to discharging the University's liability in this behalf. In the event of a group-gratuity insurance policy being taken out by the University, notwithstanding anything stated above, the heir or heirs of an employee who dies during the course of his employment shall be paid gratuity at the rate of one month's basic salary (excluding all allowances) per year of service for the number of years he would have otherwise ordinarily served, had he continued to live till the date of his retirement, subject to a maximum of 15 months' salary or Rs. 15,000/–, whichever is less."

આથી ઠરાવવામાં આવે છે કે, કુલપતિશ્રીનું નીચેનું સૂચન મંજૂર કરવા અને તે અનુસાર સ્ટે. ૧૯૩–એ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા સેનેટને ભલામણ કરવી :

કુલપતિશ્રીનું સૂચન

"The words 'not exceeding 5% of the basic salary paid to its employees covered by the scheme' may be inserted after the word 'amount' and before the word 'from' occuring in the second line of para 4 of the proposed revised Statute 193–A."

કુલપતિશ્રીના સૂચન અનુસાર સુધારેલો સ્ટે. ૧૯૩–એ

"The employees of the University, both teaching and non-teaching be paid gratuity under the following rules :

1. No gratuity shall be payable to an employee dismissed from service for misconduct.

2. Gratuity shall be paid on the death, retirement, resignation or termination of service, at the rate of ½ month's basic salary (excluding all allowances) for each completed year of service on completion of 7 years' service; the gratuity shall, on completion of

fifteen years of service, be raised to one month's basic salary (excluding all allowances) for each completed year of service. The total amount of the gratuity shall be a maximum of 15 months' salary or Rs. 15,000/-, whichever is less. Notwithstanding anything contained above, in the event of the death of an employee, during the course of his employment, gratuity shall be paid at the rate of one month's basic salary for each completed year of service, subject to a maximum of 15 months' salary or Rs. 15,000/-, whichever is less.

3. Salary for the purpose of gratuity under (2) above shall mean the average basic salary (excluding all allowances) drawn by the employee during the twelve month's period of active service immediately preceding death, retirement, resignation or termination of service, as the case may be.

4. The University shall establish a fund known as gratuity fund for the purpose by contributing a suitable amount not exceeding 5% of the basic salary paid to its employees covered by the scheme from the recurring expenditure of the University during every accounting year. The fund shall be regulated by the Syndicate in its discretion as may be deemed fit by investing the amount of the fund in Government or other securities or by taking out a group-gratuity insurance policy with the Life Insurance Corporation with a view to discharging the University's liability in this behalf. In the event of a group-gratuity insurance policy being taken out by the University, notwithstanding anything stated above, the heir or heirs of an employee who dies during the course of his employment shall be paid gratuity at the rate of one month's basic salary (excluding all allowances) per year of service for the number of years he would have otherwise ordinarily served, had he continued to live till the date of his retirement, subject to a maximum of 15 month's salary or Rs. 15,000-, whichever is less."

૨૬. યુનિવર્સિટી કાર્યાલયમાં જુનિયર ઓપરેટર તરીકે કામ કરતા શ્રી. ડી. જે. શાહનો અજમાયશી સમય તા. ૧૯-૧૧-૧૯૬૬ના રોજ પૂરો થતો હોઈ તેમને તા. ૨૦-૧૧-૧૯૬૬થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

શ્રી. ડી. જે. શાહની કામગીરી અંગેનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે, શ્રી. ડી. જે. શાહને, જુનિયર ઓપરેટરની જગ્યા પર તા. ૨૦-૧૧-૧૯૬૬થી કાયમ કરવા.

૨૭. યુનિવર્સિટી સમાજવિદ્યા ભવનમાં લેક્ચરર તરીકે કામ કરતા નીચેના સભ્યો જેમનો અજમાયશી સમય સિન્ડિકેટના તા. ૭-૪-૧૯૬૬ના ઠરાવ અન્વયે વધુ એક વર્ષ માટે લંબાવેલો છે તેમની બાબતમાં સમાજવિદ્યા ભવનના અધ્યક્ષ તરફથી આવેલ તા. ૨૨-૧૦-૧૯૬૬ના ખાનગી હેવાલને અનુલક્ષીને ઘટતી વિચારણા કરવા બાબત.

ક્રમાંક	નામ	હોદ્દો	અજમાયશી સમય પૂરો થયાની તારીખ	કાયમ કરવાની તારીખ
૧.	શ્રીમતી ઉષાબહેન કન્હરે	લેક્ચરર	૧૪-૬-૧૯૬૭	૧૫-૬-૧૯૬૭
૨.	શ્રી. ઇ. જે. મશીહી	,,	૧૪-૬-૧૯૬૭	૧૫-૬-૧૯૬૭

શ્રીમતી ઉષાબહેન કન્હરે અને શ્રી. ઇ. જે. મશીહીની કામગીરી અંગેના ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે, સદરહુ બેઉ સભ્યોને, તેમનાં નામ સામે જણાવેલ જગ્યા પર અને તારીખથી કાયમ કરવા.

૨૮. ભાષા-સાહિત્ય ભવનમાં સ્ટેનોગ્રાફર તરીકે કામ કરતા શ્રી. એન. એસ. ઠાકરનો અજમાયશી સમય તા. ૩૦-૧૧-૧૯૬૬ના રોજ પૂરો થતો હોઈ તેમને તા. ૧-૧૨-૧૯૬૬થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

શ્રી. એન. એસ ઠાકોરની કામગીરી અંગેનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે, શ્રી એન. એસ. ઠાકોરને તેમની સદરહુ જગ્યા પર તા. ૧-૧૨-૧૯૬૬થી કાયમ કરવા.

૨૯. મનોવિજ્ઞાન વિદ્યાભવનમાં પટાવાળા તરીકે કામ કરતા શ્રી. ગોપાલ બાલુ જાદવનો અજમાયશી સમય તા. ૩૦-૧૨-૧૯૬૬ના રોજ પૂરો થતો હોઈ તેમને તા. ૩૧-૧૨-૧૯૬૬થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

શ્રી. ગોપાલ બાલુ જાદવની કામગીરી અંગેનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે, શ્રી. ગોપાલ બાલુ જાદવને તેમની સદરહુ જગ્યા પર તા. ૩૧-૧૨-૧૯૬૬થી કાયમ કરવા.

૩૦. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનમાં કામ કરતા નીચેના કર્મચારીનો અજમાયશી સમય તેમના નામ સામે બતાવેલ તારીખથી પૂરો થતો હોઈ તેમના નામ સામે બતાવેલી તારીખથી તેમને કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત :

નામ	હોદ્દો	અજમાયશી સમય પૂરો થયાની તારીખ	કાયમ કરવાની તારીખ
શ્રી. રામફીર છેદીરામ તિવારી	પટાવાળા	૩૦-૧૨-૧૯૬૬	૩૧-૧૨-૧૯૬૬

શ્રી. રામફીર છેદીરામ તિવારીની કામગીરી અંગેનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે, શ્રી. રામફીર છેદીરામ તિવારીને તેમની જગ્યા પર તા. ૩૧-૧૨-૧૯૬૬થી કાયમ કરવા.

૩૧. યુનિવર્સિટી છાત્રાલયના રેસિડન્ટ પ્રોફેસરની જગ્યા પર કામ કરતા ડો. કે. એ. ઠાકરે આ જગ્યા પરથી તેમના તા. ૧-૧૦-૧૯૬૬ના પત્રથી રાજીનામું આપ્યું હોવાથી તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ડૉ. કે. એ. ઠાકરનું રાજીનામું મંજૂર કરવું, અને તેમની જગ્યા ભરવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

(નોંધ.—સદરહુ જગ્યા ભરાય ત્યાં સુધી ડૉ. કે. એ. ઠાકરની રેસિડેન્ટ પ્રોફેસર તરીકેની કામગીરી ચાલુ રાખવામાં આવે.)

૩૨. યુનિવર્સિટીના હોલેરિથ વિભાગ માટેનું હાલનું રિપ્રોડ્યુસર મશીન જૂનું થઈ ગયેલ હોવાથી તે બદલી આઈ. સી. ટી. કંપની પાસેથી નવું મશીન ખરીદવા કે ભાડે લેવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—તેનું માસિક ભાડું રૂા. ૬૩૮ છે, કિંમત રૂા. ૩૪,૦૮૫ છે. ઉપરાંત માસિક સર્વિસ ટેક્સ રૂા. ૧૨૦ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ યંત્ર માસિક રૂા. ૬૩૮ના ભાડાથી બે વર્ષ માટે ભાડે લેવું, અને તે અંગેના કરાર પર સહી કરવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૩૩. "ડૉ. એન. કે. પટેલ સુવર્ણચંદ્રક" અંગેના દાનનો સિન્ડિકેટે સ્વીકાર કરેલો હોવાથી તે અંગેના નિયમો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ નિયમો મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલા નિયમોની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૩૪. યુનિવર્સિટીના આશ્રયે અમદાવાદ ખાતે તા. ૨૭, ૨૮ અને ૨૯ ડિસેંબર, ૧૯૬૬ના દિવસો દરમિયાન મળનાર ૨૮મી પોલિટિકલ સાયન્સ કોન્ફરન્સને ગ્રાન્ટ આપવા બાબત.

(નોંધ.—યુનિવર્સિટીના સને ૧૯૬૬-૬૭ના વર્ષના અંદાજપત્રમાં અધિવેશન તથા સમાજમંડળને ગ્રાન્ટ આપવા માટે રૂા. ૫,૦૦૦ની જોગવાઈ કરવામાં આવેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિષદના ખર્ચ પેટે રૂા. ૫,૦૦૦ સુધીનો ખર્ચ મંજૂર કરવો, અને તે માટે જરૂર પ્રમાણે ખર્ચની રકમ સદરહુ પરિષદના સ્થાનિક મંત્રીને આપવી.

૩૫. ૪૧મી શૈક્ષણિક પરિષદ જે તા. ૨૭થી ૩૧ ડિસેંબર, ૧૯૬૬ દરમિયાન દિલ્હી મુકામે મળનાર છે તેના દાતા-સભ્ય થવા માટે વિનંતી કરવા વહીવટી મંત્રીના તા. ૧૭મી ઑક્ટોબર, ૧૯૬૬ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—દાતા-સભ્ય ફી રૂા. ૨૫૦ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિષદનું સભ્યપદ સ્વીકારવું નહિ.

૩૬. શ્રી. ભગનભાઈ પ્ર. દેસાઈએ તા. ૮-૯-૧૯૬૬થી તા. ૨૩-૯-૧૯૬૬ સુધી ઉપકુલપતિશ્રીની ફરજો બજાવી હોવાથી સિન્ડિકેટના તા. ૬-૯-૧૯૬૬ના ઠરાવ પ્રમાણે રૂા. ૩૭૦-૯૭નું માનદ વેતન આપવાનું થાય જે તેઓએ સ્વીકાર્યું નથી તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૩૭. વિજ્ઞાન વિદ્યાભવનમાં રીડર-કમ-બોટેની તરીકે કામ કરતા ડૉ. એસ. સી. પાંડેને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી બનારસ હિંદુ યુનિવર્સિટીમાં લેક્ચર આપવા માટે તા. ૭-૧૦-૧૯૬૬થી તા. ૧૯-૧૦-૧૯૬૬ સુધી ફરજી રજાઓ ક્વિાળી વેકેશન સાથે જોડવાની ઉપકુલપતિશ્રીએ પરવાનગી આપી છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૩૮. ઓ. ૫૧(૭) પ્રમાણે બોર્ડ ઑફ સ્ટુડન્ટ્સ વેલ્ફેર ઉપર ત્રણ વર્ષ માટે નિયુક્ત થયેલ સેનેટના ૭ સભ્યોની મુદત તા. ૮-૧૨-૧૯૬૬ના રોજ પૂરી થાય છે તો તેમની જગ્યાએ સભ્યો નીમવા બાબત.

(નોંધ.— સદરહુ પેટાકલમ હેઠળ આ બોર્ડ ઉપર એક આચાર્ય અમદાવાદની કૉલેજોમાંના તથા એક આચાર્ય અમદાવાદ સિવાયની કૉલેજોમાંના તથા બીજા સેનેટના સભ્ય હોય તેવા ચાર સભ્યો મળીને કુલ ૭ સભ્યો નીમવાના હોય છે.

હાલમાં પ્રિ. કે. જી. નાયક, પ્રિ. એસ. આર. ભટ્ટ, પ્રિ. ચિમનભાઈ પટેલ, શ્રી. રણજિતભાઈ શાસ્ત્રી, પ્રિ. વાય. જી. નાયક અને પ્રિ. એચ. કે. ત્રિવેદી સભ્ય તરીકે છે. તેમાં પ્રિ. વાય. જી. નાયક અને પ્રિ. એચ. કે. ત્રિવેદીને ડૉ. નરેન્દ્ર દેસાઈ અને પ્રિ. જે. બી. સાવ્હિલને બદલે તા. ૨૭-૮-૧૯૬૬થી બેઠકમાં નિયુક્ત કરવામાં આવ્યા હતા.

આ સિવાય ઉપકુલપતિશ્રી, ડૉ. ઈ. એમ બેસ્ટ, પ્રિ. આર. એલ. સંઘવી (બોર્ડ ઑફ સ્પોર્ટ્સના પ્રમુખ), સીનિયર મેડસ્ટ એન.સી.સી. ઑફિસર, ડૉ. કે. એ. શાહ અને શ્રી. વી. પી. મહેતા — સભ્ય તરીકે રહે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બોર્ડ ઉપર, તા. ૯-૧૨-૧૯૬૬થી ત્રણ વર્ષ માટે, નીચેના ૭ સભ્યોની નિમણૂક કરવી :

(૧) આચાર્ય એસ. આર. ભટ્ટ

(૨) આચાર્ય એચ. એમ. શુકલ

(૩) આચાર્ય ડૉ. ય ગુ. નાયક

(૪) શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી

(૫) શ્રી. મણિશંકર પ્ર. પંડ્યા

(૬) ડૉ. દેવેન્દ્ર એચ. સુતરિયા.

૩૯. તા. ૧૨-૧૦-૧૯૬૬ના રોજની અમદાવાદ વિભાગ સ્થાનિક રમતસમિતિની નીચેની ભલામણ :

"આથી ઠરાવવામાં આવે છે કે, અમદાવાદ વિભાગનું કામ સરળતાથી કરી શકે તે માટે સ્કૂટર અગર મોટરસાઇકલ લેવા માટે શ્રી. એલ. એ. ઠક્કરને રૂપિયા બે હજારની લોન આપવા માટે આ સ્થાનિક રમતસમિતિ સિન્ડિકેટને ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત સ્ટાફ અંગેની સ્થાયી સમિતિને વિચારણા માટે મોકલવી.

૪૦ સિન્ડિકેટે તેની તા. ૩/૪-૭-૧૯૬૫ની સભામાં કરેલો નીચેનો ઠરાવ ફક્ત ભારત સરકારની આર્થિક સહાયથી તેની યોજના હેઠળ પ્રસિદ્ધ થતાં પ્રકાશનોને જ લાગુ પડે છે તે અંગે સ્પષ્ટતા કરવા બાબત :

તા. ૩/૪-૭-૧૯૬૬ની સભાનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાતી ભાષામાં અનુવાદના હક્ક મેળવવા માટે મૂળ પ્રકાશકો સાથે કરવાના કરાર અંગેના કામ માટેના કરારનામાનો મુસદ્દો, કેન્દ્રીય નિદેશાલયની સૂચના મુજબ સુધારવો."

આથી સ્પષ્ટતા કરવા માટે ઠરાવવામાં આવે છે કે, ઉપરનો ઠરાવ, ભારત સરકારની આર્થિક સહાયથી તેની યોજના હેઠળ પ્રસિદ્ધ થતાં પ્રકાશનોને જ લાગુ પાડવો.

૪૧. ગ્રંથાલય સમિતિની તા. ૨૩-૮-૧૯૬૬ની સભાના નીચેના ઠરાવની નોંધ લેવા બાબત :

"ગ્રંથાલયના તા. ૧-૪-૧૯૬૬થી તા. ૩૦-૬-૧૯૬૬ સુધીના ત્રિમાસિક આવકખર્ચના હિસાબની નોંધ લેવામાં આવે છે અને તે સિન્ડિકેટની જાણ માટે મોકલવાનું ઠરાવવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૪૨. ગ્રંથાલય સમિતિની તા. ૨૩-૮-૧૯૬૬ની સભાના નીચેના ઠરાવની નોંધ લેવા બાબત :

"ગ્રંથાલયના ઉપયોગની માહિતી દર્શાવતા એપ્રિલ ૧૯૬૬થી જૂન ૧૯૬૬ સુધીના ત્રિમાસિક પત્રકની નોંધ લેવામાં આવે છે અને તે સિન્ડિકેટની જાણ માટે મોકલવાનું ઠરાવવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૪૩. ગ્રંથાલય સમિતિની તા. ૨૩-૮-૧૯૬૬ની સભાના નીચેના ઠરાવની નોંધ લેવા બાબત :

"ગ્રંથાલયના તા. ૧-૪-૧૯૬૫થી તા. ૩૧-૩-૧૯૬૬ સુધીના વાર્ષિક અહેવાલની નોંધ લેવામાં આવે છે અને તે સિન્ડિકેટની જાણ માટે મોકલવાનું ઠરાવવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૪૪. વિજ્ઞાન ભવનના વિદ્યાર્થી શ્રી. સિદ્ધાર્થ સી. ભટ્ટના બીજા સત્રની ખૂટતી હાજરી માફ કરવાની વિનંતી અંગે વિચારણા કરવા બાબત.

હાજરીની વિગતો

	સત્ર દરમિયાન અપાયેલાં કુલ વ્યાખ્યાનોની સંખ્યા	સત્ર મંજૂર કરવા જરૂરી વ્યાખ્યાનોની સંખ્યા	ભરેલી હાજરી	ખૂટતી હાજરી
વર્ષ ૧૯૬૫-૬૬				
પ્રથમ સત્ર	૮૩	૫૫	૬૦	—
દ્વિતીય સત્ર	૯૨	૬૨	૩૭	૨૯

આથી ઠરાવવામાં આવે છે કે, એમ.એસસી.નો અભ્યાસક્રમ બદલાય છે, અને ખૂટતી હાજરીનું કારણ માંદગી છે, એ હકીકતો લક્ષમાં લઈને, શ્રી. સિદ્ધાર્થ સી. ભટ્ટની પહેલા સત્રમાં ખૂટતી હાજરી માફ કરવી.

૪૫. શાહુ શ્રેયાંસપ્રસાદ જૈન આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ધ્રાંગધ્રામાં રાજ્યશાસ્ત્રના યોગ્ય શૈક્ષણિક લાયકાત ધરાવતા વ્યાખ્યાતા મળતા નહિ હોવાથી શ્રી. સી. એમ. મહેતાને રાજ્યશાસ્ત્રનો વિષય ગૌણ કક્ષાએ શીખવવા માટે શિક્ષણકાર્ય કરવાની પરવાનગી આપવાની આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—શ્રી. મહેતા અનુસ્નાતકની પદવી અર્થશાસ્ત્ર અને ઇતિહાસ સાથે બીજા વર્ગમાં ધરાવે છે.

ઇતિહાસ ગ્રુપ "એ"માં રાજ્યશાસ્ત્રના વિષયના બે પેપર્સનો સમાવેશ થાય છે :

(1) History of Ancient Political Thoughts
(2) Constitutional History.]

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વ્યવસ્થા ફક્ત ચાલુ વર્ષ પૂરતી જ માન્ય કરવી, અને સદરહુ કૉલેજના આચાર્યને જણાવવું કે, જૂન ૧૯૬૭થી યોગ્ય લાયકાત ધરાવતા શિક્ષકની નિમણૂક કરવી આવશ્યક રહેશે.

૪૬. માનસશાસ્ત્રના વિષય માટે યોગ્ય લાયકાત ધરાવતા વ્યાખ્યાતા મળતા નહિ હોવાથી શ્રી. બી. ડી. ઝાલાને બીજા સત્ર પૂરતા સદરહુ વિષય શીખવવા માટે મંજૂરી આપવા કે. કે. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ધંધુકાના આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. ઝાલા તત્ત્વજ્ઞાન સાથે એમ.એ.ની બીજા વર્ગની પદવી ધરાવે છે, અને એક વર્ષનો શૈક્ષણિક અનુભવ ધરાવે છે. પ્રથમ વર્ષ બી.એ. સુધી માનસશાસ્ત્રનો ગૌણ વિષય શીખવવા માટેની આ વ્યવસ્થા કરી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વ્યવસ્થા ફક્ત ચાલુ વર્ષ પૂરતી જ માન્ય કરવી, અને સદરહુ કૉલેજના આચાર્યને જણાવવું કે, જૂન ૧૯૬૭થી યોગ્ય લાયકાત ધરાવતા શિક્ષકની નિમણૂક કરવી આવશ્યક રહેશે.

૪૭. એમ. પી. શાહ વિનયન અને વિજ્ઞાન મહાવિદ્યાલય, સુરેન્દ્રનગરને જૂન ૧૯૬૬થી ચાલુ તથા વધારાનું જોડાણ આપવા માટે સેનેટે મૂકેલી શરતોના પરિપાલન ઉપર વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) અરજી ચાલુ તથા વધારાના જોડાણ માટે છે. શરતોના પરિપાલનનો અહેવાલ નહિ આવ્યો હોવાથી અને કૉલેજનું જોડાણ પૂર્ણતયા ૧૯૬૬ના જૂનથી પૂરું થતું હોવાથી રાજ્ય સરકારને ફક્ત ચાલુ જોડાણનું જાહેરનામું બહાર પાડવા જણાવેલ અને વધારાના જોડાણ માટે પત્રવ્યવહાર ચાલુ રાખેલ. ચાલુ જોડાણનું જાહેરનામું આવી ગયું છે, પરંતુ વધારાના જોડાણ માટે મૂકેલ શરતોના પરિપાલન અંગે કૉલેજ તરફથી હજુ સુધી કોઈ અહેવાલ નથી.

(૨) નીચે જણાવેલ શરતો મૂકેલ છે :

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :
   (૧) સંસ્કૃતના એક પ્રાધ્યાપક
   (૨) રાજ્યનીતિશાસ્ત્રના એક પ્રાધ્યાપક તથા એક વ્યાખ્યાતા
   (૩) વનસ્પતિવિજ્ઞાનના એક પ્રાધ્યાપક તથા એક ડેમોન્સ્ટ્રેટર
   (૪) પ્રાણીવિજ્ઞાનના એક વ્યાખ્યાતા તથા એક ડેમોન્સ્ટ્રેટર

૨. સંસ્કૃત, રાજ્યનીતિશાસ્ત્ર અને વનસ્પતિવિજ્ઞાનનાં પુસ્તકો માટે વિષય દીઠ રૂા. ૨,૦૦૦નો તથા પ્રાણીવિજ્ઞાનનાં પુસ્તકો માટે રૂા. ૧,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે.

૩. પુસ્તકો અને સામયિકો માટે વિદ્યાશાખા દીઠ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે.

૪. પ્રયોગશાળા સુસજ્જ કરવા માટે રૂા. ૪૫,૦૦૦નો ખર્ચ નીચે પ્રમાણે કરવામાં આવે :
   (૧) વનસ્પતિવિજ્ઞાનની પ્રયોગશાળા ... રૂા. ૩૦,૦૦૦
   (૨) પ્રાણીવિજ્ઞાનની પ્રયોગશાળા ... રૂા. ૧૫,૦૦૦.]

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજના વધારાના જોડાણ માટે ભલામણ કરી શકાય એમ નથી, એમ રાજ્ય સરકારને રિપોર્ટ કરવો.

૪૮. નીચે જણાવેલ કૉલેજો તથા સંસ્થાઓ માટે ત્રિવાર્ષિક તપાસસમિતિઓ નીમવા બાબત :

ક્રમાંક	કૉલેજનું નામ	વિદ્યાશાખા
(૧)	ગુજરાત કૉલેજ, અમદાવાદ	વિનયન અને વિજ્ઞાન
(૨)	એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજ, સુરત	વિનયન
(૩)	એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	વિનયન
(૪)	ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ એન્ડ એ. એમ. પી. લૉ કૉલેજ, રાજકોટ	વિનયન
(૫)	સાર્વજનિક કૉલેજ ઑફ સાયન્સ, સુરત	વિજ્ઞાન
(૬)	એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ	વિજ્ઞાન
(૭)	એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ	વાણિજ્ય
(૮)	એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ	વાણિજ્ય
(૯)	સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદ	કાનૂન
(૧૦)	એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજ, અમદાવાદ	ઇજનેરી
(૧૧)	બી. જે. ઇન્સ્ટિટ્યૂટ ઑફ લર્નિંગ એન્ડ રિસર્ચ, અમદાવાદ	વિનયન

આથી ઠરાવવામાં આવે છે કે, નીચે જણાવેલી કૉલેજોની ત્રિવાર્ષિક તપાસ માટે, તેમનાં નામ સામે જણાવેલ સભ્યોની બનેલી તપાસસમિતિઓ રચવી :

કૉલેજનું નામ	તપાસસમિતિના સભ્યો
(૧) ગુજરાત કૉલેજ, અમદાવાદ	(૧) આચાર્ય આર. એમ. શુક્લ (૨) આચાર્ય સી. સી. શાહ, ડભોઈ
(૨) એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજ, સુરત	(૧) આચાર્ય ય. પ્રા. શુક્લ (૨) આચાર્ય એન. એન. ભરૂચા
(૩) એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	(૧) આચાર્ય પ્રેમશંકર હ. ભટ્ટ (૨) આચાર્ય આર. એન. પંડ્યા
(૪) ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ એન્ડ એ. એમ. પી. લૉ કૉલેજ, રાજકોટ	(૧) આચાર્ય એસ. આર. ભટ્ટ (૨) શ્રી બટુભાઈ હ. દેસાઈ
(૫) સાર્વજનિક કૉલેજ ઑફ સાયન્સ, સુરત	(૧) આચાર્ય ડૉ. ય. ગુ. નાયક (૨) આચાર્ય ડૉ. આર. ડી. દેસાઈ
(૬) એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ	(૧) આચાર્ય કે. વી. દેસાઈ (૨) આચાર્ય એલ. ડી. દવે
(૭) એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ	(૧) આચાર્ય એ. આર. દેસાઈ (૨) આચાર્ય સી. એન. હકાણી
(૮) એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ.	(૧) આચાર્ય એ. આર. દેસાઈ (૨) આચાર્ય સી. એન. હકાણી
(૯) સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદ	(૧) આચાર્ય સી. ડી. વ્યાસ (૨) આચાર્ય વી. આર. રણુદીવે
(૧૦) એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજ, અમદાવાદ	(૧) શ્રી. ગિરીશચંદ્ર એસ. દેસાઈ (૨) શ્રી. એલ. બી. શાહ, વડોદરા
(૧૧) બી. જે. ઇન્સ્ટિટ્યૂટ ઑફ લર્નિંગ એન્ડ રિસર્ચ, અમદાવાદ	(૧) આચાર્ય જ્યોતીન્દ્ર હ. દવે (૨) ડૉ. બી. જે. સાંડેસરા.

૪૯. એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદને જૂન ૧૯૬૩થી બી.એડ. તથા ટી.ડી.ના અભ્યાસક્રમ માટે કાયમી જોડાણ આપેલ પરંતુ વિદ્યાર્થીઓના અભાવે ટી.ડી.નો અભ્યાસક્રમ શીખવવાનું ચાલુ રાખી શકેલ નહિ; હવે મજકૂર કૉલેજ જૂન ૧૯૬૭થી ટી.ડી.નો અભ્યાસક્રમ શીખવવાની પુનઃ શરૂઆત કરવાના ઇચ્છા રાખતી હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજમાં, ટી.ડી ના અભ્યાસક્રમ માટે, જૂન ૧૯૬૭થી ૩૦ વિદ્યાર્થીઓને દાખલ કરવા માટે પરવાનગી આપવી.

૫૦. ગુજરાત રાજ્યના નાયબ શિક્ષણ નિયામક તરફથી આવેલ તા. ૧-૧૧-૧૯૬૬ના પત્રાંક એસ. ૧૦૦-૬થી મોકલવામાં આવેલ નીચેના પ્રેસ કટિંગ પર વિચારણા કરી અભિપ્રાય આપવા બાબત :

Grievances Body

Every University in India should make a careful study of what is counterparts in Rajasthan, Jodhpur and Udaipur have jointly decided to do to tackle student rebelliousness. They will set us a body to examine such student grievances as may arise from time to time. The great virtue in doing this is that student resentment on any issue, academic or otherwise, will not be allowed to accumulate until it bursts forth in an orgy of insensate violence. A 'stiff' examination paper, a change in the syllabus, an increase in fees, a quarrel with policemen or bus drivers —any of these is enough to inflame the student corpus. The existence of machinery whether complaints could be freely ventilated, objectively assessed redressed where necessary would nip unpleasant development in the bud.

It would be uncharitable to say that students are not likely to accept a judgment that goest against them. They do not become violent because they love violence for its own sake, but only when they do not receive a hearing and when the authorities refused even to concede that they may have case. In Rajasthan, Jodhpur and Udaipur Universities, the proposed body will include two students students' union. This should not only guarantee the fairness of the judgments but also ensure that they are respected by the students.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૧. શ્રી. સર્વોદય એજ્યુકેશન સોસાયટી, મુંબઈ, દ્વારા ચાલતી શ્રી. યુ. એન. મહેતા આર્ટ્સ કૉલેજ, મોરબી તથા મહારાજા શ્રી. મહેન્દ્રસિંહજી સાયન્સ કૉલેજ, મોરબીના સંયુક્તીકરણ માટે સદરહુ સોસાયટી તરફથી આવેલ જોડાણઅરજી પાછી ખેંચ્યા અંગે નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૫૨. શિક્ષણમંત્રી માટેની ધારાસભ્યોની સ્થાયી સલાહકાર સમિતિની ચોથી બેઠકની કાર્યવાહીના મુદ્દો નં. ૧૨ જે નીચે મુજબ છે તે પર યુનિવર્સિટીના અભિપ્રાય આપવા માટેના શિક્ષણનિયામકના તા. ૨-૧૧-૧૯૬૬ના પત્રાંક ડી. એ. મિસે. પ્રોસિડિંગ ઑફ ફોર્થ

મીટિંગ પરત્વે વિચારણા કરવા બાબત :

મુદ્દો નં. ૧૨

શ્રી. શાસ્ત્રીએ એવું સૂચન કર્યું હતું કે ગુજરાત યુનિવર્સિટીને વધુમાં વધુ ફીનું ધોરણ નક્કી કરવાની સત્તા નથી, તો નવી યુનિવર્સિટીઓની જેમ ગુજરાત યુનિવર્સિટીને પણ આ સત્તા આપવા માટે યુનિવર્સિટીના ઍક્ટમાં જરૂરી સુધારો કરવો જોઈએ. આ અંગે યુનિવર્સિટીનો અભિપ્રાય મેળવી આગળ કાર્યવાહી કરવાનું નક્કી કરવામાં આવ્યું.

આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટની આ સભા સદરહુ સૂચનની તરફેણમાં છે એમ અભિપ્રાય, રાજ્ય સરકારના શિક્ષણ-નિયામકશ્રીને લખી જણાવવો.

ત્યાર બાદ, બાબત નં. ૫૩ની વિચારણા હાથ ધરતાં પહેલાં, ઉપકુલપતિશ્રીના સૂચનથી બાબત નં. ૬૭ વિચારણા માટે હાથ ધરવામાં આવી.

૬૭. સંલગ્ન કૉલેજો/સંસ્થાઓમાં કામ કરતા શિક્ષકોના મોંઘવારીભથ્થાના પ્રશ્ન અંગે સિન્ડિકેટે નીમેલી સમિતિના રિપોર્ટ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિનો રિપોર્ટ સ્વીકારવો, અને તે માટે જરૂરી પગલાં લેવા માટે જોડાયેલી કૉલેજો અને માન્ય સંસ્થાઓને જણાવવું.

મંજૂર કરવામાં આવેલા રિપોર્ટની નકલ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.

તે પછી બાબત નં. ૫૩ વિચારણા માટે હાથ ધરવામાં આવી.

૫૩. રાજ્ય સરકાર તરફથી તા. ૧-૧૦-૧૯૬૬થી સરકારી કર્મચારીઓ માટે જાહેર કરાયેલા વધારાના દરે મોંઘવારી ભથ્થું કૉલેજોના શિક્ષકોને આપવા માટે કૉલેજોને સૂચના આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, રાજ્ય સરકારે તેના કર્મચારીઓ માટે તા. ૧-૧૦-૧૯૬૬ થી મોંઘવારી ભથ્થાના જે વધારાના દર મંજૂર કર્યા છે તે દરે પોતાના શિક્ષકોને તા. ૧-૧૦-૧૯૬૬ થી મોંઘવારી ભથ્થું આપવા માટે, જોડાયેલી કૉલેજો અને માન્ય સંસ્થાઓને જણાવવું.

૫૪. ઇન્ડિયન ઍસોસિયેશન ઑફ પેથોલૉજિસ્ટ્સની ૧૬મી વાર્ષિક સભા રાંચી મુકામે તા. ૯થી ૧૧ ડિસેંબર ૧૯૬૬ દરમિયાન મળનાર હોઈ તેના અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે સદરહુ સંસ્થાના મંત્રી તરફથી આવેલ તા. ૨૦-૧૦-૧૯૬૬ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ઍસોસિયેશનના અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિ મોકલવા નહિ.

૫૫. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૯ની સાથે કરવામાં આવી હોઈ, તે અંગેની નોંધ તે ક્રમમાં આપવામાં આવેલી છે.

૫૬. ઇન્ટર-યુનિવર્સિટી બોર્ડ ઑફ ઇન્ડિયા ઍન્ડ સિલોનની સ્થાયી સમિતિની તા. ૫/૬-૮-૧૯૬૬ની સભાએ જોડાણની કાર્યપદ્ધતિની બાબતમાં કરેલા નીચે મુજબના તેના ઠરાવ પર વિચારણા કરવા બાબત :

To consider the policy regarding affiliation of colleges

After considerable discussion on the subject, the Standing Committee came to the following conclusions :

(*a*) Conditions of affiliation should be fairly comprehensive and should be rigidly adhered to.

(*b*) In those cases where conditions of affiliation were not entirely fulfilled, the universities could transfer the students of such colleges to certain other well-established colleges provided they existed in that neighbourhood.

(*c*) Every University should have a system of annual inspection. It was also suggested that wherever necessary (especially in the case of universities with a large number of affiliated colleges) special staff might be appointed for this purpose.

(*d*) The universities are always free to associate a person from outside the State for purposes of inspection and the proposal was recommended for adoption as it had certain merits.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ઠરાવની નોંધ લેવી.

૫૭. લાઇબ્રેરી સાયન્સની અભ્યાસસમિતિની તા. ૨૬-૯-૧૯૬૬ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"ગ્રંથાલય વિષયની પ્રકાશન સલાહકાર સમિતિની તા. ૭-૭-૧૯૬૬ની સભાની ઉપરની ભલામણ ઉપર વિચારણા કરી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિએ સૂચવેલી સમિતિમાં શ્રી. ડી. એન. શુક્લને ઉમેરવા અને તેથી ગ્રંથાલયશાસ્ત્રના વિષય ઉપર ગુજરાતી પરિભાષાની પુસ્તિકા તૈયાર કરવા નીચેના સભ્યોની સમિતિ રચવા ભલામણ કરવી :

૧. શ્રી. કાકુભાઈ દેસાઈ
૨. શ્રી. મોહનભાઈ પટેલ (ગુજરાત વિદ્યાપીઠ)
૩. શ્રી. મોહનભાઈ પટેલ (એમ. જે. લાઇબ્રેરી)
૪. શ્રી. પી. એફ. પટેલ (ગુજરાત યુનિ. લાઇબ્રેરી)
૫. શ્રી. રમેશ ગાંધી (ગુજરાત યુનિ. લાઇબ્રેરી)
૬. શ્રી. ડી. એન. શુક્લ (ગુજરાત વિદ્યાપીઠ).

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ભલામણ મંજૂર કરવી.

૫૮. લલિતકળાની અભ્યાસસમિતિની તા. ૨૮-૬-૧૯૬૬ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

(અ) યુવક મહોત્સવમાં ભાગ લેનાર કલાકાર વિદ્યાર્થીઓની વયમર્યાદા હાલ જે ૨૩ વર્ષની રાખવામાં આવી છે તે વધારી ૨૫ વર્ષ સુધીની કરવા ભલામણ છે.

(બ) લલિતકળા અંગેનો શિબિર ૬૨ વર્ષની જેમ આ વર્ષે પણ અનુકૂળ સમયે યોજવાની આ અભ્યાસસમિતિ ભલામણ કરે છે.

આ શિબિરમાં લલિતકળા સાથે સંકળાયેલ દરેક સંલગ્ન કૉલેજ એક શિક્ષક તથા બે વિદ્યાર્થીઓને (જેમાં એક વિદ્યાર્થિની હોવી આવશ્યક છે) મોકલવામાં આવશે.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરની ભલામણો (અ) અને (બ) મંજૂર કરવી નહિ.

૫૯. સને ૧૯૬૭ની સાલમાં લેવાનારી પરીક્ષાઓ માટે પરીક્ષકોની નિમણૂક અંગેની ભલામણ કરવા માટેની "પરીક્ષા સમિતિ"માં સિન્ડિકેટ તરફથી ઓ. ૬૭ હેઠળ પ્રત્યેક વિદ્યાશાખા અંગેની સમિતિમાં બબ્બે સભ્યો નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ૧૯૬૭ની સાલમાં લેવાનાર પરીક્ષાઓ માટે પ્રાશ્નિકો/પરીક્ષકોની નિમણૂકો અંગે ભલામણો કરવા માટેની જુદી જુદી વિદ્યાશાખાઓની પરીક્ષાસમિતિઓ પર, સિન્ડિકેટના પ્રતિનિધિઓ તરીકે, નીચે મુજબની નિમણૂકો કરવી :

(૧) વિનયન વિદ્યાશાખા	૧. શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ ૨. શ્રી. મણિશંકર પ્ર. પંડ્યા
(૨) વિજ્ઞાન વિદ્યાશાખા	૧. આચાર્ય ડૉ. ય. ગુ. નાયક ૨. ડૉ. એ. એમ. ત્રિવેદી
(૩) વાણિજ્ય વિદ્યાશાખા	૧. આચાર્ય એમ. સી. દેસાઈ ૨. શ્રી. મણિશંકર પ્ર. પંડ્યા
(૪) ઇજનેરી વિદ્યાશાખા	૧. આચાર્ય ડૉ. ય. ગુ. નાયક ૨. શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી
(૫) તબીબી વિદ્યાશાખા	૧. ડૉ. જયંત બી. હરિભક્તિ ૨. ડૉ. વાસુદેવ એન. ત્રિપાઠી
(૬) આયુર્વેદ વિદ્યાશાખા	૧. ડૉ. જયંત બી. હરિભક્તિ ૨. ડૉ. વાસુદેવ એન. ત્રિપાઠી
(૭) ધારાશાસ્ત્રની વિદ્યાશાખા	૧. શ્રી. બટુભાઈ હ. દેસાઈ ૨. આચાર્ય વિ. ૨. રણદીવે
(૮) કૃષિ વિદ્યાશાખા	૧. ડૉ. એ. એમ. ત્રિવેદી ૨. શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી.

૬૦. સને ૧૯૬૬ના પ્રથમ છ માસ દરમિયાન લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓમાં જુદાં જુદાં કેન્દ્રો પર મુખ્ય નિરીક્ષકોની નિમણૂક કરવા બાબતમાં સિન્ડિકેટની તા. ૫/૬-૩-૧૯૬૬ની

સભાએ બાબત ક્રમાંક ૩૬થી ઉપકુલપતિશ્રીને સત્તા આપેલ તે આધારે ઉપકુલપતિશ્રીએ કરેલ મુખ્ય નિરીક્ષકોની નિમણૂકોની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૬૧. યુનિવર્સિટીમાં કો-ઓપરેટિવ સ્ટોર્સ શરૂ કરવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—સ્ટોર્સ શરૂ કરવામાં આવે તો રૂા. ૧,૦૦,૦૦૦થી ૨,૦૦,૦૦૦ સુધીની લોન અને રૂા. ૧૦,૦૦૦ સુધીની વહીવટી ગ્રાન્ટ (બે વર્ષ માટે) સરકાર આપશે.]

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત અંગે વિચારણા કરીને યોજના તૈયાર કરવા માટે નીચે જણાવેલા સભ્યોની બનેલી સમિતિ રચવી :

(૧) આચાર્ય એમ. સી. દેસાઈ
(૨) શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી
(૩) ડૉ. એ. એમ. ત્રિવેદી
(૪) શ્રી. એકાઉન્ટન્ટ (કન્વીનર).

૬૨. એચ. એન્ડ એચ. બી. કોટક ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ, રાજકોટમાં સ્થાપવામાં આવેલ એમ.એસસી. પદવી ફિઝિકસ વિષયના અનુસ્નાતક કેન્દ્રમાં પ્રોફેસર-ઇન-ચાર્જ શ્રી. એમ. એ. સૈયદ નિવૃત્ત થતાં તેમની જગાએ માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા ધરાવતા શ્રી. ઈ. એમ. બલસારાની નિમણૂક કરવા અંગેની આચાર્યશ્રીની વિનંતી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે, શ્રી. એમ. એ. સૈયદની જગ્યાએ, પ્રોફેસર ઈ. એમ. બલસારાની નિમણૂક કરવી.

૬૩. સ્થાયી સમિતિની તા. ૩૦-૯-૧૯૬૬ની સભાની નીચેની ભલામણ નં. ૫ અંગે સિન્ડિકેટની તા. ૮/૯-૧૦-૧૯૬૬ની સભાના નીચેના ઠરાવ ઉપર વિચારણા કરવા બાબત :

સ્થાયી સમિતિની ભલામણ

"આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, યુનિવર્સિટીના કેટલાક ત્રીજા અને ચોથા વર્ગના કર્મચારીઓનાં પગારધોરણ સુધારવા તથા રહેઠાણની સવલતો આપવા અંગેની તા. ૨૫-૭-૧૯૬૬ની અરજી નામંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે, મોંઘવારીભથ્થાને પગારધોરણમાં ભેળવી દેવું એ નીતિવિષયક પ્રશ્ન હોઈ આ અંગે સિન્ડિકેટ નિર્ણય લે તે માટે આ સમિતિ ભલામણ કરે છે."

સિન્ડિકેટની તા. ૮/૯-૧૦-૧૯૬૬ની સભાનો ઠરાવ નં. ૩૫

"સદરહુ સમિતિની ભલામણો પૈકી ભલામણ નં. ૫ અંગે ઠરાવવામાં આવ્યું કે, ગુજરાત યુનિવર્સિટીના કર્મચારીઓને મળતા મોંઘવારીભથ્થાનો અમુક ભાગ ગુજરાત રાજ્ય સરકારના કર્મચારીઓને મળતા મોંઘવારીભથ્થાના ધોરણે મૂળ પગારમાં ભેળવવામાં આવે તો યુનિવર્સિટીનો

આર્થિક બોજો કેટલો વધે તે અંગેનો અંદાજ હિસાબ વિભાગ પાસે કઢાવીને સદરહુ બાબત સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવી."

(હિસાબ વિભાગની નોંધ: યુનિવર્સિટી કાર્યાલય, ગ્રંથાલય, ભવનો તથા પ્રેસના કર્મચારીઓના હાલના પગારમાં મોંઘવારીભથ્થું ભેળવવામાં આવે તો આશરે વાર્ષિક રૂા. ૮૭,૧૧૯·૧૨ પૈસા. ખર્ચ થશે. ઉપરાંત ગ્રેચ્યુઇટી અંગે જણાવવાનું કે મોંઘવારીભથ્થું ભેળવવામાં આવે તો પાછલાં વર્ષોની જવાબદારી અલાયદી ગણવાની રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૪. ગુજરાત યુનિવર્સિટી એમ્પ્લોયીઝ યુનિયનના માનદ્ સામાન્ય મંત્રી (જનરલ સેક્રેટરી) તરફથી તેમના તા. ૪-૧૧-૧૯૬૬ના પત્રમાં કરવામાં આવેલી માગણીઓ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૫. યુનિવર્સિટી મનોવિજ્ઞાન વિદ્યાભવન અને અમદાવાદની અંકુર શાળાના સંયુક્ત ઉપક્રમે "બાળપ્રવૃત્તિ, તેમનું વલણ, ઇત્યાદિ બાબતમાં બે વર્ષના અભ્યાસ" અંગેની યોજના માટે "એશિયા ફાઉન્ડેશન" તરફથી અંદાજી રકમ રૂા. ૪૫,૨૮૦ મંજૂર કરવામાં આવેલા છે તો તે સ્વીકારવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ગ્રાન્ટ, એશિયા ફાઉન્ડેશનના તા. ૩૧-૧૦-૧૯૬૬માં જણાવેલ અને તા. ૨૧-૧૧-૧૯૬૬ના પત્ર મુજબ સુધારેલ શરતો પ્રમાણે, સાભાર સ્વીકારવી, અને તે અંગે ઘટતી કારવાઈ કરવા ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૬૬. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૨૪-૧૦-૧૯૬૬ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બોર્ડની તા. ૨૪-૧૦-૧૯૬૬ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ બોર્ડની તા. ૨૪-૧૦-૧૯૬૬ની સભાની નોંધની નકલ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૬૭. સદરહુ બાબતની વિચારણા, આગળ બાબત નં. ૫૨ પછી કરવામાં આવેલી હોઈ, તેની નોંધ તે ક્રમમાં આપવામાં આવેલી છે.

૬૮. આર. આર. લાલન કૉલેજ, ભૂજને જૂન ૧૯૬૪થી જોડાણ આપવા માટે મૂકેલ જોડાણની શરતો પૈકીની અંગ્રેજીના વ્યાખ્યાતાની નિમણૂક અંગેની શરતનું પાલન કૉલેજે નહિ કરેલ હોવાથી તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—૧૯૬૪ની જોડાણ-શરતના પાલન પેટે અંગ્રેજીના યોગ્ય લાયકાત ધરાવતા વ્યાખ્યાતા નહિ મળતા હોવાથી સિન્ડિકેટે ૧૯૬૪-૬૫ના વર્ષ માટે સદરહુ નિમણૂક "કૉન્ડોન" કરેલ. આ કાર્યાલયના તા. ૨૬-૬-૧૯૬૫ના પત્રથી ૧૯૬૫ના જુલાઈથી યોગ્ય લાયકાત ધરાવતા વ્યાખ્યાતાની

નિમણૂક કરવા જણાવેલ. ત્યાર બાદ સ્મૃતિપત્રો તથા ડી.ઓ. પણ લખેલ છે, છતાં હજી સુધી નિમણૂક કરવામાં આવી નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે, ઘણા લાંબા સમયથી સદરહુ કૉલેજમાં અંગ્રેજીના લેક્ચરરની જગ્યા પર યોગ્ય લાયકાત ધરાવતી વ્યક્તિની નિમણૂક કરવામાં આવી નથી તે બાબતને સિન્ડિકેટ ગંભીરતાથી જુએ છે, એમ જણાવીને તે જગ્યા તાકીદે ભરવા માટે, રાજ્યના શિક્ષણનિયામકશ્રીને લખી જણાવવું.

૬૯. ધી સુરત એજ્યુકેશન સોસાયટી, સુરતે જૂન ૧૯૬૭થી વિનયન અને વિજ્ઞાનની કૉલેજ શરૂ કરવા માટે જોડાણઅરજી કરેલ. હવે મજકૂર સોસાયટીના મંત્રી તેમના તા. ૯-૧૦-૧૯૬૬ના પત્રથી વિનયન અને વિજ્ઞાનની વિદ્યાશાખાને બદલે વાણિજ્ય અને વિજ્ઞાનની વિદ્યાશાખાવાળી કૉલેજ શરૂ કરવા માગે છે તો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સંસ્થાની વિનંતી મુજબ વાણિજ્ય અને વિજ્ઞાનની વિદ્યાશાખાઓના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ આપવાની બાબતમાં સ્થાનિક તપાસ કરીને પોતાનો હેવાલ રજૂ કરવા માટે, નીચે જણાવેલા સભ્યોની બનેલી સમિતિ રચવી :

(૧) આચાર્ય એમ. સી. દેસાઈ

(૨) આચાર્ય સી. સી. શાહ, (ડભોઈ).

બાબત નં. ૭૦ અને ૭૧ની વિચારણા એકસાથે કરવામાં આવી.

૭૦. કૉલેજોના શિક્ષકો માટે સિન્ડિકેટની તા. ૮-૧૦-૧૯૬૬ની સભાના ઠરાવ અન્વયે નિયત કરેલ દરે અને તારીખથી મોંઘવારીભથ્થું ન આપતી હોય તેવી કૉલેજો અંગે વિચારણા કરવા બાબત

અને

૭૧. તા. ૧-૧-૧૯૬૫થી સુધારેલા દરે મોંઘવારીભથ્થું ચૂકવી આપવા અંગેના, સિન્ડિકેટની તા. ૮-૧૦-૧૯૬૬ની સભાના ઠરાવના સંબંધમાં માણસા કૉલેજ તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) નવેંબર ૧૯૬૬માં બીજું સત્ર શરૂ થાય તે પહેલાં બાકી લહેણી રકમ ચૂકવી આપવા માટે સિન્ડિકેટના તા. ૮-૧૦-૧૯૬૬ના ઠરાવ અન્વયે આ કૉલેજને પણ લખવામાં આવ્યું હતું.

(૨) સદરહુ કૉલેજ ઑક્ટોબર ૧૯૬૬થી આપવાનું જણાવે છે.]

આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટના તા. ૮-૧૦-૧૯૬૬ના ઠરાવ મુજબ જે કૉલેજો તેના શિક્ષકોને મોંઘવારી ભથ્થું આપતી ન હોય તે કૉલેજોના આચાર્યોને લખી જણાવવું કે, મોંઘવારી ભથ્થા અંગેના સિન્ડિકેટના નિર્ણયનું પરિપાલન કરવામાં ન આવે એ બાબતને સિન્ડિકેટ ગંભીર નજરે નિહાળે છે, અને તા. ૩૧-૧૨-૧૯૬૬ સુધીમાં તેનો અમલ કરવામાં નહિ આવે તો સિન્ડિકેટને તે બાબતમાં શાં પગલાં લેવાં તેનો વિચાર કરવો પડશે.

૭૨. જૂન ૧૯૬૬થી ગ્રેડાણુ મેળવવા માટે નીચે જણાવેલ કૉલેજોની અરજી પર સેનેટે મૂકેલ શરતોના પરિપાલનના જે તે કૉલેજના આવેલા અહેવાલ પર વિચારણા કરવા બાબત:

ક્રમાંક	કૉલેજનું નામ	શરતોના પાલનમાં રહેલ ક્ષતિઓ
(૧)	આર. આર. લાલન કૉલેજ, ભૂજ ...	(૧) નીચે જણાવેલ નિમણૂકો કરવાની બાકી છે: ૧. અંગ્રેજીના વ્યાખ્યાતા ૨. અંગ્રેજીના ટ્યૂટર ૩. જીવવિજ્ઞાનના ડેમોન્સ્ટ્રેટર (૨) અનાવર્તક ખર્ચ રૂા. ૬,૦૦૦ પેટે રૂા. ૫,૦૦૦ ખર્ચવાના બાકી રહે છે.
(૨)	શ્રી રજની પારેખ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ખંભાત ...	એકાઉન્ટન્સીના પ્રાધ્યાપક તથા વાણિજ્યના પ્રાધ્યાપકની નિમણૂકો કરવાની બાકી છે.
(૩)	મ્યુનિ. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ઉપલેટા ...	રૂા. ૩,૦૦૦નો અનાવર્તક તથા રૂા. ૭૦૦નો આવર્તક ખર્ચ પુસ્તકો પાછળ કરવાનો બાકી છે.
(૪)	શ્રી. એન. કે. એમ. સાયન્સ કૉલેજ, વલસાડ ...	પ્રયોગશાળા માટે નીચે જણાવેલ ખર્ચ કરવાનો બાકી છે: ૧. ભૌતિકવિજ્ઞાન — રૂા. ૧૩,૧૦૮ ૨. વનસ્પતિવિજ્ઞાન — રૂા. ૧૮,૫૦૦ ૩. પ્રાણીવિજ્ઞાન—રૂા. ૧૫,૦૦૦ (નોંધ.—રૂા. ૮,૦૦૦નો માલસામાન લોકલ માર્કેટમાંથી ખરીદેલ છે તેમ જણાવેલ છે.)
(૫)	એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગર ...	(૧) નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવેલ નથી: ૧. એનેટોમીના એક પ્રાધ્યાપક ૨. પેથોલોજીના એક પ્રાધ્યાપક ૩. રેડિયોલોજીના એક પ્રાધ્યાપક ૪. ઓર્થોપેડિકસના એક પ્રાધ્યાપક ૫. ઇન્ફે. ડિસીઝના એક વ્યાખ્યાતા ૬. રેડિયોલોજીના બે વ્યાખ્યાતા ૭. ડેન્ટિસ્ટ્રીના એક વ્યાખ્યાતા ૮. એનેસ્થેસિયોલોજીના એક વ્યાખ્યાતા (૨) નીચે જણાવેલ નિમણૂકો કરેલ છે, પરંતુ પ્રત્યેક શિક્ષક હાજર થયેલ નથી. શિક્ષક અંગેની કોઈ માહિતી નથી. ૧. ઓપ્થાલ્મોલોજીના એક ૨. મેડિસિનના એક પ્રાધ્યાપ

ક્રમાંક	કૉલેજનું નામ	શરતોના પાલનમાં રહેલ ક્ષતિઓ
		૩. પ્રિવેન્ટિવ ઍન્ડ સ્પેશિયલ મેડિસિનના એક પ્રાધ્યાપક
		(૩) નિમાયેલા અને હાજર થયેલ મેડિસિનના ચાર વ્યાખ્યાતા પૈકીના શ્રી. ચુતરિયા, શ્રી. કક્કાવાલા અને શ્રી. યાજ્ઞિક લાયકાત ધરાવતા નથી. બીજા નીમવા માટે જણાવેલ છે.
		(૪) હૉસ્પિટલના મકાનનું કામકાજ પૂરું થયે ૭૦૦ પથારીઓ અંગે વ્યવસ્થા કરવામાં આવશે.

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) ઉપરની કૉલેજો નં. ૧, ૨ અને ૩ની બાબતમાં, જોડાણની શરતોનું પરિપાલન કરવા માટે, જે તે કૉલેજને કાર્યાલયે ભારપૂર્વક લખી જણાવવું.

(૨) ઉપરની કૉલેજ નં. ૪ અંગે, શરતોના પરિપાલનની બાબતમાં શી હકીકત છે તે તપાસી પોતાનો રિપોર્ટ કરવા માટે, નીચેના સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ રચવી :

૧. આચાર્ય રો. ય. ગુ. નાયક
૨. રો. એ. એમ. ત્રિવેદી

(૩) ઉપરની કૉલેજ નં. ૫ બાબતમાં, સદરહુ કૉલેજમાં કાર્યક્ષમ શિક્ષણ માટે, બાકી રહેલી જગ્યાઓ પૈકી, ઓછામાં ઓછી કેટલી જગ્યાઓ ભરવી આવશ્યક છે તે બાબતમાં તબીબી વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય મગાવીને તે બાબતમાં રાજ્યના ડિરેક્ટર ઑફ મેડિકલ સર્વિસીઝને ઘટતું લખાણ કરવું.

૭૩. ધી ઇન્ડિયન ઍકેડેમી ઑફ ઍપ્લાઇડ સાયકોલોજી, મદ્રાસની આગામી વાર્ષિક પરિષદ, ધી ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સના ઉપક્રમે તા. ૩૦ અને ૩૧ ડિસેંબર ૧૯૬૬ તથા ૧લી જાન્યુઆરી ૧૯૬૭ દરમિયાન મળનાર હોઈ તેમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે કોઈ સભ્યની નિમણૂક કરવા સદરહુ સંસ્થા તરફથી આવેલા તા. ૯મી નવેંબરના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિષદના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિ મોકલવા નહિ.

૭૪. અખિલ ભારતીય વાણિજ્ય પરિષદનું ૨૦મું અધિવેશન, ગ્વાલિયર મુકામે તા. ૨૯થી ૩૧મી ડિસેંબર ૧૯૬૬ દરમિયાન મળનાર હોઈ તેમાં હાજરી આપવા આ યુનિવર્સિટીના પ્રતિનિધિની નિમણૂક કરવા સદરહુ પરિષદના મંત્રીના તા. ૧૫મી નવેંબરના [illegible] પર વિચારણા કરવા બાબત.

[illegible]વામાં આવે છે કે, સદરહુ પરિષદના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિ- [illegible]ણિજ્ય વિદ્યાશાખાના ડીન આચાર્ય સી. એન. હકાણીને, અને સંજોગવશાત્ તેઓ જઈ [illegible]મને બદલે પ્રોફેસર ડી. ડી. ત્રિવેદીને, નીમવા.

૭૫. ઇન્ડિયન મેથેમેટિકલ સોસાયટીની ૩૨મી પરિષદ, પંજાબ યુનિવર્સિટીના પતિયાળા મુકામે તા. ૨૫થી તા. ૨૭ ડિસેંબર ૧૯૬૬ દરમિયાન મળનાર હોઈ તેમાં આપવા આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે કોઈ સભ્યની નિમણૂક કરવા સદરહુ સો ના મંત્રીશ્રીના પત્ર પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—કોઈ પ્રતિનિધિની નિમણૂક ગઈ સાલ થઈ નથી, પરંતુ આ સોસાયટીએ શિક્ષક માટેની પરિષદમાં ડૉ. પી. સી. વૈદ્યની નિમણૂક કરી હતી.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સોસાયટીના આગામી અધિવેશનમાં, આ યુનિવ પ્રતિનિધિ તરીકે, પ્રોફેસર પી. સી. વૈદ્યને, અને સંજોગવશાત્ તેઓ જઈ ન શકે તો તેમ આચાર્ય કે. એન. શાહને નીમવા.

૭૬. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૧૬(૧) (બી) (પાંચ) પ્રમાણે જુદ સરકારી વિભાગનું પ્રતિનિધિત્વ ધરાવતા નિષ્ણાતો પૈકી કોઈ સભ્ય જો તે વિ નિષ્ણાત (Technical Expert) ન જણાય તો તેને સ્થાને અન્ય નિષ્ણાતને સે પ્રતિનિધિત્વ આપવા અંગે વિચારવા નાયબ શિક્ષણ સંચાલકના તા. ૪-૧૧-૧૯૬૬ના ડી.ઓ.એસ. ૯૭-૧૧-કે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પત્રના જવાબમાં શિક્ષણનિયામકશ્રીનું ધ્યાન યુ યુનિવર્સિટી ધારાની કલમ ૧૬ની પેટાકલમ (૫) તરફ ખેંચીને જણાવવું કે, તેમાં જણાવેલાં ખાત યોગ્ય પ્રતિનિધિઓ નીમવાની સત્તા રાજ્ય સરકારને છે તે જોતાં, યુનિવર્સિટી પક્ષે વિશેષ કાંઈ કર રહેતું નથી.

૭૭. "ડૉ. કે. જી. નાયક સુવર્ણચંદ્રક, ૧૯૬૫" આપવા માટે આ અંગે સિ નીમેલી વરણીસમિતિના સભ્યો તરફથી આવેલાં મંતવ્યો પર વિચારણા કરવા બાબ

આથી ઠરાવવામાં આવે છે કે, ૧૯૬૫ના વર્ષનો "ડૉ. કે. જી. નાયક સુવર્ણચન્દ્રક" ડૉ. એ. ત્રિવેદીને આપવો.

૭૮. તા. ૨૫-૧૧-૧૯૬૬ના રોજ મળેલ લેક્ચરર-ઇન-મેથેમેટિકસની જગ્યા માટે વર સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી ભલામણોની નકલ પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.)

૭૯. શ્રી. જી. એસ. મહેશ્વરી તરફથી "જી. એસ. મહેશ્વરી મેમોરિયલ સુવર્ણચંદ્ર આપવા માટે રૂા. ૭,૦૦૦નું પ્રદાન આપવા તા. ૨૫-૧૦-૧૯૬૬ના પત્રમાં જણાવેલી શર પ્રમાણે આપવા પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૦. પરદેશના રેફરીને મહાનિબંધ તપાસવા મોકલવામાં થતું હવાઈખર્ચ વિદ્યાર્થી વસૂલ કરવું કે કેમ તે અંગે બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૨૪-૧૦-૧૯૬૬ની ી નીચેની ભલામણ પરત્વે વિચારણા કરવા બાબત :

ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, આ બાબતની વિચારણા કરી ઘટતો નિર્ણય લેવાનું સિન્ડિકેટ પર છોડવું."

આથી ઠરાવવામાં આવે છે કે, પીએચ.ડી.ના મહાનિબંધ તપાસવા માટે હવે પછી નિમાતા પરદેશી લ રેફરીઓનું માનદ વેતન હાલ રૂા. ૧૦૦ છે તેને બદલે રૂા. ૨૦૦ આપવાનું રાખવું, અને ઓના મહાનિબંધ એર મેઈલથી મોકલવા માટે વિદ્યાર્થીઓ પાસેથી કશો ટપાલખર્ચ લેવો નહિ.

૮૧. એક્સ્ટર્નલ પરીક્ષાના ઑર્ડિ. ૧૭૪-ઈમાં થર્ડ બી.એ. પરીક્ષા અંગે જરૂરી ાઈ કરી તેનો પાઠ નીચે મુજબ વંચાય તે અંગે સુધારો કરવા બાબત :

O. 174-E :

" The date of the commencement of the Pre-Uni. Arts, First B.A., Second B.A. and the Third B.A. Examinations, last date of receiving the application and fee for the Registration are as under :

Examination	*Last date of receiving the Application*	*Date of commencement*	*Registration Fee*
Pre-Uni. Arts	28th February	Monday following the 5th October	Rs. 50/-
First B.A.	–do–	4th Monday in October	Rs. 70/-
Second B.A.	–do–	Monday following the 5th October	Rs. 85/-
Third B.A.	–do–	4th Monday in October	Rs. 100/-

Registration fee once paid by the candidate shall only be refunded as under :

1. If a candidate is found not eligible for the Registration, full fees shall be refunded.
2. If a candidate expires prior to the date of the commencement of the examination full fees will be refunded.

3. If a candidate withdraws his application on or before 20th of August of the respective year, half the fees will be refunded at his own cost.
4. In case where a candidate is suddenly taken ill prior to the commencement of the examination and informs the Registrar 24 hours before the commencement of the examination alongwith a medical certificate, Rs. 15/- in case of Pre-University Arts, Rs. 25/- in case of the First B.A. Examination, Rs. 35/- in case of the Second B.A. Examination and Rs. 40/- in case of the Third B.A. Examination will be refunded to him at his cost."

આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિનન્સ ૧૭૪-ઈ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવો, તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

૮૨. પ્રી-યુનિવર્સિટીના વર્ગો માટેના અંગ્રેજી ગદ્યપદ્યસંગ્રહના પ્રકાશનની જવાબદારી બહારના કોઈ પ્રકાશકને સોંપવા અને કોઈ સીનિયર અધ્યાપક પાસે પ્રત્યેક ખંડની શબ્દસૂચિ, નોંધ વગેરે તૈયાર કરાવવા અંગે અંગ્રેજી ગદ્યપદ્યસંગ્રહ સમિતિના અધ્યક્ષ આચાર્યશ્રી એસ. આર. ભટ્ટના તા. ૧૫-૧૧-૧૯૬૬ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, અંગ્રેજીના ગદ્યપદ્યસંગ્રહના પ્રકાશનનું કામ કોઈ વેપારી પેઢીને સોંપવાનું સદરહુ સમિતિના અધ્યક્ષનું સૂચન મંજૂર કરવું, અને તે માટે ભાવતાલ મંગાવી ઘટતું કરવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સદરહુ પ્રકાશનની શબ્દસૂચિ, નોંધ, ઇત્યાદિ તૈયાર કરવાનું કામ આચાર્ય એસ. આર. ભટ્ટને સોંપવું. સંજોગવશાત્ તેઓ તે કામ સ્વીકારી શકે એમ ન હોય તો તે કામ, ક્રમાનુવર્તી, પ્રોફેસર વી. જે. ત્રિવેદીને કે પ્રોફેસર નિરંજન ભગતને સોંપવું. આ કામ જે વ્યક્તિને સોંપાય તેને રૂા. ૫૦૦નું વેતન આપવું.

૮૩. યુનિવર્સિટી કાર્યાલયના મકાન(રૂમ નં. ૧૪)માં હાલ પોસ્ટ ઑફિસ આવેલી છે તેને ખસેડીને યુનિવર્સિટી કાર્યાલય પાસે પંપ હાઉસ જોડેના ક્વાર્ટર્સનું મકાન પોસ્ટ-ઑફિસને ભાડે આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કાર્યાલયના મકાનમાં હાલ જે પોસ્ટ ઑફિસ છે તે પોસ્ટ ઑફિસ ત્યાંથી ખસેડીને યુનિવર્સિટી કાર્યાલય પાસેના પમ્પ હાઉસની જોડેના મકાનમાં લઈ જવી, અને તે માટે ભારત સરકાર સાથે જરૂરી કરારનામું કરવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૮૪. ઉપકુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત:

(૧) સિન્ડિકેટની તા. ૨૭-૮-૧૯૬૬ની સભાની બાબત નં. ૪૯ હેઠળ મંજૂર કરાયેલ સ્થાયી સમિતિની તા. ૧૭-૬-૧૯૬૬ની ભલામણોના પાઠમાં સરતચૂકથી ઉલ્લેખાયેલા શબ્દો,

"સદરહુ સમિતિની ભલામણ નં. ૧ની વિચારણા મોકૂફ રાખવી. વધુમાં ઠરાવવામાં આવે છે કે,....." શાબ્દિક ભૂલ સુધાર્યાના;

(૨) આ સાથે જોડેલ સંસ્થાઓ/કૉલેજોએ તેમની જોડાણઅરજીઓ અંગેની શરતોનું પરિપાલન કર્યાથી તેમને જોડાણ આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કર્યાના;

(૩) સિન્ડિકેટની તા. ૩-૪-૧૯૬૫ની સભામાં ઠરાવ્યા અનુસાર ૧૯૬૪ કે તેની પહેલાં આ યુનિવર્સિટીનો અનુસ્નાતક પરીક્ષાઓમાં ઓછામાં ઓછા ૪૮ ટકા કે ૬૦ ટકા ગુણ મેળવનારને અનુક્રમે બીજા અને પહેલા વર્ગના પદવીધરોની સમકક્ષ ગણીને નીચેના શિક્ષકોને વ્યાખ્યાતા તથા પ્રાધ્યાપક તરીકે શિક્ષણકાર્ય કરવાની પરવાનગી આપ્યાના :

ઉપકુલપતિશ્રીએ માન્ય રાખેલ શિક્ષકોની યાદી

૧. શ્રી. જયંતીલાલ ગોવિંદજી જોશી, ગુજરાતીના વ્યાખ્યાતા
૨ કુ. મીનાક્ષી જયંતીલાલ ઓઝા, માનસશાસ્ત્રનાં વ્યાખ્યાતા
૩. શ્રી. ડી. આર. શર્મા, અંગ્રેજીના વ્યાખ્યાતા
૪. શ્રી. જી. બી. ગોહિલ, ગુજરાતીના પ્રાધ્યાપક;

(૪) માર્ચ/એપ્રિલ ૧૯૬૬માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓનાં પરિણામોમાં ભૂલ જણાયાથી તે સુધાર્યાના;

(૫) નીચેના વિદ્યાર્થીનો મહાનિબંધ તેમના નામ સામે જણાવેલ વિષય અને પદવી માટે સ્વીકાર્યો હોવાથી તેમને ઉત્તીર્ણ જાહેર કર્યાના :

વિદ્યાર્થીનું નામ	વિદ્યાશાખા	વિષય	પદવી
શ્રી. હર્ષ શ્રીપદ નરહર	વિજ્ઞાન વિદ્યાશાખા	રસાયણવિજ્ઞાન	પીએચ.ડી.;

(૬) આર. જી. ટીચર્સ કૉલેજ, પોરબંદરમાં સ્થાપવામાં આવેલ એમ.એડ. પદવી એજ્યુકેશન વિષયના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે શ્રી. આ.ર. ટી. દેવપુરકરને બદલે શ્રી. એમ. ડી. વૈષ્ણવને નીમ્યાના;

(૭) વિજ્ઞાન વિદ્યાભવનના વિદ્યાર્થી શ્રી. એ. પી. મનસુરીને વર્ષ ૧૯૬૫-૬૬માં Certain Aspects of Feeding Behaviour in Birds એ વિષયમાં પીએચ.ડી. પદવી માટે સંશોધનકાર્ય કરવા યુનિવર્સિટી દ્વારા આપવામાં આવેલ માસિક રૂા. ૨૦૦ની રિસર્ચ સ્કૉલરશિપ ૧૯૬૬-૬૭ના બીજા વર્ષ માટે પણ ચાલુ રાખ્યાના;

(૮) દિવાળીની રજાઓમાં યોજવા ધારેલ બહેનો માટેનો પર્વતારોહણ તાલીમ શિબિર રાજ્ય સરકારના તા. ૧૧-૧૦-૧૯૬૫ના હુકમ (જી.આર.) પ્રમાણે વિનામૂલ્યે મળવી જોઈતી તાલીમની સવલતો તથા રહેવાની વ્યવસ્થા માઉન્ટ આબુ પરની ગુજરાત રાજ્યની પર્વતારોહણ તાલીમ સંસ્થા તરફથી સદરહુ સવલતો વિનામૂલ્યે મળતી નહિ હોવાથી ઉપરોક્ત શિબિર રદ કર્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીનાં સદરહુ કાર્યોની નોંધ લેવી.

(જોડાણ માટે ભલામણ કરાયેલી કૉલેજોની યાદી પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

૮૫. માર્ચ-એપ્રિલ ૧૯૬૭માં યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ લેવા માટે જ્યાં કેન્દ્ર નથી ત્યાં કેન્દ્ર માગવા અંગેની આવેલી અરજીઓ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત અંગે વિચારણા કરીને પોતાનો રિપોર્ટ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની બનેલી સમિતિ રચવી:

(૧) આચાર્ય એમ. સી. દેસાઈ
(૨) પ્રોફેસર મણિશંકર પ્ર. પંડ્યા
(૩) ડૉ. એ. એમ. ત્રિવેદી.

૮૬. નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સીઝ ઑફ ઇન્ડિયા, નવી દિલ્હી, તરફથી સદરહુ ઇન્સ્ટિટ્યૂટને પ્રતિવર્ષ રૂા. ૫૦૦ની આર્થિક સહાય આપવા માટે આવેલ તેમની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વિનંતી મંજૂર કરવી નહિ.

૮૭. મુંબઈ યુનિવર્સિટીના ઉપક્રમે, બ્રિટિશ કાઉન્સિલ યોજિત અંગ્રેજી સાહિત્ય અંગેનો પરિસંવાદ મુંબઈ મુકામે તા. ૨થી ૧૩ જાન્યુઆરી ૧૯૬૭ દરમિયાન યોજનાર હોઈ તેમાં હાજરી આપવા આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે કોઈ સભ્યની નિમણૂક કરવા સારુ સદરહુ સંસ્થા તરફથી આવેલ તા. ૨૪-૧૦-૧૯૬૬ના પત્રાંક બૉમ્બે/૬૦૩-૨-કે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિસંવાદમાં ભાગ લેવા માટે, આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે ડૉ. આર. એસ. સિંઘ અને શ્રી દિગીશ મહેતાની નિમણૂક કરવી.

૮૮. ૧૯૬૭ના વર્ષ દરમિયાન યુનિવર્સિટી કાર્યાલયમાં પાળવાની રજાઓ નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ૧૯૬૭ના વર્ષ માટે રાજ્ય સરકાર તરફથી જાહેર કરવામાં આવેલી રજાઓની યાદી મુજબ યુનિવર્સિટી કાર્યાલયમાં પણ રજાઓ પાળવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, તે ઉપરાંત રક્ષાબંધનની એક રજા મંજૂર કરવી અને વધુ એક રજા મંજૂર કરવાની સત્તા ઉપકુલપતિશ્રીને આપવી.

(કાર્યાલયમાં પાળવાની મંજૂર કરાયેલી રજાઓની યાદી પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે).

૮૯. ગવર્નમેન્ટ ડેન્ટલ કૉલેજ એન્ડ હૉસ્પિટલ, અમદાવાદના ડીન તરફથી એમ.ડી.એસ. પદવીના નીચેના વિષયોમાં અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટે આવેલ અરજી પર વિચારણા કરવા બાબત:

૧. Prosthetic Dentistry
૨. Periodontia
૩. Operative Dentistry
૪. Orthodontia
૫. Oral Surgery & Maxillofacial Plastic Surgery

૬. Oral Pathology & Bacteriology
૭. Oral Diagnosis & Dental Radiology
૮. Periodontia & Preventive Dentistry.

(નોંધ.—ક્રમાંક ૧થી ૪ માટે જરૂરી સ્થાનિક સ્ટાફ છે, જ્યારે ક્રમાંક ૫થી ૮માં નિયમ મુજબ જરૂરી સ્ટાફ થતો નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરના ક્રમાંક ૧થી ૪ના વિષયો માટે અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવાની બાબતમાં તપાસ કરીને પોતાનો રિપોર્ટ રજૂ કરવા માટે નીચે જણાવેલા બે સભ્યોની બનેલી સમિતિ રચવી :

(૧) કર્નલ એન. એન. બેરી,
ઑનરરી ડેન્ટલ એડવાઈઝર ટુ ગવર્નમેન્ટ ઑફ ઇન્ડિયા,
મિનિસ્ટ્રી ઑફ હેલ્થ એન્ડ પ્રેસિડન્ટ, ડેન્ટલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયા,
૧૩, કર્ઝન રોડ, ન્યૂ દિલ્હી.
(૨) ડૉ. કે. એલ. શોરી,
ડીન, ગવર્નમેન્ટ ડેન્ટલ કૉલેજ,
ડૉ. ડી'મેલો રોડ, ફોર્ટ, મુંબઈ-૧.
(૩) ડૉ. એ. બી. મોદી (રિઝર્વ).

૯૦. વી. એસ. પટેલ કૉલેજ ઑફ આર્ટ્સ એન્ડ સાયન્સ, બીલીમોરાના સ્ટેટિસ્ટિક્સ વિષયના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે શ્રી. જી. સી. પટેલને નીમવાની તે કૉલેજના આચાર્યશ્રીની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે શ્રી. જી. સી. પટેલને નીમવા.

૯૧. નીચે ટાંકેલ સુધારેલા સ્ટે. ૧૧૮(૪) અનુસાર બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ પર ત્રણ વર્ષ માટે બે સભ્યોની નિમણૂક કરવા બાબત:

St. 118(4) :

"Two members nominated by the Syndicate for a period of three years."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બોર્ડ પર, સિન્ડિકેટના પ્રતિનિધિઓ તરીકે, શ્રી. ઝીણાભાઈ ર. દેસાઈ અને આચાર્ય એમ. સી. દેસાઈને ત્રણ વર્ષ માટે નીમવા.

૯૨. ઑર્ડિ. ૧(૪) અનુસાર પબ્લિકેશન બોર્ડના નીચે જણાવેલા સભ્યોના સભ્યપદની મુદત તા. ૧૭-૧૧-૧૯૬૬ના રોજ પૂરી થઈ હોવાથી તેમની જગ્યાએ નવા સભ્યોની ત્રણ વર્ષ માટે નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત :

૧. પ્રિન્સિ. ડૉ. કે. જી. નાયક
૨. ડૉ. જે. જે. ચિનોય

૩. ડૉ. એમ. ડી. દેસાઈ
૪. પ્રો. ઉમાશંકર જોશી
૫. આચાર્ય ચિમનભાઈ પટેલ
૬. આચાર્ય એમ. સી. દેસાઈ
૭. આચાર્ય ટી. એમ પરીખ.

[નોંધ—ઑર્ડિ. ૧ના સંબંધકર્તા પાઠનો ભાગ નીચે પ્રમાણે છે :

(*i*) The Vice-Chancellor;
(*ii*) The Rector, if any;
(*iii*) The Deans of Faculties;
(*iv*) Seven persons appointed by the Syndicate, five of whom shall be from amongst the Heads of the University Departments, Heads of recognised Institutions and Members of the Board of University Teaching.]

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૯૩. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના અધ્યક્ષ ડૉ. ડી. એસ. કોઠારીના અધ્યક્ષપણા હેઠળ ભારતની યુનિવર્સિટીઓના ઉપકુલપતિશ્રીઓ તથા શિક્ષણશાસ્ત્રીઓની તા. ૧૬, ૧૭ અને ૧. ઑક્ટોબર ૧૯૬૬ના રોજ દિલ્હી મુકામે મળેલી પરિષદમાં, વિદ્યાર્થીઓમાં પ્રવર્તતા અસંતોષ તથા તેને લગતા પ્રશ્નો પરત્વે થયેલ ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૯૪. બાંધકામ સમિતિની તા. ૨૨-૧૧-૧૯૬૬ની સભાની ભલામણો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની તા. ૧૨-૧૧-૧૯૬૬ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૨-૧૧-૧૯૬૬ની સભાની નોંધ પરિશિષ્ટ "જ" તરીકે સામેલ છે.)

૯૫. નેશનલ કાઉન્સિલ ઑફ યુનિવર્સિટી સ્ટુડન્ટ્સ ઑફ ઇન્ડિયા તરફથી ગૌહત્તી મુકામે તા. ૨૪થી ૨૬ ડિસેંબર ૧૯૬૬ સુધી ભરાનાર ૧૩મી નેશનલ સ્ટુડન્ટ્સ કૉંગ્રેસ માટે યુનિવર્સિટીના વિદ્યાર્થી પ્રતિનિધિઓ મોકલવા માટે આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉંગ્રેસના અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિ મોકલવા નહિ.

૯૬. ઑર્ડિ. ૯૬ અન્વયે આર. આર. લાલન કૉલેજ, ભૂજ, તરફથી આવેલ વાર્ષિક માહિતીપત્રકમાંથી ધ્યાનમાં આવેલ નીચેના અનિયમિતતાના મુદ્દાઓ પર વિચારણા કરવા બાબત :

(૧) હાલના ગણિતના પ્રાધ્યાપક શ્રી. લૂ, બી.એ.ની પદવી પ્રથમ વર્ગ સાથે ધરાવે છે તથા તેમને

૧૮ વર્ષનો શૈક્ષણિક અનુભવ છે, પરંતુ અનુસ્નાતક પદવી ધરાવતા ન હોઈ પ્રાધ્યાપકની જગા માટે લાયક નથી. ઉપરાંત અન્ય કોઈ યોગ્ય લાયકાત ધરાવતા ગણિતના પ્રાધ્યાપક ન હોઈ સદરહુ વિષયના વિદ્યાર્થીઓના શિક્ષણ અંગે વિચારણા કરવા બાબત.

(૨) અંગ્રેજીના પ્રાધ્યાપક શ્રી. જે. એન. શુકલને, ઓ. ૧૨૦–એ માં નિયત થયો છે તે કરતાં વધુ કાર્યભાર સોંપાયો છે.

(**નોંધ.**—અંગ્રેજીના વિષય માટે ૧ વ્યાખ્યાતા અને ૧ ટ્યૂટરની જગાઓ ખાલી છે જે પૂરવા તજવીજ ચાલી રહી છે તેમ આચાર્યશ્રી જણાવે છે.)

૧. આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વ્યવસ્થા ચાલુ વર્ષ પૂરતી અપવાદ તરીકે મંજૂર કરવી.

૨. આથી ઠરાવવામાં આવે છે કે, શિક્ષણના કાર્યભાર અંગે યુનિવર્સિટીના નિયમોનું પરિપાલન થાય તે માટે આગ્રહ રાખવો.

૯૭. સેકન્ડ બી.એસસી. કે થર્ડ બી.એસસી. પરીક્ષા પાસ કર્યા બાદ જે વિદ્યાર્થીઓ નવા વિષયને મુખ્ય વિષય તરીકે રાખી ફરીથી પરીક્ષા આપવા ઇચ્છે તો તેને સેકન્ડ બી.એસસી. કે થર્ડ બી.એસસી.ની પરીક્ષાના ફરજિયાત વિષયોમાં મુક્તિ આપવા તથા આવા વિદ્યાર્થીઓને વર્ગ આપવા અંગે એકેડેમિક કાઉન્સિલની તા. ૧૦/૧૧-૮-૧૯૬૬ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વિદ્યાર્થીઓને સેકન્ડ બી.એસસી. કે થર્ડ બી.એસસી.ના અંગ્રેજી અને/અથવા જનરલ એજ્યુકેશનના વિષયોમાં મુક્તિ આપવા અને તે માટે ઓ. સાયન્સ–૫–એ માં છેડે નીચેના શબ્દો ઉમેરી સુધારવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી :

"Such a candidate shall, at his option, be allowed to claim exemption in English and General Education at the Second B.Sc. Examination and English at the Third B.Sc. Examination."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી, અને તે મુજબ સુધારેલા ઑર્ડિનન્સ સાયન્સ–૫–એ ને તાત્કાલિક અમલમાં મૂકવો.

૯૮. જૂના અભ્યાસક્રમની બી.એસસી.ની પરીક્ષા પસાર કરી ઓ. સાયન્સ ૮–એ અનુસાર જો કોઈ વિદ્યાર્થી જૂના ગૌણ વિષયને મુખ્ય વિષય તરીકે રાખી નવા અભ્યાસક્રમની થર્ડ બી.એસસી.ની પરીક્ષા આપે તો તેને (૧) નવા મુખ્ય વિષયના (સેકન્ડ બી.એસસી.ના અભ્યાસક્રમના) પાંચમા પ્રશ્નપત્રના શિક્ષણ અને પરીક્ષણ અંગે જરૂરી વ્યવસ્થા અંગે તથા આવા વિદ્યાર્થીને ફરજિયાત અંગ્રેજીના વિષયમાં મુક્તિ રાખવા દેવા અંગે એકેડેમિક કાઉન્સિલની તા. ૧૦/૧૧-૮-૧૯૬૬ની સભાએ કરેલ નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે, જૂના અભ્યાસક્રમની બી.એસસી. પરીક્ષા પસાર કરી ઓ. સાયન્સ–૮–એ હેઠળ થર્ડ બી.એસસી.ની પરીક્ષા આપતા વિદ્યાર્થીઓને અંગ્રેજીના વિષયમાં મુક્તિ આપવી તથા નવા મુખ્ય વિષયવાળી સેકન્ડ બી.એસસી. પરીક્ષાના પાંચમા પ્રશ્નપત્રમાં પાસ

થવાનું આવશ્યક રાખવું. પરંતુ તેમને સેકન્ડ બી.એસસી.નાં સત્રો ભરવાની જરૂર નથી એમ સ્પષ્ટતા કરવામાં આવે છે.

વધુમાં આ અંગે ઓ. સાય-સ-૮-એ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા સિન્ડિકેટને ભલામણ કરવી :

O. Sc. 8-A :

A candidate who has passed the B.Sc. Examination in any group of subjects in the old course will be permitted on the submission of a new application and the payment of a fresh fee to appear in the subjects he offered as subsidiary in the old course as his special subject in the new course, provided he keeps two fresh terms in this subject for the Third or Final B.Sc. Examination.

Such a candidate shall, at his option, be allowed to claim exemption in Compulsory English at the Third B.Sc. Examination, but he will be required to pass either previously or in the same examination season, the fifth paper in that subject at the Second B.Sc. Examination for which purpose he shall be required to apply for admission to the examination separately and pay the necessary fees separately, provided that the result of the B.Sc. Degree Examination with a new principal subject shall not be declared until he passes in the paper or papers concerned at the S.Y.B.Sc. Examination, and provided further that the result of the B.Sc. Degree Examination so held in abeyance shall be forfeited, if he fails to pass in that paper at the S.Y.B.Sc. Examination within two years of the declaration of the result so held in abeyance.

In case he desires to offer Third Year or Final B.Sc. Examination, a special subject which he has not studied and passed at the subsidiary level in the Old Course, he will have to keep a fresh four terms, two for the S.Y.B.Sc. Examination and two for the T.Y.B.Sc. Examination and will be permitted to appear at the end of S.Y.B.Sc., and T.Y.B.Sc. under the relevant regulations in force on submission of a fresh application and on payment of the examination fees.

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી, અને તે મુજબ સુધારેલા ઑર્ડિનન્સ સાયન્સ-૮-એ ને તાત્કાલિક અમલમાં મૂકવો.

ત્યાર બાદ પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબતો રજૂ કરવામાં આવી :

૯૬. બી.એ.માં સંસ્કૃતનો મુખ્ય વિષય તથા સમાજશાસ્ત્રનો ગૌણ વિષય શીખવવા માટે જોડાણની બાબતમાં, ભવન્સ આર. એ. કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ સાયન્સ, અમદાવાદના આચાર્યના તા. ૨૫-૧૧-'૬૬ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે, ભવન્સ આર. એ. કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ સાયન્સ, અમદાવાદને સંસ્કૃતનો મુખ્ય વિષય તથા સમાજશાસ્ત્રનો ગૌણ વિષય શીખવવા માટેના જોડાણની શરતોનું પરિપાલન થયેલું હોઈ, તે વિષય શીખવવા માટે જોડાણ આપવા માટે, રાજ્ય સરકારને ભલામણ કરવી.

૯૭. યુનિવર્સિટીના કર્મચારીઓ તથા યુનિવર્સિટીનાં સત્તામંડળોના સભ્યોના ઉપયોગ માટે યુનિવર્સિટીની મોટરગાડી ઉપલબ્ધ કરવા બાબત તથા તે અંગેના દર નક્કી કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના કર્મચારીઓ તથા યુનિવર્સિટીનાં સત્તામંડળોના સભ્યોના ઉપયોગ માટે, શક્ય હોય ત્યારે, યુનિવર્સિટીની મોટરગાડી, તેમની વિવેકબુદ્ધિથી (in his discretion) દર માઈલે ૩૭ પૈસાના દરે ઉપલબ્ધ કરવા માટે શ્રી. રજિસ્ટ્રારને સત્તા આપવી.

(નોંધ.—આ સગવડ હક્કપૂર્વક કોઈ પણ વ્યક્તિ માગી શકશે નહિ).

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિં./૪૨૬૯૨/૧૯૬૬.

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯.

કં. ચં. પરીખ
રજિસ્ટ્રાર.

નવેંબર ૨૮, ૧૯૬૬.
માર્ગશીર્ષ ૭, ૧૮૮૮ (શક).

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૩૩

ડૉ. એન. કે. પટેલ સુવર્ણચંદ્રક સખાવત

૧. દાતાનું નામ : એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદના શિક્ષકગણ, વિદ્યાર્થી યુનિયન તથા તેઓના પ્રશંસકો વતી પ્રિન્સિપાલ, એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ-૯.

૨. દાનની રકમ : રૂા. ૫,૦૦૦ અને રોકડા રૂા. ૨૦૦ આ વર્ષના ખર્ચ માટે.

૩. દેણગીનો પ્રકાર : એક સુવર્ણચંદ્રક.

૪. દેણગી સ્વીકારવાનું સિન્ડિકેટે તેની તા. ૮-૧૦-૧૯૬૬ની સભામાં મંજૂર કર્યું.

નિયમો

૧. "સ્વર્ગસ્થ ડૉ. એન. કે. પટેલ સુવર્ણચંદ્રક" નામનો એક સુવર્ણચંદ્રક દર વર્ષે ગુજરાત યુનિવર્સિટીની માર્ચ/એપ્રિલમાં લેવાતી થર્ડ બી.એસસી.ની પરીક્ષામાં વનસ્પતિવિજ્ઞાનનો મુખ્ય વિષય લઈ પ્રથમ પ્રયત્ને સૌથી વધુ ગુણાંક મેળવી ઉત્તીર્ણ થાય તે વિદ્યાર્થીને એનાયત કરવામાં આવશે.

૨. સુવર્ણચંદ્રક વિજેતાનું નામ પરીક્ષાના પરિણામ વખતે જાહેર કરવામાં આવશે અને દાતાને તેની જાણ કરવામાં આવશે.

૩. સુવર્ણચંદ્રક શકય હશે ત્યાં સુધી યુનિવર્સિટીના વાર્ષિક પદવીદાન સમારંભમાં વિજેતાને આપવામાં આવશે.

૪. સુવર્ણચંદ્રક આપવામાં વિજેતાની જાત, જ્ઞાત કે વર્ગનો બાધ આવશે નહિ.

૫. આ પ્રદાનની વાર્ષિક આવકમાંથી ૫ ટકા કપાત યુનિવર્સિટીના જનરલ ફંડમાં લઈ જવામાં આવશે.

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૬૬

ગુજરાત યુનિવર્સિટીની બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની ૪૪મી સભા ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં સોમવાર, તા. ૨૪-૧૦-૧૯૬૬ના રોજ બપોરના ૧૨-૩૦ કલાકે ઉપકુલપતિ શ્રી. લાલભાઈ ૨. દેસાઈના પ્રમુખપદે મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી :

૧. શ્રી. લાલભાઈ ૨. દેસાઈ, ઉપકુલપતિ	હાજર
૨. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ	ગેરહાજર
૩. શ્રી. એચ. ડી. નોરોન્હા	ગેરહાજર
૪. શ્રી. ટી. એમ. પરીખ	હાજર
૫. શ્રી. એચ. જી. પંડ્યા	હાજર
૬. શ્રી. એમ. ડી. માણેક	ગેરહાજર
૭. શ્રી. ટી. બી. પટેલ	ગેરહાજર
૮. શ્રી. એચ. કે. બુખારી	ગેરહાજર
૯. શ્રી. વી. આર. ત્રિવેદી	ગેરહાજર
૧૦. શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ	ગેરહાજર
૧૧. શ્રી. એમ. સી. દેસાઈ	ગેરહાજર
૧૨. શ્રી. બી. આર. શેનોય	ગેરહાજર
૧૩. શ્રી. ઉમાશંકર જોશી	હાજર
૧૪. શ્રી. પી. એચ. પ્રભુ	હાજર
૧૫. શ્રી. જે. જે. ચિનોય	હાજર
૧૬. શ્રી. વાય. પી. શુકલ	હાજર
૧૭. શ્રી. આર. ડી. દેસાઈ	હાજર
૧૮. શ્રી. એમ. એસ. પંડિત	ગેરહાજર
૧૯. શ્રી. એમ. ડી. દેસાઈ	હાજર
૨૦. શ્રી. એ. આર. દેસાઈ	હાજર.

૧. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૧૯-૯-૧૯૬૬ના રોજ મળેલી ૪૩મી બેઠકની નોંધને મંજૂર કરવા બાબત.

બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૧૯-૯-૧૯૬૬ના રોજ મળેલી સભાની નોંધને મંજૂર રાખવામાં આવી અને તેના પર ઉપકુલપતિશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટી સાથે જોડાયેલ કૉલેજોમાં કામ કરતા શિક્ષકો તરફથી આવેલ અરજીઓ ઉપરથી ઉપકુલપતિશ્રીએ તેમને તેમનાં નામ સામે જણાવેલ વિષય તથા પદવીના અભ્યાસક્રમના શિક્ષણ માટે માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા આપી/આપી નથી તેની નોંધ લેવા સારુ.

આથી ઠરાવવામાં આવે છે કે :

(૧) આ સાથે પરિશિષ્ટ "ક"માં જણાવેલા શિક્ષકોને તેમનાં નામ સામે જણાવેલા વિષયોના અનુસ્નાતક શિક્ષણ માટે અનુસ્નાતક શિક્ષક તરીકેની ઉપકુલપતિએ જૂન ૧૯૬૭ સુધી માન્યતા આપ્યાના; તથા

(૨) પરિશિષ્ટ "ખ"માં જણાવેલા શિક્ષકોને યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર અનુસ્નાતક શિક્ષણ માટે માન્યતા ન આપ્યાનાં

ઉપકુલપતિશ્રીનાં કાર્યની નોંધ લેવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૩. યુનિવર્સિટી સાથે જોડાયેલ કૉલેજોમાં કામ કરતા શિક્ષકો તરફથી આવેલ અરજીઓ ઉપરથી ઉપકુલપતિશ્રીએ તેમને તેમનાં નામ સામે જણાવેલ વિષય તથા પદવીના અભ્યાસક્રમના શિક્ષણ માટે માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકે માન્યતા આપી તેની નોંધ લેવા સારુ.

આથી ઠરાવવામાં આવે છે કે, માન્ય અનુસ્નાતક શિક્ષકોના મદદનીશ શિક્ષકો તરીકે માન્યતા આપ્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(માન્ય કરવામાં આવેલા અનુસ્નાતક શિક્ષકોના મદદનીશ શિક્ષકોની યાદી પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૪. સેન્ટ્રલ સૉલ્ટ ઍન્ડ મરિન કેમિકલ્સ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, ભાવનગરના અધ્યક્ષ ડૉ. ડી. એસ. દાતાર જેમને બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૭-૨-૧૯૬૪ની ભલામણ અનુસાર ફિઝિકસ અને ફિઝિકલ કેમિસ્ટ્રી વિષયમાં પીએચ.ડી. પદવી માટે માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા આપવામાં આવેલી છે તેમને રસાયણવિજ્ઞાનના વિષયના મથાળા હેઠળ માન્યતા આપવા માટે તેમની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સેન્ટ્રલ સૉલ્ટ ઍન્ડ મરિન કેમિકલ્સ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, ભાવનગરના અધ્યક્ષ ડૉ. ડી. એસ. દાતારને અગાઉ (૧) ફિઝિકસ, તથા (૨) ફિઝિકલ કેમિસ્ટ્રી—એમ બે વિષયોમાં પીએચ.ડી. પદવી માટે માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા આપવામાં આવેલી, તેમાં ફિઝિકસ વિષયમાં આપેલી માન્યતા રદ કરવા અને તેને બદલે ફિઝિકલ કેમિસ્ટ્રી ઉપરાંત ઇન-ઑર્ગેનિક કેમિસ્ટ્રી વિષયમાં પીએચ.ડી. પદવી માટે માર્ગદર્શન આપવા માટે માન્યતા આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

બાબત નં. ૫ની વિચારણા કરતાં પહેલાં બાબત નં. ૪૨ની વિચારણા પ્રથમ હાથ ધરવામાં આવી.

૪૨. માન્ય અનુસ્નાતક શિક્ષક અગર મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા આપવાના નિયમોમાં વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની નવા અભ્યાસક્રમને અનુલક્ષીને લાયકાતના ધોરણમાં ફેરફાર સૂચવવા અંગે બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની ભલામણ અનુસાર સિન્ડિકેટે તેની તા. ૮-૧૦-૧૯૬૬ની સભામાં નીમેલી સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટે તેની તા. ૮-૧૦-૧૯૬૬ની સભામાં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા આપવા અંગેના ઑર્ડિ. ૬૫-એફ તથા માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક

તરીકેની માન્યતા આપવા અંગેના ઑર્ડિ. ૬૫-એમ માં જ્યાં જરૂરી જણાય ત્યાં સુધારાવધારા કરી રિપોર્ટ કરવા માટે જે સમિતિ નીમી હતી તે સમિતિના તા. ૧૯-૧૦-૧૯૬૬ના રોજ મળેલી સભાના અહેવાલની સાથે આપવામાં આવેલા સુધારેલા ઑર્ડિ. ૬૫-એફ (એ) તથા ઑર્ડિ. ૬૫-એમ (૧)ના ફોર્મકમાં કરવામાં આવેલા સુધારાવધારા સાથે તે તે ઑર્ડિનન્સ સ્વીકારવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(સુધારેલા ઑર્ડિ. ૬૫-એફ (એ) તથા ઑર્ડિ. ૬૫-એમ (૧)ના પાઠની નકલ પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.)

૫. શ્રી. બી. જે. પંડ્યા, અંગ્રેજી વિભાગના વડા અને પ્રો. સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદ, તરફથી તેમને એમ.એ. પદવી અંગ્રેજી વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા આપવા માટે આવેલી અરજી પરત્વે વિચારણા કરવા બાબત:

શૈક્ષણિક લાયકાત	શૈક્ષણિક અનુભવ	સંસ્થાનું નામ
બી.એ. (બીજો વર્ગ) અંગ્રેજી, ગુજરાતી, ૧૯૪૯, મુંબઈ. એમ.એ. (પાસ વર્ગ) અંગ્રેજી, ગુજરાતી, ૧૯૫૩ (ગુજરાત)	૧૦ વર્ષ જેટલો	જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ એન્ડ સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદ.

૬. શ્રી. નર્મદભાઈ જે. ત્રિવેદી, અંગ્રેજી વિષયના સીનિયર લેક્ચરર, એમ. જે. કૉલેજ ઑફ કૉમર્સ, ભાવનગર, તરફથી તેમને એમ.એ. પદવી અંગ્રેજી વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા આપવા માટે આવેલી અરજી પર વિચારણા કરવા બાબત.

શૈક્ષણિક લાયકાત	શૈક્ષણિક અનુભવ	સંસ્થાનું નામ
બી.એ. (પાસ વર્ગ) અંગ્રેજી, ગુજરાતી, ૧૯૩૬ (મુંબઈ). એમ.એ. (પાસ વર્ગ) અંગ્રેજી, ગુજરાતી, ૧૯૩૮ (મુંબઈ)	૧૭ વર્ષ જેટલો	સામળદાસ કૉલેજ, ભાવનગર અને એમ. જે. કૉલેજ ઑફ કૉમર્સ, ભાવનગર.

સદરહુ બાબત અંગે સ્પષ્ટતા કરવામાં આવી કે, માન્ય અનુસ્નાતક શિક્ષક તથા માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા આપવા અંગેના નિયમો હવે ઉપર નં. ૪૨નો ઠરાવ જોતાં સુધરતા હોવાથી સુધારેલા નિયમોના સંદર્ભમાં (૧) શ્રી. બી. જે. પંડ્યા, તથા (૨) શ્રી. નર્મદભાઈ જે. ત્રિવેદીની અરજીઓ બાબતમાં નિર્ણય લેવા ઉપકુલપતિશ્રી સમક્ષ મૂકવાની રહેશે.

૭. પીએચ.ડી. પદવી સંસ્કૃત વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા માટે શ્રી. જાની રતિલાલ જગન્નાથજીની અરજીના સંદર્ભમાં તેમના સંશોધનપત્રો પર અભિપ્રાય આપવા માટે શ્રી. પ્રોલરરાય ર. ભાંકડને બદલે અન્ય વ્યક્તિની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, પીએચ.ડી. પદવી સંસ્કૃત વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા માટે શ્રી. જાનીના સંશોધનપત્રો અભિપ્રાય માટે શ્રી. આર. સી. પરીખ (અમદાવાદ)ને મોકલી આપવા અને તેમનો અભિપ્રાય આવેથી તે અંગે યોગ્ય કરવા ઉપકુલપતિશ્રીને સત્તા આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૮. એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદમાં સ્થાપવામાં આવેલ એમ.કૉમ. પદવીના અનુસ્નાતક કેન્દ્રની વર્ષ ૧૯૬૫-૬૬ની કુલ બચત રૂા. ૨૦,૩૧૮માંથી રૂા. ૬,૦૦૦ની કિંમતનાં પુસ્તકો ખરીદવાની તે કૉલેજના આચાર્યની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદમાં સ્થાપવામાં આવેલા એમ.કૉમ. પદવીના અનુસ્નાતક કેન્દ્રની વર્ષ ૧૯૬૫-૬૬ની કુલ બચત રૂા. ૨૦,૩૧૮માંથી રૂા. ૬,૦૦૦ની કિંમતનાં પુસ્તકો ખરીદવાની તે કૉલેજના આચાર્યશ્રીની વિનંતી સ્વીકારવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૯. (અ) જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદમાં આવેલ અનુસ્નાતક કેન્દ્ર ગણિત વિષયના વર્ષ ૧૯૬૬-૬૭ની અંદાજી બચત રૂા. ૫,૭૫૦માંથી રૂા. ૨,૮૦૦ની કિંમતનાં પુસ્તકો ખરીદવાની પરવાનગી આપ્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

તથા

(બ) એમ.એસસી. પદવી રસાયણશાસ્ત્ર અને ભૌતિકશાસ્ત્રનાં અનુસ્નાતક કેન્દ્રો માટે અનુક્રમે રૂા. ૭,૭૮૫ અને રૂા. ૫,૦૨૦નાં પુસ્તકો વર્ષ ૧૯૬૫-૬૬ અને ૧૯૬૬-૬૭ની અંદાજી બચતમાંથી ખરીદ કરવાની આચાર્યશ્રીની માગણી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે—

૧. જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદમાં સ્થાપવામાં આવેલા એમ.એ./એમ.એસસી. પદવી ગણિતશાસ્ત્ર વિષયના અનુસ્નાતક કેન્દ્રની વર્ષ ૧૯૬૬-૬૭ની અંદાજી બચત રૂા. ૫,૭૫૦માંથી રૂા. ૨,૮૦૦ની કિંમતનાં પુસ્તકો ખરીદવાની પરવાનગી આપ્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા;

૨. વર્ષ ૧૯૧૫-૧૬ની કુલ બચત રૂા. ૧૨,૩૬૬-૨૮ પૈસામાંથી રૂા. ૪,૦૦૦ રસાયણશાસ્ત્રના તથા રૂા. ૨,૦૦૦ ભૌતિકશાસ્ત્રનાં પુસ્તકો ખરીદવા પરવાનગી આપવા; તથા

૩. વર્ષ ૧૯૬૬-૬૭ની અંદાજી બચતમાંથી એક વખત પુસ્તકો ખરીદવા પરવાનગી આપી હોવાથી તે અંદાજી બચતમાંથી વધુ રકમ ખર્ચવાની વિનંતી નામંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૦. એમ. એન. કૉલેજ, વીસનગરના આચાર્યશ્રી તરફથી તેમને ત્યાં સ્થાપવામાં આવેલાં અનુસ્નાતક કેન્દ્રોની રૂા. ૨૦,૦૦૦ની બચત યુનિવર્સિટીમાં જમા કરાવી છે, તેમાંથી રૂા. ૧૫,૦૦૦ની કિંમતનાં રસાયણશાસ્ત્રનાં સાધનો ખરીદવા માટે આવેલ માગણી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, એમ. એન. કૉલેજ, વીસનગરમાં સ્થાપવામાં આવેલાં અનુસ્નાતક કેન્દ્રોની રૂા. ૨૦,૦૦૦ની રકમ જે યુનિવર્સિટીમાં જમા કરાવવામાં આવી છે, તેમાંથી રૂા. ૧૦,૦૦૦ની કિંમતનાં રસાયણવિજ્ઞાનનાં સાધનો ખરીદવાની તે કૉલેજના આચાર્યશ્રીની વિનંતી સ્વીકારવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૧. સાર્વજનિક કૉલેજ ઑફ સાયન્સ, સુરતમાં સ્થાપવામાં આવેલા એમ.એસસી. પદવીના અનુસ્નાતક કેન્દ્રની બચતમાંથી અત્યાર સુધીમાં કૉલેજે યુનિવર્સિટીમાં જમા કરાવેલ રકમ રૂા. ૧૬,૦૦૦માંથી

રૂા. ૧૨,૫૦૦ની કિંમતનાં વૈજ્ઞાનિક સાધનો ખરીદવાની તે કૉલેજના આચાર્યશ્રીની વિનંતી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સાર્વજનિક કૉલેજ ઑફ સાયન્સ, સુરતમાં સ્થાપવામાં આવેલા એમ.એસસી. પદવીના અનુસ્નાતક કેન્દ્રની બચતમાંથી યુનિવર્સિટીમાં જમા કરાવેલી રકમ રૂા. ૧૯,૦૦૦માંથી રૂા. ૯,૫૦૦ની કિંમતનાં જરૂરી વૈજ્ઞાનિક સાધનો ખરીદવાની તે કૉલેજના આચાર્યશ્રીની વિનંતી સ્વીકારવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૨. એમ. ટી. બી. કૉલેજ ઑફ આર્ટ્સ, સુરતમાં સ્થાપવામાં આવેલા અનુસ્નાતક કેન્દ્રની વર્ષ ૧૯૬૬-૬૭ની અંદાજી બચત રૂા. ૨૧,૫૮૦માંથી રૂા. ૧૦,૦૦૦ની કિંમતનાં પુસ્તકો તથા સામયિકો ખરીદવાની પરવાનગી આપ્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત તથા વર્ષ ૧૯૬૬-૬૭ની અંદાજી બચતમાંથી રૂા. ૩,૦૦૦ની કિંમતનાં કબાટ ખરીદવાની આચાર્યની માગણી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) એમ. ટી. બી. કૉલેજ, સુરતમાં સ્થાપવામાં આવેલા વિનયનના અનુસ્નાતક કેન્દ્રની વર્ષ ૧૯૬૬-૬૭ની અંદાજી બચત રૂા. ૨૧,૫૮૦માંથી રૂા. ૧૦,૦૦૦ની કિંમતનાં પુસ્તકો તથા સામયિકો ખરીદવાની પરવાનગી આપ્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા; અને

(૨) વર્ષ ૧૯૬૬-૬૭ની ઉપર જણાવેલી અંદાજી બચતમાંથી રૂા. ૩,૦૦૦ની કિંમતનાં કબાટો ખરીદવાની તે કૉલેજના આચાર્યશ્રી ની વિનંતી મંજૂર નહિ કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૩. એચ. એન્ડ એચ. બી. કોટક ઇન્સ્ટિટ્યૂટ, રાજકોટમાં સ્થાપવામાં આવેલ અનુસ્નાતક કેન્દ્રની વર્ષ ૧૯૬૫-૬૬ની બચત રૂા. ૧૦,૧૮૪-૯૩ પૈસામાંથી રૂા. ૮,૫૦૦ની કિંમતનાં નીચે જણાવેલ વિષયોનાં પુસ્તકો ખરીદવાની આચાર્યશ્રીની માગણી પરત્વે વિચારણા કરવા બાબત :

કેમિસ્ટ્રી	...	રૂા. ૨,૦૦૦
ફિઝિક્સ	...	રૂા. ૧,૫૦૦
મૅથેમેટિક્સ	...	રૂા. ૫,૦૦૦
કુલ	...	રૂા. ૮,૫૦૦

આથી ઠરાવવામાં આવે છે કે, એચ. એન્ડ એચ. બી. કોટક ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ, રાજકોટમાં સ્થાપવામાં આવેલાં અનુસ્નાતક કેન્દ્રોના વર્ષ ૧૯૬૪-૬૫ તથા વર્ષ ૧૯૬૫-૬૬ના હિસાબો હજુ સુધી ચોખ્ખા થયા ન હોવાથી વર્ષ ૧૯૬૫-૬૬ની બચત રૂા. ૧૦,૧૮૪-૯૩ પૈસામાંથી રૂા. ૮,૫૦૦ની કિંમતનાં પુસ્તકો ખરીદવાની તે કૉલેજના આચાર્યશ્રીની માગણી પર હાલ વિચારણા કરી શકાય એમ નથી.

(નોંધ.—સદરહુ હિસાબ ચોખ્ખા કરીને તાકીદે જાણ કરવા કૉલેજના આચાર્યશ્રીને જણાવવું અને તે હિસાબ યુનિવર્સિટી એકાઉન્ટન્ટની પાસે તાકીદે તપાસી લેવડાવવાનું રાખવું.)

૧૪. શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન એન્ડ રિસર્ચ, અમદાવાદમાં ડી.એલ.ઓ. (ઇ.એન.ટી.) તથા ડી.વી.ડી. વિષયમાં અનુસ્નાતક કેન્દ્રો સ્થાપવા બાબતમાં સિન્ડિકેટે નીમેલી સ્થાનિક તપાસસમિતિના અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન એન્ડ રિસર્ચ, અમદાવાદમાં નવેંબર ૧૯૬૬થી ડિપ્લોમા-ઇન-લેરિન્ગોલોજી એન્ડ ઓટોલોજી(D.L.O.)નું અનુસ્નાતક કેન્દ્ર, એક યુનિટ ડી.એલ.ઓ. માટે રાખવામાં આવે તે શરતે, આપવા ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, અગાઉ આપવામાં આવેલા ડી.વી.ડી. વિષયના એડહૉક અનુસ્નાતક કેન્દ્રને, તે વિષય માટે એક 'યુનિટ' રાખવામાં આવે તે શરતે, કાયમી (Regularise) કરી આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૫. ગુજરાત કૉલેજ, અમદાવાદના પીએચ.ડી. ફિઝિક્સ વિષયના માન્ય અનુસ્નાતક શિક્ષક પ્રિન્સિ. ડૉ. વાય. જી. નાયકના હાથ નીચે એમ.એસસી. ફિઝિકલ કેમિસ્ટ્રી વિષય સાથે પાસ કરનાર વિદ્યાર્થી શ્રી. એમ. જે. દવેને પીએચ.ડી. પદવી માટે રજિસ્ટર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. એમ. જે. દવે, એમ.એસસી. પદવી ફિઝિકલ કેમિસ્ટ્રી વિષયમાં ધરાવતા હોવાથી પીએચ.ડી. પદવી ફિઝિક્સ વિષયમાં માન્યતા ધરાવતા શિક્ષક ડૉ. વાય. જી. નાયકના માર્ગદર્શન હેઠળ નામ નોંધાવવાની વિનંતી મંજૂર કરી શકાય એમ નથી, એમ ડૉ. નાયકને તથા શ્રી. દવેને જણાવવું.

૧૬. એમ.એ,એમ.એસસી. તથા એમ.કૉમ. પદવીનો અભ્યાસ કરતા વિદ્યાર્થી જે તે પદવી માટે નામ રજિસ્ટર કરાવ્યા બાદ ચાર વર્ષની મુદતમાં પદવી પરીક્ષા પસાર ન કરે તો તેવા વિદ્યાર્થીઓએ તેમનું નામ નવેસરથી અરજી કરીને રજિસ્ટ્રેશન ફી આપી ફરીથી રજિસ્ટર કરવાના કાર્યાલયના સૂચન અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, એમ.એ., એમ.એસસી. તથા એમ.કૉમ. પદવીના અભ્યાસ માટે નામ નોંધાવનાર વિદ્યાર્થીએ તેમના અભ્યાસના સમયથી ચાર વર્ષ દરમિયાનમાં જે તે પદવી પરીક્ષા પસાર કરવી આવશ્યક રાખવા અને સમય બાદ પરીક્ષામાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીએ નવેસરથી અરજી કરી રજિસ્ટ્રેશન ફી ભરીને નામ નોંધાવવું જરૂરી બનાવવા તથા તે માટે ઑર્ડિનન્સ ઘડીને આ સભાગૃહ સમક્ષ મૂકવાનું રાખવું.

૧૭. જે અનુસ્નાતક અભ્યાસક્રમોમાં ડિઝર્ટેશન તૈયાર કરવાનાં હોય ત્યાં તે તૈયાર કરાવનાર શિક્ષકને તેમનાં વ્યાખ્યાનો માટે મળતાં મહેનતાણાં ઉપરાંત પ્રત્યેક ડિઝર્ટેશન દીઠ રૂા. ૧૦૦ અને વધુમાં વધુ રૂા. ૩૦૦ પ્રત્યેક વર્ષે આપવા એ મુજબની બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની ભલામણ સિન્ડિકેટે મંજૂર રાખી હોવાથી એમ.એ., એમ.એસસી. તથા તેની સી વિદ્યાશાખાની પદવીના કેટલાક વિષયોમાં એસે/ડિઝર્ટેશન વિદ્યાર્થીએ રજૂ કરવાની જોગવાઈ હોવાથી તે અંગેના તે તે પદવીમાં નવા રેગ્યુલેશન ઉમેરવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, જે અનુસ્નાતક અભ્યાસક્રમમાં ડિઝર્ટેશન અથવા એસે તૈયાર કરવાના હોય ત્યાં શિક્ષકને વ્યાખ્યાનો માટે મળતાં મહેનતાણાં ઉપરાંત પ્રત્યેક ડિઝર્ટેશન/એસે દીઠ રૂા. ૧૦૦ અને વધુમાં વધુ રૂા. ૩૦૦ પ્રત્યેક વર્ષે આપવાની જોગવાઈ માટેના રેગ્યુલેશનના મુસદ્દાને મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(મુસદ્દો પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

૧૮. યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજોમાં કામ કરતા શિક્ષકોને તેમના પીએચ.ડી. પદવીના સંશોધનકાર્યમાં જો પ્રાયોગિક કામ આવતું હોય તો સુધારેલા ઑર્ડિ. ૩૨૪ અનુસાર તેમના માર્ગદર્શક જ્યાં રહેતા હોય ત્યાં રહ્યા વગર કામ કરવામાંથી કોઈ પણ પ્રકારની છૂટછાટ આપવામાં આવી ન હોવાથી અન્ય શિક્ષકોને માટે ઘડવામાં આવેલા ઑર્ડિ. ૩૨૪-એ ૨૬ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિ. ૩૨૪-એ ૨૬ કરવો નહિ, પરંતુ ઑર્ડિ. ૩૨૪ની કલમ (૩) નીચે મુજબ સુધારવા સિન્ડિકેટને ભલામણ કરવી :

O. 314(3)(a) :

It shall be permissible for a candidate registered for the Ph.D. Degree to reside at a place other than the town where his teacher ordinarily resides or works, provided however that candidates excepting the teacher candidates shall not be granted such permission in case where the study includes laboratory works.

૧૯. એમ.એસસી. પદવી, પાર્ટ ૧ના નવા અભ્યાસક્રમ મુજબ રસાયણશાસ્ત્ર વિષયમાં (૧) ઑર્ગેનિક કેમિસ્ટ્રી, (૨) ઇનઑર્ગેનિક કેમિસ્ટ્રી, તથા (૩) ફિઝિકલ કેમિસ્ટ્રી, એમ ત્રણ પેપરો શીખવવાના થતા હોવાથી સદરહુ વિષયના અનુસ્નાતક કેન્દ્રને માટે જરૂરી સ્થાનિક સ્ટાફ માટે જે ઘોરણ ઑર્ડિ. ૬૫-પી (૪)(૨) મુજબ નક્કી કર્યું છે તેમાં ફેરફાર કરવા અંગે પી. પી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સના પ્રો. ડી. એમ. દેસાઈ તરફથી આવેલા પત્રો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, રસાયણવિજ્ઞાનના વિષયના અનુસ્નાતક કેન્દ્ર માટે જરૂરી સ્થાનિક શિક્ષકગણ માટે ઑર્ડિ. ૬૫-પી.(૪)(૨)થી નક્કી થયેલા ઘોરણમાં ફેરફાર કરવા અંગેનું ડૉ. ડી. એમ. દેસાઈનું સૂચન સ્વીકારી શકાય તેમ નથી, એમ સિન્ડિકેટને ભલામણ કરવી.

૨૦. સેનેટની તા. ૧૫/૧૬-૧૦-૧૯૬૫ની સભામાં સ્ટે. ૧૨૧-આઈ ૨૬ કરવા અંગેની બાબત પર શ્રી. એ. આર. દેસાઈનો નીચેનો સુધારો વધુમતે પસાર થયો હોવાથી તે અંગે આ સભાએ અભિપ્રાય આપવા બાબત :

"શ્રી. મગનભાઈના ઠરાવમાં નીચે પ્રમાણે સુધારા સૂચવું છું :

નીચેના શબ્દો કાઢી નાખો :

'મંજૂર કરવામાં આવે' અને તેને બદલે નીચેના શબ્દો ઠરાવમાં ઉમેરો :

'પરત્વે બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ અને ઍકેડેમિક કાઉન્સિલ બંનેના અભિપ્રાયો મેળવવા આ સેનેટ ઠરાવે છે.'"

આમ થતાં ઠરાવ નીચે પ્રમાણે વંચાશે :

"ઉપર જણાવેલ સ્ટે. ૧૨૧-આઈ ૨૬ કરવાની સિન્ડિકેટની ભલામણ પરત્વે બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ અને ઍકેડેમિક કાઉન્સિલ બંનેના અભિપ્રાયો મેળવવા આ સેનેટ ઠરાવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સ્ટે. ૧૨૧-આઈ ૨૬ કરવા માટે ઍકેડેમિક કાઉન્સિલ તથા સિન્ડિકેટને ભલામણ કરવી.

૨૧. આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજો/સંસ્થાઓમાં કામ કરતા શિક્ષકોને જુદા જુદા વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષકો/મદદનીશ અનુસ્નાતક શિક્ષકો તરીકેની આપેલી માન્યતાની મુદત તા. ૧૪-૬-૧૯૬૭માં પૂરી થતી હોવાથી તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, માન્ય અનુસ્નાતક શિક્ષકો તથા માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષકો જેમની માન્યતાની મુદત તા. ૧૪મી જૂન ૧૯૬૭ સુધી છે તે મુદત તા. ૧૪મી જૂન ૧૯૬૮ સુધી વધારી આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, પ્રોફેસર-ઇન-ચાર્જની નિમણૂકની મુદત પણ આ રીતે તા. ૧૪મી જૂન ૧૯૬૮ સુધી વધારી આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૨૨. જે તે કૉલેજ/સંસ્થામાં સ્થાપવામાં આવેલ જુદા જુદા વિષયોનાં અનુસ્નાતક કેન્દ્રોમાં અનુસ્નાતક વ્યાખ્યાનો આપવા માટે મુલાકાતી શિક્ષકો બોલાવવાના સંદર્ભમાં પ્રત્યેક વિષયમાં શિક્ષણનો કુલ કાર્યભોજ જોઇતપાસીને અનુસ્નાતક શિક્ષણના કાર્યક્રમમાં ભાગ લેવા માટે કેન્દ્ર બહારના શિક્ષકોને બોલાવવા અંગેની જરૂરિયાત નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, પ્રત્યેક વિષયમાં શિક્ષણનો કુલ કાર્યભોજ જોઇતપાસીને અનુસ્નાતક શિક્ષણના કાર્યક્રમમાં ભાગ લેવા માટે કેન્દ્ર બહારના શિક્ષકોને બોલાવવા અંગેની જરૂરિયાત નક્કી કરવા તથા તેને અનુલક્ષીને જે કોઈ મુદ્દા ઉપસ્થિત થતા હોય તે પરત્વે વિચારણા કરી રિપોર્ટ કરવા માટે નીચેના સભ્યોની સમિતિ નીમવા સિન્ડિકેટને ભલામણ કરવી :

૧. શ્રી. ય. પ્રા. શુક્લ
૨. શ્રી. મણિભાઈ ડી. દેસાઈ
૩. શ્રી. ટી. એમ. પરીખ
૪. શ્રી. જે. જે. ચિનોય
૫. શ્રી. એ. આર. દેસાઈ.

૨૩. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૨૫-૪-૧૯૬૬ની સભાના ઠરાવ અનુસાર તબીબી વિદ્યાશાખામાંના અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા આપવા અંગે ઑર્ડિ. ૬૫-કે (૩)માં તથા ઑર્ડિ. ૬૫-કે (૬)માં નીચેની નોંધ ઉમેરવામાં આવી છે તે નોંધ મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા અંગેના ઑર્ડિ. ૬૫-એમ (૧)ની નોંધમાં પણ ઉમેરવા બાબત :

Note.—For granting recognition for teaching of the subjects under the Faculty of Medicine, teaching experience either as Tutor or Demonstrator as the case may be, shall be counted towards experience required under the above ordinance.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબત વિચારણા માટે તબીબી વિદ્યાશાખાને મોકલી આપવી.

૨૪. ગુજરાત યુનિવર્સિટી ભાષા-સાહિત્ય ભવનના ત્રિવાર્ષિક તપાસ અંગેના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

સિન્ડિકેટની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ અહેવાલ ઍકેડેમિક કાઉન્સિલની તથા બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની વિચારણા માટે મોકલવો."

આથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાત યુનિવર્સિટીના ભાષા-સાહિત્ય ભવનના ત્રિવાર્ષિક તપાસ અંગેના અહેવાલની આ સભાએ નોંધ લીધી છે, એમ સિન્ડિકેટને રિપોર્ટ કરવો.

૨૫. સિન્ડિકેટની તા. ૪/૫-૬-૧૯૬૬ની સભાના ઠરાવ અનુસાર મનોવિજ્ઞાન વિદ્યાભવનના ત્રિવાર્ષિક તપાસસમિતિના તા. ૨૨-૪-૧૯૬૬ના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાત યુનિવર્સિટીના મનોવિજ્ઞાન વિદ્યાભવનના ત્રિવાર્ષિક તપાસ-સમિતિના તા. ૨૨-૪-૧૯૬૬ના અહેવાલની નોંધ લેવી.

૨૬. સિન્ડિકેટની તા. ૪/૫-૬-૧૯૬૬ની સભાના ઠરાવ અનુસાર સમાજવિદ્યા ભવનના ત્રિવાર્ષિક તપાસસમિતિના તા. ૧૮-૪-૧૯૬૬ના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાત યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનના ત્રિવાર્ષિક તપાસ-સમિતિના તા. ૧૮-૪-૧૯૬૬ના અહેવાલની નોંધ લેવી.

૨૭. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની ભલામણ અનુસાર સિન્ડિકેટે આપેલી સત્તા અનુસાર નીચેના શિક્ષકને તેમના નામ સામે જણાવેલ વિષય અને પદવી માટે માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા આપ્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત :

શિક્ષકનું નામ	કૉલેજ/સંસ્થાનું નામ	વિષય	પદવી
ડૉ. એન. કિશ્નસ્વામી	સેન્ટ્રલ સોલ્ટ ઍન્ડ મરિન કેમિકલ્સ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, ભાવનગર	ફિઝિકલ કેમિસ્ટ્રી	પીએચ.ડી.

આથી ઠરાવવામાં આવે છે કે, સેન્ટ્રલ સોલ્ટ ઍન્ડ મરિન કેમિકલ્સ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, ભાવનગરના ડૉ. એન. કિશ્નસ્વામીને પીએચ.ડી. પદવી ફિઝિકલ કેમિસ્ટ્રી વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા આપ્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૨૮. આર. જે. ટીચર્સ કૉલેજ, પોરબંદરના પ્રાધ્યાપક શ્રી. એમ. ડી. વૈષ્ણવની એમ.એડ. પદવી એજ્યુકેશન વિષયની માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા ફરી ચાલુ કરી આપ્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, આર. જી. ટીચર્સ કૉલેજ, પોરબંદરના પ્રાધ્યાપક શ્રી. એમ. ડી. વૈષ્ણવની એમ.એડ. પદવી એજ્યુકેશન વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા ફરી ચાલુ કરી આપ્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૨૯. સાથેની યાદીમાં જણાવ્યા મુજબના શિક્ષકોની તેમનાં નામ સામે જણાવેલ વિષય અને પદવી માટેના માન્ય અનુસ્નાતક શિક્ષક/મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા તેમનાં નામ સામે જણાવેલ કૉલેજ/સંસ્થામાં બદલી આપ્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, આ સાથેની યાદીમાં જણાવેલા શિક્ષકોની તેમનાં નામ સામે જણાવેલ વિષય અને પદવી માટેની માન્ય અનુસ્નાતક શિક્ષક અગર માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા તેમનાં નામ સામે જણાવેલ કૉલેજ/સંસ્થામાં બદલી આપ્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

(યાદી આ સાથે પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

૩૦. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૨૫-૪-૧૯૬૬ની સભાના ઠરાવથી ઉપકુલપતિશ્રીને આપેલ સત્તા અનુસાર નીચે જણાવેલ કૉલેજ/સંસ્થામાં તેમનાં નામ સામે જણાવેલ પદવી અને વિષયમાં અનુસ્નાતક કેન્દ્રો આપ્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત :

ક્રમાંક	કૉલેજ/સંસ્થાનું નામ	પદવી	વિષય
૧.	બહાઉદ્દીન કૉલેજ, જૂનાગઢ	એમ.એ.	હિંદી
૨.	ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ એન્ડ એ. એમ. પી. લૉ કૉલેજ, રાજકોટ	એમ.એ.	અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર (જૂથ "સી" અને "ઈ")

આથી ઠરાવવામાં આવે છે કે, અગાઉ સિન્ડિકેટે આપેલી સત્તા અનુસાર નીચેની કૉલેજોમાં તેમનાં નામ સામે જણાવેલ વિષય અને પદવીમાં અનુસ્નાતક કેન્દ્રો સ્થાપવાની પરવાનગી આપ્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી :

ક્રમાંક	કૉલેજ/સંસ્થાનું નામ	પદવી	વિષય
૧.	બહાઉદ્દીન કૉલેજ, જૂનાગઢ	એમ.એ.	હિંદી
૨.	ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ એન્ડ એ. એમ. પી. લૉ કૉલેજ, રાજકોટ	એમ.એ.	અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર (જૂથ "સી" અને "ઈ")

૩૧. બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદમાં સ્થાપવામાં આવેલ ડી. વી. એન્ડ ડી. વિષયના અનુસ્નાતક કેન્દ્રમાં નિયમ પ્રમાણે પૂરતો સ્થાનિક શિક્ષકગણ ન હોવાને લીધે તે કેન્દ્ર બંધ કરવામાં આવ્યું છે, જેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદમાં ઑર્ડિ. ૬૫-પી(૪)(૪) પ્રમાણે કેન્દ્રને માટે જરૂરી સ્થાનિક શિક્ષકગણ ન હોવાથી ડી. વી. એન્ડ ડી. વિષયનું અનુસ્નાતક કેન્દ્ર બંધ કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૩૨. એક ઝોનમાં વધુમાં વધુ અનુસ્નાતક કેન્દ્રો સ્થાપી શકાય તેવી જોગવાઈ ઑર્ડિ. ૬૫-એસ માં છેલ્લી લીટીથી કરવામાં આપી છે તે રદ કરવા માટે શ્રી. વી. એસ. પટેલ કૉલેજ ઑફ આર્ટ્સ એન્ડ સાયન્સ, બીલીમોરાના આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, એક ઝોનમાં વધુમાં વધુ ત્રણ અનુસ્નાતક કેન્દ્રો સ્થાપી શકાય તેવી જોગવાઈ ઑર્ડિ. ૬૫-એસ માં છેલ્લી લીટીથી કરવામાં આવી છે તે લીટી રદ કરી ઑર્ડિ. ૬૫-એસ સુધારવા અંગેની વી. એસ. પટેલ કૉલેજ ઑફ આર્ટ્સ એન્ડ સાયન્સ, બીલીમોરાનું સૂચન સ્વીકારવું નહિ એમ સિન્ડિકેટને ભલામણ કરી.

૩૩. કોઈ પણ અનુસ્નાતક કેન્દ્રમાં જે તે વિષયમાં અનુસ્નાતક વ્યાખ્યાનો આપતા શિક્ષકો તેમને અનુસ્નાતક નિયમ નં. ૩૭ની મર્યાદામાં રહીને મળતી રકમના પ્રમાણમાં અનુસ્નાતક વ્યાખ્યાનો આપે અને પછી તે સત્ર દરમિયાન વ્યાખ્યાનો આપવાનું બંધ કરે તો તેવા દાખલામાં તે સત્ર દરમિયાન બાકી રહેલા સમય માટે અનુસ્નાતક વ્યાખ્યાનો આપવા અંગે કેન્દ્રે શી વ્યવસ્થા કરવી જરૂરી છે તે તથા વધુ વ્યાખ્યાનના પ્રમાણમાં વધુ રકમ આપી શકાય કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબતે વિચારણા કરવા માટે બાબત નં. ૨૨ માં નિમાયેલી સમિતિ તરફ મોકલી આપવી.

૩૪. શ્રી. શાંતિલાલ જીવણદાસ મણિયાર, લેક્ચરર, આર. જી. ટીચર્સ કૉલેજ, પોરબંદર તરફથી તેમને એમ.એડ. પદવી એજ્યુકેશન વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા આપવાના પ્રશ્ન અંગે ફેરવિચારણા કરવા માટે આવેલી તેમની વિનંતી પર વિચારણા કરવા બાબત.

શૈક્ષણિક લાયકાત	શૈક્ષણિક અનુભવ
બી.એસસી. (મુંબઈ), બીજો વર્ગ, કેમિસ્ટ્રી-ફિઝિકસ, ૧૯૪૯	૧૦ વર્ષ
બી.એડ. (બરોડા), પ્રથમ વર્ગ, સાયન્સ અને મેથ્સ. મેથડ્ઝ, ૧૯૫૪	
એમ.એડ. (કર્ણાટક), પાસ વર્ગ (Edu. Admn. & Comparative Edu. as optional Group)	

આથી ઠરાવવામાં આવે છે કે, આર. જી. ટીચર્સ કૉલેજ, પોરબંદરના શ્રી. શાંતિલાલ જે. મણિયારને એમ.એડ. પદવી એજ્યુકેશનના વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા આપવાની બાબત વિચારણા મુલતવી રાખવી.

બાબત નં. ૩૫ની વિચારણા કરતાં બાબત નં. ૩૭ની વિચારણા પ્રથમ હાથ ધરવામાં આવી હતી.

૩૭. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૨૫-૪-૧૯૬૬ની સભાની ભલામણ અનુસાર એમ.એ., એમ.એસસી. તથા એમ.કૉમ. પદવીના જુદા જુદા વિષયોમાંથી કયા કયા વિષયોને Indentical કે Substantially indentical ગણવા તે બાબત પરત્વે વાણિજ્ય વિદ્યાશાખાએ તેની તા. ૧૫-૯-૧૯૬૬ની સભામાં નીચે મુજબ ઠરાવ્યું છે તે અંગે વિચારણા કરવા બાબત :

ફેકલ્ટીનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે, એમ.કૉમ. અને એમ.એ.માં નીચે જણાવેલા વિષયો તેની સામે જણાવેલ વિષયો સાથે આઇડેન્ટિકલ ગણવા :

M Com. (New)	*M.Com. (Old)*	*M.A. (New)*	*M.A. (Old)*
1. Economic-Policy & Planning	Public Economics	—	Public Finance
2. Organised Market	Organised Market	—	—
3. Cost Accounting, Papers I, II Advanced Accounting	Advanced Accounting, Costing and Industrial Administration	—	—

M.Com. (*New*)	*M.Com.* (*Old*)	*M.A.* (*New*)	*M.A.* (*Old*)
4. Modern Finance, Papers I & II	Foreign Exchanges International Banking	—	—
5. Paper : I Industry and Labour Paper II : Trade & Transport	Organisation of Industries Labour Administration	Industrial Economics	Industrial Economics.

આથી ઠરાવવામાં આવે છે કે, એમ.કોમ. અને એમ.એ. પદવી નીચે જણાવેલા વિષયોને તેની સામે જણાવેલા વિષયો સાથે આઇડેન્ટિકલ ગણવા અને તે મુજબ શિક્ષકોને માન્ય અનુસ્નાતક શિક્ષક અગર માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા આપવાનું વિચારવા સિન્ડિકેટને ભલામણ કરવી :

M.Com. (*New*)	*M Com.* (*Old*)	*M.A.* (*New*)	*M.A.* (*Old*)
1. Economic Policy and Planning	Public Economics	Economic Development and Planning	Public Finance & Economics of Planning
2. Organised Markets	Organised Markets	Theory of Value *or* Agricultural Economics *or* Industrial Economics	Theory of Value *or* Agricultural Economics *or* Industrial Economics
3. Cost Accounting, Papers I, II Advanced Accounting Industrial Management	Advanced Accounting, Costing and Industrial Administration	Industrial Economics	Industrial Economics
4. Modern Finance, Papers I & II	Foreign Exchange International Banking	Theory of Money and International Economics	Theory of Money and Industrial Economics
5. Paper I : Industry and Labour Paper II : Trade and Transport	Organisation of Industries Labour Administration	Industrial Economics	International Economics

૩૫. અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા માટે જુદી જુદી કૉલેજો અને મા.ન્ય સંસ્થાઓના અધ્યાપકો તરફથી આવેલ અરજીઓ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, બાબત નં. ૩૭ના ઠરાવના સંદર્ભમાં શ્રી. શાહ જગદીશ રમણલાલની અરજી પરત્વે નિર્ણય લેવા તેમ જ શ્રી. દેસાઈ અરવિંદકુમાર મણિભાઈના સંશોધનપત્રો અંગે યોગ્ય વ્યક્તિનો અભિપ્રાય મેળવી તેની અરજી પરત્વે નિર્ણય લેવા ઉપકુલપતિશ્રીને સત્તા આપની.

૩૬. અનુસ્નાતક કેન્દ્રો ચલાવતી કેટલીક કૉલેજોને વર્ષ ૧૯૬૬-૬૭ની અંદાજી બચતમાંથી પુસ્તકો ખરીદવાની પરવાનગી આપ્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, આ સાથેની યાદીમાં જણાવેલી કૉલેજોને વર્ષ ૧૯૬૬-૬૭ની અંદાજી બચતમાંથી તેમનાં નામ સામે જણાવેલી રકમનાં પુસ્તકો ખરીદવાની પરવાનગી આપ્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

(યાદી પરિશિષ્ટ "જ" તરીકે સામેલ છે.)

૩૮. રસાયણવિજ્ઞાનના પરિસંવાદમાં થયેલી ભલામણોમાંથી નીચેની ભલામણ નં. ૨ અને ૩ જે બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગે તેની તા. ૧૯-૯-૧૯૬૬ની સભામાં નામંજૂર કરી છે તે ભલામણો પરત્વે તા. ૮-૧૦-૧૯૬૬ની સિન્ડિકેટના ઠરાવ અન્વયે ફેરવિચારણા કરવા બાબત.

(I 2):

A post-graduate teacher (including Assistants) who is recognised for a branch other than his special branch may be additionally allowed to teach A, who has taken his M Sc. or Ph D. Degree in Organic Chemistry and has been recognised as a post-graduate teacher in Inorganic Chemistry (there are number of such case) may now be permitted to teach additionally Organic Chemistry at M Sc. (Previous).

(II 3):

A post-graduate teacher or the Assistant be permitted to visit any centre for teaching at M.Sc. (Previous). The rule regarding present Zonal System may be deleted for teaching at M.Sc (Previous).

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબતની વિચારણા મુલતવી રાખની.

૩૯. શાહ એન. એમ. કૉમર્સ કૉલેજ ઍન્ડ શ્રી. એન. કે. એમ. આર્ટ્સ કૉલેજ, વલસાડના આચાર્યશ્રી તરફથી એમ.એ. પદવીના શિક્ષણ અંગે આવેલા નીચેના સૂચન પરત્વે વિચારણા કરવા બાબત:

(1) Papers of Part I and Part II, at the option of the post-graduate centres, may be taught alternatively.

(2) Likewise the candidates may be allowed to clear the papers of Part II before clearing papers of Part I. He may be awarded M.A. Degree only after clearing papers of both Parts I & II.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત વિચારણા કરવા માટે ઉપર બાબત નં. ૨૨માં નમાયેલી સમિતિને મોકલી આપવી.

બાબત નં. ૪૦ની વિચારણા હાથ પર લેવામાં આવી હતી અને તે વિચારણા ચાલતી હતી તે સમયે ઉપકુલપતિ શ્રી. લાલભાઈ ૨. દેસાઈ પાછા આવતાં સભાનું પ્રમુખસ્થાન તેઓશ્રીએ સંભાળ્યું હતું.

૪૦. શાહ એન. એચ કૉમર્સ ઍન્ડ એન. કે. એમ. આર્ટ્સ કૉલેજ, વલસાડમાં સ્થાપવામાં આવેલ અનુસ્નાતક કેન્દ્રની વર્ષ ૧૯૬૫-૬૬ને અંતે રહેલ બચત રૂા. ૨,૯૮૦ની પૂરી રકમનાં પુસ્તકો ખરીદવાની આચાર્યની માગણી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શાહ એન એચ. કૉમર્સ ઍન્ડ એન. કે. એમ. આર્ટ્સ કૉલેજ, વલસાડમાં સ્થાપવામાં આવેલા અનુસ્નાતક કેન્દ્રની વર્ષ ૧૯૬૫-૬૬ના અંતે રહેલી બચત રૂા. ૨,૯૮૦માંથી રૂા. ૧,૪૦૦ની રકમનાં પુસ્તકો ખરીદવાની તે કૉલેજના આચાર્યશ્રીને પરવાનગી આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૪૧. શ્રી. વિનોદરાય નીખાલાલ ભટ્ટ, લેકચરર, સર પી. પી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ, ભાવનગર તરફથી તેમને એમ.એસસી. પદવી ફિઝિક્સ વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ તરીકેની માન્યતા આપવા અંગે આવેલ અરજી પર વિચારણા કરવા બાબત :

શૈક્ષણિક લાયકાત	શૈક્ષણિક અનુભવ	
	વર્ષ	માસ
બી.એસસી. (ગુજરાત), બીજો વર્ગ, ફિઝિક્સ-મેથ્સ, ૧૯૫૪	૫	૨
એમ.એસસી. (ગુજરાત), બીજો વર્ગ ફિઝિક્સ, ૧૯૬૪		
એમ.એસસી. (ગુજરાત), પાસ વર્ગ એપ્લાઇડ મેથ્સ., ૧૯૬૨		

આથી ઠરાવવામાં આવે છે કે, સર પી. પી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ, ભાવનગરના લેકચરર શ્રી. વિનોદરાય નીખાલાલ ભટ્ટને એમ.એસસી. પદવી ભૌતિકવિજ્ઞાનના વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા ન આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૪૩. સેનેટની તા. ૧૦/૧૧/૧૨-૩-૧૯૬૫ની વાર્ષિક સભામાં થયેલાં કેટલાંક સૂચનો ઉપર સિન્ડિકેટે તેની તા. ૩/૪-૭-૧૯૬૫ની સભામાં જે સમિતિ નીમી હતી તે સમિતિના હેવાલમાં જણાવેલી ભલામણોમાંથી જ્યાં જરૂર જણાય ત્યાં તે ભલામણોના સંદર્ભમાં ધારાધોરણ ઘડવા માટે બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની ભલામણ ઉપરથી સિન્ડિકેટે તેની તા. ૮-૧૦-૧૯૬૬ની સભામાં જે સમિતિ નીમી હતી તે સમિતિની તા. ૧૯-૧૦-૧૯૬૬ની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબતની વિચારણા મુલતવી રાખવી.

૪૪. પરદેશના રેફરીને મહાનિબંધ તપાસવા મોકલવામાં થતું હવાઈ ખર્ચ વિદ્યાર્થી પાસેથી વસૂલ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, આ બાબતની વિચારણા કરી ઘટતો નિર્ણય લેવાનું સિન્ડિકેટ પર છોડવું.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

પરિશિષ્ટ "ક"

જે શિક્ષકોને જૂન ૧૯૬૭ સુધી માન્ય અનુસ્નાતક, શિક્ષક તરીકે માન્યતા આપી તેમની યાદી :

ક્રમાંક	શિક્ષકનું નામ	પદવી	વિષય	કૉલેજ / સંસ્થાનું નામ
૧.	શ્રી. કે. એસ. ભટ્ટ	એમ.ડી.એસ.	Operative Dentistry Orthodontia	ગવર્નમેન્ટ ડેન્ટલ કૉલેજ હૉસ્પિટલ, અમદાવાદ
૨.	શ્રી. જે. સી. પરીખ	,,	Periodontia and Preventive Dentistry	,,
૩.	કુ. કે. એફ. બીલીમોરિયા	,,	Periodantic	,,
૪.	શ્રી. ઈકબાલ સિંગ	,,	Operative Dentistry	,,
૫.	શ્રી. એમ. આર. જોશી	,,	Orthodontia	,,
૬.	શ્રી. એ. એમ. મલાવવાલા	,,	Oral Pathology & Bacteriology	,,
૭.	શ્રી. એન. ટી. દેસાઈ	,,	Oral Diagnosis & Dental Radiology	,,
૮.	શ્રી. એન. એ. ભટ્ટ	,,	Prosthetic Dentistry	,,
૯.	શ્રી. સી. પી. બાંગાની	,,	Periodontia	,,
૧૦.	શ્રી. કશ્યપ ભાર્ગવ	,,	Prosthetic Dentistry	,,
૧૧.	શ્રી. એમ. એમ. ગુગલે	,,	Prosthetic Dentistry	,,
૧૨.	શ્રી. બી. પી. ખત્રી	એમ.ઈ.	ઇલેક્ટ્રિકલ મશીન ડિઝાઈન	એલ.ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, અમદાવાદ
૧૩.	શ્રી. વી. એમ. ત્રિવેદી	એમ.એસસી.	ફિઝિક્સ	વિજ્ઞાન વિદ્યાભવન, ગુ. યુનિ., અમદાવાદ
૧૪.	શ્રી. એન. એમ. પંડ્યા	,,	,,	,,
૧૫.	શ્રી. જે. બી. ઝવેરી	એમ.કૉમ.	એકાઉન્ટન્સી	વી. એમ. પારેખ કૉમર્સ કૉલેજ, કપડવંજ

પરિશિષ્ટ "ખ"

જે શિક્ષકોને માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા નથી આપી તેમની યાદી

ક્રમાંક	શિક્ષકનું નામ	પદવી	વિષય	કૉલેજનું નામ
૧.	શ્રી. એ. ડી. કાનુગા	એમ.ડી.એસ.	ફાર્માકોલોજી ડેન્ટલ	ગવર્નમેન્ટ ડેન્ટલ કૉલેજ એન્ડ હોસ્પિટલ, અમદાવાદ
૨.	શ્રી. એન. જે. મણિ	,,	(1) Oral Pathology & Bacteriology (2) Oral Diagnosis Dental Radiology	,,
૩.	શ્રી. એન. પી. શાહ	,,	Physiology Dental	,,
૪.	શ્રીમતી તારાબહેન એચ. પટેલ	એમ.એ.	ગુજરાતી	જી. એલ. એસ. આર્ટ્સ કૉલેજ ફૉર ગર્લ્સ, અમદાવાદ
૫.	શ્રી. પી. એમ. સંપત	એમ.ડી.એસ.	(1) Oral Surgery & Maxillofacial Plastic Surgery (2) Operative Dentistry	ગવર્નમેન્ટ ડેન્ટલ હૉસ્પિટલ, અમદાવાદ
૬.	શ્રી. એસ. બી. લુહાર	,,	Prosthetic Dentistry	,,
૭.	શ્રી. જે. એલ. ભટ્ટ	,,	General Medicine Dental	
૮.	શ્રી. બી. એસ. શાહ	,,	General Pathology & Bacteriology Dental	
૯.	શ્રી. જી. એમ. પટેલ	,,	General Surgery Dental	

પરિશિષ્ટ "ગ"

માન્ય અનુસ્નાતક શિક્ષકોના મદદનીશ શિક્ષકોની યાદી

ક્રમાંક	નામ	પદવી	વિષય	કૉલેજ/સંસ્થાનું નામ
૧.	શ્રીમતી સુબ્બનિયમ પી. સાવિત્રી (એમ.એ.)	એમ.એ.	અંગ્રેજી	ડી. કે. વી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, જામનગર
૨.	શ્રી. શુક્લ કે. કે. (એમ.એ.)	,,	મનોવિજ્ઞાન	શેઠ આર. એ. કૉલેજ ઑફ આર્ટ્સ એન્ડ સાયન્સ, અમદાવાદ
૩.	શ્રી. આથવલે એમ. એસ. (એમ.એ.)	,,	તત્ત્વજ્ઞાન	ભવન્સ કૉલેજ, ડાકોર
૪.	શ્રી. વાંઝા જી. બી. એમ.ઈ.(મિકે.)	એમ.ઈ.	મિકેનિકલ એન્જિનિયર	એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, અમદાવાદ
૫.	શ્રી. મિત્રા અરુણકુમાર (એમ.ડી.,પી.એસ.એમ.)	એમ.ડી., ડી.પી.એસ., ડી.આઈ.એચ.	પ્રિવેન્ટિવ સોશિયલ મેડિસિન	ન્યુનિ. મેડિકલ કૉલેજ, અમદાવાદ
૬.	શ્રી. ભાટિયા એમ. ટી. (એમ.ડી.,ડી.એ.)	એમ.ડી. (બ્રાન્ચ ૭)	એનેસ્થેસિયા	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ
	શ્રી. હરિકિશન ગોર (એમ.ડી.,ડી.સી.એસ.)	ડી.સી.એચ., એમ.ડી., પેડિયાટ્રિકસ	પેડિયાટ્રિકસ	એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગર
	[illegible]વેદી એચ. જી. (એમ.એસસી.)	એમ.એસસી.	ફિઝિકસ	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ડભોઈ
	[illegible]લ. બી. (એમ.કૉમ.)	એમ.કૉમ.	સ્ટેટિસ્ટિકસ	ન્યુનિ. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ઉપલેટા
	[illegible]. [illegible].(પેડ.)	એમ.ડી., તથા ડી.પેડ. (બ્રાન્ચ ૫)	પેડિયાટ્રિકસ	શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પી. જી. મેડિસિન એન્ડ રિસર્ચ, અમદાવાદ

परिशिष्ट "घ"

Rules relating to the Recognition of persons as University Teachers

FOR MASTER'S DEGREE

(i) By papers

O. 65-F :

A teacher to be recognised for the Master's degree (other than Medicine) by papers must have the qualifications specified in any one of the categories shown below :

	Bachelor's degree		*Master's degree in the subject*		*Doctorate degree*	*Teaching experience as a lecturer in the subject*
(*a*)	1. First	and	First	—	—	Three years
	2. First	and	Second	—	—	Five years
	3. Second	and	First	—	—	Five years
	4. First	and	First	and	Ph.D.	Two years
	5. First	or	First	and	Ph.D.	Three years
	6. Second	and	Second	—	—	Seven years
	7. Second	and	Third	and	Ph.D.	Five years
	8. Third	and	Second	and	Ph.D.	Five years
	9. Second	and	Second	and	Ph.D.	Three years
	10 —	—	—	—	D.Sc. or D.Litt. on published work	Three years
	11. Third	and	Second	—	—	Eight years
	12. Second	and	Third	—	—	Twelve years
	13. Third	and	Third	—	—	Fifteen years
	14. First	and	Third	—	—	Ten years
	15. Third	and	First	—	—	Seven years
	16. Third	and	Third	and	Ph.D.	Six years

Notes :

1. Teaching experience means experience of teaching to the least two years of degree classes or post-graduate classes in an affiliated college or a recognised institution as the case may be.

2. Where no class is awarded in the Master's degree obtained by thesis or partly by thesis and partly by peper in a subject, it will be considered equivalent to a Master's degree by papers in Second Class.
3. Where no class is awarded in a subject, the Master's degree obtained be considered equivalent to a Master's degree in Second Class.
4. Where there is a separate system of reckoning merits that is grades in Foreign Universit es the degree grade should be converted in to appropriate classes.

O. ૬૫-એફ (બી), (સી), (ડી) અને (એફ) છે તેમ રાખવા.

Rules relating to recognition as an Assistant to Post-graduate Teachers

O. 65-M :

A teacher to be recognised for the Master's degree (other than edicine) by papers must have qualifications specified in any one of the categories shown below :

	Bachelor's degree		*Master's degree in the subject*		*Doctorate degree*	*Teaching experience as a lecturer in the subject*
(1)	1. First	and	First	—	—	Two years
	2. First	and	Second	—	—	Three years
	3. Second	and	First	—	—	Three years
	4. First	and	First	and	Ph.D.	One year
	5. First	or	First	and	Ph.D.	Two years
	6. Second	and	Second	—	—	Five years
	7. Second	and	Third	and	Ph.D.	Three years
	8. Third	and	Second	and	Ph.D.	Three years
	9. Second	and	Second	and	Ph.D.	Two years
	10. —	—	—	—	D.Sc. or D.Litt. on publish-ed work	Two years
	11. Third	and	Second	—	—	Eight years
	12. Second	and	Third	—	—	Ten years
	13. Third	and	Third	—	—	Twelve years
	14. First	and	Third	—	—	Seven years
	15. Third	and	First	—	—	Five years
	16. Third	and	Third	and	Ph.D.	Four years

Note.— Teaching experience means experience of teaching at an affiliated college or recognised institution.

परिशिष्ट "च"

R. :

The recognised post-graduate teacher guiding students for the subject or subjects of Master of Arts or the Master of Science examination or in the subjects comprised under the Faculty of Medicine as the case may be, shall be paid an honorarium of Rs. 100/- per year per dissertation submitted and accepted subject to a maximum of Rs. 300/- in all in any particular year.

परिशिष्ट "छ"

ક્રમાંક	શિક્ષકનું નામ	વિષય	પદવી	અથમની કૉલેજ / સંસ્થા	માન્યતા બદલી આપવામાં આવનાર કૉલેજ / સંસ્થા
૧.	શ્રી. પી. પી. ચંદરવાકર (શિક્ષક)	ગુજરાતી	એમ.એ.	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ઊંઝા	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ધ્રાંગધ્રા
૨.	શ્રી. એન. જી. રાજપરા (શિક્ષક)	,,	,,	એમ. એન. કૉલેજ, વીસનગર	ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ એન્ડ એ. એમ. પી. લો કૉલેજ, રાજકોટ
૩.	શ્રી. કે. જી. પટેલ (મદદનીશ)	,,	,,	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમરેલી	ટી. સી. કે. આર્ટ્સ કૉલેજ, બોડેલી
૪.	શ્રી. આર. એસ. નાયક (મદદનીશ)	,,	,,	બી. ડી. કૉલેજ, અમદાવાદ	શેઠ આર એ. કૉલેજ ઑફ આર્ટ્સ એન્ડ સાયન્સ, અમદાવાદ
૫.	શ્રી. બી. આર. પટેલ (મદદનીશ)	,,	,,	સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદ	મ્યુનિ. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મહેસાણા
૬.	શ્રી. જે. એસ. જેટલી (શિક્ષક)	સંસ્કૃત	પીએચ.ડી.	ભક્ત વલ્લભ ધોળા આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ડોલોજી, દ્વારકા
૭.	શ્રી. આર. સી. અગ્નિહોત્રી (મદદનીશ)	,,	એમ.એ.	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, મોડાસા	બી. ડી. કૉલેજ, અમદાવાદ
૮.	શ્રીમતી વી. પી. જાની (મદદનીશ)	,,	,,	ડી. જી. મહાવિદ્યાલય, અલિયાબાડા	એમ. વી. મહિલા કૉલેજ, રાજકોટ
૯.	શ્રી. ડી. એમ. મહેતા (મદદનીશ)	,,	,,	પ્રતાપરાય આર્ટ્સ કૉલેજ, અમરેલી	પારેખ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, મહુવા

ક્રમાંક	શિક્ષકનું નામ	વિષય	પદવી	અથમની કૉલેજ / સંસ્થા	માન્યતા બદલી આપવામાં આવનાર કૉલેજ / સંસ્થા
૧૦.	શ્રી. જે. જી. સોલંકી (મદદનીશ)	હિંદી	એમ.એ.	આર્ય. વી. પટેલ કૉલેજ ઑફ કૉમર્સ, નડિયાદ	સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદ
૧૧.	શ્રી. આર. એમ. દેસાઈ (શિક્ષક) (મદદનીશ)	ઇતિહાસ જૂથ "એ" અને "સી" જૂથ "બી"	,,	ગુજરાત કૉલેજ, અમદાવાદ	એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારી
૧૨.	શ્રી. બી. સી. દેસાઈ (શિક્ષક)	અર્થશાસ્ત્ર જૂથ "સી" અને "ડી"	,,	શામળદાસ કૉલેજ, ભાવનગર	ગવર્નમેન્ટ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, દમણ
૧૩.	શ્રી. એસ. આર. દવે (મદદનીશ)	,,	,,	યુ. એન. મહેતા આર્ટ્સ કૉલેજ, મોરબી	એસ. પી. જૈન આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, જાંગડા
૧૪.	શ્રી. એન. એન. શાહ (મદદનીશ)	,,	,,	મ્યુ. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ઉપલેટા	ભક્ત વલ્લભ ધોળા આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૧૫.	શ્રી. આર. એમ. પંચાલ (મદદનીશ)	,,	,,	પાટણ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાટણ	અમદાવાદ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ
૧૬.	શ્રી. બી. બી. ગાંધી (શિક્ષક)	મનોવિજ્ઞાન	એમ.એ.	ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટ	સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૧૭.	શ્રી. એસ. વી. ત્રિવેદી (મદદનીશ)	,,	,,	કે. કે. આર્ટ્સ કૉલેજ, ધંધુકા	નવગુજરાત આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૧૮.	શ્રી. જે. ડી. તલાટી (શિક્ષક)	ઇનઑર્ગેનિક એન્ડ ફિઝિકલ કેમિસ્ટ્રી	,,	પાટણ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાટણ	યુ. પી. આર્ટ્સ એન્ડ સર્વોદય સાયન્સ કૉલેજ, પિલવાઈ
૧૯.	શ્રી. એમ. આર. દલવાડી (મદદનીશ)	ઑર્ગેનિક કેમિસ્ટ્રી	એમ.એસસી.	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, મોડાસા	પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા
૨૦.	શ્રી. એમ. આર. ત્રિવેદી (શિક્ષક)	,,	,,	એન. કે. એમ. સાયન્સ કૉલેજ, વલસાડ	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, મહુવા
૨૧.	શ્રી. યુ. એચ. વ્યાસ (મદદનીશ)	ઝૂલોજી	,,	પેટલાદ કૉલેજ, પેટલાદ	સ્વામિનારાયણ સાયન્સ કૉલેજ, અમદાવાદ

ક્રમાંક	શિક્ષકનું નામ	વિષય	પદવી	પ્રથમની કૉલેજ / સંસ્થા	માન્યતા બઢતી આપવામાં આવનાર કૉલેજ / સંસ્થા
૨૨.	શ્રી. બી. એમ. શાહ (શિક્ષક)	ગણિતશાસ્ત્ર	એમ.એ., એમ.એસસી.	વિજ્ઞાન વિદ્યાભવન, ગુજરાત યુનિ., અમદાવાદ	એમ. એન. કૉલેજ, વીસનગર
૨૩.	શ્રી. ડી. જી. વશી (શિક્ષક)	સ્ટેટિસ્ટિક્સ	એમ.એસસી.	વી. એસ. પટેલ કૉલેજ ઑફ આર્ટ્સ એન્ડ સાયન્સ, બીલીમોરા	નવયુગ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, સુરત
૨૪.	શ્રી. પી. એમ. મજમુદાર (શિક્ષક)	૧. લેબર એડમિનિ-સ્ટ્રેશન ૨. કો-ઑપરેટિવ ફિનાન્સ એન્ડ માર્કેટિંગ ૩. ઑર્ગેનિઝેશન ઑફ ઇન્ડસ્ટ્રીઝ	એમ.કૉમ.	એચ. કે. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ઊંઝા
૨૫.	શ્રી. જે. આર. શાહ (શિક્ષક)	ઇતિહાસ જૂથ "સી" અને "ડી"		એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારી	એચ. કે. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ
૨૬.	શ્રી. એસ. જી. શાહ (મદદનીશ)	ગુજરાતી,	એમ.એ.	મ્યુ. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ઉપલેટા	પી. બી. સાયન્સ એન્ડ એસ. કે. એસ. આર્ટ્સ કૉલેજ, કપડવણજ
૨૭.	શ્રી. એન. પી. શાસ્ત્રી (મદદનીશ)	સંસ્કૃત	એમ.એ.	પ્રતાપરાય આર્ટ્સ કૉલેજ, અમરેલી	સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૨૮.	શ્રી. એ. એચ. આઈ. વોરા (શિક્ષક)	ફિલોસોફી	એમ.એ.	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ખેડા	અમદાવાદ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ
૨૯.	શ્રી. આર. એસ. પરમાર (મદદનીશ)	ફિઝિક્સ	એમ.એસસી.	વી. એસ. પી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, બીલીમોરા	ગવર્નમેન્ટ આર્ટ્સ, કૉમર્સ એન્ડ સાયન્સ કૉલેજ, દમણ
૩૦.	શ્રી. એન. વી. પટેલ (મદદનીશ)	ગણિતશાસ્ત્ર જૂથ "એ"	એમ.એસસી.	પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા	ભવન્સ કૉલેજ, ડાકોર

આંક	શિક્ષકનું નામ	વિષય	પદવી	અથમની કૉલેજ / સંસ્થા	માન્યતા બદલી આપવામાં આવનાર કૉલેજ / સંસ્થા
૩૧.	શ્રી. પી. એફ. પટેલ (શિક્ષક)	ફિઝિક્સ	એમ.એસસી.	સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ	શેઠ આર. એ. કૉલેજ ઑફ કૉમર્સ એન્ડ સાયન્સ, અમદાવાદ
૩૨.	શ્રી. જી. આર. ત્રિવેદી (શિક્ષક)	ઇતિહાસ જૂથ "એ" અને "સી"	એમ.એ.	એમ. એન. કૉલેજ, વીસનગર	આર. આર. લાલન કૉલેજ, ભૂજ
૩૩.	શ્રી. એસ. જી. રાલી (શિક્ષક)	ગુજરાતી	,,	પ્રકાશ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	અમદાવાદ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૩૪.	શ્રી. સી. એલ. શાસ્ત્રી (શિક્ષક)	સંસ્કૃત	,,	સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ	શ્રી. સહજાનંદ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૩૫.	શ્રી. જોશી એમ. વી. (શિક્ષક)	,,	,,	બહાઉદ્દીન કૉલેજ, જૂનાગઢ	ડી. કે. વી. આર્ટ્સ કૉલેજ, જામનગર
૩૬.	શ્રી. ભાંડે આર. ડી. (મદદનીશ)	ઇતિહાસ જૂથ "એ"	,,	આર. આર. લાલન કૉલેજ, ભૂજ	એમ. જે. કૉલેજ ઑફ કૉમર્સ, ભાવનગર
૩૭.	શ્રી. દવે એન. પી. (મદદનીશ)	હિંદી	,,	શારદાપીઠ કૉલેજ, દ્વારકા	વિદ્યામંદિર કૉલેજ ફૉર વિમેન, સુરત
૩૮.	શ્રી. ત્રિવેદી વી. એચ. (મદદનીશ)	સંસ્કૃત	,,	સરસપુર આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	સિટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૩૯.	શ્રી. શૈલત જે. એન. (મદદનીશ)	,,	,,	સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	શાહ એન. એચ. કૉમર્સ એન્ડ શ્રી. એન. એન. કે. એમ. આર્ટ્સ કૉલેજ, વલસાડ
૪૦.	શ્રી. એ. ડી. ચતુર્વેદી (મદદનીશ)	ઓર્ગેનિક કેમિસ્ટ્રી	એમ.એસસી.	એન. કે. એમ. સાયન્સ કૉલેજ, વલસાડ	ગવર્નમેન્ટ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, દમણ
૪૧.	શ્રી. એમ. એસ. પટેલ (મદદનીશ)	ગણિતશાસ્ત્ર જૂથ "એ"	એમ.એ. એમ.એસસી.	એચ. એન્ડ એચ. બી. કૉટક ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ, રાજકોટ	એમ. એન. કૉમર્સ કૉલેજ, વીસનગર
૪૨.	શ્રી. ડી. બી. ભાવસાર (મદદનીશ)	,,	એમ.એસસી.	વી. એસ. પી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, બીલીમોરા	ગવર્નમેન્ટ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, દમણ
૪૩.	શ્રી. મેક રાને જોઈસ (મદદનીશ)	બોટેની	,,	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, બોડેલી	,,

પરિશિષ્ટ "જ"

વર્ષ ૧૯૬૬-૬૭ની અંદાજી અચતમાંથી પુસ્તકો ખરીદવાની ઉપકુલપતિશ્રીએ જે કૉલેજોને પરવાનગી આપી છે તેની યાદી :

ક્રમાંક	કૉલેજનું નામ	અંદાજી અચત	કેટલી રકમની
૧.	પી. ડી. એમ. કૉલેજ ઑફ કૉમર્સ, રાજકોટ	૧૭,૯૪૦-૦૦	૮,૦૦૦-૦૦
૨.	ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ એન્ડ એ. એમ. પી. લૉ કૉલેજ, રાજકોટ	૧૩,૫૬૧-૦૦	૬,૭૫૦-૦૦
૩.	એમ. એન. કૉલેજ, વીસનગર	૧૪,૯૬૧-૦૦	૭,૦૦૦-૦૦
૪.	બી. પી. બારિયા સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, નવસારી	૧,૬૫૨-૦૦	૮૦૦-૦૦
૫.	એમ. જે. કૉલેજ ઑફ કૉમર્સ, ભાવનગર	૧૦,૧૬૨-૦૦	૫,૦૦૦-૦૦
૬.	સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદ	૨૨,૨૧૮-૦૦	૯,૫૦૦-૦૦
૭.	સાર્વજનિક કૉલેજ ઑફ સાયન્સ, સુરત	૧૦,૦૦૦-૦૦	૫,૦૦૦-૦૦
૮.	એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	૧,૫૯૪-૦૦	૭૫૦-૦૦
૯.	શ્રી રજની પારેખ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ખંભાત	૧,૬૮૨-૦૦	૮૦૦-૦૦
૧૦.	બી. સી. જલુંધવાલા સાયન્સ કૉલેજ, ખંભાત	૧૩,૪૨૪-૦૦	૬,૦૦૦-૦૦
૧૧.	એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ	૨૨,૫૦૨-૦૦	૧૦,૦૦૦-૦૦

પરિશિષ્ટ "ગ"
કામકાજ ક્રમાંક ૧૭

સંલગ્ન કૉલેજો/સંસ્થાઓમાં કામ કરતા શિક્ષકોના મોંઘવારી ભથ્થાના પ્રશ્ન અંગે તથા તે પરની ચર્ચાવિચારણામાંથી ઊભા થયેલા કેટલાક મુદ્દાઓની બાબતમાં, સિન્ડિકેટે તેની તા. ૨૭-૮-૧૯૬૬ની તા. ૮-૧૦-૧૯૬૬ની સભાઓમાં કરેલા નીચેના ઠરાવો પર વિચારણા કરીને રિપોર્ટ કરવા માટે નીમાયેલી સમિતિની એક સભા, સોમવાર તા. ૭-૧૧-૧૯૬૬ના રોજ બપોરે ૩-૩૦ વાગ્યે, શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈના પ્રમુખપદે મળી હતી :

૧. સિન્ડિકેટની તા. ૨૭-૮-૧૯૬૬ની સભાનો ઠરાવ

"કાર્યાલયે રજૂ કરેલી નોંધ અંગે સવિસ્તર ચર્ચા થઈ. તે ઉપરાંત આ સંદર્ભમાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનનું મંજૂર રખાયેલું પગારધોરણ અને યુનિવર્સિટી-નિયત પગારધોરણ બે અલગ છે, તેમનો બેગો વિચાર કરીને એક કરવાની બાબત યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી સૂચવાઈ છે, તેની નોંધ લેવામાં આવી, તેમ જ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન ગ્રેડની શરૂઆત, દા.ત., લેક્ચરર અંગે રૂા. ૨૦૦થી થાય છે, ને યુનિવર્સિટી નિયત ધોરણ રૂા. ૨૫૦ છે, એ વિષે ધ્યાન ખેંચવામાં આવ્યું, તેમ જ ગુજરાત સરકારે નવા Dearness Allowance વખતે Dearness Allowanceનો અમુક ભાગ મેળવીને તે દર નક્કી કર્યો છે.

"આમ અનેક સંલગ્ન બાબતોની ચર્ચા કરીને આખોય પ્રશ્ન સમગ્ર રીતે જોઈતપાસીને પોતાનો રિપોર્ટ રજૂ કરવા માટે, સિન્ડિકેટના નીચેના સભ્યોની બનેલી સમિતિ નીમવી :

૧. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ (પ્રમુખ)
૨. શ્રી. બટુભાઈ હ. દેસાઈ
૩. આચાર્ય ર્ડૉ. ય. ગુ. નાયક
૪. આચાર્ય એમ. સી. દેસાઈ
૫. શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી
૬. આચાર્ય વિ. રા. રણદીવે
૭. શ્રી. રજિસ્ટ્રાર (મંત્રી).

"યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના સ્કેલમાં રૂા. ૨૦૦થી શરૂ કરાતી બાબત તેમ જ તે અંગેની બીજી હકીકતો વિષે માહિતી મેળવી, આ વિષે વિચાર કરવાનું, આવતી બેઠકમાં મૂકવામાં આવે."

૨. સિન્ડિકેટની તા. ૮-૧૦-૧૯૬૬ની સભાનો ઠરાવ

"જે કૉલેજો તેના લેક્ચરરને રૂા. ૨૫૦નો ઓછામાં ઓછો મૂળ માસિક પગાર આપતી ન હોય તે કૉલેજોનાં નામ સાથે સદરહુ બાબત ઉપર ઠરાવ ૧માં જણાવેલી સમિતિ સમક્ષ રજૂ કરવાનું રાખવું."

સમિતિની સદરહુ સભામાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી :

૧.	શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ	હાજર
૨.	શ્રી. બટુભાઈ હ. દેસાઈ	હાજર

૩.	આચાર્ય ડૉ. ય. ગુ. નાયક	હાજર
૪.	આચાર્ય એમ. સી. દેસાઈ	ગેરહાજર
૫.	શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી	હાજર
૬.	આચાર્ય વિ. રા. રણદીવે	હાજર
૭.	શ્રી. રજિસ્ટ્રાર	હાજર.

પ્રારંભિક ચર્ચા કરીને સમિતિએ પોતાની વિચારણા માટે નીચે મુજબ મુદ્દાઓ તારવ્યા :

૧. જોડાયેલી કૉલેજોમાં અને માન્ય સંસ્થાઓમાં કામ કરતા શિક્ષકોને આપવાના મોંઘવારી ભથ્થાના દર અને તેના અમલની તારીખ નિયત કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવા બાબત;

૨. જોડાયેલી કૉલેજો અને માન્ય સંસ્થાઓમાં શિક્ષકોને અપાતા પગારોનાં હાલ જે ધોરણ પ્રવર્તે છે તેને બદલે એક જ ધોરણ નિયત કરવા અંગે સિન્ડિકેટને ભલામણ કરવા બાબત; અને

૩. કેટલીક કૉલેજોમાં લેક્ચરરોને મૂળ માસિક પગાર રૂા. ૨૫૦થી ઓછો મળે છે તે વિષમતાને દૂર કરવા બબ્બત.

સિન્ડિકેટના ઉપર જણાવેલા બેઉ ઠરાવોના સંદર્ભમાં ઉપસ્થિત થતા ઉપરના મુદ્દાઓ પર વિગતે ચર્ચાવિચારણા કરી, સિન્ડિકેટને નીચે મુજબ રિપોર્ટ કરવાનું ઠરાવવામાં આવ્યું :

ગુજરાત રાજ્યની સરકારે તેના કર્મચારીઓ માટે મોંઘવારી ભથ્થા અંગે ૧૯૬૫ પછી બે પ્રકારનાં ધોરણો ઘડેલાં જોવા મળે છે :

૧. મોંઘવારી ભથ્થાનો કેટલોક અંશ મૂળ પગારમાં મેળવીને નિયત કરેલું મોંઘવારી ભથ્થાનું ધોરણ, અને

૨. મોંઘવારી ભથ્થાનો કશો પણ ભાગ મૂળ પગારમાં મેળવ્યા વિના નક્કી કરેલું મોંઘવારી ભથ્થાનું બીજું ધોરણ.

(આ બેઉ પ્રકારનાં મોંઘવારી ભથ્થાં અંગેની માહિતી યુનિવર્સિટી કાર્યાલયે આ સભાગૃહ સમક્ષ રજૂ કરી હતી, તે પરિશિષ્ટ "અ" તરીકે સામેલ છે.)

આ બેમાંથી કયું ધોરણ લેવું તે વિષે :

૧. ઉપર જણાવેલ (૨)માંનું નં. ૨નું મોંઘવારી ભથ્થાનું ધોરણ તા. ૧-૩-૧૯૬૬થી સ્વીકારવામાં આવે એમ સમિતિએ સર્વાનુમતે ઠરાવ્યું.

૨. તે અનુસાર વિચારીને, નીચે પ્રમાણેનું કોષ્ટક કૉલેજોના શિક્ષકગણ માટે સ્વીકારવામાં આવે એવી ભલામણ કરવામાં આવે :

જોડાયેલી કૉલેજ/માન્ય સંસ્થાના શિક્ષકોનો મૂળ પગાર	મોંઘવારી ભથ્થાનો દર
રૂા. ૧૫૦થી રૂા. ૧૬૪	રૂા. ૧૦૦
રૂા. ૧૬૫થી રૂા. ૨૫૫	રૂા. ૧૧૦
રૂા. ૨૫૬થી રૂા. ૫૦૦	રૂા. ૧૩૫
રૂા. ૫૦૧થી રૂા. ૬૦૦	રૂા. ૧૫૦
રૂા. ૬૦૧ કે તેથી વધુ	મૂળ પગાર અને મોંઘવારી ભથ્થું, એ બન્નેના કુલ સરવાળા અને રૂા. ૧,૦૬૫ની વચ્ચેનો તફાવત

સમિતિના સભ્ય શ્રી. બટુભાઈ હ. દેસાઈએ ભથ્થાના દરની આ ભલામણ (૨)માં પોતાની અસંમતિ દર્શાવી હતી.

૨. જોડાયેલી કૉલેજો અને માન્ય સંસ્થાઓમાં કામ કરતા શિક્ષકોના પગારનાં, હાલ બે પગાર-ધોરણો પ્રવર્તે છે તેને બદલે, એક જ ધોરણ રાખવું, એવી સૂચના યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને કરી છે, તે સિદ્ધાંત આ સમિતિ સ્વીકારે છે.

આ બાબતમાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન સાથે થયેલો પત્રવ્યવહાર આ સમિતિએ જોયો છે. તેમાંથી જણાય છે કે, યુનિવર્સિટીમાં એક જ પગારધોરણ અપનાવવામાં આવ્યું નથી તેને કારણે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન મદદ નથી કરી શકતું. સમિતિ આશા રાખે છે કે, એક ધોરણ સ્વીકારાય તો યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન સર્વને મદદ આપશે.

તેથી આ સમિતિ સિન્ડિકેટને ભલામણ કરે છે કે, જોડાયેલી કૉલેજો અને માન્ય સંસ્થાઓના શિક્ષકોનાં પગારધોરણો યુનિવર્સિટીએ અત્યારે જે ઠરાવેલાં છે તેને જ માન્ય કરવામાં આવે અને યુ.જી.સી.નાં ધોરણને હવેથી બંધ કરવાં, એટલે કે, નીચેનું એકસમાન ધોરણ જ રાખવું :

(૧) પ્રોફેસર	રૂ. ૩૫૦-૧૫-૫૦૦-૨૦-૭૦૦
(૨) લેક્ચરર	રૂ. ૨૫૦-૧૦-૪૦૦-૧૫-૪૭૫
(૩) ટ્યૂટર-ડેમોન્સ્ટ્રેટર :	
૧. અનુસ્નાતક પદવી ધરાવતા	રૂ. ૧૮૦-૧૦-૩૦૦
૨. સ્નાતક પદવી ધરાવતા	રૂ. ૧૩૦-૧૦-૨૫૦

૩. સમિતિને કેટલીક કૉલેજોમાં યુ.જી.સી. ગ્રેડને આધારે લેક્ચરરનો શરૂઆતનો મૂળ માસિક પગાર રૂ. ૨૦૦ આપવામાં આવે છે, તે બાબત વિચાર કરીને ભલામણ કરવાનું સિન્ડિકેટે તેના ઠરાવ ૨ થી સોંપવામાં આવ્યું છે. આ વિષે હકીકતો સમિતિ આગળ રજૂ કરવામાં આવી હતી.

તે અંગે વિચાર કરીને સમિતિ ભલામણ કરે છે કે —

યુનિવર્સિટીએ નિયત કરેલા લેક્ચરરના પગારધોરણના સંદર્ભમાં, આ કૉલેજોમાં, લેક્ચરરનો શરૂ-આતનો રૂ. ૨૦૦નો મૂળ માસિક પગાર, યુ.જી.સી. ગ્રેડમાં છતાં, તે ગ્રેડમાં રહીને પણ રૂ. ૨૫૦થી અપાવા જોઈએ, તે પ્રમાણે ડેમોન્સ્ટ્રેટર-ટ્યૂટરને પણ યુનિવર્સિટીએ નિયત કરેલ ઓછામાં ઓછો મૂળ માસિક પગાર — અનુસ્નાતક પદવી ધરાવતા હોય તેમને રૂ. ૧૮૦ અને માત્ર સ્નાતકની પદવી ધરાવતા હોય તેમને રૂ. ૧૩૦ — પણ અપાવો જોઈએ, તેમ ન થવાથી એક મોટી વિષમતા યુનિવર્સિટીમાં પેદા થઈ ગણાય, તથા ઉપર યુનિવર્સિટી-નિયત છે તે જ એક ગ્રેડ સ્વીકારવાની ભલામણ સમિતિએ કરી છે, એ પરથી પણ યુ.જી.સી. ગ્રેડને બદલે યુનિવર્સિટી-નિયત ગ્રેડ એકસમાન રીતે આ કૉલેજોએ પણ અપનાવવા જોઈએ. એ જોતાં, સદરહુ કૉલેજો, ૧૫મી જૂન, ૧૯૬૬થી તેનો અમલ કરે એમ અમે ભલામણ કરીએ છીએ.

(નોંધ. — આ ભલામણનો સ્વીકાર થયેથી સંબંધકર્તા કૉલેજોએ તેના સંબંધકર્તા શિક્ષકોના પગાર નક્કી કરતી વખતે કોઈ શિક્ષકને પોતાના વેતનમાં વિપરીત અસર ન થાય તેની વાજબી ગોઠવણ (adjustment) કરવાની રહેશે.)

[redacted] અન્વયે, જોડાયેલી કૉલેજને અ[redacted]
[redacted] કરવા માટે જે તે કૉલેજ/સંસ્થા[redacted]
સહાય આપવા માટે [redacted] ભલામણ કરવા માટે જરૂરી કારવાઈ

તે પછી સભાનું કામકાજ પૂરું થયું હતું.

સિં. ૪૬૪૩૬ (સહી) કં.
તા. ૧૬-૧૧-'૬૬ રજિસ્ટ્રા

સમિતિના પ્રમુખશ્રીની નોંધ

ઉપરની બાબત અંગે, અત્યારે એક ખ્યાલ આવે છે તે મારા વતી ઉભેરું છું કે, ઉપરના તથા મોંઘવારી દરની વસ્તુને માટે વ્યવસ્થિત ઑર્ડિનન્સ જ કરવામાં આવે તો ઉચિત. આથી તેના પાલનને માટે સરળતા પણ થાય.

તા. ૧૬-૧૧-૬૬ (સહી) મ. પ્ર. દેસાઈ

પરિશિષ્ટ 'અ'

એપ્રિલ ૧૯૬૪થી અમલમાં આવેલા મોંઘવારી ભથ્થાના દરો નીચે મુજબ હતા :

પ્રી રીવાઈઝ્ડ સ્કેલ	સુધાર્યા પહેલાના પગાર પોરણ ઉપર અપાતું મોંઘવારી ભથ્થું	રીવાઈઝ્ડ પે સ્કેલ	રીવાઈઝ્ડ પે સ્કેલ ઉપર અપાતું મોંઘવારી ભથ્થું
રૂા. ૧-૫૦	રૂા. ૫૦-૦૦	રૂા. ૧૫૦-૦૦ સુધી	રૂા. ૧૫-૦૦
૫૧-૬૪	૬૦-૦૦		
૬૫-૧૦૦	૬૫-૦૦	રૂા. ૧૫૧-૩૦૦	રૂા. ૨૫-૦૦
૧૦૧-૧૦૪	૬૫-૦૦		
૧૦૫-૧૫૦	૬૫-૦૦	રૂા. ૩૦૧-૩૨૫	The amount by which the pay falls short of Rs. 325/-
૧૫૧-૧૬૪	૭૦-૦૦		
૧૬૫-૨૫૫	૭૦-૦૦		
૨૫૬-૨૭૬	૭૦-૦૦		
૨૮૦-૫૦૦	૭૦-૦૦		
૫૦૧-૭૫૦	૮૫-૦૦		
૭૫૧-૯૦૦	૧૦૦-૦૦		
૯૦૧-૯૬૪	૧૦૦-૦૦		
૯૬૫-૧૦૦૦	૧૦૦-૦૦		
૧૦૦૦થી ઉપર	The amount by which the pay falls short of Rs. 1100/-		

પરિશિષ્ટ "ઘ"
કામકાજ ક્રમાંક ૭૮

વિજ્ઞાન વિદ્યાભવનમાં લેક્ચરર-ઇન-મૅથેમેટિક્સની એક જગ્યા માટે ઉમેદવારોની મુલાકાત ણીસમિતિની એક સભા તા. ૨૫-૧૧-૧૯૬૬ના રોજ બપોરે ૧૨-૩૦ વાગ્યે ઉપકુલપતિ આર. દેસાઈના પ્રમુખપદે મળી હતી. સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી. લાલભાઈ ૨. દેસાઈ, ઉપકુલપતિ	હાજર
૨. શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ	ગેરહાજર
૩. શિક્ષણ-નિયામકશ્રી, ગુજરાત સરકાર	ગેરહાજર
૪. પ્રોફેસર બી. આર. શેનોય	ગેરહાજર
૫. ડૉ. વાસુદેવ એન. ત્રિપાઠી	ગેરહાજર
૬. શ્રી. આઈ. એમ. નાણાવટી	ગેરહાજર
૭. શ્રી. બટુભાઈ હ. દેસાઈ	ગેરહાજર
૮. ડૉ. એ. એમ. ત્રિવેદી	હાજર
૯. શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી	ગેરહાજર
૧૦. ડૉ. જયંત બી. હરિભક્તિ	ગેરહાજર
૧૧. શ્રી. ઘનશ્યામભાઈ સી. ઓઝા	ગેરહાજર
૧૨. શ્રી. મણિશંકર પી. પંડ્યા	ગેરહાજર
૧૩. શ્રી. ઠાકોરભાઈ મ. દેસાઈ	હાજર
૧૪. શ્રી. ચિમનભાઈ જે. પટેલ	ગેરહાજર
૧૫. આચાર્ય ડૉ. ય. ગુ. નાયક	ગેરહાજર
૧૬. આચાર્ય એમ. સી. દેસાઈ	ગેરહાજર
૧૭. આચાર્ય વી. આર. રણદીવે	ગેરહાજર.

૧. લેક્ચરર-ઇન-મૅથેમેટિક્સની એક જગ્યા

લેક્ચરર-ઇન-મૅથેમેટિક્સની જગ્યા માટે નીચેના ઉમેદવારોને મુલાકાત માટે બોલાવવામાં આવ્યા હતા :

૧. શ્રી. રાવ જે. કે.	ગેરહાજર
૨. શ્રી. પટેલ એમ. ડી.	ગેરહાજર
૩. ડૉ. એમ. મિશ્રા	હાજર
૪. શ્રી. પંડ્યા આઈ. એમ.	હાજર

નિષ્ણાત તરીકે વિજ્ઞાન વિદ્યાભવનના પ્રોફેસર શ્રી. પી. સી. વૈદ્યની નિમણૂક કરવામાં આવી હતી અને તેઓ હાજર રહ્યા હતા.

હાજર રહેલા ઉમેદવારોની મુલાકાત લીધા પછી સમિતિએ નીચે પ્રમાણે ઠરાવ્યું હતું :

ડૉ. એમ. મિશ્રાની લેક્ચરર-ઇન-મૅથેમેટિક્સની જગ્યા પર શરૂઆતના મૂળ માસિક પગાર રૂા. ૬૧૦ રૂા. ૪૦૦-૩૦-૬૪૦-ઈ.બી.-૪૦-૮૦૦ના પગારધોરણમાં બે વર્ષના અજમાયશી ધોરણે નીમવા અ સિન્ડિકેટને ભલામણ કરવી. જો ડૉ. મિશ્રા હાજર ના થાય તો શ્રી. પંડ્યા આર્ય. એમ.ને શરૂઆત મૂળ માસિક પગાર રૂા. ૬૧૦થી રૂા. ૪૦૦-૩૦-૬૪૦-ઇ.બી.-૪૦-૮૦૦ના પગારધોરણમાં બે વર્ષ અજમાયશી ધોરણે નીમવા.

ભો. કે. શાહ
રજિસ્ટ્રાર વતી.

તા. ૨૬-૧૧-૧૯૬૬.

પરિશિષ્ટ "ચ"
કામકાજ ક્રમાંક ૮૪

નીચેની સંસ્થાઓ/કૉલેજોએ જોડાણઅરજી અંગેની શરતોનું પરિપાલન કર્યાથી તેમને જોડાણ આપવા ટે રાજ્ય સરકારને ભલામણ કરવામાં આવી :

૧. મહિલા આર્ટ્સ કૉલેજ, નડિયાદ
૨. મહિલા આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૩. મહિલા આર્ટ્સ કૉલેજ, પોરબંદર
૪. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, લુણાવાડા
૫. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, દમણ
૬. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, મહુવા
૭. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ખોલવડ
૮. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, સુરત
૯. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૧૦. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, માંડવી
૧૧. શ્રી. ગોસ્વામી એમ. નવલલાલજી આર્ટ્સ એન્ડ મણીબહેન ભીખાભાઈ કૉમર્સ કૉલેજ, દહેગામ
૧૨. નવયુગ સાયન્સ કૉલેજ, પોરબંદર
૧૩. એમ. એન. કૉલેજ, વીસનગર
૧૪. ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ એન્ડ એ. એમ. પી. લૉ કૉલેજ, રાજકોટ
૧૫. યુવરાજ સુભગસિંહજી આર્ટ્સ કૉલેજ, દેવગઢબારિયા
૧૬. કલોલ મ્યુનિ. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, કલોલ
૧૭. એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૧૮. સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદ
૧૯. એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૨૦. સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૨૧. સરસપુર આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
. ગાંધીધામ આર્ટ્સ કૉલેજ, આદિપુર
માતુશ્રી વીરબાઈમા મહિલા આર્ટ્સ કૉલેજ, રાજકોટ
ભુદાસ ઠક્કર આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
ઠ ટી. સી. કાપડિયા આર્ટ્સ કૉલેજ, બોડેલી
ધામંદિર કૉલેજ ફૉર વિમેન, સુરત
યુ. શાહ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ
રાત કૉલેજ, અમદાવાદ
ઉદ્દીન કૉલેજ, જૂનાગઢ
પુરી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભરૂચ

૩૧. સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ
૩૨. બી. ડી. કૉલેજ, અમદાવાદ
૩૩. શેઠ એમ. એન. સાયન્સ એન્ડ શ્રી એન્ડ શ્રીમતી પી. કે. કોઠાવાલા આર્ટ્સ કૉલેજ, પાટ
૩૪. સર પુરુષોત્તમદાસ ઠાકુરદાસ સાયન્સ કૉલેજ એન્ડ સોમાલાલ કસ્તૂરચંદ એન્ડ શ્રીકૃષ્ણ ઓ. એમ. આર્ટ્સ કૉલેજ, મોડાસા
૩૫. શ્રી. ઉમેદરામ પંચાલ આર્ટ્સ કૉલેજ, પિલવાઈ
૩૬. શેઠ હીરાલાલ પ્રભુદાસ આર્ટ્સ એન્ડ શ્રીમતી શાંતાબહેન મોતીલાલ શંકરલાલ પંચાલ સાયન્સ કૉલેજ, તલોદ
૩૭. વિઠ્ઠલભાઈ શિવાભાઈ પટેલ કૉલેજ ઑફ આર્ટ્સ એન્ડ સાયન્સ, બીલીમોરા
૩૮. પારેખ બ્રધર્સ સાયન્સ એન્ડ શાહ કે. એસ. આર્ટ્સ કૉલેજ, કપડવંજ
૩૯. કમાણી સાયન્સ એન્ડ પ્રતાપરાય આર્ટ્સ કૉલેજ, અમરેલી
૪૦. મહારાજા રાજેન્દ્રસિંહજી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, રાજપીપળા
૪૧. ભવન્સ કૉલેજ, ડાકોર
૪૨. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, બારડોલી
૪૩. નટવરસિંહજી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, છોટાઉદેપુર
૪૪. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણ
૪૫. (અ) અમદાવાદ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
(બ) અમદાવાદ સાયન્સ કૉલેજ, અમદાવાદ
૪૬. બનાસકાંઠા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાલનપુર
૪૭. શેઠ આર. એ. કૉલેજ ઑફ આર્ટ્સ એન્ડ સાયન્સ, અમદાવાદ
૪૮. એસ. બી. ગાર્ડા આર્ટ્સ કૉલેજ એન્ડ પી. કે. પટેલ કૉલેજ ઑફ કૉમર્સ, નવસારી
૪૯. શાહ એન. એચ. કૉમર્સ કૉલેજ એન્ડ એન. કે. એમ. આર્ટ્સ કૉલેજ, વલસાડ
૫૦. કે. એચ. ભાયવાણી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, પોરબંદર
૫૧. (અ) સિટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
(બ) સિટી કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૫૨. સોમનાથ કૉલેજ, વેરાવળ
૫૩. સૈફી જ્યુબિલી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, સિદ્ધપુર
૫૪. (અ) નવગુજરાત આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
(બ) નવગુજરાત કૉમર્સ એન્ડ લૉ કૉલેજ, અમદાવાદ
૫૫. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ધોળકા
૫૬. સી. એન. આર્ટ્સ એન્ડ બી. ડી. કૉમર્સ કૉલેજ, કડી
૫૭. કે. કે. કૉલેજ ઑફ આર્ટ્સ એન્ડ કૉમર્સ, ધ્રાંગધ્રા
૫૮. ડી. કે. વી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, જામનગર
૫૯. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, કરજણ
૬૦. ભક્ત વલ્લભ ધોળા આર્ટ્સ એન્ડ કૉમર્સ [illegible] અમદાવાદ
૬૧. એસ. પી. જૈન આર્ટ્સ એન્ડ કૉમર્સ [illegible]

૬૨. મહારાજા ભગવતસિંહજી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ગોંડળ
૬૩. શ્રી. સી. એન. દેસાઈ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, વીરમગામ
૬૪. પટેલ ઝવેરભાઈ મૂલજીભાઈ રૂદેલવાળા આર્ટ્સ કૉલેજ એન્ડ
પટેલ અંબાલાલ મહીજીભાઈ રૂદેલવાળા કૉમર્સ કૉલેજ, બોરસદ
૬૫. નવજીવન આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, દાહોદ
૬૬. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ખેડા
૬૭. મ્યુનિ. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મહેસાણા
૬૮. બી. પી. વલ્લભદ્ર આર્ટ્સ એન્ડ એમ. એચ. ગુરુ કૉમર્સ કૉલેજ, ઊંઝા
૬૯. એસ. એસ. મહેતા આર્ટ્સ એન્ડ હિંમતનગર કૉમર્સ કૉલેજ, હિંમતનગર
૭૦. શ્રી. જવાહરલાલ નહેરુ વિદ્યાભવન આર્ટ્સ એન્ડ કૉમર્સ વિદ્યાનિકેતન, રાજકોટ
૭૧. જે. એમ. શાહ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, જંબુસર
૭૨. સર એલ. એ. શાહ આર્ટ્સ એન્ડ લૉ કૉલેજ, અમદાવાદ
૭૩. ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ એન્ડ એ. એમ. પી. લૉ કૉલેજ, રાજકોટ
૭૪. દરબાર ગોપાળદાસ મહાવિદ્યાલય, અલિયાબાડા
૭૫. સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, અમદાવાદ
૭૬. સર પી. પી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ, ભાવનગર
૭૭. સાર્વજનિક કૉલેજ ઑફ સાયન્સ, સુરત
૭૮. શ્રી. બી. પી. બારિયા સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, નવસારી
૭૯. જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદ
૮૦. સ્વામિનારાયણ સાયન્સ કૉલેજ, અમદાવાદ
૮૧. શ્રીમતી બી. સી. જલુંધવાળા સાયન્સ કૉલેજ, ખંભાત
૮૨. સાયન્સ કૉલેજ, કડી
૮૩. એમ. જે. કૉલેજ ઑફ કૉમર્સ, ભાવનગર
૮૪. એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ
૮૫. વી. એમ. પારેખ કૉમર્સ કૉલેજ, કપડવંજ
૮૬. પ્રભુદાસ ઠક્કર કૉમર્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ
૮૭. એમ. પી. શાહ મ્યુનિ. કૉલેજ ઑફ કૉમર્સ એન્ડ લૉ, જામનગર
૮૮. એમ. પી. શાહ કૉમર્સ એન્ડ લૉ કૉલેજ, સુરેન્દ્રનગર
૮૯. એચ. જે. લૉ કૉલેજ, ભાવનગર
૯૦. સરદાર વલ્લભભાઈ રીજિયોનલ કૉલેજ ઑફ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજી, સુરત
૯૧. શ્રીમતી એન. એસ. એમ. મ્યુનિ. મેડિકલ કૉલેજ, અમદાવાદ
૯૨. ગવર્નમેન્ટ ડેન્ટલ કૉલેજ, અમદાવાદ
૯૩. ગવર્નમેન્ટ મેડિકલ કૉલેજ, અમદાવાદ
૯૪. એન. એમ. કૉલેજ ફૉર એગ્રિકલ્ચર, નવસારી.

G.U.P. 934-375-12-66

ખાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની ૧૯૬૬ના ડિસેંબર માસની સભા, શનિવાર, તા. ૩-૧૨-૧૯૬૬ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે, ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન ઉપકુલપતિ શ્રી. ઉમાશંકર જે. જોશીએ લીધું હતું. સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૩-૧૨-૧૯૬૬
૧.	શ્રી. ઉમાશંકર જે. જોશી, ઉપકુલપતિ	હાજર
૨.	શ્રી. કે. જી. બાદલાણી, શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	હાજર
૩.	શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ	હાજર
૪.	શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી	હાજર
૫.	ઇન્દ્રવદન એમ. નાણાવટી	ગેરહાજર
૬.	ડૉ. વાસુદેવ નટવરલાલ ત્રિપાઠી	ગેરહાજર
૭.	ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ	હાજર
૮.	શ્રી. ઘનશ્યામલાલ છોટાલાલ ઓઝા	ગેરહાજર
૯.	શ્રી. ઠાકોરભાઈ મણિભાઈ દેસાઈ	હાજર
૧૦.	શ્રી. બટુભાઈ હરિભાઈ દેસાઈ	હાજર
૧૧.	ડૉ. અશ્વિનકુમાર માધવલાલ ત્રિવેદી	હાજર
૧૨.	શ્રી. મણિશંકર પ્રભાશંકર પંડ્યા	હાજર
૧૩.	પ્રો. બી. આર. શેનોય	ગેરહાજર
૧૪.	આચાર્ય ચિમનભાઈ જે. પટેલ	ગેરહાજર
૧૫.	આચાર્ય મુકુન્દલાલ છોટાલાલ દેસાઈ	હાજર
૧૬.	આચાર્ય યશવંતરાય ગુલાબભાઈ નાયક	હાજર
૧૭.	આચાર્ય વિશ્વનાથ રામચંદ્ર રણદીવે	હાજર.

૧. તા. ૨૬-૧૧-૧૯૬૬ના રોજ મળેલી સિન્ડિકેટની સભાના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૨૬-૧૧-૧૯૬૬ના રોજ મળેલી સિન્ડિકેટની નવેંબર માસની સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી, તથા તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

૨. હાલ મતદારવિભાગમાંથી સેનેટ પર ચૂંટાયેલા શ્રી. આત્મારામ ભોગીલાલ સુતરિયાને એકેડેમિક કાઉન્સિલની ભલામણ અનુસાર શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખાનું સભ્યપદ આપવા તથા યુનિવર્સિટી ધારાની કલમ ૨૫ (૨) અનુસાર કોઈ બે વિષયની અભ્યાસ-સમિતિઓનું સભ્યપદ આપવા વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—શ્રી. સુતરિયાએ (૧) અર્થશાસ્ત્ર, તથા (૨) સામાન્ય શિક્ષણ, એ વિષયોની અભ્યાસસમિતિઓ પર કામ કરવાની ઇચ્છા દર્શાવેલ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી આત્મારામ ભોગીલાલ સુતરિયાને શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખાનું સભ્યપદ આપવું, તથા તે વિદ્યાશાખા હેઠળ (૧) અર્થશાસ્ત્ર, અને (૨) સામાન્ય શિક્ષણની અભ્યાસસમિતિઓનું સભ્યપદ આપવું.

૩. જિયોલોજી વિષયની અભ્યાસસમિતિ હાલ, શિક્ષણ સહિતની વિનયન તથા વિજ્ઞાનની સંયુક્ત વિદ્યાશાખા હેઠળ છે તેને બદલે વિજ્ઞાન અને ઇજનેરીની સંયુક્ત વિદ્યાશાખા હેઠળ મૂકવા તથા તે પ્રમાણે રૂટે. ૯૯ તથા રૂટે. ૧૦૮ સુધારવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૪-૧૧-૧૯૬૬ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે જિયોલોજી વિષયની અભ્યાસસમિતિ જે હાલ શિક્ષણ સહિતની વિનયન અને વિજ્ઞાનની સંયુક્ત વિદ્યાશાખા હેઠળ છે, તેને બદલે વિજ્ઞાન અને ઇજનેરીની સંયુક્ત વિદ્યાશાખા હેઠળ મૂકવી, તથા તે પ્રમાણે રૂટે. ૯૯ તથા રૂટે. ૧૦૮ સુધારવા માટે સેનેટને ભલામણ કરવી.

૪. ગુજરાતીની અભ્યાસસમિતિની તા. ૨૯-૯-૧૯૬૬ની સભાની નીચેની ભલામણ ઉપર એકેડેમિક કાઉન્સિલની તા. ૨૪-૧૧-૧૯૬૬ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

"પ્રિ. કે. બી. વ્યાસે ડી.લિટ.ની પદવી માટે તેમનું પ્રકાશિત સંશોધનકાર્ય રજૂ કર્યું છે તે અભ્યાસસમિતિને સર્વાનુમતે યોગ્ય જણાય છે અને નીચે જણાવેલ ત્રણ રેફરીઓની નિમણૂક કરવા ભલામણ કરવામાં આવે છે:

૧. આલ્ફ્રેડ માસ્ટર્સ
૨. ડૉ. એસ. એમ. કત્રે, ડેક્કન કૉલેજ, પૂના
૩. મુનિશ્રી જિનવિજયજી, સર્વોદય આશ્રમ, ચંદેરિયા, જિ. ચિતોડ (રાજસ્થાન)."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કામ માટે ઉપર જણાવેલા ત્રણ રેફરીઓની નિમણૂક કરવી.

૫. ગુજરાતીની અભ્યાસસમિતિની તા. ૨૯-૯-૧૯૬૬ની સભાની ભલામણ અનુસાર નીચે જણાવેલ વિદ્યાર્થીના નામ સામે જણાવેલ વિષય તથા પદવી માટે આવેલ મહાનિબંધ

તપાસવા માટે તેની નીચે જણાવેલ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા એકેડેમિક કાઉન્સિલની તા. ૨૪-૧૧-૧૯૬૬ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

વિદ્યાર્થીનું નામ	પદવી	વિષય	ઇન્ટર્નલ રેફરી	સૂચવાયેલ રેફરીઓ
શ્રીમતી વી. એ. વોરા	પીએચ.ડી.	ગુજરાતી : "ઉત્તર અપભ્રંશ યુગના સાહિત્યનો પશ્ચિમ ભારતમાં વિકાસ"	શ્રી. કે. કા. શાસ્ત્રી	(૧) ડૉ. બી. જે. સાંડેસરા, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરા. (૨) શ્રી. મધુસૂદન મોદી (૩) શ્રી. અગરચંદ નાહટા, નાહરોકી ગવાડ, બિકાનેર (રાજસ્થાન).

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કામ માટે ઉપર જણાવેલા રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવી.

૬. ગુજરાતીની અભ્યાસસમિતિની તા. ૨૯-૯-૧૯૬૬ની સભાની ભલામણ અનુસાર નીચે જણાવેલ વિદ્યાર્થીના નામ સામે જણાવેલ વિષય તથા પદવી માટે આવેલ મહાનિબંધ તપાસવા માટે તેની નીચે જણાવેલ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા એકેડેમિક કાઉન્સિલની તા. ૨૪-૧૧-૧૯૬૬ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

વિદ્યાર્થીનું નામ	પદવી	વિષય	ઇન્ટર્નલ રેફરી	સૂચવાયેલ રેફરીઓ
શ્રી. એચ. પી. પટેલ	પીએચ.ડી.	ગુજરાતી : "ઈ. સ. ૧૯૨૦ સુધીની ગુજરાતી અને હિંદી ઐતિહાસિક નવલકથાઓનો તુલનાત્મક અધ્યયન"	શ્રી. કે. કા. શાસ્ત્રી	(૧) ડૉ. પ્રભાકર માચવે, આસિ. સેક્રેટરી, સાહિત્ય અકાદમી, ન્યૂ દિલ્હી. (૨) શ્રી. ઇન્દ્ર વસાવડા, ડે-ડિરેક્ટર, ગુજરાત રાજ્ય, અમદાવાદ. (૩) ડૉ. સુરેશ જોશી, અધ્યાપક કુટિર, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરા.

(નોંધ.—આ વિદ્યાર્થીએ ઑર્ડિ. ૩૨૩ અન્વયે મહાનિબંધ રિ-સબમિટ કરેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કામ માટે ઉપર જણાવેલા રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવી.

૭. ગુજરાતીની અભ્યાસસમિતિની તા. ૨૯-૯-૧૯૬૬ની સભાની ભલામણ અનુસાર નીચે જણાવેલ વિદ્યાર્થીના નામ સામે જણાવેલ વિષય તથા પદવી સંબંધી આવેલ

મહાનિબંધ તપાસવા માટે તેની નીચે જણાવેલ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા એકેડેમિક કાઉન્સિલની તા. ૨૪-૧૧-૧૯૬૬ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

વિદ્યાર્થીનું નામ	પદવી	વિષય	ધ્યાનમાં લેવા રેફરી	સૂચવાયેલ રેફરીઓ
શ્રીમતી એસ. આર. મારફતિયા	પીએચ.ડી.	ગુજરાતી: "અર્વાચીન ગુજરાતી સાહિત્યમાં નારીભાવનાનો વિકાસ : ૧૮૨૫-૧૯૧૫"	શ્રી. વી. આર. ત્રિવેદી	(૧) શ્રીમતી શારદાબેન મહેતા (૨) શ્રી. ગટુભાઈ ર. ભટ્ટ (૩) શ્રી. વિજયરાય વૈદ્ય.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કામ માટે ઉપર જણાવેલા રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવી.

૮. એજ્યુકેશનની અભ્યાસસમિતિની તા. ૨૭-૯-૧૯૬૬ની સભાની ભલામણ અનુસાર નીચે જણાવેલ વિદ્યાર્થીના નામ સામે જણાવેલ વિષય તથા પદવી સંબંધી આવેલા મહાનિબંધ તપાસવા નીચે જણાવેલ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા એકેડેમિક કાઉન્સિલની તા. ૨૪-૧૧-૧૯૬૬ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

Name of the candidate	*Degree*	*Subject*	*Internal Referee*	*Suggested Referees*
Shri D. M. Bhavsar	Ph.D.	Education: "The construction and standardisation of Non-verbal group test of intelligence for Standards IX, X & XI	Prin. Dr. K. G. Desai	(1) Dr. Luis Long, Professor of Psychological Testing, City College of New York (U.S.A.). Home Address: Apartment 4–3 Clairmount Avenue, New York, 27, N.Y. (U.S.A.). (2) Dr. P.E. Vernon, University College, P. O. Box No. 9184, Daresalam, Tanzania, East Africa.

Name of the candidate	*Degree*	*Subject*	*Internal Referee*	*Suggested Referees*
				(3) Prof. T. P. Lele, Examination Section, M. S. University, Baroda.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કામ માટે ઉપર જણાવેલ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવી.

૯. રસાયણવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૬-૧૦-૧૯૬૬ની સભાની ભલામણ અનુસાર નીચેના વિદ્યાર્થીના નામ સામે જણાવેલ વિષય સંબંધી પીએચ.ડી. પદવી માટે આવેલો મહાનિબંધ તપાસવા નીચે પ્રમાણે ક્રમાનુવર્તી રેફરીની નિમણૂક કરવા એકેડેમિક કાઉન્સિલની તા. ૨૪-૧૧-૧૯૬૬ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

વિદ્યાર્થીનું નામ	વિષય	ઇન્ટર્નલ રેફરીનું નામ	સૂચવાયેલ રેફરીઓનાં નામ
Shri R. S. Parmar	"Studies in Dextrinization"	Dr. S. C. Shrivastav	(1) Dr. C. L. Mehltretter, Head, Starch Products Investigations Cereal Products Laboratory, Northern Utilization Research & Development Division, United States Department of Agriculture, Agricultural Research Service, 1815, North University Street, Peoria, Illinois, 61604. (2) Prof. D. Horton Department of Chemistry, The Ohio State University, 88, West, 18th Avenue Columous, Ohio, 43210. *For Viva-voce* (1) Dr. J. L. Bose, National Chemical Laboratory, Poona-8.

વિદ્યાર્થીનું નામ	વિષય	ઇન્ટર્નલ રેફરીનું નામ	સૂચવાયેલ રેફરીઓનાં નામ
			(2) Dr. A. K. Mitra, Depratment of Food Technology & Biochemical Engineering, Jadavpur University, Calcutta-32.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કામ માટે ઉપર જણાવેલા રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવી.

૧૦. રસાયણવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૬-૧૦-૧૯૬૬ની સભાની ભલામણ અનુસાર નીચે જણાવેલ વિદ્યાર્થીઓના નામ સામે જણાવેલ વિષય તથા પદવી માટે આવેલા મહાનિબંધો તપાસવા તેની નીચે જણાવેલ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા એકેડેમિક કાઉન્સિલની તા. ૨૪-૧૧-૧૯૬૬ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

વિદ્યાર્થીનું નામ	પદવી	વિષય	ઇન્ટર્નલ રેફરી	સૂચવાયેલ રેફરીઓનાં નામ
Shri H. S. Satpanthi	Ph.D.	Chemistry : "Studies in Quinazoleues"	Dr. J. J. Trivedi	(1) Dr Prout Franklin, Department of Chemistry, De Paul University, Belden Avenue, Chicago-14, Illinois (U.S.A.). (2) Dr. M. W. Klohs, Riker Laboratories, North Ridge, California (U.S.A.). (3) W. L. F. Amarego, The John Curtin School of Medical Research, Institute of Advanced Studies. The Australian National University, Canberre A. C. T. (Australia).

વિદ્યાર્થીનું નામ	પદવી	વિષય	ઇન્ટર્નલ રેફરી	સૂચવાયેલ રેફરીઓનાં નામ
				(4) Dr. T. A. Williamson Agricultural Specialities Inc., Dallas, Texas (U.S.A.)
				For Viva-voce
				(1) Dr. S. R. Patel, University Department of Chemistry, Sardar Patel University, Vallabh Vidyanagar, Via Anand.
				(2) Dr. J. R. Merchant, Institute of Science, Mayo Road, Bombay.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કામ માટે ઉપર જણાવેલા રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવી.

૧૧. વનસ્પતિવિજ્ઞાનની અભ્યાસસમિતિની ભલામણ અનુસાર નીચે જણાવેલા વિદ્યાર્થીઓના પીએચ.ડી. પદવી માટેના મહાનિબંધ તપાસવા માટે તેમનાં નામ સામે જણાવેલ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા એકેડેમિક કાઉન્સિલની તા. ૨૪-૧૧-૧૯૬૬ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	પદવી	વિષય	ઇન્ટર્નલ રેફરીઓ
(1)	Smt. H. T. Patel	Ph.D.	Botany : "Physiology of seed germination"	Dr. J. J. Chinoy
(2)	Shri R. M. Mehta	Ph.D.	Botany : "Plant Physiology"	Dr. J. J. Chinoy
(3)	Shri S. M. Pandya	Ph.D.	Ecology of River Narmada Catchment. Area Part–I Ecological Survey of the Forest from Amar–Kantak to Manot.	Dr. S. C. Pandya

વિદ્યાર્થીનું નામ	સૂચવાયેલ પરીક્ષકોનાં નામ
(1) Smt. H. T. Patel	(1) Prof. Dr. Marian Mohniewicz, Head of the Dept. of Plant Physiology, Nicolaus Compernicus University, Torun (Poland). (2) Dr. Richard G. Lincoln, Prof. of Botany, Long Beach State College, 6101–E, 7th Street, Long Beach–4, California (U.S.A.) *For Viva-voce* (1) Prof. R. S. Chowdhury, Prof. of Plant Physiology, & Principal, College of Agriculture, Banaras Hindu University, Varanasi–5 (U.P.). (2) Prof. Dr. R. D. Asna, Prof. of Botany, Dept. of Botany, Indian Agriculture Research Institute, New Delhi–12.
(2) Shri R. M. Mehta	(1) Prof. Richard B. Walker, Dept. of Botany, University of Washington, Seatle–5, Washington (U.S.A.). (2) Prof. Fausto Lona, Professor & Director, Botanical Institute, University of Parma, Parma, Via Farini–90, Italy. *For Viva-voce* (1) Prof. I. M. Rao, Head of the Dept. of Botany, Sri Venkateswara University, Tirupati (A.P.). (2) Dr. G. S. Sirohi, Plant Physiologist, Division of Botany, Indian Agricultural Research Institute, New Delhi–12.
(3) Shri S. M. Pandya	(1) Dr. Herbert C. S. Torey, Director, Division of Watershed & RangeResearch, United States, Dept. of Agriculture, Forest Service, Washington, D. C. 20250, U.S.A.

વિદ્યાર્થીનું નામ	સૂચવાયેલ રેફરીઓનાં નામ
	(2) Prof. Calvin Mcmillan, Director, Plant Ecology Research Laboratory, Department of Botany, University of Texas, Austin. 78712 (U.S.A.).
	For Viva-voce
	(1) Prof. R. Misra, Head of Botany Dept., Banaras Hindu University, Varanasi-5 (U.P.).
	(2) Dr. T. S. Trivedi, Head of Botany Dept., Madhya Pradesh Govt. Educational Service, Govt. College, Sindhi (M.P.).

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કામ માટે ઉપર જણાવેલા રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવી.

૧૨. અનુસ્નાતક પરીક્ષાઓના પરિણામમાં પાસ વર્ગ ફરીથી દાખલ નહિ કરવા અંગેના, એકેડેમિક કાઉન્સિલની તા. ૧૦/૧૧-૮-૧૯૬૬ની સભાના ઠરાવ પર સિન્ડિકેટે તેની તા. ૨૭-૮-૧૯૬૬ની સભામાં કરેલા નીચેના ઠરાવ પર એકેડેમિક કાઉન્સિલની તા. ૨૪-૧૧-૧૯૬૬ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત:

સિન્ડિકેટનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના શિક્ષણના કામમાં તેમ જ વ્યાપારઉદ્યોગ અને બીજાં ક્ષેત્રોમાં એમ.એ., એમ.એસસી. અને એમ.કૉમ.ની પાસ વર્ગમાં ગણેલી પદવીનો પણ ખપ જોવા મળે છે. ખાસ કરીને આ લક્ષમાં લઈને સદરહુ બાબત પુનર્વિચારણા માટે એકેડેમિક કાઉન્સિલને પાછી મોકલવી."

એકેડેમિક કાઉન્સિલનો તા. ૨૪-૧૧-૧૯૬૬નો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે એમ.એ., એમ.એસસી. તથા એમ.કૉમ.માં પાસ વર્ગ દાખલ કરવા અંગે પુનર્વિચારણા કરવાની કોઈ જરૂર જણાતી નથી, એમ સિન્ડિકેટને રિપોર્ટ કરવો.

ચર્ચાવિચારણાના અંતે વધુમાં ઠરાવવામાં આવ્યું કે—

(૧) (ક) એમ.એ માં, (ખ) એમ.કૉમ.માં, તથા (ગ) એમ.એસસી.(ગણિતશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર વિષય સાથે)માં જૂના અભ્યાસક્રમની અથવા સને ૧૯૬૫થી ૧૯૬૯ દરમિયાનની તે પરીક્ષાઓમાં કોઈ વિદ્યાર્થી કોઈ પણ ચાર કે વધુ પ્રશ્નપત્રોમાં પ્રત્યેકમાં ૪૮ ટકા કે તેથી વધુ ગુણાંક મેળવે તો તેના વિકલ્પે તેમાંના કોઈ પણ ચાર પ્રશ્નપત્રોના ગુણાંક તે ફરીથી પરીક્ષામાં બેસે ત્યારે આગળ ખેંચીને (carry forward કરીને) ગણવાનું રાખવું અને તેમ થતાં તેને યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ જે વર્ગ મળતો હોય તે આપવો.

(૨) એમ.એસસી.ની તથા એમ.એ.ની પરીક્ષાઓમાં જૂના અભ્યાસક્રમની અથવા સને ૧૯૬૫થી ૧૯૬૯ દરમિયાનની તે પરીક્ષાઓમાં કોઈ વિદ્યાર્થી પ્રાયોગિક કે લેખિત પરીક્ષામાં સરવાળે ૪૮ ટકા કે તેથી વધુ ગુણાંક મેળવે તો તેને તેના વિકલ્પે સદરહુ પરીક્ષામાં પ્રશ્નપત્રોમાં મેળવેલા ગુણાંક આગળ ખેંચવાનું (carry forward કરવાનું) રાખવું અને તેમ થતાં તેને યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ જે વર્ગ મળે તે વર્ગ આપવાનું રાખવું.

વધુમાં સ્પષ્ટતા કરવામાં આવે છે કે ઉપર પ્રમાણે જે પ્રશ્નપત્રો કે પ્રાયોગિક પરીક્ષામાં ગુણ આગળ ખેંચવામાં આવ્યા હોય તે વિષયોના પ્રશ્નપત્રોમાં પ્રત્યેક પ્રશ્નપત્રમાં ૩૬ ટકા તથા કુલ આઠેય પ્રશ્નપત્રોમાં સરવાળે દ્વિતીય વર્ગ માટે ૪૮ ટકા તથા પ્રથમ વર્ગ માટે સરવાળે ૬૦ ટકા ગુણાંક લાવવા આવશ્યક રહેશે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકૅડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ નં. (૧) અને (૨) મંજૂર કરવી, અને તે અનુસાર ટ્રાન્ઝિટરી ઑર્ડિનન્સ ઘડીને રજૂ કરવા માટે ઍકૅડેમિક કાઉન્સિલને સૂચવવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ ઑર્ડિનન્સનો પાઠ ઘડવામાં આવે ત્યારે સિન્ડિકેટના નીચેના સૂચન પર વિચારણા કરવામાં આવે એમ ઍકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરવી :

ઉપરની ભલામણ નં. (૧)માં કોઈ વિદ્યાર્થી ઓછામાં ઓછાં કોઈ પણ ચાર પ્રશ્નપત્રોમાં, પ્રત્યેકમાં ૪૮ ટકા કે તેથી વધુ ગુણાંક મેળવે એ શરતને બદલે કોઈ વિદ્યાર્થી ઓછામાં ઓછાં કોઈ પણ ચાર પ્રશ્નપત્રોમાં પ્રત્યેકમાં ઓછામાં ઓછા ૩૬ અને સરવાળે ૪૮ ટકા કે તેથી વધુ ગુણાંક મેળવે, એ મુજબની શરત રાખવી.

૧૩. અનુસ્નાતક પરીક્ષામાં પ્રશ્ન દીઠ વિકલ્પ આપવાનું સિન્ડિકેટે તેની તા. ૧-૫-૧૯૬૫ની સભામાં ઠરાવેલ તે ઉપર પુનર્વિચારણા કરીને પ્રશ્નપત્ર કાઢતી વખતે વિકલ્પ આપવાની પદ્ધતિનો પ્રશ્ન પરીક્ષકો પર છોડવા માટે કરેલી ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે અનુસ્નાતક પરીક્ષાઓમાં પ્રશ્નપત્ર કાઢતી વખતે વિકલ્પો આપવાની પદ્ધતિ—પ્રશ્ન દીઠ વિકલ્પો આપવા કે સમગ્ર પ્રશ્નપત્રમાં એકંદરે વિકલ્પો આપવા—નો પ્રશ્ન પ્રાશ્નિકો પર છોડવાનું રાખવું, અને તે મુજબ, પ્રાશ્નિકોને આપવાની સૂચના સુધારીને સભાગૃહ સમક્ષ રજૂ કરવાનું રાખવું.

૧૪. અર્થશાસ્ત્ર વિષયની અભ્યાસમિતિની તા. ૨૩-૧૧-૧૯૬૬ની ભલામણ અનુસાર ઍકૅડેમિક કાઉન્સિલે તેની તા. ૨૪-૧૧-૧૯૬૬ની સભામાં કરેલ નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"(૧) આથી ઠરાવવામાં આવે છે કે એમ.એ., ભાગ ૨માં ઇકોનોમિક્સ ગ્રુપ 'સી'ના અભ્યાસક્રમમાં પેપર ૭—ઇકોનોમિક્સ ઑફ ડેવેલપમેન્ટ ઍન્ડ પ્લાનિંગને બદલે પેપર ૭—પબ્લિક ફાઇનાન્સ ઍન્ડ પ્લાનિંગનું પેપર આ સાથે આપેલ પરિશિષ્ટ મુજબ રાખવા અને તે માટે રેગ્યુ. એમ.એ.–૭માં ઘટતો સુધારો કરવા તથા સદરહુ સુધારાને જૂન ૧૯૬૭થી અમલમાં મૂકવા અંગે સિન્ડિકેટને ભલામણ કરવી.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે એમ.એ. અર્થશાસ્ત્રના અભ્યાસક્રમમાં પેપર ૩—પબ્લિક ફાઇનાન્સ એન્ડ પ્લાનિંગના વિષયોનું સંયુક્ત પેપર હોઈ વિદ્યાર્થીઓને બને વિષયોનો અભ્યાસ કરવાની જરૂર રહે તે રીતે પ્રશ્નો પૂછવા પેપરસેટર્સને ઘટતી સૂચના આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(૩) વધુમાં ઠરાવવામાં આવે છે કે એમ.એ., ભાગ ૧ના અભ્યાસક્રમના રેગ્યુ. એમ.એ.–૫ના ઇકોનોમિક્સ, ગ્રુપ 'ડી'ના Economics Development and Fluctuations—Paper I ને બદલે Economic Developmentનો પેપર રાખવો અને તે માટેનો વિગતવાર અભ્યાસક્રમ આ સાથે આપેલ પરિશિષ્ટ મુજબ રાખવો તથા તેને જૂન ૧૯૬૭થી અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણો મંજૂર કરવી, અને તે મુજબ સુધારેલા રેગ્યુલેશન એમ.એ.–૭ને જૂન ૧૯૬૭થી અમલમાં મૂકવો.

(સુધારેલા રેગ્યુલેશન એમ.એ.–૭ની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૧૫. લલિતકલાની અભ્યાસસમિતિની તા. ૨૮-૯-૧૯૬૬ની સભાની ભલામણ અનુસાર કથ્થક નૃત્યનો ત્રણ વર્ષનો ડિપ્લોમા અભ્યાસક્રમ મંજૂર કરવા તથા તે અંગેના રેગ્યુ. ૨૬૧, રેગ્યુ. ૨૬૧–એ, રેગ્યુ. ૨૬૧–બી અને રેગ્યુ. ૨૬૧–સી મંજૂર કરવા તથા તેને જૂન ૧૯૬૭થી અમલમાં મૂકવા ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૪-૧૧-૧૯૬૬ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ અનુસાર, લલિતકલાઓના અભ્યાસક્રમમાં કથ્થક નૃત્યનો ત્રણ વર્ષનો ડિપ્લોમા અભ્યાસક્રમ મંજૂર કરવો, તથા તે અંગેના સુધારેલા રેગ્યુલેશન ૨૬૧, ૨૬૧–એ, ૨૬૧–બી અને ૨૬૧–સી ને મંજૂર કરવા, તથા તેને જૂન ૧૯૬૭થી અમલમાં મૂકવા.

(મંજૂર કરવામાં આવેલા રેગ્યુલેશન ૨૬૧, ૨૬૧–એ, ૨૬૧–બી અને ૨૬૧–સી ની નકલ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૧૬. લલિતકલાની અભ્યાસસમિતિની તા. ૨૮-૯-૧૯૬૬ની સભાની ભલામણ અનુસાર સ્નાતક અભ્યાસક્રમની સાથે વર્ગો ભરવામાં અંતરાય ન આવે તે શરતે લલિતકલાના ડિપ્લોમા કોર્સમાં પ્રવેશ આપવા ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૪-૧૧-૧૯૬૬ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સ્નાતક અભ્યાસક્રમની સાથે વર્ગો ભરવામાં અંતરાય ન આવે તે શરતે, લલિતકલાના ડિપ્લોમા અભ્યાસક્રમમાં પ્રવેશ આપવા માટેની ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી, તથા તેને જૂન ૧૯૬૭થી અમલમાં મૂકવી.

૧૭. એમ.એ. પદવીને લગતા ઓ. એમ.એ.-૧ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા એકેડેમિક કાઉન્સિલની તા. ૨૪-૧૧-૧૯૬૬ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

O. M.A.-1 :

"Candidates for the Degree of Master of Arts must have (1) obtained the Degree of Bachelor of Arts of this University or a degree recognised as equivalent thereto, and (2) passed the M.A. Degree Examination (Parts I & II) after keeping as per requirements laid down in that behalf terms which shall be two for the Part I Examination and two for the Part II Examination."

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિનન્સ એમ.એ.-૧ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવો, તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

૧૮. એમ.એ. પરીક્ષા, ભાગ ૧ના અભ્યાસક્રમના પાન નં. ૨ પર (૨) હિસ્ટરી, ઇકોનોમિક્સ, સોશિયોલોજી, પોલિટિક્સના મથાળા નીચે પાર્ટ ૧ અને પાર્ટ ૨ હેઠળ અનુક્રમે (૨) ગ્રુપ 'સી'—ઇકોનોમિક્સ અને ગ્રુપ 'ડી'—એડવાન્સ્ડ ઇકોનોમિક્સ જણાવવામાં આવ્યું છે તેને બદલે નીચે પ્રમાણે તે ભાગ વંચાય તે રીતે સુધારવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા અંગે એકેડેમિક કાઉન્સિલની તા. ૨૪-૧૧-૧૯૬૬ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

Part I Examination	*Part II Examination*
Gr. 'C' Economics—Papers I & II	Gr. 'C' Economics—Papers III & IV
Gr. 'D' Advanced Economics—Paper I. Each from any two selected subjects.	Gr. 'D' Economics—Paper II. Each from any two selected subjects.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણ મંજૂર કરવી, તથા તે મુજબ સુધારેલા રેગ્યુલેશન એમ.એ.-૩ને જૂન ૧૯૬૬થી અમલમાં આવેલો ગણવો.

૧૯. એમ.એ. પદવી પાર્ટ ૧ના (૨) સોશિયલ સાયન્સીઝના મથાળા હેઠળ રેગ્યુ. એમ.એ.-૫ની પેટાકલમ (૧૨) હેઠળ સાયકોલોજીના મથાળા હેઠળ આપવામાં આવેલ નીચે પ્રમાણેની જોગવાઈ રદ કરવા તથા તેને જૂન ૧૯૬૭થી અમલમાં મૂકવા એકેડેમિક કાઉન્સિલની તા. ૨૪-૧૧-૧૯૬૬ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

"External students cannot offer Psychology for the M.A. Degree."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ભલામણ અનુસાર રેગ્યુલેશન એમ.એ.-૫ની પેટાકલમ (૧૨) હેઠળ, મનોવિજ્ઞાનના અભ્યાસક્રમના પ્રારંભમાં આપવામાં આવેલી નીચેની કલમ રદ કરવી :

"External students cannot offer Psychology for M.A. degree."

૨૦. ગુજરાત કૉલેજના આચાર્યની વિનંતી પર વિચારણા કરી ફર્સ્ટ અને સેકન્ડ બી.એસસી.માં ગૌણ વિષય તરીકે ગણિતશાસ્ત્રનો વિષય, સામાન્ય નિયમો હેઠળ નહિ રાખી શકનાર વિદ્યાર્થીઓને, સેકન્ડ બી.એસસી.ની પરીક્ષાના ભૌતિકવિજ્ઞાનના વિષયમાં ઉત્તીર્ણ થયાને આધારે, એપ્રિલ ૧૯૬૬ની થર્ડ બી.એસસી. પરીક્ષા માટે મુખ્ય વિષય તરીકે ભૌતિકવિજ્ઞાનનો વિષય અપવાદરૂપે રાખવા દેવા માટે એકેડેમિક કાઉન્સિલની તા. ૨૪-૧૧-૧૯૬૬ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એમ પી. શાહ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, સુરેન્દ્રનગરમાંથી ગુજરાત કૉલેજમાં દાખલ કરવામાં આવેલા બે વિદ્યાર્થીઓ કે જેમણે ફર્સ્ટ અને સેકન્ડ બી.એસસી.માં ગૌણ વિષય તરીકે ગણિતશાસ્ત્રનો વિષય રાખ્યો નહોતો, તેમને સેકન્ડ બી.એસસી.ની પરીક્ષામાં ભૌતિકવિજ્ઞાનના વિષયમાં ઉતીર્ણ થયાને આધારે થર્ડ બી.એસસી.ની પરીક્ષા માટે, મુખ્ય વિષય તરીકે ભૌતિકવિજ્ઞાનનો વિષય રાખવા માટે, અપવાદ તરીકે પરવાનગી આપની.

વધુમાં ઠરાવવામાં આવે છે કે એમ. પી. શાહ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, સુરેન્દ્રનગરને ઘટતો પત્ર લખીને ભવિષ્યમાં આ પ્રકારની ગેરનિયમિતતા થાય નહિ તે માટે જરૂરી તકેદારી રાખવા જણાવવું, તથા પરીક્ષાનાં પ્રવેશપત્રોમાં, ભૌતિકવિજ્ઞાનનો વિષય રાખનાર વિદ્યાર્થીઓએ ગણિતશાસ્ત્રનો વિષય રાખ્યો છે કે નહિ તેની ખાતરી કરવા માટે ઘટતી જોગવાઈ કરવી.

૨૧. રેગ્યુ. સા.-૧૧ મુજબ સેકન્ડ બી.એસસી.ની પરીક્ષામાં મુખ્ય વિષયમાં નાપાસ થવાના કારણે થર્ડ બી.એસસી.માં જનરલ અભ્યાસક્રમ માટે સત્રો ભરવાની પરવાનગી આપી હોઈ તેવા વિદ્યાર્થીઓને થર્ડ બી.એસસી.માં મુખ્ય વિષય ન બદલવા દેવા અથવા તો નાપાસ થયેલ મુખ્ય વિષયમાં થર્ડ બી.એસસી.માં સત્રો ભરવા માટે પરવાનગી ન આપવા અંગેની વિજ્ઞાન વિદ્યાશાખાની નીચેની ભલામણો સ્વીકારવા એકેડેમિક કાઉન્સિલની તા. ૨૪-૧૧-૧૯૬૬ની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૧૫-૯-૧૯૬૬ની ભલામણો

"(1) This Faculty resolves that the students who are allowed to keep terms for B.Sc. General Course should not be allowed to join B.Sc. Principal Course with a change of Principal subject.

(2) This Faculty resolves that a student should not be permitted to keep terms in B.Sc. Principal subject, if he has failed in the Principal subject at the Second B.Sc."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ મંજૂર કરવી.

૨૨. એકેડેમિક કાઉન્સિલની તા. ૧૦-૮-૧૯૬૬ની સભાના ઠરાવ અનુસાર જે વિદ્યાર્થીને સેકન્ડ બી.એસસી. પરીક્ષામાં થર્ડ બી.એસસી. પરીક્ષાનાં સત્રો ભરવાનો લાભ મળે પણ મુખ્ય વિષયમાં નાપાસ હોવાને કારણે થર્ડ બી.એસસી.ના જનરલ અભ્યાસક્રમમાં જોડાય તો તેને તે, જે કૉલેજમાં જોડાય ત્યાં તે વિદ્યાર્થીના થર્ડ બી.એસસી. જનરલ અભ્યાસક્રમ માટે

પસંદ કરેલા વિષયો પૈકી ગમે તે એક કે બે વિષયોનો પાંચમો પ્રશ્નપત્ર (સેકન્ડ બી.એસસી.ના અભ્યાસક્રમો) શીખવવાની જોગવાઈ ન હોય તો તેવી કૉલેજોને તે વિષયના થર્ડ બી.એસસી.ના જનરલ અભ્યાસક્રમનું શિક્ષણ આપવા માટેની છૂટ આપવા માટે વિજ્ઞાન વિદ્યાશાખાના તા. ૧૫-૯-૧૯૬૬ની નીચેની ભલામણ સ્વીકારવા એકેડેમિક કાઉન્સિલની તા. ૨૪-૧૧-૧૯૬૬ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

વિજ્ઞાન વિદ્યાશાખાની ભલામણ

" This faculty recommends that for the teaching of Paper V in the General Course, special affiliation for teaching or the appointment of a Professor shall not be insisted upon."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ મંજૂર કરવી.

૨૩. વિજ્ઞાન વિદ્યાશાખાએ તેની તા. ૧૫-૯-૧૯૬૬ની સભામાં એકેડેમિક કાઉન્સિલની તા. ૧૭-૮-૧૯૬૬ની સભાના ઠરાવ અનુસાર જૂના અભ્યાસક્રમના બી.એસસી. (પ્રિન્સિ.)ની પરીક્ષામાં નાપાસ થનાર વિદ્યાર્થીઓને નવા અભ્યાસક્રમના થર્ડ બી.એસસી.ના વર્ષમાં જોડાવાનું રહેતું હોવાથી તેવા વિદ્યાર્થીઓને સેકન્ડ બી.એસસી.ના અભ્યાસક્રમના મુખ્ય વિષયના પાંચમા પ્રશ્નપત્રની પરીક્ષા આપવાની જરૂર છે કે કેમ તે અંગે કરેલ નીચેનો ઠરાવ એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૪-૧૧-૧૯૬૬ની સભામાં સ્વીકારેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત :

વિજ્ઞાન વિદ્યાશાખાનો ઠરાવ

" This Faculty recommends that such students of the old B Sc. Course as have failed in the Principal subject and passed in the Subsidiary subject may be admitted to the T.Y.B.Sc. Course keeping the subject he has failed in as his Principal subject. He will be required however to keep terms in the T.Y.B.Sc. class for Papers VI-X and also Paper V in the Second B.Sc. class to pass the T.Y.B.Sc. Examination, he will be required to pass in Paper V and Practicals, if any, of the S.Y.B.Sc. in addition to the 5 Papers and Practicals of the T.Y.B.Sc. Examination."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની સભાના સુધારા સાથે સ્વીકારેલી, વિજ્ઞાન વિદ્યાશાખાની નીચેની ભલામણ મંજૂર કરવી :

" This Faculty recommends that such students of the old B.Sc. Course as have failed in the Principal subject and passed in the Subsidiary subject, may be admitted to the T.Y.B.Sc. Course, keeping the subject he has failed in as his Principal subject. He

will be required, however, to keep terms in T.Y.B.Sc. class for Papers VI–X and also to appear in Paper V in the Second B.Sc. class to pass the T.Y.B.Sc. Examination. He will be required to pass in Paper V and Practicals, if any, of the S Y.B Sc. in addition to the 5 papers and practicals of the T.Y.B.Sc. Examination."

૨૪. ભૌતિકવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૫-૧૦-૧૯૬૬ની સભાની ભલામણ અનુસાર થર્ડ બી.એસસી.ની પરીક્ષા માટે ભૌતિકવિજ્ઞાનના પ્રાયોગિક કામ માટેની યાદી આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ રાખવા અને તે માટે રેગ્યુ. સાયન્સ–૧૫માં સુધારો કરવા તથા તેને માર્ચ–એપ્રિલ ૧૯૬૭ની પરીક્ષાથી અમલમાં લાવવા એકેડેમિક કાઉન્સિલની તા. ૨૪–૧૧–૧૯૬૬ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણ મંજૂર કરવી, તથા તે અનુસાર રેગ્યુલેશન સાયન્સ–૧૫ સુધારવો, તથા તેને જૂન ૧૯૬૭થી અમલમાં આવેલો ગણવો.

(સુધારેલા રેગ્યુલેશન સાયન્સ–૧૫ની નકલ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૨૫. ઝૂલોજી અભ્યાસસમિતિની તા. ૬–૧૦–૧૯૬૬ની સભાની ભલામણ અનુસાર દ્વિતીય વર્ષ બી.એસસી.ની પ્રાયોગિક પરીક્ષાનો સમય અભ્યાસક્રમને જોતાં ચાર કલાકને બદલે પાંચ કલાકનો રાખવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૪–૧૧–૧૯૬૬ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણ મંજૂર કરવી.

૨૬. માઇક્રોબાયોલોજી વિષય માટે દ્વિતીય વર્ષ બી.એસસી.માં ત્રણ પ્રેક્ટિકલ માટે પાંચ કલાક; તૃતીય વર્ષ બી.એસસી.માં ત્રણ પ્રેક્ટિકલ માટે છ કલાક; અને એમ.એસસી.–ભાગ ૧માં ત્રણ પ્રેક્ટિકલ માટે છ કલાકનો સમય રાખવા એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૪–૧૧–૧૯૬૬ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણ મંજૂર કરવી.

૨૭. વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૧૫–૯–૧૯૬૬ની ભલામણ અનુસાર પ્રી-યુનિવર્સિટી વિનયન અને પ્રી-યુનિવર્સિટી વિજ્ઞાનના અભ્યાસક્રમમાં કૉલેજમાં એક સત્ર રાખ્યા બાદ પ્રી-યુનિવર્સિટી વાણિજ્યના અભ્યાસક્રમમાં દાખલ થવા માટે જોગવાઈ દર્શાવતો નીચે મુજબનો ઑર્ડ. પ્રી-કૉમ.–૩ મંજૂર કરવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૪–૧૧–૧૯૬૬ની સભામાં કરેલી ભલામણ પર વિચારણા કરવા બાબત :

O. Pre-Com.–3 :

Candidates who have joined the Pre-Uni. Arts or Pre-Uni. Science Class in an affiliated college shall be permitted by the

Principal of the College they join to change over to Pre-Uni. Commerce Class before the commencement of the second term, provided that they are able to keep the minimum attendance of days prescribed under the relevant ordinance for the Pre-Uni. Commerce Class during second term."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણ મંજૂર કરવી તથા તે અનુસાર ઑર્ડિનન્સ પ્રી-કૉમ.-૩ મંજૂર કરવો અને તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

૨૮. ફાર્મસીની અભ્યાસસમિતિની તા. ૧૬-૯-૧૯૬૬ની સભાની નીચેની ભલામણ તથા તે પર ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૪-૧૧-૧૯૬૬ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

ફાર્મસીની અભ્યાસસમિતિની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ફાર્મસી કાઉન્સિલની જરૂરિયાતોમાં ડિપ્લોમા ઇન ફાર્મસી માટે હિંદી વિષય અભ્યાસક્રમના વિષયોમાં નહિ હોવાથી આ અભ્યાસસમિતિ ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે ફર્સ્ટ ઇયર ડિપ્લોમા ઇન ફાર્મસીના ફાર્મ. રેગ્યુ. ૩, ફાર્મ. રેગ્યુ. ૪ અને ફાર્મ. રેગ્યુ. ૬ તથા ઇન્ટર ફાર્મ. ડિપ્લોમા પરીક્ષાના ફાર્મ. રેગ્યુ. ૧૧, ફાર્મ. રેગ્યુ. ૧૨ અને ફાર્મ. રેગ્યુ. ૧૪માંથી હિંદી વિષય રદ કરવો."

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ફર્સ્ટ ઇયર ડિપ્લોમા ઇન ફાર્મસીના અભ્યાસક્રમમાંથી :

(૧) હિંદી વિષયને બદલે અર્વાચીન ભારતીય ભાષા (Modern Indian Language) અથવા Additional English રાખવા તથા તે પ્રમાણે ફર્સ્ટ ઇયર ડિપ્લોમા ઇન ફાર્મસીના ફાર્મ. રેગ્યુ. ૩, ફાર્મ. રેગ્યુ ૪ અને ફાર્મ. રેગ્યુ. ૬ સુધારવા માટે; તથા

(૨) ઇન્ટર ફાર્મ.ના અભ્યાસક્રમમાંથી હિંદી વિષય રદ કરવા તથા તેને લીધે ફાર્મ. રેગ્યુ. ૧૧, ફાર્મ. રેગ્યુ. ૧૨ તથા ફાર્મ. રેગ્યુ. ૧૪માં ઘટતો સુધારો કરવા તથા આ રેગ્યુલેશનોનો સમય જૂન ૧૯૬૭થી કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણ મંજૂર કરવી, અને તે અનુસાર ફાર્મ. રેગ્યુ. ૩, ફાર્મ. રેગ્યુ. ૪ અને ફાર્મ. રેગ્યુ. ૬ તથા ફાર્મ રેગ્યુ. ૧૧, ફાર્મ. રેગ્યુ. ૧૨ અને ફાર્મ. રેગ્યુ. ૧૪ સુધારવા.

૨૯. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના અધ્યક્ષ ડૉ. ડી. એસ. કોઠારીના અધ્યક્ષપણા હેઠળ ભારતની યુનિવર્સિટીઓના ઉપકુલપતિશ્રીઓ તથા શિક્ષણશાસ્ત્રીઓની તા. ૧૬, ૧૭ અને ૧૮ ઑક્ટોબર ૧૯૬૬ના રોજ દિલ્હી મુકામે, વિદ્યાર્થીમાં પ્રવર્તતા અસંતોષ તથા તેને લગતા પ્રશ્નો પરત્વે વિચારણા કરવા મળેલી સભામાં થયેલી ભલામણો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી, અને દરમિયાન મુંબઈ, પૂના ઇત્યાદિ કેટલીક યુનિવર્સિટીઓ પાસેથી જરૂરી માહિતી મંગાવવી.

૩૦. ગુજરાત રાજ્યના નાયબ શિક્ષણ નિયામક તરફથી આવેલ તા. ૧-૧૧-૧૯૬૬ના પત્રાંક એસ. ૧૦૦થી મોકલવામાં આવેલ નીચેના પ્રેસ-કટિંગ પર વિચારણા કરી અભિપ્રાય આપવા બાબત :

Grievances Body

Every University in India should make a careful study of what is counterparts in Rajasthan, Jodhpur and Udaipur have jointly decided to do to tackle student rebelliousness. They will set us a body to examine such student grievances as may arise from time to time. The great virtue in doing this is that student resentment on any issue, academic or otherwise, will not be allowed to accumulate until it bursts forth in an orgy of insensate violence. A 'stiff' examination paper, a change in the syllabus, an increase in fees, a quarrel with policemen or bus drivers, any of these is enough to inflame the student corpus. The existence of machinery whether complaints could be freely ventilated, objectively assessed redressed where necessary would nip unpleasant development in the bud.

It would be uncharitable to say that students are not likely to accept a judgment that goest against them. They do not become violent because they love violence for its own sake, but only when they do not receive a hearing and when the authorities refused even to concede that they may have case. In Rajasthan, Jodhpur and Udaipur universities the proposed body will include two students student's union. This should not only guarantee the fairness of the judgments but also ensure that they are respected by the students.

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટી જોડાણ આપતી યુનિવર્સિટી છે તે જોતાં, વિદ્યાર્થીઓના પ્રશ્નો અંગે આ યુનિવર્સિટીમાં જે વ્યવસ્થા છે તે હાલ પર્યાપ્ત જણાય છે, એમ અભિપ્રાય લખી જણાવવો.

૩૧. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી આવેલ "ઉચ્ચ શિક્ષણના મૂલ્યાંકન" અંગેના રિપોર્ટ પર અભિપ્રાય આપવા માટે ઉપકુલપતિશ્રીએ નીમેલી સમિતિના રિપોર્ટ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિના રિપોર્ટની નકલ આ યુનિવર્સિટીની વિદ્યાશાખાઓના ડીનોને મોકલવી, તથા દેશની બીજી કેટલીક યુનિવર્સિટીઓ પાસેથી ઉચ્ચ શિક્ષણના મૂલ્યાંકન અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના રિપોર્ટ પર શાં પગલાં લેવામાં આવ્યાં છે, તેની માહિતી મંગાવવી.

૩૨. યુનિવર્સિટીની પરીક્ષાઓનાં પરિણામો જાહેર કરવાની પ્રથા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—યુનિવર્સિટી પરીક્ષાનાં પરિણામો પરિણામની તારીખના આગલા દિવસે પી.ટી.આઈ.ને બપોરે બે વાગ્યે અને સ્થાનિક પ્રેસોને તથા બહારગામના પ્રેસના પ્રતિનિધિઓને સાંજે ૪-૦૦ પછી આપવામાં આવે છે; જ્યારે કૉલેજના આચાર્યને જો તેઓ પ્રતિનિધિ મારફત મંગાવે તો તેમને પણ પરિણામ ખાનગી રાહે આગલા દિવસે આપવામાં આવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીની પરીક્ષાઓનાં પરિણામોની તારીખના અગાઉના દિવસે સાંજે ચાર વાગ્યા સુધીમાં પી.ટી.આઈ. અને સ્થાનિક પ્રેસના તથા બહારગામના પ્રેસના પ્રતિનિધિઓને, પરિણામનાં જાહેરનામાંની નકલ આપવાનું રાખવું; અને સાથે સાથે, જે કૉલેજોના આચાર્યો પોતાના પ્રતિનિધિઓ મોકલીને પરિણામનાં જાહેરનામાંની નકલ મંગાવે તેમને પણ તે નકલ આપવાનું રાખવું.

૩૩. ધારાશાસ્ત્રનું અનુસ્નાતક વિદ્યાભવન સ્થાપવા અંગે સિન્ડિકેટના તા. ૫/૬-૩-૧૯૬૬ના ઠરાવ (બાબત ક્રમાંક ૨) અન્વયે ભારતની બીજી યુનિવર્સિટીઓમાંથી મેળવેલી માહિતીને અનુલક્ષીને તે બાબત પરત્વે આગળ વિચારણા કરવા બાબત.
